વિવિધરુગ્ણાભાસ

કર્તા—વૈદ્યશાસ્ત્રી ર... સિંહ

ગોવિંદજી પરાદેવ.

વિવિધ સુખાભાસ.

પ્રથમાભાસ.

ૐ

રચનાર

વૈદ્ય શાસ્ત્રી

રત્નસિંહ ગોવિંદજી ધરાદેવ.

સુબોધીના પ્રેસમા ભગવાનલાલ ત્રિભુવને છાપ્યુ

બજારગેટ, કોટ, મુંબઈ

કિંમત રૂ. ૨ા.

The Lakshmi Art Byculla Bombay

પ્રકાશક—વૈદ્યશાસ્ત્રી રત્નસિંહ ગોવિંદજી પરમાર
ઠે૦ આયુર્વેદીય ઔષધશાળા, દરિયાસ્થાન ગલી—માંડવી, મુંબઈ.



यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

श्रीमद्भगवद्गीता अ ४ श्लो ७

The Lakshmi Art Bombay.



श्रीगुरु स्तुति.

श्री मद्गुणकी खान, आन वेदांत विनोदी; ।
पी युष मम श्रयवान, ज्ञानके भरे गुणाब्धि. ॥
ता रण नाविक आप, भये निज शिष्य उधारक; ।
क लमें सबल बनाय, शिष्य गण किये सुधारक. ॥
र म्य मोक्ष पथ सरल, करे जन वारण कारण; ।
स मुझि मूढ कहे चतुर, दुःख दळ किये निवारण. ॥
द म सम षड संपत्ति, तितिक्षा सकलहिं जानी; ।
गु ण त्रय भेद अभेद, स्पष्ट किये वेद कि बानी. ॥
रु ज मम माया मोह, कुपथमें घेरे तनमें; ।
तें सब चरण प्रताप रहे, ना रतिभर मनमें. ॥
नं ग तनया पति शब्द, सुखद कर दीनो हमसैं; ।
मं म सद्गुरु प्रताप, समुझि जन छूटे यमसैं. ॥

ग्रंथकर्ता

---

१ ता २ द ३ पर्वत ४ म



વૈદ્યશાસ્ત્રી રત્નસિંહ ગોવિન્દજી વગટેવ

પ્રસ્તાવના.

ભારતવર્ષ પૂર્વકાળમાં સરસ્વતીનું તથા લક્ષ્મીનુ જન્મસ્થાન હતું. કાલક્રમે ઉદયાસ્તનું ચક્ર ઉચું નીચું થયા કરે છે, અને તે કુદરતનો સ્વાભાવિક નિયમ છે. ભારતવર્ષ માટે ભૂતકાળનો થોડો સમય અતિ અનિષ્ટ હતો. આ સમયે કૃપાળુ બ્રિટિશ સરકારના રાજ્ય અમલમાં સરસ્વતી અને લક્ષ્મીનો પ્રભાવ વધ્યો છે, એટલુંજ નહીં, પરતુ જનસ્વભાવ પણ નવીન જોવા જાણવા તરફ જીજ્ઞાસુ બન્યો છે, જે ખરેખર ઉદયનાં શુભ ચિન્હ ગણાવાં જોઇએ

સાંપ્રત કાળમાં વિદ્યાવિલાસી જનોના પુરૂષાર્થને પરિણામે સાહિત્યનો જીર્ણોદ્ધાર થતો દેખાય છે. અને તેથી ભારતની પ્રચલિત જૂદી જૂદી ભાષાઓમાં સુધારો વધારો થતો જાય છે. વિદ્યાના મિષ્ટ ફળ ચાખવા મનુષ્યોની પ્રવૃત્તિ ધારવા કરતાં ઘણીજ આગળ વધતી ચાલી છે, અને તેજ આપણા ભાગ્યોદયનું શુભ ચિન્હ છે.

જ્ઞાનપ્રાપ્તિમાટે શિક્ષણ રહિત અજ્ઞજનો માટે સસ્કૃત સાહિત્ય વર્તમાનમાં કષ્ટ સાધ્ય હોવાથી, વિદ્વાનોએ ભારતની જૂદી જૂદી ભાષાઓમાં સંસ્કૃત ગ્રથોના ભાષાંતરો કરી, હિન્દની અપૂર્વ સેવા બજાવી છે. ભારતની અન્ય ભાષાઓના સાહિત્યસગ્રહ પાસે ગુર્જર સાહિત્ય ઘણું અપૂર્ણ દેખાતુ હતું, તેને ઉચ્ચ અને અધિકતર દેખાડવા આજકાલ પરિપદો ભરી, ગુર્જર સાક્ષરો ઘણુ કરી રહ્યા છે, એટલે પરિણામે થોડા કાળમાં અપૂર્ણતાને ઠેકાણે પૂર્ણતા દેખાઇ રહેશે, અને તે વિષનો આપણો બળાપો પણ અસ્થાને થઇ જશે.

આજ કાલ ગુર્જર સાક્ષરોની લેખ પદ્ધતિ, હેતુને ગૌણ સ્થાન આપી, શબ્દ રચના કઠિન અને સંસ્કૃતમય બનાવવા તરફ વિશેષ ઢળતી જાય છે, જેથી મદ જીજ્ઞાસુઓના તેમાં પ્રવૃત્તિ થવી અશકય થઇ પડે છે. જેઓ લેખનો મર્મ જાણી શકવા જેટલી શક્તિ ધરાવે છે, તેઓ પોતે પ્રાય. થોડા ઘણા અંશે સંસ્કારી

હોય છે; બાકી હતભાગ્ય માત્ર સામાન્ય કેળવણીવાળાજ છે. કારણ . ગુ ર સાક્ષરોના આવા ઉલ્લેખોમાં તેમનાંથી ચંચુ પ્રવેશ પણ થઈ શકતો નથી, એટલુજ નહી, પરતુ કેટલીક વખત આવા ઉલ્લેખ મંદ જીજ્ઞાસુની મતિમાં ભ્રમ પેદા કરે છે; वातेन हता नौरिवास्पद न लभेत અર્થાત્ વાયુવડે હણાયલું વહાણ જેવી રીતે પોતાના સ્થાનને પ્રાપ્ત થતુ નથી, તેવીજ રીતે આવા લેખથી અજ્ઞ જનોની મતિ દોરવાઇ જાય છે, અને છેવટ સુધી લેખના ખરા આશયને પહોંચી શકતી નથી, એ એક આજના મંદ ભાગ્યના મદ ચિન્હ કહેવાય.

કેટલાક ક્ષુદ્ર લેખકો બીજા વિદ્વાનોના લેખોનું ભાષાતર વા અનુકરણ કરી, તે રચના જાણે પોતાનીજ હોય, તેવા ડોળથી જગતને ઠગે છે કેટલાક લેખકો વળી બીજા ગ્રંથોમાથી ચોરી કરી પોતે સાક્ષરોમા ખપવા મથન કરે છે, અને કેટલાક લેખકો તો એથી પણ આગળ વધીને કહીએ, તો તેઓ ગરીબ ગ્રંથકારોના શ્રમને વેચાતુ લઇ, પોતે ગ્રંથ કર્ત્તામાં ખપે છે, એ બીના શું ઓછી શોચનીય છે ? કેટલાક એવાપણ લેખકો છે, કે જેઓ જન સમુદાયના આચાર અને વિચાર કેળવવાને બદલે તેમની રૂચિતરફ વિશેષ લક્ષ આપે છે, અને શ્રૃગાર અને મર્યાદારહિત નૈભિતસિક વા જડવાદમાં પ્રવૃત્તિ કરનારા લેખો લખી, દેશસેવા અથવા જનસેવાને બદલે દેશદ્રોહી અથવા વિશ્વાસુ મંદ જનોના ઘાતક બને છે, એમ કહેવું અનુચિત ગણાશે નહીં. શોકની વાત એટલીજ છે, કે અજ્ઞજનોનો સમૂહ પણ આવા શ્રૃગારી અને જડવાદમાં પ્રવૃત્તિ કરનારા લેખોપર મોહી પડે છે, અને પરિણામે તેઓ ઐહિક તથા આમુષ્મિક ફલસિદ્ધિથી હતભાગી અને ધર્મમાં અશ્રદ્ધાળુ બની, ખોટા વાદવિવાદમાં અજ્ઞાનમય જડતા ધારણ કરે છે, અને પરિણામે પતિત થઇ, માનુષી દેહની સાર્થકતા ગુમાવે છે.

સાક્ષરો પોતાના લેખમાં ગમે તેટલી વિદ્વતા દર્શાવે, તથાપિ તેમાં શિક્ષણ અને કલ્યાણનો માર્ગ ઉત્તમ રીતે વર્ણવ્યો ન હોય, અને માત્ર ભાષાની કઠિનતા તરફ જ લક્ષ આપ્યું હોય, તો તે લેખ પણ શા કામનો ? ભાષાનું જ્ઞાન ભલે સામાન્ય હો, પણ

જેના લેખમાંથી જનસમાજને કાંઇ બોધ મળી શકતો હોય, જેમા સાર્વજનિક હિત રસપૂર્ણતાએ ગોઠવ્યુ હોય, તો તેવા લેખ સર્વને પ્રિય થવા જોઇએ એવો મારો પ્રાચીન મત છે.

હુ આ વિષયમાં અમુકની ટીકા કે અમુકની પ્રશંસા કરવા ઇચ્છતો નથી, પરતુ કોઇપણ ગ્રથમાં મદ જીજ્ઞાસુઓ માટે શુભ હેતુની આવશ્યકતા કેટલી ઉપયોગી છે, તેજ હુ જણાવવા ઇચ્છુ છું. હું પોતે એક કચ્છી હોવાથી, ગુર્જર ભાષાની શુદ્ધતા માટે હુ કોઇ પણ પ્રકારે અભિમાન ધરાવી શકું નહીં, એટલે હું ગુણ-દોષનો પરીક્ષક કયાંથી હોઇ શકુ ? છતાં મેં જે વાંચ્યું કે અનુભવ્યુ હોય, ને બુદ્ધિ અનુસાર કહી દેખાડવું એ હું સર્વે કરતાં મારી પહેલી ફરજ સમજું છું

મારા તરફથી આ અલ્પ લેખ ગ્રંથના આકારમાં આપ મહાશયોની સેવામાં કેવા સંયોગો પરત્વે તયાર કરવામાં આવ્યો છે, તે વિષે હું કાંઇ કહું, તો તે અસ્થાને તો નહીં ગણાય. વિવિધ સુખાભાસ" નામે ગ્રથ ચાર ભાગમાં તૈયાર કરવા આપના આ નમ્ર સેવકને ઘણા કાળથી ઇચ્છા થય કરતી હતી, અને તે સંબંધીની કલ્પના મે આગળથી જ કરી રાખી હતી તે અરસામાં મારા પરમ મિત્ર સદ્‌ગત પંડિત દયારામ ‑ામદાસ દૈવજ્ઞ તરફથી થે ડા સમય પર " કળા કુસુમ " નામે માસિક પ્રગટ થતું હતુ તેનાં તેમના તરફથી મને કાંઇ લેખ લખવા કહેવામાં આવ્યુ. એક તરફથી મિત્ર તરફથી આજ્ઞા થઇ અને બીજી તરફથી મારી કલ્પનાને સ્થાન મળ્યૂ, અર્થાત્ એ બે અનુકુળ સંયોગોથી હુ હર્ષ પામ્યો, અને મારા મિત્રની માગણી મેં તરત સ્વીકારી લીધી. દૈવપ્રકોપથી મિત્ર દયારામ અલ્પસમયમાં સ્વર્ગવાસી થયા, અને " કળા કુસુમ " માસિક બંધ થયુ, એટલે મારા લેખને આવી રીતે પ્રતિબંધ નડતાં લેખ પ્રસિદ્ધ થવો બંધ થયો; અલબત્ત તે છતાં લેખ લખવામાં મને કોઇ પણ તરેહનો પ્રતિબંધ ન હતો, એટલે નિવૃત્તિની વેળાએ મેં લેખ આગળ આગળ વધારવા માંડયો; પણ લખવાની ટેવ ઘણી મંદ હોવાથી તેમજ વ્યવહારિક ઉપાધિઓ પણ નડતી, એટલે ઘણો કાલ લેખ પ્રસિદ્ધ થયા વિના એમજ નીકળી ગયો. આથી મારા પ્રમાદથી

મારો ગ્રંથ હું પૂર્ણ કરી પ્રસિદ્ધ કરી શકીશ કે કેમ, એ રીતની મારા મિત્રોની મારાપર અશ્રદ્ધા થવા લાગી, અને તેમના તરફથી "હું પ્રમાદી છું" એવા આક્ષેપ થવા લાગ્યા, ત્યારે મેં સાહસ કરી મારી અગવડોને ન ગણકારતાં, પુસ્તક છપાઇ વહેલુ બહાર પડે એવી રીતના આવેશમાં, પ્રથમાભાસ છપાવવા હું પ્રેસવાલા સાથે બધાઇ આવ્યો. આ વખતે મારા યજમાન મુંબઈની હાઈ કોર્ટના વકીલ શ્રીયુત ઠક્કર દેવજી ત્રિકમદાસ બી એ. એલ એલ. બી પોતાના અગત્યના કારણસર ટુંક સમયને માટે કચ્છ અંજાર ગયા હતા. મારી માતૃ ભાષા કચ્છી, સાંપ્રત પદ્ધતિના ગુજરાતી શિક્ષણનો અભાવ, મારો પ્રયાસ પ્રથમનો, આ વગેરે બાબતોના વિચાર કરતાં, મારા વિચારોને જન સમાજને રૂચિકર થઈ પડે એવી શુદ્ધ જોડણીવાળી ગુજરાતી લિપિમાં મૂકી શકીશ કે કેમ, એ વિષે હું પ્રથમથીજ અવિશ્વાસુ તો બન્યો હતો, એટલે મારા સાહસે મને ભારી મુઝવણમાં નાખ્યો પરંતુ મારા સદ્દભાગ્યે પહેલો ફાર્મ પ્રૂફ સુધારવા માટે તૈયાર થયો,તેજ અરસામાં મારા યજમાન શ્રીયુત દેવજી ભાઇ કચ્છથી મુંબઇ આવી પહોંચ્યા.

શ્રીયુત દેવજીભાઇ સાથેનો મારો પરિચય સોળ સત્તર વર્ષનો છે. તેઓ મારા યજમાન છે, એટલુજ નહીં, પરંતુ તેઓ પોતાના પિતાના સ્વર્ગવાસના સમયથી મારા તરફ પિતૃભાવથી જોય છે, અને એ ભાવ અમારી વચ્ચે અદ્યાપિ પર્યંત સચવાઇ રહ્યો છે. શ્રીયુત દેવજીભાઇને મેં મારી મુશ્કેલીઓ જણાવતાં, તેણે મારા પ્રથમ પ્રયાસને સફળતા અપાવવા પોતાથી બનતું કરવા માથે લીધું, અને આ ગ્રંથ જાણે પોતા તરફથીજ પ્રસિદ્ધ થતો હોય, તેમ મારા વિચારોને કોઇ પણ રીતે બાધ ન આવે, તેવી રીતે મારા ગ્રથમાં તેમણે પોતાને યોગ્ય લાગે તેવા સુધારા વધારા કે ઘટાડા કર્યા, પ્રકરણોની નવીન યોજના કરી, અને મારી સંમતિ લઇ વાર્તા વિભાગની વસ્તુ સંકલનામાં સ્વલ્પ ફેરફાર કર્યો. આ સઘળું કાર્ય તેમણે છપાવવાનું કામ ચાલુ રાખી કર્યું, અર્થાત્ છાપવાનું અને લખવાનું કાર્ય સાથેજ થતું. શ્રીયુત દેવજીભાઇએ પોતાની પ્રવૃત્તિઓમાં રહી, પોતાના કિંમતી સમયનો ભોગ આપી, માર શ્રમને સાર્થક કર્યો, તેથી તેમનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

મેં મારા લેખને ચાર ભાગમાં વહેંચી નાંખ્યો છે. "પ્રથમાભાસ" પ્રથમ આપની સેવામાં ઉપસ્થિત છે, તો પછી તે માટે વિશેષ ઉદ્‌ગારો કાઢવા આ સ્થળે હું કાંઈ પ્રયોજન ધારતો નથી, કારણ કે જેમ "પ્રથમાભાસ" હું આપની સેવામાં રજુ કરી શક્યો છું, તેવીજ રીતે મારા વાંચકવર્ગની જેમ જેમ મારા તરફ પક્ષપાતી ભાવ વા સંતોષ જણાશે, તેમ હું તેમ "દ્વિતીયાભાસ" "તૃતિયાભાસ" "ચતુર્થાભાસ" એવી રીતે વિવિધ સુખાભાસના ચાર આભાસ સેવામાં રજુ કરવા તત્પર છુ. મનુષ્ય માત્ર પરાધીન છે, અર્થાત્ માણસ ધારે એક અને પરિણામ આવે બીજુ, તથાપિ મનુષ્યોનો એ નૈસર્ગિક સ્વભાવ જ છે, કે પોતાના જીવનની છેલ્લી દોરી સુધી પોતાની તૃષ્ણા તૃપ્ત કરવા પોતાને સમર્થ માને છે, અને "ભવિષ્યમાં આમ કરશું, અને તેમ કરશું," એવા હવાઇ કિલ્લા બાંધી જીવન ગાળે છે. દરેક મનુષ્ય આમ સારી રીતે સમજે છે, કે ભવિષ્ય તેના હાથમાં નથી, તથાપિ તૃષ્ણા તો ઇપ્સિત પદાર્થ મેળવવા તણાય છે, એ નિયમે, "વિવિધ સુખાભાસ"ના ચાર ભાગ તૈયાર થઇ, જનસેવામાં મૂકાય તો મારૂં જીવન સફળ થયુ એમ માનવા તરફ મારી વૃત્તિ દોરાય, તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી આપણા વ્યવહાર દક્ષ વિદ્વાનોએ પણ જણાવ્યું છે કે —

अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिंतयेत् ।
गृहीतइव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥ हितोपदेश ॥

અર્થાત્ બુદ્ધિમાન્ પુરૂષે વિદ્યા અને ધનની પ્રાપ્તિ અજર અને અમર સમજી કરવી, અને મૃત્યુએ આવી. જાણે હમણા જ આપણા કેશ પકડયા હોય તેમ સમજી, ધર્મને માર્ગે ચાલવું.

કોઇ એવો પ્રશ્ન ઉપસ્થિત કરે, કે તમારા પુસ્તકનો વિષય શું છે? તો હું તેવા મહાશયો પાસેથી ક્ષમા યાચી જણાવીશ, કે જ્યાંસુધી મારા ગ્રંથના ચાર ભાગ છપાઇ બહાર પડે નહીં, ત્યાંસુધી મારા વાંચકવૃંદને હું કાંઇપણ કહી શકું, એવી મારી સ્થિતિ નથી, અને તે માટે હું ક્ષમા યાચું છું. મારા ગ્રંથનો પ્રથમાભાસ મેં જે મિત્રના હાથ મૂકયો છે, તેના ઉપર મને સંપૂર્ણ ભરોસો છે; માત્ર આપ વાંચકવૃંદને તે પ્રિયકર થાઓ, અર્થાત્

મારા મિત્ર દેવજીભાઇનો શ્રમ સફળ થાઓ, એવી ઇશ્વરપાસે મારી પ્રાર્થના છે

આ ગ્રન્થની પૂર્વ કલ્પના મેં જે છૂટા છવાયા કાગળોપર ખરડા રૂપે લખી રાખી હતી, તેને સારા દસ્કતમાં લખી આપનાર મારા મિત્ર બ્રહ્મભાટ લક્ષ્મીદાસ દેવજીનો આ સ્થળે હું મારા શુદ્ધ અંતઃકરણથી આભાર માનું છું. તે ઉપરાંત આ પુસ્તકના અગાઉથી ગ્રાહક તરીકે જેઓએ નામ નોંધાવી મને મારા પ્રયાસમાં આશ્રય આપ્યો છે, તેમનો પણ હું ખરા અંતઃકરણથી આભાર માનું છું સમયાભાવને કારણે તથા બીજા કારણોને લીધે. તેમનાં મુબારક નામો આ પ્રથમાભાસમાં પ્રગટ કરી શકાયાં નથી, તે માટે હું તેમની ક્ષમા યાચું છું, પરંતુ તેમને હું જણાવવાની રજા લઉં છું, કે જો ઇશ્વરેચ્છા સાનુકુલ હશે, તો દ્વિતીયભાસમાં તેમના મુબારક નામો જરૂર અપાશે મારા "પ્રથમાભાસમાં" જો કે તેમનાં નામો મુદ્રાંકિત થયા નથી, પરંતુ મારા હૃદયપટમાં તે મુદ્રાંકિત થઇ ગયા છે, એટલે તેમના નામો મારા હૃદયમાંથી મારા જીવન પર્યન્ત પણ ભુંસાવાના નથી.


આ પુસ્તકમાં પ્રૂફ સૂધારતાં ઘણા દોષો રહી ગયા હશે, જેને માટે મારા સુજ્ઞ વાંચક વર્ગની હું ક્ષમા માગું છું, અને તેમને પ્રાર્થના કરૂં છું, કે તેઓ તે દોષો સુધારી વાંચશે.

अनंतपारं किल शब्दशास्त्रं
स्वल्पं तथायुर्बहवश्च विघ्नाः ।
सारं ततो ग्राह्यमुपास्य फल्गु
हंसैर्यथा क्षीरमिवाम्बुमध्ये ॥

શબ્દશાસ્ત્રનો પાર નથી, આયુષ્ય સ્વલ્પ છે અને તેમાં વિઘ્ન ઘણા છે. એટલે વિદ્વજ્જનોએ તેમાંથી હંસ જેમ દૂધમાંથી પાણી કાઢી નાંખે છે, તેવી રીતે સાર ગ્રહણ કરવુ, અને અસારનો ત્યાગ કરવો. **इत्यलम्**.

મુંબઇ,
સં. ૧૯૭૦ ના પોષ
સુદિ ૧ ને રવેઉ.

ગ્રંથકર્ત્તા.



શ્રીયુત દેવજી ત્રિકમદાસ ઠક્કર બી. એ. એલ એલ. બી.

શ્રિયુત ઠક્કર દેવજીભાઈ ત્રિકમદાસનું

જીવન વૃત.

यो नात्मजे नच गुरु नच भृत्य वर्गे ।
दीने दयां न कुरुते नच बंधु वर्गे ॥
किं तस्य जीवित फलं हि मनुष्य लोके ।
काकोऽपि जीवति चिराय बलिंच भुंक्ते ॥

મનુષ્યમાં વિચાર શક્તિ કરતા અનુકરણ શક્તિ સબળ હોય છે, એ વાત નિર્વિવાદ છે, અને તેથી જ ઉચ્ચ જીવન ચરિત્રો ત્હેને બોધક થાય, એ પણ તેટલુજ નિર્વિવાદ છે. જીવન ચરિત્રોની આવશ્યક્તા સમાજ સુધારણા અને લોકોના શુભ સંસ્કાર કેળવવા માટે અનિવાર્ય છે.

જીવન વૃતાન્તો લખવાની આવશ્યક્તા છે, એ વાત ખરી, પણ જીવન વૃતાન્ત કોનુ લખવું અને કોણે લખવું એ ગભીર પ્રશ્નો છે.

સાંપ્રત સમયમા જીવન ચરિત્રો બે હેતુઓથી લખાતા હોય એમ જણાય છે (૧) સ્વાર્થ (૨) જનસેવા કે સાહિત્ય સેવા

કોઇ રાજા કે મહારાજા, અમલદાર કે સરદાર, ધનાઢ્ય કે લાગવગવાળા પુરૂષનુ જીવન ચરિત્ર લખવામાં, જો ઉપરોક્ત ત્હેની સાંસારિક મહત્તાને અંગેજ જીવન લખાયુ હોય, અને એજ ચરિત્ર લેખનનું લક્ષ્ય બીન્દુ હોય, તો સ્વાભાવિકજ તેમા આત્મ શ્લાઘા, દંભ અને ચરિત્ર નાયકમાં ન હોય, એવા ગુણોનું આલેખન ઇત્યાદિ દોષો આવશેજ અને ત્હેનો હેતુ પણ માત્ર ત્હેમની પાછળના કે લેખકના પોતાના સંબંધમાં આવનારાઓની પ્રસન્નતા મેળવવાનો હોય છે. આ હેતુ ઉચ્ચ તો નથીજ.

કોઇ લાકવેત્તા ઉચ્ચ રાજ્યદ્વારી કે પરમાર્થી સાધુ પુરૂષનું જીવન ચરિત્ર લખવામાં બીજો લોક સેવાનો હેતુ હોઇ શકે, કારણ કે અત્રે ઉપર કહ્યું છે તેમ, ઉદાર આશયવાળા મનુષ્યોના જીવન અન્ય સેંકડો જનોને સન્માર્ગ દર્શક થઇ શકે છે. આવાં ચરિત્રો આદરણીય છે, અને લોકોની ઉન્નતિને માટે જો ઉત્તમોત્તમ કોઇ પણ માર્ગ હેય, તો તે એજ છે, જનસમાજને ઉચ્ચ આદર્શરૂપ ચરિત્રો બતાવવા ત્હેમની દ્રષ્ટી સમક્ષ ઉચ્ચ ચરિત્રો ગોઠવવાં, એ ઉત્તમ લોક સેવા છે

હવે આપણે ઉચ્ચ શબ્દની વ્યાખ્યા કરવી જોઇએ. હમણા કંઇક એવીજ માન્યતા થઇ ગઇ છે, કે જાહેરમાં આવ્યા હોય, જેમની હજારો વાહવાહ બોલતા હોય, કિંવા જેમના પરિચયમાં અનેક મનુષ્યો આવ્યા હોય, ટુકમા કહીએ તો જેમના કાર્યો જગ જાહેર હોય તેવા, ઉચ્ચ ગણાવા જોઇયે. આ માન્યતા ભ્રમણાત્મક છે. જેઓ સસારમા પ્રસિદ્ધ હોય, જેઓની બહાર વાહ વાહ બોલાતી હોય, તેઓ બધા સારા હોતા નથી મનુષ્યની મહત્તા, કંઇ માત્ર જાહેર જીવનમા નથી તેમની ખરેખરી મહત્તાતો તેમના ખાનગી જીવનમા છે જે એક નાના કાર્યમાં, બાળકને બોલાવવામાં કે માર્ગે ચાલતા કોઈ અજાણ્યા જણની સાથે બોલવામાં પોતાની મહત્તા, સાદાઇ નિખાલ, દર્શાવી શકે છે તેજ મહાન છે.

જગતમા એવા અનેક મનુષ્યો થયા છે, જેઓ જાહેરમા નથી આવ્યા, જેમનું જીવન કદાચ તેમના ઘરની દિવાલોથી બહાર પણ ન ગયુ હોય, તથાપી તેમનું ચરિત્ર પવિત્ર હોય છે. મહત્તા મનુષ્યોના ગુણોમા છે દેખાવમાં નહી, અને આ રીતે જેમ એક જગજાહેર મનુષ્યનું જીવન લખાઇ શકે, તેજ રીતે એક સાદા અને અજ્ઞાત જનનું જીવન પણ બોધક હોઇ શકે છે.

શ્રીયુત દેવજીભાઇ એક જગત્ પ્રસિદ્ધ મનુષ્ય નથી કે જેની વાહ વાહ બોલાતી હોય. પરંતુ અમને એમનો જે પરિચય લાભ મળ્યો છે, તેમાં તો અમને એ ગુણવાન્ અને એમનું ચરિત્ર અનુકરણીય જણાયું છે.

કવિત્ત.

છાજત હે સર્વ ઠોર બદરી બિશાલપર, ચંદનકે છોરકોઇ ઠોરમેં દિખાત હય,
છીતિમેં સકલ ઠોર પાથર પ્રભાયપર, હીરકી ખાની કોઇ ઠોરઠ હીરાત હય,

વાયસ બિન કાન સુનિયે સહાયપર, કોકિલકે નાદની ચૈનમેં સુનાત હય;
ગોવિંદ કહત તૈસેં દુષ્ટ સર્વ ઠોરઠાર, સુભગ સુજન કોઇ ઠૈરમેં દિખાત હય,

સાહિત્ય રત્નાકર,

किं कुलेन विशालेन विद्याहीनस्य देहिनः ॥
अकुलिनोऽपि विद्यावान् दैवैरपि स पूज्यते ॥

॥ सुभाषित ॥

ભાવાર્થ—વિદ્યાહીન દેહધારી વિશાલ કુલવાળો હોય, તોપણ શુ ? વિદ્વાન કુલ વગરનો એકાકી હોય, તો પણ દેવતાઓને પણ વંદનીય છે, અને દેવતાઓ પણ તેમનું પૂજન કરે છે

વિદ્વાન હોય તેની સાથે તેમા સુહૃદપણું હોવું જોઇએ સુહૃદપણાના ગુણોથી જ તેમનુ જીવનવૃત્ત દીપી નીકળે છે

शुचित्वं त्यागिता च शौर्यं सामान्यं सुखदुःखयोः ।
दाक्षिण्यं चानुरक्तिश्च सत्यता च सुहृद्गुणाः ॥

॥ सुभाषित ॥

ભાવાર્થ—પવિત્રપણુ, ત્યાગપણુ, શૌર્ય અને સુખદુઃખમા સમતા, ડહાપણ, અનાસક્તિ, સત્યતાએ સુહૃદના ગુણો હોવા જોઇએ.

જ્યારથી હુ શ્રીયુત દેવજીભાઇના સહવાસમા આવ્યો છુ, ત્યારથી એમના જીવનના કેટલાક પ્રસંગો એવા ઉત્તેજક જણાયા છે, જે મારી યજમાન જ્ઞાતિઓમા જો જાહેરમા મૂકાય, તો તેમને કાંઇક અંશે લાભદાયી થાય; પરંતુ તેમ કરવાનુ બીજુ મને કાઇ સાધન મળ્યુ નહીં, એટલે આ પુસ્તક જેનો પ્રસિદ્ધી ઘણે અંશે એમનેજ આભારી છે, તેમા એમના જીવનવૃત્તને માન સ્થાન આપવાની સ્વાભાવિક ઇચ્છા થઇ છે

શ્રીયુત દેવજીભાઇના પિતામહ લધા ગજ્જેરિયાની અટકથી ઓળખાતા, તે ઉપરથી એમ માનવનું કારણ મળે છે, કે દેવજીભાઇના પૂર્વજ મૂળ કચ્છ ગજોડના રહેવાસી હોવા જોઇએ. તેમના પિતામહ લધા રામજી

પૈસે ટકે સુખી હતા. બિદડામા તેઓનું ગાંધિયાણાનું હાટ હતું, અને માંડવી તાલુકામાં આમ વેપ રીતે પકાતા જે વખત શ્રીયુત દેવજીભાઇનો જન્મ થયો, લગભગ તે વખતે દૈવે તેઓશ્રીના કુટુંબપર કાપ કર્યો. આ એક યા બીજા કારણે ધનની હાનિ થવા માંડી, અને તેથી તેમના પિતાશ્રીને કચ્છ છોડી મુંબઇ કમાવા આવવું પડયું. મુંબઇમા તેઓશ્રીના પિતાજી પોતાના મામા અને સદ્‌ગત શેઠ ખટાઉ રવજી મકાઇના સાળા લવજી વાલજી અને પુંજા વાલજીને ત્યા નોકરી રહ્યા

દેવજીભાઇના પિતાશ્રી ત્રિકમજીએ તે વખતની માત્ર ગામઠી કેળવણી લીધી હતી, અર્થાત તે નામું વગેરે લખી વાચી શકતા. તેમને સતતિમા કુલે ચાર બાળકો થયા હતા, બે દીકરા અને બે દીકરી, જેમાથી એક દીકરો અને એક દીકરી બાળ વયમ જ સ્વધામ પહોંચ્યા હતા તેમના પિતાશ્રીની સતતિમાં હાલ માત્ર શ્રીયુત દેવજીભાઇ હૈયાતી ભોગવે છે તેમની બેન જેઠીબાઇ સાં૦ ૧૯૫૩ ના પોશ સુદિ ૧૪ ને દિને સ્વર્ગવાસ પામી. શ્રીયુત દેવજીભાઇની ત્રણ વર્ષની ઉમર થઇ, તે વખતે તેમના પિતામહ લધા રામજી સ્વર્ગવાસ પામ્યા તેમની છ કે સાત વર્ષની ઉમરે તેમની માતાજી લક્ષ્મીબાઈ સ્વર્ગવાસ પામ્યા. તેમની માતાજી લક્ષ્મીબાઇને છ બેનો હતી અને બે ભાઇ હતા, જેમા લક્ષ્મીબાઇ સ્વભાવે અતિ રાંક ગણાતા. જે વખતે દેવજીભાઇની માતાજીનો કચ્છ બિદડામા સ્વર્ગવાસ થયો, તે વખતે તેમના પિતા ત્રિકમજી મુંબઇમાં હતા અને તેમની ત્રણ ચાર વર્ષની નાની બેન જેઠીબાઇને તેની માસી આનંદીબાઇ પોતાને ગામ કચ્છ મોટે ભાડિયે તેડી ગઇ હતી દેવજીભાઇના પિતાજી કચ્છ બિદડે આવી શ્રીયુત દેવજીભાઇને તથા પોતાને બે પેઢીએ થતા આસરે ૯૦ વર્ષની ઉમ્મરની કાકી લાછબાઇને મુંબઇ તેડી લાવ્યા. લાછબાઈ ડોશી વૃદ્ધ અને અંધ હોવાથી, દેવજીભાઇના પિતાજીને કમાવવા ઉપરાત રસોઇ પાણી પણ હાથે કરવા પડતા.

દેવજીભાઇના પિતાજી ટુંકી કમાઇના હોવાથી, દેવજીભાઇએ ગુજરાતી પ્રાથમિક કેળવણી તો જેમ તેમ લીધી. લગભગ તેમણે ગુજરાતી પ્રાથમિક કેળવણી પૂરી કરી હશે. તે અરસામાં તેમના પીતાશ્રીએ સંયોગોને વશ બની, પુન. લગ્ન કર્યું દેવજીભાઇની આ સાવકી માતા લક્ષ્મીબાઇ સ્વભાવે કર્કશા અને અતિ ઇર્ષ્યાળુ હતી. જેને પરિણામે તેમને તેમજ તેમની નાની બેન

જેડીબાઇ જેણીને માશીને ઘેરથી તેડી લીધી હતી, તેણીને સાવકી માતાના અસહ્ય દુઃખો વેઠવા પડતા. અને શ્રીયુત દેવજીભાઇને પોતાના અભ્યાસમા અતિ મુશ્કેલી ભોગવવી પડતી. આ વખતે કચ્છી લુહાણામા ઉંચી કેળવણીનો અભાવ હતો, એટલુ જ નહીં પણ અંગ્રેજી કેળવણી માટે તેઓમાં અવળા વિચાર બેસી ગયા હતા શ્રીયુત દેવજીભાઇને અંગ્રેજી અભ્યાસ કરવાનો ભારે શોખ હતો, એટલે જેમ તેમ કરી મહા મહેનતે વેઠી, તેમણે ગોકલદાસ તેજપાલની વિદ્યાલયમા ફી માફી કરાવી, બાર વર્ષની ઉમ્મર સુધીમા અંગ્રેજી ત્રણ ધોરણ સુધી અભ્યાસ કર્યો. અને તેઓ એલ્ફિન્સ્ટન હાઇસ્કુલમા એન્ટ્રન્સની પરિક્ષામાં બેઠા અને પરિક્ષામા પસાર થયા. અંગ્રેજી ચોથા ધોરણમા સ્કુલ ફી રૂા ૩) હતી, અને લગભગ સાત આઠ રૂપિયાના પુસ્તકો જોઇતા હતા આટલો ખર્ચ કરવાની ગુન્જાશ તેમના પિતાની ન હોવાથી, તેમણે અંગ્રેજી અભ્યાસ અહીંજ બંધ કરવા જણાવ્યુ, પરંતુ અભ્યાસ આગળ વધારવા શ્રીયુત દેવજીભાઇનો અત્યાગ્રહ હોવાથી, બાળક બુદ્ધિને લઇ તેમણે ઘરમા અતિ કકાસ કર્યો પરિણામે તેમના પિતાના મામા તથા તેમના વડીઆત તરફથી તેમને રૂા. ૨ાા) અઢી માસિક મદદ મળવા લાગી, અને પુસ્તકનો આશ્રય પણ મળ્યો, જેથી તેમણે આવી સ્થિતિમા રહી અંગ્રેજી પાચ ધોરણ સુધી અભ્યાસ ચલાવ્યો સ્કુલ માસ્તર તેમને જે અભ્યાસ કરવા સુચન કરતા, તે અભ્યાસ કરવામા ઘરમા કકાસના કારણથી તેમને કેટલીક જાતની અગવડ પડતી, એટલે તે સ્કુલમા જતી વખત રસ્તામા અને કોઇ કોઇવાર રાત્રિએ ચાલીમા રહેતા ગામલેટ તેલના દીવા નજદીક બેસી અભ્યાસ કરતા

આગળ જણાવ્યા પ્રમાણે દેવજીભાઇના પિતા જેમ કેળવાયલા ન હતા તેમ તેઓ જુના ઢબના માણસ હોવાથી તેમને સ્વાભાવિક રીતે દેવજીભાઇને પરણાવી લાહો લેવાની ઉત્કટ ઇચ્છા હતી; પરતુ પોતે ગરીબ સ્થિતિના હતા, અને વળી ઘરમા વ્યવહાર સાવકો હતો. એટલે તેમને પોતાની ઇચ્છા તૃપ્ત કરવામા બહુ મુશ્કેલી પડી. એક બે ઠેકાણે ઘરજમાઇ રહેવાની વાત આવી, પરંતુ શ્રીયુત દેવજીભાઇ તે વિચારથી બહુજ વિરૂદ્ધ હતા, તે કારણથી તેમજ બીજા સંજોગોને લીધે તે વાત અમલમાં મૂકી શકાઇ નહી, જેથી તેમના પિતાશ્રીએ સામસામ સગપણની ગોઠવણ કરવા માડી, પરતુ દેવજીભાઇના પિતાશ્રીના મામાએ તેમને તેમ કરતા અટકાવ્યા. અને શ્રીયુત દેવજીભાઇનુ સગપણ કરી વિવાહ કરી આપવા તેઓએ માથાઉપર લીધુ, એટલે શ્રીયુત દેવજીભા-

પૈસે ટકે સુખી હતા. બિદડામાં તેઓનું ગાંધિયાણાનું હાટ હતું, અને માંડવી તાલુકામાં ઓ વૈદ શીકે પકાતા એ વખત શ્રીયુત દેવજીભાઇને જન્મ થયે, લગભગ તે વખતે દૈવે તેઓશ્રીના કુટુંબપર કોપ કર્યો. અને એક યા બીજા કારણે ધનની હાનિ થવા માંડી, અને તેથી તેમના પિતાશ્રીને કચ્છ છોડી મુંબઇ કમાવા આવવુ પડયું. મુંબઇમાં તેઓશ્રીના પિતાજી પોતાના મામા અને સદ્ગત શેઠ ખટાઉ રવજી મકાઇના સાલા લવજી વાલજી અને પુંજા વાલજીને ત્યા નોકરી રહ્યા.

દેવજીભાઇના પિતાશ્રી ત્રિકમજીએ તે વખતની માત્ર ગામઠી કેળવણી લીધી હતી, અર્થાત તે નામું વગેરે લખી વાચી શકતા. તેમને સંતતિમા કુલે ચાર બાળકો થયાં હતા, બે દીકરા અને બે દીકરી, જેમાથી એક દીકરો અને એક દીકરી બાળ વયમાજ સ્વધામ પહોચ્યા હતા તેમના પિતાશ્રીની સંતતિમાં હાલ માત્ર શ્રીયુત દેવજીભાઇ હૈયાતી ભોગવે છે તેમની બેન જેઠીબાઇ સાં૦ ૧૯૫૩ ના પોશ સુદિ ૧૪ ને દિને સ્વર્ગવાસ પામી. શ્રીયુત દેવજીભાઇની ત્રણ વર્ષની ઉમર થઇ, તે વખતે તેમના પિતામહ લધા રામજી સ્વર્ગવાસ પામ્યા. તેમની છ કે સાત વર્ષની ઉમરે તેમની માતાજી લક્ષ્મીબાઈ સ્વર્ગવાસ પામ્યા. તેમની માતાજી લક્ષ્મીબાઇને છ બેનો હતી અને બે ભાઇ હતા, જેમાં લક્ષ્મીબાઇ સ્વભાવે અતિ રાંક ગણાતા. જે વખતે દેવજીભાઇની માતાજીનો કચ્છ બિદડામાં સ્વર્ગવાસ થયો, તે વખતે તેમના પિતા ત્રિકમજી મુંબઇમાં હતા અને તેમની ત્રણ ચાર વર્ષની નાની બેન જેઠીબાઇને તેની માસી આનંદીબાઇ પોતાને ગામ કચ્છ મોટે ભડિયે તેડી ગઇ હતી દેવજીભાઇના પિતાજી કચ્છ બિદડે આવી શ્રીયુત દેવજીભાઇને તથા પોતાને બે પેઢીએ થતા આસરે ૯૨ વર્ષની ઉમ્મરની કાકી લાછબાઇને મુંબઇ તેડી લાવ્યા. લાછબાઈ ડોશી વૃદ્ધ અને અંધ હોવાથી, દેવજીભાઇના પિતાજીને કમાવવા ઉપરાંત રસોઇ પાણી પણ હાથે કરવાં પડતા.

દેવજીભાઇના પિતાજી ટુંકી કમાઇના હોવાથી, દેવજીભાઇએ ગુજરાતી પ્રાથમિક કેળવણી તો જેમ તેમ લીધી. લગભગ તેમણે ગુજરાતી પ્રાથમિક કેળવણી પૂરી કરી હશે. તે અરસામાં તેમના પીતાશ્રીએ સંયોગોને વશ બની, પુનઃ લગ્ન કર્યું. દેવજીભાઇની આ સાવકી માતા લક્ષ્મીબાઇ સ્વભાવે કર્કશા અને અતિ ઇર્ષ્યાળુ હતી. જેને પરિણામે તેમને તેમજ તેમની નાની બેન

જેઠીબાઇ જેણીને માશીને ઘેરથી તેડી લીધી હતી, તેણીને સાવકી માતાના અસહ્ય દુ:ખો વેઠવા પડતાં. અને શ્રીયુત દેવજીભાઇને પોતાના અભ્યાસમા અતિ મુશ્કેલી ભોગવવી પડતી. આ વખતે કચ્છી લુહાણામા ઉંચી કેળવણીનો અભાવ હતો, એટલું જ નહીં પણ અંગ્રેજી કેળવણી માટે તેઓમાં અવળા વિચાર બેસી ગયા હતા શ્રીયુત દેવજીભાઇને અગ્રેજી અભ્યાસ કરવાનો ભારે શોખ હતો, એટલે જેમ તેમ કરી મહા મ કટો વેઠી, તેમણે ગોકલદાસ તેજપાલની વિદ્યાલયમા ફી માફી કરાવી, બાર વર્ષની ઉમ્મર સુધીમા અગ્રેજી ત્રણ ધોરણ સુધી અભ્યાસ કર્યો. અને તેઓ એલ્ફિન્સ્ટન હાઇસ્કુલમા એન્ટ્રન્સની પરિક્ષામાં બેઠા અને પરિક્ષામાં પસાર થયા. અગ્રેજી ચોથા ધોરણમા સ્કુલ ફી રૂા ૩) હતી, અને લગભગ સાત આઠ રૂપિયાના પુસ્તકો જોઇતાં હતા આટલો ખર્ચ કરવાની ગુંજાશ તેમના પિતાની ન હોવાથી, તેમણે અગ્રેજી અભ્યાસ અહીજ બધ કરવા જણાવ્યુ, પરંતુ અભ્યાસ આગળ વધારવા શ્રીયુત દેવજીભાઇનો અત્યાગ્રહ હોવાથી, બાળક બુદ્ધિને લઇ તેમણે ઘરમાં અતિ કકાસ કર્યો પરિણામે તેમના પિતાના મામા તથા તેમના વડીઆત તરફથી તેમને રૂા. ૨॥) અર્ધ માસિક મદદ મળવા લાગી, અને પુસ્તકનો આશ્રય પણ મળ્યો. જેથી તેમણે આવી સ્થિતિમા રહી અગ્રેજી પાચ ધોરણ સુધી અભ્યાસ ચલાવ્યો સ્કૂલ માસ્તર તેમને જે અભ્યાસ કરવા સૂચન કરતા, તે અભ્યાસ કરવામા ઘરમા કંકાસના કારણથી તેમને કેટલીક જાતની અગવડ પડતી, એટલે તે સ્કૂલમાં જતી વખત રસ્તામાં અને કોઇ કોઇવાર રાત્રિએ ચાલીમાં રહેતા ગાસલેટ તેલના દીવા નજદીક બેસી અભ્યાસ કરતા

આગળ જણાવ્યા પ્રમાણે દેવજીભાઇના પિતા જેમ કેળવાયલા ન હતા તેમ તેઓ જુના ઢગના માલુમ હેવાથી તેમને સ્વાભાવિક રીતે દેવજીભાઇને પરણાવી લાવા લાવાની ઉત્કટ ઇચ્છા હતી; પરતુ પોતે ગરીબ સ્થિતિના હતા, અને વળી ઘરમા વ્યવહાર સાવકો હતો, એટલે તેમને પોતાની ઇચ્છા તૃપ્ત કરવામા બહુ મુશ્કેલી પડી. એક બે ઠેકાણે ઘરજમાઇ રહેવાની વાત આવી, પરંતુ શ્રીયુત દેવજીભાઇ તે વિચારથી બહુજ વિરૂદ્ધ હતા, તે કારણથી તેમજ બીજા સંજોગોને લીધે તે વાત અમલમાં મુકી શકાઇ નહી, જેથી તેમના પિતાશ્રીએ સામસામ સગપણની ગોઠવણ કરવા માંડી; પરતુ દેવજીભાઇના પિતાશ્રીના મામાએ તેમને તેમ કરતા અટકાવ્યા. અને શ્રીયુત દેવજીભાઇનુ સગપણ કરી વિવાહ કરી આપવા તેઓએ માથાઉપર લીધું, એટલે શ્રીયુત દેવજીભા-

ઇના પિતાશ્રીએ તેમને તેમજ તેમની બેનને તેમના ખોળામાં સોંપ્યા. પાછળથી દેવજીભાઇની બેનના સગપણ માટે તેમના પિતા અને મામા વચ્ચે કલેશ થયો. પરિણામે દુર્ભાગી બેનને જ્યાં પરણાવવામાં આવી ત્યાં તેણીને સુખને બદલે દુઃખરૂપ થઇ પડયુ. આ કલેશના પરિણામે દેવજીભાઇના કુટુંબમા પણ પ્રબલ કલહ ઉત્પન્ન થયો, અને છેવટે તેઓશ્રીના પિતાને મામા સાથે પણ કલેશ થયો, અને નોકરીથી બરતરફ થવુ પડયું. આ બધા સન્જોગોને લીધે દેવજીભાઇને ફરજીયાત નોકરી કરવાનો વખત આવ્યો, એટલે તેમણે મહીનો દોઢ મહીનો નોકરી માટે પ્રયાસ કર્યો પણ જ્યારે તેમને નોકરીનો થાક લાગ્યો નહી. ત્યારે તેમણે અભ્યાસ પાછો ચાલુ રાખ્યો આ વખતે તેમને સારા ટયુશનો મલી જવાથી તેમની કટલીક વિટંબણા દૂર થઇ. આ પ્રમાણે છ એક મહીના સુધી અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ આગળ ચલાવ્યો. પાછળથી દેવજીભાઇના સારા ભાગ્યે તેમને રાઓસાહેબ દેવજી ઓધવજી ચોથાણી જે. પી તરફથી આશ્રય મલ્યો. આ વખતે દેવજીભાઇના પિતા ધારાવીમાં વેપાર કરતા હતા. અહીં તેમના પિતાની તબિયત સારી નહી રહેવાથી, તેમણે પોતાનો ચાલતો ધંધો કાયમ રખી, પોતાના ભાગીદારને સર્વ વ્યવહાર સોંપી, પોતે દેશમા ગયા એટલે શ્રીયુત દેવજીભાઈ પોતે એકલા રાઓ સાહેબ દેવજીભાઇને ત્યાં રહી અભ્યાસ કરવા લાગ્યા.

રાવસાહેબ દેવજીભાઇને ત્યાં દૈવ તરફથી શ્રીયુત દેવજીના ભવિષ્યની અડગ દ્રઢતાની ખરી કસોટીના સમય વધુ અને વધુ આવવા લાગ્યા. દેશમાં તેમના પિતાશ્રીની તબિયત એકદમ લથડી પડી, એટલે શ્રીયુત દેવજીભાઇના ઉપર તેમની સાવકી માતા તરફથી અતિ અપમાન અને તિરસ્કારપાત્ર પત્રો આવવા લાગ્યા. તે લખતા કે ' તારા પિતાની આવી સ્થિતિમાં તું અમને કાંઇ કામ આવી શકતો નથી, એટલે તારા કરતાં એક પથ્થર જન્મ્યો હોત તો સારૂં, " હવે અભ્યાસ છોડી ધધામા લાગ, જેથી અમને ટેકો મળે. બીજી તરફથી બનેવીએ અભ્યાસ છોડી દેવા કુનડગત કરવાથી તેમણે બેન બનેવીને ત્યાં આવવું જવું માંડી વાળ્યું આ સમયમાં શ્રીયુત દેવજીભાઇને રાત દિવસ ચિંતવન થતું. " કે મારા પિતાશ્રીને હું કયારે સહાયભૂત થઇ રૂણથી છૂટું " દેવજીભાઇના સદ્દભાગ્યે તેમના પિતાશ્રી તરફથી આ વખતે સંતોષકારક પત્રો આ તા. તેઓ લખતા કે મારૂં ગમે તે થાઓ, પરંતુ તું તારૂં ભવિષ્ય સુધારજે. " દેવજીભાઇએ

આવા આવા સંકટોને ન ગણકારી ધીરજથી પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો, અને તેમણે સને ૧૮૯૨ ની મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી.

મેટ્રીકયુલેશનની પરીક્ષામા પસાર થયાના શુભ વર્તમાન આવ્યા, તે વખતે તેઓશ્રીના પિતા કચ્છથી મુંબઇ આવ્યા. શ્રીયુત દેવજીભાઇના વિચાર હવે પિતાને સહાયભૂત થવા નોકરી કરવાનો હતો, પરંતુ રા. સા દેવજી ભાઇએ તેઓશ્રીના પિતાને જણાવ્યું:—"કે નોકરીથી તમારી જીંદગી જેમ બરબાદ થઇ, તેમ તમારા પુત્રની પણ થશે. તમે તમારા પુત્રનો અભ્યાસ, આગળ વધવા દો હું તમારા માટે પણ વ્યવસ્થા કરી આપવા તૈયાર છું. દેવજીભાઇના પિતાએ પુત્રનો અભ્યાસ આગળ વધે તે માટે પસંદગી દેખાડી, પણ પોતાના માટે જે વ્યવસ્થા સૂચવવામાં આવી તે સ્વીકારવા અભિમાનથી ના પાડી માંદગીના કારણથી તેમના પિતાનું શરીર અતિ કૃશ બન્યું હતુ, એટલે તેઓ કાંઈ પણ મહેનતનો ધંધો કરવા અશક્ત થઇ પડયા હતા, અને તેમને પુત્રના આશ્રયની જરૂર હતી, છતાં પોતાના પુત્રનો અભ્યાસ આગળ ન વધારવા રા સા. દેવજીભાઇને જણાવ્યું, જેથી દેવજીભાઇએ પોતાના પિતાને ઠપકો આપ્યો, તેઓશ્રીના પિતાનો પ્રત્યુત્તર એ જ હતો કે "તુ સુધરતો હો, તો મારૂ ગમે તેમ હું નભાવી લઇશ."

હવે મુંબઇમાં તેઓશ્રીના પિતાશ્રીએ સુક્કા ટોપરાનો ધંધો ચાલુ કર્યો અને પોતાના પુત્રનો અભ્યાસ આગળ વધારવા દીધો. તેઓશ્રીના પિતાએ સુક્કા ટોપરાનો ધંધો ચાલુ કર્યો તેને થોડા માસ થયા, તે અરસામાં ધારાવીના ધંધાના શરાફે તેમના પિતાશ્રી ઉપર મુંબઇની સ્મોલકોઝ કોર્ટમા ફરિયાદી કરી, અને આશરે રૂ. ૬૦૦) નું હુકમનામુ મેળવ્યું, એટલે દેવજીભાઇના પિતાશ્રી પુનઃ ગભરાયા, અને વળી દેશ ચાલ્યા ગયા. દેશમા જઇ તેમણે પોતાના મામા લવજી જે તે વખતે ત્યાં હતા, તેની સાથે પુનઃ સલાહ કરી, અને માસિક રૂ. ૧૨॥) સાડાબારને પગારે તેમની પાસે નોકરી રહેવા નક્કી કર્યું.

અહીં શ્રીયુત દેવજીભાઇએ સને ૧૮૯૩ ની પ્રિવિયસની પરિક્ષા પસાર કરી. તેમને અભ્યાસમાં ગણિતપર બહુ રૂચિ હતી, એટલે સ્વાભાવિક રીતે તેમનો સિવિલ એન્જીનિયર થવા વિચાર હતો. પરંતુ રાવસાહેબ દેવજીભાઇનો આગ્રહ તેઓને સોલીસીટર બનાવવાનો હતો, એટલે ન છુટકે

તેમને બી. એ. સુધી અભ્યાસ આગળ વધારવો પડયો તેઓએ સને ૧૮૯૪ ની ઇન્ટરમિજિયેટની પરીક્ષા અને સને ૧૮૯૫ ની પહેલી એલ એલ. બી. ની પરીક્ષા પસાર કરી. તેમને બી એ ની છેલ્લી પરિક્ષા સને ૧૮૯૬ માં આપવાની હતી, પરંતુ ત્યાં વળી ભાગ્યદેવીનો પ્રકોપ થયો ઇ સ ૧૮૯૬ મા મરકીની શરૂઆત થઇ, અને તેમાં તેમના પિતાશ્રીના પિત્રાઇ ભાઇ મનજીની પત્ની લક્ષ્મીબાઇ ભોગ બની, એટલે દેવજીભાઇને તેમના પિતાશ્રીએ રા સા. દેવજીભાઇની ઇચ્છા વિરૂદ્ધ, કચ્છ મોકલી આપ્યા, એટલે તેમનાથી સને ૧૮૯૬ ની બી. એ. ની પરીક્ષા ન અપાઇ, મુંબઇમાં મરકીને કારણે લોકોની નાશ ભાગને લીધે તેઓશ્રીના પુસ્તકો બધા મુબઇ રહી ગયા, એટલે તેમનાથી સન ૧૮૯૭ ની બી એ ની પરીક્ષા માટે પણ વાંચી શકાયુ નહીં કચ્છમા તેમની બેન જેઠીબાઇ પોતાના સાસરિયાના કુટુબ સાથે દેવજીભાઇને ઘેર આવ્યા, અન તે પણ મરકીના રોગથી તેમને ઘેર આવતાજ સ્વર્ગવાસ પામ્યા. આવી વિટંબણાઓમાં શ્રીયુત દેવજીભાઇ અભ્યાસ માટે પુનઃ ઇ સ ૧૮૯૭ ના જુલાઇ આગષ્ટ મહીનામા મુંબઇ આવ્યા. ભાગ્ય દેવીની વિરૂદ્ધના આ વખતે દેવજીભાઇપર બરાબર અજમાયશ ઉપર હોવાથી, બરાબર પરીક્ષાના વખતેજ તેઓના માતા પિતા બન્ને અકટોમ્બર માસમા આઠ આઠ દિવસના અંતરે મરકીમા સ્વર્ગવાસ પામ્યાં, જેથી તેમનાથી સન ૧૮૯૭ ની બી. એ. ની પરિક્ષામાં પણ બેશી શકાયું નહી.

દેવજીભાઇના પિતા સ્વભાવે અતિ રાંક ઉદાર, એકનિષ્ઠાવાળા, અતિ-ભોળા, દયાળુ, અને કુટુબ પ્રેમી હતા. તેઓની સ્થિતિ બહુ ગરીબ હતી, જેથી તેમને પોતાના પુત્રની કમાઇની બહુ જરૂર હતી, છતા પણ પોતાની દુઃખી સ્થિતિમા પણ પોતાના પુત્રના ભવિષ્યની ઉન્નતિ માટે પોતે કયારે પ શ્રીયુત દેવજીભાઇને અભ્યાસમાં આગળ વધતા ન અટકાવ્યા તેમના આ આગ્રહ માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

શ્રીયુત દેવજીભાઇને પિતાશ્રીના મરણથી અતિ દુઃખ થયું, કારણ હવે તેમને માટે કાળજી રાખનાર કુટુંબમાં તેમજ સગામા જેમ કોઇ રહ્યુ, તેમ તેમના પિતા પણ તેમને માટે કાંઇ વારસો પણ મૂકી ન ગય આવી આવી સ્થિતિ પ્રાપ્ત થતાં પણ, તેઓ પોતાની અડગ ટેકથી અભ્યાસ આગળ વધારવા લાગ્યા કોલેજની પહેલી ટર્મ પૂર્ણ કરી, અને બીજી ટર્મ ભરવાની હતી, તેજ વખતે રાવસાહેબ દેવજીભાઇએ ઓચિંતો પોતા તરફનો અપાતો આશ્રય બંધ કર્યો રાવસાહેબ ઘણા વિઘ થી ઓને આશ્રય આપતા

હતા, જેમાં પહેલા પણ દેવજીભાઇ હતા અને છેલ્લા પણ દેવજીભાઇ હતા. આવી રીતે અભ્યાસ આગળ વધારતાં દેવજીભાઇને પ્રતિબંધ નડતાં, હવે પોતાની સ્થિતિ કેમ નભાવવી તે વિષે તે વિમાસણમ પડયા 'હવે આજીવિકા માટે નોકરી કરવી, કે કચ્છી લુહાણામાં પ્રથમ કલા કુમાર [બી. એ.] થવું." એ બે વિચારો વચ્ચે તેમનુ મન મુંઝાવા લાગ્યુ, તેમના સદ્‌ભાગ્યે તેમને આ વખતે બે ત્રણ ટયુશનો મળી ગયા, એટલે તેમને પોતાના ભરણ પોષણની વ્યવસ્થા થઇ, અને બી એ માટે અભ્યાસ કરવાની અનુકુળતા પણ પ્રાપ્ત થઇ

દેવજીભાઇ સાથે મારો પરિચય પણ આ વખતેજ વુદ્ધિ પામ્યો. મે મારા ભત્રિજાને એક વીશી કરી આપી હતી, તેમાં મે શ્રીયુત દેવજીભાઇને જમવા કરવાની અને સુવા બેસવાની સગવડ કરી આપી પરીક્ષાનો સમય જ્યારે નજીક આવ્યો, ત્યારે દેવજીભાઇએ ત્રણ ટયુશનોમાંથી માત્ર એક ટયુશન માસિક રૂા. ૧૦ નુ રાખ્યુ, અને આવી સ્થિતિમા તે ઇ. સ. ૧૮૯૮ ની બે. એ. ની પરીક્ષામાં એક્ષસ્ટુડન્ટ તરીકે બેઠા, અને દૈવની અનુકૂલતાથી તે પરીક્ષામા તે પસાર થયા.

દેવજીભાઇ બી. એ. ની પરીક્ષામા બેઠા, ત્યાસુધી તેમણે પોતાના લગ્ન કર્યા ન હતા. તેમના પિતાશ્રીજી પોતાની હૈયાતી દરમ્યાન તે માટે પ્રબળ ઇચ્છા ધરાવતા, અને એક બે વખતે તેઓએ દેવજીભાઇ માટે કન્યા વેચાતી લેવાની પણ તજવીજ કરી રાખી હતી, પરતુ દેવજીભાઇને તે વાતની ખબર પડતા, તેમણે તેવી રીતનુ સગપણ થવા દીધું નહીં. તેમના પિતાશ્રીના સ્વર્ગવાસ બાદ એક બે ઠેકાણે તેમના સગપણની વાત ઉપડી, પરતુ જયાસુધી પોતે બી. એ. ની પરીક્ષામાં પસાર થાય નહીં, ત્યાસુધી સગપણ ન કરવું, એ વાતનો તેમણે દઢ સંકલ્પ કરેલો હોવાથી, તે વખતે વડીલ વર્ગના અભાવના કારણથી, કેટલેક અંશે તે પોતાના સકલ્પને વળગી શકયા પરંતુ જ્યારથી મારી સાથે તેઓનો પરિચય થયો, ત્યારથી મેં મારા મિત્ર ધારસિંહ હેમરાજને ત્યાં તેમનું સગપણ કરવા તેને આગ્રહ કર્યો. મેંજ મારા મિત્ર ઠ. ધારસિંહ સાથે તેમનો પરિચય કરાવ્યો હતો મે તેમને શ્રીયુત ધારસિંહભાઇનો દઢ સંકલ્પ જણાવ્યો, છતાં તે બાબત તેમણે પોતાની અનિચ્છા પ્રગટ કરી. મેં મારા મિત્ર જોશી તેજપાળ મારફત તેમનાપર દબાણ કરી, છતાં પણ દેવજીભાઇ તો પોતાના સંકલ્પને વળગીજ રહ્યા. આખરે જોશી તેજપાળે દેવજી ભાઇના પરમ મિત્ર

વેદાંત રામદાસ જેઠા મારફત તેમનાપર કબાણુ ચલાવી. વેદાત રામદાસના દેવજીભાઇપર કેટલાક ઉપકાર હોવાથી, તેને તેમનાથી ના કહેવાઇ નહી, એટલે દેવજીભાઇનુ સગપણ સને ૧૮૯૮ અને સવત્ ૧૯૫૪ ની દિવાળીને દિને ઠ ધારસિંહ હેમરાજની દીકરી શામાબાઇ સાથે ગોઠવાયુ.

હવે દેવજીભાઇ કેળવણીમા હજી પણ આગળ વધે એવી કાળજી તેમના શ્વશુર ઠ ધારસિહને પણ થઇ બી. એ. ની પરીક્ષામા તે સફળ થયા, તેથી તેના શ્વસુર ધારસિહભાઇને અતિ આનંદ થયો, અને સોલિસિટરની પરીક્ષા માટેના અભ્યાસ માટે તેને રા. બ. કર્મસિંહ દામજી તરફથી આશ્રય મળે એ હેતુથી ધારસીંહભાઇ અને હુ ભારે પ્રયત્ન કરવા લાગ્યા આ પ્રયત્નમા અમે ઘણે અંશે નિષ્ફળ ગયા. દેવજીભાઇને બી. એ. ની પરીક્ષા પાસ થયે ચાર માસ થયા, તે વખતે શેઠ લખમસી નપુ જે. પી. સાથે અને તેમની મારફત શેઠ દામજી લક્ષ્મીચંદ અરીણવાળા સાથે તેમનો પરિચય થયો, આ શેઠોએ પોતે તે કાર્ય ઉપાડી લીધુ, અને તેમના માટેના તે શેઠોના પરિશ્રમના પરિણામે અને રા. બ શેઠ કર્મસિંહ દામજી, શેઠ નારાણદાસ કાનજી એલચીવાળા, શેઠ દેવજી ઓધવજી, દાનેશ્વરી માતુશ્રી કાનબાઇ વગેરેના આશ્રયથી તે સને ૧૮૯૮ ના જુન માસમાં મેશર્સ તૈયબજી ડાહ્યાભાઇ અને કંપની સોલીસિટરોની ઓફીસમાં આર્ટિકલ ક્લાર્ક થવા પામ્યા. અહીંયા તે બે વર્ષ રહ્યા, તે અરસામા તેમના લગ્ન થયાં, એટલે કાઇક અશે તેમને કરજમા ઉતરવું પડયુ. તેમની સ્થિતિ ગરીબ હતી અને બીજી બાજુ કુટુંબનું પોષણ કરવાની હવે કાળજી વળી, એટલે સ્વાભાવિક રીતે તેમને અભ્યાસ બંધ રાખવો પડયો

આર્ટીકલ્ડ, કલાર્કશિપની ત્રણ વર્ષની મુદ્દત પૂરી થઇ, એટલે તેણે સોલીસીટરોના મેનેજીગ કલાર્ક તરીકે કામ કર્યું. આ પ્રમાણે કામ કરતા પૈસાનો કાઇક બચાવ થતો, એટલે તે ત્રણ ચાર માસ ઘેર બેસી એલ. એલ. બી. ની છેલ્લી પરીક્ષા માટે અભ્યાસ કરતા. એલ. એલ. બી. ની પરીક્ષા માટેની બે વર્ષની ટર્મ તે આર્ટીકલ્ડ કલાર્ક હતા તે વખતે જ પૂરી કરેલી. સને ૧૯૦૩ ની એલએલ. બી. ની છેલ્લી પરીક્ષા માટે તેમણે પહેલો પ્રયત્ન કર્યો. આ પરીક્ષામાં તેમને નિષ્ફળતા મળી, એટલે તેમણે પોતાના શ્વસુર ધારસિંહથી વિરૂદ્ધ થઇ, એલએલ. બી, ની પરીક્ષામા પોતે પસાર ન થાય ત્યાંસુધી નોકરી ન કરવા અને પોતાનો અને પોતાના કુટુંબનો નિભાવ ટ્યુશનો

આપી કરવા દૃઢ નિશ્ચય કર્યો સમયની પણ બલિહારી, કે તેમને ન્યુ-શનો મળ્યા નહી, અને વગર પૈસાએ બે ત્રણ માસ કાઢવા પડયા. દાગીના વેચી નિભાવ કરતા, ચિંતા વધી, અને શરીર અસ્વસ્થ થયું, એટલે તેમના સસરા ઠ ધારસિંહે તેમને અકુટુંબ કચ્છ મોકલી આપ્યા ત્યાંથી એક મહીને તે પાછા મુંબઇ આવ્યા, અને તેમના મિત્ર ઠ. પ્રાગજી ત્રિકમની મદદથી ધી બોમ્બે યુનૈટેડ રાઇસ મર્ચન્ટસ એસોશિએશનમા એસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે માસિક રૂ ૫૦) ને પગારે તેમની ગોઠવણ થઇ. અહી તે કાંઇ બચાવી શક્યા, એટલે વળી નોકરી મૂકી બે થી ત્રણ માસ ઘેર એકાંતમાં બેસી, એલએલ. બી ની છેલ્લી પરીક્ષા માટે અભ્યાસ કરવાનું શરૂ કર્યું. આ વખતે તેમના સદ્‌ભાગ્યે તેણે સને ૧૯૦૫ ની એલ. એલ. બી. ની છેલ્લી પરીક્ષા પસાર કરી, અને કચ્છી લુહાણા જ્ઞાતિમાં પ્રથમ બી. એ. એલ. એલ. બી થવાનું માન મેળવ્યું. સને ૧૯૦૫ ના ફેબ્રુઆરી માસની પાંચ તારીખે કચ્છી લુહાણા મહાજન તરફથી તેમને રાવબહાદુર કમસિંહ દામજી જે. પી ને હાથે દરિયાસ્થાનમાં માનપત્ર મળ્યું, અને રૂ. ૫૦૦) ની રોકડ રકમ બક્ષીસ મળી. આ રકમનો ઉપયોગ તેણે હાઇકોર્ટ વકીલની સનદ મેળવવામાં કર્યો. ત્યાર પછી સને ૧૯૦૫ ના જુન મહીનાની ૧૮ મી તારીખે માજીસ્ટ્રેટ મી૦ કરસનદાસ છબીલદાસના પ્રમુખપણા હેઠળ તેને શ્રી કચ્છી લુહાણા શુભેચ્છક મંડળ તરફથી બીજું માનપત્ર મળ્યુ

એલ. એલ. બી. ની છેલ્લી પરીક્ષા પસાર કર્યા પછી દેવજીભાઇએ આસરે બે વર્ષ સોલિસિટરોના મેનેજીંગ કલાર્ક તરીકે નોકરી ચાલુ રાખી, અને ત્યાર પછી કેટલાક મિત્રોની સલાહથી તેણે મુંબઇ સ્મોલકોઝ કોર્ટ અને પોલીસકોર્ટોમાં પાંચ વર્ષ સુધી વકીલ તરીકે કામ કરવા માંડયું. પાછળ જણાવેલ કારણસર સને ૧૯૧૨ ની જાનેવારીથી નવેંબર માસ સુધી વળી મેશર્સ કેપ્ટન અને વૈદ્યનો મેનેજીંગ કલાર્ક થયા, અને જે કારણસર તેણે તે નોકરી સ્વીકારી હતી, તે કારણ ન રહેતાં સને ૧૯૧૨ ના ડીસેંબરથી તેણે ફરીથી વકીલાતનું કામ ચાલુ રાખ્યુ છે.

શ્રીયુત દેવજીભાઇમાં પ્રમાણિકતા, સત્ય વકતૃત્વ, ઔદાર્ય, જ્ઞાત્યભિમાન નિખાલસપણું વગેરે એવા ગુણો છે, જે ખરેખર અનુસરણીય છે, પરંતુ તે સંબંધી વિશેષ લખવાથી મારા પર તેમના તરફના પક્ષપાતનો ભય રહે છે, એટલે તે સબંધી હું વિસ્તારથી લખતો નથી. પરંતુ એટલું જણાવવાની તો હું

આવશ્યક્તા ધારૂં છુ, કે મને તેમની સાથે ઘણાક પ્રસંગોમાં અને કેટેલાક સાંસારિક તેમજ વ્યવહારિકજ સંજોગોમાં એમના સમાગમમાં આવવુ પડયું છે. અને તે દરેક વખતે મને તો તેઓ એક નિખાલસ અંતઃકરણના અને સરલ વર્તનના જણાયા છે. અદ્યાપિ પર્યન્ત તેમના જીવનમાં એવા ઘણા પ્રસંગો બન્યા છે. કે જેમાં તેમના સદ્‌ગુણો પૂર્ણ પણે પ્રકાશમાં આવ્યા છે, પરંતુ જો તે શ્રીમાન કે શ્રીમાનના "હાજી હા" કરનાર હોત, તો તેમના તે સદ્‌ગુણો સબંધી ઘણું લખાત અને બોલાત. અસ્તુ સમય પોતાનું કામ કર્યે જાય છે, અને મને આશા છે કે એવો પણ સમય આવશે, કે જ્યારે મારા કથનની સત્યતા પોતાની મેળે જણાઇ આવશે, છતાં તેમના જીવનના એક પ્રસંગ સંબંધી મને વિસ્તારથી લખ્યા વગર ચાલતુ નથી.

કચ્છી લુહાણા જ્ઞાતિના એક શ્રીમાન શેઠ પારપ્યા પ્રધાન સને ૧૮૯૫ ના જુલાઇ માસની પાંચમી તારીખે આ અસાર સંસારનો હમેશ માટે ત્યાગ કરી પરલોકવાસી થયા હતા આ શ્રીમાન શેઠે પોતાના મૃત્યુપત્રમાં પોતાના સર્વે કુટુંબીઓને જે મોટી રકમની "બક્ષીસો (legacies,)" અને વર્ષાસનો આપ્યા છે, તેથી તેની કુટુંબ વાત્સલ્યતા, પોતાના પુરોહિત અને તેમના કુટુંબીઓને પણ તેવીજ "લેગેસીએ" અને વર્ષાસનો આપી તેમજ દેવાલયો અને સદાવ્રત માટેની યથાસ્થિત વ્યવસ્થા કરી પોતાની અડગ સ્વધર્મશ્રદ્ધા, અનાથો માટે અને ગરીબ બ્રાહ્મણો અથવા ઉચ્ચ વર્ણના હિંદુઓની કન્યાઓના લગ્નના ખર્ચ માટેની વ્યવસ્થા કરી પોતાની દયાર્દ્રતા, પોતાની સ્વભૂમિ કચ્છ સાભરાઇના મહાજન માટે અને મુંબઇના મહાજન માટે વ્યવસ્થા કરી. કચ્છમાં એક હજાર ચારસો અને ચાલીસ ગામોમાં દરેક જ્ઞાતિ બંધુના ઘર-દીઠ ત્રાંબાના ત્રાંસ અને સાકરની લ્હાણી કરવા સબંધી તેમજ જ્ઞાતિહિત માટે બીજી પ્રશંસનીય વ્યવસ્થા કરી, પોતાની અતુલ્ય જ્ઞાતિ હિતૈષતા વિગેરેનું સ્પષ્ટ ભાન કરાવ્યું હતુ.

શેઠ પારપ્યા પ્રધાનના આવા મૃત્યુપત્રથી પછી કચ્છી લુહાણા જ્ઞાતિ બંધુઓમાંથી કોઇ વિરલોજ અજાણ્યો હતો. તેમના મૃત્યુપત્રમાં દર્શાવેલ પરોપકારી વ્યવસ્થાઓ કેવી રીતે અને કેટલી થતી, તેથી પણ કોઇ કચ્છી લુહાણા બંધુ ભાગ્યેજ અજાણ હતા તેણે સ્વજ્ઞાતિ માટે જે વ્યવસ્થા કરી હતી, તે અમલમાં લેવરાવવા કચ્છી લુહાણા જ્ઞાતિજનો તરફથી જો વેળાસર સાધા-

રણુ પણ પ્રયત્ન કરવામાં આવ્યા હત, તો કચ્છી લુહાણા જ્ઞાતિમાંશેઠ પારપ્યા પ્રધાનની મિલકતમાથી એક પરોપકારી ખાતું ઉભું થયેલું તે જ્ઞાતિ જોઇ શક્ત પરોપકારી શ્રીમાન શેઠ પારપ્યા પ્રધાન લગભગ પચાશ વર્ષપર પરોપકારાર્થ પુરતું દ્રવ્ય મુકી ગયા હતા તે દ્રવ્યને સદુપયોગ કરાવવા માત્ર હિલચાલનીજ આવશ્યક્તા હતી, પરન્તુ કચ્છી લુહાણા જ્ઞાતિબંધુઓમાંથી કોઇએ પણ આ પ્રયત્ન માટે કાંઇ પણ લક્ષ આપ્યું ન હતુ જ્યારે કચ્છી લુહાણા જ્ઞાતિબંધુઓ તરફથી આ પ્રયત્ન માટે કાંઇ પણ લક્ષ અપાયું નહી, ત્યારે સ્વર્ગવાસી શ્રીયુત હરીરામ ભીમજી લાકડાવાળાના પરોપકારી હૃદયમાં ઉત્સાહે વાસ કર્યો. તેને પણ અગ્રેસરોની સહાય્ય અને અનુમતિની જરૂર જણાઇ અને તે માટે તેણે શેઠ પારપ્યાના મૃત્યુપત્ર અને તેનું ગુજરાતી ભાષાન્તર છપાવી, કચ્છી લુહાણા જ્ઞાતિના અગ્રેસરો અને બીજા જ્ઞાતિબંધુઓમાં વિના મૂલ્યે તેનો પ્રસાર કરી જાગૃતિ ઉત્પન્ન કરવા પ્રયત્નો કર્યા.

આ પ્રયત્નો પણ સર્વાંશે નિષ્ફળ નિવડયા, એટલે સ્વર્ગવાસી શેઠ હરીરામ ભીમજી લાકડાવાળાને માત્ર આપ બળ પર આધાર રાખવાનુંજ રહ્યું. શ્રીયુત દેવજી ભાઇને જ્યારથી આ મૃત્યુ પત્ર સબંધી જાણ થઇ, ત્યારથી પોતાના જ્ઞાતિબંધુઓમાં જાગૃતિ પ્રસારવા તે પ્રયત્નશીળ હયા. તેની મારફત તેના શેઠો મેશર્સ રાધવાયા અને ભીમજી સોલીસીટરો તરફથી સ્વર્ગવાસી શેઠ હરીરામ ભીમજીએ મૃત્યુ પત્રના તે વખતના ટ્રસ્ટીઓ સાથે પત્ર વ્યવહાર ચાલુ કર્યો અને તેમાં મરનારના નાણામાથી કચ્છી લુહાણા જ્ઞાતિ માટે શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગ સ્કુલની પદ્ધતિ પર એક બોર્ડિંગ સ્કુલ સ્થાપવા અને ટ્રસ્ટીઓએ રાખેલ હિસાબના ચોપડાઓ તપાસવા માગણી કરી. ટ્રસ્ટીઓને પત્રો પર પત્રો લખ્યા, પણ તેમના તરફથી કાંઇ જવાબ પણ આપવામાં આવ્યો નહીં, તેમજ હિસાબના ચોપડાઓ પણ તપાસવા મળ્યા નહીં.

સને ૧૯૦૭ ના જાનેવારી માસમાં શ્રીયુત દેવજી ભાઇએ વકીલનું કામ સ્વતંત્રપણે ચાલુ કર્યું, એટલે તેણે શરૂઆતમાં સ્વર્ગવાસી શેઠ હરીરામ ભીમજીને નામે મુંબઇના એડવોકેટ જેનરલને એક પત્ર લખ્યો તેમાં તેણે એવી ફરિયાદ કરી કે શેઠ હરીરામ ભીમજી તરફથી શેઠ પારપ્યા પ્રધાનના ટ્રસ્ટીઓને જે પત્રો લખવામાં આવ્યા છે, તેનો તેમના તરફથી જવાબ પણ મળતો નથી, તેમજ હિસાબના ચોપડાઓ તપાસવા પણ તેઓ આપતા

નથી, અને મરનાર શેઠ પારપ્યાએ પોતાના મૃત્યુપત્રમાં જે વ્યવસ્થાઓ કરી છે તે પણ કરતા નથી વિશેષમાં તે પત્રમા એમ જણાવવામા આવ્યુ કે "હરીરામ ભીમજીનો તેમજ પત્ર લખનાર ઠા દેવજી ત્રીકમદાસનો આ કાર્યમાં કાંઇ અંગત લાભ નથી માત્ર તેમની પોતાની જ્ઞાતિના હિતાર્થે આ કાર્ય માથે લેવા તેઓ પ્રેરાયા છે, તેમની ઇચ્છા ટ્રસ્ટીઓ સામે ફરિયાદી માંડવાની છે, પરંતુ આપની રજા વગર અથવા આપ પક્ષકાર થયા વગર આવી ફરિયાદી માંડી શકાય નહી આપના (એડવોકેટ જેનરલના) ખર્ચ માટે આપ કહો તેટલી રકમની અમે જવાબદારી માથે લઇએ આપની ઇચ્છા જણાવો." તા. ૨૩ માર્ચ ૧૯૦૭ ના જવાબમાં એડવોકેટ જેનરલે શ્રીયુત દેવજીભાઇને આ પ્રમાણે જણાવ્યુ —"તમારા તા ૨૨ માર્ચ ૧૯૦૭ ના કાગળના જવાબમા જણાવવાનું કે તમે જેવી રીતે ઇચ્છો છો તેવી રીતે ફરિયાદી કરવા મારી ઇચ્છા નથી, કારણ કે ટ્રસ્ટીઓના હાથમા કેટલું નાણું છે તેની તમને ચોક્કસ ખબર નથી. જો હરીરામ, સોલીસીટર મારફત મારી સલાહ લેશે, તો હું તેને મારે નામે અને મારી સતાથી ટ્રસ્ટીઓને કાગળ લખવા સત્તા આપીશ. પરતુ કોઇ જવાબદાર સોલીસીટર વચ્ચે પડશે નહીં, ત્યાં સુધી હું ફરિયાદી માંડીશ નહી"

આ પ્રત્યુત્તર પછી મિ. વૈદ્ય સોલીસીટર મારફત શેઠ હરીરામ ભીમજી અને શ્રીયુત દેવજીભાઇ એડવોકેટ જેનરલને મળ્યા અને એડવોકેટ જેનરલની સત્તાથી ટ્રસ્ટીઓ સાથે પત્ર વ્યવહાર પાછો ચાલુ કર્યો. હવે ટ્રસ્ટીઓ, પત્રોના જવાબો આપવા લાગ્યા, પરતુ હજી પણ વસ્તુસ્થિતિ એવી હતી કે તેમના પર ફરિયાદી માંડવા વગર છૂટકો ન હતો. એડવોકેટ જેનરલ મિ૦ રેકસની સલાહ લીધી અને તેણે અભિપ્રાય આપ્યો કે ટ્રસ્ટીઓ સાથે સુલેહથી કામ લેવાય તેમ કરવું સુલેહના ફાંફા માર્યા, એડવોકેટ જેનરલ મી૦ સ્કોટની ઓફીસમા બન્ને પક્ષકારોના વકીલોની સભા થઇ, ચર્ચા થઈ અને પરિણામે ટ્રસ્ટીઓએ જણાવ્યુ કે મુબઇમા તેમજ કચ્છમાં લ્હાણીનું કામ મુશ્કેલ છે—વિકટ છે, પરંતુ તે જ્યાં સુધી થાય નહી, ત્યાં સુધી મરનારના મૃત્યુપત્રમાં દર્શાવેલ છેલ્લી ધર્મ વ્યવસ્થાઓ માટે શિલક પુંજી કેટલી રહે છે, તેનો અડસટો કાઢવો મુશ્કેલ છે એડવોકેટ જેનરલે ટ્રસ્ટીઓને ૭ માસની મુદત આપી અને જણાવ્યું "કે એ અરસામા તમોએ કચ્છ અને મુબઇમાં લ્હાણી વેહેંચવાનું કામ પૂરું કરવું." એક અથવા બીજું બાહાનુ કાઢી ટ્રસ્ટીઓએ ૭

માસ કાઢી નાંખ્યા, અને ૭ માસમાં લ્હાણી કરી નહીં, પરિણામ એ આવ્યુ કે હવે ટ્રસ્ટીઓ સામે ફરિયાદી માંડવા માટે તૈયારીઓ કરવી પડી આ અરસામાં પરોપકારી શેઠ હરીરામ ભીમજી સંગ્રહણી રોગથી મૃત્યુવશ થયા હવે આ કાર્ય ઉપાડવાનો બોજો શેઠ હરીરામ ભીમજીના ચીરંજીવી લીલાધર હરીરામ અને તેમના ભત્રીજા ડા૦ શીવદાસ ચાપસિંહ અને શ્રીયુત દેવજીભાઇપર આવી પડયો, અને આખરે તેમણે તે બોજો ઉત્સાહથી ઉપાડી લીધો, અને ટ્રસ્ટીઓ સામે ફરીયાદી મડાઇ.

પરિણામે તા૦ ૧૯ જુલાઇને દીને આ કજીઓ મુંબઇની હાઇકોર્ટના જડજ નામદાર જસ્ટીસ દાવર પાસે સભળાયો હતો, તે વખતે મજકુર નામદાર જડજે બન્ને પક્ષકારોની તકરારો શાંતિથી સાંભળી સમતિથી એવુ હુકમનામુ કરી આપ્યું કે કચ્છમા ૧૪૪૦ ગામોના તેમજ મુંબઇ મધ્યે મરનાર શેઠ પાંચ્યા પ્રધાનના વશિયતનામામાં જે લ્હાણી કરવાનુ જણાવ્યું છે, તે પ્રમાણે લ્હાણી ન કરવી, પરતુ તેને માટે જે નાણું વપરાય તે તેમજ વાલકેશ્વરમા મર્હુમ શેઠનુ જે સદાવ્રત ચાલે છે, તેનો ખર્ચ માસિક રૂ ૧૫૦૦) ને બદલે રૂ. ૫૦૦) રાખવો, અને તેટલો ખર્ચ કરતા બાકી જે નાણું વધે તે લુહાણા અને સારસ્વત જ્ઞાતિના હિતાર્થે કોઇ ઉપયોગી કાર્યમા ખરચવું

સંમતિથી થયેલ આ ચુકાદાની વિગત મુંબઇના જુદા જુદા પ્રસિદ્ધ પેપરોમાં તેમજ "લુહાણા સમાચાર" અને "લુહાણા મિત્ર" માં આવી ગઇ હતી આ ચુકાદાથી મુંબઇની કચ્છી લુહાણા જ્ઞાતિમા તેમજ બીજે ઠેકાણે પણ સારો સંતોષ ફેલાયો હતો, પંતુ પાછળથી કેટલાક લુહાણા જ્ઞાતિબંધુઓએ હાઇકોર્ટને અરજી કરી મજકુર ચુકાદો રદ કરાવી આખો કજીઓ ફરીથી સાંભળવાનો હુકમ મેળવ્યો.

એક બાજુ સમતિથી થયેલ ચુકાદાને રદ કરાવવા કચ્છી લુહાણા જ્ઞાતિમા જબરો કોલાહલ ચાલુ થયો, અને બીજી બાજુ દેવજીભાઇની સ્ત્રી સુવારોગની માંદગીમાં સ્વર્ગવાસ પામ્યાં. કચ્છી લુહાણા જ્ઞાતિના વિઘ્નસંતોષી લોકોએ આ બીનાને દેવજીભાઇને હેઠા પાડવા માટે એક અભિનંદનીય બીના માની અને તેઓના બીજાં લગ્ન ન થવા દેવા તેઓએ મહાભારત પ્રપંચો રચ્યા. દેવજીભાઇના સુદૈવે જ્યારે રા. પ્રેમજી મેઘજીને ત્યાં તેમનું દ્વિતીય લગ્ન થયું, ત્યારે આ વિઘ્ન સંતો.ષીઓએ વિવહમાં વિઘ્ન નાંખ્યા. આટલેથી સંતોષ ન પામતાં,

વિવાહ પછી પણ દેવજીભાઇને અનેક મુશ્કેલીઓમાં સપડાવવા તેઓએ તજવીજ કરી, પરંતુ તેમાં પણ તેમના સુદૈવે તેઓ પરાજય પામ્યા.

તા ૨૩ જાનેવારી ૧૯૧૧ ને દિને ન્યાયમૂર્તિ નામદાર સર દિનશા ધનજીશા દાવરે લ્હાણીઓ ધર્માદા ઠરાવી, અને ટ્રસ્ટીઓને પોતાના વહીવટનો હિસાબ આપવા ફરમાવ્યુ. લુહાણા ક્ષત્રિયોથી ધર્માદા લ્હાણી લેવાય નહીં, એ સંબંધી વર્તમાન પત્રોમાં જબરી ચર્ચા થઇ, છતાં લ્હાણીના પક્ષકારોએ સંમતિથી થયેલા હુકમનામાની રૂએ કચ્છી લુહાણા અને કચ્છી સારસ્વત જ્ઞાતિને મળતા રૂપિયા સાડા ચાર લાખથી વધુ લાભને મુકી **येनकेन प्रकारेन** લ્હાણી કરવા મહાભારત પ્રયત્નો કર્યા. લ્હાણી કરતાં શેઠ પારાયાના ધર્માદા પૈસાનો દુરૂપયોગ ન થાય એ હેતુથી દેવજીભાઇના અને રા લીલાધર હરીરામ અને શિવદાસ ચાંપસિંહ તરફથી કોર્ટને લુહાણા અને સારસ્વત ટ્રસ્ટીઓ નીમવા અરજ કરવામાં આવી તેઓની આ અરજ સ્વીકારાઇ, એટલે ટ્રસ્ટીઓએ પોતાના પક્ષના નવા ટ્રસ્ટીઓ નીમાવવા પૃથ્વી અને આકાશ એક કર્યું. કમિશનર પાસે ટ્રસ્ટીઓ પોતાની યુક્તિમાં ફાવ્યા, એટલે કમિશનરના ચુકાદા પર તેઓ દેવજીભાઈ તથા લીલાધર અને શિવદાસ તરફથી અપીલ થઈ, એટલે ઠ દેવકરણ પારાયા અને જેશી જેઠાભાઇ રાયમલ નવા ટ્રસ્ટીઓ નીમાયા, આટલું થયુ છતા પણ જુના ટ્રસ્ટીઓએ કચ્છની લ્હાણીમા ગેરવાજબી રીતે પૈસા ખરચવા હઠ પકડી, એટલે કોર્ટને દેવજીભાઇ અને બીજાઓ તરફથી વળી બીજી અરજી થઇ આ અરજી પરના ચુકાદામાં નામદાર સર દાવરે જણાવ્યું કે ટ્રસ્ટીઓને લ્હાણીની બાબતમાં તેઓ જે ખર્ચ કરશે, તેનો તેમને રૂપીએ રૂપીઆનો હિસાબ આપવો પડશે.

આ કેસમા તેઓ અને બીજા સોલીસીટરોએ આટલી ખટપટ થઇ, ત્યારે ટ્રસ્ટોએ કચ્છી લુહાણા અને કચ્છી સારસ્વત જ્ઞાતિઓને લ્હાણી આપતાં રૂ ૪૦૦૦૦) ચાલીશ હજારનો ખર્ચ કર્યો, અર્થાત્ રૂપીઆ ચાલીશ હજારમાંથી નોકરોના પગારનો રૂપીઆ તેર હજાર અને બીજા ખર્ચોના રૂપીઆ ત્રણ હજાર બાદ કરતા કચ્છી લુહાણા અને સારસ્વત જ્ઞાતિઓને રૂપીઆ સાડાચાર લાખને બદલે રૂપીઆ છવીશ હજારના ત્રાંબા પિત્તળના વાસણોનો લાભ થયો.

જુના ટ્રસ્ટીઓ રા. રા. નાનુ નારાયણ કોઠારે સોલિસિટર અને રા. ફરદુનજી અરદેશર ખરશેદજી પાસેથી હિસાબ લેતાં જય મળશે, એ વિષે

રા. લીલાધર હરીરામ અને રા. શિવદાસ ચાંપસિંહ શંકાશીલ હોવાથી, તેમની પાસેથી હીસાબ લેવાનો સર્વ બોજો દેવજીભાઇએ ઉપાડી લીધો, અને કમીશનર પાસે જ્યારે જૂના ટ્રસ્ટીઓ પાસેથી હિસાબ લેવાનું કામ થાલુ થયુ, તે વખતે તેઓએ વકીલાતનો ધંધો મૂકી દીધો, અને પોતાના સોલિસિટરોને ત્યા માત્ર તે કામ અને તે ઉપરથી નિકળેલ બીજો કજીઓ એ એ કામની વ્યવસ્થા કરવા માટે મેનેજીંગ કલાર્ક તરીકે નોકરીએ રહ્યા. જુના ટ્રસ્ટીઓ પાસે હિસાબ લેતાં હાઇ કોર્ટના કમીશનરે તેમને સ્વર્ગવાસી શેઠ પારપ્યા પ્રધાનના એસ્ટેટને રૂપીઆ સતાવીશ હજારને આશરેના દેણદાર ઠરાવ્યા. ટ્રસ્ટીઓએ કમિશનરના આ ચુકાદાપર અપીલ કરી, એટલે કેટલાક સંજોગોને વશ થઇ, "તેમની પાસેથી હિસાબ લેતાં થયેલ ખર્ચનો મોટો ભાગ તેઓ તેમને આપે" એ શરતે દેવજીભાઇએ તેમને રૂપીઆ સતાવીશ હજાર મૂકી દીધા. આટલું કામ પત્યું, એટલે શ્રીયુત દેવજીભાઇએ વકીલાતનો ધંધો પાછો ચાલુ કર્યો, જે હજી ચાલુ છે

વાંચનાર, આપને શ્રીયુત દેવજીભાઇનું જીવનવૃત્ત વાંચવાને શ્રમ વેઠવુ પડયું હશે, પરંતુ કાંઇક અંશે તેમાથી મનન કરવાનું એ મળ્યું હશે ગરીબીમા આવા અસાધારણ શ્રમ અને સંજોગની પ્રતિકુળતાઓને ન ગણતાં જે ઉચ્ચ પદ્ધતિ સંપાદન કરી તે ખરેજ પ્રશંસનીય છે અને ખરૂ પુછો તો આવો શ્રમ આવી સ્થિતિમા દુસ્તરજ કહેવાય શ્રીયુત દેવજીભાઇ વકીલ બન્યા પછી તેમનાપરતેમના માટે જ્ઞાતિબંધુઓએ જે ઉપકાર કર્યા હતા તેના બદલે સર્વ કરતાં પ્રથમ કાર્ય તેમણે જ્ઞાતિહિતનું આદર્યું અને પોતાની કેળવણીનું ફળ આપી લુહાણા કોમને મળે તે હેતુથી પોતાની ઉન્નતિને ન ગણકારતાં તેમજ બીજી રીતે સ્વાર્થ ન સાધતા, પોતાની જ્ઞાતિનૂ ભલુ હૃદયમા રાખી તેતાળીશ વર્ષ દટાયલી સ્વજ્ઞાતિની મિલ્કત જાહેરમાં લાવી આપી. પોતાના આત્મભોગે જ્ઞાતિનો જયડંકો વગાડી ધારણામા કાંઇક અંશે યશ સંપાદન કરી ચુકયા. પરંતુ શ્રીયુત દેવજીભાઇના જ્ઞાતિજનના મોટા સમુહને ઉલટે માર્ગે દોરવીન સ્વાર્થિ હિતશત્રુઓ સતા અને યશ કીર્તિ પોતે ખાટી જવાના મિથ્યા ડોળથી, દ્રવ્યના સદ્વ્યયને કારણે વ્યર્થ કરી નાખી, પોતાની જડતા બતાવી, તેજ આપણી અધમતા, પણ તેથી શ્રીયુત દેવજીભાઇના ઇતિહાસમા નોધાઇ ગયેલ નામ ચીરકાલ અમર રહેશે, એમ પ્રતિસ્પરધિઓએ અચુક જાણવું જોઇએ. સત્યનો બેલી પરમેશ્વર છે. છેલ્લે શ્રીયુત દેવજીભાઇના ઉદયને ઇચ્છી આ લેખ હું અહીં સમાપ્ત કરૂં છું.

ગ્રંથકર્ત્તા.

ઉપોદ્ઘાત.

આ માયાવી સંસારમાં સત્ત્વ, રજસ્ અને તમોગુણી માયાએ પોતાની અનેક અદ્ભૂત ઐન્દ્રજાલિક લીલાઓ પ્રસારી દીધી છે. આ લીલાઓ પ્રતિક્ષણે પરિવર્તન પામ્યા કરે છે, અને પોતાની અદ્ભૂતતાથી માનવીઓને મોહપાશમાં સપડાવે છે મનોવૃત્તિઓને અનુકૂળ અનુભવને આનંદ વા સુખ માનતો, અને પ્રતિકૂલ અનુભવથી વિષાદ પામતો માનવી, આ માયાવી સૃષ્ટિમાં સુખની શોધમાં તરેહવાર તરફડિયાં મારે છે, અને ક્ષણે ક્ષણે પરિવર્તન પામતી લીલાઓથી, તેને જોકે કોઈપણ રીતે તૃપ્તિ થતી નથી, છતાં પણ તે પોતાના નિષ્ફળ જતા પ્રયત્નોથી પાછો હઠતો નથી, અને માયાવી સંસારના બંધનમાં, પોતાની અનિચ્છા છતાં કરાળ કાળ તેને સંસારનો ત્યાગ કરાવે છે ત્યાં સુધી, વધુને વધુ બંધાતો જ જાય છે.

શીલગુણ સંપન્ન ચિન્વાંગ નામના ચીન દેશના નૃપતિએ સિંહાસનારૂઢ થતી વખતે એવી આજ્ઞા કરી, કે જે મનુષ્યોને તેની પૂર્વના નૃપતિઓએ, અન્યાયે કારાગ્રહમાં પૂર્યા હોય, તે સર્વેને મુક્ત કરવા. પોતાને આવી રીતે મુક્તિ મળ્યાથી, જે માણસો ચીન નરેશનો ઉપકાર માનવા હાજર થયા, તેમાં એક ભવ્ય દેખાવનો વૃદ્ધ માણસ હતો. તેણે રાજાને પગે પડી, આ પ્રમાણે જણાવ્યું.—"ચીની પ્રજાના મહાન્ પિતા! આ વખતે આ કંગાલ તરફ દૃષ્ટિ કરો! મારી બાવીશ વર્ષની ઉમ્મરે મને કારાગ્રહમાં પૂરવામાં આવ્યો હતો, અને આજે મારી પચ્યાશી વર્ષની ઉમ્મર છે. મારાપર જે અપરાધ મૂકવામાં આવ્યો હતો, તે અપરાધ જેમ મેં કર્યો પણ ન હતો, તેમ, મારાપર તહોમત મૂકનારાઓ પણ "મેં તે અપરાધ કર્યો છે," એવું પૂરવાર પણ ન કરી શકયા; તે છતાં મને કેદ કરવામાં આવ્યો હતો. હવે હું એકાંત અને અંધકારમાં પચાશ કરતાં

વધુ વર્ષ રહ્યો છું, અને તેથી એકાંત અને અંધકાર મારા મિત્રો બન્યાં છે. ખુદાવિંદે મને સૂર્યનાં કિરણોનાં દર્શન કરાવ્યાં છે, પરંતુ તે કિરણોથી હું દાઝી જાઉં છું. આ શહેરના રસ્તાઓમાં હું મારા મિત્રોને અથવા પરિચિત મનુષ્યોને શોધવા બહુ ભટક્યો, પણ મારા મિત્રો સગાં સંબધી સર્વે સ્વર્ગે ગયાં છે, અને સર્વેને મારી વિસ્મૃતિ થઇ ગઇ છે, એટલે મહારાજધિરાજ ચિન્વાંગ ! કૃપા કરી મારૂં બાકીનું આયુષ્ય, મને મારા જૂના કારાગ્રહમાંજ ગાળવા દો ! મારા કારાગ્રહની દિવાલો મને ભવ્ય અને સુંદર મહેલો કરતાં વધુ આનંદ આપે છે; મારૂં જીવન હવે થોડું છે, એટલે આપ ખુદાવિંદે જ્યાંથી મને મુક્ત કર્યો, તેજ મારા સુખકર ગૃહમાં મને પાછો મોકલી આપો.”

આ વૃદ્ધ મનુષ્ય પ્રમાણેજ આપણે સર્વએ આ સંસાર કારાગ્રહમાંજ મોહ કર્યો છે. લાંબા સહવાસથી આપણને સંસારબંધન પણ પ્રિય ભાસે છે, અર્થાત્ બંધનમાંજ આપણે સુખ કલ્પીએ છીએ-આપણને બંધનમાં સુખભાસ થાય છે-સુખનો ભ્રમ થાય છે. માયા સહસ્રશઃ લીલાઓ કરે છે, અને તેટલાજ પ્રમાણમાં સંસારમાં સુખાભાસ પણ વિધવિધ છે. માયાના રાજસી અને તામસી અંશની લીલાઓમાં સુખ શોધનારાઓ વિવિધ ખટપટો, પ્રપંચ, અસત્ય, છલ, કપટ. વ્યભિચાર, ચોરી, ખૂન, લૂટફાટ, વગેરેમાં અને માયાના સાત્વિક અંશની લીલાઓમાં સુખ શોધનારાઓ જપ, તપ, હોમ, સધ્યા. ધ્યાન, સમાધિ, પરોપકારવૃત્તિ, સત્યપરાયણતા, વગેરેમાં સુખ કલ્પે છે.

આ પ્રકારના વિધવિધ સુખાભાસ, સામાન્ય બુદ્ધિવાળા જનસમૂહને સ્પષ્ટતાથી સમજાવવાનો આ પ્રયાસ છે.

માયા નટીએ પોતાની લીલા કરવા માટે-જગત્‌ના માનવીઓને લીલાઓનું દૃશ્ય દેખાડવા માટે, સંસારને જ રંગભૂમિ બનાવી છે. આ લીલાઓમાં મોહ પામતા માનવીઓ પણ સંસારી જનો જ છે, એટલે “ વિધવિધ સુખાભાસના ” વિવરણ માટે સંસારી જનોનાંજ વિધવિધ ચરિત્રો જ ઉપયોગમાં લાવી શકાય. વિવરણ સ્પષ્ટ

અને સરલ કરવા માટે, જેમ વ્યાખ્યાન પદ્ધતિની આવશ્યક્તા છે, તેવીજ રીતે સંસારી જનોનાં ચરિત્રોનાં દૃષ્ટાંતો આપવાની પણ તેટલી જ આવશ્યક્તા છે. લેખકે આ બન્ને આવશ્યક્તાઓ પ્રશ્નોતર વા શંકા સામાધાન અને રસમય વાર્તાની સંયુક્ત યોજનાથી પૂરી પાડી છે

લેખક મારા પુરોહિત છે. તેમના મારા પર કેટલાક ઉપકારો પણ છે. હું તેમના તરફ પિતા તુલ્ય બુદ્ધિ ધરાવું છું તેમની અદ્દભૂત વસ્તુ સંકલના, મેં તેમને મુખે સાંભળેલી હતી, અને હસ્ત લિખિત પ્રતનો થોડોક ભાગ મારા વાંચવામાં પણ આવ્યો હતો. મને સંકલના અદ્દભૂત અને બોધક જણાઇ, એટલે તે પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવા મારા તરફથી લેખકને વારંવાર આગ્રહ કરવામાં પણ આવ્યો હતો. લેખમાં ભાષા શુદ્ધિ કરવા માટે તેમણે મારી સહાય માગી, અને મેં યથાશક્તિ સહાયતા આપવા તત્પરતા પણ જણાવી, એટલે મારા વચન પર વિશ્વાસ રાખી, તેમણે થોડા વખતની મારી મુંબઇથી ગેરહાજરી દરમ્યાન, પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે ગોઠવણ કરી દીધી.

આ ગ્રંથની તમામ વસ્તુ સંકલના લેખકની છે. મેં કોઇક ભાગમાં સાધારણ સુધારો વધારો કે ઘટાડો કર્યો છે, પરતુ વિશેષત: મેં મારી યથાશકિત ભાષાશુદ્ધિપર જ લક્ષ આપ્યું છે ભાષા શુદ્ધિપર સારૂં લક્ષ આપ્યા છતાં, પ્રૂફ સુધારવામાં કોઇક ઠેકાણે ઉપેક્ષા થઈ હોય, તો તે માટે વાંચકવૃંદની હું ક્ષમા યાચું છું, અને હંસક્ષીર ન્યાયે સારનુ ગ્રહણ કરી અસારનો ત્યાગ કરવા તેમને પ્રાર્થના કરૂં છું. ઇત્યલ્લમ્

મુંબઇ, ભંડારી સ્ટ્રીટ
પોષ સુદિ પ્રતિપદા
ને વાર રવિ તા ૨૮
ડીસેંબર ૧૯૧૩

દેવજી ત્રિકમદાસ ઠક્કર.


બી. એ. એલ્લ એલ. બી,

અનુક્રમણિકા.

વિવિધ સુઆમાસં

ગ્રંથકર્ત્તા

રત્નસિંહ ગોવિંદજી ધરાદેવ.



विविध सुखाभास

પુષ્પાંજલિ

વસંત તિલકા

આસ્તિકને મન ગમે સુખ એક કાર્યે
નાસ્તિકને સુખ થતું કદી અન્ય કાર્યે.
જેના અભાવ જનને થકી દુઃખ લે છે.
જાણો જુગાર જગમાં વિધિ એ રમે છે. ॥ ૧ ॥

જાણું ઉરે નહીં બહુ કહીં છેજ નવા,
માગ્યા બધા મળી રહે નિશદિન આવા.
મોટા પરાક્રમી થવા જનકો મથે છે,
જાણો જુગાર જગમાં વિધિ એ રમે છે, ॥ ૨ ॥

તૃષ્ણા ભર્યા ભવ વિષે અતિ કષ્ટ પામે
એવા ઘણા ટળવળી તપથી વિરામે.
આનંદ અંત અને શોક પુરું કરે છે
જાણો જુગાર જગમાં વિધિ એ રમે છે ॥ ૩ ॥

હાથે નિરંતર વિધિ ઘટમાળ રાખી,
જાપી રહે નિજ ગતિ સુખ દુઃખ ભાખી,
એ જાપમાં ક્રમવિના મણિકા ફરે છે,
જાણો જુગાર જગમાં વિધિ એ રમે છે ॥ ૪ ॥

વિવિધ સુખાભાસ

પ્રથમાભાસ.

પ્રકરણ ૧ લું.

કાંચનપુરનું ઉપવન

દોહા

વિચિત્ર ઘટના વિશ્વની, વિવિધ ભ્રાંતિ છે ભાસ,
ઇચ્છિત જે સુખ માની મન, કરે વિવિધ વિલાસ;
સુખ કલ્પિત જગ દૃશ્યના ક્ષણિક જોઈ આભાસ,
શિદ મોહ્યા મતવાદી થઇ, ચિદાનંદમાં આશ

ભારત વર્ષની દક્ષિણ દિશા ભણી કાંચનપુર નામે અતિ વિસ્તીર્ણ અને અદ્વિતીય પુરી આવેલી છે. તેની રમણીયતા અવર્ણનીય કહેવાય છે. તેનું વર્ણન કોઇ સમર્થ કવિની કલ્પનામાંજ સમાઇશકે એટલું વિશાળ છે તે પુરીની ઉત્તરે સ્વર્ગ વાટિકાનું ભાન કરાવે એવી અતિરમ્ય વાટિકા, કર્તાની કાર્યકળાનું અપૂર્વ ઐશ્વર્ય બતાવતી, એ ભૂમિ પ્રદેશમાં અન્ય કોઇ સ્થાનને પોતાના સમાન જાણતી, ગર્વથી પ્રફુલ્લિત થતી હોય, તેમ માયાના મુખ્ય અધિષ્ઠાન રૂપ સુગંધને ફેલાવતી મનુષ્ય—પ્રાણીઓને અનેકાનુભવ કરાવતી હતી. અનેક પ્રકારનાં પુષ્પ અને ફળથી પુષ્ટ

થયેલી એ ઇન્દ્ર વાટિકા, અલૌકિક કૃતિની અવધિ–સીમાજ હતી! ષડ્ઋતુમાં વસંતનું આ એક મુખ્ય પાયતખ્તનું સ્થળ હતું. ચિત્તાકર્ષક પ્રપુલ્લિત પુષ્પોની સુગંધલાલસામાં અસંખ્ય મધુકરો ગુંજારવ કરી રહ્યા હતા, અને મુગ્ધાથી મોહ પાસમાં સપડાતા હતા વૃક્ષની ડાળીઓ અને વડની શાખાઓમાં ઝુલતી કોકિલાઓ પોતાના સ્વરની બીજા પક્ષીઓથી થતી ઇર્ષાનો અસ્વિકાર કરી પોતાના સ્વરની મધુરતા, આ મનોહર લાગતી રમણીયતામાં ભેળવી દઈ, કાર્ય નિમગ્ન થઇ દેખાતી હતી. જુના વખતથીજ વચમા થોડો રાજ્ય તરફનો પશુ સંગ્રહ આ બાગમાં હતો, જેમાં રીંછ, વ્યાઘ્ર, વરાહ, વાનરાદિ, સ્વાતંત્ર્યસ્પ્રાહક પશુઓ જાણે આ ઉત્તમ સ્થાનમાં પૂરાઇ રહેવામાં પણ ઉત્તમતા માની લીધી હોય, તેમ પાંજરામાંના સહગામીઓ સાથે યથેચ્છ ચેષ્ટા કરી રહ્યા હતા કાંચનપુરમાં વસતો જનસમૂહ વિવિધતામાં અહિં પ્રદર્શિત થતો હતો. સાંસારિક વ્યવહારોપાધિથી શ્રમિત થયેલાંઓ આ ઉપવનનાં ઉપયોગથી શાંત થવા પ્રયત્ન કરતાં હતાં. મહર્ષિઓ અને દિવ્ય જ્યોતિર્મયી સતીઓના જાન્હવી તુલ્ય દર્શન પણ કોઇ કોઈ વાર થતાં હતાં કુટિલ અને દુષ્ટાચારી મનુષ્યના તેમજ પશુઓ અને વિષિયાંધ દુષ્ટ કામિનીઓના સાંકેતિક મેળાઓ પણ આ વિચિત્ર વાટિકામાં થતા હતા. એકાકી દંપતી, વિદ્યાર્થી, સ્વાર્થી, વિદ્વાન, મૂર્ખ, આદિ ઘણા પ્રકારના મનુષ્યો, નાના પ્રકારના વિવિધ વસ્ત્રધારીઓ, ઇચ્છિત માર્ગે ફરતાં કે બેસવા તત્પર થતાં નજરે પડતાં હતાં બાગની વચ્ચે લીલા ઘાસથી સુશોભિત છુટી જમીનપર અને તેના મધ્ય ભાગમાં એક ફુવારાની આસપાસ ચોમેર બાંક ગોઠવેલા હતા અહિંઆં એક બાંકને છેડે એક મધ્ય બાંધાનો, ગૌર વર્ણનો, સુશોભિત નેત્રવાળો અને કપાળે ત્રિપુંડ્ના ચિન્હથી પોતાની જ્ઞાતિને ઓળખાવતો એક તરૂણ વયનો બ્રાહ્મણ, ખિન્ન હૃદયથી સ્થિર દ્રષ્ટિ રાખી, ઉદાસીમાં યુવાવસ્થાના અપકવ વિચારોની ગણત્રી કરતો હોય તેમ, અદ્રશ્ય સુખ દુ:ખાદિની પુરાણ પોથીનાં પાનાં ફેરવતો હોય, તેમ મન સાથે બબડતો ઉંડા વિચારોની ગુહામાં ઉતરી પડતો હોય, તેવી રીતે બાંકના હાથા પર જાણે મિત્રભાવથી આશ્રય શોધતો હોય તેમ, તે પ્રતિમાના જેવો સ્થિર બેઠો હતો. પોતાની હીલચાલ છુપાવતો હતો

તે ઉપરથી જાણે તે કોઇના ગુન્હામાં હોય એવો ભાસ તેની વિહ્વળ થયેલી મુખાકૃતિથી થતો હતો. તે એકી ટસ્સે નીચી દૃષ્ટિએ પણ બાગમાં આવવાના માર્ગ તરફજ જોઇ રહયો હતો, એટલામાં તેના જે મિત્રોની રાહ તેની દ્રષ્ટી જોતી હતી, તે ઉતાવળા ઉતાવળા આવ્યા અને બાંક પર તેની પાસે બેઠા. આપણા તરૂણ બ્રાહ્મણે વિવેકથી તેમને પ્રશ્ન કર્યો, કેમ ભાઇઓ, આટલો વિલંબ થયો? મેં આજે તમારી ઘણીવાર રાહ જોઇ છે

અમિતચંદ્ર—' આજના વિલંબનુ કારણભૂત સર્વ કરતાં હુંજ છું હું વ્યવહારિક ઉપાધિથી દુઃખી થઇ ગયો છું. કોણ જાણે જગત્‌માં કયાં સુખ હશે? શુ, સર્વ જન મ્હારી પેઠે દુઃખીજ હશે? આ પ્રશ્ને મારી મતિને મુંઝવણમાં નાંખી છે ' શું કહુ મહારાજ?"

મહારાજે તેના મનનુ સમાધાન કરતાં કહ્યુ, "ભાઇ અમિતચંદ્ર, આ સંસાર સમુદ્રના તરંગોથી દેખાતા ખડકો જેવા આ ભવાટવીના રમણીય વિશ્રાતિભુવનો વગેરે નાના પ્રકારના પ્રત્યક્ષ દેખાતા વૈભવોને જનસમૂહ લભ્ય અને નિત્ય માની તે મેળવવા ભ્રમથી પ્રયત્નમાં ગ્ચ્યો મચ્યો રહે છે. સુખ મેળવવા ગોથા ખાતો માનવી કયે માર્ગે દોરાશે તે જાણવુ એ અદ્રષ્ય પડદાની અદર નૃત્ય કરતી પુતળીથી રંજન થવા જેવું છે, અર્થાત્ સ્વપ્નાવસ્થામાં રાજ્યની સપ્રાપ્તિનું ભાન જાગ્રત અવસ્થામાં કેવું હર્ષપ્રદ નિવડે? એમ મિથ્યા જાણી. મહર્ષિ બુધ જનો સુખ, દુઃખ, સામાન્ય અને સમાન ગણી પોતે તેવા સુખો કિંવા દુઃખોથી વ્યતિરિક્ત રહી દૂરથી જોયા જેવુ કરી રહ્યા છે. ' ભાઇઓ, આપણે જો એક ધર્મસભાનું સ્થાપન કરી તેમાં આવા ધાર્મિક વિષયોની ચર્ચા કરીએ તો દરેક ભાઇના મનની શકાઓનું સમાધાન થઇ શકે એમ છે.

માયાશ્વર—પ્રથમ ધર્મસભાના નિયમો ગોઠવવાની જરૂર છે. નિયમોનો નિશ્ચય થયા બાદ વિવેચન થઇ શકે.

મહારાજ—એમાં નિયમો શુ નક્કી કરવા છે. આપણે અહીં નિત્ય ભેળા મળી ધર્મચર્ચા કરશું. ઠીક કે નહિં?

કર્મચંદ—ભાઈઓ, માયાધર, કાલવાદિ, તર્કદૃષ્ટિ ! આપ સર્વે ભાઈઓના મનમાં જે શંકાઓ હોય તે આ મહારાજ સમક્ષ રજુ કરશો. તો મહારાજ નિશ્ચય પૂર્વક આપણી શકાઓનુ સમાધાન કરશે

કાલવાદિ --આપણા સર્વના ગુરૂ રૂપ આ વેદમૂર્તિ બ્રહ્મદેવ, ભૂદેવ બેઠા છે તે આપણને શ્રવણામૃતનુ પાન કરાવશે. ખોટાં કૃત્યો અને ખોટી નિંદા કરવા કરતાં સદુપદેશ શ્રવણ કર્યાથી બુદ્ધિ ખીલશે ને મન શાંત થઇ ઉલટે માર્ગે ન જાય આ જગત્મા શુ છે, ને શું નથી, તેની માહિતી થયા પછી આપણને એક વક્તા થઇ જવા જેવો લાભ મળે એ સંભવ છે. ઇશ્વર કૃપાથી આપણને આપણીજ વયના ગુરૂ મહારાજ સર્વગુણસપન્ન મળ્યા છે, એટલે હવે શંકાનુ સમાધાન બહુજ આનદથી થશે, મ્હારાજ અમો અજ્ઞાન, કદાચિત્ આડા અવળા તર્કોથી આપને પ્રશ્ન કરીએ તો અમારી અવગણુના દૂર કરી ક્ષમા કરશો, અને શાન્તચિત્ત અમારૂ સમાધાન કરવા કૃપાવાન્ થશો, એવી અમને આશા છે.

અમિતચંદ --મ્હારાજ ! આપે વેદ પુરાણ. અને ધર્મ શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે, જેથી જગતમાં આપથી અજાણ્યું કંઇપણ નહિ હોય, તો આપ પ્રથમ મારી શકાનુ સમાધાન કરશો

મહારાજ ! જગત્માં સુખી કોણ હશે ? તેવું સુખ કયાં હશે ! સુખ એટલે શું ? સુખ શબ્દનો અર્થ શો ?

તરૂણ —આ જગત્ કેમ થયુ ? અને તેના કર્તા કોણ ? આ મોહક જગત્ રચનાર કોણ ? તેમજ આવા વિલાસી સુખદ લાગતા સ્થાનોની યોજનાનો હેતુ શો ? જેને આપણે જગત્ કર્તા કહીએ છીએ તે કોણ ? અને કયાં તે વસતા હશે ? નિરંજન, નિરાકાર, નિર્ગુણ, અક્ષરાતીન, બ્રહ્મ આ જગત્ના કર્તા છે, કે મહાન્ ઉપાધિસ્થ રામકૃષ્ણાદિ અવતાર ધારી, જેને ઈશ્વર કહેવામાં આવે છે, તે આ જગત્ના કર્તા છે ? કિંવા, જનસમૂહ પોત પોતાના ધર્મમાં જણાવેલા ઇશ્વરને કર્તા માને છે, તે છે ? તે એકજ છે કે અનેક ? વળી જો ઇશ્વરકૃત જગત્ અને સુખદુ:ખાદિ

ભોગોપભોગ મિથ્યા હોય તો, જેના આપણે કર્તા કહેતા હોઇએ તે જગત્ પણ મિથ્યાજ કે કેમ? ભ્રમિત થયેલા મનથી જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરવાવાળો એવો કોણ? નિયમસર અથવા અનિયમિત ગતિને આપનાર કોણ? વિગેરે વિચારોનું રહસ્ય જાણવું અને અનુમાન કે પ્રત્યક્ષ પ્રમાણથી બુદ્ધિમાં ઘટાવી દેવું, એ મહાન્ સામર્થ્યની અપેક્ષા રાખે છે, અને સંસારી માનુષી દેહમાં તો તે અશકયજ ભાસે છે મહાત્માઓ, આ જગત્‌ની રચના ઇશ્વર કૃત છે કે કોઇ મહાપૂરૂષ પુરૂષોત્તમની અપેક્ષાથી રચના થઈ એ શોધવામાં ઇચ્છિત્ બુદ્ધિબળથી મચ્યા રહે છે. જો જગત્ ઈશ્વરકૃત છે, તો તેને આમ સ્થિર અને અસ્થિર ગતિમાં શા માટે ફેરવે છે? જગત્ જો ઇશ્વરાધીન હોય, તો સુખદુખની વક્ર ગતિ જોતાં ઇશ્વર ન્યાયી કહેવાય નહિ માત્ર અન્યાયથી આ પ્રપંચ ઉભો કરવામાં આવ્યો છે. એમ કહેવું પડે જગત્‌ના સુખોની ઉત્પત્તિ જીવોને આનદ આપે છે, અને દુઃખો ઉત્પન્ન થઇને જીવોને સંતાપ આપે છે તેમાં ન્યાય મનાયકે? ઇશ્વર ભલે કર્તા હોય, તો પણ ઇશ્વરનુ અન્યાયીપણુ ઓછું દેખાતુ નથી, કારણ કે ઇશ્વરે સુખ રચ્યું, તો દુખ કોના વડે ઉત્પન્ન થયુ? નહીં સુખનો દેવા વાલો ન્યાયી, અને નહીં દુખનો આપવા વાળો અન્યાયી! કોઇ કહેશે કે અપરાધી જીવોને સજા કરવા શિવાય ઇશ્વર કશુએ પોતાને માટે કરતો નથી, પણ તે પ્રત્યુતર વિચાર દૃષ્ટિએ ઘટતો નથી. ઇશ્વરને સજ્જા કરવાની ગરજ શુ? તેવા પરિશ્રમમાં ઉતરવા ફરજ કોણે પાડી? અર્થાત્ ઇશ્વરને પોતાને નાના પ્રકારની આવી ઘેલછા લાગીહે કે? આવો આ પ્રપચ ઉભો કરી તેમાં નાના પ્રકારના જીવોના સમૂહમાં એકને સુખ અને બીજાને દુઃખ આપી રાચતો હશે? આવી રીતે તો ઇશ્વર ન્યાયી અને જગત્ કર્તાની પદ્વિને લાયકનોજ ન ઠરે! મહાન્ અનર્થના કરવાવાળાઓ સુખી થાય અને પરમ તપસ્વી મહાપુરૂષો દુઃખી બને, આવો ક્રમ જો ઇશ્વરથી રચાયલો હોય તો તે ન્યાયી શી રીતે ઠરી શકે? આવા પ્રશ્નોત્તરો આગળ ઉપર મૂકી, જગત્‌માં આપણને સુખ દુઃખાદિ કયા પ્રકારે ભાસે છે? અસંભાવના કિંવા વિપરીત ભાવનાએ તેઓ ભાસ્યમાન થતા હોય તો તે ઇશ્વરથી થાય છે, કે ઇશ્વરની ઇચ્છા રૂપ માયા તેમ

કરે છે, વિગેરે શંકાઓપર હાલ આપણે ચર્ચા ચલાવીશું.

॥ अजोऽपिसन्न व्ययात्मा, भूतानामीश्वरोऽपिसन् ॥
॥ प्रकृतिंस्वामधिष्ठाय, संभवाम्यात्ममायया ॥ १ ॥

गीता अ० ४ श्लो० ६

ભાવાર્થ —"હું સર્વજ્ઞ અજન્મા છું, તોપણ ભૂતાદિ (બ્રહ્માદિ) જીવોના ઇશ્વર, કર્માધીન ન રહેતાં, હું પોતે મારી શુદ્ધ સાત્વિક માયા આશ્રયમાં લઇને અવતાર ધારણ કરૂં છું."

માયા અનાદિથી સર્વ સૃષ્ટિને સ્વાધીન બનાવવાનું પોતાનું કર્તવ્ય જાણી, તેમ કરી જાય છે. આવી રીતે સર્વ શક્તિમાન્, સર્વજ્ઞ, સર્વવ્યાપક, સૃષ્ટિકર્તાના બિંબ પ્રતિબિંબ રૂપ આભાસ રૂપ માયાના આવરણથી આચ્છાદિત જગત્, અનાદિથી પોતાની ગતિમાં અકુંઠિત ગતિમાન છે. સૃષ્ટિ ક્રમમાં મુખ્ય ભાગ માયા (અજ્ઞાન) નો છે. અલંકારીક ભાષામાં માયા સ્ત્રીલિંગ હોવાથી સ્ત્રીની ઉપમા આપી, શક્તિ દેવીનું નામ રૂપ કલ્પાયું છે. તેમાં માયાને ચૈતન્ય અને જગત્‌ને જડ રૂપ માનેલું છે માયાના પ્રાબલ્ય વિષે "अघटित घटना पटीयसी माया" એ વચન મહર્ષિઓએ કહ્યું છે. ન ઘટી શકે એવી ઘટના માયા ઘટાવી આપે, એટલે સૃષ્ટિક્રમમાં માયાનું પ્રાબલ્ય જગત્ કર્તા ઇશ્વરથી અધીક કહ્યું છે:—

अजामेकांरोहित शुक्लकृष्णांबव्हीः प्रजासृज्यमानां स्वरूपाः
अजोऽप्येको जुह्वषमाणोऽनुशेत्येनां भुक्तभोगामजोऽन्यः ॥

"પ્રકૃતિ, જીવ અને પરમાત્મા, એ ત્રણે "અજ" એટલે જેનો "જન્મ કદિ નથી" અથવા જેઓ કદી જન્મ લેતા નથી. અર્થાત્ એ ત્રણે જગતના કારણ છે, પરંતુ એમનું કોઇ કારણ નથી. અનાદિ જીવ, અનાદિ પ્રકૃતિનો ભોગ થતો ફસાય છે, અને તેમાં પરમાત્મા ફસાતો નથી, તેમ તે ભોગ પણ કરતો નથી. વળી:—

सत्व रजस्तमसां साम्यावस्था प्रकृतिः ।
प्रकृतेर्महान्महतोऽहकारोऽहंकारत्
पंचतन्मात्राण्युभयमिन्द्रियं पंचतन्मात्रेभ्यः
स्थूलभूतानि पुरूष इतिपंचविंशति गणाः ॥

सांख्यसू.

"શુદ્ધ, મધ્યમ, અને જડ, એ ત્રણે વસ્તુનું નામ પ્રકૃતિ (માયા) છે, એવી જાતે મહતત્વ, બુદ્ધિ, અહંકાર, તન્માત્રા, સૂક્ષ્મ ભૂત, દશ ઇન્દ્રિઓ, તથા અગીઆરમુ મન, આ પાચ તન્માત્રાઓથી પૃથ્વિ આદિ પાંચ સ્થૂલ ભૂત, એ ચોવીસ અને પચીશમો પુરૂષ અર્થાત્ જીવ અને પરમેશ્વર છે

એમાંથી પ્રકૃતિ અવિકારિણી અને મહતત્વ અહંકાર તથા પાંચ સુક્ષ્મભૂત અને એ પ્રકૃતિનુ કાર્ય છે. ઇન્દ્રિઓ મન સ્થૂલ ભૂતોનું કારણ છે. પુરૂષ પ્રકૃતિનું નથી કોઈની પ્રકૃતિ અથવા ઉપાદાન કારણ અને નથી કોઇનું કાર્ય. અનાદિથી કર્મજન્ય સુખ દુઃખનાં ભોક્તા જીવ માટેના ભોગ અને તેનાં સાધનો ઉત્પન્ન કરવા-રચવાને માયા પ્રેરિત છે. તેમ સૃષ્ટિ રચના સબંધી કાર્યોની સત્તા માયાને આધીન હોવાથી, માયા ઇચ્છિત કાર્યો કરી, જીવોમાં નાના પ્રકારની ઇચ્છાઓ ઉત્પન્ન કરી, લોભમાં નાંખી, ભમાવ્યા કરે છે ઇશ્વરના વૈરાટ સ્વરૂપ અને તેમાં કલ્પેલા ચૌદ લોકના જીવો, પશુ, પક્ષી, તિર્યક્ દેવ, મનુષ્ય આદિ નાના પ્રકારના જીવ, મનોરથોમાં મોહબદ્ધ થઈ જન્મ મરણની સંસૃતિની શ્રેણીપર ચડ ઉતર કર્યા કરે છે. વિશ્વવ્યાપક માયા, દેહધારીને નટની માફક નૃત્ય કરાવે છે. અને પોતે પણ નટો નાટ્યધરોયથા '—નટની પેઠે નૃત્ય કરી રહી છે. માયા શું કરે છેઃ—

—ગીતિ.—

ભૂમંડલમાં ફરતી, અવનવોં સૃષ્ટિ રચી સત્વ ભારી,
વિચિત્ર કૃતિ કરનારી, નટ રૂપ નાટકથી રહી ન્યારી.

વળી માયા એ અવતાર ધારી (ઇશ્વરના અંશભૂત) બ્રહ્મા, વિષ્ણુ, અને શિવને પણ ઉત્પત્તિ, અને સ્થિતિ, અને લયમાં મોટી મદદ કરે છે, અર્થાત્ તેનીજ સત્તા અને શ્રમથી, જગત્ યંત્ર ચાલે છે એમ કહીએ તો ચાલે. શિવ, બ્રહ્મા, વિષ્ણુ આદિથી વિના શક્તિ કશું નિપજી શકવું અશક્ય છે, તેના વિના બ્રહ્મા ઉત્પત્તિ કરી શકે નહિ, અને સૂર્ય ઉદયાસ્તની ગતિને પામે નહિં. આપણે સામાન્ય રીતે વિચારીએ તો સ્પષ્ટ જણાશે, કે વિના શક્તિ સૃષ્ટિ ક્રમજ ચાલી શકે નહિ એજ માયાના આવરણમા મોહિત થઇ, પ્રત્યેક ચૈતન્ય સ્વરૂપ (જીવાદિ) સુખની ઇચ્છા અને દુઃખની નિવૃત્તિ ઇચ્છે છે સુખ દુઃખ-ઇચ્છા કે અનિચ્છાર્થી થાય એ માયાને સ્વાધીન છે માયા કાંઇ દરેક જીવને પ્રેરિત કરવા કાળજી રાખેછે એમ નથી પરંતુ તેના પ્રભાવ અને સત્તા એવાં પ્રબળ અને અકથનીય છે કે જીવો પોતેજ લોભાઇને તૃષ્ણાથી તેમાં લુબ્ધ થાય છે એ તૃષ્ણા મહા બળવાન હોઇ જીવોને ભમાવી અજ્ઞાનાધકારમાં ઘસડી જાય છે. સુખ થાઓ, દુઃખ જાઓ, એવા સકલ્પ વિકલ્પ કરાવેછે. સુખ શબ્દનો સામાન્ય અર્થ "હર્ષ અને આનંદ' એવો છે અને દુઃખ શબ્દનો અર્થ "કલેશ, સંતાપ," એવો થાય છે કલેશ અને સતાપની કોઇ પણ ઇચ્છા કરતું નથી. માત્ર આનદની અભિલાષા સ્ફુર્યા કરે છે અને એજ તૃષ્ણામાં જીવ મચ્યો રહે છે ભર્તૃહરિ કહે છે કેઃ—

भोगा न भुक्ता वयमेव भुक्तास्तपो न तप्तं वयमेव तप्ताः
कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥

ભાવાર્થ—મેં ભોગો ભોગવ્યા નથી પણ ભોગોએ મને ભોગવ્યો છે. હું તપ તાપ્યો નથી પણ હુંજ તપી રહ્યોછું કાળ જતો નથી, પણ હુંજ જાઉંછુ તેમ તૃષ્ણા કાંઇ જીર્ણ થતી નથી. પણ હુંજ જીર્ણ થાઉંછુ.

માયાના મોહમાં તૃષ્ણા મનુષ્યને અતિ રીબાવે છે. શી એ માયાની ઘટના, કે પ્રાણીઓને સુખના હેતુને લઇને ભવાટવીમા ભ્રમણ કરે છે, આશ્ચર્ય છે કે પ્રાણી માત્રને સુખનીજ ઇચ્છા

થાય છે. સુખ દુઃખનો યુગ્મ છે, અને સુખનો સંયોગી દુખ છે. દુઃખને તો કોઇ સ્વપ્નામાં પણ યાદ કરતુ નથી સમયને આધીન થઈ દુઃખ પોતાના ક્રમને ભૂલી જઇ, નહીં આવે એમ થતુ નથી. સુખ દુઃખનો ક્રમ એવો છે, કે તે એક બીજાની પાછળ થોડા કિવા વધુ કાળને અંતરે પણ આવ્યાંજ કરે છે

सुखस्यानंतरंदुःखं दुःखस्यानंतरं सुखम् ।
द्वयमेव हि जंतूनामलंध्यं दिनरात्रिवत् ॥

म० ६ ॥ १३ ॥

સોરઠો

સુખની પછી દુખ જાણુ, દુખ અનંતર સુખ વળી;
એ બે અલંઘ્યમાન, જંતુને દિન રાત્રિ સમ.

જંતુ માત્રને દિવસ અને રાત્રિના ક્રમની પેઠે સુખ અને દુખ એ બન્ને આવ્યાજ કરે છે તેથી સુખ અને દુઃખમાં સમાનતા ધારવી, એ મ્હાન્ સામર્થ્યનુ કામ છે સુખ દુખના યુગ્મ પ્રમાણે બીજાં પણ યુગ્મો છે, જેવાં કે ચડતી, પડતી, ઉદય, અસ્ત; હિત, અહિત; જ્ઞાન, અજ્ઞાન; ભાવ, અભાવ; શુભ, અશુભ; શાન્તિ, અશાન્તિ; પુણ્ય, પાપ; કલ્યાણ, અકલ્યાણ; લક્ષ્મિ, અલક્ષ્મિ; સંતોષ અસંતોષ; રાત્રિ, દિવસ; સ્ત્રી, પુરૂષ; બે હાથ, બે પગ; બે નેત્ર, પક્ષીની બે પાંખ; આવી રીતે અનેક છે. પરંતુ તેમાં સમાન ભાવના કોઇ વિરલોજ મનુષ્ય ધારી શકે છે બે પાંખ શિવાય, પક્ષીનું ઉડવું, બે પગ વિના મનુષ્યનું ચાલવું, અને સ્ત્રી પુરૂષનાં યુગ્મ શિવાય સૃષ્ટિ વ્યવહાર જેમ અશક્ય ભાસે છે, તેવીજ રીતે સુખ દુઃખ દૂર હોવાથી, જેમ સુખનો નિશ્ચય થતો નથી, તેમ દુઃખ હમેશાં રહેતું નથી. માત્ર માયાની પ્રેરિત ગતિથી મોહમાં પડેલો જીવ સર્વદા સુખ શોધવા અને દુખ દૂર કરવા મથતો રહે છે. વાસ્તવિક રીતે સુખ દુઃખ એ કલ્પના માત્રથીજ ભાસે છે, વસ્તુતઃ કાંઇ નથી.

"For what is it no earth."

Nay under heav'n continues at a stay ?
Ebbs not the sea, when it hath overflown ?
Follows not darkness when the day is gone ?
And see wed not sometimes, the eye of heav'n
Dimmd with oerflying clouds ?

(Shakespeare)

ષટ્પદ (છપ્પય)

ભાવાર્થ,—થતો નથી શુ ઓટ, ભરતી સાગરમા આવી ?
અન્ધકાર નહી થાય દિવસ જવ જાય સિધાવી ?
શું નથી જોતાં સર્વ, કદાચિત્ (દૃષ્ટિ બળથી)
નભ મંડળની આંખ રવિ ઝાંખો વાદળથી ?
આ (નીચી) પૃથ્વી તળે, ઉચે વ્યોમે (વા) છેજ શુ ?
જેહિ અચળ થઇને રહે, (વિના ઇશ, અન્યજ કશુ) ?

કાલવાદિ—ત્યારે મહારાજ, સર્વે કાળે કરીનેજ થતુ હશે. જુઓને સત્ પુરૂષોના વાક્યો શું સૂચવે છે —

रामे प्रव्रजनं बलेर्नियमनं पांडुसुतानां वनम्
वृष्णीनां निधनं नलस्य नृपते राज्यात्परिभ्रंशनम ॥
कारागारनिषेव्रणं च मरणं संचिंत्य लंकेश्वरे
सर्वः कालवशेन नश्यति नरः को वा परित्रायते ॥

ભાવાર્થ—રામને વનમાં જવું પડ્યું, બલીને નિયમાધીન થવુ પડ્યું, પાંડવોને વનમા રઝળવું પડ્યું, યાદવોનું એકી વખતે મરણ થયું, નળ રાજાને રાજ્યથી ભ્રષ્ટ થવું પડ્યું, સીતાને કેદ થવું પડ્યુ અને રાવણનું મરણ થયુ, એ પ્રમાણે સર્વે કોઇ કાળને આધીન નાશ પામે છે. તેમાથી બચવા કોણ પામે છે ? કાળ ક્રમ એવો છે કે કોઇનાથી કાંઇ ન્યૂનાધિક થતું નથી. **कालः करोति विषमं दातारं याचितारं च** અર્થાત્ વિષમ અથવા ઊંજુગતુ કાળ કરે છે. દાતારને ભીખારી બનાવે છે.

૪૯-૫૦.

—દોહરો—

ઉગ્રકાળ વિકરાળની, પાંખ ઉદય ને અસ્ત;
નિશ્ચે તેની છાંયમાં, આવે વસ્તુ સમસ્ત.

તરૂણ —પ્રસગ આવતાં જણાઇ આવશે. વખતના વહેવા સાથે સુખ દુખ તો આવ્યાંજ કરે છે. પણ ઇચ્છા તો સુખ માટેજ ખેંચાય છે દુખ ઉપર અભાવ છતા તે અણુધાર્યું આવીને પોતાનો ભાવ બજાવે છે, જયારે સુખ મહાન્ પ્રયત્ન કરવા છતાં પ્રાપ્ત થવું હોય તોજ થાય છે. કોઇને કોઇ પ્રકારનાં સુખ માટે યોગીઓ પણ જપ, તપ, અનુષ્ઠાનાદિ કરે છે. ભોગીઓ યજ્ઞ ઉપાસના આદિ કરે છે સુખની સ્ફૂર્ણા મનુષ્યોને અનેક રીતે થયા કરે છે. અને અનેક પ્રકારનાં ભોગોપભોગ અને વિહારોમા મનુષ્યો અનેક રીતે સુખ માની લે છે કોઇ કોઇ તો પુત્રાદિ સંતાન સુખ માટે યક્ષ રાક્ષસાદિને ભજે છે, અને આ માની લીધેલા સુખને માટે નાના પ્રકારનાં જીવોનાં તેમને બળિદાન આપે છે વળી આશ્ચર્ય તો એ છે કે ઇચ્છિત સુખની પ્રાપ્તિ અર્થે, માનવીઓ પાપ કર્મ કરવાને પણ પ્રવૃત્ત થાય છે, અને તેમ કરતાં ઇષ્ટાનિષ્ટનો પણ વિચાર આ અજ્ઞાનાંધકારમાં ગોથા ખાતા માનવીને કોઇ રીતે થતો નથી આ વિવેકશુન્ય મનુષ્ય પુણ્ય કે પાપ કર્મનો જવલેજ વિચાર કરે છે. સ્વાર્થ લોભથી યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા વગર માની લીધેલા સુખની અભિલાષામાં શુભાશુભ અનુષ્ઠાન કરી, મનસ્વી તરંગો પ્રમાણે તે કલ્પિત સુખની પાછળ દોડયો જાય છે. સુખ દુઃખનો ક્રમ કર્માધીન છે, એવી માન્યતાથી તેઓ કર્મ કર્યા કરે છે; પરંતુ ભૂતકાળાંન કર્મજન્ય ફળ આપણને વર્તમાનકાળમાંજ મળે છે, અથવા વર્તમાન કર્મોનું ફળ વર્તમાનમાંજ ત્વરિત મળે છે, એ વિચારવા યોગ્ય પ્રશ્નનો નિર્ણય પ્રત્યેક કર્મ કરતી વખતે મનથી કરવો આવશ્યક છે. કૃતકર્મોના ફળ તરફ દૃષ્ટિ કરતાં, આપણને તે કર્મોનાં ફળ વિપરિત પણ દેખાશે, અર્થાત્ પાપ કર્મનાં ઉત્તમ ફળ અને પુણ્ય કર્મોમાં અહિત થતુ દેખાશે. પરંતુ તે ઉપરથી આપણને કોઇ પણ પ્રકારનો નિર્ણય કરી લેવાનો નથી. પૂર્વે

કરેલાં કર્મફળ ક્યાંથી આવે છે, અને કયા માર્ગથી તે સુખ દુ ખના ભોગી બનાવે છે, તે જાણવું મનુષ્યની વિચાર શક્તિનુ કામ નથી. પરંતુ આવા ઉલટા સુલટા ફળનો ખ્યાલ વિચારમાં પેસી જવાથી ઉલટી હાનિ થાય છે, અને મન ભ્રમ જાળમાં ગોથા ખાય છે. ઔરંગઝેબ શેહેનશાહ પોતાના પિતાને કેદ કરી ભાઈઓને મરાવી નાંખી જીવન પર્યંત સુખમાં રહી જય ભોગવી શકયો, એ કયાં કર્મના ફળ હતાં? નીતિના સાગર, અવતારી ઈશ્વર શ્રી રામચંદ્રજીએ રાજ્યાભિષેક મહોત્સવ તજી, પિતાના વચનને પાણી આપવા વનવાસ સ્વીકારી દુ ખોના ઓઘ ઓળગ્યા એ કયા પાપકર્મનાં ફળ હતાં? પૂર્ણ પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજી પોતે તો **प्रसन्नतां यो न गतोऽभिषेकतस्तथा न मम्लौ वनवासदुःखतः ॥** અર્થાત્ પોતાને રાજ્યાસન મળવાનુ હતુ તેથી જેમ પ્રસન્ન ન થયા, તેમ વનવાસના ભાવી દુઃખોથી ખેદ ન પામ્યા. પરતુ જે ભરતને માટે તેની માતા કૈકેયીએ દુષ્ટ દાસી મથરાની સલાહથી પૂર્ણ પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજી પાસેથી રાજ્યાસન મૂકાવી તેમને ચૌદ વર્ષ પર્યન્ત વનવાસના દારૂણ દુ ખો ભોગવાવ્યા, તેજ ભરતે રાજ્યાસનનો અસ્વીકાર કરી જ્યાં સુધી જ્યેષ્ઠ બંધુ શ્રી રામચંદ્રજી અયોધ્યામા પુન પ્રવેશ ન કરે, ત્યાં સુધી પોતે કોપીન વસ્ત્ર ધારણ કરી, અવધૂત જટાધારી બની, ઉગ્ર તપ આદરી બેઠા, અને સ્વેચ્છાથી દુઃખ ભોગવ્યાં, એ કયા કર્મનાં ફળ સમજવાં? હિંદમાં એક મહાન લુટારા તરીકે પ્રસિદ્ધ થયેલા અમીરઅલી નામના ઠગે સાતસો નિર્દોષ મનુષ્ય જીવોને લાલચ વગેરે આપી, તેમને ફસાવી તેમનાં ગળામાં ફાંસો આપી તેમના પ્રાણ લીધા, અને તેમની પાસેથી અગણિત દ્રવ્ય હરી લીધું, એ કયા પુણ્યના ફળ કહેશો? બંગાળાના હાકેમ અને હિંદના પેહેલા ગવર્નર જનરલ લોર્ડ હેસ્ટિંગ્સના અમલમાં બંગાળાનો દેશહિતેચ્છુ દિવાન નંદરાય માત્ર તેની દેશસેવાના કારણથી વિના અપરાધે ફાંસીને લાકડે લટકયો, એ કયા પાપ કર્મનાં ફળ? સ્વધર્મ પોષક ઉદેપુરના પ્રતાપી રાણા પ્રતાપસિંહને ધર્મનું રક્ષણ કરતાં વર્ષો પર્યન્ત વનમાં એકાકી રહેવું પડયું, અને અનેક દુ.ખો ભોગવવાં પડયાં,

જ્યારે તેનાજ પિત્રાઇ ધર્મહીન માનસિંહે પોતાની બેન અકબરને પરણાવી, અકબર પાસેથી ઉચ્ચ પદ્વી સંપાદન કરી.

આ દૃષ્ટાન્તો પાપ કર્મનાં સારાં ફળ અને પુણ્ય કર્મનાં માઠાં ફળ દેખાડે છે, અને તે ઉપરથી આમ સ્પષ્ટ સમજાશે કે દુર્ઘટ માયાની ઘટના વિપરીત છે. ગાય તૃણ ખાઈ દૂધ આપે છે, અને સર્પ દૂધ પી ઝેર ઉત્પન્ન કરે છે, એ શું આશ્ચર્ય નથી? માયાનુ પ્રાબલ્ય આવુજ છે આવી રીતે અઘટિત ઘટના કરનારી પટીયસી માયા માનવીઓની ઇચ્છાને ભૂલાવામાં નાખી દે છે, અને માનવી પરિણામ શોધક બની, અધતાથી શુન્ય સુખની શોધમાં અધકારમા ગોથા ખાય છે ગુજરાતના રાજા કરણે વિષય વાસનામાં સુખ માની લઇ, તે તૃપ્ત કરવાની લાલસામાં પોતાના પ્રધાન માધવની સ્રીનુ હરણ કર્યું પરિણામે તેણે રાજ્ય ખોયુ, અને તેની પરણેતર સ્રી કોલા રાણી તરફથી તેને કેટલુંક વિપરીત પરિણામ શોશવુ પડયુ, પરતુ તેને કર્મ કરતી વખતે વિપરીત પરિણામ વિષે કશુ ભાન ન હોતું સતી દ્રૌપદીને સતાપતાં, કીચકને કૌરવ સો ભાઇઓ સહિત પોતે તેમજ પોતાના કુટુબીઓ નાશ પામશે, આવા પરિણામના વિચારો તેના સ્વપ્નમાં પણ આવ્યા ન હશે. હિરણ્યકશિપુએ પોતાના પુત્ર પ્રલ્હાદને મારી નાંખવાના નીચ પ્રયત્નો આરભતાં, અને તેના પર વિવિધ સંકટો ઉભા કરતાં, તેનુ પોતાનુજ મૃત્યુ થશે એમ જાણ્યું ન હોતું. વાલીએ પોતાના નાના ભાઈ સુગ્રીવની સ્રી તારાનું હરણ કરી, સુગ્રીવને દૂર ને દૂર ધકેલી, તારાસાથે વ્યભિચારમાં આનંદ માન્યું અને પોતે અમર સમજ્યો, પરંતુ સુગ્રીવની સલાહથી રામના હાથે તે હણાયો અને મરણ શરણ થયો, તેનો તેને ભય ન હોતો

સુખ કિંવા દુખ સદ્ગુણથી વા દુર્ગુણથી કે કોઇ કોઈનાથી ઉત્પન્ન થતાં નથી સુખ અને દુઃખ અનુષગીઓજ છે, એમ કહી શકાય. ધર્મરાજા યુધિષ્ઠિરને પોતાના મહા સમર્થ ભાઇઓ સાથે બાર માસ સુધી વનમાં ગુપ્ત સતાઇ રહેવું પડયું હતું.—

पंचैते पांडुपुत्राः क्षितिपतितनया भीमसेनार्जुनाद्याः
शूराः सत्यप्रतिज्ञा दृढतरवपुषः केशवेनापि गूढाः ॥

ते वीराः पाणिपात्रे कृपणजनगृहे भिक्षुचर्यां चरतः
को वा लोके समर्थो मार्जितुं लिखिता भालकर्माभिरेखा॥

ભાવાર્થ:—ભીમસેન અર્જુનાદિ પાંચ પાંડુ પુત્રો પૃથ્વીપતિના પુત્રો હતા તેઓ શૂરા, પ્રતિજ્ઞાને સત્ય કરવાવાળા, અને શરીરે બળવાન હતા તેમને શ્રીકૃષ્ણચંદ્રની સહાયતા હતી, છતાં પણ આ વીર પુરૂષોને હાથમાં પાત્ર લઇ કૃપણ જનને ઘેર પણ ભીક્ષા લેવા જવુ પડયું હતું. આ જગત્‌માં ભાલમાં જે કર્મરેખા લખાયલી છે. તેને ફેરવવા કોણ સમર્થ છે?

સુદામા જેવા સાત્વિક અને જ્ઞાનીને શ્રીકૃષ્ણ પરમાત્મા જેવા તેના સખા હોવા છતાં, દારિદ્રય કયાંથી? તારામતી જેવી સદ્‌ગુણી સતીનુ સત્ય અને ટેકને માટે પોતે વેચાવું, અને પોતાના પુત્ર રોહિતના મરણથી પોતાના પતિનેજ હાથે તેણીને મોતની નજાનો અમલ થવો, એ પણ વિચિત્ર વિપરિત ગતિ માયાનીજ કે બીજા કોઇની? યજ્ઞ કરતા બ્રાહ્મણોનો દૈત્યોના હાથે વધ, નિર્દોષ વેદ પાઠી પચીશ બ્રાહ્મણોનું અલાઉદ્દીન ખુનીના હુકમથી મોત, મહાદેવી સતી સીતાના રામચદ્રજી જેવા પતિ છતાં, તેણીનું મદાંધ રાવણને હાથે હરણ થવું, અને લંકામાં અશોક વનમાં શોક કરતાં દિવસો વ્યતીત કરવાં, શ્રીરામચંદ્રજી સાક્ષાત્ પરમાત્મા છતાં લક્ષ્મણને મૂર્ચ્છા, સત્યવાદી વસુદેવ અને દેવકીને કેદ, ઈશ્વરાંશ ઇસુખ્રિસ્ત મહાન્ સમર્થ ધર્મટેકી છતાં યાહુદીઓના હાથે તેને થયેલી ક્રર સજા, આવાં આવાં અનેકાનેક દૃષ્ટાંતો વર્ણવતાં તાત્પર્ય એજ સમજાશે, કે આરંભેલ કર્મથી સુખજ થશે તેની કાંઇ ખાત્રી નથી. છતાં તૃષ્ણા તેને સુખ જાણી તે તરફ ખેંચાયા કરે છે. કવચિત સુખની પ્રાપ્તિ થઇ, તો તે શું સુખ કહેવાય? એવાં થયેલાં સુખને સ્થાયી કરવા પોતે સમર્થ છે કે કેમ? અર્થાત્ તે સુખ ચળ છે? કે અચળ? તે નિ:સીમ છે કે મર્યાદાવાળું છે? ભાસ્યમાન સુખ તે સુખ છે કે દુ:ખ? એ જ્ઞાન વગર મનુષ્યની મનોવૃત્તિ, એક સુખની પ્રાપ્તિ થઇ, કે તરત તેથી અધિક ભાસતા બીજા સુખ મેળવા માટે તૈયાર થાય છે.

સુખનો કોઇ નિયમજ નથી. "શ્રીમંતો સંતતિ વિના રીબાય," "અને રાંકને ત્યાં છોકરાં છૈયાં ઉભરાઇ જતા હોય." શ્રીમાનને અજીર્ણ થાય અને રંકની જઠરામાં આહુતિ દ્રવ્યનો અભાવ હોય, એ કેવી વિપરિતતા? સતી સ્ત્રીને મૂર્ખ પતિસાથે સંયોગ અને બુદ્ધિમાનને મૂર્ખ સ્ત્રી! નિર્ધનતામાં અપ્રમાણિકતાનું દોષારોપણ, અને ધનવાનજ પ્રમાણિક! શ્રીમાનના છોકરાં પારણે પરણે, અને ગરીબની દીકરીઓ કોઇ લે નહિ! વિદ્વાનને ઉદર નિર્વાહના ફાંફા તો નિરક્ષર કોટયાધીશ! વિષયાધીન ધર્મગુરૂ અને જીતેંદ્રિયપર દુનિઆનો અવિશ્વાસ! અવધૂતને કોઇ પૂછે નહિ, અને દાંભિકનુ સન્માન થાય! સાધુ ઉપર લોકોનો ભાવ નહિ, જ્યારે ગાખડીનાં પગ ધોઇ પિવાય! સિંહ, વ્યાઘ્ર આદિ હિંસક પ્રાણીઓનુ કોઈ નામ ન લે અને મેઢા, બકરા, કુકડા વગેરે રાંકડા પશુઓનાં બલિદાન અપાય! વૃશ્ચિક જન્મતાં માતાને મારી નાખે છે, તો સર્પ જન્મત પોતાના માતાપિતાનુ ભક્ષ્ય બને છે! હંસ બચ્ચાંને જન્મ આપી પોતે ઉડી જાય છે, ત્યારે વાંદરા બચ્ચાંને પોતાની છાતી સાથે વળગાડી રાખે છે શી અદ્‌ભૂતતા!!! રાહુએ અમૃતપાન કર્યું તેથી શરીરના બે ભાગ થઇ ગયા, અને મહાદેવજીએ વિષપાન કર્યું તેથી તે નીલકંઠ કહેવાયા! પુણ્યકર્મ કરનારા દુઃખમાં રીબાય, અને પાપાચારી વૈભવમા મ્હાલે! દુઃખી મનુષ્યો સુખ માટે વૃત્ત નીયમ ઉપાસનાદિ આદરે છે, અને સુખી મનુષ્યો અનેક અધિક સુખની તૃષ્ણામાં તણાય છે!

સવૈયા.

जो दश वीश पचीश भये, शठ होय हजार तो लाख मंगेगा,
कोटि अरब्ब खरब्ब मिले, पृथ्वीपति होनेकी चाह करेगा,
स्वर्ग पातालको राज मिले, तिन लोकके राजकी आश लगेगी
सुंदर एक संतोषविना, शठ तेरी तो भूख कबु न भंगेगी. ॥

[सुंदर विलास]

સુખ ક્યા છે? સુખ એટલે શુ ? અને સુખ એક છે કે અનેક ? એવા વિચિત્ર પ્રશ્ન ઉઠે છે. પણ નક્કી થતું નથી. કે સુખ શામાં છે. કોઇ બાલ્યાવસ્થાના આનન્દમય ચ્હેરાને જોઇ તે અવસ્થામાજ સુખ માને છે. કારણકે એ અવસ્થામાં હર્ષ શોક હોતાં નથી પરતુ બાલ્યાવસ્થા એ અજ્ઞાન અવસ્થા છે. સપ અગ્નિ, ખાડો કે એવી કોઇ ભયાનક વસ્તુને બાળક નિર્ભયતાથી ભેટે છે. પરિણામે તેને પણ સતાપ તો થાય છે, પરતુ તેને તેનુ કશું ભાન હોતું નથી જ્યાં જ્ઞાન નથી, ત્યાં સુખનો અનુભવ શી રીતે થઇ શકે ? અને અનુભવ શિવાય આનંદ નથી. બચ્ચાને આનદ થતો હશે, પરંતુ તે આનંદ અજ્ઞાત છે. બાળક શા માટે હસે છે, રડે છે ? જો બાળક સુખીજ હોય તો તે રડે શા માટે ? અર્થાત્ બાલ્યાવસ્થામાં પણ સુખ નથીજ કોઇ યુવાવસ્થામાં સુખ છે એમ કહે છે. કારણ કે તે અવસ્થામા સુંદર વસ્ત્રો પહેરવાં, મિષ્ટાન્ન ભોજન જમવા, રમત, ગમત, મોજમજા, સ્ત્રીવિલાસ, મિત્રોનો સહવાસ આદિ અનેક સુખતરંગોની લ્હેરો અનુભવાય છે. કમાઇની, કીર્તિની, કે કશાની ચિંતા તરૂણ વયમાં હોતી નથી. વારૂ ! તરૂણ સુખી તો ખરો, પણ સદ્વર્તનને બદલે દુર્વર્તન પણ એજ અવસ્થામાં વળગે છે કદાચ કોઇ તરૂણ સદ્વર્તનથી ભૂષિત હોય છે, તો તેને સાધનોની પ્રતિકુળતા આવી નડતાં, સદ્વર્તન છતાં દુખી થાય છે, અને દુર્વર્તનીને સાધન અનુકુળ છતાં પણ પોતાના દુર્વર્તનથી તે દુખ વ્હોરી લે છે. ત્યારે તારૂણ્યમાં પણ સુખ નથી. યુવાવસ્થામાં વૈતરૂં કરવું પડે છે, એ પણ એક દુઃખજ છે વૃદ્ધાવસ્થાને તો કોઇ સુખી માનતુજ નથી. શરીરના અવયવો શિથિલ થઇ જાય છે, આંખે દેખાતું નથી. કાને સભળાય નહિં, દાંતો રસ સ્વાદનો ત્યાગ કરી અશક્ત થઇ પડી જાય છે. આશીર્વાદ અપાય છે કે, સો વર્ષના થાઓ, બાળ બચ્ચાં વૃદ્ધિ પામો, બુઢ્ઢાં થાઓ, જ્ઞાતિમા સુવિખ્યાત થાઓ, પુત્ર કહ્યાગરા થાઓ. ઇત્યાદિ. અર્થાત્ વૃદ્ધાવસ્થામાં આવી અનુકુળતાઓ સુખ મનાય છે; પરંતુ વસ્તુત વૃદ્ધાવસ્થામાં આવી અનુકુળતાઓ ભાગ્યેજ મળે છે. વૃદ્ધાવસ્થામાં તો —

वृद्धकाले मृता भार्या, पुत्रहस्ते गतं धनम् ॥
भोजनं च वधुहस्ते वरं मृत्यु हि जीवनात् ॥

ભાવાર્થ—વૃદ્ધ વયે સ્ત્રી મરી જાય, ધન પુત્રોને હાથે જાય, ભોજન વહુના હાથે થાય, એ જીવવા કરતાં મરવું સારૂ

ત્યારે એ વયમાં પણ સુખતો નથીજ. વળી ગૃહસ્થાશ્રમમાં સુખ મનાય છે, કારણ કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે સાધન ગૃહસ્થાશ્રમથીજ સધાય છે. શું તે આશ્રમમાં દુઃખ નથી? પુત્ર મરી જાય, દિકરી રંડાય, ચોરીથી દ્રવ્ય હરાઇ જાય, કે દેવાળું કાહાડવાનો વખત આવે, સ્ત્રી મરી જાય અથવા કુલટા નિવડે, છોકરાં જીવતાં હોય તો તે કુછંદી કે પાખંડી નિવડે, ત્યારે ગૃહસ્થાશ્રમમાં શું સુખ છે? રળી રળીને સર્વનું પાલન કરી, આખરે મરી જવું એજ ગૃહસ્થાશ્રમમાં સુખ કે બીજું કાંઇ?

કેટલાક ત્યાગ અને વૈરાગ્યમાં સુખ માને છે. પ્રાણને પોષી ભજનમાં કાળક્ષેપ કરવો, શું તેમાંજ સુખ છે? શું તેમાં તૃષ્ણાની જાળમાં સપડાઇ જઇ મઠ બાંધવાની, શિષ્યો ઉત્પન્ન કરી તેઓની સેવા સ્વીકારવાની, પારકા કુટુમ્બમાં પ્રવેશ કરી વ્યભિચારાદિથી ભ્રષ્ટ થઇ બીજાઓને ભ્રષ્ટ કરવાની, વગેરે વાસનાઓ ઉત્પન્ન થતી નથી? એમાં કેવા પ્રકારનુ સુખ મળ્યુ? વળી વૈરાગ્યમાં સર્વે ઇચ્છાઓનો ત્યાગ કરી વિચરવામાં, અને જે મળ્યું તેમાં સંતોષ માનવામાં સુખ કેમ મનાય? કારણકે તેમાં શુભાશુભ કાંઇ કરવાનુ હોતુ નથી. કદાચ એક બે દહાડા ભોજન પણ મળે નહીં, તેથી શરીર ક્ષુધાથી વ્યાકુળ થાય, મન સતપ્ત થાય, અને ભૂખ્યા પેટે ભજન થઇ શકે નહીં. ત્યારે આવા વૈરાગ્ય અને ત્યાગમાં શું સુખ મળ્યું?

ઘણાઓ દ્રવ્યમાંજ સુખ માની બેઠા છે. "सर्वेगुणाः कांचनमाश्रयंते ધન હોય તો સર્વ કોઇ આધીન થઇ રહે છે." દ્રવ્ય હોય તો સરકાર દરબારમાં માન મળે છે. ત્યાગી કે અનુરાગી સર્વે ધનને માટે મથે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ સર્વનું મૂળ દ્રવ્યજ છે પણ તેની બીજી બાજુ તપાસતાં તો એ સુખો કરતાં તેમાં ઘણાં મોટાં દુઃખોનો સમાવેશ થએલો જણાશે.

અમિતચંદ્રઃ—મહારાજ! તમારી દૃષ્ટિએતો દુઃખજ દેખાય છે તેમ ઈશ્વર અને માયા, કાળ અને પ્રારબ્ધ, જીવ અને તેને પોતાના સ્વભાવજન્ય સુખેચ્છાને પરિણામે સુખની સંપ્રાપ્તિ થવી અથવા દુઃખ થવો, તે સંબંધી જે વિવેચન આપના મુખથી આ શ્રવણપટમાં પ્રવેશ થવા પામ્યું છે, તેથી જેવું મારૂં નામ, તેવાંજ આપના વિચાર, એમ સિદ્ધ થાય છે.

વાંચક બંધુઓ! આટલો વખત સુધી વિદ્વાન્ તરૂણ વિપ્ર ગુરૂ મહારાજના અભિધાનથી તમને અમે અજ્ઞાત રાખેલા છે, એટલે તરૂણ ગુરૂ મહારાજનું નામ જાણવાની તમારી જીજ્ઞાસા બહુ વધી ગયેલી હોવી જોઈએ, અને અમે પણ હવે તમારી તેવી જીજ્ઞાસાને વધુ વખત અતૃપ્ત રાખવા ઈચ્છા રાખતા નથી. આ તરૂણ વિદ્વાનનું નામ પૂર્ણચંદ્ર છે

પૂર્ણચંદ્રઃ—દરેક વિચારશીલ મનુષ્યને વિચારસાગરમાં ઉતરવું તો પડેજ છે. અનુભવ થયા પછી તે કયા મતનો અવલંબી થયો છે, તે તેના મુખમાંથી જ્યારે તેના મતનો ઉચ્ચાર થાય છે ત્યારે જણાય છે. અમિત! તું એમ સમજે છે કે સુખ અને દુઃખનો છેડો કોઈકને પણ જડયો છે. પરતુ જ્યાં સુખનો નિશ્ચય કરશો, ત્યાંજ તેના ખંડન માટે દાખલા મોજુદ છે

કર્મચંદ્ર—હું તો પ્રારબ્ધનેજ માનું છું. જેમ ભાગ્યમાં લખ્યું હોય છે તેમજ થાય છે. “ હુન્નર કરો હજાર ભાગ્ય બિન મિલે ન કોડી.” રાવણ સિતાના વિલાસને મૂકી મુઓ! દુર્યોધન, કીચક, કંસ, સાંપ્રતકાળના સંભાજી, નેપોલિયન, ગુજરાતનો રાજા કરણ વગેરેએ ધાર્યું શું હતું અને પરિણામ શું આવ્યુ? તેમના પ્રારબ્ધમાં દુઃખ હતું, અને વ્યર્થ સુખ માટે તેઓ મથી મુઆ.

खल्वाटोदिवसेश्वरस्यकि णैः सन्तापितोमस्तके
वाञ्छन्देशमनातपं विधि वशात्तालस्य मूलं गतः ।

तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः
प्रायोगच्छति यत्र भाग्यरहितस्तत्रैवयान्त्यापदः
(॥ भर्तृहरिः॥)

એક તો ટાલ પડેલો ને વળી સૂર્યના કિરણોથી તેનું માથુ તપ્યું, ત્યારે તે છાયાવાળા સ્થળમાં જવાની ઇચ્છાથી ભાગ્યયોગે તાડના મૂળ પાસે ગયો, તો ત્યાં પણ તાડેછુ (તાડફળ) પડવાથી તડાકાબંધ (સસ્વર) તેનું માથું ફૂટયું. ભાગ્યરહિત જ્યાં જાય ત્યાંજ પ્રાય. આપત્તિઓ આવી પડે છે, અર્થાત્ તડકાથી તપેલો ટાલીઓ પોતાને સુખ મળે એ ઇચ્છાથી, છાયાવાળી જગાએ ગયો, તો ત્યાં પણ તાડેછું પડવાથી તેનું માથું ફૂટયું, તેવીજ રીતે ભાગ્યરહિત પુરૂષ જ્યાં જાય ત્યાં દુઃખજ પામે છે.

शशिदिवाकरयोर्ग्रहपीडनं गजभुजंगमयोरापिबंधनम्
मतिमतां च विलोक्यदरिद्रतां विधिरहोबलवानितिमेमतिः।
(भर्तृहरिः)

હાથી અને સર્પ પણ બધાય છે, સૂર્ય અને ચંદ્રને પણ રાહુથી પીડા થાય છે, અને બુદ્ધિમાન દરિદ્ર હોય છે, તે જોઇ મને તો એજ નિશ્ચય થાય છે, કે પ્રારબ્ધજ બળવાન છે. લાખો માણસોને એકજ બાણથી મારનાર અર્જુન કાબાને હાથે લૂટાયો અને તેણે ઉપાર્જિત કીર્તિ કલંકિત કરી, એ પ્રારબ્ધની લીલા નહીં તો બીજુ શું. ?

પૂર્ણચંદ્રઃ—સર્વે કોઇ પ્રારબ્ધને પકડી બેઠા નથી.

કહત સમય બળવાન હય, નહી પુરૂષ બળવાન
કાબે અર્જુન લૂટીઓ, વહિ ધનુષ વહિ બાન.

અર્થાત્ અર્જુન કાબાને હાથે લૂટાયો, એ તો સમયની બલિહારી છે, અને સમય તેજ કાળ કહેવાય છે. તાત્પર્ય કે તારાજ

વિચાર પ્રમાણે પ્રારબ્ધ અને કાળ એકજ થઇ ગયા, નહીં વારૂ ? વળી પ્રારબ્ધ સંબંધી લોકમાન્યતા જુદી જુદી છે. પ્રારબ્ધ, કર્મ અને સંચિત અથવા સુકૃત્ય, નશીબ, ભાગ્ય, એમ વ્યક્તિ વિશેષે સંબોધાયલાં નામ ભિન્ન, પણ વસ્તુતઃ છે એકજ કેટલાએક વિદ્વાને તેના વિભાગો દેખાડે છે. કોઇ તુલ્લા ને મુલ્લા એમ બે પ્રકારે પ્રારબ્ધ માને છે, તો કોઇ તિવ્ર અને મંદ, અને નિત્ય અને નૈમિત્તિક એમ બે પ્રકારે પ્રારબ્ધ માને છે કેટલાક એમ્સો અને એક પ્રકારે પ્રારબ્ધ માને છે. જ્યારે બીજાઓ તેને ત્રણ પ્રકારે માને છે.

તર્કદૃષ્ટિઃ—એતો તમારા જેવા ભણેલા રાત દહાડો પુરસદની વખતે કૂટ કર્યાં કરે છે. ઇશ્વરના ઘરમાં કોણે હાથ ઘાલ્યો છે ?

પૂર્ણચંદ્ર—ક્યાં છે, ઇશ્વરનું ઘર ! જગત્‌નો મોટો ભાગ અજ્ઞાનતાના આવેશમાં જેમ ફાવે તેમ બોલ્યા કરે છે આપણને મન, બુદ્ધિ, ચિત્ત વગેરેની બક્ષિસ મળેલી છે, અને દરેક વિચારવા યોગ્ય વાત, અનુમાન અથવા પ્રત્યક્ષ પ્રમાણથી બુદ્ધિમાં ઘટી શકે છે, અને કોઇ ને કોઇ પ્રકારના નિશ્ચયપર આવી શકાય છે ઇશ્વર પ્રત્યક્ષ દેખાતો નથી, પરંતુ આ અદ્‌ભૂત વિશ્વરચના જોઇને **यत्रयत्र-धूमस्तत्रतत्रवह्निः** એ અનુમાન પ્રમાણથી કળી શકાય છે કે જગત્‌નો કર્તા હોવો જોઇએ. તે ક્યાં છે ? તે શું કરે છે ? તેનુ સ્વરૂપ કેવું છે ? તે કયા સ્થળે વસે છે ? વિગેરે પ્રશ્નોનો ખુલાસો ઝટ થઇ શકે એમ નથી. દૃષ્ટાંત તરીકે ધારો કે કેટલાક અંધ માણસોને આપણે એક હસ્તિના શરીરના ભિન્ન ભિન્ન અવયવો દેખાડયા. હવે તેઓમાંથી પ્રત્યેકને આપણે હાથીનું વર્ણન કરવાનું કહીશું. તો જે અંધે હાથીનાં કાન જોયાં હશે, અને સાથે સૂપડું પણ જોયું હશે તે હાથીને સૂપડા જેવો જણાવશે. જે અંધે હાથીના પગ અને સાથે થાંભલો પણ જોયો હશે તે હાથીને થાંભલા જેવો વર્ણવશે. એપ્રમાણે જેણે હાથીના જે અંગો જોયા હશે, તે તે પ્રમાણે હાથીનું વર્ણન કરશે ઇશ્વરવાદ પણ આવોજ છે.

તર્કદૃષ્ટિઃ—ત્યારે શું સુખ દુઃખના દાતા પણ ઇશ્વરજ કે બીજા કોઇ ? અને સુખદુઃખ કેટલાં પ્રકારનાં છે ?

પૂર્ણચંદ્ર—**सुखस्य दुःखस्यनकोऽपि दाता** અર્થાત સુખ દુઃખને કોઇ દેનાવાલો નથી બીજાથી સુખ દુઃખ થયુ એમ માનવું એજ મૂર્ખતા છે સુખ દુઃખ એ મનના ધર્મ છે ગીતામાં પણ જણાવેલ છે કે, **मन एव मनुष्याणां कारण बंधमोक्षयो** અર્થાત્ મનુષ્યોને બંધનમાં નાખવું, વા તેને છોડવા, તેનુ કારણભૂત મનજ છે મનુષ્યના મનરૂપી ત્રાજવાના સંકલ્પ (ઇચ્છા) વિકલ્પ (વિષાદ) બે છાબડાં છે. વૃત્તિરૂપી વાયુબળથી તે છાબડાં ઉંચે જાય છે, વા નિચે જાય છે; અને એક પળ પણ તેઓ સ્થિર રહેતા નથી બુદ્ધિ મનની સ્ત્રી છે, પરતુ તે અથાગ વ્યભિચારિણી હોવાથી પોતાના પતિ મનને આધીન બનાવી તેને પ્રેમ બંધનમા બાંધી લઇ, પોતે યથેચ્છ વિહાર કરે છે. પોતે **बुद्धि कर्मानुसारिणी** કર્મ સાથે વ્યભિચારથી તેને આધીન રહેલી છે, તે પોતાના પતિમનને વ્હેમ ન આવે એ હેતુથી લટકા મટકા અને હાવ ભાવથી મૂર્ખ મનને મોહજાળમાં ફસાવી, તેને એવો વશ કરી દે છે કે બિચારૂ ભોળુ મન તેની કપટકળા જાણી શકતું નથી. અને તેનુ નચાવ્યું નાચે છે તેના મોહમાં લુબ્ધ થયેલુ મન તેના પોષણ માટે તેને મોટી મોટી જાગીરો બક્ષિસ આપે છે, અર્થાત્ વિના પરિશ્રમે તેનું પોષણ થાય અને મનને કશુંએ કરવુ ન પડે, એવી અનુકુળતાઓ તેને માટે યોજે છે, અને તેથી તે પ્રસન્ન થાય છે. આજ કારણથી શ્વસુર પક્ષનો સમાગમ તે ઇષ્ટ માને છે, અને પોતાની જીંદગી ત્યાજ તે નિર્ગમન કરે છે. વ્યભિચારિણી બુદ્ધિના સંકલ્પ વિકલ્પ નામના બે પુત્રોને લાડ લડાવવામાં મન આનંદ માને છે, અને તેમાં તે સુખ માની લઇ આયુષ્ય વ્યર્થ ગુમાવે છે. આ ભાસ્યમાન સુખ ભોગવતુ મન પોતાનાં સહોદરો કુટુંબીઓ, શમ, દમ, શ્રદ્ધા, તિતિક્ષા, સમાધાન, ઉપરામ, વૈરાગ્ય, અને વિવેક સાથે વૈર બાંધે છે, અને તેમની સાથે હમ્મેશ માટે સબંધ મૂકી શ્વશુર ગૃહવાસ પસંદ કરે છે. મનનો પિતા જ્ઞાન, પોતાના સંબંધીઓ શમદમાદિનો તેના પુત્રે ત્યાગ કર્યો, તેથી કુલ કલંકિત થયું એમ માની, અને પોતાના પુત્રની નિર્બળતા અને આવા આચરણથી ખિન્ન થઇ, તેની સાથે સબંધ મૂકી દે છે. આવી રીતે મન નિરંકુશિત બનતાં, પોતાના સાળા અને સાળીઓ,

રાગ, દ્વેષ, મદ, મત્સર, ઇર્ષા, અને અવિચાર વગેરે અને શ્વશુર સાથે સગત કરી તેમના સહવાસથી વધારે મૂર્ખ બની, મર્કટ અને શ્વાનની પેઠે સાળા, સાળી, અને સસરાનું નચાવ્યુ નાચે છે. વ્યભિચારિણી બુદ્ધિ પોતાના પતિ મનને તે ઘરમાં ઠરી ઠામ એક પળ પણ બેસે તેટલો અવકાશ આપતી નથી, અને પોતાના પુત્રો સંકલ્પ, વિકલ્પ, બાહેર અને બાહેર ભટકયા કરે એવી ઉશ્કેરણી કર્યા કરે છે. મનને ધારેલું કામ કરવા દે, એ બુદ્ધિને કોઇ કાળે રૂચતુંજ નથી. મન જ્યારે મુ ઝાઇ ગભરાઇ લાચાર બને છે, ત્યારે પોતાના કુટુંબીઓ અને સહોદારો યાદ તો આવે છે અને તેમની સાથે સુલેહ સંપ કરવા પ્રયત્નો આદરે છે, પરંતુ તે બાબતની બુદ્ધિને જાણ થાય છે કે તરત મનના ભોળા સ્વભાવ અને તેની નિર્બળતાનો લાભ લઇ, ખોટા હાવ ભાવ અને કટાક્ષથી તે મનના વિચાર ફેરવી નાંખે છે. બુદ્ધિની સહાયતા વગર મન પોતાના કુટુમ્બીઓ સાથે સુલેહ કરી શકતું નથી, અર્થાત્ બુદ્ધિ વગર મન કાંઇ કરી શકતું નથી આવી રીતે પરાધીન મન પોતાની વૃત્તિઓને મૂકી દે છે, અને જીવ તરફની તેની જે જોખમદારીઓ છે તે પોતે ભૂલી જાય છે, ભોગ બિચારા જીવોના કે જેઓ મનને આધીન છે, અને બિચારા જીવો મન અને બુદ્ધિના કર્તવ્ય કર્મના ફળભોગી બને છે

આ પ્રમાણે જીવોને બધનમાં કે મોક્ષમાં નાંખનાર મનજ છે બિચારાં જીવો મન અને બુદ્ધિ દંપતિની સહાયતા વગર કશું કરી શકતાં નથી. સર્વે સાહિત્યો આ દંપતિના હાથમાં હોવાથી પગલે પગલે જીવોને આ દંપતીને આધીન રહેવુ પડે છે, અને વિષયાંધ દપતિને તે બાબતની કશી પણ દરકાર હોતી નથી. જેવી રીતે રેલ્વે કંપનીના સત્તાવાળાઓએ થર્ડ કલાસ પેસેન્જરો માટે કેટલી ટિકેટો આપવી તેમાટે હદ મુકરર કરી નથી, એટલે બિચારા થર્ડકલાસના પેસેન્જરોને રેલ્વે ટ્રેનના થર્ડ કલાસના ડબામાં બકરાની પેઠે ભરી દઇ પરિણામનો કશો વિચાર કર્યા વિના ઘંટ વગાડી ટ્રેનને જવા દેછે, અને જે પેસેંજરો રહી ગયા હોય, તેઓ ખીચો ખીચ ભરાયેલ પેસેં-જરોની સાથે બેશી ન ગયા, એ કારણથી તેમને ટિકેટના પૈસા

પાછા મળતાં નથી, તેમ બીજી ટ્રેન ત્યાર પછી નહિ જતી હોવાથી તેમને બીજા દિવસ સુધી રહી જવું પડેછે. અને બીજી પણ ઘણી હાડમારી ભોગવવી પડે છે. તેવીજ રીતે મન અને બુદ્ધિ સ્વાર્થપરાયણતામાં જીવોરૂપી થર્ડ ક્લાસ પેસેન્જરોની દરકાર કરે તેવાં નથી. દુઃખથી જીવો રીબાય તેમાં મન કે બુદ્ધિને કાળજી શાની હોય ? તેઓ તો સ્વાર્થ અને સ્વહિતમાં અંધ બનેલાંછે, અને બિચારા જીવોને સુખ દુઃખના ચક્રમાં ભટકાવ્યાં કરેછે. મન અને બુદ્ધિને આધીન રહી જીવ, નાના પ્રકારનાં મનોરથવહાણમાં બેશી, આશાસાગરના તોફાની મોજામાં સપડાઇ, જન્મ મરણ રૂપી ખડકોમાં અથડાય છે.

ભાઇઓ સમય બહુ થઇ ગયો છે! ચાલો, હવે આપણે આપણે ઘેર જઇએ, અને આ વિષય અહિંજ સમાપ્ત કરીએ વધુ વિચાર કાલે આજ સ્થળે કરીશું.

અમિતચંદ્રઃ—બહુ સારૂં, ચાલો

પ્રકરણ ૨ જું.

વિશ્વચક્ષુ ઉર્ફે શાન્તિરામ.

આ સંસારમા અપૂર્વ સુખ મેળવવા મનુષ્યને કેવો મહાન પુરૂષાર્થ કરવો પડે છે, તેની પરિસીમા જોવા કમ્મર કશી મેદાન પડેલા વિશ્વચક્ષુ ઉર્ફે શાન્તિરામ. ભટ્ટજી બ્રાહ્મણ હોવાથી, તેની શરીર સંપત્તિનું વર્ણન કરવા કરતાં, વાંચકવૃંદની કલ્પનાપર તે મૂકી દેવુ, એ વધારે ઇષ્ટ ગણાશે. ભટ્ટજી મહારાજ ભોજન વ્યવહારમા મોદકપ્રિય બ્રાહ્મણ જેવા નહતા, છતાં પણ પોતાની નામનાને તે નીચી પાડવા દે એવા પણ નહીં હતા તે પોતે નિત્ય પ્રવાસી, એટલે ઘરઘરના અતિથિ અને તેથી નવાં નવાં તરેહવાર ભોજનોના જેમ તે ભોક્તા બનતા તેમ કોઇ એવા પણ દિવસો આવતા કે જ્યારે તેમને એકાદશી પણ થઇ જતી. કોઈ પણ તરેહના આહાર કે વિહારપર ભટ્ટજીને અરૂચિ તો ન હતી, કારણ કે પારકે દુખે દુઃખી ભટ્ટજી બ્રહ્માંડના ભાર નીચે દબાયલા તો ખરાજ, એટલે જો કે તેઓ લભ્ય ભોજનને જોઇતા પ્રમાણમાં ઇન્સાફ તો ન આપી શકતા, તદપિ ભટ્ટજી મહારાજ સમય સભાલી લેવા ચૂકતા નહીં.

ભટ્ટજી શરીરે પુષ્ટ અને ગૌર વર્ણના હતા તેમની મુખાકૃતિ સુંદર હતી તેમના મસ્તકપરના ગુચ્છા વળેલા હતા તેઓ વિશાળ ભાલપર ત્રિપુંડ્ કરતા, અને તેની નીચે અબીર સિંદુર અને ભસ્મથી તે ઠીક શોભતા હતા કઠમાં તેઓ પ્રવાલ, સ્ફટિક, અને રૂદ્રાક્ષની માળા પેહરતા, અને તેથી તેઓ સાક્ષાત્ નીલકંઠ, સર્પને માળા તરીકે ધારણ કરનાર ભગવાન શંકરનો દેખાવ આપતા. તેમનું વય ત્રીશથી પાંત્રીશ વર્ષનું હતુ, અને તે અરસામાં તેઓ ત્રણથી ચાર વખત વિવાહિત થયા હતા. તેમને જેમ કાંઇ સંતતિ ન હતી, તેમ તેમના સમીપના સંબધીઓ પંચત્વ પામેલા હોવાથી તેઓ આ સંસારમાં ઉપાધિ મુક્ત જ હતા. આ

સમયે તેઓ યુવાવસ્થામાં હોવાથી, તેમજ તેમને કેટલીક સાંસારિક અનુકુળતા પણ ઈશ્વરકૃપાએ ઠીક હોવાથી, જો ઇચ્છત તો તેમને કન્યા મળી શકત, પરંતુ મહારાજને અનાયાસે વાનપ્રસ્થ આશ્રમની અનુકુળતા મળી જવાથી, તેમજ પોતે પણ આ સંસારના સુખ દુઃખ જોવા ઉત્સુક બનેલા હોવાથી, આ સંસાર પર તેમને અભાવ આવ્યો, અને આ જગતના જુદા જુદા સ્થળોએ માત્ર જીજ્ઞાસા વૃત્તિ તૃપ્ત કરવાના હેતુથી પર્યટન કરવાનું તેમણે પસંદ કર્યું. પોતા પાસે જે કાંઈ હતું તે સર્વ વેચી, તે ઠેકાણે પાડયુ, અને સર્વે પ્રકારે ઉપાધિમુક્ત બની પોતે દેશાટન કરવા લાગ્યા. ભટ્ટજી મહારાજ પ્રવાસમા સામાન્ય રીતે ધોયેલાં સ્વચ્છ શ્વેત વસ્ત્રો પેહેરતા, અને બગલમાં લાલ જાડા કપડાની ઉત્તમ કારીગરીની ઝોળી રાખતા, અને તેમા પોતાથી ઉપડી શકે તેટલાં સદ્ગ્રંથ્યા, અને પાઠપૂજાનો સામાન અને લખવા વાંચવાનાં સાધનો ભરતા સાથે સુતરના દોરાથી બાંધેલો જળપાત્ર—પાણી ભરવાનો લોટો-રાખતા ઓઢવા માટે દુઃશાલ લેતા અને હાથમાં ચાંદીની મૂઠવાલી યષ્ટિકા (લાકડી), તેમજ પ્રવાસ માટે જોઇતો સામાન સાથે રાખતા.

ભટ્ટજી મહારાજ આ વખતે પ્રવાસે નિકળેલા હતા તેમણે પોતાના પ્રયાણ માટે માર્ગનો કે દિશાનો નિશ્ચય કર્યો ન હતો. અગાધ નાળા, નદી, અને પર્વતના શિખરો ઓળગતા, ગિરિકન્દરાઓમાં અથવા શીતળ વૃક્ષોની છાયા તળે વિશ્રાંત લેતા, વનમાં ઉપલબ્ધ થતા કંદ, મૂળ, ફળ, ફુલ વગેરેથી શ્રમિત થતા શરીરનું પોષણ માગતા ઉદરને આહુતિ આપતા, પોતાને થતા દુઃખ અને પરિશ્રમની અવગણના કરતા, આ પ્રવાસી સંપૂર્ણ રીતે સંતુષ્ટ દેખાતા હતા, અર્થાત્ આ સંસારમાં ગોથા ખાતા માનવીને પોતાના પંઝામાં સપડાવનારા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર વગેરે વિષકુંભ અને પયોમુખ મિત્રોની ભુલાવો ખવાડનારી લાલચો, આ પ્રવાસી પર પોતાનું બળ અજમાવી શકતી ન હતી આ પરમાનંદ મગ્ન, સંસાર વ્યતિરિકત, એકાકી, નિશ્ચિંત અને નિર્ભય પંથીરામે સાંસારિક વિષયજન્ય ચિંતાનો કયારનોએ ત્યાગ કરી દીધો હતો

ભટ્ટજી આ પ્રમાણે પર્યટન કરતા કરતા, સિંહકોટ ગામમાં એક દિવસે સાયકાળે અંધકારની વેળાએ પોતાના એક યજમાનને ઘેર આવી પહોંચ્યા. યજમાન તો માત્ર નામથીજ તેમને પરિચિત હતા, અને તેને ઘેર કોઇપણ પ્રસંગે આવેલા ન હોવાથી તેનુ નામ પૂછતા પૂછતા તેને ઘેર પહોંચી શકયા હતા. ઘરની અંદર કર્માદેવી નામે યજમાન પત્નીએ પોતાના પુરોહિતનો સારો સત્કાર કર્યો તેમને યોગ્ય આસન આપી સારી આગતા સ્વાગતા કરી કુશળ સમાચાર પૂછયા. ' ભૂદેવ કયાંથી આવ્યા ? આપનું નામાભિધાન શું છે ' " વગેરે પ્રાથમિક પ્રશ્નો કર્યા, અને પુરોહિતે તેના સંતોષકારક પ્રત્યુત્તર આપ્યા. કર્માદેવીએ તેઓ પોતાના પુરોહિત હોવાની ખાત્રી થવાથી, તેઓનુ પ્રસન્ન હૃદયે આતિથ્ય કર્યુ ઘરમા કર્માદેવી શિવાય કોઇ ન હોવાથી પુરોહિત આશ્ચર્ય ચકિત થયા અને તે સંબધી યજમાન પત્નીને પ્રશ્ન કરતાં, તેમના જાણવામાં આવ્યુ કે યજમાનના ભુરામલ નામના પરદેશ ગયેલા સોળ સત્તર વર્ષના પુત્ર શિવાય સર્વે મૃત્યુ પામ્યાં હતા. એકાકી અને વળી યુવાન સ્રીના ઘરમા રહેવુ યોગ્ય છે કે કેમ એ વિચારમા ગોર મહારાજ તલ્લીન બની ગયા ચતુર કર્માદેવી ગોર મહારાજની વિચારગ્રસ્ત મુખમુદ્રા જોઇ ગોરની ચિંતાનું કારણ સમજી ગઇ.

કર્માદેવી—મહારાજ તમે તો મારા ભુરા જેવા છો. તમે અમારા ઘરમાં રહો, તેથી નિંદાનો ભય રાખવા તમને કારણ નથી ગોર અને યજમાન તો કુટુંબીઓ કહેવાય.

કર્માદેવી રૂપમા અને શિયળ ગુણુમા આખા ગામમા પંકાતી, અને સીતા કે તારા જેવી તેની કીર્તિ ગવાતી આવી તેની પ્રતિષ્ઠા હોવાથી, લોકમા ગોર તેના ઘરમાં રહે તેથી ચર્ચા થવાનુ કાંઇ કારણ નહતું, અને ભટ્ટજીની શંકા અસ્થાને હતી. કર્માદેવીનુ વય ત્રીશથી બત્રીશ વર્ષનુ હતું, અને તેના સતીત્વના પ્રભાવે તેની વિરૂદ્ધ કોઇ અક્ષરે બોલતુ નહીં.

ભટ્ટજી પ્રવાસથી થાકી ગયેલા હતા, એ ચતુર કર્માદેવી સમજતી હતી, એટલે ગોર મહારાજ માટે જલદી જલદી ભોજનની તૈયારી કરી મહારાજને જમાડયા. ત્યાર બાદ પોતે ભોજન કરી

ઘરનું બીજું કામ આટોપી, ગોર મહારાજ પાસે આવી બેઠી. ગોર સાથે વાર્તાલાપ કરતાં, કર્માદેવીને જાણુવામાં આવ્યું કે ગોર મહારાજ પોતે આ સસારમાં એકલાજ છે. દેવીને ખેદ તો થયો, પરન્તુ ઇશ્વરેચ્છા બળવાન જાણી, મનમાં થતા સતાપનો નિરોધ કર્યો.

કર્માદેવીને થોડા દિવસ પહેલાં ભુરામલ તરફથી એક પત્ર આવ્યો હતો તે પત્રમાં ભુરામલે જણાવ્યુ હતુ કે, "મને વિ-ષમ જ્વર આવે છે, તે માટે મેં ઘણા ઔષધોપચાર કર્યા પણ તેથી મને શાન્તિ થતી નથી જ્યોતિષીને પૃછતા તેણે જણાવ્યું છે કે, મને સૂર્ય અને શનિ ગ્રહો નડે છે, તેમની શાન્તિ અર્થે કોઇ સુખી પુરૂષના ઘેરથી માંગી લાવેલ સવા ગજ શ્વેત વસ્ત્રની આ-વશ્યકતા છે, માટે આપણા ગામમાં કોઇ પણ સુખી જનને શોધી તેના ઘરેથી શ્વેત વસ્ત્ર જેમ બને તેમ ત્વરાથી મને મોકલી આપજો, એટલે અનુષ્ઠાન આરંભાય." કર્માદેવીથી આ પત્રનું રહસ્ય ન સમજાયાથી, તે પત્ર તેણે ગોર મહારાજના હાથમા આપ્યો, અને પોતાના પુત્રે જે લખ્યુ હતુ, તેનો મર્મ સમજાવવા વિનતિ કરી ભટ્ટજી સ્વભાવે શાન્ત, શાણા, બુદ્ધિશાળી, સર્વ વિદ્યાસપન્ન, અનુભવી, વ્યવહાર કુશલ, અને કાર્ય દક્ષ હતા તેઓ રાત્રિએ જરા ઓછું દેખતા, એટલે ઝટ લઇને તેઓએ આંખે ચશ્મા ચડાવ્યા, અને પત્ર વાંચવાનો આરંભ કર્યો. એક અપક્વ બુદ્ધિના બાલકની દીર્ઘદર્શિતા જોઇ ગોર મહારાજ આશ્ચર્ય ચકિત થયા, અને મસ્તક ડોલાવવા લાગ્યા ગોરના મસ્તક ન્યાસથી કર્માદેવીને વધુ ભ્રાંતિ થઇ ધૈર્ય ન રહેવાથી પૃછવા લાગી, "મહારાજ! શું સમજ્યા ?"

વિશ્વચક્ષુ:—ઠીક સમજ્યો, માજી.

કર્માદેવી:—પણ મને તો સમજાવો! છોકરાએ લખ્યું છે કે, 'મને જ્વરની શાન્તિ માટે, ગ્રહ પૂજન માટે કોઇ પણ સુખી-જનના ઘેરથી શ્વેત વસ્ત્ર મોકલવામાં વિલંબ ન થાય તેમ કરજો.' ગામમાં શ્વેત વસ્ત્ર માટે હું ફરી ફરી થાકી શ્વેતવસ્ત્ર મળવામાં કોઇ પણ પ્રકારની મુશ્કેલી નથી, પરતુ સુખી જનની શોધ કરતાં ગામમા પોતાને કોઇ સુખી જણાવતું નથી. કોઈને કાંઇ દુઃખ તો કોઇને કાંઇ દુ ખ, એ રીતે આ ગામમાં પ્રત્યેક જન દુઃખ સાગરમાં નિ-

મગ્ન થયેલા જણાય છે મહારાજ, હું તો મુંઝાઇ ગઇ છું, હવે કાંઇ માર્ગ દર્શાવો.

ભટ્ટજી મનમાં સમજ્યા કે યજમાન પુત્રની બિમારી મરણ તુલ્ય હોવી જોઇએ. એટલે મૃત્યુના માઠા સમાચાર માને શોકાગ્નિથી બાળે નહીં અને મનને શાન્તિ રહે. એ હેતુથી છોકરાએ આ યુક્તિ શોધી કહાડી છે આટલી નાની ઉમ્મરમા આવા ઉત્તમ વિચાર ! !

વિશ્વચક્ષુ—માજી, તમારા પુત્રને હાલ જરા શ્રમ નડે છે, તેથી તેના શરીરમાં પિત્તકોપ જણાવાનોતો ખરો; પરંતુ આપને ચિંતા કરવાનું કશું કારણ નથી શ્રીરામ સ્મરણ કરો. જગન્નિયંતા સર્વ સારૂં કરશે.

કર્માદેવી—મહારાજ ! ઘરમાં ભુરો ખાય તેટલો રોટલો છે એકનો એક પુત્ર દુરાગ્રહથી પરદેશ ગયો, મારાથી તેને જવાની ના તો ન કહેવાઈ, પરંતુ તેના આવા પત્રો આવે છે, તેથી જીવને અનેક ઉચ્ચાટ અને સંકલ્પ વિકલ્પ થયા કરે છે. મહારાજ ! અમારા કુટુમ્બમાં એક ભુરામલ શિવાય બીજું કોઇપણ રહ્યું નથી. હું સારી રીતે સમજું છું કે સર્વે ઇશ્વરની માયા છે. જેવા રીતે કૃપાચાર્યની સ્રી કૃપી, કૃપાચાર્યનું મૃત્યુ થતાં પોતાના એકના એક પુત્ર અશ્વત્થામા માટે પોતે સતી ન થઇ, તેવીજ રીતે માત્ર ભુરાને લીધેજ હું સતી થઈ નહી. પ્રભુ મને આવા દારૂણ દુ ખની વેળાએ સહાય કર, હુ રઝળતી ન થાઉં એજ તારી પાસે મારી પ્રાર્થના છે પુત્રના પત્રથી મારૂં હૃદય ધ્રુજે છે, અને મન અકળાય છે. રાત્રિ દિવસ એની એજ ચિંતા થયા કરે છે, મહારાજ ! હવે તો માર્ગ બતાવો કે મારે શું કરવું ?

વિશ્વચક્ષુ—માતાજી, પ્રભુ સર્વ સારૂં કરશે. આપ નિશ્ચિંત રહો. હું પણ દૂર પ્રદેશથી આવુ છુ, અને તેથી મને વિશ્રાંતિ લેવાની જરૂર છે રાત્રિ બહુ વ્યતિત થઈ છે, માટે કાલે પ્રાતઃકાળમાં ઉઠી, યોગ્ય કરશું.

ભટ્ટજી બહુ શ્રમિત થયેલા હતા, તેથી તેને ગાઢ નિદ્રા આવી ગઈ. કર્માદેવીને એક તો પુત્ર તરફની ચિંતા અને બીજી બાજુ

ભટ્ટજીની નાસિકામાંથી નીકળતી ધ્વનિને લીધે આખી રાત્રિ ઉજાગરામાં ગઇ ભટ્ટજી પ્રવાસી એટલે ઉંઘમાં પણ પ્રવાસતો ચાલુને ચાલુજ, અને તેમની ઘોર નિદ્રા તે પણ સ્વપ્નમય. ભટ્ટજીને સ્વપ્ન આવ્યું કે "જાણે પોતે પર્યટન કરવા નિકળી પડયા છે પંથ ઘણો કપાઇ ગયો છે, અને ઘણે દૂર નીકળી ગયા છે રસ્તામાં સ્મૃતિ થઇ કે યજમાનપત્ની વાટ જોતી હશે, એટલે ઘર તરફ તેઓ પાછા વળ્યા. માર્ગમાં એક હડકાયલો શિયાળ દોડતો દોડતો ભટ્ટજીની પાછળ ધાયો ભટજી ગભરાયા અને તરત **राजोवाच। यन गुप्त सहस्राक्ष सवाहान् रिपुसैनिकान** એ રીતે નારાયણ કવચનો, પાઠ કરવા મંડી ગયા, અને પોતે એક મોટી દોટ મૂકી. દોડતાં રસ્તામા એક મોટો ખાડો આવ્યો ભટ્ટજી એ ખાડાનું તળીયુ માપવાની તૈયારીમાં હતા, પરંતુ ઇશ્વર કૃપાએ તે બચી ગયા તેમા પડતાં તેમનાથી હે ! હે ! હે ! એમ એક મોટી રાડ નખાઇ." સમય પ્રાતકાળના અરૂણોદયનો હતો. કર્માદેવી તે વખતે વાશીદું કહાડતી હતી ભટ્ટજીની આ ઓચીંતી રાડથી કર્માદેવી ગભરાઇ અને વાશીદું કહાડતા ભટ્ટજીના ખાટલા સુધી પહોચી હતી ત્યાંથી દૂર દોડી ગઇ. ભટ્ટજીનું સ્વપ્ન પણ પુરૂ થયું હતુ અને તે પણ જાગ્યા.

વિશ્વચક્ષુ—માજી, મારા ગભરાટનુ કારણ મારૂં સ્વપ્ન છે, અને સ્વપ્નમાં મારાથી બૂમ પડાઈ, તેથી આપ ગભરાઇ દૂર દોડી ગયા હશો ! સ્વપ્નાનુ કારણ મનની અસ્વસ્થતા છે અસ્વાસ્થ્યવશ મારૂં મન હોવાથી મને સ્વપ્ન આવ્યું

કર્માદેવી—એમજ હોવું જોઇએ. પણ મહારાજ, આપનું સ્વપ્ન કાંઇ અશુભ કે અનર્થસૂચક તો નથી ને ?

વિશ્વચક્ષુ—માજી, મનમાં વ્હેમને જગા ન આપવી ધાર્યું ઇશ્વરનું થાય છે, એ આપ જાણે છો. ઇશ્વર પર શ્રદ્ધા રાખો, માજી. જગન્નિયંતા સર્વેનું ભલુંજ કરશે.

વિશ્વચક્ષુ અને કર્માદેવી વચ્ચે આ પ્રમાણે વાર્તાલાપ થતો હતો, તેજ વખતે એક બીજો પત્ર આવ્યો. ભટ્ટજીએ તે પત્ર વાંચ્યો.

કર્માદેવી. પત્રમાં શું લખ્યુ હતુ, તે જાણુવા અતિ આતુર બની હતી તેણે તરત ભટ્ટજીને પ્રશ્ન કર્યો, "મહારાજ, પત્રમાં શુ લખ્યુ છે?"

વિશ્વચક્ષુઃ—માજી, સમાચાર તો અશુભ છે, **अवश्यं भाविनो भावा भवन्ति महतामपि** ભાવી પ્રબળ છે. ભાગ્યમાં જે સરજેલ હોય છે, તે અવશ્ય થવાનુંજ મહાન્ પુરૂષો પણુ ભાવી ટાળી શકતા નથી. માતાજી, આપનો એકનો એક પુત્ર સ્વર્ગગામી થયો છે આપનો વિચક્ષણુબુદ્ધિ પુત્ર પોતાનું ભાવી અગાઉથી જાણી ગયો હતો આપના પુત્રની પૂર્વપત્રની વિચક્ષણુયુક્તિ આગામી શોકવાર્તાજન્ય દુઃખની શામક ઔષધિ હતી. માતાજી, હવે શોક કરવો વૃથા છે

ભટ્ટજીએ કર્માદેવીને અનેક રીતે આશ્વાસન આપવામા કચાશ રાખી નહીં. પરતુ આ સંસારમાં પ્રેમ અને મોહે કોને મુગ્ધ નથી કર્યા? કર્માદેવીને ભુરામલ શિવાય કોઇ હતુ નહી એકના એક પુત્રના મૃત્યુ સમાચારનો કારી ઘા કઈ માતાને ઘાયલ ન કરે? આ જગત્માં માતાથી અધિક ફક્ત ઇશ્વરજ છે. ગમે તેમ તોપણુ કર્માદેવી સંસારી હતી સંસારીને ગમે તેટલુ સમજાવો, તેની પાસે જ્ઞાનના ભંડાર ખોલો પણુ તેના હૃદયમાં વિરહનો લાગેલો કારી ઘા રૂઝવવો અશકય છે મોહમા મુગ્ધ બનેલી કર્માદેવીને સમજાવવા માટેના ભટ્ટજીના સર્વે પ્રયત્નો વ્યર્થ ગયા. પુત્રના મૃત્યુ સમાચાર સાંભળતાંજ કર્માદેવીની આંખો તરત ઢળી ગઇ અંગમાં પ્રસ્વેદ (પરસેવો) છૂટયો, હૃદય કંપવા લાગ્યુ, ઓષ્ટક પથી દાંત કડકડ થવા લાગ્યા, અને કપાળમાં કરચલી વળી કર્માદેવી આખા શરીરનુ ભાન ભૂલી જઈ ધરણીપર ઢળી પડી હું હું હું!! કરતાં ભટ્ટજી ઉઠયા અને "માતાજી શાન્ત થાઓ, માતાજી શાંત થાઓ, ભાવી મિથ્યા થતુ નથી" મનુષ્ય પ્રયત્ન વ્યર્થ છે માજી, શોક મૂકી સાવધ થાઓ," વગેરે શબ્દોથી ભટ્ટજી આશ્વાસના કરવા લાગ્યા. દેવીનું શરીર સ્થિર અને સ્તબ્ધ થઇ ગયુ પ્રાણાવરોધ જણાયાથી ભટ્ટજી પણુ ગભરાયા. સમયસૂચકતા વાપરી પોતાપાસેના લોટામાંથી જળ લઇ તેના મુખ અને મસ્તકઉપર છાંટયુ, અને એક વસ્ત્ર લઇ તેના શરીરે હવા કરવા લાગ્યા. થોડીવારે કર્માદેવી શુદ્ધિમાં આવી, એ.

ટલે ભટ્ટજી ફરી આશ્વાસન આપવા લાગ્યા; પણ દેવીને તેની જરા પણ અસર ન થતાં તે વધારે રૂદન કરવા લાગી દેવીના રૂદનથી સગાસબધી અને આડોશીપાડોશી દોડી આવ્યાં. દેવીના એકના એક પુત્રના મરણથી જે અસહ્ય*હાની થઇ અને વંશનુ નિકંદન નિકલી ગયુ. તેથી સર્વેને લાગી આવ્યુ; અને તે સર્વેના મુખ ઉદાસી બન્યા બહાર નદીએ સ્નાનાદિક લાકિક વ્યવહાર થઇ રહ્યા પછી આડોશીપાડોશી અને સગા સબધીઓ ભટ્ટજીની સાથે આશ્વાસનમા ભાગ લેવા મડયા. આ વખતે ઘણા જણાઓના પ્રયત્ન ઘણે અશે સફળ થયા, અને દેવી કાંઇક શાન્ત થઇ, એટલે સૌ પોત પોતાને ઘેર ગયાં અવશેષમાં ભટ્ટજીના યજમાનને ઘેર ભટ્ટજી અને યજમાન પત્ની રહ્યાં

ત્રિશ્વચક્ષુઃ—માતાજી, **गते शोचो न कर्तव्यः** ગઇ ગૂજરી વિસારી દ્યો. મોટ મોટાઓને પણ દુઃખ તો થાય છેજ. અને ઇશ્વરને પણ દુઃખને આધીન થવુ પડે છે

કર્માદેવી —ઇશ્વરને પણ દુઃખ થતુ હશે ? મહારાજ. તે કેવી રીતે તે મને સમજાવો

વિશ્વચક્ષુઃ—માતાજી, આ મૃત્યુ લોકમા જે કોઇ પણ જન્મ લે છે, તેને સાસારિક દુઃખોને આધીન થવુજ પડે છે જો ઈશ્વર આ મૃત્યુલોકની લીલાઓ કરવા તત્પર થાય, તો તે આ મૃત્યુલોકના અલઘનીય નિયમોર્થા કેવી રીતે મુક્ત રહી શકે ? અશાવતારી ઇશ્વર શ્રીકૃષ્ણચંદ્રને પોતાના ભાઇ બલરામ સાથે જરાસંધના ભયથી સમરાંગણમાથી ભાગી જવું પડયું હતું, અને તેથી **पलायमानौ तौ दृष्ट्वा मागधः प्राहसद् बली** બળવાન્ માગધ અર્થાત્ જરાસંધને હસવું આવ્યુ. આ જગતનો લય કર્તા ઇશ્વરાશ મહાદેવજીને પોતાને પણ ભસ્માસુરના ત્રાસથી જગત્નું પાલન કર્તા વૈકુંઠવાસી શ્રીવિષ્ણુ ભગવાનને શરણે જવું પડયું, અર્થાત્ મહાદેવજી જેવા પણ સુખ દુઃખના ફરતા ચક્રમાં માનવીની પેઠે અનિષ્ઠ ભાવીને આધીન થયા હતા, અને હાથના કર્યા હૈયે વાગે એ ન્યાયે પોતેજ કરેલા કાર્યથી પોતાનેજ દુઃખ વ્હોરી લેવું પડયુ હતું. પૂર્ણ પુરૂષોત્તમ શ્રીરામચદ્ર ભગવાનને પોતાને શુ ઓછાં દુઃખ પડયાં છે ? પોતાને રાજ્યાસન મળવાને ટાંકણેજ તેની સાવકી

માતા કૈકેયીએ તેને વનવાસ અપાવ્યો. વનવાસના દારૂણ દુ:ખોમાં જાણે કાંઇ ન્યૂનતા હોય, તેમ તેને આ દુ:ખમાં પણ વૃદ્ધિ થતી ગઇ પોતાની પ્રાણસમ પ્રિય સાધવી પત્ની સીતાથી તેનો વિયોગ થયો. સીતાની ભાળ કાઢવા માટે તેને કેટલાં દુ:ખો સહન કરવાં પડયાં ? સતી સીતાદેવીનુ હરણ કરનાર બ્રહ્મદૈત્ય રાવણસાથેના તુમુલ યુદ્ધમાં પોતાના પુત્ર-સમ પ્રિય ભ્રાતા શેષાવતાર લક્ષ્મણજીને મૂર્ચ્છા આવી. માતાજી, આ વખતે રામને કેટલુ દુ:ખ થયુ હશે, તેની આપજ કલ્પના કરો. શક્તિ અવતાર સીતાજીનાં નિ:સીમ દુ:ખોની કથા આપથી અપરિચિત ન હશે ! જગત્‌ની રચના કરનાર બ્રહ્માએ દેવો સાથે રાક્ષસોને પણ ઉત્પન્ન કર્યા અને તેનું પરિણામ એ આવ્યુ, કે બ્રહ્માનીજ રાક્ષસ પ્રજા બ્રહ્માની પાછળ લાગી, એટલે બિચારા બ્રહ્માજીએ ગભરાઇને ઇશ્વરના પાલક અંશ શ્રી વિષ્ણુ ભગવાનનો આશ્રય માગ્યો, અને તે વિષ્ણુની પ્રાર્થના કરવા લાગ્યા કે,

पाहि मां परमात्मंस्ते प्रेषणेनाऽसृजं प्रजा

ता इमा च भितुं पाषा उपक्रामंति मां प्रभो ॥

भागवत ॥ स्कं० ३॥ अ० २०॥ श्लो० २६

ભાવાર્થ—પ્રભુ ! મારૂ રક્ષણ કરો. આપની આજ્ઞાથી મેં પ્રજા ઉત્પન્ન કરી, અને મારીજ પાપી પ્રજા મનેજ પજવે છે. (ભાગવત)

માતાજી, કર્મની ગતિજ ન્યારી છે. "ઓધા, કર્મ તણી ગતિ ન્યારી". મહાત્મા ભર્તૃહરિ જણાવે છે કે.

ब्रह्मायेन कुलालवन्नियमितो ब्रह्मांडभांडोदरे

विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे ।

रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः

सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥

ભાવાર્થ—જે કર્મે બ્રહ્માને બ્રહ્માંડની વચમાં કુંભારનું કામ સોંપેલું છે, વિષ્ણુને દશાવતારના મહાન્ સંકટમાં નાંખી દીધો છે. જે કર્મ મહાદેવજી પાસે હાથમા ખોપરી પકડાવી તેમાં તેને ભીખ મંગાવે છે, અને સૂર્યને નિરંતર ભટકતો કરે છે, તે કર્મને મારા નમસ્કાર છે.

એવીજ રીતે એક બીજો કવિ કર્મને સંબોધી કહે છે કે —

रामो येन विडंबितोऽमृतमयश्चंद्रः कलंकीकृतः
क्षारांबुः सरितांपतिश्च नहुषः सर्पः कपाली हरः ।
मांडव्योऽपि च शूलपीडिततनुर्भिक्षांभुजः पांडवाः
नीतो येन रसातलं बलिरसौ तस्मै नमः कर्मणे ॥

ભાવાર્થ:—જે કર્મે રામને વિટંબના ભોગવાવી, અમૃતથી ભરેલા ચંદ્રમાને કલંકિત કર્યો, અનેક નદિઓના પતિ સાગરનું જળ ખારૂં બનાવ્યું, નહુષ રાજાને સર્પ બનાવ્યો, શંકરને કપાલી બનાવ્યા, માંડવ્ય ઋષિને શૂળીએ ચડાવ્યા, પાંડવોને ભીખ માગતા કર્યા, બલી રાજાને રસાતળમાં મોકલ્યો, તેવા કર્મને મારા નમસ્કાર છે.

માતાજી, ભાવીને ટાળવા આ જગતમાં કોઇપણ સમર્થ છે? પંચતંત્રમાં જણાવેલું છે કે —

अवश्यं भावी भावानां प्रतिकारो भवेद्यदि ।
तदा दुःखैर्न लिप्येरन् नलरामयुधिष्ठिराः ॥

ભાવાર્થ.—જો આગામી વિપત્તિકે દુઃખનો પ્રતિકાર કે ઉપાય કરવાનું સામર્થ્ય (આ મૃત્યુલોકના) માનવીમાં હોત, તો નલ રામ અને યુધિષ્ટિર જેવા પૃથ્વી-પતિ દુઃખમાં સપડાત નહીં.

માતાજી, મૃત્યુના પાશમાંથી મુક્ત થવા કોઇપણ જણની સત્તા છે? મૃત્યુથી કોણ બચવા પામે છે? મહાન્ ભતૃહરિ જણાવે છે કે કાલ પોતાની સ્ત્રી કાલી-સાથે આ જગત્‌ના માનવીઓને સોગઠાં બનાવી રાત્રિ અને દિવસ પાસાવડે સર્વદા ચોપટ ખેલ્યા કરે છે ચોપટની રમતમાં જે ઘરમાં અનેક હોય છે, ત્યાં

એક પણ રહેવા પામતુ નથી. અને જ્યાં એક હોય છે, ત્યાં અનેક મળે છે, અને પુન તે ઘર તદ્દન ખાલી થઇ જાય છે

કાલનો અજબ તડાકો છે. કબીર ભક્ત કહે છે,

कालका अजब तडाका वे तुं क्या जाने लडका वे ॥

× × × × × × × ×

पीरबी मरगये पेगंबर मरगये, मरगये जंदा जोगी,
जती सती संन्यासी मरगये, मरगये बैद न रोगी;
कालका अजब०

માતાજી, આ સંસારમાં માનવીપર સુખદુ.ખ, તડકા અને છાયાની પેઠે આવ્યા કરે છે ડાહ્યા પુરૂષો જેમ સુખમાં હર્ષ પામતા નથી, તેમ દુઃખમાં ગ્લાની પામતા નથી.

उदिते सविता रक्तो रक्तश्चास्तमने तथा
संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥ भर्तृहरिः

ભાવાર્થઃ—સૂર્ય ઉદય થતી વેળા લાલ હોય છે, તેવી રીતે અસ્ત થતી વખતે પણ લાલ હોય છે, અર્થાત્ સુખ અને દુ ખમા મહાપુરૂષો સમતા ધારણ કરે છે

તેવીજ રીતે માતાજી, શોક છોડો. તમારા શોકથી કે રૂદનથી કે વિલાપથી હવે તમારો ભુરીઓ પાછો આવવાનો નથી. આપને વધુ શુ કહુ, માજી ?

---

* **यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको**
यत्राप्येकस्तद[illegible] बहवस्तत्र चान्तेन चैकः ।
इत्थं चेमौ रजनिदिवसौ दोलयन्द्वाविवाक्षो
कालः काल्यासह बहुकलः क्रीडति प्राणिसारैः ॥
भर्तृहरिः

કર્માદેવીઃ—પણ મહારાજ, મારો ભુરીઓ અંધની લાકડી હતો, મારો નિરાધાર અબળાનો તે આધાર હતો. ભુરીઓ જતાં મારૂ સર્વસ્વ નાશ પામ્યું મહારાજ! હવે મને ધીરજ કેમ આવે?

વિશ્વચક્ષુ.—આ સંસારમાં ધન, સમૃદ્ધિ, પુત્ર, કલત્ર, વગેરે માયાના ખેલ છે, અને સંસારીઓને તે મોહમાં મુગ્ધ બનાવે છે. જ્ઞાનની દૃષ્ટિએ તપાસતાં કોણુ કોનો છે? આપને આ પ્રસંગે શ્રીમદ્ ભાગવતમાંથી ચિત્રકેતુનું આખ્યાન શ્રવણ કરાવું, તો તે અસ્થાને નહીં ગણાય.

ચિત્રકેતુ રાજાને અસંખ્ય સ્ત્રીઓ હોવા છતાં તેને સંતાનસુખ ન હતું ભાગ્યવશાત્ નારદમુનિ પાસેથી વરદાન માગવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં, તેની પાસેથી એ આશીર્વાદ મેળવ્યો અને ચિત્રકેતુ રાજાને અભિપ્સિત સુખની પ્રાપ્તી થઇ, પરંતુ બિચારા ચિત્રકેતુના મંદભાગ્યના પરિણામે પુત્ર અલ્પાયુઃ નિવડયો જેને પુત્ર ન હોય, તેને જે દુઃખ થાય છે, તેના કરતાં પુત્ર મળતાં તરત તે જો મૃત્યુ-વશ થાય, તો તેને કેટલું અધિકતર દુઃખ થતું હશે, તે કોઇ સંસારી જનને પૂછી જુઓ. નિશ્ચળદાસજી પોતાના વિચાર સાગરમાં જણાવે છે કે,

દોહરો

पुत्र सदा दुःख रूपहे, न प्राप्ति दुःख एक,
गर्भसमय दुःख जन्म दुःख, मरेतो दुःख अनेक.

ચિત્રકેતુ પણ સંસારી હતો, એટલે પુત્ર ગત થતાં તેને સ્વાભાવિક રીતે અત્યંત દુઃખ થયુ. પુત્રના શબપાસે બેસી હૃદયભેદક સ્વરથી તે આક્રંદ કરવા લાગ્યો. એ વખતે દૈવેચ્છાથી મહ -મુનિઓ નારદ અને અંગીરા ત્યાં આવી પહોંચ્યા. નારદને જોઇ, ચિત્રકેતુ રાજા અતિવિલાપ કરવા લાગ્યો, અને તેણે નારદ મુનિને પુત્ર સજીવન કરવા પ્રાર્થના કરી. ચિત્રકેતુના વિલાપથી નારદને દયા આવી, અને જ્યારે નારદે જે સદુપદેશ આપ્યો તેની કાંઇપણ અસર થઇ નહીં, ત્યારે નિરૂપાયે નારદે પુત્રને સજીવન કરતાં પુત્રના જીવને કહ્યું.—

जीवात्मन् पज्य भद्रं ते मातरं पितरंच ते
सुहृदो बान्धवास्तप्ताः शुचा त्वत्कृतया भृशम् ॥ २ ॥
कलेवरं स्वमाविश्य शेषमायुः सुहृद्वृतः
भुंक्ष्व भोगान्पितृप्रत्तानधितिष्ठ नृपासनम् ॥ ३ ॥
भागवत ६ ॥ १६

ભાવાર્થ—હે જીવાત્મન્ ! તારે લીધે શોકથી તપ્ત થયેલા તારા માતા પિતા, સ્ત્રિ, બાંધવ વગેરેને સારી પેઠે જો ॥ ૨ ॥ તારા પોતાના શરીરમા તુ પ્રવેશ કરી, અવશેષ આયુષ્ય તારા પિતરોએ ઉપાર્જિત કરેલ રાજ્યાસનપર બેસી તારા મિત્ર સહૃદોની વચ્ચે ભોગ ભોગવવામાં વ્યતીત કર ॥ ૩ ॥ ભાગવત સ્કંદ ૬ અધ્યાય ૧૬

નારદજીના આ વચન સાભળી જીવાત્માએ તેનો જે પ્રત્યુત્તર આપ્યો છે, તે માતાજી ! બહુ મનન કરવા યોગ્ય છે. જીવાત્મા કહે છે કે —

कस्मिञ्जन्मन्यमी मह्यं पितरो मातरोऽभवन् ।
कर्मभिर्भ्राम्यमाणस्य देवतिर्यङ्नृयोनिषु ॥ ४ ॥

ભાવાર્થઃ—કર્મને લીધે દેવ, કે સર્પાદિ, કે નરયોનિઓમાં ભટકતા (જીવના) કયા જન્મમાં આ મારા માતા પિતા થયા હતા ? ॥ ૪ ॥

અર્થાત્ આ સંસારમાં કોઇ કોઇનો નથી. ભોજો ભગત કહે છે કેઃ—

જીવને શ્વાસતણી સગાઇ, ઘરમાં ઘડી ન રાખે ભાઇ,
બાપ કહે છે બેટો અમારો, માતા મંગળ ગાઇ,
બેની કહે છે બંધવ અમારો, ભીડ પડે ત્યાં ભાઇરે,
જીવને૦

મૂરખો માની રહ્યો મારૂં રે, તેમા કાંઇએ નથી તારૂં;
સાત સાયર જેની ચોકી કરતા, ફરતુ નીર ખારૂં;
ચૌદ ચોકડીનુ રાજ્ય ચાલ્યુ ગયુ, રાવણાદિક વાળુ રે ॥
મૂરખો માની૦

દુઃખને તો કોઇ દેખે નહી ને, સુખ લાગે સારૂં;
વેળા વેળાની છાંયડી તારી, વળી જાશે વારૂં રે—
મૂરખો માની૦

વિશ્વચક્ષુ ઉર્ફે શાન્તિશમના સદુપદેશના પ્રતાપે કર્માદેવીનો શોક ઘણે અંશે મટયો હતો, પરંતુ વિધિની વિચિત્ર ગતિની સામે થવા કોણ સમર્થ છે? અગ્રેજીમાં કહ્યુ છે કે, Misfortunes never come singly અર્થાત જ્યારે માનવીપર દુખ પડે છે ત્યારે એકજ દુખથી તેની સમાપ્તિ થતી નથી. દુખોના વાદળ તેના ઉપર તૂટી પડે છે હજી તો વિશ્વચક્ષુ ઉર્ફે શાન્તિશમના ઉપદેશની કર્માદેવીપર માંડ માંડ અસર થવા પામી હતી. એટલા વખતમા ત્યાં એક બીજો પત્ર આવ્યો કર્માદેવીએ વિશ્વચક્ષુને આ પત્ર વાંચવાની વિનતિ કરતાં, વિશ્વચક્ષુએ તે પત્ર વાંચ્યો. પત્રમા લખ્યુ હતું કે ભુરામલની સ્ત્રીને ગર્ભ આડો આવી જવાથી ભુરામલની સ્ત્રી અને ગર્ભ બન્ને મૃત્યુ પામ્યાં. વાંચનાર! આ પત્રની કર્માદેવીપર કેવી અસર થઇ હશે, તે કેહી જણાવવું તેના કરતાં તેની કલ્પના કરી લે કર્માદેવીના દુખની હવે અવધિ આવી રહી. તેના પાતના કુટુંબની હવે તો સમાપ્તિજ થઇ. તેનાથી આ દુખનો ભાર સહન ન થઇ શકવાથી, તે હાયપીટ કરવા લાગી

લૌકિક ક્રિયા સમાપ્ત કર્યા પછી કર્માદેવી શાન્તિશમને પૂછવા લાગી, મહારાજ! હવે તો મારા દુખની પરિસીમા આવી ગઇ છે. હવે આ જગત્માં મારે જીવીને કરવુ છે શું? મારૂં હવે કોણ રહ્યુ છે?

શાન્તિશમ ઉર્ફે વિશ્વચક્ષુ—માતાજી, આપને મેં જે બોધ કર્યો છે, તેનું શુ આજ પરિણામ કે? વિપત્તિ વખતે ધૈર્ય ધરવું એજ હવે કર્તવ્ય છે. આપના ભુરામલનુ મૃત્યુ થતાં, હવે હું તમારો ભુરામલ. તમે મારી માતા અને હું તમારો પુત્ર. યજમાનના

સુખ દુઃખમાં ભાગ લેવો, અને યજમાનનાં દુઃખ ન્યૂન થાય એવા પ્રયત્નો કરવા, એ પુરોહિતનું કર્તવ્ય છે.

કર્માદેવી —પણ મહારાજ ! મને તો હવે કાંઇ સૂઝતું નથી, કે મારે હવે શું કરવુ મને તો હવે જીવતાં મૃઇ સમજો મારા દુઃખમાં તમે હવે કેવી રીતે ભાગ લઈ શકો એમ છે ?

વિશ્વચક્ષુઃ—માતાજી, તમે આ સસાર હજી જોયો નથી હું આ સસાર જોવાને નિકળ્યો છું, આ સસારમાં સુખને માટે સર્વે ફાંફાં મારે છે. પણ વસ્તુત મહારાજ ભતૃહરિ જણાવે છે તેમ,

> **न संसारोत्पन्नं चरितमनुपश्यामि कुशलम्**
> **विपाकः पुण्यानां जनयति भयं मे विमृशतः ।**
> **महद्भिः पुण्यौघैश्चिरपरिगृहिताश्च विषया**
> **महान्तो जायन्ते व्यसनमिवदातु विषयिणाम् ॥ भर्तृहरि॥**

અર્થાત્ સંસારમાં ઉત્પન્ન થયેલું કોઇ પણ કર્મ હુ સુખકર જોતો નથી; કારણ કે વિચાર કરી જોતાં તો પુણ્યનું પરિણામ પણ મને ભય ઉત્પન્ન કરે છે; કેમ કે મહા પુણ્યના ઓઘે કરીને પ્રાપ્ત થયેલા અને વિચારકાળથી ભોગવાતા વિષયો પણ અનુરાગી (વિષય ભોગવનાર) પુરૂષોને મહાદુઃખના કારણરૂપ થઇ પડે છે ભર્તૃહરિના આ કથનની મને પરીક્ષા કરવી છે, અને તેથી હું આ જગત્‌માં પ્રવાસી બન્યો છુ માતાજી, આપ પણ મારીસાથે આવો, અને આ સંસારની લીલાઓ જુઓ આપને માટે હવે એજ ઉત્તમ માર્ગ છે

કર્માદેવી—પણ તમે યુવાન છો, હુ પણ યુવાન છું, સાથે ફરતાં આપણે લોક નિન્દાનાં પાત્ર બનીએ. આપ સમજો છો કે દુનિયાનો મોઢે ઢાકણું નથી.

વિશ્વચક્ષુઃ—માતાજી, આપ પોતેજ જણાવો છો કે દુનિઆને મોઢે ઢાંકણું નથી. સાધુ પુરૂષોની નિન્દા કરવી એ આ

સંસારના માનવીઓ ધંધો લઇ બેઠા છે જગદ્‌ગુરૂ શ્રી શંકરાચાર્યજી પણ આ સંસારી પુરૂષોની નિન્દાથી મુક્ત નથી. મહાનુભાવ શ્રી શંકરાચાર્યજી માટે વિદ્વન્મંડન નામે પુસ્તકમાં કોઇએ લખી માર્યુ છે કે, शंकर! त्वं हृदयशून्यो भासि भ्रांतोऽसि प्रच्छन्नबौद्धोसि વગેરે વગેરે અર્થાત્ શંકર તું કાળજાનો ઉજ્જડ દેખાય છે, તું દીવાનો છે. તું છાનો બૌદ્ધ છે માતાજી, આવુ આ સંસાર છે સાધુ પુરૂષો કોઇ પણ કાળે સ્તુતિ કે નિંદાની દરકાર કરતા નથી. માતાજી, આ સંસારમાં જેમ તમારૂં કોઇ રહ્યું નથી, તેમ મારૂ પણ કોઇ નથી. હવે પ્રવાસી બની સંસાર જોવાની મારી તિવ્ર ઇચ્છા છે, અને તે પ્રમાણે હું પ્રવાસે નિકળ્યો છુ મારી સાથે આપ પણ આવશો, તો આપને પણ બહુ જોવાનુ અને અનુભવ મેળવવાનુ મળશે. મેં આપને મારી માતા માન્યા છે. અને આપ મને તમારો ભુરામલ સમજો આપણે નીતિમાં સુદૃઢ છઇએ, તો દુનિયા જખ મારે છે

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ भर्तृहरिः ॥

ભાવાર્થ—નીતિનિપુણ પુરૂષો ભલે નિન્દે વા સ્તુતિ કરે, લક્ષ્મી ભલે આવે વા જાય, જેમ તેની મરજી મરણ આજે થાય વા યુગ વીત્યાબાદ થાય. પણ ધીર પુરૂષો ન્યાયના માર્ગથી એક ડગલુ પણ દૂર જતા નથી.

કર્માદેવીઃ—પણ મારી સ્થાવર જંગમ મિલ્કત છે. તેનું મારે શું કરવું ?

વિશ્વચક્ષુ—મિલ્કતની યોગ્ય વ્યવસ્થા કરો આપણે થયાં વિરકત, એટલે હવે આપણુને દ્રવ્યની કશી જરૂર નથી આપની સઘળી મિલ્કત આપના ગામના કોઇ પ્રતિષ્ઠિત. સદ્‌નિષ્ઠાવાળા, પ્રમાણિક સદ્‌ગૃહસ્થોને ટ્રસ્ટ કરી સોંપી દ્યો. તેઓ આપના લેખ

અનુસાર સર્વ વ્યવસ્થા કરશે. આપની જ્ઞાતિના નિરાધાર બાળકો, બાળકીઓ, વિધવાઓ વગેરેનું ભરણ પોષણ થાય અને તેની સાથે તેઓમાં વિદ્યા વૃદ્ધિ થાય એવી યોજના તમારા દ્રવ્યની કરવાની છે, સમજ્યા, માજી ?

કર્માદેવી—બધી મિલ્કતની આવી વ્યવસ્થા કરીએ તો પછી આપણા પોતાના નિર્વાહ માટે શું ?

વિશ્વચક્ષુ—માતાજી! આપને ઇશ્વરપર ભરોસો છે કે નહીં ? જેણે આપણને ઉત્પન્ન કર્યા તે શું આપણને ભૂખ્યા પેટે સુવાડશે ? વિરક્ત પુરૂષોને એ વળી પૂછવાનું હોય કે આપણે આપણો નિર્વાહ કેમ ચલાવશું ? આપણે માટે તો भिक्षाशनं तदपि नीरसमेकवारम् । शय्या च भू. परिजनो निजदेहमात्रम् ॥ અર્થાત્ આપણે તો ભિક્ષાપર રહેવું, અને તે પણ તિખ્ખુ, મીઠું, કડુ વગેરે છ સ્વાદ રહિત એકવાર ભોજનપર, સૂવુ જમીનપર, અને નોકરો આપણાં પોતાના દેહ અને બીજો કોઇ નહીં

કર્માદેવીઃ-શું મારા જેવા માટે પણ ભિક્ષાપર રહેવું ? મહારાજ ! ભિક્ષા માગી ખાવુ તેના જેવું અમારે માટે બીજુ શું નીચ કર્તવ્ય ગણાય ? અસ્તુ. જે થાય છે તે સારાને માટે આજે રાત્રે તો મારી જ્ઞાતિના પ્રતિષ્ઠિત પુરૂષોને મારે ઘેર બોલાવી, તેમને મારી સર્વ સ્થાવર તેમજ જગમ મિલકત તેમની સલાહ પ્રમાણે સોંપી દઇશ.

રાત્રિ પડી. જે સદ્‌ગૃહસ્થોને કર્માદેવીએ પોતાને ઘેર બોલાવ્યા હતા, તે આવ્યા. કર્માદેવીએ તેમની આગળ પોતાની વીતકવાર્તા કહી સભળાવી, અને તેમને પોતાની ઇચ્છા પણ જણાવી દીધી. આમન્ત્રિત સદ્‌ગૃહસ્થોએ, "તમારૂ વય હજી વિરક્ત થવા જેટલુ નથી. તમો એક યુવાન પુરૂષ સાથે ફરો, તેથી લોકમાં નિન્દા થાય. ઇશ્વર ભજન કરવું હોય તો ઘેર બેઠે થઇ શકે," વગેરે શબ્દોમાં કર્માદેવીને બોધ આપ્યો

કર્માદેવીઃ—આપનુ કહેવુ સત્ય છે, અને મને તે સર્વ રીતે માન્ય છે. એ વાત સત્ય છે, કે સ્ત્રીઓ સ્વતંત્રાથી કોઇ પણ રીતે

વર્તન ન કરી શકે. છતાં પણ આપ મુરબ્બીઓને જણાવવાની હું રજા લઉં છું, કે અત્રે પધારેલા વિરક્ત દેખાતા મહારાજ મારા પતિના કુટુંબના પુરોહિત છે, અને તેઓ આ સંસાર જોવા નીકળ્યા છે તેઓ મને પોતાની જન્મદાતા મા સમાન ગણે છે, અને તેઓએ મારી પુત્રવત્ સભાળ લેવાની પ્રતિજ્ઞા લીધી છે હું પોતે ત્યાગી બનું, તો મીરાબાઇની પેઠે મને જગતની લાજ શાની? મારી સાથે જે કાંઇ ઉપાધિ છે, તે તો હુ આપને અર્પણ કરૂં છું. અને તે પણ શુભ કાર્યો માટે. મારૂં વચન ફરે નહીં આપ સર્વે મારા મુરબ્બીઓ અને પિતાતુલ્ય છો, અને આપને હુ પ્રાર્થના કરૂ છું કે મારી વિનતિ આપ સ્વીકારો"

આમન્ત્રિત ગૃહસ્થોને કર્માદેવીની વિનતિ સ્વીકારવી પડી. અલ્પ સમયમાં તે દેશના ધારા ધોરણ મુજબ લેખપત્રો તૈયાર થયા, અને કર્માદેવીએ લેખપર પોતાનો સહી સિકકો કર્યો.

કર્માદેવી—ધન્ય, મહારાજ, ધન્ય! તમારા શીતળ હૃદયમાંથી ધૈર્ય આપનારા શબ્દોથી મારો શોક દૂર થયો છે આજથી મારા ખરા ભૂરા તમેજ છો. મારે તો આ પાપી પેટમાં કોળીઓ નાંખીને ઇશ્વર ભજન શિવાય બીજુ કાંઇપણ કરવું નથી પણ આશ્ચર્ય તો એજ છે કે, તમો ઇશ્વરને પણ દુઃખી જણાવો છો. ત્યારે શું કોઇ સુખીજ નહીં હોય?

વિશ્વચક્ષુઃ—હશે તો ભવાટવીમાં ભમતા, કાને કે આંખે પરોક્ષ કે પ્રત્યક્ષ અનુભવતાં કોણ અટકાવે છે?

સવાર પડતાં પોતાથી ઉપાડી શકાય તેટલો જોઇતો સામાન સાથે લીધો, અને કર્માદેવી અને વિશ્વચક્ષુ પ્રવાસે નિકળ્યાં. ગામના ઝાંપા સુધી ગામનાં લોકો સત્કારાર્થે આવ્યા દેવીએ સર્વેનો યોગ્ય સત્કાર કર્યો અને તેમને નમન કરી ગોર સાથે ચાલતી થઇ માર્ગમાં કર્માદેવીએ વિશ્વચક્ષુને પૃછયું, "મહારાજ! આપણે હવે કયે ગામ જઇશું?"

વિશ્વચક્ષુઃ—પ્રવાસીને કયે ગામ જવું, એવી પીડા હોય કે ! જ્યાં પહોંચ્યા તેજ ગામ

કર્માદેવીઃ—બહુ દૂર ચાલવાની મારી ટેવ નથી. હું જલદી થાકી જાઉં એટલે પુછું છું

વિશ્વચક્ષુ—તો પછી જ્યાં બેઠાં ત્યાં રામે રામ. આપણે કોની બીક ?

કર્માદેવીઃ—જગલમા તો મોટા મોટા જાનવરો હોય. શુ તેની બીક ન લાગે ?

વિશ્વચક્ષુઃ—તેને માટે ઉત્તમ ઉપાય આપણી પાસે છે, તમારે ચિંતાથી મન મોકળું કરી આનદમગ્ન રહેવુ.

એમ વાતો કરતાં વિશ્વચક્ષુ અને કર્માદેવી ચાલ્યા જતા હતાં. માર્ગમાં કોઇ સાહુકારનો ખાલી રથ કોઇ સારથી હાકી જતો દેખાયો. સારથી પંદર કોશની મુસાફરી કરીને ઘેર જતો હતો માર્ગમાં ભટ્ટજી અને દેવીને પગે હીડતા જોઇને સારથીને દયા આવી—પરોપકાર કરવા વૃત્તિ થઇ. કર્માદેવી પણ ચાલવાથી કંટાળેલી હતી. તેનું મ્લાન મુખ જોઇ, સારથીએ મનમાં વિચાર્યું કે વાર્તાવિનોદથી વખત અને માર્ગ જલદી કપાઇ જશે, તેમ આ બન્ને જણને રથમા બેસાડવાથી મારે કાઇ માથે ભાર ઉપાડવાનો નથી વળી આના માટે રથ લઇ જવામા આવે છે, એમ પણ નથી. તો પછી દયા શા માટે ન કરવી ? ધણી પણ હાજર નથી, કે તેની રજા લેવી પડે ! હાલ કોઇનો ભય નથી. સારથીએ અનેક વિચાર કર્યા પછી, એ રીતે મનનુ સમાધાન કરી, ભટ્ટજીને પુછવા લાગ્યોઃ—

સારથીઃ—તમારે કયે ગામ જવાનું છે ?

વિશ્વચક્ષુ—જ્યાં પૃથ્વિનો છેડો આવશે, ત્યાં.

સારથી—એમ કેમ બોલો છો, મહારાજ ?

વિશ્વ૦—ત્યારે તું કહે તેમ બોલીએ, બીજુ શુ ભાઇ.

સારથીઃ—બહુ ચપગસી અમે ન જાણીએ. જો અમરાવતી આવવું હોય તો, ચડી બેસો રથપર, સમજ્યા ? આ બિચારી બાઇ થાકી જશે, તેની દયા આવે છે બીજું તો કાંઈ નહીં,

વિશ્વ૦:—ભલે, ભાઈ અમો શ્રોત્રીય બ્રાહ્મણ, એટલે કોઇનો અનાદર ન કરીએ. (મનમાં) " ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યું. " (કર્માદેવી પ્રત્યે) સમજ્યાં, માતાજી ! રથપર ચડો, ને કહી દ્યો શ્રી ગણેશાય નમ !

કર્માદેવી —જેવી પ્રભુની મરજી, ને દયા.

વિશ્વચક્ષુઃ—હાલતો આ સારથીની દયા કહેવાય

સારથીઃ—ભગવાનથી હું કાંઇ મોટો ? દયા તો પ્રભુની કહેવાય. હું તો ઇશ્વર પાસે પામર પ્રાણી છુ, મહારાજ !

વિશ્વચક્ષુઃ—(ગાડે ચડી બેઠા પછી) ભાઇ તારૂં નામ શું?

સારથીઃ—મારૂં નામ, અમથો.

વિશ્વચક્ષુ·—ભાઇ, અમથારામ ! અમરાવતીમાં અમારા જેવા મુસાફર માટે સગવડ થઈ શકશે કે ?

અમથો —શામાટે નહી થાય. અમરાવતીમાં મોટી મોટી ધર્મશાળાઓ, મદિરો, બાગ બગીચાઓ, સુદર તળાવો. મોટા મોટા સાહુકારોની બધાવેલી અગણિત જગાઓ, અન્ન ક્ષેત્રો અને સદાવ્રતો વિગેરે છે તો ગામમા તમે શુ ભુખે મરી જાઓ તેમ છે ?

કર્માદેવી —વાહ ! ભગવાન ! શું હું સદાવ્રતનું અન્ન ખાઇશ ?

વિશ્વચક્ષુ —આવી ભેદબુદ્ધિ રાખવી એ વ્યર્થ છે, માતાજી ! હવે તો આપણે થયા સાધુ, એટલે આપનારનો અનાદર કરવો તેજ મહા પાપની પરિસિમા છે. આ તમારો શાંતિરામ કોઇ દહાડે પણ વચન વસુ ખરચવામાં પાછી પાની કરે તેવો નથી. "वचने किं दरिद्रता" વચન વસુ ખરચતાં, હું કદિ ડરતો નથી, અને એવો ભય પણ સ્વપ્ને થયો નથી. (અમથાને) અમથાભાઇ, અમરાવતીમાં ગયે મને પચીશેક વર્ષ વીતી ગયાં હશે !

સારથી —મહારાજ, આજે તો ત્યાં જમીન આસમાનનો ફેર પડી ગયો છે અમરાવતી તો એક સ્વર્ગનો નમુનો છે, નમુનો ? ત્યાં એવા એવા ભાગ્યવાન્ શ્રીમતો વસે છે, કે જેના સુખ પાસે આપણે હજાર હિસ્સે પણ નથી ? મહારાજ ! મારો પોતાનો શેઠ અગણિત

દ્રવ્યનો ધણી છે, તેમ ઘરમા છોકરા, છોકરીઓ, દુધપુત, બધુ એ છે. મહારાજ, તમો જ્યોતિષ જાણતા હો, તો તમારો બેડો પાર ! !

વિશ્વચક્ષુ—કેમ ન જાણીએ ! એતો અમારા ઘરની વિદ્યા છે.

સારથી—તોતો અમારા ગામમા જોશી બાવાઓનું બહુજ વજન અને માન છે ત્યા જપ જાપ વગર જોશીઓનો કોઇ દિવસ વ્યર્થ જતો નથી અમારા શેઠના ઘરમા એક જોશી પેસી ગયો છે, તે ન્યાલ થઇ ગયો છે, અને આજકાલ આનદમાં દિવસ નિર્ગમન કરે છે, કારણ કે મારો શેઠ પોતે ઘણોજ વહેમી છે ઠીક થયુ હ્યો, તમોને ધર્મશાળામાં ઉતારી, હું મારે ઘેર જઇ, શેઠ પાસે વાત છેડીશ જો શેઠ તમને બોલાવે, તો આવશો કે ?

વિશ્વચક્ષુ—કેમ નહી આવીએ, ઘણીજ ખુશીથી આવીશું, અમથાભાઇ.

સારથી.—બહુ સારૂ, મહારાજ !

કર્માદેવી—કેમ ભાઇ શાન્તિરામ, અમથાનો શેઠ તો સુખી જણાય છે ?

વિશ્વચક્ષુ—જોવાથી અને પરિચયમા આવ્યાથી જણાશે

કર્માદેવી—આનો વળી ભલભલેરા સુખી જણાવે છે. તે વાત ખરી હશે ?

વિશ્વચક્ષુ—પરિચયમાં આવ્યા પહેલાં કેમ કહી શકાય ? ધૈર્ય રાખશો તો કાઇએ દૂર નથી પરંતુ માતાજી હવેથી મારાં કર્તવ્યો જોયાં કરજો. મને કાંઇ પણ કહેવાનુ હોય તો ખાનગીમાં કહેજો.

સારથી—જુઓ મહારાજ ! સામે અમારૂ નગર દેખાયું (હાથની નિશાની કરીને) આ જમણા હાથ તરફનાં જુદાં જુદાં ઝાડ દેખાય છે, ત્યાં માનસાગર તળાવ છે. તેની બાજુમાં શિખરવાળું મંદિર દેખાય છે, તે જાડેશ્વર મહાદેવનું અને તેની જરા પાછળના ભાગમાં શરદ્બાગ શોભી રહ્યા છે. મહારાજ ! આવો બાગ આખી દુનિયામાં નહીં હોય, જોજો તો ખરા ! અહિં ઘણી ધર્મશાળાઓ છે.

કર્માદેવી.—આપણે તો જે પ્રથમ ધર્મશાળા મળશે, તેજ ધર્મશાળામાં ઉતરશુ.

સારથીઃ—તે તો ઘણી જુની અને બહુ કચરાથી ભરેલી જગા છે

કર્માદેવી —અમારે કાંઇ તે જગા વેચાતી લેવી નથી જેવી હશે તેવી જગાએ બેશી જશું.

અમથે જરા બળદોને દબાવ્યા, એટલે બળદિયા બહુ જોરમાં દોડવા મડયા, અને સવે પળવારમાં પેલી જુની ને ગદી ધર્મશાળા નજદીક આવી પહોંચ્યા

કર્માદેવી —ભાઇ, અહિજ ઉભો રહે. અમે ઉતરવાના

વિશ્વચક્ષુ—માજી ' બીજી કોઇ સુદર જગાએ ઉતરીએ. તો અડચણ છે ?

કર્માદેવી —હાજતો

કર્માદેવીથી વધુ બોલાયુ નહી ભટ્ટજી મનમાં સમજ્યા કે આખી રાત મુસાફરીમા દેવી નીચે ઉતરી નથી, અને તેથી શૌચ વિગેરેની શકા કેમ ન થઇ હોય ? કદાચ શરમાળપણાથી તે જણાવતી ન હોય, એટલે વિચાર કરતા વિશ્વચક્ષુને અમથાને ગાડુ ઉભુ રાખવા કહેવાનુ યોગ્ય ધાર્યું 'જેવી છે તેવી એ સોનાની, કારણ કે દેવીની ઇચ્છાને આપણે માન આપવું જોઇએ." શાંતિરામે જણાવ્યુ.

સારથી —તમારી મરજી, ત્યારે. હું તમને અહીં મૂકીને મારે ઘેર જાઉ છુ મારૂ કામ કરી રહ્યા પછી પુરસદે તમને મળી જઇશ આપને કાંઇ જોઈતુ કરતુ હોય તો સુખેથી કહો

વિશ્વચક્ષુ—ના, સાઇ, ના, હાલતો તારી કૃપા જોઈએ. અમથા ભાઇ, અમારા ઉપર તારો મોટો ઉપકાર થયો છે. પ્રભુ તારૂં કલ્યાણ કરશે. જા જગત્‌માં તું દુઃખી નહીં થઇશ, એમ મારો તને આશીર્વાદ છે.

અમથો ભટ્ટજીને પગે લાગી, ફરી દેવીને સામે જઇ પગે પડી, "માતાજી માફ કરજો, હું તો તમારો દાસ છું. હો ! મા," એમ બોલી ચાલતો થયો.

પ્રકરણ ૩ જું

ધર્મશાળામાં

વિશ્વચક્ષુ ઉર્ફે શાન્તિરામને હવેથી આપણે શાન્તિરામ એ નામથીજ સંબોધશુ શાન્તિરામને અમથો જે ધર્મશાળામા મૂકી આવ્યો હતો, તે ધર્મશાળા અતિ પ્રાચીન અને પુરાણી હતી તે વિસ્તારમા જેમ વિશાળ હતી, તેમ બાંધકામમાં પણ એક સારા સંગ્રહસ્થાનને ભૂલાવે તેવી હતી. વખતના વહેવા સાથે માનવ જાતની આવશ્યકતાઓ પણ વધે છે. પરંતુ જે સમયમાં આ ધર્મશાળા બધાઈ હતી, તે સમયપ્રમાણે તેના બાધનારે માણસજાતિની જોકે દરેક બારીક જરૂરીઆતો તો નહી. પરંતુ તેમા ઉતરનારને કોઇ પણ તરેહની અડચણ ભોગવવી ન પડે, તેવી દરેક સગવડ કરી આપેલી હતી, એમ સ્પષ્ટ ભાન થતું હતુ. ધર્મશાળાની ત્રણ બાજુ છોબંધ કોટડીઓની હાર અને કોટડીઓની સામે ત્રણ બાજુના ત્રણ વિશાળ ઓટલા હતા. ચોથી બાજુના બરાબર મધ્યભાગમાં ધર્મશાળામાં દાખલ થવા માટે ડેલીબધ બે ભવ્ય દરવાજા હતા, અને બાકીના ભાગમાંથી ઉપર જવા માટે બે બાજુએ દાદર ગોઠવેલ હતા. ઉપર માત્ર એકજ માળ હતું, અને ત્યાં પ્રતિષ્ઠિત મુસાફરો અને ઓધ્ધેદારોને ઉતરવા માટે દરેક દાદર પાસે વિશાળ દિવાનખાના અને નાની કોટડીઓ હતી ધર્મશાળાની વચ્ચોવચ્ચ એક વિશાળ ચોગાન હતુ. અમરાવતીમાં જેમ સમૃદ્ધિ વૃદ્ધિ પામતી ગઇ, તેમ તેમ ગામને પાદરે સુધરેલી છેલ્લી ઢબ મુજબ નવી નવી ધર્મશાળાઓ વધતી ચાલી, એટલે દિવસાનુદિવસ પંથિકો આ ધર્મશાળાનો ઉપયોગ ઓછો કરવા લાગ્યા ધર્મશાળાનો ઉપયોગ ઘટવાની સાથે ધર્મશાળાના રક્ષકની પણ ગરજ ઘટતી ચાલી, અને આખરે તે ધર્મશાળા રક્ષક વગરની થઇ પડી. ગામના તે નિર્જન ભાગમાં આવેલી હોવાથી, પંથિકો વિશ્રાંતિ

માટે ત્યાં ઉતરતા ન હોવાથી, અને રખેવાળ પણ ત્યાં ન હોવાથી તે ચોરો, વિષયી પુરૂષો વગેરેનું સંકેત સ્થાનનો અર્થ સારતી હતી, અને ગામમાં પણ તેણે તેવીજ નામના મેળવી હતી ટુંકમાં આ ધર્મશાળાને પ્રવાસીઓનું વિશ્રાંતિ સ્થળ કહેવા કરતાં, કૂતરાં, ગધેડા, અને ભટકતા જનાવરોનું તેમજ ચોર, વ્યભિચારી, લુચ્ચા અને લંપટ લોકોનું આરામ-સ્થળ કહેવું એ વધારે યોગ્ય કહેવાય

શાન્તિરામ આ સ્થળથી અપરિચિત હતા, અને કર્માદેવીની આગળ વધવાની શક્તિ ન હતી, એટલે ન છૂટકે તેઓને આ ધર્મશાળામાં ઉતારો કરવો પડયો હતો એક કોટડીમાં પોતાનો સરસામાન રાખી, જગાને એક વસ્ત્રથી ઝાડી ઝુડી સાફ કરી, બન્ને જણ ત્યાં બેઠાં. કર્માદેવીને દાતણ આપી, શાન્તિરામે પોતે દાતણ કરી, શૌચ સ્નાનાદિથી પરવારી, પાઠ પૂજા માટે બ્હાર ઓટલા પર બેઠા શાન્તિરામવાળા ઓટલાની સામેની કોટડીઓની હારવાળા ઓટલાપર એક કોટડીની સમીપ, શ્વેત અને મૂલ્યવાન વસ્ત્ર ધારી છેલબટાઉ જેવા ફાકડા દેખાતા ચાર પુરૂષો બેઠા હતા તેઓમાંથી ત્રણનું વય વીશથી ત્રીશ વર્ષનું જણાતું હતું, જ્યારે ચોથો કાંઇ પ્રૌઢ વયનો લાગતો હતો આ લોકો અહીં ક્યારે આવીને બેઠા, તેનું શાન્તિરામને કાંઇ ભાન ન હતું. તેને પ્રથમ તો તેઓ પ્રવાસી લાગ્યા, પરંતુ તેમની પાસે પ્રવાસના કંઇ સાધનો ન હતા, એટલે તેઓ આ ગામનાજ રહેવાસી હશે અને પોતાની નવરાશનો વખત અહી આવી આનંદમાં ગુજારવા બેઠા હશે, એમ સહજ તર્ક કરી. શાન્તિરામે પોતાનું ચિત્ત પોતાના નિત્ય કર્મમાં પરોવ્યું. પણ તેનું ચિત્ત પાઠ પૂજામાં દીર્ઘ કાળ સુધી એકાગ્ર રહેવા પામ્યું નહીં. ચાર નવીન આવેલા પુરૂષોએ આરંભમાં તો પોતાનો મંત્ર ધીમા સ્વરથી ચલાવ્યો, પણ પાછળથી તેઓમા મતભેદ થયો હશે, એટલે સર્વે આવેશમા આવેલા જણાયા, અને તેમની વચ્ચે મોટા સ્વરથી વિવાદનો પ્રારંભ થયો. વિવાદે શાન્તિરામની સમાધિ મૂકાવી, અને આવેશમાં બહાર પડતા શબ્દોએ તેને ગભરાવ્યો.

"અરે ! આ લોકો તો બહુ ભયંકર લાગે છે; આજ રાત્રિના બાર વાગા પછી તેઓ નંદલાલ શેઠને ઘેર ચોરી કરવાના ઈરા-

દાથી જવાના છે: તેમનો વિચાર ચોરી સાથે નંદલાલ શેઠની દીકરી મંજુલાપર બલાત્કાર કરવાનો પણ છે. તેમની આ અભિલાષા તૃપ્ત કરતા ઘરના માણસો જાગી ઉઠયાં, તો તેમનું ખૂન કરતાં પણ ડરવુ નહી, અને તેમ કરતાં જો એક બીજાને માટે પ્રાણાર્પણ પણ કરવો પડે તો તેમ કરવા પણ પાછીપાની ન કરવી, એવી નજીકમાં આવેલ મહાદેવજીના મંદીરમાં મહાદેવ સમક્ષ પ્રતિજ્ઞા લેવા માટે તેઓ રકઝક કરે છે, અને આ રકઝકમાં તેઓ દરેક, આવેશમા આવી ગયેલા લાગે છે; શિવ ! શિવ ! શો ગજબ ! આ નંદલાલ કોણ હશે ! ઇશ્વર તારી લીલા અગાધ છે." શાંતિરામ મનમા બડબડયો

પેલા ચાર પુરૂષોવચ્ચે ફરી વિવાદ ચાલુ થયો.

પેહેલો:—પેલો બગ ભક્ત કોણ છે ? તેણે આપણા સર્વે સંકેત સાંભળી લીધાં હશે !

બીજો—વટેમાર્ગુઓથી બીએ કોણ ? તારા મગજમાં તો હમ્મેશ આવા બીકણ ખ્યાલોજ રમ્યા કરે છે. હજુતો કાંઇ થયુ નથી, તે પેહેલા આટલુ બાયલાપણું શુ બતાવે છે ? મને તો તારામાં કાંઇ માલજ લાગતો નથી. આપણા કાર્યમાં તો ભિન્ન ભિન્ન વિઘ્નો અને વિકટ માર્ગો આવે. સમજ્યો ! " **उखंडमे शिर डालके मूसलसे क्या डरीए** " વીર પુરૂષોને મન મૃત્યુ તો એક રમત છે, તેને તે કાંઇ હિસાબમાં ગણતા નથી

ત્રીજો:--તમો બધાએ ગાંડા છો.

ચોથો:--હું કાંઇ બોલતો નથી, છતાં પણ ગાડો કે ?

ત્રીજો:--બધા કરતાં તું વધારે પાકો ચોર ! બસ હવે મૂક તારો ડાહ્યાપણાનો ડોળ ! ભાઈઓ, હવે સર્વે માર્ગે પડો

વિશ્વચક્ષુની શ્રવણેન્દ્રિયમાં આ સર્વે વિવાદ અક્ષરશ ઉતર્યો, પણ પોતે વિચક્ષણ હોવાથી જાણે પોતે સમાધિસ્થ મહાત્મા બ્રહ્મરંધ્રમાં શ્વાસ ચડાવી સ્થિર ચિત્ત અડગ બેઠા હોય તેવો દેખાવ કર્યો.

પેલા ચાર જણમાંથી એક જણે જતી વખત ભટ્ટજી તરફ દૃષ્ટિ કરી પોતાના મિત્રોને જણાવવા લાગ્યો, "ભાઇઓ, પેલા બગલાને તો દેહનું પણ ભાન નથી આપણેજ આપણી ફજેતી કરવા તત્પર થયા હતા." ભટ્ટજીના તિવ્ર શ્રોત્રે આ પણ શ્રવણ કર્યું.

ભટ્ટજીની પાઠ પૂજાની સમાપ્તિ થઇ રહ્યા પછી કોટડીમાં આવતાં કર્માદેવીને કહ્યું, "કેમ, માતાજી ! થાકીતો ગયા હશો ?"

"ગોર મહારાજ, થાકયા કરતાં તમારા રાજ્યમાં ભૂખે મૂઆ તો ખરા હવે તો આ તમારી પાઠપૂજા સમાપ્ત કરો, તો પ્રાણને પોષણ આપીએ તમે શું પાઠ કરવા બેઠા હતા, કે રામાયણ વાંચવા ?"

માતાજીની જઠરાગ્નિની જ્વાળાથી ભડકીને ભટ્ટજી મુગા મુગા પોતાની પાસેનો પિત્તળનો દાબડો ખોલવા મડી ગયા, એટલે કર્માદેવી હસી કહેવા લાગી. "મહારાજ ! સાર વસ્તુ જોઇતી હોયતો આમાં છે," એમ કહી પોતા પાસેનો દાબડો તેણીએ ખોલ્યો. ગોર મહારાજ તથા દેવીએ સાથે લીધેલ ભાતામાંથી ઇચ્છાનુસાર આરોગી, ચાલતા પ્રસંગના સંબધમાં થોડીએક વાતચિત્ત કરતા કરતા પોત પોતાનાં સ્થાનકપરજ નિદ્રાવશ થઇ ગયા. જોખમી જણસો મહા પ્રવિણતાથી ભટ્ટજીએ ઠેકાણે રાખી હતી, એટલે નિર્ભય નિદ્રા કરવામા વિશેષ ભય ન હતો

પ્રકરણ ૪ થું

ચતુર સુનીતિ.

संतुष्टो भार्यया भर्ता, भर्त्रा भार्या तथैव च
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥ मनुः ॥ *

શાન્તિરામ અને કર્માદેવીને ધર્મશાળામાં મૂકી અમથો નંદલાલ શેઠની હવેલી તરફ રથ થઇ આવ્યો નંદલાલ શેઠ અગાસી પાસે બનાવેલ વાંસની સુંદર કારીગરીની જાળી-પર આચ્છાદિત સુગંધી પુષ્પલતાઓના સુશોભિત મંડપમાં ત્યાં બિછાવેલા જાજમ ગાલીચા અને સચિત્ર આસનપર એક આડા તકીઆને પડખુ દઇ પોતાના પુત્ર વસંત અને પૂર્ણ યુવાવસ્થામાં આવેલી મનોહર મુગ્ધા પુત્રી મંજુલા સાથે આનંદમાં બેઠા હતા. અમથાએ રથને ઠેકાણે છોડી, પોતે જ્યાં શેઠ પોતાના પુત્ર અને પુત્રી સાથે બેઠા હતા ત્યા આવ્યો. શેઠને અને તેના પુત્ર અને પુત્રીને તેમની યોગ્યતા પ્રમાણે નમન કરી, પોતે પોતાને યોગ્ય આસને બેઠો શેઠના પૂછવાથી પોતે જે ગામથી આવ્યો હતો, ત્યાંના સર્વ સમાચાર આપ્યા, અને ત્યાંથી જે પત્ર લાવ્યો હતો, તે નંદલાલ શેઠને આપ્યો. અમથાએ શેઠને વધુ જણાવ્યું, "શેઠજી હું જ્યારે મારી મુસાફરીથી પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં એક ભટ્ટજી મહારાજ અને એક વૈશ્ય સ્ત્રી, નહીં વૃદ્ધ તેમ નહીં જુવાન, પગે જતાં હતાં. બાઇ શ્રમિત જણાઇ, એટલે મેં તેમને રથમાં બેસાડયાં. શેઠજી! આપની પરવાનગી વગર તેમ કર્યું, તે માટે ક્ષમા કરશો!"

---

* જે કુળમાં સ્ત્રીથી પતિ સંતુષ્ટ હોય, અને પતિથી સ્ત્રી સંતુષ્ઠ હોય તે કુળમાં ખરેખર આનંદજ વર્તી રહે છે (મનુ)

"રસ્તામાં તો મારી આજ્ઞા કયાંથી લેવાય તેમને રથમાં બેસાડયાં તે બહુ સારૂ કર્યું, અને તારી આવી દયાની લાગણીથી હું તારા પર પ્રસન્ન છું. પણ વારૂ તેઓ હાલ છે કયાં ?" નંદલાલે જીજ્ઞાસાથી પૂછ્યું.

અમથો—શેઠજી તેમને હું તળાવ પાસેની જુની ધર્મશાળામાં બેસાડી આવ્યોછું પણ, શેઠજી, ભટ્ટજી તો એવા જ્યોતિષી છે કે તેઓ આશ્ચર્યકારક ભવિષ્ય ભાખે છે.

"ખરેખર," શેઠે સાનંદાશ્ચર્યથી પૂછ્યું.

"ત્યારે શુ હું આપની આગળ કોઇ વખત ખોટુ બોલ્યો છું," અમથાએ કહ્યું.

નંદલાલ—ત્યારે તો તેમને આપણે ત્યાં તેડી લાવે તો કાંઇ હરકત જેવું છે ?

અમથોઃ—ઠીક છે. હુ ઘેરથી જમી. તેમને જેમ બને તેમ ઉતાવળથી અહી તેડી લાવુ છું.

અમથો પોતે સારથીનુ કામ કરતો, પણ નંદલાલના ઘરમાં તેનુ માન બહુ હતુ નંદલાલના વાડી, બગીચા વગેરેની સંભાળ રાખવામાં અને ગૃહકાર્યમાં તે પ્રમાણિકપણાથી અને શેઠનું હિત લક્ષમાં રાખીને કામ કરતો, એટલે તે નંદલાલ શેઠનો વિશ્વાસ અને તેની પ્રીતિ મેળવી શકયો હતો. અમથાને નંદલાલ શેઠનો એક ખાનગી હજુરીઓ કહીએ તો ચાલે. નંદલાલના ઘરમાં અમથો પૈસા વગેરેની હજારોની લેતી દેતી કરતો, તેમજ નંદલાલ શેઠની ખાનગી મતા વગરહી સાબે સંભાળતો. નંદલાલ શેઠનો તેના ઉપર પૂર્ણ વિશ્વાસ, એટલે તેના પગારનો હીસાબ ન હતો; અર્થાત્ અમથાને જોઇતું શેઠ પૂરૂં પાડતા. આવી રીતે અમથો ઘરમાં સુખી હતો. અમથો સહજ ઉડાઉ હતો, એટલે હાથમાં હોય તે સર્વે ખરચી નાંખતો. બીજા સારથીઓને અભાવે નંદલાલ શેઠના પરોણાઓને અમથાને કલ્યાણપુર મૂકવા જવું પડયું હતું. અમથો જ્યારે પણ પ્રવાસે નીકળતો, તે વખતે પોતાપાસે પૈસાની સારી રકમ સાથે લેતો અને કોઇ નવીન વસ્તુ જોતો, એટલે તરત તે ખરીદી લેતો. કલ્યાણપુરના તેના પ્રવાસમાં

પોતાની સ્ત્રી સુનીતિ માટે એક ઉત્તમ કારિગરીની એક સુશોભિત સાડી તેણે ખરીદી હતી. અમથાની સ્ત્રી સુનીતિ ચતુર, શીયળ-ગુણસંપન્ન, બુદ્ધિશાળી અને સમયસૂચક હતી નંદલાલ શેઠનું તેનાપર પુત્રી પ્રમાણે વ્હાલ હતુ નંદલાલ શેઠની પુત્રવધુ સુમતિ પણ સુનીતિના જેવીજ, બલ્કે તેનાથી વિશેષ, રૂપ અને શીયળ-પણામા હતી, અને તેને લીધે સુમતિ અને સુનીતિ બેનપણી બની હતી સુનીતિ હમેશાં સુમતિની સેવામાં હાજર રહેતી.

અમથો શેઠને ઘેરથી નીકળી, પોતાને ઘેર આવ્યો. પતિના આગમનથી, જેમ વૃષ્ટિ થયા પછી પૃથ્વી શીતળ અને હરિયાળી બને છે, તેવીજ રીતે સુનીતિને પતિવિયોગથી થયેલ સંતાપ, પતિ દર્શન થતાં દૂર થયુ, અને તેનું મુખ આનંદથી પ્રફુલ્લિત બન્યું. હર્ષ ઘેલી સુનીતિ પતિની આગતાસ્વાગતા કરવામાં આનંદથી ગુથાઇ

પ્રવાસમા થયેલ જાગરણથી અમથો જરા બેચેન લાગતો હતો, છતાં શેઠની આજ્ઞા પ્રમાણે ભટ્ટજીને શેઠને ઘેર જલદી લઇ જવાનુ હતું, એટલે ઝટપટ ભોજનનું કાર્ય પતાવી, ઉઘ્યા વગર હમણાને હમણા મને જવું છે, એમ સુનીતિને જણાવ્યું. આ કારણથી "મારા માટે શું લાવ્યા, અથવા પ્રવાસના બીજા શું સમાચા ર છે," વગેરે પ્રશ્નો કરવાને બદલે સુનીતિ ભોજન તૈયાર કરવામાં ગુથાઇ. અમથાએ જ્યારે જોયુ, કે સુનીતિ મને કાંઇ પૂછતી નથી, અને પોતે સુનીતિના જણાવ્યા વગર માત્ર તેના તરફના પોતાના પ્રેમને લીધે તેને માટે એક મૂલ્યવાન સાડી ખરીદ કરી હતી, તે વાત પોતે પોતાના મનમાં વધુ વખત રોકી શકયો નહીં, એટલે પોતેજ સાડી કાઢી સુનીતિ આગળ મૂકી

અમથો:—તું તો માનમાં કાંઇ બોલતી નથી ? તું પૂછતી પણ નથી, કે બહારગામ ગયા હતા, ત્યાંથી મારે માટે શું લાવ્યા ? પણ હું તારા તરફનો મારો પ્રેમ કેમ ભૂલું ? કલ્યાણપુર શેહેર ઘણુંજ વિશાળ અને રળિયામણું હતું તરેહવાર વસ્તુઓનું જાણે તે સંગ્રહસ્થાન કેમ ન હોય ! ઘણી ચીજો લેવા મરજી થાય, પણ હાથમાં હોય તેના હીસાબે ખરચાય કે નહીં ? તારા માટે એક

ઉત્તમ સાડી લેવાની મારી મનોવૃત્તિ તિવ્ર થઇ, અને તે મારાથી ન રોકી શકાયાથી તારામાટે મેં એક સાડી ખરીદી છે. આપણા શેઠ નંદલાલ તો કોટયાધીશ છે, અને તેના ઘરમાં કોઇ જાતની ખામી તો નહીં હોય. અલબત્ત, આપણે તેમનું અભિમાન ન કરી શકીએ. શ્રીમતો સાથે ગરીબની સરખામણીજ અસંભવિત છે. છતાં પણ સર્વેજણ પોતાની લાલસા તૃપ્ત કરવાની તૃષ્ણા રાખે છે. એ તૃષ્ણા દરેકને હોય છે, તો હુ તેવી તૃષ્ણાથી મુક્ત કેવી રીતે હોઇ શકું? આ સુદર સાડી તારા માટે લાવ્યો છુ, અને વૃત્ત ઉત્સવોએ તુ તે પેહેરજે. મરીને સાથે શુ લઇ જવું છે? હાથે તે સાથે. જોતો ખરી, એની કારીગીરી કેવા અજબ છે! ખરૂ પૂછે, તો આપણા શેઠના ઘરમાં પણ આવી સાડી ન હોવી જોઇયે કોના બાપની પરવા છે કે આપણે આવી સાડી ન પેહેરીએ! ગરીબ તવંત્રર સર્વેને સારૂં પહેરવા ઓઢવાનું ગમે છે, અને તેમાં તેઓ સરખુજ સુખ માની લે છે. આવી ચીજો કયાં અને આપણે કયાં? એ તો લેવાઇ ગઇ, તે લેવાઇ ગઇ. આપણા જેવા ગરીબોને ત્યાં તો આવો સંગ્રહ ધીરેજ થાય.

નીતિઃ—પ્રાણનાથ! આપને સલાહ આપવી, એ મારા અધિકાર બહારની વાત છે, છતાં પણ મારે કહેવા વગર ચાલતું નથી, કે આવાં, વ્યર્થ ખરચ કરવાં એ આપણાં જેવાં ગરીબોને માટે યોગ્ય નથી આપ મારા સ્વામીછો, પૈસા પેદા કરનાર આપછો, એટલે એ પૈસાનો શો ઉપયોગ કરવો, એ આપની સત્તાની વાતછે. નંદલાલ શેઠની પાસે આપ વસ્યા ખરા, પણ તેની અસર આપમાં જોવામાં આવતી નથી, એ દૈવાધીન વાત છે. મારા શૃગાર માટે આપે કાળજી રાખી, એ તો જાણે ઠીક; પણ આપ પોતે પેહેરવા ઓઢવામાં કે ખાવા પીવામાં કેવું જીવન વ્યતીત કરોછો? તે આપ આપના મનને પૂછી જુઓ? હું તો આપની આજ્ઞાધીન કીંકરી છું.

અમથોઃ—અમે તો બળદિયાના પૂછડાંને ઝાલવાવાળા, અને રાત દહાડો ધાન્યના કોઠારોમાં ધાન્યસાથે રાખોડી ભેળીયે, તેને તો વળી ઉંચા વસ્ત્ર પેહેરવા વખત મળે કે? વળી ખેતરને શેઢે

બેશી ઝટ પેટમાં નાંખ્યું કે પત્યું. તેને વળી સુંદર પકવનોની જરૂર રહેતી હશે કે? ઘરનો શૃગાર ચતુર સ્ત્રી, અને સ્ત્રીનો શૃંગાર સુંદર વસ્ત્રો

સુનીતિ—પ્રાણનાથ! સુંદર વસ્ત્રો સાથે આભૂષણો કેમ ભૂલી જાઓછો? એ તો જાણે ઠીક ......(સુનીતિથી વધુ બોલી શકાયુ નહીં અને તેનાથી દીર્ઘ નિશ્વાસ ન ખાઇ ગયો) નાથ! આપણા જેવા ગરીબ માણસોથી આવી સાડી પેહેરી શકાય કે? માટીના પૂતળાને પણ અલકાર પેહેરાવશો, તો તે પણ શોભશે પણ, પ્રાણનાથ માટીનુ પૂતળું તે નિર્જીવ પૂતળુંજ, અને માણસ તે માણસજ હું શ્રીમંતોને પેહેરવા યોગ્ય સાડી જાહેર મેગાવડામા પેહેરી જાઉં, તેથી શુ આપણે શ્રીમંતમાં ગણાઇશું? લોકો આપણી હાંસી નહીં કરે? આપના હાથમા પૈસો આવે છે, ત્યારે વગર વિચારે કાંકરાની પેઠે તે વેરી નાંખો છો. નાથ! આવા વગર વિચાર્યાં ખરચ કરવા કરતાં, જો આપ સગ્રહ કરો, અથવા એટલાજ પૈસામાંથી સોનાના દાગીના કરાવો, તો ખચિત્ત તે ઉપયોગી થઈ પડે. મારો અધિકાર આપને સમજાવવાનો નથી. નાથ! આ શૃંગાર મારાથી સજાય તેમ નથી

અમથાને આ વચનોથી જગ ક્રોધ આવ્યો, કારણ કે તેને જશને બદલે જુતીઆ મળ્યાં, અને તે પણ વળી સ્ત્રી તરફથી અમથાની સ્ત્રી સુનીતિ ગુણવતી, હિતૈષી હતી. અને અમથાને દરેક બાબતમાં સર્વ રીતે સાનુકુળ હતી. આ કારણોને લીધે કોઇ પણ વખત અમથો પોતાની સ્ત્રી સાથે કલેશ કરતો નહીં. આ વખતે પણ અમથે સમય વિચારી, પોતાની સ્ત્રીને હાસ્યમાં કહ્યું, "પ્રિયે! તારી ઇચ્છાવગર આણેલ વસ્તુ તને હમણા નહી દેખાડત, તો બહુ સારૂ હતુ બહારગામ જતી વખતે તેજ જો ઉત્તમ સાડી મંગાવી હત અને હું જો આ સાડી લાવ્યો હત, તો તારા તરફથી મને આવાં વેણ સાંભળવાનો વખત ન આવત હશે! થયું ન થયું ન થાય હાલ તો આ સાડીને ઘરમા રહેવા દે. આગળ ઉપર જોઇ લેશુ મારા ધારવા પ્રમાણે આ સાડી વેચી નાંખશું, તોપણ સારા પૈસા ઉપજશે, એમાં શક નથી

પોતે આપેલા ઠપકાથી પતિનું મન કચવાયું છે એમ જાણી સુનીતિએ પોતાની વાત ફેરવી

સુનીતિ—પ્રાણનાથ ! સારા શુકને આવેલી વસ્તુને હડસેલી કાઢવી, એમાં ઇશ્વર રાજી નથી. શુ ધનાઢય ગરીબ, અને ગરીબ ધનાઢય નથી થતા ? ઇશ્વરના ઘર આગળ. રંક અને રાય બન્ને સરખા છે, અને સર્વ કોઇને સુખી અથવા શ્રીમત થવાની આશા તો હોય છેજ. હાલ આપણે ગરીબ છેએ, પણ ભવિષ્યમા શ્રીમંત થવાનો આપણને અધિકાર નથી ? પણ ડાહ્યા માણસોનુ કહેવું છે, કે આપણે આપણી યોગ્યતાથી વિશેષ કરવુ અને ગધેડે બેસવું એ બન્ને બરોબર છે સોના કે રૂપાના દાગીના વગર આ સાડી હું પહેરીશ, તો તે મને કેવી શોભવાની, તે આપજ વિચાર કરો ! સારા શુકને સાડી આવી હોય અને આપણે પાચ પૈસે સુખી થઇએ એ તો દુધમા સાકર નાથ ! ઉઠો, હવે, રસોઇ તૈયાર છે સ્નાન કરી, જમી લ્યો. લાંબી મજલ કાપી આવ્યા છો, એટલે થાકી ગયા હશો !

અમથો ઉઠી નાહી ધોઇને જમવા બેશી ગયો. જમતા જમતાં અમથાની મુખાકૃતિપર અસ્થિરતા દેખાતી હતી, તે ઉપરથી એમ જણાતુ હતું કે તેને કાંઇક કહેવાની મરજી છે સુનીતિ આ ભાવ સમજી ગઇ, એટલે હાસ્ય કરી પૂછવા લાગી, નાથ ! આપ કાંઇ કહેવા ઇચ્છો છો, પણ કહેતા શા માટે અચકાઓછો, તે હુ સમજી શકતી નથી.

અમથો:—પ્રિયે ! હુ બહાર ગામથી આવતો હતો, ત્યારે રસ્તામાં એક બ્રાહ્મણ અને તેની યજમાન કર્માદેવી ,પગે ચાલ્યા જતાં હતાં. આપણો રથ ખાલી હતો અને તેઓ મને થાકેલાં લાગવાથી મેં તેમને વિવેક કરી રથમાં બેસાડયાં રસ્તામાં વાતચિત્તપરથી મારા જાણવામાં આવ્યું કે ભટ્ટજી ઘણા ભણેલગણેલ અને હુશિયાર છે હાલતો તેમને આપણા ગામની પડોશમાં તળાવ પાસેની જૂની ધર્મશાળાની ખાલી કોટડીમાં બેસાડી આવ્યો છું. જમી રહ્યા પછી નંદલાલ શેઠની આજ્ઞા પ્રમાણે તેમને તેડી, નંદલાલ શેઠને ઘેર જવું છે.

સુનીતિ—પણ તેમને આપણે ઘેર શા માટે તેડી ન લાવ્યા? વિદ્વાન માણસોના પગલાંથી આપનુ ઘર પાવન થાત!

અમથો:—એ વાત તો ખરી, પણ હાથીને આપણાથી મલીદા ન અપાય, સમજી કે? એતો આપણા શેઠના ઘેર જ શોભે. મેં તેમને રસ્તામાં પૂછી રાખ્યું છે, કે શેઠ જો ઘેર બોલાવે તો તેઓ તેમને ઘેર આવશે કે નહીં તેઓએ ત્યાં આવવા ખુશી પણ બતાવી છે. હવે નંદલાલ શેઠે તેમને પોતાને ત્યાં બોલાવવા આજ્ઞા કરી છે, ને હું તેમને બોલાવવા જાઉં છું. ભટ્ટજી ત્યાં ન્યાલ થઇ જવાના. આપણે તેમનો સત્કાર પણ કરી શકીએ કે? સુનીતિએ માથુ હલાવી, અમથાના બોલવાને ટેકો આપ્યો અમથાએ જમી રહ્યા બાદ, ઝટપટ લૂગડાં પેહેરી, ધર્મશાળા તરફ ચાલતો થયો.

પ્રકરણ ૫ મું.

શાન્તિરામ વૈભવના શિખરપર.

મંપત્તૌ ચ વિપત્તૌ ચ મહતામેકરૂપતા ।
સમુદ્રશ્ચૈકરૂપો હિ સદા ભાતિ ધરાતલે ॥ *

અમથો જ્યારે ધર્મશાળામાં આવ્યો, તે વખતે કર્માદેવી અને શાન્તિરામ ભટ્ટ પ્રવાસમા થયેલા શ્રમને લીધે અહાર કર્યા બાદ નિદ્રાદેવીને આધીન બન્યા હતા. સૂતેલાને ન જગાડવુ એ શિષ્ટાચાર પ્રમાણે શાન્તિરામ કે કર્માદેવીને જગાડવું એ અમથાને યોગ્ય ન લાગવાથી, તે ત્યાં થોડીવાર સુધી બેઠો થોડાજ વખતમાં શાન્તિરામ ભટ્ટ **शिवोऽहम शिवोऽहम** કરતા ઊઠયા, અને ઉઠતાંજ પોતાની દૃષ્ટિની સામે તેણે અમથાને જોયો, એટલે "કેમ અમથાભાઇ આવ્યા કે" એ સભ્ય શબ્દોમાં તેની સ્વાગત કરી.

"મહારાજ' મારા શેઠ નદલાલ આપને તેડાવે છે, કૃપા કરી પધારો," અમથાએ બે હાથ જોડી મહારાજપાસે પોતાના શેઠનો સદેશો રજુ કર્યો.

"ગોર મહારાજ, હું પણ સાથે આવીશ,' કર્માદેવીએ અધીરાઇથી કહ્યું.

શાન્તિરામઃ—માતાજી, આપ દરવાજા બંધ કરી, અદર બેસી રહો. થોડાજ સમયમાં હું ત્યાંથી પાછો આવીશ. પ્રસંગ આવતાં આપને પણ ત્યાં ચાલવાનુ થશે.

ગીતિઃ–સંપત્તિ વિપત્તિમાંહી, મહાજનોની એકરૂપતા ભાસે,
એક રૂપ સાગર જેમ, સદા ધરાતલવિષે રહી ચકાસે.

શાન્તિરામ પંચાંગ અને બીજા જોઇતા જ્યોતિષ ગ્રંથો સાથે લઇ, અમથાનીસાથે નંદલાલના ઘર તરફ રવાના થયા. જતી વખતે કર્માદેવીને સાવચેતીથી રહેવા ભલામણ કરતા ગયા. નંદલાલ શેઠને ઘેર પહોંચતાં, અમથાએ પ્રથમ અંદર જઇ, શેઠને શાન્તિરામના આવ્યાની ખબર કરી. નંદલાલશેઠ શાન્તિરામને સામે તેડવા ગયા, અને અંદર તેડી લાવી સત્કારપૂર્વક એક આસનપર બેસાડયા. "ક્યાંથી આવો છો ! ક્યાં જવાના છો" ? વગેરે અથથી ઇતિ સુધી પૂછ્યું.

નંદલાલ.—મહારાજ, અમથાએ મને જણાવ્યું છે, કે આપ એક સારા ભવિષ્યવેત્તા છો, તો કૃપા કરી મારૂ વર્તમાન તથા ભવિષ્ય જણાવો. મારા કુટંબમાં સંપ સલાહ કેવાં છે, તથા વેપાર રોજગારમાં લાભ થશે કે હાનિ? વગેરે કૃપા કરી જોઇ આપો.

શાન્તિરામ—આપની જન્મપત્રિકા છે કે ?

'હાજી,' એમ કહી નંદલાલે પોતાની તથા પોતાની સ્રીની. તથા વસંત અને મંજુલાની જન્મપત્રિકાઓ, મહારાજપાસે લાવી મૂકી. મહારાજ ઝટ લઇ ચશ્મા ચડાવી, પત્રિકાઓ જોવા મંડી ગયા થોડીજ વારમાં શાન્તિરામની મુખાકૃતિ ભયાનક દેખાવા લાગી મુખપર પરસેવો વળ્યો, અને જાણે કાંઇ ગંભીર વિચારમાં પડયા હોય. તેમ દેખાયા શાન્તિરામના મુખની વિકૃતિ જોઇ, નંદલાલશેઠ ગભરાયા અને તેથી તેઓ વચ્ચમા બોલી ઉઠયા, " કેમ મહારાજ ! કહો તો ખરા, કેવી ગૃહદશા ચાલે છે ? "

" શેઠ, આજની રાત્રિ મને આપ માટે બહુ ભયાવહ દેખાય છે. જો આજની રાત્રિ પસાર થઇ, તો જાણે આપ અને આપના કુટુંબને નવું જીવન મળ્યું." એક નિઃશ્વાસ નાંખતાં ભટ્ટજીએ કહ્યું.

શાન્તિરામના આ શબ્દોથી નંદલાલશેઠના તો હોંસજ ઉડી ગયા, અને પોતે સ્તબ્ધ થઇ ગયા. તેનું હૃદય ધડકવા લાગ્યું,

અને શુદ્ધિ ઠેકાણે રહી નહીં નંદલાલશેઠ કંપતા હોઠે બોલ્યા, “ શું કહો છો, મહારાજ ? ”

“ શું કહું, શેઠજી ! આજ રાત્રે તમારા ઘરમાં જબરી લૂટ પડવાની છે, દીકરી વહુની લાજ લૂટાવાની છે, ધન હરાવાનું છે, અને કદાચ ખૂન પણ થઇ જાય ! ! ! ” ભટ્ટજીએ ગંભીરમુખે જણાવ્યું.

આ સાંભળી નંદલાલના તો હાંજાજ ગગડી ગયાં, અને ત્યાં બેઠેલા સર્વે ચકિત થઇ ગયા “ મહારાજ, ગજબ કહેવાય ! ” નંદલાલથી ગભરાટમાં મહાપ્રયત્ને માંડ માંડ બોલાયું

“ તમારાથી જેટલો બંદોબસ્ત થઇ શકે તેટલો કરી લ્યો ફોજદાર કે જમાદારને ખબર કરો, તમારા નોકર ચાકરોને છૂપી રીતે રક્ષણ કરવા રોકી દ્યો, અને તમે જાતે સૌ જાગૃત રહેજો. આપને બીજો શો ઉપાય બતાવી શકું ? ” શાન્તિરામે તેમને ધીરજ આપતાં પ્રતિકારના ઉપાય બતાવ્યા.

“ ખરેખર કહો છો ? મહારાજ ! આ વાત નિશ્ચયપૂર્વક બનવાની છે ? ” નંદલાલે આતુરતાથી પૂછ્યું. “ મારાં શાસ્ત્રોને બાળી નાંખુ, શું કહો છો, શેઠજી ? ’ ભટ્ટજીએ રોફમાં જણાવ્યું.

“ વારૂ ત્યારે, હુ ગુપચુપ સઘળો બંદોબસ્ત કરાવું છું, ” નંદલાલ શેઠે જણાવ્યું.

નંદલાલે શાન્તિરામને સીધા વિગેરે દરેક બાબતની તજવીજ કરી આપવાની અમથાને ભલામણ કરી, તેને વિદાય કર્યા. શેઠને એટલો તો ભય પેસી ગયો હતો, કે તે પોતાનું ભાન ભૂલી ગયા. એક કરતાં બીજુ કરી નાંખતા, તથાપિ ધૈર્ય ધારણ કરી પોતાના મુનીમ મારફતે, જમાદાર ફોજદાર વગેરેને સૂચના કરી, એટલે ખાનગી છૂપા અમલદારો આવી, કોઇને ખબર ન પડે તેવી રીતે શેઠને મળી ગયા. “ નંદલાલશેઠ ! અમો આપના

કહેવા પ્રમાણે બરોબર બંદોબસ્ત કરશું; કોઇ વાતે તમો ચિંતા કરશો નહીં. જાણે તમને કોઇ વાતે ખબરજ નથી, તેવી રીતે બારી બારણા હમેશની માફક ખુલ્લા રાખી દેજો અમે તમને ઊની આંચ પણ આવવા દેશુ નહીં;" એક અમલદારે ભલામણ કરતાં શેઠને કહ્યુ.

સંકેત પ્રમાણે સર્વે બંદોબસ્ત કરવામાં આવ્યો સમય મધ્યરાત્રિનો થયો છે, લોકો સર્વે શાંતિમાં નિદ્રાવશ થયા છે સર્વે દિશાઓમાં ઘનઘોર અંધકાર પ્રસરી રહયો છે. સર્વત્ર શાંતિ પ્રસરી રહી છે, અને માત્ર પવનના સુસવાટ ધ્વનિ શિવાય સર્વે શાંત અને શુન્ય છે નંદલાલના ઘરમા જાણે આજે કાંઇજ બનવાનુ નથી, એવી રીતે સર્વે જણા નિદ્રાવશ થયા હોય એવો દેખાવ થઇ રહ્યો છે. આ વખતે લૂટારાઓ પોતાની આગળથી કરેલી ગોઠવણ મુજબ નંદલાલના ઘરની પાછળની દિવાલપરથી ચડવા લાગ્યા. તેઓ પોતે ઓળખાઇ ન જાય, અને રાત્રિના અંધકારની શ્યામતા સાથે પેહેરેલાં વસ્ત્રો એકરૂપ દેખાય, એ હેતુથી તેઓએ શ્યામ વસ્ત્ર પેહેર્યાં હતાં. નંદલાલને ઘેર ચોકી પેહેરાનો આગળથીજ સંપૂર્ણ બંદોબસ્ત કરવામા આવ્યો હતો, અને તેઓ સંપ્રણ જાગૃતિમાં હતા, એટલે ભિંત ઉપરથી લૂટારાઓ નંદલાલશેઠના ઘરના વાડામાં પેઠા, કે તરત પકડાઈ ગયા.

પ્રભાત થતાં આ વાત આખા શહેરમાં વિજળીની ઝડપથી પ્રસરી ગઇ. લોકોનાં ટોળેટોળાં નંદલાલશેઠના ઘર આગળ પેલા લૂટારાઓને જોવા અને તેઓ કોણ છે તે જાણવા, એકત્ર થતા હતા, અને ત્યાંથી કચેરીએ જતા હતા, જ્યાં લોકોની મોટી ઠઠ જામી રહી હતી. થોડાક દિવસસુધી આ વાત આખા ગામમાં ખુબ ચર્ચાઇ, અને નંદલાલશેઠને બચાવનાર આપણા વિશ્વચક્ષુ ઉર્ફે શાન્તિરામ એક ચમત્કારિક મહાત્મા તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા. નંદલાલશેઠના કુટુંબઉપરથી દુઃખ વાદળ વિખેરાઈ ગયું, અને તેમના કુટુંબમાં એક મહોત્સવના જેવો આનંદ વર્તી રહ્યો. તેમની દ્રષ્ટિએ આ નવા પધારનાર જ્યોતિષી ચમત્કારી મહાત્મા તરીકે દેખાવા લાગ્યા, અને તેથી તેમનો સત્કાર બહુ ધામધુમથી

કરવાની તૈયારીઓ નંદલાલશેઠને ઘેર થવા લાગી. નંદલાલ શેઠે પોતાને ઘેર પોતાના ગામના પ્રતિષ્ઠિત સદ્‍ગૃહસ્થોને શાન્તિરામને સત્કાર આપવા સામેલ થવા આમંત્રણ કર્યું, અને આ મહાત્માના દર્શન કરવાની તિવ્ર અને ઉત્કટ લાલસામા ઘણા જણાઓએ આમંત્રણને સપ્રેમ વધાવી લીધુ. નદલાલ શેઠને ઘેર વિવાહના જેવો ઉત્સાહ દશ્ય થતો હતો શાન્તિરામ મહાત્માને ધર્મશાળામાંથી વાજતે ગાજતે તેડી લાવવા સામૈયાનાં સહસ્ત્ર ગૃહસ્થોએ હાજરી આપી સામૈયામાં સ્ત્રીઓ પણ મહારાજના અને દેવીના દર્શન કરવાની લાલસાથી સારી સખ્યામા સામેલ થઇ હતી. નંદલાલશેઠના ઘેરથી ધર્મશાળા તરફ જ્યારે સરઘસ રવાનુ થયું, ત્યારે તે દેખાવ એવો તો ભવ્ય લાગતો હતો કે જાણે તે એક રાજાની સ્વારી નીકળી હોય અથવા એક શ્રીમંતને ત્યાં વિવાહનો સરઘસ હોય આગળ તરેહવાર દુદુભિ વગેરે વાદ્ય. તેની પછી સમુદ્રના તરંગો જેવા દેખાતા ચિત્ર વિચિત્ર પાઘડીઓવાળા પુરૂષો, પુરૂષો પાછળ શાન્તિરામ માટે અતિ ભવ્યતાથી શણગારેલો રથ, તેની પછી નાનાં છોકરાંઓથી ભરપૂર રથો અને બીજાં વાહનો, તેની પછી "આજ તો અમને અતિ આનંદ થયો," વગેરે રાગડા તાણી ગાતી ચાલતી સ્ત્રીઓ, જેમાં અગ્રગતા તરીકે નંદલાલ શેઠની પુત્ર વધુ સુમતિ હાથમાં ચોમૈયું વગેરે લઇ ચાલતી હતી, આ પ્રકારની યોજનાથી સરઘસ અતિ શોભાયમાન દેખાતું હતું.

આ ભવ્ય સરઘસ નંદલાલશેઠના ઘેરથી ધર્મશાળા તરફ રવાનું થયું તે પહેલાં અમથો વધામણી આપવા ભટ્ટજી પાસે પહોંચી ગયો, અને તેમને સર્વે સમાચાર કહ્યા. ભટ્ટજીએ કર્માદેવીને ઉદ્દેશીને કહ્યું, "માજી, આ સસારની લીલા જોવા આપણે નીકળ્યા છીએ, તેમાં આપણો આ પ્રથમ અનુભવ નદલાલશેઠ આપણને તેડવા માટે હજારો માણસોની સાથે સામૈયું લઇ આવેછે. માતાજી આ સંસારમાં.

क्वचिद् भूमौशायी क्वचिदपि च पर्यंकशयनम्

क्वचिच्छाकाहारी क्वचिदपि च शाल्योदनरुचिः ।

क्वचित्कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥
भर्तृहरिः

અર્થાત્ (છપય)

" કોઈ દિન અમૃત અહાર, કેઇ દિન લૂખી ભાજી,
કોઇ દિન પડવું પાય, કોઇ દિન ચડવા વાજી,
કોઈ દિન સુંદર સેજ, કોઈ દિન ભૂપર પડવું,
કોઇ દિન વિવાહ હોય, કોઈ દિન દુઃખથી રડવું,
કોઇ દિન રળવું રીઝથી, કોઇ દિન ખોવા દામને,
શામળ હિમ્મત નવ હારિયે, સંભારી શ્રીરામને, ૧
કદિ ચડવા સુખપાલ, કદિ શિર ભાર ઉચકિયે,
કદિ ભોજન બહુ ભાત, કદિ અન્નવિના અટકિયે,
કદિ પચ પોશાક, કદિ કોપીનભર જઇયે,
કદિ સેવક નિજ સાથ, કદિ કિંકર પણ થઈયે,
કદિ આપ સદાવ્રત આપિયે, કદિ આપણ કર ઓડિયે,
શામળ કહે સમરી રામને, છતાં હિમ્મત નવ છોડિયે
(ઉપરના શ્લોકનું શામળભટ્ટે વિસ્તારીને કરેલું ભાષાંતર)

માતાજી ! આ સંસારમાં ઉદય અને અસ્તનું ચક્ર સર્વદા ફર્યા કરે છે. પરંતુ તે કયે માર્ગેથી ફરશે, તે કોઇપણ જાણી શકતું નથી. "

આ પ્રમાણે ધર્મશાળામાં શાન્તિરામ અને કર્માદેવી વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યોછે, એટલા વખતમાં ત્યાં વાજીંત્રોનો અને દુંદુભીનો નાદ તેમને કર્ણગોચર થયો. થોડાજ સમયમાં સામૈયું ત્યાં આવી પહોંચ્યું, સામૈયામાં આવેલા ગૃહસ્થોના મુખપર આનન્દની છાયા પ્રસરી રહેલી હતી. આ ઠાઠમાઠથી ભટ્ટજી અને કર્માદેવી હર્ષપ્રફુલ્લ બન્યા, અને ભટ્ટજીને તો જાણે સંસારસમુદ્રના ઊછળતા મોજાઓએ ઉંચે ઉચકી, સ્વર્ગની પાયરીએ બેસાડી દીધો હોય, તેમ તેને દેખાયું. સામૈયામાં અગ્રગંતા નંદલાલશેઠે આવીને ભટજીના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પડી, સ્તુતિ કરી, " મહારાજ ! આપે તો મને જીવિતદાન દીધું. મારૂં ધન અને લાખો

રૂપિયા ખરચતાં ન મળી શકે એવી આપે મારી આબરૂ બચાવી મહારાજ ! આપનો અનુગ્રહ અને આપના મારા ઉપર ઉપકાર નિઃસીમ છે હવે તો કૃપા કરી મારે ઘેર પધારી મારૂં ઘર પાવન કરો. આપને માટે રથ તૈયાર છે." (કર્માદેવી પ્રત્યે) "માતાજી ઊઠો, સેવકને માન આપો." નંદલાલની સાથે જે માણસો આવેલા હતા તેઓમાંથી જેઓ શાન્તિરામ સુધી પહોચી શકયા, તેઓએ શાન્તિરામને દંડવત્ પ્રણામ કર્યાં, અને જેઓ શાન્તિરામ સુધી પહોંચી ન શકયા, તેઓએ મહારાજને દ્વિકર જોડી નમન કરી મહારાજનો યોગ્ય સત્કાર કર્યો ભટ્ટજીને પુષ્પ ચંદનાદિથી પૂજન કરી રથ સુધી લઈ ગયા, અને તેમાં તેમને બેસાડયા. કર્માદેવી એજ રથમાં બેઠાં અને સામૈયું નંદલાલના ઘર તરફ પાછું ફર્યું. આ વખતે ત્યાં લોકોમાં જે અવર્ણનીય આનંદ પ્રસરી રહ્યા હતો, તેનો યથાસ્થિત ચિતાર આપવાની આ લેખકની શક્તિ નથી કર્માદેવી પોતાના ગોર મહારાજના પરાક્રમથી સાનંદાશ્ચર્ય પામ્યા, અને તેના મનમાં જે હર્ષની ઉર્મિઓ ઉછળવા લાગી તેઓએ, તેના હૃદય પટપર ઈંદ્ર ધનુષ્યની પેઠે નવનવા રંગ પૂર્યા, અને ત્યા એક વિચિત્ર કલ્પનાસૃષ્ટિ ખડી કરી. આ કલ્પનાસૃષ્ટિ નિહાળવામાં પોતે જાગૃત છતાં સમાધિસ્થ દેખાઇ, છતાં પણ તેણીના મન તરંગો વડે તેણીના મુખપર સમય સમયપર આનંદની છાયા આવીર્ભૂત થતી હતી. શાન્તિરામ કર્માદેવીના મનતરંગો જાણી ગયા. પરંતુ પોતે તો જાણે કાંઇજ બન્યું નથી, અથવા સૃષ્ટિમાં આવા બનાવો બનતા આવે છે એમ સમજી, પોતાને થયેલો અપૂર્વ આનંદ છુપાવી એવું તો ગાંભીર્ય ધારણ કર્યું, કે સર્વે દિશાએથી ભટ્ટજીની યોગ્યતાની પ્રશંસા થવા લાગી

ભટ્ટજીના સત્કારમાટે નંદલાલશેઠને ઘેર પહોંચ્યા પેહેલાં સર્વે તૈયારી થઇ જાય એ હેતુથી, નંદલાલશેઠે અમથાને બોલાવી કહ્યું, "અલ્યા અમથા ! આપણી વેણીરામવાળી મેડીમાં ભટ્ટજીને ઉતારો આપવાનો છે, તેથી આપણા કુટુંબના સ્ત્રીવર્ગને જલદી ઘેર જવાનું કહે, અને તું ઝટ ઘેર જઇ તારી શેઠાણીને પૂજાની

સર્વ સામગ્રી તૈયાર કરવાનું કહે, વસંત તથા મંજુલાને ત્યાં બોલાવી લેજો." શેઠના મુખમાંથી આ શબ્દો નીકળતાની સાથે અમથો વિદ્યુત્ ત્વરાએ નંદલાલશેઠના ઘર તરફ દોડતો ગયો. દોડતાં તેને શ્વાસ ચડી આવ્યો અને યકૃત્ અને ઉદરમાં શૂળ થવા લાગ્યું. વધુ ચાલવાની શક્તિ ન રહેવાથી એક ઓટલાપર બેઠો. ત્યાં તો માત્ર થોડીજ પળ બેઠો, પણ શેઠે તેને જે કામ સોંપેલું હતું તે અતિ ત્વરાથી કરવાનું હતુ. એટલે આ થોડી પળ પણ તેને પશ્ચાત્તાપનું કારણ થઇ. તે પોતાના મન સાથે બડબડયો, "અમથા, તું અહીજ બેસી રહ્યો તને જે કામ સોંપ્યું છે, તે કામ તું આવીરીતે કરે છે ? મહાત્માનું આતિથ્ય આમ થતું હશે ? ઝટ ઉઠ અહીથી અને તારે કામે વળગ," એમ મનમા બડબડતો અમથો ત્યાંથી ઊઠી, ફરી ત્વરાથી ચાલવા લાગ્યો.

રસ્તામાં તેને નદલાલના ઘરમા ઘુસી ગયેલો પેલો જ્યોતિષી કૌતક ઉર્ફે કેવળરામ મળ્યો કેવળરામને આગલી રાત્રિની સર્વે હકીકત, તેમજ આ ગામમાં નવા આવેલ ભટ્ટજીના વધેલા માન સબંધી, તેમજ તેને ઠાઠમાઠથી પધરાવી લઇ જવામાં આવે છે તે સબધી, સપૂર્ણ ખબર હતી. તથાપિ તે અજાણ્યાની પેઠે અમથાને પૂછવા લાગ્યો, "અલ્યા અમથા ! આમ ઉતાવળો ઉતાવળો તું કેમ દોડે છે ? છે શું, મને વાત તો કર ?"

અમથો—મહારાજ, તમારી સાથે વધુ વાત કરી શકુ, તેટલી હાલ મને પુરસદ નથી. નદલાલશેઠ સામૈયુ કરી મહાત્મા શાન્તિરામને પોતાને ઘેર પધરાવી લઇ જાય છે. સામૈયુ ઘેર પહોંચે તે પેહેલાં પૂજાની સામગ્રી તૈયાર કરવા શેઠાણીને કહેવા હુ ઘેર જાઉછુ, અમથાએ આમ ટુંકામાં પતાવી કૌતક જોશીને ત્યાં મૂકી દોડતો નંદલાલશેઠના ઘર તરફ ગયો

કૌતક જોશીને અમથાના શબ્દોથી કારી ઘા લાગ્યો. ઇર્ષાગ્નિથી તે બળવા લાગ્યો. નવા આવેલા ભટ્ટજી જોશીને કંટક રૂપ જણાયા. " એક અપરિચિત પુરૂષની આટલી પૂજા ! નદલાલશેઠનો હુ જુનો

જોશી તેને તો કોઇ બોલાવતું એ નથી ! એક મ્યાનમાં બે તલવાર ! હાય ! મારાથી એ કેમ ખમાય ?" કૌતક જોશી આ પ્રમાણે વીચાર કરતો, વારેઘડીએ ઉંડો નિશ્વાસ નાંખતો, નંદલાલના ઘર તરફ ચાલતો થયો. વેણીરામની હવેલી આગળ આવ્યો, તો ત્યાં શેઠાણીના હાથમાં પૂજાપાત્ર અને તેમાં પૂજાની તમામ સામગ્રી ગોઠવેલી જોઇ, એટલે કૌતક જોશીની ઇર્ષ્યાગ્નિમાં ઘૃત હોમાયુ.

કૌતક —માતાજી, આટલી ધામધુમ ?

શેઠાણીઃ—આપને ખબરે નથી શુ ?

કૌતક —ખબર શુ ધૂળ રાખવી છે ? નંદલાલ શેઠ તો ભોળા અને નિષ્કપટી છે તેમને તો દુનિયાનો કાંઇ અનુભવ નથી. આ દુનિયામાં અનેક ઠગો વસે છે. રાત્રિના બનેલ બનાવ, કયા જ્યોતિ-શાસ્ત્રમાં લખ્યુ છે ? નદલાલશેઠને તો પાત્રાપાત્રતાનો કાંઇ વિચા-રજ નથી. એમના મને ઘરના માણુસ તો બેલ બરોબર છે

શેઠાણી—મહારાજ એવી વાતોમાં અમે ન સમજીએ. તમારા શેઠને પૂછી જુઓ !

કૌતક —(ચીડાઇને) શેઠને શુ પૂછીએ ! જ્યાં ઘોડા અને ગધેડાની કીમત એકજ અકાય, ત્યાં બોલવાથી શું ફાયદો ! સંભાળ કરજો, માતાજી આ નવો પતગી રંગ છે સંભાળજો ! ભવિષ્યમાં ધોકો ન લાગે.

શેઠાણી —(શાંતતાથી) મહારાજ ! અમે શેઠની વાતમાં વચ્ચમાં પડતા નથી.

જ્યારે મોટામાં મોટી હાનિ થાય, કૃપણનુ ધન હરાય, વૃદ્ધાવસ્થામાં યુવાન પુત્રનું મરણુ થાય, શ્રમથી મેળવેલી સંપત્તિ એકીવારે જતી રહે, ત્યારે મુખઉપર જે ગ્લાનિ પ્રસરી રહે છે, અને મુખાકૃતિ જેવી વિકૃત થાય છે, તેવીજ જોશીની મુખાકૃતિ બની, શરીરમાં પ્રસ્વેદ છૂટયો, લુહારની ધમણુની પેઠે શ્વાસોશ્વાસ વેગથી ચાલવા લાગ્યો, હૃદય ધડકવા લાગ્યુ અને નેત્રોમાથી અશ્રુ-

ઓનો પ્રવાહ ચાલ્યો. બાજી બગડી સમજી કૌતક જોશી પોતાના ઘર તરફ ચાલતો થયો.

પેલી તરફ અમથો અતિશય પ્રફુલ્લિત હૃદયથી જાણે, આ પરાક્રમ તેનુંજ હોય, અથવા જાણે પોતે નંદલાલશેઠપર મોટામા મોટો ઉપકાર કર્યો હોય અને તેના બદલામાં નંદલાલ શેઠ તરફથી પોતાને કોઇ મોટી જાગીર મળવાની છે, અથવા કમતીમાં કમતી શેઠને હાથે પોતાનો યોગ્ય સત્કાર તો અવશ્ય થવાનોજ, અને તેમ પણ ન બન્યું તો ભટ્ટજી તો આપણાજ થઇ ગયા, તેમાં તો કાંઇ શંકા જેવુંજ નથી એવા મિથ્યા અભિલાષાના મણકા ફેરવતો, હર્ષના આવેશમાં ધીરજને જાણે ધરતો ન હોય, ગંભીરતાને ગણતો ન હોય, વિશ્રાંતિને સેવતો ન હોય, વિવેકને વર્તતો ન હોય, અને મનને માનતો ન હોય, તેમ નાચતો કૂદતો વેણીરામની મેડી તરફ ત્વરાથી જતો હતો. રસ્તામાં તેને પોતાની સ્ત્રી સુનીતિ મળી

"કેમ હજુ યોગ્ય શૃંગાર સજવામા ઢીલ શામાટે? પેહેરી લેને પેલી સાડી? કોના બાપની પરવા છે? આજે આપણે ત્યાં આવો ઉત્તમ અવસર અને તું હમ્મેશ માફક સાદા પેહેરવેશમાં ઉભી છે! ગાંડી! ઝટ જા અને જલદીથી શેઠને ઘેર હાજર થઇ જા, જાણે ગઈજ ન હોય! જમવાની બાબતમાં તો ઘણુ કરી ભટ્ટજી મૂકશે નહીં, પણ કદાચ તેમ ન બન્યું તો આપણે ત્યાં કસાર બનાવવાનો છે, સમજી? અમથાના આજથી ભાગ્ય ખુલ્લી ગયાં! આજથી બળદિયાના પૂછડાં તાણી ગધેડાં જેવુ વૈતરૂં કરતા છૂટયાં, તે ભટ્ટજીના પ્રતાપેજ!" અમથે સમજાવીને સુનીતિને કહ્યું.

અમથો શેઠના ઘર આગળ જઇ પહોંચ્યો. સર્વ સામગ્રી નંદલાલના ઘરની યોગ્યતા પ્રમાણે ગોઠવાઇ. હજારો લોકો શાન્તિરામ મહાત્માના દર્શનનો લાભ લેવા આવશે, એમ સમજી અમથાએ તેમાટે બધી સગવડ કરી રાખી, અને સામૈયાની સામે જવા તૈયાર થયો, એટલામાં સામેથી વાદ્યનો મધુર સ્વર, તેમજ ધ્વજા અને પતાકા ઉચકનારા છોકરાઓના હર્ષનાદ, સ્ત્રીઓનાં મધુર ગીત, તથા ભજનમંડળીના ભક્તિ રસથી ભરપૂર ભજનો

વગેરેનો નાદ અમથાને કર્ણગોચર થયો. થોડાજ સમયમાં સરઘસ ત્યાં આવી પહોંચ્યું. જાણે નંદલાલના ઘરરૂપી નાવને નગરજન-મંડળયૂથરૂપી સમુદ્રતરંગો ઘેરવા આવતા હોય, અથવા નંદલાલની મેડીરૂપી ખડકપર તેઓ વેગથી અથડાવા આવતા હોય, એવો દેખાવ ત્યાં થઇ રહ્યો આ નગરજન મંડળમાં પ્રથમ પંક્તિમાં મોટા મોટા અમીર ઉમરાવો અને રાજ્યના અમલદારો અને શ્રીમંત વર્ગમાંથી હતા તેઓ જાણે પૃથ્વીની દયા કરતા હોય, તેવીરીતે ધીમે પગલે વિનોદ વાર્તાઓ કરતા ચાલતા હતા. કોઈક વખતે તેમની મુખાકૃતિ આશ્ચર્યયુક્ત દેખાતી હતી, અને તેમની સભ્યતાથી જાણે દેવગણ ઇંદ્રની કચેરીમાં જતું હોય, તેવો દેખાવ થઇ રહ્યો હતો

વેણીરામની મેડીએ સરઘસ પહોંચતાં, ભટ્ટજી પોતાના રથમાંથી ઉતર્યા, એટલે દરવાજા પાસે શેઠાણીએ પુષ્પથી ભટ્ટજીને વધાવી લીધા. ભટ્ટજીને વાજતે ગાજતે ઉપરના દિવાનખાનામાં તેડી ગયા, ત્યાં ઉંચી જાતની મખમલમાં બંગાલી રૂથી મઢી લીધેલા અને સફેદ દૂધ જેવા ઓછાડ ઓછાડેલા ગાદી તકિયાના આસન ઉપર ભટ્ટજીને બેસાડી, ભટ્ટજીનું યથાવિધિ પૂજન કરવામાં વસંત અને તેની સાથે તેની સ્ત્રી સુમતિ, નંદલાલ સાથે શેઠાણી, મંજુલા સાથે તેના પતિ સૌભાગ્યચંદ્ર, અમથાની સાથે અમથાની સ્ત્રી સુનીતિ, વગેરે સર્વે એવાતો એકાગ્ર–ચિત્ત બની ગયાં, કે જાણે તેઓ પ્રભુને ભેટવા તૈયાર થઇ ઉભાં કેમ ન હોય, તેવાં દેખાયાં. પૂજનવિધિ સમાપ્ત થયા પછી, ભેટો ધરાવા લાગી. શાંતિરામ મહાત્માના દર્શનનો લાભ લેવા અને તેની આગળ ભેટો ધરાવા લોકો વેણીરામની મેડીએ એટલા તો તૂટી પડયા, કે ત્યાં જબરી ભીડ થઇ, એટલે પવન આવવાનો માર્ગ બંધ થવાથી, ઉષ્ણતા થવા લાગી, અને આવનારા લોકો પ્રસ્વેદથી ભીંજાવા લાગ્યા, છતાં પણ દર્શન કરવાની ને ભેટ ધરવાની આતુરતા એટલી બધી હતી, કે ત્યાં આવેલાઓ એક બીજાઓને કચરી હડસેલા મારી જગા કરતા. વેણીરામની હવેલી ગોસ્વામી મહારાજની હવેલીનો દેખાવ આપવા લાગી. પૂજન વિધિ સમાપ્ત થઇ. નંદલાલ શેઠ અકળામણથી ચોકીવાર ચોકમાં બેઠા, અને ત્યાંથી પોતાની બેઠકમાં બેઠા.

લોકો પણ શાન્તિરામ મહાત્માના દર્શન કરી નંદલાલ શેઠ પાસે આવી બેઠા, જેમનો નદલાલશેઠે પાનસોપારી, ગુલાબજળ, અત્તર વગેરેથી સત્કાર કર્યો, અને જે લોકો વિદાય થતા હતા, તેમને નદલાલશેઠે હાથ જોડી તેમનો ઉપકાર માન્યો

ભટ્ટજી મહારાજ પાસે હજારો રૂપિયા, શ્રીફળ, અને સાકરના પડાના ઢગલાને લીધે, એક મોટા વેપારીની વખારનો દેખાવ થઈ રહ્યો. લોકોની ભીડથી કર્માદેવી એવાં અકળાયાં, કે આવી ભીડ વધુ વખત રહેત, તો કર્માદેવી મૂર્ચ્છિત થઇ જાત. ભટ્ટજી પોતે પણ અકળાયા, અને "હવે તો કાંઈ ખુલ્લી હવા અને વિશ્રાંતિની જરૂર છે," એમ અમથાને જણાવ્યું. નગારખાનામાં તૂતીના અવાજની પેઠે હર્ષઘેલા લોકો પાસે અમથાનો પ્રયાસ કામ ન આવ્યો. મધ્યાન્હે કાંઇક નિવૃત્તિ મેળવી શકાઇ, પણ તે થોડીજવાર માટે. ગામમાં જેમ ખબર પડતી ગઇ, તેમ માણસો પછી સ્ત્રીઓ, અને સ્ત્રીઓ પછી માણસોનો પ્રવાહ ચાલુજ રહ્યો. માત્ર જ્યારે શાંતિરામને ભોજનની તૈયારીની ખબર પહોંચાડવામા આવી, અને ચપરાસી મારફતે વધુ પ્રવાહ બધ કરાવ્યો, ત્યારેજ શાંતિરામ અને કર્માદેવીને વિશ્રાંતિ મળી. ભોજનમાં શાંતિરામને અને કર્માદેવીને ઉત્તમ પ્રકારના પાક પકવાનો, તરહેવાર શાક, રાઇતાં, પાપડ, અથાણાં, ચટણી, મુરબ્બા વગેરે પીરસવામાં આવ્યાં, એટલે ભટ્ટજી તથા કર્માદેવી તૃપ્તિપૂર્વક જમ્યાં. જમ્યા પછી થોડીવાર નિદ્રાદેવીની આરાધના કરી.

ગામમાં આવો ઉત્સાહ એક બે અઠવાડિયાં ચાલુ રહ્યા, અને ભટ્ટજીની સારી પ્રતિષ્ઠા જામી. અમથા જેવા એક સાધારણ બુદ્ધિના માણસના ભગીરથ પ્રયાસને પ્રતાપે અને અણધાર્યા સંયોગોને લીધે ભટ્ટજીને આ અમૂલ્ય લાભ થયો. ભટ્ટજીની સાત પેઢી સુધી કોઇને આવું માન મળ્યુ નહતું. વ્યવહારિક દ્રષ્ટિથી ભટ્ટજીને આથી કેટલો હર્ષ થયો હશે, તેની કલ્પના, વાંચનાર ! તું તારી મેળેજ કરી લે. પરંતુ વાંચનારને યાદ હશે, કે શાન્તિરામે ગૃહસ્થ તરીકે આ સંસારમાં સુખ અને દુઃખ સારી પેઠે અનુભવેલાં હતાં, અને આ વખતે તેણે વાનપ્રસ્થ આશ્રમનો સ્વીકાર કરી આ જગત્‌માં વસ્તુતઃ સુખ છે કે નહીં, અને

સુખ જો હોય તો શામાં છે? તે જોવા, સંસારની યાત્રા કરવા તે નીકળ્યા છે. જેવી શાન્તિરામની સ્થિતિ તેવીજ કર્માદેવીની સ્થિતિ છે તેણીએ પણ આ સંસારમાં સુખનો અનુભવ લીધેલો હતો, અને દુ:ખના ભારથી તેને આ સંસાર ઝેર જેવો થઇ ગયો હતો. પોતાના ગોર શાન્તિરામના સદ્બોધના પ્રતાપે તેણીએ પોતાની પાસે જે હતુ તે પોતાની જ્ઞાતિના અગ્રેસરોને પરમાર્થ માટે સોંપી દઇ, શાન્તિરામની સાથે પોતે પણ વાનપ્રસ્થા બની હતી, અને તેને તેણીએ પોતાનો પુત્ર માની લીધો હતો. બન્ને મા દિકરો એકજ શોધમાં નિકળ્યાં હતાં, અને બન્નેની દિશા પણ એકજ હતી. તેમને આજે અઢળક દ્રવ્ય મળે તોય શુ? ને કાલે ભિખારી બની જાય તોય શુ? આજે તેમને છત્રીશ પ્રકારના ભોજન મળે તોય શું? ને કાલે લુકકો રોટલો મળે તોય શું? સુંદર વાહન હોય તોય શુ? અને પગે ચાલવુ હોય તોય શુ? રહેવા માટે સુંદર મેહેલ હોય તોય શુ? અને જંગલમાં પર્ણકૂટિમા અથવા ખુલ્લા મેદાનમાં અથવા વનમાં ભયાનક જનાવરોની વચ્ચમા ગુફાઓમાં રહેવું પડે, તોય શુ? સૂવા માટે પલંગ હોય તોય શું? ને જમીનપર સૂવું પડે તોય શુ? મા દિકરાને સંસાર જોવો છે, સંસારયાત્રામાં મનુષ્ય પ્રકૃત્તિનું નિરીક્ષણ કરવું છે, સંસારમા સુખને માટે મનુષ્યો કેવાં ફાંફાં મારે છે, તે જોવું છે, અને સંસાર જોતાં પોતાને વૈભવાદિ ભોગવવાનુ મળે, તો તે વૈભવ પરિણામે શુ અનુભવાવે છે, તેની જાતે પરીક્ષા કરવા તેઓ વૈભવ સુખ માણતા હતાં. પરંતુ વસ્તુતઃ વૈભવ કે દુ:ખ તેમને મનજ સરખાંજ હતાં. અર્થાત્ વૈભવમાં તેઓ નિર્લેપ રહેતાં, અને દુ:ખની વેળાએ તેમનાં હૃદય વજ્ર જેવાં થઇ ગયાં હતાં, એટલે દુ:ખ સહન કરવામા તેમને વાંધો આવતો નહીં. એક મહાત્મા જણાવે છે કે:—

संपत्सु महतां चित्तं भवत्युत्पलकोमलम् !
आपत्सु च महाशैलशिलासंघातकर्कशम् ॥

ભાવાર્થ:—વૈભવમાં મહા પુરૂષોનાં ચિત્ત કમળના જેવાં કોમળ બને છે, પરંતુ દુ:ખમાં તેજ ચિત્ત મોટા પર્વતની શિલાનો

ઘા ઝીલવા જેટલું કઠણુ બને છે. તેઓ નંદલાલશેઠની સમૃદ્ધિ ઉપર જરા પણ લોભાયા ન હતા સંયોગ વિયોગ માટે તેઓ તૈયાર હતા. હાય દુઃખ કહી રડે એવાં, બન્નેમાથી કોઈ ન હતું. નંદલાલશેઠના ઘરમાં આ વખતે તેઓ પાણી માગતા તો દૂધ મળતુ, અને દરેકરીતે તેમની સગવડો સચવાતી. પરિણામે કર્માદેવી અને શાન્તિરામ બન્નેના શરીર રૂષ્ટ પુષ્ટ અને દેખાવડા થયા, અને બન્ને જણ જાણે પૂર્ણ યોવનમા આવી ગયાં હોય તેવા લાગતાં કર્માદેવી વર્ણમા ગૌર તો હતી જ અને વૈભવને પરિણામે ઉર્વશીને પણ લજાવે, એવી લાવણ્યતા તેનામાં આવી ગઈ. પરતુ શાન્તિરામના પૂર્વસંચિતના પ્રતાપે તે પોતાનું અસિધારાવ્રત જાણે આ ઉર્વશી પોતાની જન્મદાતા માતા જ કેમ ન હોય, તેવી રીતે પૂર્ણપણે પાળતા અસિધારાવ્રતનાં લક્ષણ આ પ્રમાણે છે —**यत्रैकशयनस्थापि प्रमदानोपभुज्यते । असिधाराव्रतं नाम वदंति मुनिपुंगवाः ॥** અથવા **शयनम ये खड्गं विधाय स्त्रीपुंसौ यत्र ब्रह्मचर्येण स्वपतस्तत् ॥** અથવા **युवायुवत्यासार्धं यन्मुग्धभर्तृवदाचरेत् । अंतर्निवृत्त संग स्यादसिधाराव्रतं हि तत्**

અર્થાતઃ—એક શયન પર સૂતા છતાં સ્રીનો ઉપભોગ કરવામાં આવતો નથી, તેને શ્રેષ્ટ મુનિઓ અસિધારાવ્રત એવું નામ આપે છે, અથવા સ્રીની અને પુરૂષની વચ્ચમાં શયનપર ખડગ મૂકી, તેઓ બ્રહ્મચર્યથી સૂએ, અથવા યુવા પુરૂષ, યુવતિસાથે સંગ કર્યા વગર એક શયન પર સૂએ તો તે વ્રત અસિધારાવ્રત કહેવાય છે. જેમ શાન્તિરામ કર્માદેવીને જન્મદાતા માતા સમજતા તેવીજ રીતે કર્માદેવી શાન્તિરામને આ ભવાટવીના લક્ષ ચોરાશી ફેરામાંથી બચાવનાર અને તારનાર ગુરૂ અને પુરોહિત માનતા, છતાં તેના તરફ પુત્રવાત્સલ્ય ધરાવતા હતા આવો પરસ્પર શુદ્ધ અવિકારી પ્રેમ આ સંસારમાં ભાગ્યેજ નજરે પડે. નંદલાલશેઠ, શાન્તિરામની કર્માદેવી તરફની માતૃભક્તિ અને કર્માદેવીનું શાન્તિરામ તરફનું પુત્રવાત્સલ્ય જોઇ, સાનંદાશ્ચર્ય પામતા, અને તેમના આ પરસ્પરના અવિકારી ભાવોએજ તેમના તરફ પૂજ્યભાવ ઉત્પન્ન કર્યો હતો. કદાચ કોઈ વિઘ્નસંતોષી, નંદલાલશેઠને શાન્તિરામ કે કર્માદેવી વિરૂદ્ધ સમજાવતા અથવા તેના કાનમાં ઝેર રેડવાની તજવીજ કરતા, તો નંદલાલશેઠ

તે માનતા નહીં. ગામના તમામ લોકોએ એમજ માની લીધું, કે શાન્તિરામ અને કર્માદેવીને નંદલાલશેઠ તેમના જીવન પર્યંત પાળશે.

નંદલાલ શેઠ પોતે સાગર મનના હતા ગૃહકાર્ય સર્વે શેઠાણીને આધીન હતુ શેઠાણી સ્વભાવે શાણા ખરાં, તથાપિ તેનું શરીર વાયુથી ભારે થઇ ગયુ હતું, એટલે ગૃહકાર્યનો સર્વે ભાર મંજુલા ઉપર હતો. મજુલાપર શેઠાણીની અગાધ પ્રીતિ હતી, એટલે તે જે બોલતી, તે શેઠાણીને મન વેદ વાકય ઘરમા મંજુલાની સામે કોઇથી બોલી શકાતું નહી, અને દરેક કાર્યમા મંજુલાનું કહ્યું થતુ કદી કોઇ મજુલાની સામે થવા હિમ્મત કરતું, તો તેની જડ કાઢી નાખવા, મંજુલા તત્પર થતી રૂપમાં કે લાવણ્યતામાં આખા નગરમા મજુલા જેવી સ્ત્રરૂપવતી સ્ત્રી મળવી મુશ્કેલ હતી સૌન્દર્યની સાથે તે સ્વેચ્છાચારી પણ હતી. રોજ રોજ નવા નવા વેશ ધારણ કરવા, મનનું ધાર્યું કરવુ, સ્વતત્રતાથી વર્તવુ, કોઇનુ કહ્યું કાને ધરવું નહીં, યોજેલ હેતુ પાર પાડવાને માટે ગમે તેવા દુષ્ટ સહાય્યકારોનો આશ્રય લેવો પડે, તો હિતાહિતનો વિચાર કર્યા વગર, તેવો આશ્રય લેવામાં કોઇનો પણ ડર રાખવો નહીં, એ વગેરે મંજુલાના ખાસ લક્ષણો હતાં. તે પોતાના ભાઇ વસતને મર્કટની માફક નૃત્ય કરાવતી અને વસત તેનો નચાવ્યો નાચતો પોતાની ભોજાઈ સુમતિને પોતાના નીચ કાર્યોમાં સામેલ થવા ફરજ પાડતી, અને તેમ કરવા જો તે સાધ્વી ના પાડતી, તો તે બિચારીને, વસતને આડું અવળું સમજાવી, તેની પાસેથી માર ખવરાવવામાં, તે આનંદ માનતી.

મંજુલા નાનપણથીજ એક છકેલ છોકરી ગણાતી. નદલાલની ઇચ્છા મજુલાને કોઇ સારા પ્રતિષ્ઠિત શ્રીમંતને ત્યાં પરણાવવાની હતી. પરતુ બન્યું એવું કે, શ્રીમતોમાં જુગતે જુગતું જોડુ મળી શકયુ નહીં. કોઈમાં રૂપમાં ખામી, તો કોઇ ઠેકાણે વયમાં બાધ આવતો, તો કોઇ ઠેકાણે કુટુંબની ખાનદાની નદલાલ શેઠના ધ્યાનમાં આવતી નહીં જ્યાં રૂપ ગુણ અને વય અનુકુળ આવ્યાં, તેઓએ આ છકેલ છોકરી સાથે પાનું પાડવા ના પાડી. પરિણામે નંદલાલને ન છૂટકે, હૈવ ઇચ્છાને આધીન થઈ, પોતાનીજ જ્ઞાતિના કોઈ ગરીબના

પુત્રની સાથે મંજુલાનાં લગ્ન કરી, જમાઇને ઘરના વ્યાપારમાં મુનીમ તરીકે રાખ્યો. સૌભાગ્યચંદ્ર મંજુલાના શરીરનો સ્વામી બન્યો હૃદયનો નહીં. સૌભાગ્યચંદ્ર રૂપમા, ગુણમાં, અને સ્વભાવમાં, દરેક રીતે નંદલાલના જામાતા તરીકે યોગ્ય હતો; માત્ર દરિદ્રતાના કારણે, છકેલ મંજુલાને, હંસણીનો કાગ સાથે સબંધ લાગ્યો. મંજુલા પોતાના સ્વભાવ અને શિક્ષણ પ્રમાણે, અને સંગની તેણીનાપર જે અસર થઈ હતી, તેના પ્રભાવે, તે પોતાના પતિને દાસ માનતી, અને તેના તરફ પોતાના વર્તનમાં, તેણી તે ભાવ સપૂર્ણપણે પ્રગટ કરતી. આવા જોડામાં અખંડિત શુદ્ધ પ્રેમની આશા કયાંથી રખાય? જ્યાં કાંચનની કિંમત કથીર પ્રમાણે થતી હોય, દેવ દાનવ મનાતા હોય, ત્યાં વિશુદ્ધ પ્રેમ અને અવિકારી ભક્તિની આશા કયાંથી રાખી શકાય? જે સ્ત્રીને સંગદોષથી એવુ શિક્ષણ મળ્યુ હતું, કે સ્ત્રી એક ઉપાસ્ય દેવતા છે, અને પુરૂષ તેનો ઉપાસક છે, અને પુરૂષને હૃદય આપવું, એ સ્રીચરિત્રની નબળાઇ છે, અર્થાત્ પુરૂષને સુગમતાથી સુખ આપવું, એ સ્ત્રીઓમાં મોટામા મોટું દૂષણ છે, અને પતિને પજવવું, એ સ્ત્રીઓમાં મોટામાં મોટ્ટુ ભૂષણ છે, એવી સ્ત્રીઓના હૃદયમા પતિભક્તિમાટે સ્થાન કયાંથી હોઇ શકે? આવી સ્ત્રી અને તેના પતિ વચ્ચે એક પળ પણ હાસ્યવિનોદ થતો હશે, એવી કલ્પના પણ અસંભવિત છે. મંજુલાના પતિ સૌભાગ્યચંદ્રને મંજુલાનુ આવું વર્તન અસહ્ય લાગ્યું, પરંતુ તે બિચારો નિરૂપાય હતો. શ્વશુરના આશ્રયવગર તે ભટકતા ભિખારી જેવો હતો શ્વશુરને ઘેર દુઃખ માત્ર સ્ત્રી તરફથી હતું, પરતુ બીજી રીતે નંદલાલશેઠનો તે જામાતા અને મુનીમ કહેવાતો, અને નદલાલશેઠના સર્વ વૈભવઉપર તેનો, એક કુટુબી તરીકે હક્ક હતો. પોતાની સ્ત્રીના વર્તનસંબંધી વિચાર કરતાં, તેને દુઃખ ઉપજતુ એ વાત ખરી, પણ વૈભવ સુખ ભોગવવામાં તેને અપાર આનદ આવતો, અને જે વિચાર તેને દુઃખનાં કારણ થઈ પડયા હતાં, તેજ વિચારો માટે, શ્વસુરે સોંપેલ કાર્યમાં રચ્યામચ્યા રહેતાં, અને શ્વસુરના વ્યાપારમાં વધુ ચિત્ત પરોવતાં, સ્થાન રહેતું નહી, અને દુઃખ સ્વત દૂર થતું. સૌભાગ્યચંદ્રને બીજો કોઇ ઉપાયજ ન હતો. મંજુલા એક શ્રીમંતની દીકરી, લાડમાં ઉછરેલી, અંકુશ

રહિત, છકેલ, કુટુંબમાં બધાપર પોતાની સત્તા ચલાવનારી, અને સૌભાગ્યચંદ્ર પોતે ગરીબ અને શ્રીમંત સસરાનો ઓશિયાળો, એટલે મંજુલાને બે શીખામણના બોલ કહેવા અથવા તેને કોઇ જાતની શિક્ષા કરવી, એટલી હિમ્મત તેનામાં ન હોઇ શકે. કદાચ તેમ કરવા જાય, તો પરિણામ વિપરીત આવે, એમાં શક નથી. તે સસરાના ઘરમાંથી નીકળી જાય, અને પોતે ભટકતો ભિખારી બને, એટલુંજ નહીં, પરંતુ મંજુલા પોતાના દુષ્ટ સહાય્યકારોની મદદથી તેનું નિકંદન કાઢી નાંખે, એ તે સારી રીતે સમજતો હતો. આવાં કારણોને લીધે બિચારો સૌભાગ્યચંદ્ર મંજુલાને સ્વચ્છન્દતાથી વર્તવા દેતો, અને તેના દુષ્ટ વર્તનતરફ દુર્લક્ષ કરતો.

સૌભાગ્યચંદ્રને કોઇપણ જાતની મોજ મજા ભોગવવાની રૂચિ થતી નહી. નંદલાલ શેઠ, મંજુલાની ઉદ્ધતા, તેણીનું પોતાના પતિતરફનું વર્તન, ઘરખર્ચમાં ઉડાઉપણું, પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોચાડે એવી તેણીની સંગતિ, અને બીજાં સ્વચ્છંદી વર્તન- માટે ખેદ પામતા, પરંતુ તેણીને કહેવા જતાં, ઘરમાં કલેશ અને લોકોમાં ભવાડા થાય એવા ડરથી, તેણે પણ તેને કહેવાનું મૂકી દીધું હતું. મંજુલા "હું સર્વ વાતે શાણી અને સમજુ છું," એવુ અભિમાન રાખતી. તે નગરશેઠની દીકરી, એટલે કોઈની તે પરવા કરતી નહીં- ગમેતેવું સાહસનું કાર્ય કરવુ હોય, તો મંજુલા તે કરવા ડરતી નહીં જેમ પોતાથી વિરૂદ્ધ થનારનું તે નિકંદન કરવા તત્પર થતી, તેવીજ રીતે તેણીની ઇચ્છાપ્રમાણે વર્તનારને તે ન્યાલ કરી દેતી.

વસંત શ્રીમંતનો યુવાન દીકરો, એટલે મંજુલા કરતાં દશ- ગણો કુચ્છંદી અને મોજીલો હતો. હાજીહા કરનારા विषकुंभपयोमुख मित्रो તેની આસપાસ બહુ એકત્ર થયા હતા. તેઓ તેનાજ ધનથી મોજમજા ઉડાવતા, અને તેને કુમાર્ગે દોરવતા. ખાવું, પીવું, અને વિષયાનંદમાં દિવસ નિર્ગમન કરવા, એ વસંતના નિત્યકર્મ હતાં. કોઇ વસંત પાસેથી ધન નિચોવવા, અને તેના પૈસાએ પોતે મોજમજા ઉડાવવા, તેના મિત્રો બન્યા હતા અને કેટલાક વિષ-

ચીઓ તેની બેહેન મંજુલાસાથે પ્રેમ બાંધવા તક મળે, એ હેતુથી તેના મિત્ર બન્યા હતા વસંત પોતે ભોળો અને વિશ્વાસુ હતો, એટલે આવા દુષ્ટોને તે ઓળખી શકતો નહી. સ્વાર્થી મિત્રોથી ભોળવાઈ વસંત પૈસા અને આબરૂના કાંકરા કરતો, એક અથવા બીજી ઉપાધિ જગાડી, લોકોને ત્રાસ આપતો, અને ગાન તાન ઉજાણી વગેરેમાં તે ગુલતાન બનતો.

ભાઇ અને બેહેનનું એક બીજાપર અપૂર્વ વ્હાલ હતુ. મંજુલા જેમ કહેતી તેમ વસંત કરતો. ગામની પાધરે નદી કિનારે નંદલાલશેઠનો એક બગીચો હતો. આ બગીચામાં તરેહ-વાર સુગંધી પુલોના અને વિધવિધ ફળોના ઝાડો છવાઇ રહ્યાં હતાં. બગીચાના મધ્ય ભાગમાં એક અતિ રમણિય બંગલો હતો આ બંગલામાં મંજુલા અને વસંત પોતાના સર્વ નીચ મનોરથો પાર પાડતાં મહિનામાં એકાદ બે વખત નંદલાલ શેઠ આ બંગ-લાની ભેટ લેતા ખરા, પરંતુ તે માત્ર ઉપર ટપકે બંગલામાં ખરૂં રાજ્ય મંજુલાનુંજ હતું. નંદલાલ શેઠના આવા બાગબગીચા અને બંગલાઓ અસંખ્ય હતા, પરંતુ મંજુલા અને વસંતના નીચ કર્તવ્યોનું કેન્દ્રસ્થાન તો નદીકિનારાપરના બગીચામાંનો બંગલોજ હતો. મંજુલાની ઇચ્છા ન હોય તો વસંત પોતાના સોબતીઓને સાથે લઈ, બીજા બંગલામાં મોજ ભોગવવા જતો રહેતો, પણ મંજુલાનું મન વસંત દુભાવી શકતો નહીં.

નંદલાલ શેઠપાસે મોટી મોટી જાગીરો, અસંખ્ય ગાયો, ભેંસો, ઘોડા, બળદ અને નાના પ્રકારના રથો હતાં. તે કોટયાધીશ ગણાતો, અને તેના વૈભવને લીધે તે એક નાનો રાજાજ કહેવાતો. વેપારની બાબતમાં તેની સામે હરિફાઈમા ઉતરવા કોઈની હિમ્મત ચાલતી નહીં. એક ઘડીભરમાં લાખો રૂપિયા જોઇતા હોય, તો નંદલાલના ઘરમાંથી નીકળતા. તેની પાસે નોકરો, ચાકરો. દાસ, દાસીઓ સેંકડોની સંખ્યામાં હતાં, અને આ મોટા વ્યવહારને લીધે, મંજુલા અને વસંતનાં દુરાચાર અને દુષ્ટ વર્તન નંદલાલથી ગુપ્ત રહી શકયાં. નંદલાલને ભગંદરનો રોગ થયો હતો, એટલે તે ઘણા બેચેન રહેતા, અને જગતના સુખોથી તે વિરક્ત રહેવા ઇચ્છતા

એકનો એક પુત્ર અને એકજ કન્યા, એટલે સંતતિની મોહજાળમાં નંદલાલ શેઠ લોભાયા હતા. વસંતની સ્ત્રી સુમતિ, જોકે એક શ્રીમતની દીકરી હતી, તોપણ તે સરળ સ્વભાવની, શાંત, ગરીબપર દયા રાખનારી, ગૃહકાર્યમાં કુશળ, માયાળુ, સાધ્વી અને ટુંકામાં સર્વસદ્ગુણસંપન્ન અને ઉત્તમ કુળને શોભાવે તેવી હતી. પરંતુ બિચારીને પ્રારબ્ધ યોગે. ઘરમાં સુખ ન હતું, કારણ કે તેણીને પોતાના પતિ અને નણંદ તરફથી અસહ્ય દુઃખો સહન કરવાં પડતાં; તેણી બન્નેના દુરાચારથી શરમાતી તેણીનાપર કોઈનેપણ વિશેષ વ્હાલ હોય, તો તે માત્ર નંદલાલ શેઠનોજ હતો નંદલાલ શેઠ સુમતિની નીતિ, રીતિ. વિવેક અને સભ્યતાથી પ્રસન્ન થયા હતા

આવા કુટુંબમાં શાન્તિરામ અને કર્માદેવીને દિવસ નિર્ગમન કરવાના હતા. તેઓ નંદલાલશેઠના કુટુંબસાથે એકરૂપ થઈ ગયાં, જાણે નંદલાલ શેઠના તેઓ કુટુંબીઓજ ન હોય, એમ કોઈ અજાણ્યાને ભાસ થાય

શાન્તિરામ સવારમાં નિત્ય કર્મ કરવામાં રોકાતા, નંદલાલશેઠ પોતાના વ્યાપારના કામકાજમાં ગુંથાઈ જતા, અને કર્માદેવી વાંચવા કરવામાં અથવા પૂજાની સામગ્રી એકત્ર કરવામાં રોકાતા. બપોરના નગરના લોકો શાન્તિરામ પાસે આવતા, અને તેની સાથે જ્ઞાન ગોષ્ટી કરી, આનંદિત ચ્હેરે પોતાને સ્થાનકે પાછા ફરતા. સાંજના શાન્તિરામ વેદાન્તની કથા કરવા બેસતા, અથવા ધર્મશાસ્ત્રનો બોધ કરતા, અને કથા સમાપ્ત થયા પછી નંદલાલસાથે નગરમાં ફરવા નીકળતા, ત્યારે કર્માદેવી નંદલાલના કુટુંબની સ્ત્રીઓપાસે જ્ઞાનગોષ્ટી કરી, કાળક્ષેપ કરતા. આવી રીતે તેમના આઠે પોહોર આનંદમાં જતા. કોઈ વખતે શાન્તિરામ શાસ્ત્રાર્થ કરતા, તો કોઈ વખતે રાજ્યવ્યવસ્થાસંબંધી, તો કોઈ વખતે નીતિસંબંધી, તો કોઈ વખતે વ્યાપારસંબધી, એમ પ્રસંગોપાત વાતો કરતા. નગરશેઠનું ઘર, એટલે ચિંતા શાની હોય? કેટલાક દહાડાના સહવાસ પછી, શાન્તિરામ અને કર્માદેવી નંદલાલશેઠ અને તેના કુટુંબજનોના આચરણ અને સ્વભાવથી જાણીતા થઈ

ગયા. **अतिपरिचयादवज्ञा** અર્થાત્ બહુ પરિચયથી અભાવ ઊત્પન્ન થાય છે, એ સૂત્રાનુસાર, નંદલાલશેઠના ઘરમાં જે પ્રપંચ કારસ્થાનો વગેરે થતાં, તે કર્માદેવી તથા શન્તિરામને જાણવામાં આવતાં, તે ઉપરથી તેમના મનમાં “ આ સ્થળ આપણને માટે યોગ્ય નથી,” એ વિચાર આવતો. આ પ્રપંચ અને કાવાદાવાસંબંધી કોઇની પાસે વાત કરી શકાય તેમ નહી હોવાથી, તેઓ કોઇની પાસે આ વાત કરી શકતા નહીં. એક વખતે શાન્તિરામે કર્માદેવીને પૂછ્યુ, “ માતાજી આજે આપણને આવી જાતનું સુખ પ્રાપ્ત થયું છે, અને કાલે અણધાર્યું દુઃખ આપણી સામે આવી ઉભું રહે તો ?

કર્માદેવી —તેમાં આશ્ચર્ય શું ! દેહીના કર્મ દેહજ ભોગવશે, બીજો કોણ ભોગવશે ? જેમ સુખ ભોગવવું છે, તેમ દુખ પણ ભોગવી લેવું.

પ્રકરણ ૬ ઠું.

પુનઃ કાંચનપુરના ઉદ્યાનમાં

વર્ષાઋતુની સાયંકાળનો સમય થયો છે. ઝરમર ઝરમર વરસાદ પડયા કરે છે. આગલા બે દિવસની દુ સહ્ય ઉષ્ણતા પછી નભમાંથી પડતા ઝીણા ઝીણા જલબિંદુઓ હૃદયને શીતળતા અને આહ્લાદ આપે છે મેઘાચ્છાદિત સૂર્યનારાયણ, પોતાના શાંત અને મનોરંજક પ્રકાશથી આ વિશ્વવાટિકામાં અલૌકિક શોભા આપે છે લીલાં તૃણાંકુરો, નાનાં મોટાં વૃક્ષો, અને વિધવિધ પ્રકારે શોભી રહેલી લતારૂપી નવપલ્લવ વસ્ત્રોથી આભૂષિત પૃથ્વી, ઉત્તમ સુગંધ પ્રસારી રહી છે, અને જનસમૂહને વિલક્ષણ આનંદનો અનુભવ કરાવે છે. પ્રેક્ષક વર્ગનાં મન રંજન કરવા માટે રમણિયતામાં જાણે કાંઇ ન્યૂનતા રહી ગઇ હોય, તેમ ફુલી ફળી રહેલ વૃક્ષોની ડાળીઓ ઉપર કોકિલા અને મયૂરો પોતાના ટૌકારથી, હંસ, સારસ, ચક્રવાક વગેરે પક્ષીઓ, સમુદ્રની માફક ઉછાળા મારતા સરોવરોપર પોતાના નૃત્યથી, ખીલેલા, સુશોભિત, અને રંગ બેરંગી નવીન પુષ્પોની સુગંધથી સુવાસિત બનેલ મંદમંદ વાતા સમીરનુ સુસવાટ સાંભળી, જાણે મત્ત થયા હોય, તેવી રીતે ભ્રમરો પોતાના ગણગણાટથી, અને નાના પ્રકારના ભિન્ન ભિન્ન જાતિના જંતુઓની ચર્યાથી, જાણે કુદરતની કૃતિની અવધિજ આવી રહી હોય. એવો કાંચનપુરના ઉપવનમાં ભાસ થાય છે. ત્યાં શ્રમિત જનસમૂહ શાંતિમાટે આમ તેમ ફરે છે, અને ઉત્તર તરફના કુંજવનના બાંકપર ચાર પાંચ તરૂણો અતુરતાથી પૂર્ણચંદ્રની આવવાની વાટ જુએછે. થોડાજ સમયમાં તેઓએ પૂર્ણચંદ્રને હાથમાં પુસ્તક લઇને આવતો જોયો, એટલે તેઓ સર્વે સામટા બોલી ઉઠયા, “લ્યો બ્રહ્મદેવ તો પધાર્યા.” બ્રહ્મદેવ છેક નજદીક આવ્યા, એટલે સર્વજણાઓએ ઊઠી, તેનો સત્કાર કર્યો, અને તેમને મધ્યમાં બેસાડયા.

અમિતચંદ્ર—મહારાજ ! આજે આપને બહુ વિલંબ થયો ?

પૂર્ણચંદ્રઃ—ભાઇ અમિત ! ગઇ કાલના તારા પ્રશ્નોના પ્રત્યુત્તર માટે, મારે મારી નોંધપોથી જોવી પડી, અને તેથી વિલબ થયો. હવે વ્યર્થ કાલક્ષેપ કરવા કરતાં, આપણે આપણા વિષયનો પ્રારંભ કરીએ તો કેમ ?

અમિતચદ્ર—તો દુધથી પણ ઉજળું, મહારાજ ! વિપ્રવર્ય, આપને યાદ હશે કે ગઇ કાલે તર્કદ્રષ્ટિએ આપને એ પ્રશ્ન કર્યો હતો. કે સુખના દાતા પણ ઈશ્વરજ કે બીજા કોઇ ? અને સુખદુ ખ કેટલા પ્રકારના છે ? તેના પ્રત્યુત્તરમાં સુખ અને દુઃખનો કોઇપણ આપવાવાળો નથી, અને સુખ અને દુઃખ એ મનનાં ધર્મ છે, એ આપે વિસ્તારથી સમજાવેલું હતુ અને ત્યાંથી આપે પ્રસગ બંધ કર્યો હતો. હવે આજે સુખ દુઃખ કેટલા પ્રકારના છે, એ વિષયપર ચર્ચા આગળ ચલાવો, મહારાજ

પૂર્ણચંદ્ર—જુઓ ! સુખના કાંઇ વિભાગો થતા નથી, તથાપિ વિદ્વાનોએ સુગમતાને ખાતર (૧) પૂર્વસુખ અને (૨) અપૂર્વસુખ એમ બે પ્રકારે સુખ માન્યાં છે. પૂર્વસુખ, એટલે ભૂતકાળમાં અનુભવાયલાં અને જેના માટે પ્રાણીઓ ફરી ફરી પ્રયત્નો કરી રહ્યા છે તે સુખ. જે સુખનું સ્વરૂપ આપણે જોયું, કે જાણ્યુ, કે સાંભળ્યું નથી, તેવા સુખની કોઇને ઇચ્છા થાય નહીં; અર્થાત્ પ્રાણીઓ જે સુખની ઇચ્છા કરે છે, તેજ પર્વસુખ. અનુભવમાં આવેલા સુખોનીજ જન સમૂહને સ્ફૂર્ણા થયા કરે છે, અને તે મેળવવા માટે જનમંડળ મહાન્ પુરૂષાર્થ કરી રહ્યુ છે. આ પૂર્વસુખના પાછા બે પ્રકાર છે, (૧) સામાન્ય પૂર્વસુખ અને (૨) વિશેષ પ્રર્વસુખ આ પૂર્વસુખ સામાન્યરૂપે અને વિશેષરૂપે મેળવવા જપ, તપ, હોમ, યજ્ઞ વગેરે કરવાં પડેછે. સામાન્ય પૂર્વસુખ અને વિશેષપૂર્વસુખનાં લક્ષણો હું તમને દૃષ્ટાંતથી સમજાવું તો તે તમારા હૃદયમાં ઠીક ઉતરશે. દાખલા તરીકે, લગ્ન કરવું, તે સામાન્ય પૂર્વસુખ, અને ચતુર તથા રૂપગુણસપન્ન સ્ત્રી મળવી, તે વિશેષ પૂર્વસુખ. સંતતિ થવી, તે સામાન્ય પૂર્વસુખ, અને સંતતિ દીર્ઘાયુષી અને નિરોગી નિવડવી, તે વિશેષ

પૂર્વસુખ. સામાન્ય શિક્ષણ લેવુ, એ સામાન્ય પૂર્વસુખ, અને ચૌદ વિદ્યા અને ચોસઠ કળામાં નિપુણ થવું, તે વિશેષ પૂર્વસુખ. શ્રમથી નિર્વાહ થવો, તે સામાન્ય પૂર્વસુખ, અને શ્રીમંત થવુ, તે વિશેષ પૂર્વસુખ. વ્યવહાર પુરતુ બોલતાં આવડવું. તે સામાન્ય પૂર્વસુખ, અને વક્તા થવું, તે વિશેષ પૂર્વસુખ. તેવીજ રીતે સામાન્ય અને વિશેષરૂપે દુઃખ પણ સમજી લેવાં. દાખલા તરીકે નિર્ધનતામાં લગ્ન કરવુ, તે સામાન્ય પૂર્વદુઃખ, અને વેવિશાળ તૂટી જાય અને કન્યા બીજાને પરણે, તે વિશેષ પૂર્વદુઃખ પુત્ર જન્મતાં મરી જાય, તે સામાન્ય પૂર્વદુઃખ, અને પુત્ર યુવાવસ્થા પ્રાપ્ત કરી પચત્વને પામે તે વિશેષ પૂર્વદુઃખ. નિરક્ષર રહેવું, તે સામાન્ય પૂર્વદુઃખ અને ભણી ગણી પંડિત થયા છતાં નિર્વાહના ફાંકા પડવાં, તે વિશેષ પૂર્વદુઃખ. ગરીબાઇને લીધે સરખો નિર્વાહ ન ચાલે, તે સામાન્ય પૂર્વદુઃખ, અને શ્રીમંતતામાથી દારિદ્રય આવવુ, અને નિર્વાહના સાધન પણ ન રહેવા, તે વિશેષ પૂર્વદુઃખ વકતૃશક્તિનો તદ્દન અભાવ હોવો, તે સામાન્ય પૂર્વદુઃખ, અને વકતૃત્વશક્તિના પ્રભાવે, રાજય તરફથી અથવા બીજી રીતે તિરસ્કાર થવો અથવા દંડ ભોગવવો, તે વિશેષ પૂર્વદુખ.

વળી સામાન્ય પૂર્વસુખ મેળવવા જતાં, કોઇક વખત વિશેષ પૂર્વદુઃખની સંપ્રાપ્તિ થાય છે. દાખલા તરીકે, વીર્યસ્રાવ, અતિસાર, ખાંસી વગેરે રોગોનુ નિવારણ કરવા માટે અથવા રતિસુખ મેળવવા વીર્ય સ્તભન કરવા માટે, અફીણનું સેવન, એ સામાન્ય પૂર્વસુખ મેળવવા માટેનાં પ્રયત્ન, અને અફીણને વશ થતાં પરવશ સ્થિતિ ભોગવવી તે વિશેષ પૂર્વદુઃખ સુરત સુખમાં નિમગ્ન રહેવુ તે સામાન્ય પૂર્વસુખ, અને વેશ્યા ગમનથી પ્રમેહ, ઉપદંશ, વિસ્ફોટક વગેરે મહાવ્યાધિઓમાં સપડાવુ, તે વિશેષ પૂર્વદુઃખ. પ્રસવમાં પુત્રપ્રાપ્તિ થવી, તે સામાન્ય પૂર્વસુખ, અને પ્રસૂતિમાં પંચત્વને પામવું, અથવા સુવારોગમાં ઘણો કાળ રીબાવુ, તે વિશેષ પૂર્વદુઃખ પોતાની શક્તિ ઉપરાંત વ્યાપાર વધારવો, તે સામાન્ય પૂર્વસુખ, અને પરિણામે નાદાર થવું પડે, તે વિશેષ પૂર્વદુઃખ. સુરતી, જુગાર, કમાઇ, કે ચોરી કરી દ્રવ્યોપાર્જન કરવું તે સામાન્ય પૂર્વસુખ, અને સુરતીની ટીકીટ ખાલી જવી અને

જુગાર, ઠગાઇ અને ચોરી કરતાં રાજદંડ થવો, અથવા કારાગારના સંકટો સહન કરવા, તે વિશેષ પૂર્વદુઃખ. આ દૃષ્ટાંતો પ્રમાણે વંધ્યા પુત્ર અને ખપુષ્પની માફક ઇચ્છિત સુખ પ્રાપ્ત થવું એ અસંભવિત જણાય છે.

આ નિયમ જેમ મનુષ્યોને લાગુ પડે છે, તેવીજ રીતે દેવોને પણ લાગુ પડે છે. બ્રહ્માને પોતાની પુત્રી સરસ્વતી સાથે વિષયભોગ ભોગવવાની દુષ્ટ ઇચ્છા થવી, તે બ્રહ્મદેવની સામાન્ય પૂર્વસુખ માટેની ઇચ્છા અને પરિણામે તેનો સૂર્ય અને રૂદ્રદેવો તરફથી તિરસ્કાર થવો અને આખરે તેણેજ (બ્રહ્મદેવે) પોતાના દેહનો ત્યાગ કરવો, તે બ્રહ્મદેવને વિશેષ પૂર્વદુઃખ. ઈન્દ્રને અહલ્યાસાથે સુરતક્રીડા કરવા ઇચ્છા થવી, એ ઇંદ્રની સામાન્ય પૂર્વસુખ માટેની ઇચ્છા, અને પરિણામે ગૌતમના શ્રાપથી તેનું પતિત થવું, તે ઇન્દ્રને વિશેષ પૂર્વદુઃખ.

> **असंभवं हेममृगस्य जन्म**
> **तथापि रामो लुलुभे मृगाय ।**
> **प्रायः समापन्नविपत्तिकाले**
> **धियोऽपि पुंसां मलिना भवन्ति ॥ हितोपदेशः ॥**

અર્થાત્, આગામી વિપત્તિની વેળાએ પ્રાયઃ મનુષ્યબુદ્ધિ મલીન થઇ જાય છે. સુવર્ણમૃગ આ સંસારમાં હોઇ શકે એ તદ્દન અસંભવિત વાત હતી, તે છતાં પૂર્ણ પુરૂષોત્તમ શ્રી રામચદ્રની સુવર્ણમૃગવેશધારી મરીચિને સુવર્ણમૃગ સમજી, તેને પકડવા માટે લોભાયા. આ લોભ તે શ્રી રામચંદ્રજીની સામાન્ય પૂર્વસુખ માટેની ઇચ્છા, અને મૃગ પકડવા જતાં પુરૂષ વર્ગની ગેરહાજરીમાં સાધ્વી સીતાજીનું રાવણને હાથે હરણ થવું, તે શ્રીરામચંદ્રજીને વિશેષ પૂર્વ દુઃખ.

માત્ર મનુષ્યોને આ નિયમ લાગુ પડે છે એટલુંજ નહીં, કિંતુ પશુ પક્ષીઓ અને જંતુઓ પણ આ નિયમથી મુક્ત નથી. ભ્રમરને સુવાસિત કમળનો ભોગ ભોગવવાનો લોભ થવો, તે ભ્રમરને

સામાન્ય પૂર્વસુખ માટેની ઇચ્છા, અને પરિણામે ગંધસુખ લેતાં આખરે કેદી બનવું, તે ભ્રમરને વિશેષ પૂર્વદુઃખ પતંગને પ્રજ્વલિત પ્રકાશ સાથે ભળી જવાની ઇચ્છા થવી, તે પતંગની સામાન્ય પૂર્વ-સુખ માટેની ઇચ્છા, અને દાહમાં દાઝી મરવું તે પતંગને વિશેષ પૂર્વ-દુઃખ. મત્સ્યને સ્વાદસુખનો લોભ થવો, તે તેનું સામાન્ય પૂર્વ-સુખ. અને પરિણામે જાળમાં પકડાઇ જવું, તે તેને વિશેષ પૂર્વ-દુઃખ. સર્પ, શશ અને મૃગને, સંગીતનાદ સાંભળવાનો મોહ થવો, તે તેઓની સામાન્ય પૂર્વસુખમાટેની ઇચ્છા, અને પરિણામે પારાધિના હાથે કેદ પકડાવું, અને આખરે પ્રાણાંત પર્યન્ત દુઃખ ભોગવવાં, તે તેમને વિશેષ પૂર્વ દુ ખ

આ પ્રમાણે દેવ, માનવીઓ, પશુ, પક્ષી કે જંતુઓ સર્વે સુખ પ્રાપ્ત કરવા ઇચ્છા રાખે છે. અને તેઓ પોતાની ઇચ્છા તૃપ્ત કરવા પુરુષાર્થ કરે છે, પરંતુ સુખ માટેના મનોરથો સફળ થવા એ દૈવાધીન છે. સુખદુ ખના ક્રમની ગતિજ અકળ છે કહ્યું છે કે.

મરાઠી ચાલની સાખી

સુખ દુ.ખ છે વાદળની છાયા, પળમાં પાછી વળશે,
અસ્તોદયના ક્રમનો કાંટો, અણુતોલ્યો કયાં ઢળશે,
થવાનું તેજ ખચ્ચિત થાશે, નિયમના તેનો સમજાશે. ।।૧।। ટેક
પ્રમાદથી ખૂણામાં પડીયા, દુઃખ દાવાનળ દાઝે,
ભાગ્યોદયનો ભાણ ઊગતા, ખરે ઉદ્યમી લાજે; થવાનું તેજ૦ ।।૨।।
ઉદ્યમી જનને આડો આવે, ભાગ્ય ભ્રમણનો વારો.
કાયર કે શૂરા થઇ લડતા કોટી યત્ન મન ધારો. થવાનું તેજ૦ ।।૩।।
ચાતક ચાર દિશાએ ફરતો, વાદળ જળના લોભે.
અજગર પણ આળસ વશ થાતાં, પેટ ભરે નિજ મોભે, થવાનું તેજ૦ ।।૪।।

તર્કદ્રષ્ટિઃ-મહારાજ ! આપને યાદ હશે, કે ગઈ કાલે ભ્રમિતચંદ્રે આપને પ્રશ્ન કર્યા હતા કે, "આ જગત્‌માં સુખી કોણ હશે ? તેવુ સુખ કયાં હશે ! સુખ એટલે શું ? અને સુખ શબ્દનો અર્થ શો ?" આ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં આપે લંબાણ વિવેચન કરેલું હતું, અને

છેલ્લે આપે જણાવ્યું હતું કે. "કેટલાકો દ્રવ્યમાં સુખ માને છે. ત્યાગી કે અનુરાગી સર્વે ધનને માટે મથે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ સર્વેનું મૂળ દ્રવ્ય જ છે. પણ બીજી બાજુ તપાસતાં તો એ સુખો કરતાં તેમાં ઘણાં મોટાં દુઃખોનો સમાવેશ થયેલો જણાશે" મહારાજ! આ કેમ બની શકે ? જે ધનને માટે ભર્તૃહરિ જેવા મહાત્મા પોતાના નીતિશતકમાં જણાવે છે કે —

जातिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो गच्छतु
शीलं शैलतटात्पतत्वभिजनः संदह्यतां वह्निना ।
शौर्ये वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलम्
येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे ॥

અર્થાત્, બ્રાહ્મણ વગેરે જાતિભેદ પાતાળમાં જાઓ, ગુણોનો સમુદાય તેની પણ નીચે જાઓ, સદાચરણ પર્વત ઉપરથી પડો, કુલમોટપ અગ્નિથી બળી ભસ્મ થાઓ, અને વીરતા કે જે શત્રુ છે, તેની ઉપર જલદી વજ્ર પડો, પણ અમારી પાસે તો કેવળ ધન રહો, કારણકે ધનવિના ઉપર કહેલા સઘળા ગુણો ઘાસના તણખલાં જેવાં અતિ તુચ્છ છે. દાની, શુરા, રાજા, પ્રજા, જોગી, ભોગી, સર્વે કોઇને ધન વગર આ સંસાર અસાર છે દેશોન્નતિની ઇચ્છા કરનાર પણ પોતાના દેશને પ્રથમ સમૃદ્ધિવાન બનાવવામાંજ દેશની ઉન્નતિ સમજે છે. દેશમાં દ્રવ્યવગર કળાકૌશલ્ય વૃદ્ધિ પામી શકતાં નથી, કારણકે કળાકૌશલ્યની વૃદ્ધિમાટે અતિમૂલ્યવાન યંત્રોની આવશ્યકતા રહે છે, અને દ્રવ્યવગર આવા યંત્રો ખરીદી શકાય નહીં. માત્ર પારમાર્થિક હેતુઓથી સ્થપાયેલ ગુરૂકુલ, વિદ્યાલયો, અનાથાલયો, ઔષધશાળાઓ, વગેરે સંસ્થાઓનો નિભાવ દ્રવ્યથીજ થઇ શકે છે, અને દ્રવ્ય વગર આવી પારમાર્થિક સંસ્થાઓ પણ બંધ થઇ જાય. દ્રવ્યવગર સગાં સંબંધી, ભાઇ, ભોજાઇ, મિત્ર, કલત્ર વગેરે કોઇપણ પ્રીતિ રાખતાં નથી.

પૈસે બિન બાપ કહે, પુત હય કપુત મેરા,
પૈસે બિન ભાઇ કહે, મેરા દુઃખદાયી હયે;

પૈસે બિન ઘરકી સ્ત્રી, કરે નહીં સુખસેં બાત,
પૈસે બિન સાસુ કહે, નકટો જમાઇ હય;
પૈસે બિન કાકો કહે, કાહેકો ભતિજો મેરો,
પૈસે બિન સખી કહે, કાહેકી સગાઇ હય;
કહે મલુખદાસ, પૈસા રખ તેરી પાસ,
પૈસે બિન નર તેરી, કાહેકી ભડાઇ હય.

પૈસાવગર આ જગત્ પણ શું છે? પૃથ્વીમાં કોલસો, લોહ, સુવર્ણ, રૌપ્ય, તામ્ર વગેરે ખનિજો દટાયલાં છે, પણ તેને ખોદી ઉપયોગમાં લેવામાટે દ્રવ્યની પ્રથમ આવશ્યક્તા છે. આ જગત્માં દ્રવ્ય ન હોય, તો જગત્ના સર્વે વ્યવહાર બંધ થઇ જાય આ જગત્માં જ્યાં દ્રવ્યની પગલે પગલે જરૂર પડે છે, તો તે દ્રવ્યમાં સુખ કેમ ન મનાય ?

પૂર્ણચંદ્ર—ભાઇઓ ! હું આપને આગળ જણાવી ગયો છું કે, ' સુખ અને દુઃખનો છેડો કોઇને પણ જડયો નથી. જ્યાં સુખનો નિશ્ચય કરશો, ત્યાંજ તેના ખંડન માટે દાખલા મોજુદ છે. " એકજ મનુષ્ય એક સ્થિતિમાં જે વસ્તુમાં સુખ દેખે છે, તેજ મનુષ્યનું સ્થિત્યંતર થતાં, તે તેજ વસ્તુમાં દુઃખ માને છે. દૃષ્ટાંત તરીકે મહાત્મા ભર્તૃહરિ જ્યારે વિષયાનંદમાં નિમગ્ન હતા, જ્યારે માનીતી મહારાણી પિંગલાના પ્રેમમાં તેઓ એટલા તો લુબ્ધ થઇ ગયા હતા, કે પોતે રાજકાર્યભાર ભૂલી ગયા હતા, અને રાજ્યમાં ચારે તરફ અંધેર પ્રસરી રહ્યો હતો, ત્યારે શૃંગારપ્રેમી ભર્તૃહરિ પોતાના શૃંગારશતકમાં જણાવે છે કે—

राजन् तृष्णाम्बुराशेर्न हि जगति गतःकश्चिदेवावसानम्
को वाऽर्थोऽर्थैः प्रभूतैः स्ववपुषि गलिते यौवने सानुरागः।
गच्छामः सद्म यावद्विकसितनयनेन्दीवरालोकिनीना-
माक्रम्याक्रम्य रूपं झटिति न जरया लुप्यते प्रेयसीनाम् ॥

અર્થાત્, " હે રાજન ! કોઇ પણ પુરૂષ તૃષ્ણા રૂપી સમુદ્રના પારને પહોંચ્યો નથી, માટે પુષ્કળ ધનનું શું પ્રયોજન છે ? પો-

તાનું શરીર શિથિલ થાય છે, ત્યારે યૌવનની ઇચ્છા રહે છે. માટે ઘડપણ, ફૂલેલાં શ્યામ કમળ જેવાં નેત્રવાળી સ્ત્રીઓનાં રૂપને જલદી બળાત્કારથી નાશ ન કરે, તેટલા વખતમા અમે ઘેર જઈએ. અર્થાત્‌ કવિનો અભિપ્રાય એ છે કે, પુરૂષો ઘરડા થાય છે તોપણ તેમની તૃષ્ણા શાંત થતી નથી.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

જેવી રીતે અગ્નિમાં હોમ દ્રવ્યની આહુતિ આપવાથી અગ્નિ વધારે જોર કરે છે, તેવીજ રીતે વિષયોના વધુ ભોગથી વિષયેચ્છા શાંત થવાને બદલે વૃદ્ધિ પામતી જાય છે. શૃંગારશતકના ઉપરના શ્લોકમાં આપ સર્વે ભાઇઓ જોઈ શકયા હશો, કે જે ભતૃહરિ એક વખત એમ કહે છે કે, "જાતિ, શીલ, શૌર્ય વગેરે ભલે જતા રહો પણ અમારી પાસે ફક્ત ધન રહો," તેજ ભર્તૃહરિ હમણા એમ જણાવે છે, કે પ્રેમસુખ આગળ ધનસુખ કાંઇ વિશાતમાં નથી શૃંગારપ્રેમી ભર્તૃહરિ, પોતાના શૃંગારશતકમાં આગળ વધતાં જણાવે છે કેઃ—

उरसिं निपतितानां स्रस्तधम्मिल्लकानां
मुकुलितनयनानां किंचिदुन्मीलितानाम् ।
सुरतजनितखेदस्विन्नगण्डस्थलाना—
मधरमधु वधूनां भाग्यवन्तः पिबन्ति ॥

અર્થાત્, છાતી ઉપર સૂતી હોય, જેનો ચોટલો છૂટી ગયો હોય, જેનાં નેત્રો થોડાં મિંચેલાં અને થોડાં ખુલ્લાં હોય, અને સુરતક્રીડાના પરિશ્રમને લીધે જેના ગાલ ઉપર પસીનો આવી ગયો હોય, તેવી સ્ત્રીના અધરોષ્ઠના મધને જે પુરૂષ પીએ છે, તે ભાગ્યવન્ત છે. મહાત્મા ભર્તૃહરિના આ વાકયો જે વખતે તે વિષયોમાં નિમગ્ન થઈ ગયો હતો, ને વખતના છે. પરંતુ જ્યારે પિંગલા રાણીએ મહારાજ ભતૃહરિએ તેના પર રાખેલ અંધ વિશ્વાસનો ભંગ કર્યો, અને જ્યારે મહારાજા ભર્તૃહરિને એમ કહેવાનો પ્રસંગ આવ્યો કે,

यां चिन्तयामि सततं मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ॥
अस्मत्कृते परितुष्यति काचिदन्या
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥

અર્થાત્, હું જે સ્રીનું હૃદયમાં નિરંતર ચિંતન કરૂં છું, તે મારી સ્રી મારાથી વિરક્ત છે, એટલુજ નહીં, પરંતુ તેણી પરપુરૂષ પર આસક્ત છે; તે પુરૂષ બીજી સ્રીપર આસક્ત છે; તે સ્રી મારા પર પ્રસન્ન રહે છે, એટલે મારા પર આસક્ત છે માટે જે સ્રી મારા ઉપર આસક્ત છે, તેને, તેની ઉપર જે પુરૂષ આસક્ત છે; તેને, તે ઉપર જે મારી સ્રી આસક્ત છે તેને, મને અને આ સઘળી આસક્તિ જેનાથી પેદા થયેલી છે, તે કામદેવને, ધિક્કાર છે; અને પોતે કષાય વસ્ત્ર પેહેરી, માથે જટા ધારણ કરી અવધૂત બની, અરણ્યમાં ચાલ્યા ગયા, તે વખતે આ જ મહારાજા મટી મહાત્મા બનેલ ભર્તૃહરિ, પોતાના એજ શૃંગારશતકમાં શૃંગારસુખ–વિષયાનંદ વિરૂદ્ધ જણાવે છે કેઃ—

आवर्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां
दोषाणां संनिधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम् ।
स्वर्गद्वारस्य विघ्नो नरकपुरमुखं सर्वमायाकरण्डं
स्त्रीयन्त्रं केन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ॥ ९८ ॥

અર્થાત્ સંશયોનો આવર્ત (ઘુમરી), અવિનયનું ભવન, સાહસનું નગર, દોષનો ભંડાર, સેંકડો કપટનું સ્થાન, અવિશ્વાસનું ક્ષેત્ર, સ્વર્ગદ્વારનું વિઘ્ન, નરકાપુરીનું દ્વાર, સઘળી માયાનો કરંડીઓ, અંદર વિષ સમાન, બહાર અમૃત સમાન, અને પ્રાણીઓનું મુખ્ય બંધન, એવો સ્રીરૂપી યંત્ર કોણે બનાવેલો હશે ? તે હું જાણુતો નથી. એવા યંત્રને જોઇ દૂર રહેવું. વળી,

सत्यत्वे न शशांक एष वदनीभूतो न चेन्दीवर-
द्वन्द्वे लोचनतां गते न कनकैरप्यङ्गयष्टिः कृता ।

किंत्वेवं कविभिः प्रतारितमनास्तत्त्वं विजानन्नपि
त्वङ्मांसास्थिमयं वपुर्मृगदृशां मन्दो जनः सेवते ॥ १९ ॥

અર્થાત્, યથાર્થ વિચાર કરીએ, તો (આમજ જણાશે) કે, ચંદ્ર કોઇ સ્ત્રીનુ મુખસ્થ થયો નથી, શ્યામ કમલ સ્ત્રીનાં નેત્ર થતાં નથી, અને સ્ત્રીનુ શરીર સોનાથી બનાવેલુ નથી, તોપણ સ્ત્રીનુ મુખ ચંદ્ર છે, નેત્ર શ્યામ કમલ છે, અને શરીર સોનાનુ છે, એવી રીતે કવિતા કહેવાથી જેનુ મન ઠગાયલુ હોય છે. એવો જે પુરૂષ યથાર્થ જાણવા છતાં, પણ ચામડી માંસ અને હાડકાંવાળાં સ્ત્રીનાં શરીરને સેવે છે, તેને મૂઢ જાણવો. વળી તેજ મહાત્મા પોતાના વૈરાગ્યશતકમાં જણાવે છે કે,

स्तनौ मांसग्रन्थी, कनककलशावित्युपमितौ
मुखं श्लेष्मागारं तदपि च शशांकेन तुलितम ।
स्रवन्मूत्रक्लिन्नं करिवरकरीस्पर्धीजघन-
महोनिन्द्यं रूपं कविजनविशेषैर्गुरुकृतम् ॥ २० ॥

અર્થાત. સ્તન જે માંસની ગાંઠો હોય છે, તેને કનકકલશની ઉપમા અપાયલી છે. મુખ જે લીટ, લાળ, વગેરેનું સ્થાન છે, તેને ચદ્રમાની સાથે સરખાવવામાં આવેલુ છે, અને મૂત્રસ્રાવથી ભીની રહેતી જાંઘોને હસ્તિરાજની સુઢની સ્પર્ધા કરાવી છે. તો ખરેખર વારંવાર નિન્દાને પાત્ર રૂપને મહા કવિજનોએ વખાણી વખાણીને ઉત્તમ કરેલું છે. વળી,

बाले लीलामुकुलितममी मन्थरा दृष्टिपाताः
किं क्षिप्यन्ते विरम विरम व्यर्थ एष श्रमस्ते ।
संप्रत्यन्ये वयमुपरतं बाल्यमास्था वनान्ते
क्षिणो मोहस्तृणमिव जगज्जालमालोकयामः ॥ ६३ ॥

અર્થાત, હે બાળા ! લટકાથી મીંચાતાં મંદમંદ કટાક્ષ તું શામાટે નાંખે છે ? તારો આ શ્રમ વ્યર્થ છે. માટે હવે બેસ. એમ

ન કર, કારણકે અમે બદલાઇ ગયા છેએ, અને અમારી બાલ્યાવસ્થા વનમા લાગી રહી છે, મોહ ક્ષીણ થઇ ગયો છે, અને જગતની જાળને હવે અમે તૃણવત્ ગણીએ છેએ. વળી,

इयं बाला मां प्रत्यनवरतमिन्दीवरदल–
प्रभाचोरं चक्षुः क्षिपति किमभिप्रेतमनया ।
गतो मोहोऽस्माकं स्मरकुसुमबाणव्यतिकरः
ज्वरज्वाला शान्ता तदपि न वराकी विरमति ॥ ६४ ॥

અર્થાત્, નીલકમળની કાન્તિના ચોર ચક્ષુઓથી આ બાળા મારી તરફ જુએ છે. પણ તેથી શું ? કારણ કે અમારો મોહ જતો રહ્યો છે. અને કામદેવના પુષ્પબાણથી ઉત્પન્ન થતી જ્વરજ્વાળા પણ શાંત પડી ગઇ છે, તો પછી આ તુચ્છ સ્ત્રી કેમ જંપતી નથી. વળી,

आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री-
रर्था संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूगाः ।
कण्ठाश्लेषोपगूढं तदपि च न चिरं यत्प्रियाभिः प्रणीतं
ब्रह्मण्यासक्तचित्ता भवत भवभयाम्भोधिपारं तरितुम् ॥७९

અર્થાત્—આયુષ્ય તરંગ જેવું ચંચળ છે. જુવાનીની શોભા થોડા દિવસ રહે છે, ધન મનોરથ જેવું છે, વિષય સુખના પ્રવાહ, વર્ષાઋતુની વિજળીના ચમકારા જેવા છે. અને સ્ત્રીઓએ કરેલું ગાઢ આલિંગન પણ ચિરકાલ રહેતું નથી. માટે હે જનો ! તમે સંસારના ભયરૂપી સમુદ્રના પારને તરીને પહોંચવામાટે બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા થાઓ. વળી,

रे कन्दर्प करं कदर्थयसि किं कोदण्डटङ्कारवै
रेरे कोकिल कोमलैः कलरवैः किं त्वं वृथा जल्पसि ।
मुग्धे स्निग्धविदग्धमुग्धमधुरैर्लोलैः कटाक्षैरलं
चेतश्चुम्बितचन्द्रचूडचरणध्यानामृतं वर्तते ॥ ९८ ॥

રે કામદેવ! તું ધનુષના ટંકારથી હાથને શું કામ તસ્દી આપે છે? હે કોયલડી! તું મનોહર અવ્યક્ત મધુર શબ્દોવડે શામાટે વૃથા ટોકાર કરે છે? હે સુંદરિ! તું સ્નેહવાળા, ચતુર, મનોહર અને પ્રિય કટાક્ષયુક્ત દ્રષ્ટિ શામાટે ફેંકે છે? સદ્ય મારૂં ચિત્ત, શંકરના ચરણના ધ્યાનરૂપી અમૃતનું પાન કરી રહ્યું છે વળી,

> कृच्छ्रेणामेध्यमध्ये नियमिततनुभिः स्थीयते गर्भमध्ये
> कान्ताविश्लेषदुःखव्यतिकरविषमे यौवने विप्रयोगः ।
> नारीणामप्यवज्ञा विलसति नियतं वृद्धभावोऽप्यसाधुः
> संसारे रे मनुष्या वदत यदि सुखं स्वल्पमप्यस्ति किञ्चित् ॥

અર્થાત, વિષ્ઠા અને મૂત્રથી ભરેલા ગર્ભાશયમા શરીરને સંકોચીને કષ્ટથી રહેવુ પડે છે, સ્ત્રીના વિયોગનું દુઃખ સહન કરવુ પડે છે, સંકટવાળા યૌવનમાં સ્ત્રીનો વિયોગ થાય છે, અને સ્ત્રીઓ અનાદરથી બોલે છે, ઉત્તમ નહી એવું ઘડપણ આવે છે, માટે, હે મનુષ્યો! જુઓ, આ સંસારમાં થોડું પણ સુખ કયાં છે?

ભાઇઓ! જોયું! ભર્તૃહરિ તેનો તેજ છે, પરંતુ એક સ્થિતિમાં તેને જે સુખનું કારણ હતુ, તેજ બીજી સ્થિતમાં દુઃખનુ કારણ થઇ પડયું. અર્થાત્, એક સ્થિતિમાં તે વિષયાનંદને સુખ માનતો હતો, અને તેજ સ્થિતિ પલટાઇ જતાં, વિષયાનંદ દુઃખરૂપ મનાવા લાગ્યુ. તેવીજ રીતે વિદ્યાર્થી સમજે છે, કે ગૃહસ્થ સુખી છે, અને ગૃહસ્થ સમજે છે કે વિદ્યાર્થી સુખી છે. કુવારો સમજે છે કે પરણેલો સુખી છે, અને પરણેલો સમજે છે કે કુંવારો સુખી છે. એજ પ્રમાણે જુવાન સમજે છે, કે ઘડપણમાં સુખ છે, અને ઘરડો સમજે છે કે યુવાવસ્થામાં સુખ છે. સેવક સમજે છે કે સ્વામી સુખી છે, અને સ્વામી સમજે છે કે સેવક સુખી છે. ગરીબ સમજે છે કે ધનવાન સુખી છે, અને ધનવાન સમજે છે કે ગરીબ સુખી છે. પરંતુ વસ્તુતઃ ધનમાં સુખ છે? ધનમાં જેટલુ સુખ જણાય છે, તેટલુંજ દુઃખ છે. **आये दुःखं व्यये दुःखं धिगर्थाः कष्टसंश्रयाः**. અર્થાત દ્રવ્ય ઉપાર્જન કરવામાં દુઃખ, તેનું રક્ષણ કરવામાં દુઃખ, અને જાય તો પણ દુઃખ. આ કષ્ટદાયક

ધનને ધિઃકાર છે. સામાન્યતઃ દ્રવ્યોપાર્જન કષ્ટથી થાય-છે. ગર્ભશ્રીમંત હોવું, એ થોડાઓ માટેજ સર્જિત છે. દ્રવ્યોપાર્જન કરવામાં કેટલો શ્રમ, કેટલી ચિંતા અને કેવાં સંકટો સહન કરવાં પડે છે? પાસે જે દ્રવ્ય હોય તે દ્રવ્યનું રક્ષણ કરવામાં પણ દુ.ખ છે ચોરી, લૂટફાટ વગેરેમાંથી ધનનું રક્ષણ કરવાની ચિંતા અને દુઃખ કોને હોય છે, ધનવાનને કે ગરીબને? ધન રક્ષણ કરવા જતાં જીવ ખોવાનો ભય કે ચિંતા કોને થાય છે, ધનવાનને કે ગરીબને? પુત્ર, ભાઇ, કે પિત્રાઇ, ભાગ કોની પાસેથી માગશે, ધનવાન પાસેથી કે ગરીબ પાસેથી? અને તેમને ભાગ ન મળતાં કલેશ, કુસંપ અને ભવાડા અને ઘણી વખત કોર્ટ દરબારમાં ધક્કા અને પાયમાલી કોને માટે સરજાયલાં છે, દ્રવ્યવાનમાટે કે ગરીબ-માટે? આપણો આ ભારતદેશ એક વખત અતિ સમૃદ્ધિવાન દેશ હતો, અને તેજ વખતે તેની સમૃદ્ધિથી આકર્ષાઇ, આ દેશમાં પરદેશી હુમલાઓ આવતા. ધર્માંધ મહમદ ગિઝનવીએ હિંદુસ્થાનમાં બાર વખત ચઢાઈ કરી, હિન્દમાંથી કરોડો રૂપીઆ લઇ ગયો. હિન્દને આ દુ ખ શામાટે સહન કરવું પડયું? મહમદ ગીઝનવી પછી, તૈમુર, નાદીરશા. અહમદશા અબ્દલી, વગેરે લૂટારાઓએ હિન્દમાં જબરી લૂટ કરી, હિન્દવાસીઓને અસહ્ય દુઃખ આપ્યાં, તે સર્વે શામાટે? જવાબ એજ મળશે, કે હિન્દની સમૃદ્ધિ હરી જવા માટે. જેમ દ્રવ્ય મેળવવામાં દુ ખ છે અને તેનુ રક્ષણ કરવામાં પણ દુઃખ છે, તેમ દ્રવ્ય જતું રહે છે, ત્યારે પણ અનહદ દુઃખ થાયછે. ધન જતું રહેતાં, ઘણી વખત ગાંડપણ આવે છે કોઇ વખત માણસ આત્મહત્યા પણ કરે છે, અને કેટલીક વખત દ્રવ્યનો નાશ થતાં પ્રાણ પણ ઉડી જાય છે.

આ સંસારમાં રાજા રાજાઓની વચ્ચે, બાપ દીકરા વચ્ચે ધણી ધણીઆણી વચ્ચે જે વિગ્રહો થાય છે, તે સર્વે શાને માટે? માત્ર નાણા માટેજ. કહેવત છે કે જર, જમીન અને જોરૂ, એ ત્રણ કજીઆના ભેરૂ.

दायादाः स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमिभुजो

दूरेणच्छलमाकलय्य हुतभुग्भस्मीकरोति क्षणात् ।

अम्भः प्लावयते क्षितौ विनिहतं यक्षा हरन्ति ध्रुवम्
दुर्वृत्तास्तनया नयन्ति निधनं धिग्धिग्धनं तद्बहुः ॥

ભાવાર્થ.—જે ધનની વારસો સ્પૃહા કરે છે, ચોર લોકો ચોરી જાય છે, રાજાઓ દૂરથી કપટ કરી લે છે, અગ્નિ ક્ષણમાં ભસ્મ કરે છે, પૃથ્વીમાં દાટયું હોય તો, જલ તાણી જાય છે, અથવા યક્ષો હરી જાય છે, અને દુષ્ટ આચરણવાળા પુત્રો ઉડાવી દે છે, તેવા ધનને ઘણો તિરસ્કાર છે.

ભાઇઓ, હવે તમારો નિશ્ચય થયો હશે, કે દ્રવ્યમાં પણ સુખ નથી. આ સંસારમાં સુખ અને દુ ખનો છેડો કોઇને પણ જડયો નથી.

આ વિષય આપણે અહીંજ સમાપ્ત કરશું. મેં તમને સામાન્ય પૂર્વસુખ અને વિશેષ પૂર્વસુખ દ્રષ્ટાંતોથી સમજાવ્યાં છે હવે જ્યારે આપણે એકત્ર થશું, તે વખતે હું અપૂર્વસુખ એટલે શુ અને તે સબંધી લોક માન્યતા કેવી રીતે ભિન્ન ભિન્ન છે, તે-પર તેમજ સુખને લગતા બીજા અગત્યના વિષયોપર આપણને સમય મળશે તે પ્રમાણે વિવેચન કરીશ. તે ઉપરાંત મારા મિત્ર જીવરામના પિતામહ શિવરામશેઠના ચૌદ લોકના પ્રવાસનો અનુભવ પણ હું તમને જણાવીશ



પ્રકરણ ૭ મું.

વેર લેવાની ધુનમાં કૌતક.

ईर्ष्यी घृणीत्वसंतुष्टः क्रोधनो नित्यशंकितः
परभाग्योपजीवी च षडेते दुःखभागिनः ॥ *

सुभाषितरत्नाकरः ॥

શાન્તિરામને વૈભવના ઉન્નત શિખરપર પહોંચાડનાર તેના ભવિષ્યકથનના પ્રતાપે, નંદલાલશેઠને ઘેર નંદલાલની પુત્રી મંજુલાપર બળાત્કાર કરવાના અને તેના ઘરમાં જબરી લૂટ મારવાના હેતુથી આવેલા લૂટારા જે પકડાઇ ગયા હતા, તેમને ન્યાયાધીશ પાસે ઉભા કરવામાં આવ્યા હતા. ન્યાયાધીશે પોતાની સમક્ષ રજુ થયેલા પ્રથમદર્શનિક પુરાવાપરથી ચાર લુટારામાંથી એકનાપર લૂટ મારવાના હેતુથી ઘરપ્રવેશ કરવાના અને સરકારી માણસોને પોતાની ફરજ બજાવતાં અટકાયત કરવાના ઇરાદાથી એક સરકારી માણસનું ખુન કરવાના, બે જણાપર લૂટ મારવાના હેતુથી ઘર પ્રવેશ કરવાના, અને સરકારી માણસોને પોતાની ફરજ બજાવતાં અટકાયત કરવાના ઇરાદાથી સરકારી માણસોને ઘાયલ કરવાના, અને બાકીના એક જણપર માત્ર લૂટ મારવાના હેતુથી ઘર પ્રવેશ કરવાના, આરોપો ઘડી કાઢયા, અને તહોમતદારોએ પણ પોતાના અપરાધોનો ઇનકાર કરવા માટે પોતા પાસે કાંઇ સાધનો ન હોવાથી, પોતાના અપરાધ કબુલ કરી દીધા, એટલે, ન્યાયાધીશે એકને દશ વર્ષના, બેને સાત વર્ષના અને એકને પાંચ વર્ષના મજુરી સાથે સખ્ત કેદની સજા કરી.

---

* ભાવાર્થઃ—ઇર્ષ્યાખોર, ઘૃણા કરનાર, અસંતોષી, ક્રોધી, અવિશ્વાસુ પારકાના ઐશ્વર્યપર જીવનાર, એ છ, હમ્મેશ દુઃખી રહે છે.

ન્યાયાધીશના મુખમાંથી શિક્ષાના શબ્દો પડયા, કે તરત સિપાઇઓ અપરાધીઓના હાથમાં હાથકડી નાંખી, બંદીખાનામાં લઇ જવા લાગ્યા તેમની પાછળ ન્યાયમંદીરમાં હાજર રહેનાર સૌથી પુખ્ત ઉમ્મરે પહોંચેલા લૂટારાનો જુવાન પુત્ર ગુમાન જવા લાગ્યો. રસ્તામાં એક સિપાઇને લાંચ આપી, ગુમાને પોતાના પિતા સાથે વાત કરવાની તક મેળવી ગુમાનના બાપે પોતાના પુત્રને જણાવ્યું, " બેટા ! મને આ સ્થિતિએ પહોંચાડનાર, નદલાલ શેઠ અને આપણા નગરમાં નવો આવેલો પેલો નંદલાલ શેઠનો મેમાન ઠગ જોશી, એ બે છે. બેટા ! આ બે જણાની તું જયારે સખ્ત ખબર લઇશ, ત્યારેજ મારૂં હૃદય ઠરશે; અને કદાચ ભાગ્યયોગે જો હું બંદીખાનામાંજ મરી ગયો, તો મરતાં પહેલાં તેં આ બે જણાની સખ્ત ખબર લીધી છે એમ સાંભળીશ, ત્યારેજ મારા આત્માને શાંતિ મળશે. ગુમાને પોતાના પિતાને ધીરજ આપી જણાવ્યું, " પિતાજી ! તમે કોઇ પ્રકારની ચિંતા કરશો નહીં. હું એક બહાદુર સિપાઇનો પુત્ર છું. વખત આવશે ત્યારે તમને આ દશાએ પહોચાડનારપર હુ સંપૂર્ણ રીતે વેર લઇશ. હાલતો હું નિરૂપાય છું, તે તમે જાણો છો. આજેજ મારી ઉભી કરેલ ટોળીને મળી, એ બાબતની ખટપટ કરૂં છું. પિતાજી ! તમે કોઈ વાતે કાળજી રાખશો નહીં. પેલો યમદૂત સિપાઇ પણ તમને લઈ જવા ઉતાવળ કરે છે, તેમ તમને જવા વગર છૂટકો નથી. પિતાજી, તમે જાઓ. હું આજથીજ મારી તજવીજમાં રહીશ, તે માટે તમે બેફિકર રહેજો " આ પ્રમાણે બાપ બેટો વાતચિત્ત કરી છૂટા પડયા

પોતાના પિતાથી છૂટો થઇ, "હવે શું કરવુ" તેનાજ વિચાર તરંગોમાં નિમગ્ન થયેલો ગુમાન ચિંતાગ્રસ્ત ચ્હેરે રસ્તામાં ચાલ્યો જતો હતો, તેવામાં સામેથી તેણે એક મહારાજને આવતો જોયો. તેના હાલતા હોઠપરથી તે મનમાં કાંઇ બડબડતો હશે, એમ સહજ ભાસ થતું હતું મહારાજની મુખમુદ્રાપર દૃષ્ટિ પડતાં, ગુમાનને તે પરિચિત જણાયો. નંદલાલશેઠના ઘરમાં નવા ઘુસેલા, અને ગુમાન અને ગુમાનના બાપના કટ્ટા શત્રુ શાન્તિશમને નંદલાલશેઠ તરફથી અનહદ માન મળવાથી પોતાને ભારે અપમાન થયું છે, એમ મા-

નનાર. અને તેટલા માટે શાન્તિરામ ભટ્ટની ઇર્ષ્યા કરનાર, તે કૌતક ઉર્ફે કેવળરામ જોશી હતો.

શેઠાણીને શાંતિરામ વિરૂદ્ધ કૌતક જોશીનો સમજાવવાનો પ્રયત્ન અફળ જવા પછી, તે ત્યાંથી પોતાના ઘર તરફ ન જતાં ગામની પાધરમાં જાડેશ્વર મહાદેવનું મંદિર હતું ત્યાં ગયો. મંદિરની અંદર એક બાજુ એક બ્રાહ્મણ અતિ ધીમા સ્વરથી યુજુર્વેદી અષ્ટાધ્યાયી રૂદ્રીનો પાઠ કરતો હતો. ઈર્ષ્યાથી દગ્ધ થયેલો કૌતક જોશી પોતાનું ભાન ભૂલી ગયો હતો, શાન્તિરામનુ નિકંદન કેમ નિકળે તે એકજ વાતનું તે રટણ કરતો હતો, જાડેશ્વર મહાદેવના મંદિરમાં પણ તે શાન્તિરામનું નિકંદન કાઢવા શંકરની પ્રાર્થના કરવા આવ્યો હતો, અને જ્યાં એકના એક ચિંતનમાં તે પોતાને પણ ભૂલી ગયો હતો, ત્યાં બીજાને તે કેવી રીતે ઓળખી શકે ? શાન્તિરામનું નિકંદન નિકળે તોજ હું નંદલાલશેઠનો પૂર્વવત્ માનીતો બનું. એવી તેની દૃઢ માન્યતા હતી; અર્થાત્ શાન્તિરામના નિકંદનમાં કૌતકનો સ્વાર્થ હતો. **स्वार्थांधो न पश्यति** અર્થાત્ સ્વાર્થમાં અંધ બનેલાને આંખો હોતી નથી. સ્વાર્થાંધ કૌતકે મંદિરમાં બેઠેલા બ્રાહ્મણને જોયો નહીં કૌતક જોશી મહાદેવનો પરમ ભકત હતો, અને ભોળા શંભુની આસ્થાપૂર્વક પૂજા કરી હોય, તો તે આપણને ઇચ્છિત વસ્તુ આપે છે, એવી તેની દૃઢ શ્રદ્ધા હતી તે જાડેશ્વર મહાદેવ પાસે પોતાનાં નેત્રો બંધ કરી પ્રાર્થના કરતો બડબડવા લાગ્યો,

“હે જાડેશ્વર ! આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખો કાપનાર, અને આ જગત્‌ના પ્રલયવેળા સર્વે પદાર્થોને ભસ્મીભૂત કરનાર, હે પ્રભુ ! મારા અરિ શાન્તિરામ ભટ્ટ અને તેના આશ્રયદાતા નંદલાલનો લય કરો, તેમના પ્રાણ હરો, અથવા તેમનો વિનાશ કરવામાં મને સહાય્ય આપો. મારાં વ્રતો અને મારાં પુણ્યો સામે જુઓ. મારી આખી જીંદગીમાં મેં તમારી પાસે કોઇ જાતની યાચના કરી નથી. મારી પેહેલી ગણો તોય આ એકજ માગણી છે, અને છેલ્લી ગણો તોય આ માગણી છે. હું આપનો દાસાનુદાસ છું. મારા નિર્વાહપર એ પિશાચે પગ મૂક્યો છે, મટો

તેના પગ છેદી નાખો. તેણે મારી વૃત્તિપર નજર નાંખી છે, માટે તેના ચક્ષુ ફોડી નાંખો હું આજથી દર સોમવારે સોમપ્રદોષ કરીશ; તેમાં કદી ચૂકીશ નહિ; હું તે પ્રેમથી કરીશ. મારી ભૂતકાળની સેવા પર ધ્યાન કરો. નંદલાલના ઘરમાં કલહ કરાવી, તેને દરિદ્રતામાં રગદોળો. મારૂં મંગળસપ્તક સાંભળી, દુઃખ હરો, સુખ કરો, મારી સર્વ વાસનાઓ સંતૃપ્ત કરો. મને આપનો સંપૂર્ણ ભરોસો છે, કે આપ મારૂં કામ સફળ કરશો.

મંગળ સપ્તક (રાગ સમયાનુસાર)

અજન્મા અજરામર કેરૂં, પ્રીત થકી તો ધ્યાન ધરૂં;
ગૌરી શંભૂ નામ લઇને, કારજ સઘળાં હું આદરૂં. ૧
ઇષ્ટ મારો સાચો શંકર, નિશદિન તે મનથી ઉચરૂં,
સાકારસ્વરૂપને અંતર આણી, પ્રીત થકી હું સ્તુતિ કરૂં. ૨
ગૌરી સંગે રાખી અંગે, મસ્તક ગંગે ભસ્મ ધરા,
તાલ ચગે વાદ્ય મૃદંગે, ચંદ્ર લલાટે કષ્ટ હરા. ૩
પરશુધર પન્નગધર હરહર, ડમરૂ શૃંગી નાદ કરા,
રૂંઢમાળ ધર, સર્પહાર ધર, સિંહખાલધર, વિષધરા ૪
શ્મશાને આસન શુભ સ્થાપ્યું, જંગલ મંગલ ઇશ સદા,
માયા મોચન, છો ત્રિલોચન, ગૂણુ તમારા ન ભૂલુ કદા. ૫
સગુણ સેવા ભાવે કરાવો, નિર્ગુણ નિરંજન નામ રહ્યાં,
પામર પ્રાણી ભૂલે તેમાં, ગૂણુ તમારા ન જાય કહ્યાં. ૬
પ્રીત ધરી આ અર્જ કરી છે, ચિત્ત ધરીને મેહેર કરો,
લઘુમતિ આ કૌતક કેરી, સત્વર આવી સહાય્ય કરો. ૭

શંકરની સ્તુતિ કરતાં, જાણે શંભુપાસે પોતાના અપરાધ કબુલ કરતો હોય, તેવી રીતે તે વખતો વખત કાન મરડતો હતો. જાણે પોતાથી થયેલા અપરાધ માટે તે ક્ષમા માગતો હોય, તેવી રીતે તે પોતાના ગાલ ઉપર ઉપરાસાપરી લપડાક મારતો હતો, અને પોતાના અપરાધ કબુલ કરતાં, અને તે માટે ક્ષમા માગતાં જાણે ભોળા શંભુ તેનાપર પ્રસન્ન થઇ ગયા હોય, અને પોતાને ઇષ્ટ વરદાન મળી ચૂકયું હોય, તેમ તેના મુખપર આનંદની છાયા પ્રસરી રહી, અને મનમાં ને મનમાં તે બડબડવા લાગ્યો, "ચાલો ! કામ

કૃતેહ ! મહાદેવ કેવા ભોળા નાથ છે ! હું એક પામર પ્રાણી, મારી યોગ્યતા શી ! શંકરની મહત્તાપાસે હું કયાં ! છતાં મારી પ્રાર્થના તેણે પૂર્ણતાથી સાંભળી છે શંકર એવા ભોળા છે, કે ભલે હજારો અપરાધ કરો, અને પાપનાં ઓઘ ભરો, પણ એક ક્ષણવાર પણ સાચા મનથી તેને ભજો, તો બેડો પાર; માત્ર તેના તરફ મન નિર્મળ અને શ્રદ્ધા પૂર્ણ હોવી જોઇએ."

"प्रातः काले शिवं दृष्ट्वा निशि पापं विनश्यति ।
आजन्मकृतं मध्याह्ने सायाह्ने सप्तजन्मनि ॥

અર્થાત્, પ્રાતઃકાળમાં શિવના દર્શન કરવાથી રાત્રિના કરેલા પાપો નાશ પામે છે, અને મધ્યકાળે દર્શન કરવાથી આ જન્મમાં કરેલાં પાપો નાશ પામે છે, અને સાયંકાળના દર્શનથી સાત જન્મનાં પાપ નાશ પામે છે."

"મારા પર શંકર પ્રસન્ન થયા, તેનુ બીજું પણ કારણ છે મારા પૂર્વજો શંકરના અનન્ય ભક્ત હતા, અને હું પણ તેઓનેજ પગલે ચાલનારો થયોછું. મારી શંકરપરની આસ્થા અનન્ય છે, અને તે કારણથીજ શંકરે આજે મારી મનોભાવના પૂર્ણ કરી, મને કૃતાર્થ કર્યો છે."

પોતાનું ધારેલુ કાર્ય સફળ થયું, એમ માની કાંતકે મંદિરથી પોતાના ઘર ભણી રસ્તો લીધો "મારો ભોળો શંભુનાથ હવે પેલા ઠગ ભટ્ટનું કાસળ કાઢશે, અને નંદલાલને ઘેર પાછું મારૂં માન વધારશે," એવા હૃદયમાં ઉછળતા આનંદતરંગોમાં તે તણાતો હતો. "ચાલને જીવ, રસ્તામાં મહિમ્ન સ્તોત્રનો પાઠ કરતો જાઉં, એટલે પાઠ પણ પૂરો થાય, અને ઘેર પણ જલદી પહોંચી જવાય; એક ગંથ દો કાજ;" એ પ્રમાણે તેના મનમાં વળી નવો તરંગ ઊઠતાં, તે મનમાં મહિમ્ન સ્તોત્રનો પાઠ કરતો, જાણે ગાંડાની પેઠે રસ્તામાં તે બડબડ કરતો હોય, તેવી રીતે પોતાને માર્ગે જતો હતો. "રસ્તામાં મહિમ્નનો પાઠ કરતાં કોઇ સામો મળે, અને કહે," મહારાજ ! તમે ગાંડા થઇ ગયા છો કે શું, કે તમે રસ્તામાં બકબકાટ કરો છો ? તેની પણ દરકાર કર્યા વગર, સ્તોત્રનો પાઠ કરવામાં તે એકચિત્ત થઈ ગયો હતો, તેજ વખતે ગુમાનની

દૃષ્ટિ તેના ઉપર પડી હતી, અને બન્નેનો સામ સામો ભેટા થયો હતો ગુમાન અને કૌતક જોશી બન્ને શાન્તિરામનું અને નંદલાલનુ, નિકંદન કાઢવા સરખી ઇચ્છા રાખતા હતા; અર્થાત્ બન્નેને- એકજ દિશામાં કામ કરવાનું હતું. કૌતક ગુમાનને ઓળખતો ન હતો, પરંતુ ગુમાન કૌતકને સારી પેઠે ઓળખતો હતો, એટલુંજ નહીં, પણ કૌતક પણ શાન્તિરામ ઉપર વેર લેવા ઇચ્છા રાખેછે. અને શાન્તિરામનું કાસળ કાઢતાં, કદાચ નંદલાલના પ્રાણને હાનિ પહોંચે તો તેની કૌતકને થોડીજ દરકાર હતી, એ ગુમાન સારી રીતે જાણ- તો હતો. "મારા હાથ ધરેલ કામમાં કૌતક મને ઉપયોગી થશે" એમ ગુમાનને લાગતાં, તેની સાથે મૈત્રી કરવા તે ઇચ્છતો હતો આજે અણધાર્યો ભેટો થવાથી ગુમાનના આનંદનો પાર રહ્યો નહીં.

"મહારાજ! પગે લાગીએ," એ શબ્દોથી ગુમાને કૌતક જોશી સાથે વાતનો આરંભ કર્યો. ગુમાનના શબ્દોથી કૌતક જોશી તરત શુદ્ધિમાં આવ્યા. શુદ્ધિમાં આવતાં અને ગુમાનને પ્રત્યુત્તર આપતાં મહિમ્ન સ્તોત્રનો પાઠ ઓચિંતો બંધ કરવો પડયો, અને "આશીર્વાદ! કોણ ? એ શબ્દોને સ્તોત્રના પાઠની જગા આપવી પડી."

"બીજો કોણ, આપનો દાસ. મારૂં નામ હાલ ન પૂછો તો સારૂં. પરંતુ આપને જે હું પૂછું, તેનો જો આપ કૃપા કરી યથાર્થ ઉત્તર આપશો, તો તેથી તમને તેમજ મને બન્નેને લાભ છે," ગુમાને કૌતક પાસે લોભની જાળ પાથરી.

"કૌતક જોશી આ જાળમાં સપડાયા. "તેથી તમને તેમજ મને બન્નેને લાભ છે," એ શબ્દોએ તેને એકદમ સાવધ બનાવ્યો, "મને શું લાભ થવાનો છે, તે પહેલાં મને સમજાવો તો પછી તમારા પ્રશ્નોના જવાબ આપીશ," કૌતકે ગુમાનને અધી- રાઈથી કહ્યું.

ગુમાનઃ—પ્રથમ તો જે ઇષ્ટદેવને આપ પૂજતા હો, તેની મારી સામે પ્રતિજ્ઞા લ્યો, કે આપણા વચ્ચેની વાત આપણા બે શિવાય ત્રીજો કોઈ જાણે નહીં.

કૌતકઃ—હુ રસ્તામાંજ મહિમ્નનો પાઠ કરતો આવતો હતો, અને હું પ્રતિજ્ઞાથી જણાવું છું, કે જો આપણી વાત કોઇને પણ કહું

તો મારા મહિમ્ન પાઠનું ફળ મિથ્યા થાઓ બોલ, હવે તને શું કહેવુ છે ?

ગુમાન—નંદલાલના ઘરમાં પેલો પરદેશી ઠગ પેસી ગયો છે, તેથી આપને બહુ ચીડ ચડીછે, અને તેના ઉપર વેર લેવાની આપને ઇચ્છા છે, ખરૂં કે નહી ?

કોતકઃ—વારૂ, પણ તેમા તું શું કરવાનો છે ? મને તું કેવી રીતે આ કાર્યમાં સહાય્યભૂત થઇ શકે એમ છે ?

ગુમાનઃ—પેહેલા તમે શુ કરવા ધારોછો, તે મને જણાવો, એટલે, હુ તમારા કામમાં કેવી રીતે સહાય્ય આપી શકુ તે તમને જણાવુ.

કોતક—હું તો મહાદેવનો ભક્ત છુ, મહાદેવ પર મને શ્રદ્ધા છે, એટલે મહાદેવ પાસે લવણની શય્યા બનાવી. આવતી કાલથી અનુષ્ઠાન કરવા ઇચ્છા રાખુછું.

ગુમાનઃ—મહારાજ ! એવા અનુષ્ઠાનાદિથી કાંઇ થવાનુ નથી. જો ગારૂ માનો, તો હથિયાર લઇ, નદલાલ અને શાન્તિરામ બન્નેનો ઘાટ ઘડી નાંખીએ ! કામ બધું હુ પતાવીશ; તમે ફક્ત મારે પડખે ઉભા રહેજો.

હથિયારનુ નામ સાંભળતા કોતક જોશીના તો હોંસજ ઉડી ગયા "ભા ..ઇ . . મારા . . ..થી .એ .. ..ન... ..બ .ને," કોતકે ભયથી ત્રુટિત સ્વરે કહ્યું થોડીવાર પછી હિમ્મત આવતાં, તેણે જણાવ્યું, "ભાઇ, અમે તો બ્રાહ્મણ, એટલે, શસ્ત્રનું નામ સાંભળતાં અમારાં હૃદય થરથર ધ્રુજવા લાગે. અમેતો.—

शांतो शूरा भये दीनाः परस्परे विरोधिनो
न हि न हि विप्राः शस्त्रयोग्या भिक्षायोग्या पुनःपुनः ॥

જ્યારે શાંતિ હોય ત્યારે શૂરા, અમારાપર ભય આવે ત્યારે અમે દીન બની જઇએ, અને પોત પોતામાં અમે સર્વદા વિરોધ

કરનારા છીએ, એટલે અમે શસ્ત્ર ધરવાને લાયક નહીં. અમને તો ભીખજ ભલી.

ગુમાને જોયુ કે હથિયારનું નામ સાંભળતાંજ જોશી મહારાજને કંપારી છુટી છે, એટલે તેણે વાત પલટાવી જણાવ્યું, "મહારાજ! તમે બ્રાહ્મણ એટલે બીકણુ તો ખરા. અમે તો પડયા જુવાનીઆ, એટલે અમારા વિચાર પણ ઉદ્ધત હોય. મેં તો ફક્ત તમારૂં પારખું જોવા વાત કરી, પણ એમ કરવા મારો પોતાનો પણ વિચાર ન હતો. મહારાજ! મેં આપને દુ:ખી કર્યા તેમાટે મને ક્ષમા કરો. આપ સુખેથી અનુષ્ઠાન પ્રયોગ કરો. આજ કાલ સદ્દનિષ્ઠાથી કરેલ અનુષ્ટાનજ ફળ આપે છે

કૌતક જોશીને હવે નવું બળ આવ્યું." ભાઇ! અનુષ્ઠાનની બાબતમાં તો તારી શંકા નાસ્તિકના જેવી હતી પણ હુ તને જણાવું છું, કે મંત્ર શાસ્ત્રમાં તો હું બ્રહ્મા છું. જો હુ ચાહું તો એક ક્ષણમાં શત્રુ તો શું પણ તેના આખા કુટુંબનો મારા મંત્રના બળથી નાશ કરી શકું છું કાળ વિકાળ પણ મારાથી ડરે છે, અને મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે, સમજ્યો!" કૌતક જોશીએ પોતાનો ડોળ બતાવતાં કહ્યું.

ગુમાનઃ—ઠીક ત્યારે, રજા લઉં નો! જોશી મહારાજ! વળી ફરી મળશો કે? હું જાડેશ્વર સામેના શરદ્બાગમાં છેડાનો ભાગ જે કુંજ વન કહેવાય છે, ત્યાં સાજના ચાર થી છ વાગા સુધી હોઇશ.

કૌતકઃ—ઠીક છે, હું આવતી કાલે સાંજે પાંચ વાગે શરદ્બાગમાં તેજ સ્થળે આવી મળીશ.

પ્રકરણ ૮ મું.

ભૂદેવની નોંધપોથી અને દુષ્ટોનું સંકેતસ્થાન,

यथा परोपकारेषु नित्यं जागर्ति सज्जना
स्तथा परापकारेषु जागर्ति मतत खलः ॥ *

सुभाषित

જે વખતે ઇર્ષ્યાંધ કૌતક જાડેશ્વર મહાદેવના મંદિરમાં નંદલાલ શેઠ અને શાન્તિરામ ભટ્ટનું કાસળ કાઢવા ભોળા શંભુની પ્રાર્થના કરવા ગયો હતો, તે વખતે મંદિરની અંદર એક બાજુએ જે બ્રાહ્મણ યજુર્વેદી અષ્ટાધ્યાયી રૂદ્રીનો પાઠ ધીમે સ્વરે કરતો હતો, અને જે સ્વાર્થાંધ કૌતક જોશીને દૃષ્ટિગોચર ન થઇ શકયો, તે બ્રાહ્મણનું નામ ભુદેવ હતું. કૌતકની પ્રાર્થનાથી તેનો મનોભાવ ભૂદેવને સમજવામાં આવ્યો, અને તેના વધુ વ્યાપાર (હીલચાલ) જોવા તે ઉત્સુક બન્યો કૌતકની પ્રાર્થના પૂરી થતાં જ્યારે તે પોતાના ઘર તરફ વળ્યો. ત્યારે ભૂદેવ પણ તેની પાછળ પડયો રસ્તામાં કૌતક અને ગુમાનની જે ભેટ થઇ હતી, તેની સવિસ્તર નોંધ ભૂદેવે પોતાની નોંધપોથીમાં લઇ લીધી હતી. શરદ્‌બાગના કુંજવનમાં ચારથી છ વાગા સુધી ગુમાન રહે છે, તે ભુદેવે સાંભળી લીધું અને તેની પણ પોતા પાસે નોંધ રાખી. " કાલે શરદ્‌ બાગના કુંજવનમાં સાંજે પાચ વાગે કૌતક ગુમાનને મળવાનો છે. જો હું પણ ત્યાં જાઉં તો મને કાંઇ નવીન જાણવાનું મળશે, " એમ ભૂદેવે મન સાથે વિચાર કર્યો, અને બીજે દિવસે ત્યાં જવાનો પણ તેણે મનસાથે નિશ્ચય કર્યો.

---

* ભાવાર્થ:—સજ્જન હમ્મેશા પરોપકારમાંજ ઉદ્યત રહે છે, ત્યારે દુષ્ટો પારકાનું બુરૂં કરવામાંજ મચ્યા રહે છે.

ભૂદેવને જન્મથીજ એવી ટેવ હતી, કે પોતાની નજર પાસે બનતા તમામ બનાવોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું. દરેક વિષયમાં છૂપી બાતમી મેળવવાની તેને ઘણીજ જીજ્ઞાસા રહેતી તેને કોઇનુ કાંઇ અનિષ્ઠ થવાનો ભય લાગતો, તો વખતપર ગમે તેવો ભોગ આપી પોતાથી બને તો તેનું અનિષ્ઠ થતું અટકાવતો તે પોતે શુ કરેછે. તે કોઇને કહેતો નહી, તેમ તેના મનોભાવ પણ કોઇથી કળી શકાતા નહી. શેહેરના છૂપા નગરપાલખાતામાં કોઇ અમલદાર થવાની ભૂદેવને આશા હતી પરતુ તેમાં એક પ્રતિબધ હતો, અને તે એ હતો કે તેનો પિતા, તે રાજની નોકરી કરે તેમાં નારાજ હતો, તથાપિ ભૂદેવની તેવી ઇચ્છા ઉત્કટ હતી તે માનતો કે જો તે પોતાના કામમાં મચ્યો રહેશે, અને તે પોતાની ચાલાકીથી કોઇ ગભીર ગુન્હા ઉઘાડા પાડશે, તો કદાચ રાજ્યની કૃપાથી તેના સર્વ મનોરથ પૂર્ણ થાય.

ભૂદેવે ગુમાન તથા કૌતકના ઘર જોઇ લીધાં, પણ તેટલાથી તેને સંતોષ થયો નહી આ પ્રપંચ નાટકમાં કોણ કોણ પાત્રો છે, અને રંગભૂમિપર તેઓ શો ભાગ બજાવવાના છે. તે જાણવાની તેને આવશ્યકતા જણાઇ પોતે એક અને ઘણી બાબતોપર લક્ષ રાખવુ, એટલે બીજા કોઇની સહાય્યની પણ તેને આવશ્યકતા લાગી

અમરાવતી નગરમાં માણેકચોકના ખૂણામાં ખુશાલ ગાંધીની દુકાન ઘણી જાણીતી હતી. નગરમાં ખુશાલ ગાંધી ઘણો પ્રમાણિક ગણાતો, અને તેણે એવી છાપ બેસાડી હતી, કે તેની દુકાને નાનો કે મોટો ગમે તે જાય, તેને જોઇતી ચીજ એકજ ભાવથી મળતી, અને કોઇને તેની દુકાને ઠગાવાની ધાસ્તી રહેતી નહીં ઘણી વખત દિવસનો મોટોભાગ ભૂદેવ અહીંજ પસાર કરતો. આ દુકાને હિમ્મતગીર કરીને ચાલાક ગોસાંઇ પણ આવી બેસતો.

આપણે હિમ્મતગીરને હીમતીઓ અથવા હિમ્મત એ સંજ્ઞાથી સંબોધશું. હિમ્મતગીરને પોતાને પણ એ નામોમાં ઘણો આનંદ આવતો. તે ખાલી મોટાઇનો દુશ્મન હતો.

કોઇની મિથ્યા પ્રશંસા તે કરતો નહીં, તેમ તેવી ખોટી પ્રશં-સા પોતે સાંભળતો પણ નહીં તે પોતાના નામ પ્રમાણે હિમ્મત-વાન હતો, અર્થાત્ તેની સામે થવા કોઈ હિમ્મત કરતું નહીં. તેના હાથમાં જો હથિયાર આપો, તો સેકડો માણસની સામે થવા તે હિમ્મત કરતો જેવો તે પેહેલવાન હતો, તેવોજ તે ડાહ્યા, સમયસૂચક, અને વિશ્વાસપાત્ર હતો વળી તેમાં એક એવો અદ્દભુત ગુણ હતો, કે હાથમા લીધેલુ કાર્ય, પુરૂ કર્યા વગર તેને જપ વળતી નહીં. કદાચ કામ મહાભયકર અને જીવને જોખમમા નાંખે તેવુ હોય, તોપણ બીધાવગર તે કાર્ય કરવામાં કદી પાછી પાની કરતો નહી.

ભૂદેવને આવા માણુસનીજ જરૂર હતી, અને ઇશ્વકૃપાએ તેને તેવાજ માણુસ મળી આવ્યો.

ભૂદેવે આ ગોસાંઇ સાથે પરિચય વધાર્યો, અને એક દિવસે પ્રસગ જોઇ, તેને ખાનગીમાં મળ્યો, અને તેને પોતાનો સાથી બનાવ્યો ભૂદેવ પોતે કયા કામ પાછળ મડયો છે, તે તેણે હિમ્મ-તીગીરને જણાવી દીધુ. હિમ્મતીગીરને તે કામ બહુ પસદ પડયું.

“ ભૂદેવને આ કામમાં સહાય્ય આપતાં, કદાચ ભૂદેવ સાથે હું પણ શહેરના છૂપા નગરપાલખાતાની નોકરીમાં જોડાઇ જાઉં એ બનવા જોગ છે, અને જો કદાચ તેમ ન બન્યુ, તોપણ કાર્ય પરમાર્થી છે. એમાં શક નથી, ” હિમ્મતીઓ મનમાં વિચારના મણિકા ફેરવવા લાગ્યો.

“ કામ બહુ કઠણુ છે, છતાં આપણે આપણા કામમાં ફતેહ પામ્યા, અને નિર્દોષ માણુસોને દુષ્ટોની જાળમાં સપડાવતા બચા-વી શકયા, તો એ કાંઇ ઓછું પુણ્યનું કામ ન કહેવાય હિમ્મ-તીઓ આવાં કામોમાં સામેલ થવા હમ્મેશ તૈયાર છે, મહારાજ ; ” હિમ્મતીઆએ ભૂદેવને પોતાનો વિચાર જણાવ્યો

“ દરરોજ ચારથી છ વાગા સુધી ગુમાન શરદ્દબાગના કુંજવનમાં જાય છે. હું ધારૂં છું કે ત્યાં ગુમાન અને તેના દુષ્ટ

સોબતીઓ વખતો વખત એકત્ર થાય છે, અને કદાચ તેઓ આજે પણ ત્યાં એકત્ર થવાના છે. આપણે આ સઘળા લોકોની હીલચાલ તપાસવી છે. વખત થવા આવ્યો છે, માટે ચાલો આપણે જાડેશ્વર મહાદેવના મંદિરે જઇએ. આપણા કામનો આરંભ કેવી રીતે કરવો, તેનો વિચાર આપણે ત્યાં કરશું. પરંતુ આપણા દરેક કાર્યની નોંધ આ મારી નોંધપોથીમાં રાખવી છે, તે વાત તારે ખૂબ યાદ રાખવાની છે, સમજ્યો.! આવી નોધ આપણને આપણા કાર્યમાં ભવિષ્યમાં બહુ ઉપયોગી થશે આપણો ગમે તેવો મિત્ર હોય, તેને પણ આ નોંધપોથી બતાવવી નહીં. આપણે આપણો ભેદ ખુલ્લો કરવો ન જોઇએ," ભૂદેવે હિમ્મતીઆને સમજાવતાં જણાવ્યું.

આ પ્રમાણે ભૂદેવે હિમ્મતીઆ સાથે વાતચિત્ત કરી, હિમ્મતીઆને તેડી તે જાડેશ્વર મહાદેવના મદિરે ગયો. સામે શરદ્‌બાગમાં બધા વ્યાપાર સપષ્ટપણે જોવામાં આવે તેવો મદિરનો એક ઓટલો પસંદ કરી, તેનાપર બન્ને જણ બેઠા. થોડાજ વખતમાં તેઓએ કુંજવનમાં ગુમાનને આવતો જોયો. ભૂદેવે હિમ્મતીઆને ગુમાન પાસે મોકલ્યો, અને તેની સાથે ઓળખાણ કરી લેવા, તેને ભલામણ કરી.

હિમ્મતીઓ ગુમાન પાસે જઇ વાતોમા વળગ્યો. હિમ્મતીઆના શરીરના બાંધાએ, તેની બોલવાની ઢબે, તેના સ્વભાવે અને તેના જુસ્સાએ ગુમાનપર એવી અસર કરી, કે તેને આવો માણસ પોતાના કામમાં ઉપયોગી લાગ્યો. પરંતુ તે તેને અપરિચિત હતો, એટલે આ માણસનો વિશ્વાસ કરવો કે કેમ, પોતાની ટોળીમાં દાખલ થવા સમજાવવો કે કેમ, એ વગેરે વિચારોમાં તેનું મન ઝોલા ખાવા લાગ્યું. બહુ વિચાર કરતાં "આગળ ઉપર જોઈ લેશું," એમ આખરે તેણે મનને સમજાવ્યું.

"કેમ ભાઇ તમે આજ ગામમાં રહોછો ? ' ગુમાને હિમ્મતીઆને પૂછ્યું.

"જી હા ! આપણા ગામની દક્ષિણે ફુલવાડીમાં નાગનાથ મહાદેવનું મંદિર છે, તેની હું સેવા કરૂં છું. મારૂં નામ હિમ્મતગીર

છે, પરંતુ લોકો મને હીમ્મતીઓ અથવા ફક્ત હિમ્મત એ નામથીજ ઓળખે છે નવરાસના વખતમાં વખત પસાર કરવા આ શરદ્બાગમાં અગર તેવીજ કોઇ ફરવાની જગાએ ફરવા જઇએ, અને ત્યાં તમારા જેવો કોઇ પ્રેમી જન મળ્યો તો તેની સાથે બે ઘડી આનંદમાં ગુજારીએ. જગત્માં માથે શું ઉપાડી લઇ જવું છે ? પરિચય તો ઘડીભરનો છે, પણ કામ પડે તો ખબર પડે. કાંઇ કામ હોય, તો ખુશીથી ફરમાવશો, શરમાશો નહીં. આપણી આજની નવી ઓળખાણ છે, તોપણ તેથી શું ? માણસ જ્યારથી પ્રેમ કરવા ચાહે, ત્યારથી તેનો પહેલો દિવસ. ભાઇ ! તમો કયાં રહોછો ? તમારૂ નામ શુ ?" હિમ્મતીઆએ વિશ્વાસની જાળ પાથરી.

' કાયસ્થ ફળીઆમાં રહું છું. મારૂ નામ ગુમાન, ' ગુમાને જણાવ્યું.

' ત્યારે તો તમે પોતે પણ કાયસ્થકે નહીં ? " હિમ્મતીઆએ તર્ક કરી પૂછયુ.

" હા જ તો. અમારા ઘણા જણ ત્યાં રહેછે. અમો અમારી જ્ઞાતિના પટેલ છૈએ. અમે પડયા જ્ઞાતિના અગ્રેસરો, એટલે અમારૂ ઘર મોટું કહેવાય," ગુમાન પોતાની મોટાઇના વખાણ કરવા લાગ્યો.

" એક કાયસ્થ પટેલને લૂટ મારવાના આરોપ માટે સજા થઇ, તે તમારો નજદીકનો સગો કે ? " હિમ્મતીઆએ પૂછયું.

આ પ્રશ્નથી ગુમાનનું મોં ઉતરી ગયું, અને મોંપર ખિન્નતા જણાવા લાગી.

' હશે ! પણ તે અહીંનો રહીશ ન હતો," નીચું મુખ કરી ગુમાન ગંભીર નિઃશ્વાસ નાંખતો બોલ્યો.

હિમ્મતીઓ આ સંસારનો પાકો અનુભવી હતો. ગુમાનના બોલવા પરથી તેમજ તેના ચ્હેરાપરથી તે સમજી ગયો, કે ગુમાન અને સજા પામનાર લૂટારો નજીકના સગા હોવા જોઇએ. હિમ્મતીઆએ જે કામ માથે લીધું હતું, તે કામમાં તો આવી આવી બા-

બતોનીજ શોધની જરૂર હતી, એટલે તે આવા અગત્યના પ્રશ્નનો જવાબ ટુંકામાં કેમ પતાવા દે ?

"ત્યારે શું તે બીજા ગામનો રહીશ હતો કે ' સજા તો બહુ મોટી થઇ લોકો કહે છે કે, તે વંશ પરંપરાથી લશ્કરમાં નાયકની પદ્વી ભોગવતો હતો, પરંતુ તેનો હક્ક છીનવી લેવામા આવ્યો હતો. એ ખરૂ કે ? ' હિમ્મતીઆએ વાત આગળ ચલાવી

હિમ્મતીઆએ પોતાની વાત કરવાની ખૂબીથી ગુમાનને પોતે પાથરેલી વિશ્વાસની જાળમા એવો તો સપડાવી લીધો કે, ગુમાનનું મન જે પહેલાં હિમ્મતીઆને પોતાની ખાનગી બાબતોમાં સામેલ રાખવામાં ઢચુ પચુ થતું હતુ, તે હવે તેને પોતાના વિશ્વાસમા લેવા તરફ કાંઇક ઢળ્યુ. ગુમાન વિચારમાં ને વિચારમા સ્તબ્ધ થઇ ગયો, અને પોતે જાણે શુદ્ધિ વગરનો થઇ ગયો હોય તેવો દેખાયો; થોડાજ સમયમાં તે સાવધ બન્યો.

"હિમ્મતભાઇ આ વાતને છેડવી સારી નથી કદાચિત્ તેથી મને દુઃખ વેઠવું પડે, એટલે હું તેનો જવાબ આપી શકતો નથી, તે માટે મને માફ કરજો. ભાઇ હું તો મારા શુદ્ધ અંત કરણથી જણાવુ છું, કે તમારા જેવા ભલા માણસની મુલાકાતથી મને તેમજ મારા મંડળને વિશેષ લાભ છે. હિમ્મતભાઇ! હુ સ્વભાવે અતિ ભોળો છું. મારા પેટમાં જરાપણ પાપ નથી હુ મારા મિત્રોને ખરેખરૂ કહી દેતાં મુદ્દલ અચકાતો નથી પણ..."

"કેમ કહેવામાં કાંઇ હરકત જેવું છે ?" હિમ્મતીઆએ વચમાં પૂછ્યું.

ગુમાને આ પ્રશ્નનો પ્રત્યુત્તર "હા" માં આપ્યો

"તો મારાથી તમારે કશો ભય ન રાખવો. હું એક વચની માણસ છું. આપણો પરિચય જેમ જેમ વધતો જશે, તેમ તેમ તે વાત તમારા પોતાના પણ સમજવામાં આવશે. પોતાને મોઢે કોઈ પોતાના વખાણ કરે કે ? તમો મારી પાસે કાંઇપણ વાત કરતાં બિલકુલ અચકાઓ નહીં. હું તમને ખાત્રી આપું છુ, કે મારૂં હૃદય એક ગુપ્તમંજુષ છે," હિમ્મતીઆએ એક બીજીવાર વિશ્વાસની જાળ પાથરી.

ગુમાન હવે આ જાળમાં પુરેપુરો સપડાયો ગુમાને હસતાં હસતાં કહ્યું," હા ! તમે તેવાજ છો. તમારી પાસે ભેદ ખોલવામાં મને હવે હરકત લાગતી નથી. જે કાયસ્થ સજા ભોગવે છે તે મારો પિતા છે તેમનુ વય બેતાલીશ વર્ષનું છે. દેખાવમાં તે સિંહ જેવો છે. તેને પકડાવી કેદની શિક્ષા ચંડાળ નદલાલે કરાવી છે હું તે દિવસથી હમ્મેશ બેચેન તથા ઉદાસ રહુ છુ, અને હવે નદલાલ પર વેર કેવી રીતે લેવું, તેની મને દિવસ અને રાત ચિતા થયા કરે છે. મારા પિતાને સજા થઈ, તે દિવસથી મારા ઉપર પોલીસની સખ્ત દેખરેખ રહે છે," ગુમાને પોતાના અંતરનો પડદો ખોલ્યો

' શુ પોલીસ તમને હજી પજવે છે ?" હિમ્મતીઆએ આશ્ચર્ય પામી પૃછ્યુ.

"મારી દરેક હીલચાલપર પોલીસની સામાન્ય દેખરેખ ચાલુ છે," ગુમાને હળવેથી જણાવ્યું.

"ત્યારે તો આજે મારી પણ પોલીસે ખબર લીધી હશે ?" હિમ્મતે પૃછ્યું.

ગુમાન અને હિમ્મતગીર વચ્ચે આ પ્રમાણે વાતચિત્ત ચાલતી હતી, તે વખતે ગુમાનની ટોળીમાંનો હમીર પણ ત્યાં આવી પહોંચ્યો આવતાંજ તેણે ગુમાનને એક બાજુ બોલાવી, તેને કાંઈ ખાનગીમા કહ્યું. ગુમાન હિમ્મતીઆ તરફ જોઇ, તેને કાંઇ કહેવા જતો હતો, એટલામાં હિમ્મતે જાણે કંઇ ગુમાવ્યુ હોય, તેમ તે આમ તેમ જોવા મંડયો.

"શું ગુમાવ્યુ, હિમ્મતભાઈ ?" ગુમાને પૂછયું.

"એક લખેલ કાગળ દેખાતો નથી. કોણ જાણે અહીં કે જાડેશ્વરમાં મૂકયો, તેની ભ્રાંતિમાં છું: પણ અહિં તો દેખાતો નથી કદાચ મંદિરમાં હોય તો ત્યાં જઇ જોઉં વારૂ ! હું રજા લઉં તો !" હિમ્મતીઆએ આ બહાને રજા માગી.

એમ હોયતો ભાઈ સુખેથી જાઓ. અમે આ વખતે ઘણું કરી અહિંજ બેશીએ છીએ. તમે પણ અહી આવતા જજો," ગુમાને હિમ્મતને વિવેક કર્યો.

હિમ્મતે તેટલાજ વિવેકથી હસતાં માથું ધૂણાવી ગુમાનની માગણીનો સ્વીકાર કર્યો, અને પોતે ભૂદેવ તરફ ચાલતો થયો. હિમ્મતગીરે ભૂદેવને ગુમાનસાથેની સઘળી વાતચિતનો સાર કહી સંભળાવ્યો.

"હિમ્મત જો તું ગુમાનની ટોળીમાં ભળી જાય, તો આપણું કાર્ય સારી રીતે પાર પડે પરંતુ તે દુષ્ટોની ટોળી સાથે ભળી જતાં, તુ અને હું મિત્રો છીએ તે વાતની, તેમજ આપણી છૂપી હિલચાલની કોઇને ખબર ન થવી જોઇએ. હિમ્મત ' તારા સાહસમાં જો કદી ભય કે વિપત્તિ આવશે, તો તને તેમાંથી ઉગારવા હું મારા સર્વે ઉપાય કરીશ, તેમાટે તું તદ્દન નિશ્ચિત રહેજે. જો ! પેલો કૌતક જોશી સામેથી આવે છે તે ગુમાનપાસેજ જાય છે. તુ તેની પેહેલાં ત્યાં પેહોંચી જા. ત્યાં જઇ ગુમાનની છૂપી મંડળીમાં કોણ કોણ છે, તે બરાબર લક્ષમાં રાખજે," ભૂદેવે હિમ્મતને તેના કર્તવ્યની સમજણ પાડી.

હિમ્મત જ્યારે ગુમાન પાસે પાછો આવ્યો, તે વખતે ત્યાં ગુમાનની ટોળીના સર્વે માણસો આવી પહોચ્યા હતા. હમીર તો હિમ્મત જ્યારે ગુમાનને પહેલો મળ્યો હતો, અને "પોતાનો લખેલો કાગળ ખોવાયો છે," એ બહાનુ કાઢી ગુમાન પાસેથી જવાની રજા માગતો હતો, તે વખતેજ આવી પહોંચ્યો હતો. આ વખતે હમીર ઉપરાંત પ્રવૃત્તિશંકર, ગરૂડદાસ. અનંતલાલ વગેરે ગુમાનની ટોળીના માણસો સંકેતસ્થાનપર હાજર હતા.

"પેલો સામેથી બ્રાહ્મણ આવે છે, તે ઘણોજ અભિમાની જણાય છે. કાગળનુ પૃછતાં તે મને ગાળો ભાંડવા લાગ્યો. મારૂં કહ્યું માનો તો આવા માણસો સાથે કોઇ રીતનો સંબંધ રાખશો નહીં. આપણને તેમાંજ લાભ છે. (ગુમાનને ઉદ્દેશીને) ભાઇ ગુમાન ! તમે તો એક સર્જન પુરૂષ છો. તમારા મુખમાંથી નિકળતો દરેક શબ્દ એક કુલીન અને ઉત્તમ માણસની છાપ બેસાડે છે. આજથી મને તમારો પોતાનોજ સમજજો. તમે મને ગમે તેવું જોખમનું કામ કરવા અથવા મોટો સાહસ ઉઠવવા કહેશો, તો હૂં તેમાટે તત્પર રહીશ," હિમ્મતે પોતાનું બીજી વખતનું આગમન સકારણ જણાય

એ હેતુથી ગુમાન આગળ કૌતક જોશી વિરૂદ્ધ પોતાની ફરિયાદ રજુ કરી, અને કૌતકની ટોળીમાં ભળી જવા માટે પુનઃ વિશ્વાસની જાળ પાથરી

"બહું સારૂં! તમે અમારા મંડળમાં સામેલ થાઓ, એ તો દૂધમાં સાકર. આજથી હું તમને મારો પરમ મિત્ર માનીશ. પરમેશ્વર જ્યારે સહાય થાય છે, ત્યારે સંયોગ પણ સરખો મેળવી આપે છે. તમારા જેવા હિમ્મતવાન અને બહાદુર નર અમારા મંડળમાં સામેલ થાય, એ હુ અમારા મંડળના અહોભાગ્ય માનું છું," ગુમાને હિમ્મતને પોતાના મંડળમાં દાખલ કરતાં જણાવ્યુ

હિમ્મત અને ગુમાન વચ્ચે આ પ્રમાણે વાતચિત ચાલતી હતી, તેટલા વખતમા કૌતક જોશી પણ ત્યાં આવી પહોંચ્યો મંડળના સર્વે માણસો સંકેતસ્થાનમાં એકત્ર થતાં, ગુમાનની સૂચના ઉપરથી નંદલાલ અને શાંતિરામપર વેર લેવા હવે કેવા ઉપાય લેવા, તે વિષે દરેક જણ પોત પોતાના વિચાર જણાવવા લાગ્યા. કૌતક જોશી તો આ સર્વે નવા માણસોને જોઇ પેહેલાં ભય પામ્યો, પણ ગુમાને તેને જ્યારે "આ નવા આવેલા સર્વે માણસો આપણા પક્ષનાજ છે," એવો વિશ્વાસ બેસાડયો, ત્યારે તેને હિંમત આવી.

"મારો વિચાર એવો છે કે, નંદલાલ અથવા શાંતિરામ ભટ્ટ, અથવા નંદલાલનો પુત્ર વસંત એઓમાંથી કોઇપણ આપણને મંદિરમાં, કે બાગબગીચામાં, જ્યાં મળે ત્યાં તેને એકદમ તરવાર અથવા બંદુકથી ઠાર કરવો," ગુમાને આરંભમાં પોતાનો વિચાર દર્શાવ્યો.

"તરવાર," "બંદુક," અને "ઠાર કરવો," આ શબ્દોથી કૌતક જોશીના તો હોંસજ ઉડી ગયા, અને તે થરથર ધ્રુજવા લાગ્યો. થોડીવાર પછી તેને હિમ્મત આવતાં તેણે પોતાનો વિચાર જણાવ્યો કે, "ગુમાન સાહસની વાત કરે છે, પણ જો કોઇ સાકર ખાતાં મરતો હોય, તો તેને ઝેર શામાટે આપવું?"

હમીરઃ—હું પણ કૌતક જોશીના મત સાથે મળતો છું. નંદલાલ અને શાન્તિરામ ભટ્ટ પર વેર લેવા માટે મને એક સરલ યુક્તિ

સૂઝે છે, અને તે યુક્તિ પ્રમાણે કામ લેતાં, આપણું કાર્ય સફળ થશે એમાં શક નથી. જો સર્વે ભાઇઓને વાંધો ન હોય, તો હું મારી યુક્તિ તમને કહી સંભળાવું

કોતક—શામળભટ્ટ કવિ કહે છે કે, "સાહસ કર્મ કર્યા થકી, થાય હર્ષનો નાશ." ગુમાન હજી તરૂણ છે, એટલે તેના વિચાર પાકા અને ઠરેલ ન હોય એ સ્વાભાવિક છે. આપણું ધારેલ કાર્ય સફળ થાય, અને આપણે પણ નિર્દોષ રહીએ, એના જેવો બીજો ઉત્તમ માર્ગ કયો? હમીરભાઇ! તમે તમારા વિચાર ખુશીથી દર્શાવો.

હમીર:-આપણામાંથી એકજણે વસંતની સાથે મૈત્રી કરવી, એટલે આપણને નંદલાલના ઘરની તેમજ શાંતિરામ ભટ્ટની વખતો વખત ખબરો મેળવવાની અનુકુળતા થશે. પછી જેવો સમય તે પ્રમાણે કામ કરશું મારા વિચાર પ્રમાણે વસંત સાથે મૈત્રી કરવાનું કામ ગરૂડદાસને સોંપવું. ગરૂડદાસ તે કામ માટે પુરેપુરો લાયક છે. તે ઘણો ચાલાક, અને અજાણ્યા માણસ સાથે જલદી મળી જાય તેવો પાકો ઠગ છે. વાતોમાં તે પથ્થરને પણ પીગળાવી નાખે તેવો છે. વાતમાં પોતે બંધાય નહિ અને સામાને આધીન બનાવી દે, એ એનો ખાસ ગુણ છે હવે નકામો વખત ગુમાવવાનું કામ નથી જો સર્વેની મરજી હોય તો ગરૂડદાસને તે કામ આપણે આજથીજ સોંપીએ

પ્રવૃત્તિશંકર:- હમીર! તારી માશુકની જાળમાં વસંતને સપડાવી તેની પાસેથી પૈસા કેમ પડાવતો નથી?

હમીર:—શંકર આજે તેં ભાંગ તો નથી ચડાવી. કે તું આવો વૃથા બકવાદ કરે છે?

અનંતલાલ—ભાઇઓ! આપણે દરેકજણ પોતપોતાના વિચાર દર્શાવવા મંડી ગયા, તે પેહેલાં આપણને જે એક અગત્યનું કાર્ય કરવાનું હતું તે તો કોઇના પણ લક્ષમાં રહ્યું નથી જુઓ! આજની સભામાં બે સભાસદો વધ્યા છે. આપણા મંડળના નિયમ પ્રમાણે આપણી સાથે જે જોડાય, તેને આપણે આપણી સાથે સાચો રહેવા અનંતાદેવીની પ્રતિજ્ઞા લેવડાવીએ છીએ. કોતક જોશીએ કે હિમ્મતે

આવી પ્રતિજ્ઞા લીધી નથી, અને જ્યાંસુધી તેઓ આવી પ્રતિજ્ઞા લે નહીં, ત્યાંસુધી આપણા મંડળના કામમાં તેઓ સામેલ થઇ શકે નહીં; આ કારણથી કૌતક જોશીએ તેમજ હિમ્મતગીરે આપણી સમક્ષ અનંતાદેવીની પ્રતિજ્ઞા લેવી જોઇએ.

કૌતક-ભાઇઓ! તમે જણાવોછો તેવી પ્રતિજ્ઞા હુ લઇશ નહીં. હું શિવનો ભક્તછુ, અને મારો ભોળો શંભુનાથ નદલાલ અને પેલા ઠગ શાતિરામ ભટ્ટપર પોતે વેર લેશે. મારા કાર્યોની સિદ્ધિ અર્થે મે સોમ પ્રદોષ અને શંકર પાસે લવણની શય્યા બનાવી, અનુષ્ઠાન કરવા નિશ્ચય કર્યો છે, એટલે તમે જણાવો છો તેવી પ્રતિજ્ઞા લેવાની મને જરૂર નથી. છતાં પણ હું મારા ઈષ્ટદેવ શંકર ભગવાનની પ્રતિજ્ઞા લઇ જણાવું છું, કે હુ સર્વદા તમારા ભલામાં રહીશ, અને મારો પ્રાણ જતાં સુધી તમારી હીલચાલની કોઇને ખબર પડવા દઇશ નહીં હવેથી કૃપા કરી તમારા મડળની આમત્રણ પત્રિકા મને મોકલશો નહીં

કૌતક જોશી અતિ કષ્ટથી આટલું બોલ્યો ખરો, પરતુ જાણે પોલીસે તેને આવીને પકડયો હોય, તેમ તેની છાતી ભયથી ધડકતી હતી, તેના હાથ પગ થરથર કપતા હતા, નેત્રો સજળ બન્યાં, શ્વાસોશ્વાસની ગતિ મદ પડી ગઇ, અને ગાંડા જેવો દેખાવા લાગ્યો. પોતાથી કાંઇ ગાડાની પેઠે લવારી ન થઇ જાય, એ હેતુથી ઉઠીને રજા લીધી.

ગુમાન —મહારાજ! તમે સુખેથી જાઓ તમારા મનનો ગભરાટ તમે કાઢી નાખજો તમે પ્રતિજ્ઞા ન લો તો તમારી મરજી. અમે તમારી કાંઇ પણ મદદ માગતા નથી તમોએ અમારા સંબધમાં જે પ્રતિજ્ઞા કરી છે, કે "તમે સર્વદા અમારા ભલામાં રહેશો અને પ્રાણ જતાં સુધી અમારી હીલચાલની કોઈને ખબર પડવા દેશો નહીં," તે પ્રતિજ્ઞા તમે પાળજો, એટલે બસ માત્ર અમારા સારા માઠા ગ્રહો સબધી અમને સૂચના કરતા રહેશો, તો તમારી તેટલી મદદ પણ અમે બહુ ગણશું.

હિમ્મતગીરે હવે અનંતા દેવીની પ્રતિજ્ઞા લેવાનો આરંભ કર્યો. પ્રતિજ્ઞા લેતાં તેણે જણાવ્યું, "ભાઇઓ! હું એક વખત

પ્રતિજ્ઞા લઇ ચૂક્યો છું, છતાં પણ તમારો વિશ્વાસ મેળવવા હું ફરી પ્રતિજ્ઞા લઉં છું." "હે અનંતા દેવી! હું તારી પ્રતિજ્ઞા લઇ જણાવું છું કે," 'હું મારા એક મિત્રતરફની મારી ફરજ બજાવવામાં મન વાચા અને કર્મે સાચો રહીશ; અને તે મિત્રની ફરજ બજાવતાં મને માથું આપવું પડે, તો તે આપવા પણ તત્પર થઇશ."

અનંતલાલ—પણ તમારો તે મિત્ર કયો ?

હિમ્મતગીરઃ—જેના પરિચયમાં આવ્યા છીએ તે ?

અનંતલાલ—તે કોણ ?

હમીરઃ—બસ થયું, હિમ્મતગીરે શુદ્ધ અંતઃકરણથી પ્રતિજ્ઞા લીધી છે, એટલે હવે શંકા કરવી એ ઠીક ન કહેવાય.

હિમ્મગીરની ભેદ ભરેલી પ્રતિજ્ઞા પરથી અનંતલાલને શંકા થઈ, પણ હિમ્મતે પોતાના દ્વી અર્થી પ્રત્યુત્તરથી ભેદ ખુલ્લો થવા દીધો નહીં, અને હમીરના કથને વધુ વાદ બંધ કરાવ્યો. સભાને હવે બીજું કાંઇ વધુ કામ કરવાનું રહ્યું નહતું. માત્ર ગરૂડદાસને વસંત સાથે મૈત્રી કરી નંદલાલના ઘરમાં પગ પેસારો કરવાની ભલામણ કરવાની હતી, અને તેવી ભલામણ સભા તરફથી ગરૂડદાસને કરવામાં આવી. ગરૂડદાસે તે કામ બહુજ આનંદથી માથે લીધું, અને સભા વિસર્જન થઇ.

પ્રકરણ ૯ મુ.

સુમતિની માન્તા.

Virtuous wife! where thou dost meet,
Both pleasures more refined and sweet;
The fairest garden in her looks,
And in her mind the wisest books.

નર અને નારીના યુગ્મ વગર આ સંસારનો વ્યવહાર થતો નથી. આ સંસાર વધારવાનું કે તેના નિર્વાહનું કામ એકલા પુરૂષથી કે એકલી સ્ત્રીથી થઈ શકતું નથી. એક અંગ્રેજ વિદ્વાન જણાવે છે કે ' As unto the bow a cord is, so unto the man a woman is Each useless without the other, ' અર્થાત્ " ધનુષ્યને જેમ દોરી છે, તેમ પુરૂષને સ્ત્રી છે. એક વિના બીજું નકામું છે. " આ સંસાર યાત્રામાં નર અને નારી એ રથના બે પૈડાં છે નારી વગર નર અર્ધો છે. અને નર વગર નારી અર્ધી છે. સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના છે, તેનું અર્ધું અંગ છે. જો શરીરના બન્ને અર્ધ દોષ વિનાના, રૂપ, ગુણ અને વયમાં સંપૂર્ણ રીતે યોગ્ય હોય, તો તેમનો સંસાર સરલ અને સુખદ થાય છે, પરંતુ એ બે અર્ધમાંથી એક પણ અર્ધમાં રૂપ, ગુણ કે વયની યોગ્યતામાં દોષ હશે, તો અવશ્ય તેમનો સંસાર દુઃખદ જ થશે.

આ સંસારમાં દરેક વ્યક્તિને પોતપોતાનાં કર્તવ્યો કરવાનાં છે. આ કર્તવ્યો જેમ સર્વાંશે સમાન નથી, તેમ તેઓ

ભાવાર્થ —હરિગીત.

સૌંદર્ય સદ્‌ગુણ યુક્ત શાણી, સુંદરી તવ પદરવે,
સશુદ્ધ ને વળી મિષ્ટ ભાવ, ભર્યો હૃદય હર્ષજ ઝરે;
રળિઆમણું ઉદ્યાન તારી, આંખ દીપ્તિમાં વસ્યું,
ડહાપણ ભરેલાં પુસ્તકોનું, સત્ત્વ તવ હૃદયે ઠસ્યું.

સર્વાંશે ભિન્ન પણ નથી જ્યાંસુધી દરેક વ્યક્તિ પોત પોતાનાં કર્તવ્યો યથાર્થ સમજી કરે છે, ત્યાં સુધી વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પ્રીતિ અને સંપ રહેછે. પરંતુ જ્યાં કર્તવ્ય ભાન ભૂલાયું, ત્યા કલિ તરત પ્રવેશ કરેછે

આ નિયમાનુસાર જે કુટુબમા જ્યાસુધી કર્તવ્ય ભાન કાયમ છે, ત્યાંસુધી તે કુટુબ સુખી દેખાય છે, પરતુ તે કુટુંબમાં જો પતિ પોતાની પત્ની તરફનાં. અને પત્ની પોતાના પતિ તરફનાં, સસરો અને સાસુ પોતાની પુત્રવધુ તરફનાં, અને પુત્રવધુ પોતાના સાસુ સસરા તરફના, પુત્ર પિતા તરફનાં અને પિતા પુત્ર તરફનાં, પરસ્પર કર્તવ્યો ન કરે તો પરિણામે તે કુટુબમા દુઃખ અને સંતાપ, કલેશ અને કુસપ જણાશે.

અમરાવતી નગરીમાં નંદલાલ નગરશેઠ હતા અને તે કોટયાધીશ મનાતા. તેની પુત્રવધુ સુમતિ વયમા નાની પરંતુ બુદ્ધિમા એક ઉમ્મરે પહોંચેલ માણસથી ચઢતી હતી. મહાસતીઓની પંક્તિમાં તેની ગણના કરવામાં આવે, તો તેમાં પણ ખોટુ ન હતું. સ્વભાવે શાણી, ધૈર્યવતી, ગંભીર, મિષ્ટભાષિણી, વાતોમા સામાના મનને રંજન કરનાર, અને વિવેકી હતી. તે તુલજાપુર ગામના કુલીન નગરશેઠ ધનપાળની એકની એક પુત્રી હતી. સુમતિ શિવાય ધનપાલ શેઠને બીજી કાંઇ સંતતિ ન હતી. ઘણાં ધર્મ, દાન, તપ અને વ્રતોના પ્રભાવે ધનપાળ શેઠને આ કન્યા રત્નની પ્રાપ્તિ થઇ હતી, અને તે કારણથીજ તેને આ એક પુત્રી સો પુત્રોના જેવી લાગતી. સુમતિ પાણી માગતી, તો તેણીની પાસે દૂધ હાજર થતું. પૃથ્વીની સપાટીપર જે વસ્તુ મળી શકતી હોય, તે જો સુમતિ માગે, તો તેણી પાસે તે તત્કાલ હાજર થતી, સુમતિએ પોતાની બાલ્યાવસ્થામાં જે વૈભવો ભોગવ્યા હતા, તે એક રાજા કે ઉમરાવની સંતતિ ભાગ્યેજ ભોગવી શકે. નગરશેઠના ઘરમાં સુમતિ એક રત્ન હતું. ઘરમાં તે જે કહેતી તે થતું. તેની વાતનો કોઇપણ જણુ અનાદર કરી શકતાં નહીં.

સુમતિ સૌંદર્યમાં રંભાને પણ લજાવે તેવી હતી. વર્ણમાં તે ગૌર હતી, તેના ગાલ ગુલાબી હતા, નેત્રો મૃગનાં જેવાં હતાં,

અને કદલી જેવી જંઘાઓ હતી. પોતે સ્વરૂપવતી હતી અને વૈભવમાં લાડમાં ઉછરેલી હતી, છતાં પણ તેને રૂપનો કે ધનનો ગર્વ ન હતો પ્રારબ્ધના યોગે માનવીને સુખ કે દુઃખ ભોગવવાંજ પડેછે, એમ તે સમજતી હતી. આટલી નાની ઉમ્મરમાં ઉત્તમ વિચાર પૂર્વના સંયોગ વગર ન આવે! ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાભૂષણથી સુમતિને જે પ્રસન્નતા ન થતી, તે કેવલ અભ્યાસ અને પ્રભુ પૂજનથી અથવા ગૃહકાર્યમાં લક્ષ દઈ મચ્યા રહેવાથી થતી. "જેના ઘરમાં જશે તેના ભાગ્યોદય ખૂલશે," એમ લોકો ભવિષ્ય વાણી ભાખતા ધનપાળ શેઠ પણ પોતાની પુત્રીના આવા ઉત્તમ ગુણોથી પોતાને ભાગ્યવાન સમજતા. સુમતિ માટે ઘણા શાહુકારો તરફથી માગા આવતા, પણ એક અથવા બીજા કારણને લીધે ધનપાળ શેઠની કોઇના પર પસંદગી ઉતરતી નહીં. આખરે અમરાવતીના નગરશેઠ નંદલાલ જે ધનપાળ શેઠના જૂના સગા હતા, અને જેની કુલીનતા, આબરૂ, અને ખ્યાતિ સારી ગણાતી, તેના એકના એક પુત્ર વસંત સાથે સુમતિનું વેવિશાળ કર્યું. વસંત સુમતિથી વયમાં કાંઇક મોટો, સ્વરૂપવાન અને ચંચળ હતો ધનપાળ શેઠે સુમતિનો વિવાહ બહુ ધામધૂમથી કર્યો, અને પોતાની એકની એક દીકરી હોવાથી લાખો રૂપિયાનો દાયજો આપ્યો. તુલજાપુર અને અમરાવતીનું છેટું વીશેક કોશનું હતું, છતાં સુમતિ પરણ્યા પછી સાસરામાં તલ્લીન થઈ ગઇ હતી. "પિયેર રહેવાથી કદાચ સાસુ સસરાના મનને ખોટું લાગે તો," એમ ધારી તે વિશેષ પિયેર રહેવા ઈચ્છતી ન હતી સાસરીઆમાં પોતાના ગુણ અને શિયળથી તે નંદલાલ શેઠની અપૂર્વ પ્રીતિ મેળવી શકી હતી. પરંતુ સાસરામાં તેણી તરફ પ્રીતિની મર્યાદા સસરા પર્યન્તજ હતી. નંદલાલ શેઠના કુટુંબમાં શેઠાણી ઘરના વ્યવહારમાં મુદ્દલ લક્ષ આપતીજ ન હતી. બાકી રહ્યાં મંજુલા અને વસંત, પરંતુ તેઓ તો સુમતિને અસહ્ય ત્રાસ આપતાં. સાધ્વી સુમતિ સર્વ દુઃખ મુંગે મોઢે સહન કરતી. અને પોતાને દુઃખ છે, એવો લેશ પણ ભાવ કોઇને પણ દેખાડતી નહીં "કાલે દુઃખ દૂર થશે, અથવા માનવ જાતને સુખ અને દુઃખ આવ્યાંજ

કરેછે, એટલે સુખમાં જેમ હર્ષ પામવો નહીં તેમ દુ ખમાં શોક કરવો નહીં " એ સિદ્ધાંતપર તેણીને દૃઢ વિશ્વાસ હતો, એટલે દુ:ખની વેળા ઇશ્વર ભજન કરી, દુ:ખ વિસારતી કોઇક વખત મંજુલા અહંકારમાં આવી જઇ સુમતિને કહેતી, " મારા ભાઇને આ મીરાંબાઇ કયાંથી કર્મે લખી હતી ! નહી પહેરવા ઓઢવામાં પ્રેમ કે નહીં બોલવા ચાલવામાં પ્રેમ ! આખો દહાડો ભજન અને પૂજન ! મારા ભાઇને આ માટીનું પૂતળુ કયાં કપાળે ચોટયું ! મારૂં ચાલશે તો ભાઇને બીજી પરણાવીશ ! " પરંતું સુમતિ હસતુ મુખ કરી મંજુલાને કાંઇપણ પ્રત્યુત્તર આપતી નહીં, અને નણંદને રાજી રાખવા હમ્મેશ પ્રયત્ન કરતી. કોઇપણ પરાયુ માણસ ઘેર આવે તો સુમતિ તેની લજ્જા કાઢતી મંજુલાને તે ઠીક ન લાગતું, અને તેથી સુમતિની તે વખતોવખત ટકોર કરતી ગાયકે ભેંસ જેવું કોઇ ઢોર ઘર આંગણે આવે તો મંજુલા ટકોરમાં કહેતી " અલી, સુમતિ ! લાજ કાઢ, લાજ; " જેનો "મંજુલા બેન ! ઢોરોની કોઈ લાજ કાઢતુ હશે ! " એવી રીતે હસીને જવાબ આપતી. મંજુલા આખરે સુમતિને પોતાના નીચ કર્મોમાં સાગેલ રાખવા, અને તેણી પાસેથી દુષ્ટ કર્મો કરાવવા પ્રયત્નો કરતી, પરંતુ સુમતિ પાસે તેણીનું કાઇ વળતું નહી, એટલે મંજુલા ક્રોધમાં આવી, ભાઇને બહેકાવતી અને સુમતિને માર ખવરાવતી.

સુમતિની ખબર કાઢવા કોઇ પિયેરથી આવતુ, તો પોતે અતિ આનંદમાં અને પૂર્ણ સુખી છે એમ જણાવતી. તે પોતાના દુ:ખની વાત કોઇને કહેતી નહી સાસુ કે સસરાને પણ તે જણાવતી નહીં. પોતે સંપૂર્ણ રીતે દુ ખ સાગરમા નિમ્ગન હોવા છતાં, તે દુ:ખી છે એમ કોઇ પણ જણ તેના શરીર ઉપરથી કે મુખમુદ્રા ઉપરથી કળી શકતુ નહી સુમતિની આંખોમાં કોઇ પણ વખતે આસુની ધારા, કે મુખ પર ગ્લાનીની છાયા, દેખાતા નહીં. તેણીને નિ:શ્વાસ નાંખતાં કોઇએ સાંભળી ન હશે. આવી સુશીલ અબળાને પાપણી મંજુલા દુ:ખ આપવામાં કચાશ રાખતી નહીં તેણીનું શિયળ ભંગ કરવા તે અસાધારણ પ્રપંચો રચતી, પરંતુ જગદુપકારક અખિલ વિશ્વેશ્વર તેણીની લજ્જા રાખતો, અને તેણીને બચાવી લેતો.

સુમતિને વિશ્રાંતિરૂપ માત્ર અમથાની સ્ત્રી ચતુર સુનીતિ હતી. સુનીતિ ગરીબ સારથી અમથાની સ્ત્રી હતી. પણ ગુણમાં સુમતિથી ચડે તેવી હતી. મંજુલાના પ્રપંચોમાંથી ઉગરવા, સુમતિને સુનીતિની સલાહ અને તેણીનો આશ્રય કીમતી થઇ પડતાં સુનીતિ સુમતિ કરતાં વયમાં મોટી હતી, અને તેના પ્રમાણમાં તેમાં બુદ્ધિ અને ધૈર્ય પણ વિશેષ હતાં સુનીતિ સમયસૂચક પણ ઠીક હતી પોતાના પતિની નોકરી જાળવી રાખવાની તે સારી કાળજી ધરાવતી એક વખતે શાન્તિરામ ભટ્ટના દર્શનાર્થે સુમતિ, મંજુલા, શેઠાણી, સુનીતિ અને બીજી કેટલીક સ્ત્રીઓ, ભટ્ટજીની મેડીએ ગઈ હતી, ત્યાં સુમતિ સાથે કપટકળાએ કાંઈ વાત કરી મંજુલાએ આ વાત પરથી "કાગનો વાઘ" કરી નાંખી, બિચારી નિર્દોષ સુમતિની ફજેતી કરી. અને વસંતને ભોળવી તેણીને માર ખવરાવ્યો. સુનીતિને આ વાતની ખબર હતી, તથાપિ પોતાને જાણે આ બાબતની કાંઈ ખબર નથી, એવી રીતે તે મંજુલા, શેઠાણી અને વસત ઉપર અધિક પ્રેમ દર્શાવવા લાગી. સુનીતિ અને સુમતિ વચ્ચે જે મૈત્રિ હતી, તેથી મંજુલા નારાજ હતી, અને સુનીતિ તરફ તે દ્વેષ રાખતી સુનીતિનો પગ પોતાના ઘરમાંથી નીકળે એ હેતુથી, અમથાને રજા અપાવવા તે ભારે પ્રયત્ન કરવા લાગી. એકવખતે મંજુલાને લાગ પણ આવ્યો, પણ સત્ય સહાય્યક ઇશ્વરથી તે સહન થઇ શક્યું નહી, અને તેણીનો પ્રયાસ વ્યર્થ ગયો સુનીતિમાં એક એવો આશ્ચર્યકારક ગુણ હતો. કે તેનો ગમે તેવો બલિષ્ટ શત્રુ તેનાપર વેર લેવા પૂર્ણ નિશ્ચય કરી આવે. પણ તેનાપર સુનીતિની તેજોમય દૃષ્ટિ પડતાં, તેણીના સતીત્વના પ્રભાવમાં તે હણાઇ જતો સતી સ્ત્રીનો પ્રતાપજ અમાપ છે. પુરૂષની શક્તિ નથી કે અબલાની અશક્તિનો લાભ લઇ. તેની ઇચ્છા વિરૂદ્ધ તેની પવિત્રતાપર હુમલો કરી શકે.

નંદલાલ શેઠના ઘરમાં અમથાનો દરજ્જો પોતે સારથી હોવા છતાં, એક કાબેલ મુનીમના જેવો થયો હતો, તે ખરેજ તેની સ્ત્રી સુનીતિના સતીત્વના પ્રભાવનુંજ ફળ હતું નંદલાલ શેઠ પોતે પણ ગુણોના દાસ હતા, અને ઘરમાં પોતાને અમથો અને સુનીતિ જેવા નોકરો મળવાથી તે પોતાનું અહોભાગ્ય સમજતો. મંજુલા કરતાં સુમતિ અને

સુનીતિનો પરસ્પર પ્રેમ સુમતિને સદ્‌માર્ગે પ્રવર્તાવશે, એવી તેને ખાત્રી હતી. નંદલાલ શેઠ સુનીતિને પુત્રીવત્ ગણતો, અને તે કારણથી મંજુલાને ઇર્ષ્યા થતી. "નોકર જાતને આટલુ માન" એમ મંજુલા દરેકની પાસે ફરિયાદ કરતી, અને કોઈ વખત તો સુનીતિપર ખોટા આળ પણ ચડાવતી, પણ નંદલાલ શેઠ પોતાની દીકરીના લક્ષણોથી જાણીતા હતા, એટલે મંજુલા વયમાં મોટી અને પરિણીત હતી, તેમ તે લાડમાં ઉછરેલી હતી, એટલે તેણીને ઠપકો ન આપતા, તોપણ તેણીનો પ્રયાસ તો વ્યર્થ જતો. મંજુલાની માતા ઉત્તમ સ્વભાવની હતી, છતાં તે મંજુલાના નીચ સ્વભાવને ઢાંકી દેવા પ્રયત્ન કરતી. ઘરની વાત એક કાનેથી બીજા કાને પડવાથી જાહેરમાં નિંદા થાય એ ભયથી, નંદલાલ શેઠ મનમાંને મનમાં સમજી લેતા. પોતે સાગર મનના હતા, છતાં કોઇ વખતે આવેશમાં આવી મંજુલાને ખાનગીમાં બે બોલ કહેતા, પણ તેથી ઘરમાં શાંતિને બદલે ભવાડા થતા, એટલે આખરે શરમને વશ થઇ, હતું ન હતુ કરી મૌન્ય ધારણ કરતા. વસંત કે મંજુલાનાં લક્ષણો તેમને પસદ ન હતાં, પરતુ કહેવત છે કે "પેટના કીડા પેટને ખાય" એમ સમજી, તે પોતાના માનસિક દુઃખોને મનમાંજ શમાવતા. "આપણે લોકોની વાતો કરીએ, અને લોકો આપણી ફજેતી જોઇ જાય, તે સારૂં નહીં," એ ભયથી નંદલાલ શેઠ દરેક પ્રસંગે ઘરના ભવાડા કોઇ ન સાંભળે તેવા પ્રયત્ન કરતા, અને પોતાની સ્ત્રીને પણ સમયસૂચક રહેવા ભલામણ કરતા.

એક વખત નંદલાલ શેઠ ઘણી સખ્ત અને મરણતોલ બિમારીના ભોગ થઇ પડયા હતા, તે વેળા સુમતિએ એવી બાધા લીધી હતી કે, "સસરાજીને સારૂં થાય, તો ભદ્રાદેવી તીર્થે જઇ, દેવીને દૂધનું નૈવેદ્ય તથા વસ્ત્રાલંકાર વગેરે શૃંગાર ચડાવી, પછી દૂધ પીવું." સુમતિના શિયળ અને તેણીની સદ્‌નિષ્ઠાને પ્રતાપે ઇશ્વરે તેણીની પ્રાર્થના સાંભળી, અને નંદલાલ શેઠને આરામ થયો. પરંતુ દૈવેચ્છાથી બન્યું એવું કે, નંદલાલ શેઠને આરામ થયા પછી થોડો સમય વિત્યા બાદ સુમતિની પ્રકૃતિ બગડી, અને વૈદ્યે તેણીને દૂધ પીવા ભલામણ કરી.

"સુમતિ! બચ્ચા તું ડાહી છે, વૈદ્ય તને દૂધ પીવાની ભલામણ કરે છે, અને તેં જે માનતા લીધી છે, તે માનતા હું પાળીશ. તું દૂધ પી," એવી રીતે સુમતિને સાસુએ આગ્રહ કર્યો, છતાં પોતે લીધેલ પ્રતિજ્ઞામાં અડગ રહી. વૈદ્યનું કહેવું એવું થયું કે, સુમતિની પ્રકૃતિ દૂધ પીવા વિના સુધરવાની નથી, એટલે નંદલાલ શેઠે ભદ્રાદેવીની માનતા ઉતારવા, સુનીતિ તથા તેના જેવી બીજી બે સ્ત્રીઓ સાથે સુમતિને ભદ્રાદેવી મોકલવા નિશ્ચય કર્યો.

"અમથા! વહુને ભદ્રાદેવી માતાની યાત્રા કરાવી આવ. વહુ દૂધ પીતા નથી અને દૂધવગર તેનું શરીર ટકવું મુશ્કેલ છે. કાલે સવારમા રથ જોડી બે હથિયારબધ સિપાઇ લઇ રવાના થઇ જાઓ,' નંદલાલ શેઠે અમથાને જણાવ્યું.

"ભાભી ભદ્રાદેવી જાયછે, તેની મને હમણાજ ખબર પડી. હું પણ ભાભી સાથે જઇશ, પિતાજી!" મંજુલાએ સુમતિ સાથે જવા રજા માગી.

"તારૂં તારી ભોજાઇ તથા સુનીતિ સાથે બનતું નથી, એટલે તારે જવાની જરૂર નથી"

પોતાના પિતાનાં આવાં વચનથી પોતાને અપમાન થયેલુ માની, મંજુલા, શેઠાણી પાસે આવી પોકે પોક મૂકી રડવા લાગી. "હું આજે ને આજે મારો જીવ કાઢી દઇશ પિતાજીએ મારૂં અસહ્ય અપમાન કર્યું છે, અને નોકરો ચાકરો વચ્ચે મને હલકી પાડી છે. હું સુનીતિ સરખી પણ ન થઇ કે? પિતાજીની તો સાઠે બુદ્ધિ નાઠી છે. સુનીતિ સુમતિને કેવા માર્ગે ચડાવી દેશે, તેવખત આવે જણાશે ઘરમાં કેવા કારસ્તાન ચાલે છે, માડી! તેની તને ખબર છે? પિતાજી તો પતંગીઆ રંગ ઉપર મોહી પડયા છે. તેઓ હાથે કરી ઘરના ભવાડા કરે છે. સુનીતિ અને સુમતિની વૃત્તિ કાંઇ સારી નથી હું જો સાથે જાઉં તો સુમતિથી સ્વતંત્ર ફરી શકાય નહીં, અને સુમતિને સુનીતિના વિશ્વાસે મૂકશો, તો સુમતિ ભવિષ્યમાં હાથ આવશે નહીં. વસંતમાં એટલી શક્તિ પણ નથી, કે તેને સ્વાધીનમાં રાખી શકે. પિતાજી અવળે માર્ગે ચડયા છે, અને વગર-

કારણે મારૂં પાણી ઉતારે છે પણ માજી! તમે નક્કી સમજજો કે આનું પરિણામ સારૂં નહીં આવે," મંજુલાએ રડતાં રડતાં પોતાની માને જણાવ્યું

શેઠાણીને દયા આવી એટલે ત્યાંથી ઉઠી શેઠની મેડીએ જઇ ક્રોધમાં ને ક્રોધમાં શેઠસાથે કજીઓ કરવા લાગી

"આવા ભવાડા આપને પસંદ છે? એકની એક દીકરીને સંતાપ થાય તે શુ આપને સારૂં લાગતુ હશે! સુમતિ સાથે મંજુલા જાય, તેમાં તમને શું હાનિ છે, તે તો કહો?"

"સમજ્યો! સમજ્યો! મારી ઇચ્છાનો અનાદર કરી મજુલા હઠ કરી જવા માટે તૈયાર થઇ છે. આવી હઠીલી છોકરીનો હઠ મૂકાવવો એ મારી પ્રતિજ્ઞા છે. તારી હજાર વાત, અને મારી એક જ વાત, કે મજુલાને સુમતિ સાથે જવાનો રજા નથી"

"આવી તે કેવી પ્રતિજ્ઞા! બળી તમારી પ્રતિજ્ઞા! ઘરના છોકરાં કલેશમાં રીબાય, અને તમારા મનને પ્રતિજ્ઞા? શું પોતાના છોકરાં સાથે પ્રતિજ્ઞા થતી હશે! હજારો તપના પ્રભાવે ઇશ્વરે પુત્ર અને પુત્રી આપ્યાં છે. જેને પુત્ર કે પુત્રી નથી, તેનાં મો તો જુઓ! એ બાળક બુદ્ધિ છે, તમે તો મોટા છો!"

"શું તુ મને બોધ દેવા આવી કે? આમ જ્ઞાની બની દીકરીને માથે ન ચડાવીએ, સમજી! વડીલ જે વાતની ના કહે, તે માટે આવા નાદાન બચ્ચાને હઠ કરવો ઘટે કે? મારી ના-ની હવે હા થવાની નથી. આપણે મજુલાને પરણાવી, એટલે ઋણમાંથી થયા મુક્ત મજુલાને અહીં ન ગોઠતુ હોય, તો સુખેથી તેને સાસરે જાય. વડીલોની સામે થનારી છોકરી મને નથી જોઇતી? શું આપણા ઘરનો ભવાઇ થાય, અને લોકો સાંભળે તે ઠીક કહેવાય?" નંદલાલે તપીને કહ્યુ.

વાત વધી પડી અને તાણતાં તૂટી પડશે. એ ભયથી શેઠાણીએ નમ્રતાથી જણાવ્યું, "પ્રાણનાથ આપની જેવી મરજી! મારી કાંઈ આપની આગળ હઠ નથી. માત્ર છોકરાંઓનો કલેશ મને પસંદ નહી હોવાથી, આટલું કહેવાની જરૂર પડી; પણ હવે તેમાટે ક્ષમા

માગુંછું. પણ નાથ! મંજુલાને સાથે મોકલવામાં મને તો વાંધો જણાતો નથી. આપ પણ કૃપા કરી સુમતિ સાથે તેણીને જવા રજા આપો, એમ મારી ઇચ્છા છે."

"બીજો રથ જોડાવી લાવ! જા! એનું કાળું કરે. છોકરી હઠની પુતળી છે. હું ધારૂંછું કે તે કોઇ દહાડો મારો જીવ લેશે," નદલાલે અમથા ભણી જોઇ કહ્યુ

"બધાંને તેડી જા. તારી મરજી હોય તો તું પણ સુખેથી જા, મારી ના નથી મજુલાએ હઠથી જવા નિશ્ચય કર્યો છે, તેમાં ડગતી નથી, અને તું તેની મા છે, એટલે તને પણ જવુ હોય, તો તુ પણ સુખેથી જા," નદલાલે પરાણે પોતાની સ્ત્રીને કહ્યુ.

"અમે કયાએ નથી જતાં શું ન્હાનાં બચ્ચાં છીએ! એતો છોકરાંઓ ભલે જાય," શેઠાણીએ ગંભીરતાથી ઉત્તર દીધો.

હઠીલી મંજુલા ચચળ હતી, એટલે પોતાનું ધાર્યું થયું છે, એમ તેણી તરત સમજી ગઇ મંજુલા! તેં તારા પિતાનું અપમાન કરી, મા પાસે રડી, તેને કાંઇનું કાંઇ સમજાવી, આખરે તારી વાત રાખી તું ચંચળ તો ખરી, પણ તારી આવી ચચળતા શી કામની'

છપાય

રાજા ચંચળ હોય, યુદ્ધ કર નગર બસાવે,
પંડિત ચચળ હોય, બેઠ કર સભા રીઝાવે;
હાથી ચંચળ હોય, દલાંસ નગર દીખાવે,
ઘોડા ચંચળ હોય, ચટક ચોગાન ચડાવે;
ઇતના તો ચંચળ ભલા, રાજા પડિત ગજ તુરી.
કવિ ગંગ કહે સુન બાદશાહ, તરૂણી ચંચળ બહુ બુરી.

મંજુલા મનમાં હસી, અને બીજા રથપર પોતાનો સામાન રખાવ્યો, અને પોતે સુંદર વસ્ત્રો તથા જવેરાતના અને સુવર્ણ રૂપાના અલંકાર લઇ, પોતાની બે સખીઓ કુશલા અને વિક્ષેપાની

સાથે રથમાં બેઠી, અને નંદલાલ શેઠના ત્રીશેક માણસનો રસાલો ભદ્રાદેવીની યાત્રાએ ચાલતો થયો. નંદલાલ શેઠે, રસાલો ભદ્રાદેવી પહોંચે તે પેહેલાં ત્યાં ખાવાપીવાનો બંદોબસ્ત કરાવી રાખ્યો હતો, અર્થાત્ નોકરો અને રસોઇઆને ત્યાં આગળથી મોકલી દીધા હતા કહેવત છે કે "શ્રીમંતને શી આપદા." તેઓ જે કરવા ઇચ્છે, તે કરી શકે. "દામ કરે કામ" ભદ્રાદેવીનું સ્થળ અમરાવતીથી પંદર કોશ દૂર હતું. સવારનો નીકળેલો રસાલો, મોડી રાત્રે ભદ્રાદેવી આવી પહોચ્યો. રથના પૈડાંનો ગડગડાટ સાંભળતાં, નંદલાલ શેઠે આગળ મોકલેલાં માણસોમાંથી બે જણા રસાલાની સામે ગયા, અને રસાલો ધર્મશાળામાં આવી પહોંચ્યો. રસોઇ તૈયાર હતી, એટવે પહોંચતાંજ જમી, બિછાના આગળથી તૈયાર કરી રાખવામાં આવ્યાં હતાં, તેપર થાક ઉતારવા સૌ સૂઈ ગયાં. સવારે થાક ઉતરી જવાથી, તાજા થઈ, તળાવ ઉપર સ્નાન કરી, દેવીના દર્શન કરવા સર્વે મંદિરે આવ્યાં. શ્રીમત કુટુંબ આવેલું જોઇ પૂજારી મનમાં અત્યંત પ્રસન્ન થયો.

ભદ્રાદેવીની મૂર્તિને એવો તો ઉત્તમ વસ્ત્રાલંકારાદિ શૃંગાર પહેરાવવામાં આવ્યો હતો, અને પ્રતિમા પણ એવી મનોહર હતી, કે ભકતોને દેવી મૂર્ત્તિમતી નહીં, પણ જાણે પ્રત્યક્ષ સામી ઉભી હોય, એમ લાગતું. દેવીની પ્રતિમા પાસે પૂજારીએ પુષ્પમાળા તથા છૂટા રંગ બેરંગી પુષ્પના ઝુમખાઓ ગોઠવવામાં કચાશ રાખી ન હતી. તેણે પોતાના હાથમાં હસ્તદંતનાં કંકણ પહેર્યાં હતાં, અને કપાળે સિંદુર ચંદન લગાડેલાં હતાં, તેથી જાણે તે રંગાઇને સજ્જ થયો હોય તેવો દેખાતો હતો. તે મંદીરને દરવાજે બાજોઠ ઉપર બેઠો હતો, અને હાથમાં સપ્તશતીનું પુસ્તક લઇ, મુખથી સ્તોત્ર ભણતો હોય તેમ બડબડતો હતો. પાસે રૂપાના પાત્રમાં ભકતોને પ્રસાદ આપવા માટે મહાદેવીનુ સ્નાન થઇ રહ્યા બાદ રહેલું પંચામૃત રાખી મૂકયું હતું. રૂપાના પાત્રમાં આચમની રૂપાનીજ રાખી હતી. દ્રવ્યમંજુષા જરા નીચે રાખી હતી, જેમાં ભક્તજનો જે કાંઇ મનોરથો કરી આવ્યા હોય તે ધરી દેતા; પરંતુ મંજુષાને તાળું દીધેલ હતું, અને પૈસા અંદર પડી શકે તેટલો માર્ગ રાખી, તેને પિત્તળના સળિયા જડી દીધેલા હતા.

આ સળિયામાંથી અંદર કેટલા પૈસા છે, તે જોઇ શકાતું હતું. પૂજારી પોતાની પાસે થોડાક રોકડા રૂપિયા, કાંઇક પરચુરણ, વગેરે રાખેલ હતાં. દેવીના પ્રેમી ભકતોએ પોતાની માનના ઉતારવા જે અસંખ્ય સોનાની મૂર્તિઓ અને સોનાના તેમજ રૂપાના અસંખ્ય છત્રો દેવીપર ધરાવેલાં હતાં, તે સર્વે બાંધી દીધેલાં હતાં. દેવીની સામે સિંહની મૂર્તિપર જરીના નકશી કામવાળી રેશમી ઝુલ ઓઢાડેલી હતી, અને સિંહની પાસે જરાક ખૂણામાં મોટું ત્રાંબાનું નગારૂ પડેલું હતુ. પૂજારીએ દેવીની આરતિ ઉતારવા પિત્તલની પચ-મુખી તૈયાર કરી રાખી હતી, અને નગારાપાસે પોતાના છોકરાને બેસાડી દીધો હતો, જે પણ હાથમાં દાંડો લઇ નગારૂં વગાડવા તૈયાર દેખાતો હતો. ટુંકામાં મંદિરમાં દેવીની પૂજાની સર્વે તૈયા-રીઓ પૂર્ણ થઇ ગઇ હતી. પૂજારી દેવીના દર્શન કરવા આવનાર ભકતોનીજ માત્ર રાહ જોઇ બેશી રહ્યો હતો, તેજ વખતે નંદ-લાલ શેઠનું કુટુંબ અને તેના માણસો આવી પહોંચ્યાં, અને ' પૂજારી કયા છે ? " એવો તેઓમાંથી એક જણે પ્રશ્ન કર્યો.

" જી ! હા ! હાજર છું. આવો, શેઠ, આવો બેનો ! આ બાજુ આવો, માતાજીની સન્મુખ બેસો. હમણા આરતિ થશે, " વિવેક અને સુજનતાસૂચક શબ્દોમાં પૂજારીએ પ્રત્યુત્તર આપ્યો.

પૂજારીએ સપ્તશતીનો પાઠ પૂરો કર્યો, અને હાથમાંનું પુસ્તક એક બાજુએ મૂકી, તે હસ્તે મુખે પૂછવા લાગ્યો, " આપ સર્વે કયે ગામથી આવો છો ! "

" અમરાવતીથી, " એક જણે પ્રત્યુત્તર આપ્યો.

" ત્યારે તો નંદલાલ શેઠના ઘરના તો ન હો ! "

" હાજી ? નંદલાલ શેઠની પુત્રવધુ સુમતિની માનતા ઉતા-રવા અમે અત્રે આવ્યા છૈએ. શેઠની પુત્રી મંજુલા બેન પણ સાથે આવેલ છે "

" વાહ ! વાહ ! ત્યારે તો ઘણુંજ સારૂં. નંદલાલ જેવા માણુસ આ લોકમાં મળવા દુર્લભ છે. નંદલાલનું કુટુંબ પુન્યશાળી

છે. દર સાલ એમના તરફથી અમને ઘણો લાભ થાય છે. (મંજુલાને) બેન આપની શું માનતા છે ? ”

“ આ મારી ભોજાઇને દૂધની માનતા છે. ”

“ ત્યારે તો દૂધનું નૈવેદ્ય જોઇશે. ”

“ જી હા તૈયાર અમારો ભટ્ટ લઇને હાજર છે આપ કહો ત્યાં મેલી દે ”

“ દેવીના ચરણકમળનીપાસે ધરાવો પણ જરા થોભો ? ”

“ કેમ ! આ દૂધનું નૈવેદ્ય કોના હાથનું બનાવેલ હશે, એમ શંકા થઈ શું ? ”

“ ના. શકા જેવું કાંઇ નથી.”

“ એ તો રસોઇઆએ બનાવ્યું છે, કેમ તમને ન ખપે ?

“ તે કેવા બ્રાહ્મણ છે ? ”

“ હું શ્રીમાળી છું, ” નદલાલ શેઠના ભટ્ટે જણાવ્યું.

“ એમ છે, ત્યારે તો અડચણ નથી ”

પૂજારીએ સર્વે સામગ્રી લઇ, દેવી પાસે ભોગ ધરાવ્યો, અને છત્ર ધ્વજા તથા રોકડા પૈસા લઇ, આરતિ કરવા લાગ્યો. આરતિ થઇ રહ્યા પછી, તેણે ભક્તજનોને પ્રસાદ વગેરે આપી વિદાય કર્યા, એટલે નદલાલ શેઠનો સઘળો રસાલો ધર્મશાળામાં આવ્યો.

પ્રકરણ ૧૦ મું.

સુમતિને ફસાવવા મંજુલાની પ્રપંચજાળ.

કાજલ તજે ન શ્યામતા, મુકતા તજે ન શ્વેત,
દુરિજન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત

મંજુલાનું પોતાના પિતાની ઇચ્છા વિરૂદ્ધ, અને તેનું મન દુભાવી, દુરાગ્રહથી ભદ્રાદેવીની યાત્રામાં સુમતિ સાથે આગમન નિષ્કારણ ન હતુ. સુમતિનું શિયળ ભંગ કરાવી, તેણીને પોતાના જેવી કુલટા બનાવવા, મંજુલાએ વિધવિધ પ્રપંચો રચ્યા હતા. પરંતુ સુમતિની અડગતા અને તેણીના પર ઈશ્વરની પૂર્ણ કૃપાથી મંજુલાના સર્વે પ્રયત્નો નિષ્ફળ ગયા હતા સુમતિએ સસરાની સખ્ત માંદગી વખતે જે દ્રવ્યની માનતા લીધી હતી, તે માનતા ઉતારવા સુમતિને ભદ્રાદેવીની યાત્રાએ જવું જ પડશે, એ વાત મંજુલા સારી પેઠે જાણુતી હતી મંજુલાના સહાયકો જેમ દુષ્ટ હતા, તેમ તેઓ સાહસિક પણ હતા. પરંતુ તેમની જે સહાય્ય ગ્યમરાવતીમાં કામ ન આવી, તે ભદ્રાદેવીમાં અવશ્ય કામ આવશે, એવો તેણીને પૂર્ણ વિશ્વાસ હતો, એટલે સુમતિને ભદ્રાદેવીના તીર્થ સ્થળમાં પોતાની પ્રપચજાળમાં સપડાવવા તેણીએ બહુ લાંબા વખતથી પ્રયાસ આરંભ્યો હતો જે વખતે મંજુલાએ પ્રપચ ના-ટકની રચના કરી લીધી, અને સુમતિ ભદ્રાદેવીની યાત્રાએ જવા લગી, તેવી અણીને વખતે નંદલાલ શેઠે મંજુલાને ભદ્રાદેવી જવા રજા ન આપી, એટલે તેણીને સ્રીચરિત્ર કરવુ પડયું, અને તેમાં તે ફાવી.

નંદલાલ શેઠના રસાલાના માણસો, સુમતિ અને મંજુલા વગેરે ભદ્રાદેવીના મંદિરથી ધર્મશાળામાં પહોંચ્યાં તેને માત્ર થોડાજ સમય થયો. એટલે મંજુલાએ પોતે રચેલ પ્રપચ નાટક ભજવવાનો આરંભ કર્યો.

"કેમ, સુનીતિ! તમે તો એકલા આવવાના હતા ને?" મંજુલાએ વાત ઉપાડી.

'તમે આવ્યા તેથી અમને કાંઇ હાનિ નથી તમે પડયા નણંદ, એટલે તમારી પદ્વીએ મોટી."

"તેમાં તમારો ઉપકાર બહુ મોટો થયો કહેવાય સુમતિને સ્વતંત્રતા જોઇએ, અને હું સાથે આવવાથી વિઘ્નરૂપ થઇ પડું, એટલે તેણીએ મારા પિતાશ્રીને શીખવી રાખ્યુ હતું. પણ આટલી ચતુરાઇ કરતાં તમારા હાથમાં શું આવતુ હશે? સુમતિ તો જાણે ઠીક, પણ અલી સુનીતિ! તારો અર્થ તો અહીં આવવાથી સફળ થયો છે, અને થશે. એમાં જરાપણ વાંધો નથી. તું જો અહી ન આવત, તો તારા ઘરમાં તને જુવારનો રોટલો અને છાશ મળત. અહીં આવવાથી તો તને મોજ થઇ પડી છે. રસોઇ કરવી પડતી નથી, નવરાં બેસી સારાં પકવાનો ખાવા મળે છે, ગાડીમાં બેસવાનું અને તને ફાવે ત્યાં ફરવાનું પણ મળે છે, અધુરામાં પૂરૂ વળી તારાપર સુમતિ શેઠાણીના બન્ને હાથ છે સુનીતિ! તું એમ ન સમજતી કે તારાં તેમજ તારી શેઠાણી સુમતિનાં ચરિત્રો મારાથી છાનાં છે, પણ તમારી ચતુરાઇ મારી પાસે ન ચાલે, સમજી!"

મંજુલાના પ્રપચનાટકના આરંભમાં "કોઇપણ બ્હાને સુમતિ અને સુનીતિ સાથે કજીઓ કરવો" એવી રચના હતી પરંતુ સુમતિ અને સુનીતિ બન્ને સહનશીલતાનો પાઠ સારી રીતે શીખી હતી, એટલે મંજુલાના તેમને ચીડાવવાના સર્વે પ્રયત્નો નિષ્ફળ નિવડયા. મંજુલાએ સુનીતિને ક્રોધ ચડે એવી વાત ઉપાડી હતી, તેજ અરસામાં આગળથી કરેલા સંકેત મુજબ દુશ્ચલા આવી હાજર થઇ, અને તેણીએ આવીને વધામણી આપી કે, "આપણા નગરના ઘેલોભાઇ, તેની સ્ત્રી કપટકળા, અને બીજા ચાર પાંચ પુરૂષો અહીં આવેલા છે, અને તેઓ સર્વે આપણી પાછળના વાડામાં બાજુની જગામાં ઉતર્યા છે." મંજુલાએ હવે સુમતિને ક્રોધ ચડે એવી વાત ઉપાડી.

"લ્યો સુમતિ ભાભી! તમારી સહિયર આવ્યા. હવે તેની સાથે નિરાંતે વાતો કરજો, અને ખાનગીમાં સ્ત્રીચરિત્રો રચજો. હું

પડી ભોળી, એટલે કાંઈ સમજું નહીં, અને તે કારણથી તમે તમને ફાવે તેવી મોજ ઉડાવજો."

"બેન મંજુલા! વ્હેમી ન બનીએ. એ કપટકળાસાથે મારૂં સગપણ કયાંથી?" સુમતિએ નમ્રતાથી નણંદને જવાબ આપ્યો.

"કયાંથી તે વળી કયાંથી! પેલા છેલછબીલાના સંદેશાથી, સમજી!"

"મંજુલા બેન! આવી વ્યર્થ વાતોથી ઘરના ભવાડા થાય તે આપને પસંદ છે? તમારી આ નિર્દોષ ભોજાઈપર ખોટો દોષ મૂકવો આપને ઘટે કે?" સુનીતિએ મંજુલાને શિખામણના બે બોલ સંભળાવ્યા.

"તુ તો હવે મૂકને તારૂં ટાયલુ! હું કયાં તને ઓળખતી નથી! જાણે મોટા સાહુકારની દીકરી અને સાહુકારની વહુ! ડહાપણ, દયા, અને શિયળ બધાં તારામાં આવ્યાં! ભૂખે મરી મરીને અને અમારા ઘરનાં હાલ્લાં ચાટી ચાટીને તુ આવડી થઇ, અને હવે અમને શિખામણ દેવા નીકળી?" મંજુલાએ સુનીતિને ધમકાવીને કહ્યુ.

"બેન! આજે તમને કજીઓ કરવો કેમ ગમે છે? તમે જે કહો તે અમારે મન સવાવીશ અને એક રતિ, પછી કાંઈ? હું અહીંથી કયાં ગઇ પણ નથી, મેં કોઈની સાથે વાત પણ કરી નથી, કપટકળાને હુ જાણુતી પણ નથી, છતાં આપને આજે વગર કારણે શામાટે રોષ આવ્યોછે?" સુમતિએ શાંતિથી જણાવ્યું.

"શું મને તમારી દરકાર છે કે બોલતાં અટકું? હું તો મારી મરજીમાં આવશે તેમ બોલીશ. હું કોઈની દબાયલી નથી. હું અહીં આવી છું, તે મારી સ્વતંત્રતાથી, કાંઇ તમારી દયાથી નથી આવી? ખબરદાર હવે લવારી કરી છે તો? આ ડહાપણના કોઠલા સુનીતિએ તો ઘણાના ઘર સુધાર્યા છે ને? તે જેટલી જેટલી અક્કલ શીખવે, તેટલીજ શીખજે! ઓછું કરીશ નહીં."

મંજુલા આવી રીતે સુમતિ અને સુનીતિને વગર કારણે પ-

જવતી હતી, તેટલામાં ભટ્ટે "જમવાનું તૈયાર છે, વખત કાઢશો તો રસોઇ ટાઢી થઇ જશે," એવી ખબર આપી.

"જમાડ તારી શેઠાણીને? અમે તો ભલી રીતે જમ્યા?" મંજુલાએ રોષમાં કહ્યું.

"બેન મંજુલા! તમારા વગર અમારાથી જમાય કે?' સુમતિએ મંજુલાને કરગરતાં કહ્યુ અને સુનીતિએ સુમતિના બોલવાને ટેકો આપ્યો.

"આજે મારે જમવું નથી. તમે બે જણાએ આજે મને ખુબ જમાડી, અને હજી ઓછુ હોય તો પૂરૂં કરો."

સુનીતિ બ્હાર જઇ અમથાને તેડી લાવી. અમથો તથા બીજા સર્વે કહી કહીને થાકયાં, પણ મંજુલા એકની બીજી ન થઇ તેણીને જેમ જેમ કહેતાં જાય, તેમ તેમ તે પ્રતિજ્ઞા પર પ્રતિજ્ઞા લઇ વધારે હઠમાં આવતી જાય. સુમતિ અને સુનીતિને કડકડતી ભૂખ લાગી હતી, પણ મંજુલાને મૂકીને તેમનાથી ખવાય તેમ ન હતું. મજુલાને તો સુમતિ અને સુનીતિને પજવવી હતી, એટલે તેણીએ તો પોતાની સખી દુશ્ચલા પાસે છૂપી રીતે જે ખાવાનું રખાવ્યું હતુ. તે સવારના ખાઇ લીધુ હતું, અને પછી પોતે દર્શન કરવા ગઇ હતી. એટલે તેણીને જોઇએ તેવી ભૂખ લાગી ન હતી એક કવિ કહે છે કે —

અકારણ દ્વેષ કરે, ઇર્ષ્યામેં અંગ જળે,
રંગ દેખી રીઝે નહીં, દૃષ્ટિ દોષ ખડો હયે;
આપકો ન સરે કાજ, પરકો કરે અકાજ,
લોકનકી છોડી લાજ, અસૂયામે અડયો હયે;
મન બાની કાયા ક્રૂર, ઓરનકુ સતાવે શૂર,
કામ ક્રોધ હો હજુર, બિધિને કયું ઘડયો હય,
કહત હય કવિગંગ, શાહન કે શાહ શૂરા,
દુનિયામેં દુઃખ એક, દુરિજન કો બડો હય.

મંજુલાને બહુ સમજાવ્યા છતાં તે જ્યારે ભોજન કરવા ઉઠીજ નહીં, એટલે મંજુલા, સુમતિ અને સુનીતિ શિવાય સર્વે

જણુાએ જમી લીધું. સુમતિને એક ભૂખનું દુઃખ, અને બીજી તરફથી " न नन्दतीति न नन्दा " ભાભીને પજવવામાં આનંદ માનનાર નણુંદ મંજુલાએ ઉપજાવેલો સંતાપ, એ રીતે બે તરફનો દુઃખભાર સહન ન થઇ શકવાથી, તેણીના નેત્રોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં, અને પોતે સ્તબ્ધ થઇ બેસી રહી. સુનીતિ લાચાર હતી તે મનમાં મંજુલાપર ચીડાઇ, પણ કરે શું ? તે નિરૂપાય હતી. તે સુમતિ પાસે આવી બેઠી. મંજુલા ઉઠીને સામેની બાજુએ કોચ હતો તેના ઉપર બેઠી, અને સુમતિ અને સુનીતિ પોત પોતામાં શુ વાતો કરે છે, તે પોતે સાભળી શકે એ હેતુથી પોતે જાણે અગાધ નિદ્રામા હોય, તેવો ઢોંગ કરી પડી રહી સુમતિ તથા સુનીતિ મંજુલાની ચતુરાઇથી અજાણી ન હતી, એટલે બન્ને જણીઓ ત્યાથી ઉઠી બહાર આંગણામાં લીંબડા નીચે બેઠી થોડીવાર વીત્યા પછી મંજુલા પાસે દુશ્વલા કપટકળાને ગુપ્તરીતે તેડી આવી.

" કેમ કપટકળા શું કર્યું ? " મંજુલાએ કપટકળાને હસીને પૂછ્યું

" તમારી ચેલી ભૂલે તેવી નથી. નદીની પેલીપાર રાજપુર કરીને એક નાનુ ગામ છે, ત્યાંથી અહી આવીછુ. હવે બોલો, તમારી શી મરજી છે ? "

" સુમતિ અને સુનીતિ બહુ અભિમાનમાં આવી ગઇ છે, તેને નીચે પાડવી જોઇએ મારા ઘણા દિવસની મહેનત ફોકટ ગઇ છે. અમરાવતીમાં કાંઇ થઇ શકયું નહીં, પણ ભદ્રાદેવી આવ્યા પછી મને ખાત્રી થઇ છે, કે બન્ને જણીને ફસાવશું. તેઓ ફસી, એટલે આપણી પાસે લાચાર બનશે અમારી પાસે જે માણુસો છે, તે બળવાન છે, પણ કળવાળા નથી, જેથી તેમનાથી કાંઇ ડરવાનું કારણુ નથી. મારી બુદ્ધિ વડે હું સર્વેને પાણી ભરાવું એવી છું, અને તેમને સર્વેને હુ સભાળી લઈશ. તું તારૂં કામ ચાલાકીથી કરજે. આ સામેના વિશાળ દિવાનખાનાની અંદરની બાજુએથી એક કોટડીમાં જવાય છે, જ્યાં એક બીજો દરવાજો છે, અને ત્યાંથી એક વિશાળ ચાલીમાં જવાય છે. ચાલીના જમણા હાથ પાસે એક દાદર છે. આ દાદરપર એક મેડો છે. આ મેડો સ્વચ્છ, વિશાળ, પુરતા

પ્રકાશ અને હવાવાળો છે. આ મેડામાં તારા મેમાનો-(ધાડપાડુ)-ને બેસાડજે. હું રાતના સુમતિ તથા સુનીતિને ફોસલાવી દાદર પાસે લાવી, ઉભી રાખીશ, અને હુ કાંઇક બહાનુ કાઢી જતી રહીશ. દુશ્ચલા તેમને સમજાવી ઉપર મૂકી આવશે પછી પેલા માણસો હશે કે બાયલાઓ! અમથા વગેરે માણસો રેલીંગ સૂએ છે, અને તેથી બૂમ પડી. તો સંભળાય તેમ નથી. આટલુ થયુ એટલે માણસો ભેગા કરી ફજેતો કરવાનુ કામ મારૂ તારે ત્યાંથી ઝટ નીકળી જવું દુશ્ચલા તું સર્વે કામ કાળજીથી કરજે," મંજુલાએ કપટકળા પાસે અહીંના પ્રગચપડદાનો ભેદ ખુલ્લો કર્યો

દુશ્ચલાઃ—મંજુલા બા' વાતો તો મોટી કરોછો. પણ તમે, સુમતિ અને સુનીતિ, હમણાજ હજી લડી મૂઆ, ત્યાં રાત્રે તમારો વિશ્વાસ કોણ કરશે?

મંજુલા·—હજી તે મને બરાબર ઓળખી નથી. રાત્રિ પેહેલાં હું સર્વે ચક્ર કેવીરીતે ફેરવી નાંખુ છું. તે જોજે તો ખરી! કપટકળા! તું જા તને કોઇ અહીં જોઈ જશે, તો આપણી સર્વે મહેનત ધૂળધાણી થઈ જશે. તું જલદી જા, આપણી બાજી બરાબર ગોઠવજે. ધર્મશાળા છે મોટી અને વસ્તી છે થોડી, એટલે આપણી અવશ્ય ફતેહ થશે.

કપટકળા ગઇ, અને મંજુલાના પ્રપચ નાટકનો બીજો પડદો ઉચકાયો.

"અમથા! તારી શેઠાણી સુમતિ અને તારી વહુ કયાં ગઇ છે? તેઓ હજી જમી કે નથી જમી? જો ન જમી હોય તો હું તેમને સમજાવી જમાડુ?" મંજુલાએ અમથાને બોલાવી કહ્યું.

"બેન! તમે નથી જમ્યા, એટલે તમને મૂકી, તેઓ કેમ જમે? તેઓ બન્ને શોકમાં બેઠી છે હવે મેહેરબાની કરી તમે પણ જમો, અને તેમને પણ સમજાવી જમાડો, અને કજીઆનું મોં કાળુ કરો. તમે મોટા છો. તમને વધુ હું શું કહું? બન્ને જણીઓ પણ બેઠી છે."

મંજુલા ત્યાંથી ઉઠી જયાં બન્ને જણી બેઠી હતી, ત્યાં ગઇ.

"કેમ ભાભી! કેમ સુનીતિ! આજે તમને જમવું નથી શું? ચાલો! ઉઠો. આપણે બધા સાથે જમીએ. હું તો તમે બન્ને જણીનું પારખું જોતી હતી. મશ્કરીમાં જરાક કહ્યું, તેમાં આટલી રીસ! ઉઠો! હવે ઉઠો!" મંજુલાએ સુમતિ તથા સુનીતિ બન્નેને ઉદ્દેશીને કહ્યુ.

"અમને કાંઇ રીસ નથી. તમે મોટા એટલે તમે કહો, તેમાં અમને રીસ હોય કે? પણ તમને મૂકીને અમારાથી જમાય નહીં, એટલે જમ્યા નથી. તમે જમતા હો, તો તમારી સાથે અમે જમવાને કયાં ના કહીએ છીએ?"

મંજુલા, સુમતિ અને સુનીતિ ત્રણે જણી સાથે જમવા ઉઠી. જમતાં જમતાં મંજુલા, સુમતિ તેમજ સુનીતિ સાથે, કોઇ વખતે ન કરેલ એવો હાસ્યવિનોદ કરવા લાગી, એટલુંજ નહીં, પણ પોતાની પ્રકૃતિ વિરૂદ્ધ તેમના વખાણ કરવા લાગી.

"સુમતિ! મે તો સવારમાં મારો કોઠો કરાર કરી, પછીજ હુ તમારી સાથે દેવીના દર્શને આવી હતી; અને પછી મશ્કરીમાં તમને ભૂખે મારવા મારી ઇચ્છા થઈ. હુ આજે તમે બેજણી સાથે લગાર વધારે તાણીને બોલી છું, તેથી મને માફ કરજો. મારી જીભ કડવી છે, પણ મારૂં હૃદય કોમળ છે, એ તમને ક્યાં ખબર નથી મેં તમને આજે બહુ સતાવ્યા છે, છતાં ધન્ય છે તમારી સહનશીલતા અને સભ્યતાને, કે મેં આટલું કર્યા છતાં, તમે કાંઇ બોલ્યા નહીં. આજથી હવે હું તમારી મિત્ર છું. ઘણા દિવસની કસુર મને માફ કરજો. હું તો એક ક્ષણમાં ક્રોધે ભરાઉ, તો બીજીક્ષણે રાજી હોઉં, એટલે મારા બોલવાપર રીસાય, કે મનમાં આણે, તે તેની ભૂલ ગણાય. હું દેવીની છાયા તળે બેશી સાચું કહું છું, કે હુંતો ભોળી છુ. વડીલોના લાડમાં મેં આઘું પાછું કાંઇ જોયું નથી. હુંતો તદ્દન ભોળી છું, એટલે તમારા જેટલી બુદ્ધિ મારામાં નથી. સુમતિ ભાભી! તે વસતને, અને સુનીતિ! તે

અમથાને એવા તો વશ કરી દીધા છે, કે તમને પૂછયા વગર વસંત કે અમથો પાણી પણ પીતા નથી વાહ! તમારી લુચ્ચાઇ!"

મંજુલાએ પોતાની જીંદગીમાં અદ્યાપિપર્યંત આવાં મીઠાં વેણ ઓચર્યાં ન હતાં. મંજુલાનો સ્વભાવ આમ એકાએક બદલી ગયો, તેથી સુમતિ તેમજ સુનીતિ બન્નેને વહેમ આવ્યો, અને બન્નેના હૃદય ડરવાં લાગ્યાં. એક કવિ કહે છે કે:—

નમન નમનમેં ભેદ હય, બહોત નમે નાદાન,
દગલબાજ દૂના નમે, ચિત્તા ચોર કબાન.

વળી,

अत्यादरो भवेद्यत्र कार्यकारणवर्जितः
तत्र शंका प्रकर्तव्या परिणामे सुखावहा ॥ पंचतंत्र ॥

ભાવાર્થ.—કારણ વગર જ્યાં બહુ આદર થાય, ત્યાં શંકાશીલ બનવું, જેથી પરિણામે સુખ થાય છે.

સુમતિ અને સુનીતિ બન્ને એક બીજા સામું ટગર ટગર જોવા લાગી, પણ મંજુલાની હાજરીમાં કોઇથી કાંઇ વાત થઇ શકે એમ ન હતું. મંજુલા, સુમતિ અને સુનીતિ જમી રહ્યા પછી, સર્વે ઉપર ગઇ, અને ત્યાં પણ મંજુલાએ આ બન્ને જણીને પોતાની મધુરી વાણીથી એવી લીન કરી દીધી, કે મંજુલા મનમાં મલકાવા લાગી. સુમતિ અને સુનીતિ બન્ને હાથમાં આવી ગઇ, અને પોતે પાથરેલ જાળમાં બન્ને સપડાઇ ગઇ, એમ તેણીને મનમાં નિશ્ચય થયો, એટલે મનમાં અને મનમાં પોતાનાં ડહાપણ અને ચતુરાઇના પોતેજ વખાણ કરવા લાગી.

"મારા જેવી ચાલાકી આ મીરાંબાઇમાં કયાંથી? એતો માત્ર મોટી મોટી ધર્મની વાતો કરી જાણે. મારા જેટલો દુનિયાનો અનુભવ આ મીરાંબાઇને ન હોય," મંજુલા મનમાં બોલી.

"પણ હું મારા વિચારમાં ભૂલતી હોઉં તો! સુમતિ ગમે તેવી હો. પણ છે તો ડાહી. આજે હું મારા પ્રયત્નમાં ફાવું તો તો જાણે

ઠીક. પણ હું મારા પ્રયત્નમાં ન ફાવું, એવાં કાંઇ કારણો છે? મારી બોલવાની ચતુરાઇ તો આ બન્ને જણી પાસે ફાવી છે સુમતિ તો જાણે ઠીક, પણ સુનીતિ જેવી બોલવામાં ખબરદાર તે પણ મારી આજની બોલવાની ખુબીમાં એવી તો લીન થઇ ગઇ છે, કે તે પણ અવાચ્ય બની ગઈ છે," મંજુલાને તર્ક વિતર્ક થવા લાગ્યા.

"અલી દુશ્ચલા! આજે તારો જીવ કયાં છે? અમે જમી રહ્યા તેને કેટલી વાર થઇ, તોપણ હજી તું પાન સોપારીની પેટી લાવી નથી જા, જલદી લાવ, જલદી," મંજુલાએ દુશ્ચળાને ઉદ્દેશીને કહ્યુ.

દુશ્ચલા પાનની પેટી લાવી, એટલે મંજુલા પાછી કપટ નાટક ભજવવા લાગી.

"દુશ્ચલા! સુનીતિ! મેં બિચારી સુમતિને બહુ દુખો આપ્યાં હશે, પણ સુમતિ એટલી તો સાગર મનની છે, કે મારા બધા કટુ વચનો તે સહન કરતી આવી છે, એટલુંજ નહીં પણ મારા વિષે કોઇને જેમ ફરિયાદ પણ કરી નથી, તેમ મારી સામે મને દુખ લાગે એવું એક વેણ પણ ઉચ્ચરી નથી. સુમતિ! ધન્ય છે તારી ક્ષમાવૃત્તિને!"

સુનીતિએ માથું હલાવી મંજુલાના મત સાથે પોતાનું મળતાપણું દર્શાવ્યું.

"સુનીતિ! આજે મંજુલા બેને તો ચારણ ભાટનો અવતાર ધારણ કર્યો છે કે શું? કદાચ દેવીના પ્રતાપે આમ થયું પણ હોય?" સુમતિએ સુનીતિને કહ્યુ.

મંજુલા—ભાભી? હુ તો તારી ક્ષમાવૃત્તિને જોઇ તને આધીન થઇ ગઈ છું

દુશ્ચલા—બેન મંજુલા! સામેની બાજુમાં પેલો દાદર દેખાય છે, તે દાદરપર શું છે, તે તમને ખબર છે?

મંજુલા.—તે તો એકાંતવાસ કરવાની જગા અથવા શાંતિભુવન છે. ત્યાં હવા અને પ્રકાશ એવાં સરસ છે, કે બે ઘડી ત્યાં બેસવા મન થાય. તે જગાને નિવૃત્તિસ્થાન કહીએ તો ચાલે.

સુનીતિ ઉઠી, સામેના દિવાનખાનામાં થઇ, ચાલીમાંથી પસાર થઇ, દાદર જોઇ આવી. ઉપર જતાં તેની હિમ્મત ચાલી નહીં, એટલે પાછી આવી સુમતિને કહ્યું, "સુમતિ બેન! પાછળનો દાદર જોઇ આવો તો ખરા!"

સુનીતિઃ—(મંજુલાને) અમને ઉપર બતાવો તો ખરા? તમે ઉપર કયારે જાઇ આવ્યા હતા?

મંજુલા.—ઉપર ચાલો! ત્યાં હું તમને સર્વે સમજાવીશ.

મંજુલા, સુમતિ, સુનીતિ અને દુશ્ચલા સર્વે મેડાપર ગઇ.

ઉપર એક મોટું વિશાળ દિવાનખાનુ હતુ. તેમાં યાત્રાળુઓ-માટે ગાદલાં, ગોદડાં, બચ્ચાંનાં પારણાં, પિત્તળની દિવીઓ, બાક, ખુરશીઓ, અને ત્રાંબા પિત્તળના વાસણો ચારે ખુણામાં પડેલાં હતાં.

"ધન્ય છે, આવા ધર્મીજનોને કે જેઓએ હજારોનો ખર્ચ કરી યાત્રાળુઓ માટે આવી જાતની સગવડ કરી રાખી છે આપણે, આપણે ઘેર છીએ કે યાત્રામાં છીએ, તેની પણ ખબર ન પડે, એટલી સરસ સગવડ છે. રખેવાળો પણ અહીં કેવા કાળજીવાળા છે, કે જગામાં જરાપણ કચરો રહેવા દીધો નથી. જમીન પર સૂઇ રહીએ, તોપણ ગ્લાનિ ન થાય, એવી આ સરસ જગા છે. ધન્ય છે આવા પરોપકારી માણસોને કે જેઓએ મનુષ્યના સુખ માટે આટલુ કર્યું છે, અને જેઓ સેકડો માણસોના આશીર્વાદ મેળવે છે. મંજુલા બેન! આવી ધર્મશાળા અહીં આપના પિતા કેમ બંધાવતા નથી?" સુમતિએ મંજુલાને ઉદ્દેશીને કહ્યું.

મંજુલાઃ—તે તો પિતાજીને ખબર. પિતાજીએ દરેક યાત્રાના સ્થળમાં કાંઇ અને કાંઇ કરાવ્યું તો છે. કોઇપણ તીર્થ એવું નહીં હોય, જ્યાં મારા પિતા નંદલાલે કાંઇને કાંઇ કરાવ્યું નહીં હોય. અહીં મારા પિતાજી તરફથી કાંઇ થયું નથી, તેનું કારણ એ હોવુ જોઇએ, કે તેમને કોઇએ સૂચવ્યું નહીં હોય. બાકી તેઓ ભૂલે તેવા તો નથી. ઠીક છે, આપણે અમરાવતી પહોંચતાંજ પિતાજી પાસે આ વાત છેડશું. અલિ સુમતિ ભાભી! તને તો અહીંના હવા

પાણી સારાં લાગ્યા જણાય છે. અહીં જો આપણે બે દિવસ વધુ રહીએ, તો તો તારી પ્રકૃતિ તદ્દન સુધરી જાય એમ છે. આપણે આજથી સૂવા બેસવાનુ આ દિવાનખાનામાં કરશુ.

સુનીતિઃ—ઠીક છે! તમારા ભાઇને કહી રખેવાળ પાસેથી આ જગા વાપરવાનો હુકમ લેવરાવી મગાવો આપણે અહીં બે દિવસ વધુ રહીએ. તો ખરેખર સુમતિ બેનની પ્રકૃતિ તદ્દન સુધરી જાય, એમાં શક નથી

મંજુલાએ અમથાને તેડાવી, તે જગા વાપરવા રખેવાળ પાસેથી રજા લઇ આવવા તેને કહ્યુ. અમથો મજુલાની આજ્ઞા માથે ચડાવી, રખેવાળ પાસે ગયો, અને તેની પાસેથી તેણે મેડાવાળી જગા વાપરવા રજા માગી રખેવાળે પશ્ચિમ બાજુના દાદરના દરવાજાની ચાવી અમથાને ઘણી ખુશીથી હવાલે કરી.

રખેવાળ—“ નંદલાલ શેઠ જેવા કોઈ માણસ થાય છે. તેના કુટુંબને તેમને જે પસદ પડે તે જગા વાપરવા છૂટ છે. જો ! આ દાદરથી પાછલા ભાગમા જવાય છે સ્ત્રીઓ માટે દાતણ પાણી કરવા માટે તેમજ જંગલ વગેરે જવા માટે આજ માર્ગ વધારે અનુકુળ પડશે. આ ઠેકાણે માણસોનું આવવું જવું તદ્દન ઓછું છે. આ જગા તદ્દન સ્વતત્ર છે. આ જગામાં સામાન ભરેલો છે, એટલે તે કોઇને વાપરવા દેવામાં આવતી નથી. માત્ર તમને ના કહેવાય તેમ નથી. સુખેથી વાપરો. ”

પ્રકરણ ૧૧ મું.

હાથના કર્યા હૈયે વાગે

Whoso diggeth a pit, shall fall therein. Proverbs XXVI. 27. *

No wrong can ever bring about a right, and wrong will breed wrong at last, and be it in man or people, will fall upon the brain that thought it and the hand that wrought it. †

કપટકળાના મેમાન બીજા કોઇજ નહીં, પણ ગુમાનની ટોળીના ગરૂડદાસ જેને નંદલાલના પુત્ર વસંત સાથે મિત્રતા કરી, નંદલાલના ઘરમાં આવ જા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું તે, અને પ્રવૃત્તિશંકર એ બે જણ હતા ગરૂડદાસે કપટકળાની સહાયતાથી વસંત સાથે મિત્રતા કરી, અને તેની સાથે મિત્રતા થતાં, તે નંદલાલ શેઠને ઘેર આવ જા કરવા લાગ્યો અહીં મન્જુલાએ જાજવલ્યમાન લાવણ્યતાથી. વિષયીઓને પરવશ કરનારાં નેત્ર કટાક્ષથી, અને તરેહવાર ચેનચાળા, લટકામટકા, હાવભાવ, અને નખરાંથી ગરૂડદાસને એવો તો મોહાંધ બનાવી દીધો હતો, કે તે દિવસ અને રાત મંજુલાનીજ જંખના કરતો હતો કપટકળા, ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરને ભદ્રાદેવી લઇ આવી હતી, ત્યાં પણ ગરૂડદાસને સ્વપ્ન મંજુલાનાં જ આવતાં.

સુમતિ અને સુનીતિને ફસાવવા મંજુલાએ રચેલ પ્રપંચ નાટકના મુખ્ય પાત્રો મંજુલા, કપટકળા, દુશ્ચલા, અને આ ગરૂ-

---

* ખાડો ખોદે તે પડે. (બાઇબલ).

† દુષ્ટ કાર્યના કોઇપણ કાળે મિષ્ટ ફળ આવે નહી, અને પરિણામે દુષ્ટ કાર્યનું ફળ બુરૂંજ આવવાનું. દુષ્ટ કાર્ય કરનાર એક વ્યક્તિ હો કે જનસમૂહ હો, પણ તેનું ફળ જેના મસ્તિષ્કે તે કાર્યની કલ્પના કરી, અને જેના હાથે તે કર્યું, તેને ભોગવવુંજ પડશે.

ડદાસ અને પ્રવૃત્તિશંકર છે ગરૂડદાસે અને પ્રવૃત્તિશંકરે પોતાના સ્વાંગ કેવીરીતે ભજવવાના છે તે, તેમને બરાબર સમજાવવા, તેમને કપટકળાએ જે સંકેતસ્થાનમાં બોલાવ્યા હતા, ત્યાં ગરૂડદાસ બરાબર કપટકળાએ કહેલ સમયેજ આવી પહોંચ્યો. પોતે આવ્યો તે વખતે ત્યાં બીજો કોઇપણ ન હતો, એટલે એકાંતમાં તે માત્ર મંજુલાનાજ વિચારમાં લીન થયો હતો.

પ્રવૃત્તિશંકર જે વખતે સંકેતસ્થાનમાં આવ્યો, તે વખતે ગરૂડદાસ વિચારમાં લીન બેઠો હતો, અને કોણ આવ્યું કે કોણુ ગયું અથવા આસપાસ શુ બને છે, તે વિષે તેને કાંઇપણ ભાન ન હતું

"અરે ગરૂડદાસ! તને તો હુ જ્યારે જોઉ છું, ત્યારે તું વિચારમાં દિગ્મૂઢ બન્યો રહે છે! છે શું? મને વાત તો કર"

ગરૂડદાસ—વસંતની સાથે દોસ્તી થતાં, તેની બેન મંજુલાને મેં જ્યારથી નજરે નિહાળી છે, ત્યારથી મને દિવસ અને રાત તેનીજ જંખના થયા કરે છે. દોસ્ત! એવો વખત કયારે આવશે, કે જ્યારે એ લટકાળી મટકાળી, નખરાબાજ અને રૂપાળી મંજુલા મારા હાથમાં આવે.

પ્રવૃત્તિશંકરઃ—ગરૂડદાસ! તું તો ગાંડો બની ગયો દેખાય છે. મંજુલાએ તો તારા જેવા હજારોને હવામાં ઉડાવી દીધા છે? કપટકળાનાં ચરિત્રોમાં કપટની હદ સમાયલી છે. આપણે પણ કપટકળાના કપટના ભોગ ન થઇ પડીએ, તે ધ્યાન રાખજે? આપણે અહીં આવ્યા છીએ, તેમાં બહુ મોટો સાહસ ઉઠાવ્યો છે. નંદલાલના કુટુંબ સાથે હથિયાર બંધ માણસો છે. આપણને કામ રાત્રિએ અને તે પણ વળી અજાણે સ્થળે કરવાનું છે. એક સ્ત્રીની આબરૂ પર આપણને હાથ નાંખવાનો છે, અને તેણીના પર બળાત્કાર કરવાનોછે. નંદલાલશેઠ સાથે વેર ગુમાનને અને સાહસ કરવો આપણે! આપણે ગુમાનના મિત્રો છીએ, એટલે તેને પડખે ઉભા રહી તેને મદદ કરવી એ આપણી ફરજ છે, પણ તેને બદલે આ સાહસ! ફાવ્યા તો તો ઠીક. પણ કદાચ ન ફાવ્યા, તો આપણું મોતજ સમજજે. તારી આ કપટકળા સમય પલટાતાં આપણાથી પણ ફરી જાય તેવી છે. તે

ભલાઈનો ડોળ દેખાડી સારા માણસમાં ખપે છે. તે લોકો પાસેથી તેમને મીઠાં મીઠાં વચનોથી રીઝાવી, તેમની પાસે ખોટી પ્રતિજ્ઞા લઈ, તેમને વશ કરે છે, અને ધન મળતાં તેમને હાંકી કાઢે છે. ભાઈ!

નારી માટે નાના મોટા, માથુ નીચું કરી જાય,
નારી કાજે કોઇ કોઇ, કંઠને કપાવે છે,
નારી બુદ્ધિશાળી નર, હોય તોય તેને પણ,
સુખદ વદીને સાટે સીંદરાં તણાવે છે;
નારી વશ થાય તેનો, બગડે છે બધા ભવ,
મુંડાના વાંદરા પેઠે, પરાણે નચાવે છે;
નારી જો ન હોત, બળ બુદ્ધિ તો ન ખોત કોઇ,
નારી ભારે ભવાટવીમાંહિ ભટકાવે છે (કેશવકૃતિ.)

ડાહ્યા પુરૂષો જણાવે છે કે "કુલટાઓ આપણી પાસેથી ધન હરણ કરવાની મતલબથી હસે છે, રડે છે, વિશ્વાસ બેસાડે છે, પણ વિશ્વાસ કરતી નથી, અને તે કારણથી આપણે આ કુલટાઓનો સંગ ન કરવો."* વળી,

(મરાઠી ચાલની સાખી)

ચિંતન મનથી કરે એકનું, સાન થાય બીજાને,
પ્રેમની દૃષ્ટિ કરે એકપર, સંગમ સુખ ભળતાને,
એવી કુલટાનું, સંગ કદી નહી કરવું ‡

---

* एता हसन्ति च रुदन्ति च वित्तहेतो
र्विश्वासयन्ति पुरुषं न च विश्वसन्ति ।
तस्मान्नरेण कुलशीलवता सदैव
कुलटाः श्मशानघटिका इव वर्जनीयाः ॥ पंचतंत्र ॥

‡ जल्पन्ति सार्धमन्येन पश्यन्त्यन्यं सविभ्रमम् ।
हृदये चिन्तयन्त्यन्यं प्रियःको नाम योषिताम् ॥
सुभाषितः

ગરૂડદાસ ! તારી કપટકળામાં આ સર્વે ગુણો છે. તેણીએ ઘણા જણ પાસેથી ધન ધૂનાવી તેમની ફજેતી કરી, પછી તેમને કાઢી મૂકયા છે. તેણીએ નેમચંદ ઝવેરી, લાલચંદ અને ગોપાલદાસ વગેરેનો ઘાણ કાઢી નાંખ્યો. તેણીએ કોઇના જીવ લીધા તો કોઇને કેદમાં નંખાવ્યા. રાજ્યના અમલદારો તો તેની પાસે આધીન છે આ કપટકળાની જાળમાં ફસાનારની જીંદગી માત્ર તેણીની ઇચ્છાપર લટકેલી રહે છે મારવું કે જીવાડવું એ તેણીના હાથમાંજ રહે છે ભાઇ! હું તો તને ચેતાવુ છુ ! બાકી આપણે અહીં આવ્યા, તો હવે અહીંથી પાછા જીવતા ઘેર જઇએ, તો આપણાં અહોભાગ્ય સમજવાં

ગરૂડદાસઃ—પ્રવૃત્તિશંકર ભાઇ ! તારી વાત સાચી છે, પરંતુ સંજોગ જુદા છે. કપટકળા અહી આપણને શામાટે લાવી છે, તે તને ખબર છે? મંજુલાનો પોતાની ભોજાઇ સુમતિને અને તેની સખી અને અમથાની સ્રી સુનીતિને પોતાના જેવી કુલટા બનાવી હેઠી પાડવા વિચાર છે, અને તે માટેજ તેણીએ કપટકળા મારફત આપણી મદદ માગી છે કપટકળા મંજુલાની જમણી બાંય છે, અને મંજુલાની દરેક ખટપટમાં કપટકળા તેણીને ઉપયોગી થઇ પડે છે. મંજુલાએજ આપણને અહીં કપટકળા મારફત તેડાવ્યા છે, અને તેથી આપણા કામમાં આપણને આજે ઉની આંચ પણ આવવાની નથી, તે તું ખાતરીથી માનજે.

સંકેતસ્થાનમાં હજીસુધી માત્ર બેજ જણ હતા તેમને ત્યાં બોલાવનાર કપટકળાની તેમને ઘણીવાર રાહ જોવી પડી નહીં. ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરની વાતો પૂરી થઇ ગઇ, તેજ અરસામાં તે આવી પહોચી.

“ કેમ પ્યારા ગરૂડદાસ ! આજે તો તમે ઘણી સરસ મેમાનગીરી ભોગવવાના ? જો તમારા પર સુમતિ પ્રસન્ન થઇ તો તમારો બેડો પાર થશે ? ” કપટકળાએ ગરૂડદાસને ઉદ્દેશી હસતાં હસતાં કહ્યું.

"પ્યારી કપટકળા ! તું જાણે છે કે સુમતિ તો સાધુડી અને સતી છે. સુમતિ અને સુનીતિના સતીત્વનો કાંઇ પ્રભાવજ એવો છે કે શું, કે અમારી નજર તેમની આખ સામે ટપતી જ નથી વળી સુમતિ કે સુનીતિમાં નથી કાંઇ લટકા મટકા, કે હાવભાવ અને નખરાં તેઓ તેમની રહેણી કહેણીમાં તદ્દન સાદી છે. પણ મંજુલા તો લટકા મટકા, હાવભાવ, અને નખરામાં અવધિ છે. કપટકળા ! જો તુ અમારૂં મન રાજી રાખવા ઇચ્છતી હો, તો મન્જુલા વગર બીજી કોઇનુ નામ અમારી પાસે લેતી નહી."

"ઓ વ્હાલા ! મંજુલા તો આપણા હાથમાંજ છે. મન્જુલા, સુમતિ અને સુનીતિને નીચી નાંખવા ચાહે છે, અને તેણીની તે મરજી તમારાથી પાર પડી, તો મન્જુલા તમારીજ સમજવી આજે રાત્રિના પશ્ચિમ બાજુના દરવાજાના ખૂણામાં ઉભા રહેજો હું ત્યાં આવીને ઇસારો કરૂં, કે તમે બન્ને જણાએ અંદર આવવું. હુ સઘળી ગોઠવણ કરી રાખીશ. તેની તમારે કાળજી રાખવી નહીં. ગરૂડદાસ ! તમારો અને મારો જીવ એકજ છે, માત્ર શરીર જૂદાં છે. જો આજનું કામ ફતેહ થયું, તો આપણને મંજુલા પાસેથી પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થશે, એટલે પછી તમને ફાવે તેવી રીતે પૈસા ઉડાવજો. પછી છે તમને કોઈ પૂછનાર ! મંજુલા મનની કેટલી ઉદાર છે, તે તમારાથી કયાં અજાણ્યુ છે વળી જો સુમતિ હાથમાં આવી, તો તો તમારાં ભાગ્ય જ ખૂલ્યાં"

"બસ મન્જુલા ! ઓ પ્રિયા મંજુલા ! તારાપર મારો આ જીવ પણ કુરબાન છે કપટકળા ! જો તુ અમારાથી કપટ રમી, તો આ તરવારથી તારૂં માથું ઉડાવી દઇશ. પ્રવૃત્તિશંકર ! ચાલ ! આજે આનંદનો દિવસ છે. સાંજ પડવા આવી છે, એટલે કાઇ ઠંડાઇ કરશું ? કપટકળાને મંજુલાને ઉતારે જવું છે. કેમ વ્હાલી કપટકળા ! તારે ઠંડાઇ લેવી છે ?"

"ગરૂડદાસ ? ઠંડાઇમાં બધી વાતો ઠંડી થઇ જાય, તો કદાચ રંગનો ભંગ થઇ જાય, અને એકનું બીજું થઇ જાય. ભાંગનો નિશો ચડયો, અને ગાંડા થઇ અર્દ્ધાં પડયા રહ્યા, તો આજસુધી કરેલો સર્વે પરિશ્રમ વ્યર્થ જશે."

" ભાંગ પીતાં કેવી લ્હેર આવેછે, તે તું શું સમજે ? અમે તો જ્યારે જંગલના લૂંફાટ કરવા જઈએ ત્યારે ભાંગ તો અમને પેહેલી જોઇએ ભાંગ એક અજબ ચીજ છે. ભાગનો મહીમા તે સાંભળ્યો છે ? ન સાંભળ્યો હોય તો સાંભળ

બીજત હય, સબ રીઝત હય,
જબ ધોય ધરી શિવકે મન માની,
મિર્ચ મસાલો મિલાય દિયો,
તબ ઘોટ કરી બાકી રસ ધાની;
સાકી સુરપતિ રાય બની,
યહ બ્રહ્મ કમંડલ કે જલ છાની,
ગંગતે દૂની તરંગ ઉઠે,
જબ અંગમેં આવત ભંગ ભવાની ૧
સાધુન કે ઓર સિદ્ધન કે,
ઔર ભટ્ટ સુભટ્ટન કે મન માની,
કામિની કે ઓર દૂતન કે.
રજપૂતન ઘોટમ ઘોટકે છાની;
યાહીકે બીચ અનેકન તીરથ,
યાહીમેં ગંગ તરંગકે પાની;
કોટિન રંગ દિખાવત હય,
જબ અંગમે આવત ભંગ ભવાની. ૨
ખાય તે જ્ઞાનકી ખાન ખુલે,
બિન ખાયે ગમન નહી હોત હય બાની;
ચાહત હય સબ યોગી યતિ,
ઓર દેવનમે મહાદેવ હુ માની;
યાકે સમાન ન ઔર કછુ,
હમે જાન પરી યહ મુક્તિ નિશાની,
કોટિન રંગ દિખાવત હય,
જબ અંગમેં આવત ભંગ ભવાની. ૩ "

પ્રવૃત્તિશંકરઃ—ગરૂડદાસ ! આજે તને મંજુલાનો નિશો રંગે રંગ ચડયો છે. તું આજે જેમ આવે તેમ બકયો જાય છે. કપટકળાની

આ વાત ખરી છે, કે જો આજે આપણે સાવધ ન રહ્યા, તો આજ દિવસ સુધી કરેલી આપણી સઘળી મહેનત બરબાદ જશે. આવા રંગ આપણું કામ પૂર્ણ થયા પછી કરવાના છે. કરવા મરજીમાં આવે તેમ, પણ મારા વિચાર પ્રમાણે હાલ ભાંગ પીવાનું માંડી વાળો, તો ઠીક. કેમ કપટકળા? તું શું કહે છે?

કપટકળા:—મારી મરજી પૂછતા હો, તો હાલ ભાંગ પીવાનુ મૂકી દો કાલે આપણે અહીંથી રવાના થઇએ, પછી તમને સૂઝે તેમ કરજો. હું હવે જાઉં છું. મંજુલા વાટ જોતી હશે અંધારૂં થતાં તમે પણ ત્યા આવી હાજર થઇ જજો. હું તમને ઇસારો કરૂં. કે તરત, મુગે મોઢે અંદર આવી, તમને બતાવું તે દાદરથી ચઢી, મેડાપર જજો, અને ત્યાં ગાદલાં ગોદડાંનો ઢગલો પડયો છે, તેમા સંતાઇ રહેજો. સુમતિ અને સુનીતિ ઉપર આવે, એટલે તમારે શું કરવાનું છે, તે તમે જાણો છો મંજુલા બૂમ મારે, તે પહેલાં તમને સટકી જવાનો માર્ગ, હુ કરી આપીશ.

પ્રવૃત્તિશંકર:—ગરૂડદાસ! તે તો જાણે બધું ઠીક! પણ કદાચ આપણે રાત્રેને રાત્રે પલાયન કરવાનો વખત આવે, તો કપટકળા આપણી સાથે આવશે, કે મંજુલા સાથે?

કપટકળા:—હું તમને તે પછી કહીશ. હાલ તો તમે તમારૂં કામ પતાવો, પછીની વાત પછી. તમારી સાથે હવે મારો મેલાપ થાય, તેવુ મને લાગતું નથી. તમે તમારા કામમાં ફતેહ મેળવી ભાગી છૂટો, તો રાજપુરની નદીને કાંઠે નાળિયેરના ઝાડો છે, ત્યાં મારે માટે થોડી વાર ખોટી રહેજો. ત્યાં મારાથી તમને મળાશે તો મળી જઇશ. થોડીવાર રાહ જોતાં જો હું ન મળી, તો તમે ચાલ્યા જજો. કામ બહુ સફાઇ અને સાવચેતીથી કરજો, હો! કારણ કે નંદલાલના માણસો હથિયારબંધ છે. હું હવે જાઉં છું.

❀ ❀ ❀ ❀ ❀ ❀

નંદલાલ શેઠના કુટુંબના ઉતારામાં ચાતક પક્ષી જેમ મેઘની રાહ જુએ, તેમ મંજુલા, કપટકળાની રાહ જેતી હતી કપટકળાપર

તેણીની નજર પડતાં, તેણીએ પોતાની સખી દુશ્શલાને સામે મોકલી અને તેણીને એક ખાનગી ઓરડીમાં બોલાવી ઓરડીનો દરવાજો બંધ કરી દીધો, અને અંદર ખાનગીમાં તેઓ વાતો કરતી બેઠી.

" કેમ કપટકળા ! શું કર્યું ? "

" સર્વે તૈયારી છે ? પણ તે શું કર્યું, તે તો કહે ? "

" બેન ! બાજી તો મેં એવી રચી છે, કે બધું સરખે સરખુ ઉતર્યું, તો ધાર્યા પ્રમાણે આપણુ કામ પાર ઉતરવામાં વાંધો આવશે નહી અહા ! હા ! જો આજે સુમતિ અને સુનીતિ સપડાઇ, અને નીચી પડી, તો પછી જોઇ લેજે મારો રૂવાબ ! "

" તારો રૂવાબ હમણા કયાં ઓછો છે, કે હવે કાંઇ નવીન જોઉ ! ધૂર્તલાલ કોટવાલ જેવો તો તારો આશક છે, એટલે તને કોઇને ફાસીએ ચડાવવો હોય, તો તેમ પણ તું કરી શકે એમ છે. "

' બેન ! આ વખત વ્યર્થ ટાયલા કરવાનો નથી મારા પ્યારા ધૂર્તલાલે અહીના નગરપાલોને આપણને જોઇતી સહાય્ય આપવા સંદેશા મોકલી દીધો છે, એટલે તે બાબતની કાળજી રાખવાની જરૂર નથી. ખરેખર મારા પ્યારા ધૂર્તલાલનો આપણને બહુ ટેકો છે. અમારાવતીમાં કોની માએ શેર સુઠ ખાધી છે. કે મારા સામે કે વસંત સામે કોઈ બોલી શકે ? તેની સાથે વસંતની દોસ્તી કરાવી દીધી છે, એટલે હવે મને કોઇની પણ દરકાર રહી નથી હું ગમે તેમ કરૂં, તોપણ વસંત કદી કાંઇ બોલતો નથી, એટલો તેનો મારામાં વિશ્વાસ છે. "

" ત્યારે તારા પતિનો પણ તારામાં તેવોજ વિશ્વાસ છે કે કેમ ? " કપટકળાએ મંજુલાનો પેટ લેવા પૂછયું.

" તેને ગણકારે છે કોણ ? તે તો તદ્દન્ ગરીબ રાંક જેવો છે. મને કાંઇ કહેતાં તેની જીભ પણ ઉપડતી નથી. જો તે મને કાંઈ કહેવા જાય, અને હું ચીડાઉ, તો તે મારીપાસે " હમ તુમેરી ગૌ " બની જાય છે. તારાથી મારી જુદાઇ નથી, એટલે તારી પાસે પેટ ખોલી વાત કરવામાં હરકત નથી. નહીંતો બીજા કોઇ પાસે આમ કહેવાય ?

જગત્‌માં રહેવું, એ બહુ કઠણ કામ છે. આજસુધી મારે માટે કોઇએ એક શબ્દ પણ કાઢયો નથી તેમ કોઇએ મને પૂછ્યું પણ નથી કે તું કાળી છે કે ગોરી! લોકોને બનાવવા મે મારૂં વર્તન એવું રાખેલું છે. કે લોકો મારાં વખાણ કરે છે. અને કહે છે કે નંદલાલને સદ્‌ભાગ્યે તેને આવી ઘેરરખવાળી દીકરી જડી છે બાકી ખરૂં પૂછે તો જ્યાંસુધી મારી મા બેઠી છે, ત્યાંસુધી કોઇના બાપની પરવા નથી. પછી જેમ ચાલશે તેમ ચલાવી લેશું પણ હવે આપણે આપણી વાતો ચાલુ કરીએ વારૂ. અહીં તુ કોને કોને તેડી આવી છે ? ”

“ પ્રવૃત્તિશંકર અને ગરૂડદાસ, એ બે જણને ”

“ બહુ સારૂ ! આપણું કામ થયું, એટલે તેમને પૈસાની સારી રકમ આપી, તેમને ન્યાલ કરશું. પછી કાંઇ ? ”

“ પણ તેઓ માત્ર પૈસાથી રાજી નહી થાય, સમજી ! તેઓ તો તારા પ્રેમના ભુખ્યા છે, ” કપટકળાએ પોતાના મેમાનોના અંતરનો પડદો ખોલ્યો

“ કપટકળા ! એ નહીં બને. મેં મારો પ્રેમ ફક્ત ધૂર્તલાલ કોટવાલનેજ આપ્યો છે હું ધૂર્તલાલ વગર બીજા બધાને પત્થર જાણું છું, સમજી ? ”

“ ત્યારે, તું આ સર્વે ખટપટ રહેવા દે જ્યાંસુધી તું તેમની વાત કબુલ નહી કરે, ત્યાંસુધી તેઓ તારૂ કામ કરવાના નથી. મેં તેમને વચન આપેલ છે, અને તે વચન હુ તોડી શકું તેમ નથી. તેઓ લૂટારા છે, એટલે તેઓ પોતાનું માથું પોતાના હાથમાં લઈ ફરે છે, અને તારો અને મારો બન્નેનો ઘાટ ઘડવો હોય, તો એક ઘડીમાં તેઓ આપણો ઘાટ ઘડી નાંખે એવા છે. પણ જો આપણે તેમના કહ્યા પ્રમાણે કરીએ, તો આપણા માટે તેઓ માથું આપે તેવા છે. તેમની સાથે બગાડવું સારૂં નહીં, પછી તારી મરજી, ” કપટકળાએ મંજુલાને ચોખ્ખે ચોખ્ખું જણાવી દીધું

“ ઠીક છે ! તેમને હાલ તો કામ પતાવવા દે, પછી તારાથી હું કયાં છેટી છું. જો આજનું કામ ફતેહ થયું, તો તારો મારા-

પર એટલો ઉપકાર થશે, કે જો તું મને મારા શરીરના ચામડામાંથી તારા જોડા બનાવી આપવાનુ કહેશે, તો તે પણ મારાથી ના કહેવાશે નહીં. એથી વધારે તને શુ કહું!"

નંદલાલ શેઠના કુટુંબના ઉતારામા જ્યારે એક બાજુ આ પ્રમાણે પ્રપંચબાજીના સોગઠાં ગોઠવાય છે, ત્યારે બીજી બાજુ નિષ્પાપી સુમતિ અને સુનીતિ, મંજુલાના સ્વભાવના અણુચિતવ્યા પરિવર્તનથી ઉંડા વિચારમા પડી ગઇ છે.

તેઓ બન્ને જણુ શાણી હતી. એટલે તેઓ સમજતી હતી, કે બુરો બુરાઇ કરવા વગર રહે નહીં. કૂતરાની પૂછડી સવામણની શિલાથી બાંધી રાખો, પણ જ્યારે તે છોડશો, ત્યારે તે વાંકી અને વાંકી જ રહેવાની પડયો સ્વભાવ ટળતો નથી. કહેવત છે કે, "બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા, જાતે દહાડે કેશ બદલે, પણ લક્ષણુ ન બદલે લાખા" વળી એક કવિ પણ કહે છે કે—

હરદી જરદી ના તજે, ખટરસ તજે ન આમ,
સજ્જન ગુણકુ ના તજે, ગુણકુ તજે ગુલામ
કાજળ તજે ન શ્યામતા, મુક્તા તજે ન શ્વેત,
દુરિજન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.
જાતિ સ્વભાવ ન પલટવે, કૌવા હુસ ન હોય.
શેરડી સરસીઆ સીંચિએ. એરંડ ગલ્યા ન હોય
દુશ્મનકો આદર બુરો, ભલો હેતુકો ત્રાસ,
જબ સૂરજ ગરમી કરે, તબ બરસનકી આશ.

મંજુલા દુષ્ટ સ્વભાવની હતી. તે પોતે જેવી કુલટા હતી, તેવીજ સુમતિને બનાવવા તેણીના પ્રયત્ન ચાલુ હતા. સુમતિ સાથે કોઇપણુ વખતે તેણીએ મિષ્ટ વાણીમાં ભાષણુ કર્યું ન હતું, અને ફક્ત આજેજ સવારના કલેશ કરી, પાછળથી એકાએક જાણે તેણીએ કલેશ કર્યોજ ન હોય, અને જાણે સુમતિ અને સુનીતિ પોતાની પ્રિયમાં પ્રિય સખીઓ હોય, તેવીરીતે તેઓ સાથે તે મધુર શબ્દોમા ઓચીતી ભાષણુ કરવા લાગી એટલે સુમતિ અને સુનીતિને મંજુલાપર વ્હેમ આવે એ સ્વાભાવિક હતુ.

" આજે મંજુલાના સ્વભાવમાં ઓચીંતો ફેર પડી ગયો છે, તેથી મને તો તરેહવાર વિચાર આવે છે આજે તેણીની જીભમા ઓચીંતી મિઠાશ કયાથી આવી, તે સમજાતુ નથી. સુનીતિ ' ગમે તેમ હોય, તોપણ તેનાપર આજે આપણે એકદમ વિશ્વાસ તો નથી કરવો આજે આપણે પેલા મેડાપર જેમ સૂવા જવું નથી, તેમ મંજુલાને તે બાબતની ના પણ કહેવી નથી મન્જુલાને આપણે વાતોમાં વળગાડી વખત ગાળવો, અને આપણે કોઇપણ યુક્તિ કાઢી, અહીજ સૂઇ રહેવું, તેમાં સાર છે. મન્જુલાને ત્યાં સૂવા જવું હોય, તો તે ભલે ખુશીથી જાય અજાણ્યા અને વગર વસ્તી-વાળા સ્થળે અને તે પણ વળી રાત્રિના જવામા મને તો ભય લાગે છે કેમ સુનીતિ ' તારો શો વિચાર છે ? " સુમતિએ સુની-તિનો વિચાર પૂછયો

" તુ કહે છે તે બરોબર છે. હવે આપણે આ પ્રમાણે ગો-ઠવણ કરવી, કે મંજુલા જે વાત કહે, તે વાતમાં આપણે હાએ હા મેળવવી એટલે તે એમ સમજશે, કે આપણે બન્ને ભોળી છીએ. તેને આપણે મનમાં અને મનમાં મલકાવા દઇશુ, એટલે તે વાતોમાં વધુ વખત સુધી વળગી રહેશે, અને આપણે આપણી ધારણામાં કદાચ ફાવશુ. આજે પેલા મેડા પર સૂવા ન જવુ, એ તારો વિચાર બરોબર છે. કહેવત છે કે " ચેતતા નર સદા સુખી. " સાવધ રહેવામાં સાર છે, અને વળી આજે વધારામાં તુ એમ કર, કે તું તારા ભાઇને કહે, કે તે ડેલીએ સૂવા ન જાય, અને આજે અહીંજ સૂઇ રહે. "

સુમતિને સુનીતિની શીખામણ વાજબી લાગી. તેણીએ તરત અમથાને બોલાવી મંગાવ્યો, અને તેને ડેલીમાં બીજા માણસોને સૂવડાવી, પોતે અહીં સૂવા ભલામણ કરી. અમથાએ તેમ કરવાનું કારણ પૂછયું, જેના જવાબમા સુનીતિએ જણાવ્યું,

" તમારે કારણ પૂછવાની કશી જરૂર નથી. જેમ સુમતિ કહે તેમ કરો. કાલે જે હશે તે પોતાની મેળે સમજાઈ જશે. વખત પોતે પોતાનું કામ કરશે. આજે મંજુલાનો સ્વભાવ બદલી ગયો છે તેથી, અને આ ઠેકા-ણે દુષ્ટ કપટકળાની હાજરીથી, અમને વહેમ આવે છે. કોણ જાણે કાંઇ કારણ બન્યું, અને તમને બોલાવવાની જરૂર પડી, તો તે પહેલાં તમે

અહીંજ હાજર હો તો સારૂં. આજે વળી અમારે માટે બિછાના મેકલોએ થવાના છે, એટલે બીજા બિછાના અહીં લાવી, કોઇ ઠેકાણે રખાવી દો, અને રાત્રિના કોઇ એવી વાત છેડજો, કે અહીંથી ઉઠવાની કે ત્યાં સૂવા જવાની, જરૂર ન પડે. કદાચ મંજુલા ત્યાં સૂવા જવા માટે હઠ પકડે, તો તેને ત્યાં જવા દેવું, અને તેમે અહીં સૂઇ રહેવા વધારે આગ્રહ ન કરવો. પાછળના દિવાનખાનામાં મંજુલા અને દુશ્ચલા બેઠી છે, ત્યાં કોણ જાણે કેવાં કોભાંડ ચાલતાં હશે. તમે ત્યાં અજાણ્યા થઇ, જઇને જોઇ તો આવો કે ત્યાં શું થાય છે."

અમથો ત્યાંથી ઉઠી, જે દિવાનખાનામાં મંજુલા અને દુશ્ચલા બેઠી હતી, ત્યાં ગયો કમાડ અંદરથી બંધ હતા, એટલે કમાડ ઉઘડાવી, પોતે, કપટકળા, દુશ્ચલા અને મંજુલા જ્યાં બેઠી હતી, ત્યાં બેઠો. અમથો આવ્યો, એટલે તેમને તેમની વાતોનું ચાલતુ પ્રકરણ બંધ કરવું પડયું હતું, એટલે અમથાને ન છૂટકે વાત ઉપાડવી પડી.

"મંજુલા બેન, અહીં હવા તો બહુ સારી આવે છે, અને તેથીજ તમે તમારી ભાભીને મૂકી અહીં બેઠા હશો," અમથાએ વાતનો પ્રસંગ કાઢયો.

"અલબત્ હવાનો લાભ કોણ મૂકે ? મારી ભાભી અને તારી વહુ, બન્ને જાણી માટીનાં કોઠલાં, જ્યાં પડયાં ત્યાં પડયાં. ત્યાંથી ઉઠવાનીજ નહીં."

"પણ મંજુલા બેન ! આજે રાતના તો તેઓ મેડીની સુંદર હવા લેવાની ખરી કે નહીં, એટલે તેઓ હાલ અહીં બેસે કે ત્યાં, તેથી શું ?" દુશ્ચલા વચ્ચમાં બોલી.

"પણ કપટકળા ! તમને ભદ્રાદેવી કેમ આવવું પડયું ?" અમથાએ વાતનો બીજો પ્રસંગ ઉપાડયો.

"તમારા ભાઇને તાવ આવતો હતો, એટલે ભદ્રાદેવીની માનતા કરી હતી; સાથ સારો હતો, એટલે હમણાંજ નીકળી પડયા.

વખતે વખત કાંઇ ઘર જેવો સથવારો મળે છે ? ” કપટકળાએ તરત અમથાને હાજર જવાબ આપ્યો

“ બેન કપટકળા ! તમારે ત્યાં જમવા કરવાની સગવડ ન હોય, તો જમવાનું અહીંજ રાખજો.” મંજુલાએ કપટકળાને કહ્યુ

“ બેન ! અમારૂં જ ઘર છે ને ! છે કાંઇ વાંધો ! કયાં તમારી અને અમારી જુદાઇ છે ! પણ બેન ! જ્યાં અમે ઉતર્યાં છૈએ, ત્યાં મચ્છરોનો બહુ ઉપદ્રવ છે. ગઇ રાત્રે તો મને આખી રાત ઉંઘ પણ આવી નથી. જો તમને અડચણ ન હોય, તો રાત્રે અહીંજ સૂવા આવું, ” કટપકળાએ મંજુલાને ત્યાં રાત્રે રહી જવા બહાનુ શોધ્યુ

“મંજુલા—હજી રાત્રિ પડવાને કાઇ વાર હશે ! આજે તારૂં જમવાનુ અને સૂવાનુ અહીંજ થશે. અમથા ! તુ કપટકળાને ઉતારે જા, અને ત્યાં કહી આવ, કે આજે રાત્રે કપટકળા અમારે ત્યાં જમશે અને રહેશે, પણ અમારે ત્યાં, એટલે તેની વાટ જોશો નહીં

મંજુલાને તો જોઇતું હતું અને વૈદે બતાવ્યુ. કપટકળા જે ધર્મશાળામાં ઉતરી હતી, તેની નિશાની તેણીએ અમથાને આપી, એટલે અમથો પોતાને સોંપેલું કામ પતાવી પાછો આવ્યો ભટ્ટ રસોઇ તૈયાર થયાની ખબર આપી. એટલે સુમતિ, ગુનીતિ, મંજુલા, દુશ્ચલા અને કપટકળા, સર્વે એકજ પંક્તિમાં જમવા બેઠી. જમતાં જમતાં પણ આજે પરસ્પર વિનોદ તો ચાલુજ રહયો, એટલે જમવામાં બહુ વખત પસાર થયો. જમ્યા બાદ સૌ ઉપરના દિવાનખાનામાં આવ્યા, ત્યાં તેઓએ પાનસોપારી લીધાં, પણ મંજુલાને તો એકજ વાતનુ ચિંતન હતું, એટલે તેણીએ તરત દુશ્ચલા અને કપટકળાને મેડાપર બીછાનાં તૈયાર કરાવવા મોકલી દીધી દુશ્ચલા અને કપટકળાએ બીછાનાં તૈયાર કરાવી, નીચે આવી પેલો દાદર પાસેનો દરવાજો ખોલ્યો, એટલે ત્યાં ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકર ઉભેલા હતા, તેમને તેઓએ અંદર દાખલ કરી, ઉપર મોકલાવી આપ્યા. ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકર, અંધારાનો લાભ લઇ ધીમેથી મેડાપર ચડી ગયા, અને ગાદલાં અને ગોદડાં વચ્ચે છૂપાઇ રહ્યા. દુશ્ચલા અને કપટકળા આ

પ્રમાણે પોતાનુ કામ પતાવી, મંજુલા પાસે આવી, અને પોતે જે કર્યું હતું, તે તેઓએ તેણીને ઈસારતથી સમજાવ્યું દુર્ભાગ્યે મંજુલાએ તેમની ઇસારતનો જુદોજ અર્થ કર્યો મજુલા સમજી, કે દુશ્ચલા અને કપટકળા તેણીને હવે જલદી મેડાપર જવા કહે છે, એટલે તે સુમતિ અને સુનીતિને જલદી સૂઇ જવા, આગ્રહ કરવા લાગી

"સુમતિ ભાભી ! આજે આપણે વેહેલા સૂઇ જઇએ, તો કાલે પછી અષ્ટમી છે, એટલે માતાજીને નૈવેદ્ય કરવાનું હોવાથી, વેળાસર ઉઠવાનું બને"

સુમતિ—હજી તો હમણાંજ જમી ઉઠયા છેએ જરા અન્ન નીચું તો થવા દ્યો. આટલીવારમાં ઉઘપણ કેમ આવે ? અમથો આવે, એટલે આ દિવાનખાનું સોપીએ તેને, અને આપણે જઇએ ઉપર.

સુમતિ અને મજુલાની આ પ્રમાણે વાતો ચાલે છે, તેટલા વખતમાં અમથો પણ જમીને ત્યાં આવી પહોંચ્યો.

મંજુલા—લ્યો ! હવે અમથો પણ જમીને આવ્યો આપણને વાતો કરવી હશે, તો ત્યાં વાતો કયાં નથી થતી ?

અમથો—મંજુલા બેન ! શું આટલી વારમાં ઉંઘ આવે છે ? જરા બેસો તો ખરા મને એક નવી વાત યાદ આવી છે, તે તમને સંભળાવું

મંજુલા.—નહીં ભાઇ ! નહી. તારે જો વાત કરવી હોય, તો અહીંનું સંભાળી, સઘળી ભલામણ બીજા રખેવાળને દઇ, તુ પણ ત્યાં આવજે. પછી જોઉં કે તું વાતોના કેવા ગપગોળા ઉડાવે છે !

મંજુલા તો કોઇનું સાંભળ્યા વગર તે આગળ ચાલી. તે મનમાં એમ સમજતી હતી, કે, તેની પાછળ સુમતિ અને સુનીતિ પોતે ચાલી આવશે. મજુલા ચાલતાં ચાલતાં દાદર પાસે આવી પહોંચી, પણ ત્યાં એકલી અને વળી અંધારૂં

જોવાથી તેણીને બીક લાગી. એટલે તેણીએ દુશ્શલાને બૂમ મારી દુશ્શલા ઉઠીને મંજુલાપાસે ગઇ પાછળથી કપટકળાને પણ ભય લાગ્યો, કે, મંજુલા ઉપર જશે, તો સર્વે કામ બગાડશે, એટલે તેણીને ભયની ચેતવણી આપવા કપટકળા ઉઠી, પણ સુનીતિએ તેણીનો છેડો પકડી તેણીને બેસાડી દીધી.

સુનીતિ.—અલી કપટકળા! જરા તો બેસ; તને પણ વખત થાય છે કે શું? ઘણા દિવસ થયા, તારી સાથે વાતો કરવાની મારી અભિલાષા હતી, પણ વખત અને સયોગ મળતાં ન હતાં; આજે જ્યારે ઈશ્વર કૃપાથી તેવો સંયોગ મળ્યો છે, ત્યારે તું અહીંથી ઉઠી જવા માટે આતુર છે. મંજુલા વિષે તને કાંઇ ખાનગીમાં પૂછવાનું છે.

છછૂંદર ગળતાં જેવી સાપની સ્થિતિ થાય, તેવીજ સ્થિતિ બીચારી કપટકળાની થઇ. જ્યારે એક બાજુએ, મંજુલા અને કપટકળાએ રચેલ પ્રપંચ નાટકથી અજ્ઞાત સુનીતિ, કપટકળાને મંજુલા પાસે જતાં અટકાવે છે, એટલે કપટકળા મંજુલાને મેડાપર ભયની ચેતવણી આપી શકતી નથી, ત્યારે બીજી બાજુ મંજુલાને આ ભયમાંથી મુક્ત કરવા, પોતે અને મંજુલાએ રચેલ પ્રપંચ પડદો તે સુનીતિ પાસે ખુલ્લો કરી શકતી નથી, અને તેથી તે હૃદયમાં અસ્થિર મુંઝે છે. આ બાજુ જ્યારે કપટકળાની આવી સ્થિતિ છે, ત્યારે પેલી બાજુ દુશ્શલા પણ મંજુલાને "પ્રવૃત્તિશંકર અને ગરૂડદાસ ઉપર સતાયા છે" એ ખબર આપતાં ભૂલી ગઇ બિચારી અસાવધ મંજુલા દુશ્શલા આવતાં ઝટપટ દાદર ચડી ગઇ, અને દુશ્શલા પણ તેની પછવાડે ઉપર ગઇ, અને મેડાપર એક બીછાના-પર બન્ને જણી બેઠી. મંજુલાએ દુશ્શલાને કપટકળા, સુમતિ અને સુનીતિ ક્યારે આવશે તે પૂછ્યું અને "તેઓ હમણા આવે છે" એમ તેણીએ મંજુલાને જણાવ્યું, એટલે પથારીપર બેસી થોડી વાર સુધી બન્ને જણીએ તેમની રાહ જોઇ. રાહ જોતાં બહુ વાર થઈ, છતાં તેઓ આવી નહીં, એટલે મંજુલાને ધીરજ રહી નહીં.

"કેમ! બહુ વાર થઈ તો પણ હજી કોઇ આવ્યા નહીં?" મંજુલાએ દુશ્શલાને પૂછ્યું.

"ત્યારે જો તમે મને કહેતા હો, તો હું જઇને તેમને તેડી આવું."

નારે બા! મને એકલીને અહીં બીક લાગે! આટલી મોટી જગામાં બીક કોને ન લાગે?"

"હું પળવારમાં પાછી આવું છુ. જાણે ગઇજ નથી. પછી કાંઇ?"

"ઠીક ત્યારે! ભલે જા. પણ જલદી પાછી વળજે હો!"

દુશ્ચલા મંજુલાને એકલી મૂકી, જ્યાં સુમતિ, સુનીતિ અને કપટ-કળા બેઠી હતી ત્યાં આવી. ત્યા આવીને જુએ છે, તો બહુ શોર-બકોર અને ગડબડ થઇ રહ્યાં છે. અમથો હાથમાં લાકડી લઇ "ક્યાં છે? ક્યાં છે?" કહેતો, આમ તેમ કોઇ વસ્તુને મારવા તલપી રહેલો દેખાય છે. સુનીતિ હાથમાં દીવો લઇ પોતાના પતિ અમથા પછવાડે દોડે છે. દુશ્ચલાને તપાસ કરતાં માલમ પડયું, કે ત્યાંથી એક સર્પ નીકળ્યો હતો, અને તેને મારવા માટે અમથો હાથમાં લાકડી લઇ, આમ તેમ દોડે છે. વાત સાંભળતાં દુશ્ચલા પણ ગભરાઇ ગઇ, અને જ્યાં ઉભી હતી ત્યાંજ ઉભી રહી. સુનીતિના હાથમાંથી ગભરાટમાં દીવો પડી ગયો, અને ત્યાં અંધારૂં થઇ રહ્યુ, એટલે જેઓ જ્યાં ઉભાં હતાં, તેઓ ત્યાંજ ઉભાં રહ્યાં, અને ત્યાં ઉભા રહેલા લોકોના મોંમાંથી "દીવો કરો," "દીવો કરો" એવી બૂમ પડવા લાગી. ભયમાં કોઇની દીવો કરવાની હિમ્મત ચાલી નહીં. બિચારી દુશ્ચલા તો અહીં આવી ફસાઇ ગઇ. ભયમાં જેમ તે કોઇને કાંઇ કહી શકી નહીં, તેમ મંજુલાપાસે પાછી ફરવા પણ તેની હિમ્મત ચાલી નહીં. મંજુ-લાને તેણીએ બે દુષ્ટ હરામખોરોની વચ્ચમાં મૂકી દીધી છે, તે માટે તેણીને બહુ વિચાર થયો, પણ બીચારી કરે શું? તે નિરૂપાય અને લાચાર હતી.

સત્કાર્યોમાં સર્વદા ઈશ્વરની સહાય્ય હોય છે. દુષ્ટ કાર્યો કરનારનો જો આ જગત્‌માં સર્વદા જયજ હોય, તો આ જગત્ દુષ્ટોથી ઉભરાઇ જાય, અને સજ્જનોને રહેવા માટે જગાજ ન મળે. "ભલાકર ભલા હોય, સોદાકર નફા હોય." "કર અને

જો.” “જેવુ વાવશો તેવું લણુશો.” આ સુજ્ઞ પુરૂષોના અનુભવના ઉદ્‌ગારો, સૃષ્ટિના અચળ નિયમના સૂચક છે. મંજુલાની પાથરેલ જાળમાં સુમતિ અને સુનીતિ જેવી નિર્દોષ અને નિષ્પાપી સાધ્વીઓ સપડાય, અને તેઓ મંજુલા જેવી કલુષિત બને, એ મંજુલાને ગમતી વાત હતી, પણ ઇશ્વરને તેવી વાત કેમ રૂચે? ઇશ્વર સત્યનો બેલી છે. તે કોઈ કાળે અસત્યની વ્હારે ચડતો નથી. સુમતિ અને સુનીતિએ મંજુલાનુ કાંઇ બગાડયુ ન હતું. તેઓ બન્ને સાધ્વી અને શિયળવતી હતી. તેમને પ્રપચ જાળમાં ફસાવવા અને તેમને કુલટા બનાવવા મજુલાએ બાજી રચી હતી, પણ સત્યના બેલી ઇશ્વરને સાધ્વી સુમતિ અને સુનીતિ માટે ખાડો ખોદનાર મંજુલાને, પોતેજ ખોદેલા ખાડામાં નાંખવી હતી, અને સત્યનો જય કરાવવો હતો, એટલે સુમતિ અને સુનીતિના શિયળનો ભંગ કરવા માટે યોજેલ ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરના હાથમાં, સુમતિ અને સુનીતિને બદલે, એકલી મંજુલા આવી ગઇ, અને જ્યાં સુમતિ અને સુનીતિ બેઠી હતી ત્યાં સર્પ નીકળ્યો, એટલે ગભરાટમાં તે ત્યાંજ રહી ગઇ એક કવિ સત્ય કહે છે કે —

દુનીઆં અઝબ બાઝાર હય, કુછ જિન્સ હ્યાંકી સાથ લે,
નેકીકા બદલા નેક હય, બદ્‌સે બદીકી બાત લે;
મેવા ખીલા મેવા મીલે, ફલ ફૂલ દે, ફુલ પાત લે,
આરામ દે, આરામ લે, દુ:ખ દર્દ દે, દુ:ખ દર્દ લે.
કલજુગ નહીં, કરજૂગ હએ, હ્યાં દિનકો દે, ઔર રાતકો લે,
કયા ખૂબ સૌદા નગ્દ હયે, ઇસ હાથ દે, ઉસ હાથ લે.

ટેક. ॥૧॥

કાંટા કિસીકો મત લગા, ગો મિસ્લે ગુલ ફૂલા હય તું,
વોહ તેરે હક્કમે તીર હય, કિસ બાતપર ભૂલા હય તું;
મત આગમેં ડાલ ઓરકો, કે ઘાસકા પૂલા હય તું,
સુન રખ યહ તુઝ બેખબર, કિસ બાતપર ભૂલા હય તું.

કલજુગ. ॥ ૨ ॥

શોખી શરારત મત કરો ફન સબકા બસેખા હય હ્યાં,
જો જો દિખાયા ઔરકો વોહ ખુદભી દેખા હય હ્યાં;
ખોટી ખરી જો કુછ કહે, તીસકા પરેખા હય હ્યાં,
જો જો ખડા તુલતા હુએ મોલ, તિલ તિલકા લેખા હય હ્યાં.
કલજુગ૦ ॥ ૩ ॥

જો ઓરકી બસ્તી રખે, ઉસ્કા ભી બસ્તા હય પુરા,
જો ઓરકો મારે છુરી, ઉસ્કોભી લગતા હય છુરા
જો ઓરકી તોડે ઘડી, ઉસકાભી તુટેગા ઘડા,
જો ઓરકી ચિન્તે બદી, ઉસકાભી હોતા હય બુરા.
કલજુગ. ॥ ૪ ॥

જો ઓરકો ફલ દેવેગા, વોહભી સદા ફલ પાવેગા,
ગેહુસે ગેહું, જવસે જવ, ચાવલસે ચાવલ પાવેગા;
જો આજ દેવેગા હ્યાં,-વહેસાહી વોહ કલ પાવેગા,
કલ દેવેગા, કલ પાવેગા, કલ પાએગા, કલ પાવેગા. ॥
કલજુગ૦ ॥૫॥

જો ચાહે લે ચલ ઇસ ઘડી, સબ જીન્સ હ્યાં તૈયાર હય,
આરામમેં આરામ હય આઝારમેં આઝાર હય,
દુન્યાં ન જાન, ઇસ્કો મીયાં, દરિયાકી યેહ મઝદાર હય,
ઓરોંકા બેડા પારકર, તેરાભી બેડા પાર હય. ॥
કલજુગ૦ ॥૬॥

તું ઓરકી તારીફ કર, તુજકો સનાખ્વાની મિલે,
કર મુશ્કીલ આશા ઔરકી, તુઝકોભી આસાની મિલે,
તુ ઓરકો મેમાન કર તુઝકોભી મેમાની મિલે,
રોટી ખિલા, રોટી મિલે, પાની ખિલા પાની મિલે,
કલજુગ૦ ॥૭॥

જો ગુલ ખિલાવે ઓરકા, ઉસકાભી ગુલ ખિલતાભી હય,
જો ઔરકા કિલેહે મુંહ, ઉસકાભી મુંહ કિલતાભી હય;
જો ઓરકા છીલે જીગર, ઉસકા જીગર છીલતાભી હય,
જો ઓરકો દેવે કપટ, ઉસકો કપટ મિલતાભી હય.
કલજુગ૦ ॥૮॥

કર ચૂક જો કુચ્છ કરના હો, અબ યેહ દમ તો તેરા આન હય,
નુકશાનમેં નુકશાન હય, અહેશાનમેં અહેશાન હય;
તોહમતમેં હ્યાં તોહમત લગે, તૂફાનમે તૂફાન હય,
રહેમાનકો રહેમાન હય, શયેતાનકો શયેતાન હય.

કલજુગ૦ ॥૯॥

હ્યાં ઝહેર દે, તો ઝહેર લે. સક્કરમેં સક્કર દેખલે.
નેકોંકો નેકીકા મઝા, મુઝીકો ટક્કર દેખલે;
મોતી દિયે મોતી મિલે, પત્થરમેં પત્થર દેખ લે,
ગર તુઝકો યેહ બાવર નહીં, તો તુંભી કર કર દેખ લે

॥ કલજુગ૦ ॥૧૦॥

અપને નફેકે વાસતે, મત ઓરકા નુકશાન કર,
તેરાભી નુકશા હોવેગા, ઇસ બાતપર તું ધ્યાન કર;
ખાના જો ખા તો દેખકર. પાની પીએ તો છાનકર,
યાં પાંવકો રખ ફૂંક કર, ઔર ખોફસેં ગુજરાન કર.

॥કલજુગ૦ ॥૧૧॥

ગફલતકી યહ જાગા નહીં, હ્યાં સાહેબે ઇદરાક રહે,
દિલ શાદ રખ, દિલ શાદ રહે, ગમનાક રખ, ગમનાક રહે;
હર હાલમેંભી તું "નઝીર", અબ હર કદમકી ખાક રહે,
યહ વોહ મક્કા હય ઓ મિયાં ! હ્યાં પાક રહે, બે બાક રહે.

॥કલજુગ૦ ॥૧૨॥

ઘણો વખત વિત્યા બાદ સર્પ પકડાયો, એટલે અમથાએ તેને લાકડી વતી મારી નાંખ્યો. સુમતિ, સુનીતિ, કપટકળા, અને દુશ્ચલા સર્વે એવી ગભરાઇ ગઇ હતી, કે રાત્રિના તેમને ત્યાં સૂઈ જવામાં ભય લાગ્યો, એટલે સર્વે જણાઓએ મંજુલા જે મેડાપર હતી, તે મેડાપર સૂવાની ઇચ્છા જણાવી, એટલે સર્વે જણ તે તરફ આવ્યા.

આ તરફ મંજુલાએ પોતા સાથે જે દાગીના અને જવેરાત હતાં, તે સર્વે બિછાનાંની હેઠળ સાખ્યાં, અને પોતે ત્યાં નિશ્ચિંત બેઠી હતી. ત્યાર પછી દુશ્ચલા ત્યાંથી ગઇ, એટલે ગરૂડદાસ અને

પ્રવૃત્તિશંકર પોતાની છૂપાવાની જગામાંથી બહાર નિકળ્યા. પ્રવૃત્તિશંકરે દાદરનો દરવાજો બંધ કર્યો, અને ગરૂડદાસે દીવો હોલવી મંજુલાને પકડી.

"કેમ વહાલી ! ઘણા દહાડાની આશા આજે ઇશ્વરે પાર પાડી," ગરૂડદાસે મંજુલાને કહ્યુ.

"અરે મેં તો તમને સુમતિ અને સુનીતિ માટે બોલાવ્યા હતા, અને શું મારા જ ઉપર બલાત્કાર"

"સુમતિની અમને જરૂર નથી અમે તો તારાજ પ્રેમના ભૂખ્યા છીએ. અમારી ઘણા દિવસની આશા આજે સફળ થઇ."

"મુઆ તમે શું કરવાના ?"

"તારી શ્રીમતાઇનો તોર રહેવા દે. આ ઠેકાણે તારૂં કાંઇ ચાલે તેમ નથી. ઘણે દિવસે સપડાએલો શિકાર, હવે અમારા હાથમાંથી છૂટવા પામવાનો નથી"

મંજુલાએ આ દુષ્ટોના પંજામાંથી સટકી જવા બહુ પ્રયત્ન કર્યો, પણ તેણીનું બળ આ ઠેકાણે તેને કામ આવ્યું નહીં. મંજુલાએ જ આ વગરવસ્તીવાળુ સ્થળ અને સમય રાત્રિનો નિશ્ચય કર્યાં હતાં, એટલે તેણીની બૂમ બીજી બાજુ સંભળાઇ શકે, એ સંભવ ન હતો. મંજુલાને ન છૂટકે આ દુષ્ટોની ઇચ્છાને શરણે થવું પડયું. દુષ્ટ મંજુલાનું શિયળ હણાયું અને તેની સાથે તેણીના દાગીના અને ઝવેરાત, જે બિછાના તળે છૂપાવેલાં હતાં, તેપણ તે દુષ્ટોના હાથમા આવ્યાં. દુષ્ટ લૂટારાઓએ ઝવેરાત અને દાગીનાનું પોટકું બાંધી, સાથે લઇ, મંજુલાના મોંમાં ડૂચો નાંખી, તેણીને બાંધી, બેહાલ કરી, દાદર ઉતરી, પાછળના દરવાજાથી કોઇ પગી તેમને પકડી ન પાડે, એ હેતુથી પત્થરની ફરસબંધી પર પગ મૂકતા, મૂકતા, રાજપુર પલાયન કરી ગયા, અને ત્યાંથી પોતાનો સામાન ઉપાડી, સવાર પડતાં અમરાવતી આવી પહોંચ્યા.

પ્રકરણ ૧૨ મું.

લૂટારાઓને બદલે નિર્દોષ પકડાયા

One man escapes after having stolen the horse, while another man is hanged for only looking over the ledge.*

મંજુલા વાળા મેડાપાસે સુમતિ, સુનીતિ, દુશ્ચળા, કપટકળા, અમથો વગેરે આવી જુએ છે, તો ત્યાં ઉપર ઘોર અંધારૂં હતું, અને ધર્મશાળામાંથી દાદર પાસે જવાનો જે દરવાજો હતો તે બંધ હતો. તેઓએ દરવાજો ઠોકયો અને "મંજુલા! મંજુલા!" એ પ્રમાણે મોટેથી બુમો મારી, પણ બિચારી મંજુલાના મોંમાં ડુચો અને તેના હાથ પગ બાંધેલા હતા, એટલે તેણીએ જો-કે સઘળી બુમો સાંભળી, છતાં તે જવાબ આપી શકી નહીં. સર્વે જણ આશ્ચર્યતામાં લીન થઇ ગયાં, અને ચિંતામાં પડયાં. "મંજુલાએ આત્મહત્યા તો નથી કરી," એવો અમથાને તર્ક થયો. વખત રાત્રિનો અને પુરતા ઓજાર મળે નહી, એટલે અમથાને ખીલા કે જે લોખંડના હથિયાર મળી આવ્યા, તે વડે તેણે અતિશ્રમથી દરવાજો ઉઘાડયો, અને સર્વે દાદર ચડી ઉપર ગયા દીવો કરી સૌ ઉપર જુએ છે, તો ત્યાં ગાદલાં ગોદડાં સર્વે અવ્યવસ્થિત જ્યાં ત્યાં પડયાં છે, અને મંજુલા એક ખુણામાં અતિ અમર્યાદિત સ્થિતિમાં બંધાયલી પડી છે મંજુલાની સર્વેને દયા આવી, અને તેણીને તરત બંધનમાંથી મુક્ત કરવામાં આવી

'મંજુલા બેન! મંજુલા બેન! આ શું? તમારી આવી સ્થિતિ કોણે કરી?" અમથાએ તેણીને પૂછયું.

---

* ઘોડાની ચોરી કરનાર નાશી છુટે છે, અને છેટેથી જોનાર પકડાઇ ફાંસીએ લટકે છે.

મંજુલા બહુ ગભરાઇ ગયલી જણાતી હતી; શરમને લીધે તે ખરી વાત કહી શકી નહી તેણીએ માત્ર એટલુંજ કહ્યુ કે "પાછળના દરવાજામાંથી કોઇ બે જણાએએ આવી, મને બાંધી, મારી પાસેનું સર્વે જર ઝવેરાત લૂટી લઇ ગયા."

સર્વે જણાએએ "ચોર ! ચોર !" ની સામટી બૂમ મારી, એટલે આજુબાજુના જે "સર્પ ! સર્પ" ની બૂમથી થોડીવાર પેહેલાં જાગી ઉઠયા હતા. તે સર્વે આ ધર્મશાળામાં દોડી આવ્યા, અને દીવો લઇ આમ તેમ ચોરને શોધવા મંડીગયા, અને દોડાદોડ થઇ રહી થોડીવારમા નગરપાલ પણ આવી પહોંચ્યા મંજુલાને કેટલાક મુદ્દાના સવાલ પૂછી, તેઓ, ફાનસ હાથમાં લઇ, જમીનપર પગ જોવા લાગ્યા. ધર્મશાળાના પાછલા દરવાજાથી થઇને કોઇ માણસના અને સાથે ગાય કે બળદના પગ જોવામાં આવ્યા. નગરપાલો પગ લેતા લેતા જ્યા પગ અટકયા ત્યા આવ્યા. તેમના આશ્ચર્ય વચ્ચે ભદ્રદેવીના પૂજારીને ઘેર પગનો છેડો આવ્યો હતો દરવાજાને સાંકળ દીધેલી ન હતી. એટલે નગરપાલોએ દરવાજાને ધકકો માર્યો અને દરવાજો ઉઘડી પડયો, એટલે તેઓ અદર પેઠા. અંદર જઇ જુએ છે તો ત્યાં પૂજારીના વીશથી પચીશ વર્ષના બે છોકરાઓમાથી એક ગાયને પકડી ઉભો છે, અને બીજો તેના ગળામા દોરડુ બાંધે છે. નગરપાલોએ તે બન્ને જણને પકડી તેમને હાથ કડીઓ નાખી, ચોકીમાં લઇ ગયા.

"ચંડાળો ! જાણે મોટા ભક્ત હો તેવો ઢાંગ કરી, અજાણ્યા યાત્રાળુઓને લૂટવાનો નીચ ધંધો લઇ બેઠા છો ? ચાલો, તમે દાગીના અને ઝવેરાત કયાં સંતાડયા છે, તે અમને ઝટ બતાવો; નહીંતો જોઇ છે, આ લાકડી !" નગરપાલોએ પેલા બે પૂજારીના છોકરાઓને લાકડી બતાવી ધમકાવી કહ્યું.

નિર્દોષ બીચારા પૂજારીના છોકરાઓ તદ્દન ગભરાઈ ગયા હતા તેઓ આ નગરપાળો પાસે રડતા, કરગરતા, ડુસકાં ખાતા કહેવા લાગ્યા, "ભાઇઓ ! તમે અમને નાહક સતાવો છો અમે તમારી પાસે પ્રતિજ્ઞા પૂર્વક જણાવીએ છીએ, કે અમારી આ ગાય અહી

થી છૂટી નાશી જતી હતી. તેને પકડી પાડવા અમે પેલી ધર્મશાળાના પાછલા દરવાજા સુધી આવ્યા હતા. ત્યાં અમે અમારી ગાયને પકડી પાડી. એટલે ત્યાંથી અમે અમારે ઘેર આવ્યા. બાકી અમે ધર્મશાળાની અંદર પણ ગયા નથી, અને જ્યાં અમને ધર્મશાળાના ઉતારૂઓ ધર્મશાળાના કયા ભાગમાં ઉતર્યા છે તેની પણ ખબર નથી, ત્યાં અમને ઉતારૂઓના જર ઝવેરાત કે દાગીનાની કયાંથી ખબર હોય? ભાઇ અમે તમને જે કહીએ છીએ તે સત્ય છે.'

નગરપાલોનું કર્તવ્ય નગરજનોનાં માલ મિલ્કત અને અંગનું રક્ષણ કરવાનું છે, એ વાત ખરી છે, તોપણ ઘણી વખત એમ બને છે કે જ્યારે ચોરી કરનાર કે અપરાધી નાશી જાય છે, ત્યારે નગરપાલોની નિર્બલતા ન દેખાય એ હેતુથી તેઓ કોઇ નિર્દોષપર કાલ્પનિક શક આણે છે, અને તેમને માર મારી, અસહ્ય કષ્ટ આપી, જે અપરાધ તેઓએ ન કર્યા હોય, તે અપરાધ તેઓએ કર્યા છે, એવો જુલમથી સ્વીકાર કરાવે છે. મંજુલાના જર ઝવેરાત હરી જનાર લૂટારા ચાલાકીથી નાશી છૂટ્યા અને પૂજારીના બે નિર્દોષ છોકરાઓ શક પરથી પકડાયા ધર્મશાળાના પાછલા દરવાજાથી થઇ ઠેઠ પૂજારીના ઘર સુધી ગાયનાં અને આ બે છોકરાઓનાં પગલાં જતાં હતાં, એટલે નગરપાલોને તેઓ નિર્દોષ હોય એવો વિશ્વાસ પણ કયાંથી આવે? આ બે છોકરાઓએ પોતે જે બચાવ કર્યો, તે નગરપાલોએ કબુલ રાખ્યો નહીં, અને તેમને રાત્રિના વખતે એક અંધારી જગામાં પૂર્યા. સવાર પડતાં પંચ ભેગુ કરી નગરપાલોએ પૂજારીના છોકરાઓને સાથે લઇ, પંચ સમક્ષ ધર્મશાળાના પાછલા દરવાજાથી તેમના ઘર સુધી જે પગલાં પડેલાં હતાં, તે પોતાનાંજ છે, એવો સ્વીકાર કરાવ્યો, અને તેમને પાછા અંધારી જગામાં પૂરી રાખ્યા. પેલી તરફ સુમતિ અને સુનીતિને તેમજ કપટકળા કે દુશ્ચળાને અને અમથાને કોઇને પણ ઉંઘ આવી નહીં અતિ દુઃખે વેરિણી રાત્રિ પૂરી થઇ, અને સવાર પડી પરંતુ આગલા દિવસના બનાવોએ સુમતિ અને સુનીતિને તર્ક વિતર્કના ગંભીર સાગરમાં નિમગ્ન કરી દીધા હતા. આગલા દિવસના બનાવો પણ તેવીજ રીતે મનુષ્ય કલ્પનામાં ન આવી શકે તેવા હતા. સવારના છઠી

મંજુલાએ સુમતિ અને સુનીતિને લક્ષમાં ન આવે તેવી રીતે ખાઇ લેવું, અને ભદ્રાદેવીના દર્શન કરી પાછા આવતાં, તેમની સાથે નિષ્કારણ ક્લેશ કરવો, અને સુમતિ અને સુનીતિને ભૂખે મારવી આ બનાવ તો કલ્પનામાં આવી શકે તેવો હતો, કારણ કે મંજુલાની પ્રકૃતિજ તેવી દુષ્ટ હતી. પણ થોડા સમય પછી મંજુલાના સ્વભાવમાં એકદમ પરિવર્તન, અર્થાત મંજુલાની વાણીમાં નૈસર્ગિક કટુતાને બદલે મિષ્ટતા, દુશ્ચલા સાથે વખતો વખત ખાનગી વાત, કપટકળા જેવી પાપાચારિણી સ્ત્રીનું ત્યાં અણુચિંતવ્યું આગમન અને તેની સાથે પણ તેણીની એકાંત ગોષ્ઠી, મેડાપર સુવા બેસવા માટે ગોઠવણ કરવાની તત્પરતા, ત્યાં સુમતિ અને સુનીતિને લઇ જવા ઉતાવળ, વગેરે બાબતોએ સુમતિ અને સુનીતિને બહુ મુઝવણમાં નાંખી તેઓ વિધવિધ કલ્પનાઓ કરતી, પણ કોઇ કલ્પના, તેમને ગળે ઉતરતી નહીં. ગમે તેમ હોય તોપણ તેમને એમ તો લાગ્યુ, કે જો મંજુલાને બદલે તેઓ ત્યાં મેડા પર સુવા જાત, તો જે સ્થિતિ મંજુલાની થઇ, તેવીજ સ્થિતિ તેમની થાત. ઇશ્વરે તેમને આ વિપત્તિમાંથી બચાવી, તેથી તેઓ ઇશ્વરનો મનમાં આભાર માનવા લાગી "જેને રામ રાખનાર છે, તેને કોણ હાથ લગાડી શકવાનો છે."

" જિતને તારે ગગન મેં, ઇતને શત્રુ હોય,
કૃપા હોય શ્રીરામકી, બાલ ન બાંકો હોય.

ભેરવી.

વાંકો ન થાયે, વાળ જ્યાં, રખવાલ છે ગોપાલની,
કોપે ભલે પૃથ્વીપતિ, કોપે ભલે દુનિયા બધી;
પણ વાલ ન આવે આળ, જેની ઢાલ છે ગોપાલની.
દુશ્મનો તરવારના, વરસાદ છો વરસાવતા,
લેશ ન આવે આંચ જેને, રાચ છે રઘુરામની.
ભર દરિયામાં વહાણુ ભાંગ્યું, પવને તો તોફાન માંડયું,
હાથ આવ્યું પાટીઉં, તે પાલખી શ્રીરામની.

સુમતિ અને સુનીતિ પરનું વિપદ્ વાદળ વિખેરાઇ ગયુ, તે છતાં સુમતિની ચિંતા ઓછી થઇ નહીં

"બેન સુનીતિ! આજે મન્જુલાના અસાધારણ હાવભાવ અને તેણીના સ્વભાવમાં ઓચીતા ફેરફારથી મારા મનમાં શંકા તો પેસી ગઇ હતી, પણ ઇશ્વરે મારી લાજ રાખી મન્જુલા સાધારણ રીતે મારી તરફ જે ક્રૂર વર્તન ચલાવે છે, તેમાં જો પરમાત્માનુ મને રક્ષણ ન હોય, તો મારી આજે કેવી દુર્દશા થાય, તે હું કહી શકતી નથી. સુનીતિ! વળી તારી વખતો વખતની સલાહ પણ મને બહુ ઉપયોગી અને કિમતી થઇ પડે છે હુ એક ધનવાનની પુત્રી અને ધનવાનની પુત્રવધુ છુ છતાં મારી આ કેવી દુઃખી અવસ્થા છે! મે મારા પતિ તરફથી તો કાંઇ સુખ પણ અનુભવ્યુ નથી! તેમનું હસ્તું મુખ જોવા અદ્યાપિ હુ ભાગ્યશાળી થઇ નથી! મંજુલાએ મારા પતિને "સ્રીતો તાડનકે અધિકારી," "સ્રીકું માર સાર," આ સૂત્રોના પૂર્ણ ભક્ત બનાવી દીધા છે. અને તેથી તેમના તરફથી મને રોજ ખાસડાના, લાકડીના અને મુષ્ટિના એવા પ્રહાર થાય છે, કે મારા શરીરના હાડકાં છુંદાઇ પીસાઇ ગયાં હોય તેવાં દુખે છે. બેન! ખરૂ પૂછે તો શ્રીમંતના ઘરમાં છતાં, હું અતિ દુખી છું. મારાં પૂર્વજન્મનાં સંચિતના આ ફળ હશે એમ સમજી, આ સર્વે દુ.ખ હુ ધીરજથી સહન કરૂ છું. મન્જુલાબાઇપર આજે જે વીત્યું છે, તેનાં ફળ ઘેર જતાં મને કેવાં ભોગવવાં પડશે, તેની ફિકર મને હમણાજ થયા કરે છે મારા સસરાજી મારે માટે કેવા વિચાર બાંધશે, તે પણ વળી વિચારની વાત છે. મારી કદર કરનાર કોઇપણ હોય, તો કાંતો મારા પિતાજી છે, અને કાંતો મારા સસરા છે માત્ર તેઓજ મારાપર મમતા રાખે છે," સુમતિએ સુનીતિ પાસે પોતાનો ઉભરો કાઢયો

"સસરાજી આપણા માટે કેવો વિચાર કરશે, તે માટે હાલ ચિંતા કરવાનું કારણ નથી. સુમતિ! જે થવાનું હશે, તે થશે. પણ હાલ તો પેલા બિચારા પૂજારીના છોકરાઓ માટે વિચાર કરવાનો છે. તે રાંક જણાય છે, અને મારા વિચાર પ્રમાણે તેઓ નિર્દોષ છે.

દુશ્ચલાએ પૂજારીના છોકરાઓ બાબત નગરપાલોને ઉંધું ચતું સમજાવી માર્યું છે, બાકી ખરેખરા અપરાધી કોણ છે, તે મંજુલાને વિશેષ ખબર હોવી જોઇએ મંજુલા હાલ ગભરાયલી છે, એટલે તે કાંઇ બોલતી નથી. આપણું કર્તવ્ય એ છે, કે " આ પૂજારીના છોકરાઓ ખરા ચોર છે, કે કેમ " તે સબંધી મંજુલાનો અભિપ્રાય લેવો, અને તેઓ જો ચોર ન હોય, તો આ નિરપરાધીઓને તેણીને કહી, મુકત કરાવવા "

સુમતિને સુનીતિનુ કથન યોગ્ય લાગ્યુ, અને તેથી તેઓ બન્ને મંજુલા પાસે ગઇ. મંજુલા શોકમાં બેઠેલી હતી. તેનું મુખ મ્લાન અને દયામણુ થઇ ગયું હતું " મીયાંભાઇ પડે તો પણ પોતાની ટાંગ તો ઉંચી અને ઉંચીજ રાખે છે. " મંજુલાને પોતાનાજ કર્તવ્યના ફળ પોતાને ભોગવવા પડયાં હતાં, પોતેજ ખોદેલા ખાડામા પોતે પડી હતી. પોતાના હાથના કર્યા પોતાને હૈયે વાગ્યા હતા, છતાં પણ તેણી મનમાં તો "હવે વેર કોનાપર લેવું, અને કેવી રીતે લેવું," તેનાજ વિચાર મનમાં ઘડતી હતી

"ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરને પકડાવી તેમને શિક્ષા કરાવતાં, મારૂ પોતાનુંજ પોગળ ખુલ્લુ થશે, એ તો નિશ્ચય, માટે તેમને તો શિક્ષા ન કરાવવી, એટલુજ નહીં, પણ રાત્રિના તેઓજ અત્રે આવ્યા હતા, અને તેઓએજ મારાપર બળાત્કાર કરી, મારી લાજ લૂટી, મારાં જર ઝવેરાત ઉપાડી ગયા. એવો કોઈ પાસે ઇસારો પણ કરવો નહી રાત્રિના બનાવ માટે ખરેખરી જવાબદાર તો દુશ્ચલા અને કપટકળાજ છે. એ રાંડોએ અહી પ્રવૃત્તિશંકર અને ગરૂડદાસને સંતાડયા છે, એ વાત મને જણાવી પણ નહીં, એટલુંજ નહીં, પણ મને ફસાવવા માટેજ મને ઇસારત કરી જણાવ્યુ, કે મારે જલદી ઉપર જવુ. રાંડ કપટકળા મને કહેતી પણ હતી, કે ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકર મારા પ્રેમના ભૂખ્યા છે, અને મને તેમના હાથમાં સોંપવા, તેમની સાથે તે વચનથી બંધાયલી છે, એટલે આ બધું તર્કટ તેણીએજ દુશ્ચલા સાથે મળી, મને ફસાવવા માટે કરેલુ હોવું જોઇએ. મારે માટે પ્રાણ આપનાર અને મારી ટેકીલી સખી વિક્ષેપા મારી સાથે આવતાં રસ્તામાં તેણીને પોતાના ભાઇની બિમા-

રીના સમાચાર મળ્યા, એટલે તે પાછી અમરાવતી ચાલી ગઇ. તે જો અહીં હોત, તો મારી આ દશા ન થાત. રાંડ કપટકળા ! તારી ફોઇએ પણ તારૂં નામ યથાર્થ પાડયું છે **यथा नाम तथा गुणा** તારા નામ પ્રમાણેજ તારામાં ગુણ છે. તું કપટની સાક્ષાત્ મૂર્તિ છે; પણ ચંડાલણી ! તેં કોની છેડ કરી છે, તે તું જાણે છે ? વિષયમાં અંધ બનેલાને ધૂતી, પાયમાલ કરનારી કૂતરી ! તેં જેવા તારા યારોના હાલ કરેલા છે, તેવાજ તારા હાલ હું ન કરૂં, તો મારૂં નામ મંજુલા ન સમજજે ! રાંડ દુશ્ચલાને તો હું અમરાવતી પહોંચતાંજ દૂર કરીશ સુમતિ અને સુનીતિને સપડાવવા આ વખતે તો મેં મહાભારત મેહેનત કરી. બહુજ કાળજીથી કોઇથી પણ કળી શકાય તેવી બાજી રચી હતી, છતાં કોણ જાણે સુમતિ અને સુનીતિના સદ્‌ભાગ્યે, કે બાજી રમતાં કયાં શરત ચૂક થઇ, કે મારા પાસા અવળા પડયા, અને તેમને ફસાવવા જતાં હું પોતે ફસાઇ. પણ કાંઇ નહીં ! ફેર લડેંગે ! સુમતિ તો મારા હાથમાંજ છે. તે કયાં મારાથી ભાગી છૂટવાની છે. મારો ભાઇ વસંત મારા હાથમાં છે, ત્યાંસુધી સર્વે જખ મારે છે. બાકી રહી સુનીતિ. તે રાંડ મારા હાથમાં આવવી કઠણ છે. ”

મંજુલા આવી રીતે વિચારોના માણિકા એક પછી એક ફેરવતી હતી, ત્યાં સુમતિ અને સુનીતિએ તેણીને તેણીની એકાગ્રતામાંથી ભ્રષ્ટ કરી.

સુનીતિઃ—બેન મંજુલા ! કોઇ માઠા ગ્રહ આપણને નડયા જણાય છે. દાગીના ચૂલામાં પડયા પણ તમને જે અસહ્ય દુઃખ સહન કરવું પડયું, તેથી અમને બહુ લાગી આવે છે. તમારા પિતાની પ્રતિષ્ઠા બહુ મોટી, એટલે જે હરામખોરો પકડાયા છે, તેમને સજા થશે એ તો નિશ્ચય, પણ સાથે આપણો માલ પણ આપણને મળશે.

મંજુલાઃ—માલ તો મળી રહ્યો, અને ચોરો પણ પકડાઇ રહ્યા. એ તો ફોકટના ફાંફાં છે, ફાંફાં ! નિરપરાધી પકડાયા છે, અને ખરા ચોર તો પલાયન કરી ગયા. હાલ મારો બોલવાનો વખત નથી.

સુનીતિ—શું ત્યારે પૂજારીના છોકરાઓ ચોર નથી ?

મંજુલા—ના.

સુનીતિઃ—ત્યારે તેઓ બીચારા છૂટે એમ થવું જોઇએ. નિર્દોષ બ્રાહ્મણોને શિક્ષા થાય, એ સારૂં ન કહેવાય !

મંજુલા—તારી વાત બરાબર છે. પણ આપણે શું કરી શકીએ એમ છે ? જો મને કોઈ પૂછવા આવશે, તો હું જણાવી દઇશ, કે આ બ્રાહ્મણો ચોર નથી, તેમ તેમના પર મને શક પણ નથી આપણા કરેલાં કર્મોનાં ફળ ભોગવીએ છીએ, અને વળી પૂજ્ય બ્રાહ્મણોને શિક્ષા કરાવી આપણે વધુ અપરાધી ન બનશું.

સુમતિ—મંજુલા બેન ! આપનું ચિત્ત હમ્મેશ દયાળુ અને કોમળ છે, માટે બેન ! ગમે તેમ કરી, આ બિચારા નિર્દોષ બ્રાહ્મણોને છોડાવજો.

મંજુલા—ઠીક છે ! જો ન્યાયાધીશ તરફથી મારી સાક્ષી લેવામાં આવશે, અથવા જમાદાર પેલા બ્રાહ્મણોને તેડી "ચોર"ને ઓળખાવવા મારી પાસે આવશે, ત્યારે હુ મારી જુબાનીમાં જણાવીશ કે આ લોકો ચોર નથી. તમે ખાતરી રાખજો, કે હું આ બ્રાહ્મણોને ઉની આંચ આવવા નહીં દઇશ.

મંજુલાને સુમતિના બોલવામાં ચેષ્ટા લાગી સુમતિ તેને ખરા અંતઃકરણથી "દયાળુ અને કોમળ હૃદયની' કહે, તે તે પોતાની મશ્કરી સમજી; પણ આ વખતે તે લાચાર બની ગઇ હતી, તેથી તે આ શબ્દો ગળી ગઈ

પૂજારીના બે છોકરાને તે ગામના ન્યાયાધીશ પાસે ઉભા રાખવામાં આવ્યા, નગરપાલોની જુબાની લેવાઇ, અને તેઓએ મંજુલા પાસેથી આ બ્રાહ્મણો "ચોર" છે, એવી ઓળખાણ લીધી હતી કે નહીં, તે પ્રશ્ન તેમને પૂછવામાં આવ્યો નગરપાલોએ જવાબમાં જણાવ્યું કે ' મંજુલા બહુ ગભરાયલી હતી, એટલે તેણીની સાક્ષી લેવાઇ શકી નથી "

" જ્યાં સુધી મંજુલા તેમને ચોરતરીકે ન ઓળખાવે, ત્યાં સુધી તેમને છૂટા મૂકી, તમારે તેમનાપર સખ્ત દેખરેખ રાખવી

જોઇતી હતી, પણ તેમને "ચોર" સમજી, અંધારી કોટડીમાં પૂરવા ન હતા આ પ્રમાણે પૂરતી તપાસ કર્યા વગર, આ બ્રાહ્મણોને તમે નાહક દુઃખ દીધું, તે તમે બહુ ખોટું કર્યું છે. તમે તેમને મારી પાસે હાજર કરો છો, ત્યાં સુધી પણ મંજુલાની જુબાની લીધી નથી, એ કેટલુ ખોટુ કહેવાય? હવે તમારામાંથી એક જણ આ બે બ્રાહ્મણોને મંજુલા પાસે લઇ જાઓ, અને તેણીને પૂછી જુઓ, કે તેણીના દાગીના ચોરનાર તેઓ છે કે નહી?"

એક નગરપાલ બ્રાહ્મણના છોકરાઓને લઇ, મંજુલા પાસે આવ્યો, અને તેણે "આ છોકરાઓ તમારા દાગીના ચોરનાર છે કે કેમ" એવો પ્રશ્ન મંજુલાને કર્યો મંજુલાએ તેઓ "ચોર નથી" એમ જણાવ્યું ન્યાયાધીશ પાસે તે નગરપાલે મંજુલાની તેણીને ઘેર લેવાયલી જુબાની રજુ કરી, એટલે તેણે પૂજારીના છોકરાઓને નિર્દોષ જાહેર કર્યા, અને તેમને છોડી મૂકયા

પૂજારીના બે નિરપરાધી છોકરાઓ દોષમુક્ત ઠર્યા સુમતિની માનતા પણ પૂરી થઇ હતી પૂજારીના કુટુંબને બે છોકરાઓના વિના વાંકે ફસાવાથી જે અનહદ સંતાપ થયો હતો, તેને બદલા તરીકે સુમતિએ દયાની લાગણીથી અમથા મારફત સારી જેવી પૈસાની રકમ મોકલાવી, સંતોષ આપ્યો હવે ભદ્રાદેવીમાં વધુ વખત રોકાવાનું કાંઇ પ્રયોજન ન હોવાથી, બ્રાહ્મણ ભિક્ષુક વગેરેને સારી પેઠે દક્ષિણા આપી, સર્વને પ્રસન્ન કરી, નંદલાલ શેઠનું કુટુંબ રસાલા સાથે અમરાવતી તરફ પાછું ફરવા તૈયારી કરવા લાગ્યુ. રસાલામાંથી કેટલાંક જણ ગાડામાં બેઠાં, કેટલાંક ઘોડાપર સ્વાર થયા, અને નંદલાલ શેઠના કુટુંબના માણસો રથમાં બેઠાં. કપટકળા પણ તેમની સાથેજ અમરાવતી પાછી વળી, પણ જ્યારે તે પોતાના વાહનમાં અંદરને અંદર ભરાઇ બેઠી હતી, અને કોઇને પણ પોતાનું મોં બતાવતી ન હતી ત્યારે મંજુલાબાઇએ તો પ્રચંડ કાલિકાનો અવતાર ધારણ કર્યો હતો. પોતામાટે એક જૂદોજ રથ જોડાવી, તેમાં તે દુશ્શલા સાથે બેઠી હતી, અને તે રથને સુમતિ અને સુનીતિથી દૂર હંકાવતી હતી.

પ્રકરણ ૧૩ મું.

ઇર્ષ્યાળુ કૌતકના વિચારોમાં પરિવર્તન.

When vengeance is taken into human hands, it somehow defeats itself It may inflict confusion and ruin on the adversary, but it never fails to tell in some way on the inflictor. It may be only in mental regret, regret that may not set in until after long years, but rely upon it, it never fails in his remorseful heart to wish the past could be undone. A regret such as this we have to carry with us to the grave, for it can never be remedied; the revengeful act cannot be blotted out. It has been done, and it stands with its consequences for ever, consequences that we never could have foreseen.*

કૌતક જોશી જે વખતે શાન્તિરામ ભટ્ટ અને નંદલાલ શેઠપર વેર લેવાના આવેશમાં આવી ગયો હતો, તે વખતે તો તેણે ગુમાન અને તેના નરપિશાચ મંડળની

---

* માનવ જાત જ્યારે બીજાના અપકૃત્ય માટે શિક્ષા કરવાનું પોતે હાથમા લે છે, ત્યારે તે શિક્ષા કોઇપણ પ્રકારે સ્વત પરાભવ પામે છે. શિક્ષા શત્રુને સંભ્રમમાં નાખી, તેનું અધઃપતન કરે છે, તે છતાં કોઇપણ રીતે શિક્ષા કરનાર પર તેની અસર થવા વગર રહેતી નથી. તેને માત્ર માનસિક પશ્ચાત્તાપ થાઓ, તે પશ્ચાત્તાપ બહું વર્ષ પછી થાઓ, પણ આ વાત નિશ્ચય માનજો, કે તેના પશ્ચાત્તાપ પામતા હૃદયમા એવું થવા વગર રહેવાનુંજ નથી, કે મેં જે કર્યું છે, તે ન કર્યું હોત, તો સારૂં. આ પ્રકારનો હૃદયનો આઘાત આપણને આપણા મૃત્યુપર્યંત ભોગવવો પડે છે, કારણ કે આ આઘાતને દૂર કરવાનો કાંઇ ઉપાયજ નથી. વેર લેવા કરેલા કૃત્યને આપણે ભૂંસી શકતા નથી. આપણે તે કર્યું, અને તેનાં પરિણામ શાશ્વત્ રહે છે, તે પરિણામ એવાં હોય છે, કે તેમની પૂર્વકલ્પના થઇ શકતી નથી.

સહાયતા લેવાનો વિચાર કર્યો હતો, પણ કૌતક કાંઇ પેલા નરપિશાચોના જેવો પત્થરહૃદયનો, કે શુન્ય હૃદયનો ન હતો. કૌતકને હૃદય હતું. તે બ્રાહ્મણ હતો. તેના પેટમાં નંદલાલ શેઠનાં દૂધ, સાકર, અને અન્નોદક ગયાં હતાં. નંદલાલ શેઠના ઘરમાંથી તેણે ખાન, પાન અને લાભ મેળવ્યાં હતાં. નંદલાલ શેઠ તેનો આશ્રયદાતા હતો. નંદલાલ શેઠનુ નિકંદન કાઢવામાં તે સામેલ-થાય તો તે જગતમાં હડહડ થાય એટલુંજ નહીં, પણ તેને કોઈ બારણાપર ઉભો પણ રહેવા દે નહી, અને આ સસર તેને વિષરૂપ થઇ પડે તેનો સર્વે ઠેકાણેથી પોતાના જીવન પર્યન્ત રોટલો બંધ થાય. જો તેની આવી સ્થિતિ થાય, તો તે શુ પોતાનું જીવન એક લૂટારા તરીકે, એક નરપિશાચ તરીકે વ્યતીત કરે ? કૌતકને અદ્યાપિ પર્યન્ત આવા નિર્દય કે નિષ્ઠુર સંસ્કારો પડયા ન હતા. ત્યારે તે જાટેશ્વર મહાદેવના મંદિરમાં શા માટે ગયો હતો ? ગુમાનના મંડળ સાથે તે શા માટે ભેળાયો હતો ? આ પ્રશ્નોનો એકજ પ્રત્યુત્તર છે, અને તે એજ છે. કે તે ક્ષણિક આવેશનુ પરિણામ હતું કોતકનો ઇર્ષ્યાનો આવેશ શમી જતાં, તેના વિચારો સર્વે પલટાઇ ગયા.

"હું કોણ? નંદલાલ શેઠનો મારો સંબંધ શો? મેં તેમનું બહુ લાંબા કાળથી લૂણ ખાધુ છે. તેણે મને પુત્રવત્ પાળ્યો છે. તેને શું મારા તરફથી આવો બદલો મળે ? શિવ! શિવ! એમ કદી બનવાનું નથી. પેલા ચંડાળો તો તેમને છાજે તેમ કરે, પણ મારાથી આવાં નિષ્ઠુર અને પાપી કૃત્યો ન થાય તે લોકો કદી સપડાયા, તો કારાગાર તેમનાં ઘર છે તેમની સાથે મારે પણ કારાગ્રહમાં જવું ? ના, ના; એમ કદીપણ બનવાનુ નથી. મને વૈર છે તો શાંતિરામ ભટ્ટ સાથે! પણ તે તો છે પ્રવાસી, એટલે, બે દિવસનો મેમાન. શાંતિરામ જતાં નંદલાલ શેઠ શું મને મૂકી દેશે? નંદલાલ શેઠ પોતે અતિ પરોપકારી છે, એ નિઃસંશય, એટલે તે મને મૂકી તો ન દેશે. ત્યારે હવે મારે કરવું શું ? શું મૌન્ય ધારણ કરી હું થોડા દહાડા મારે ઘેર બેસી રહું ? પણ તેમ કરતાં, અને નંદલાલ શેઠને આ દુષ્ટ લોકોની હિલચાલની ખબર ન આપતાં, નંદલાલ શેઠનું નિ-

કંદન નિકળશે. ઠીક ત્યારે, હું નંદલાલ શેઠને ઘેર જાઉં અને તેને ભયની ચેતવણી આપું ? પણ તેમ કરતાં નંદલાલ શેઠ સાથે પેલો શાંતિરામ પણ બચી જાય છે, અને તે ઉપરાંત મે પેલા દુષ્ટોને આપેલ પ્રતિજ્ઞાનો ભંગ થાય છે નંદલાલ શેઠ બચી જાય, એ વાત મને ગમતી છે, પણ શાંતિરામ તો ન બચી જવો જોઇએ, અને તેમ મારી પ્રતિજ્ઞાનો પણ ભંગ ન થવો જોઇએ ? દાવાનળ પ્રગટે, ત્યાં સૂકાં કાષ્ટ સાથે લીલાં પણ બળી જાય. શાંતિરામ ભટ્ટનું નિકંદન નિકળતાં, નંદલાલ શેઠનો પણ વિનાશ થશે થવા દ્યો તેમ મારી પાસે જેનો ઉપાય નહી, તે માટે હું શુ કરૂં ? મારે માટે વધારે ઈષ્ટ તો એજ છે, કે મારે, મારે ઘર થોડા દિવસ મૌન બેસવું, અને જોયા કરવુ કે શું થાય છે" આવા વિચાર તરંગોમાં કૌતક જોશી તણાતો હતો

કૌતક જોશી પોતાના કરેલા નિશ્ચય પ્રમાણે થોડા દિવસ સુધી પોતાને ઘેર મૌન અને નિશ્ચિંત રહ્યો. પણ જેને માથે પેટપર પગ મૂકનાર શાન્તિરામ જેવો શત્રુ આ જગત્માં અસ્તિત્વ ધરાવતો હોય, તેને રાત્રે સુખે નિદ્રા પણ કેમ આવે ? તેનાથી ધૈર્ય પકડી મૌન કેટલા દિવસ બેશી રહેવાય? કૌતક જોશીના વિચાર વળી પલટાયા. તેને હવે જે વિચાર આવવા લાગ્યા તે આ પ્રમાણે હતા —

"આમ તે હું કેટલા દિવસ બેસી રહું. પેલા શાન્તિરામને છે કોઈ જાતની ચિંતા ? તેને તો વગર શ્રમે સારૂ સારૂ ખાવાનું પીવાનું અને ઉત્તમ પ્રકારના વૈભવ માણવાનુ મળે છે, એટલે તે નંદલાલનું ઘર મૂકેજ શા માટે ? જે ચિતા છે તે મને છે. તેના આવવાથી નંદલાલ શેઠના ઘરમાંથી પગ મારા ટળ્યા છે. જો હું મારા શત્રુને દાબી દેવા તરત પ્રયાસ કરીશ નહી, તો તેનું પરિણામ એ આવશે, કે મારો હમ્મેશને માટે નંદલાલ શેઠના ઘરમાંથી પગ ટળશે.

जातमात्रं यः शत्रुं व्याधिं च प्रशमं नयेत् ।
महाबलोऽपि तेनैव वृद्धिं प्राप्य स हन्यते ।।पंचतंत्र।।

અર્થાત્, જો ઉગતા શત્રુ અને રોગને તરત શમાવવામાં ન આવે, તો તેઓ વૃદ્ધિ પામતાં અત્યંત બલવાનનો પણ નાશ કર-

વા સમર્થ નીવડે છે. જો હું દૈવપર ભરોસો રાખી બેશી રહીશ, અને નંદલાલ શેઠના ઘરમાં શાન્તિરામ ભટ્ટનો પગ વધુ વખત રહેવા દઈશ, તો પરિણામે તે મને હાનિ કર્તા થશે. માટે, ઉઠ જીવ ! અને કર ઉદ્યમ.

उद्यमं साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः
षडेते यत्र वर्तन्ते तत्र देवः सहायकृत् ।।सुभाषित।

અર્થાત્, ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ એ છ જ્યાં હોય, ત્યાં દૈવ પોતે સહાય્ય કરે છે

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी
दैवं हि दैवमिति कापुरुषा वदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ।।पंचतंत्र।।

અર્થાત્, જે પુરૂષસિંહ ઉદ્યોગમાં રચ્યો મચ્યો રહે છે, તેની પાસે લક્ષ્મી આવે છે. દૈવપર કુપુરૂષોજ ભરોસો રાખે છે, દૈવને કોરે મૂકી યથાશક્તિ પુરૂષાર્થ કરો પુરૂષાર્થ કરતાં કાર્ય સફળ ન થાય તો દોષ કોનો ? હું હવે એક વખત નંદલાલ શેઠને ઘેર જઈશ. ત્યાં જતાં શાન્તિરામ ભટ્ટની તપાસ થશે, એટલુંજ નહી, પણ તેની સાથે જો હું શાસ્ત્રાર્થ કરી તેને હરાવું, તો નંદલાલ શેઠના ઘરમાંથી તેનો પગ નીકળશે, અને ત્યાં મારો ફરી પગપેસારો થશે એમાં શક નથી.”

કૌતક જોશી હવે નંદલાલ શેઠને ઘેર આવ્યો, અને એક માણસ મારફત તેણે વેણીરામવાળી મેડીમાં પોતાના આવ્યાની ખબર પહોંચાડી ત્યાં નંદલાલ શેઠ શાન્તિરામ ભટ્ટ પાસે બેઠા હતા કૌતક જોશીએ મોકલેલ માણસે ત્યાં આવી કૌતક જોશીના આવ્યાની ખબર આપી, એટલે, “કૌતક જોશી કોણ ?” એ પ્રશ્ન શાન્તિરામ ભટ્ટે નંદલાલ શેઠને સહજ પૂછ્યો. “તે અમારા જ્યોતિષી છે. આપ અહીં પધાર્યા, ત્યારથી એ જોશી અમારે ત્યાં નથી આવ્યા. આપના

આગમન પછી માત્ર આજેજ તેણે કૃપા કરી છે, ” નંદલાલ શેઠે શાન્તિરામને તેના પૂછેલા પ્રશ્નનો ખુલાસો કર્યો.

“ જોશી મહારાજનુ આગમન અમને સર્વદા આવકારદાયક જ છે. તેઓ ભલે સુખેથી અત્ર પધારે ” એ પ્રમાણે નંદલાલ શેઠ અને શાન્તિરામ ભટ્ટે કૌતક જોશીનો સંદેશો લાવનાર સાથે કહાવી મોકલ્યુ થોડાજ વખતમાં તે માણસ કૌતક જોશીને ત્યાં તેડી લાવ્યો.

“ કેમ મહારાજ ! આટલા દિવસ આવતા ન હતા ? અમારા પર અવકૃપા હતી કે શુ ? ” નંદલાલે કૌતકને સહજ પૂછ્યું.

“ નહીં ! નહીં ! એમ કયારે હોય કે ! આપ તો મારા અન્નદાતા છો આપના ઉપર મારી અવકૃપા હોય ! પરંતુ કામના દબાણને લીધે મારાથી આવી શકાયુ નથી, તેથી ક્ષમા કરશો, ” કૌતકે ઉત્તર વાળ્યો

“ મહારાજ ! શાન્તિરામ અમારે ઘેર આવ્યા, ત્યારથી આપના આજેજ પ્રથમ દર્શન થાય છે. ભટ્ટજીને તેડવા કે તેમને મળવા આવવું તો આપનું એક બાજુ રહ્યું, પણ ત્યારથી આપ તો અમારે ઘેર આવતા પણ બંધ થયા ! ” નંદલાલે જરા કરડાઇથી કહ્યુ.

“ મારી એ ભૂલ ખરી, પણ દેવ કૃપાળુ છે, એટલે તેઓ મને તે માટે ક્ષમા કરશે, ” કાતક જોશીએ ભટ્ટજી તરફ જોઇ કહ્યું.

“ અરે ! રામ, રામ ! કરો. એમાં ક્ષમા કેવી, દેવ કેવા અને દયાળુ શાના ! જોશીજી ! આપ તો મારા પણ પૂજનીય છો. આપ આ ગામમાં બહુ પ્રતિષ્ઠિત જ્યોતિષી છો, એટલે મારા જેવા પંથીજનોને તો બમણો લાભ કહેવાય, સમજ્યા, મહારાજ ! આપના દર્શનથી આજે મને બહુ આનંદ થયો છે, ” આ પ્રમાણે શાન્તિરામ ભટ્ટ વચ્ચમાં બોલી ઉઠયા, અને કૌતકને વિવેક દર્શાવવા, બે હાથ જોડી, ઉઠી, ઉભા થઇ, તેને પોતા પાસેના આસનપર પોતાને હાથે બેસાડયા.

"મહારાજ! આપ જ્યોતિર્વિદ્યામાં તો પ્રવિણ છો. પણ તે ઉપરાંત બીજો કાંઇ વિદ્યાભ્યાસ છે?" કોતક જોશીએ વાત ઉપડી.

"કાંઇ વેદભાષ્યો, થોડું વ્યાકરણ, ન્યાય, વૈશિષક, સાંખ્ય, મિમાંસા, યોગ, વેદાંત, વગેરે દર્શનો અને વૈદ્યક જોયાં છે, અને તે સર્વે આપ જેવા બ્રહ્મદેવની કૃપાનુજ પરિણામ છે," શાન્તિરામે શાંતિ અને વિનયથી પ્રત્યુત્તર આપ્યો.

"તે તો પરસ્પર કૃપા થયાજ કરે છે," કાતકે સ્મિત વદને કહ્યું.

"આપ મારે ઘેર ઘણે દિવસે આવ્યા છો, તો આજે એક પંથ દો કાજ જેવુ થયુ છે. આજે મારે કાંઇ પ્રશ્ન પૂછવા છે, અને શાંતિરામજી પણ પાસે બેઠેલા છે, એટલે તે પણ એક લાભ કહેવાય. આપ જાણો છો કે મારા વસંતની વહુ અને મંજુલા ભદ્રાદેવીની યાત્રાએ ગયા છે, તેને આજ દશ બાર દિવસ થયા, છતાં હજી આવ્યાં નથી. તેઓ ત્યાં કુશળ છે કે કેમ, તે કૃપા કરી જોઇ આપો," નંદલાલે પ્રશ્ન કર્યો.

કોતક જોશી પંચાંગ કાઢી, આંગળીઓના વેઢા ગણવા લાગ્યા, અને શાંતિરામ પોતાની નાસિકાદ્વારના સ્વર તપાસવા લાગ્યા. થોડી વાર પછી મેષ, વૃષભ, કુંભ, મીન ગણતાં કોતક જોશીએ જણાવ્યું કે થોડાજ વખતમાં સર્વે ભદ્રાદેવીથી કુશળ આવી પહોંચશે, અને કોઇ પણ પ્રકારે ચિંતા કરવા જેવુ નથી.

"શાંતિરામ! આપને કેમ લાગે છે?" નંદલાલે પૂછયું

શાંતિરામની ડાબી આંખ ફરકવા લાગી અને સૂર્યસ્વર લાગ્યો, એટલે તેણે નંદલાલને જણાવ્યું કે "સુમતિ, મંજુલા, અને સર્વે પરિવાર વર્ગ આવતી કાલે આવશે; પણ તેની સાથે તમને કાંઇ અશુભ સમાચાર મળશે."

"આપ એવું શા આધારે જણાવો છો?" કોતકે શંકાશીલ બની શાંતિરામને પૂછયું.

"જે આધારે હું કહું છું તેની કુંડલી તમે બનાવી છે, તેમાં સ્પષ્ટ સમજાય તેમ રાહુ અને શનિ ખરાબ દેખાય છે," શાંતિરામે શાંતિથી પ્રત્યુત્તર આપ્યો.

"ના ! ના ! એમ નથી. રાહુ સારો છે, અને શનિ લાભ ભુવનને જુએ છે, એટલે મને તો કાંઈ અનિષ્ટ જેવું લાગતું નથી," કૌતકે પોતાનો કક્કો ખરો કરવા આગ્રહપૂર્વક જણાવ્યું.

"મહારાજ ! કયાં દૂરની વાત છે. જે હશે તે કાલે જણાઇ આવશે," શાંતિરામે જણાવ્યું.

"આવતી કાલ કાંઇ કુંડલીમાં જણાવેલ નથી. આપે આવતી કાલ જણાવી, તે કયા જ્યોતિઃ શાસ્ત્રને આધારે જણાવી, તે કૃપા કરી જણાવશો ? જ્યોતિઃ શાસ્ત્રમાં ફળાદેશ ચોક્કસ મળતાં આવતાં નથી. તેમાં ઋષિ ઋષિઓના મત જૂદા છે માત્ર જ્યોતિષગણિત એકસરખું આવે છે. આપનું તો ભવિષ્ય કથનજ કાંઇ અદ્ભૂત જણાય છે "તેઓ કાલે આવશે અને અશુભ સમાચાર લાવશે," આટલુ ભવિષ્ય સૂચન એ આપની ભૂતવિદ્યા છે, કે પિશાચવિદ્યા છે? જ્યોતિ શાસ્ત્ર તો આવું ભવિષ્ય ભાખતાં ન શીખવે !" કૌતકે પોતાની વિદ્વતા દર્શાવવા માંડી.

"વારૂ તમારી પાસે ભૃગુસિંહતા છે ?" શાંતિરામે પ્રશ્ન પૂછયો.

"ના ! નથી ! તેમાં વળી શું વિશેષ લખ્યું છે ? તેમાં તો ગ્રહ કુંડલીઓ છે," જોશીજીએ પતાવ્યું.

કૌતક જોશી અને શાંતિરામનો આ પ્રકારનો વાદ નંદલાલ શેઠને રૂચ્યો નહીં. તેણે તરત કૌતક જોશીને જણાવ્યું, "મહારાજ ! આપે આમ અસભ્યતાથી ન બોલવું જોઈએ. પોતાને ન આવડતું હોય, તો આ સમર્થ પંડિતો પાસેથી શીખી લઇએ, પણ આવેશમાં ન આવીએ. સમજ્યા મહારાજ ! આપને મારા બોલવાથી કાંઇ માઠું લાગ્યું હોય તો મને ક્ષમા કરજો."

નંદલાલ શેઠના આ શબ્દોથી કૌતક જોશીને બહુ માઠું લાગ્યું, એટલે તેણે શેઠને ક્રોધના આવેશમાં આ પ્રમાણે ચોખ્ખું જણાવી દીધું:—

" શેઠજી ! હું પણ આપને જણાવું છું, કે, આપ આવા શાસ્ત્રાર્થમાં ન સમજો. આપ મોટા માણસ. એટલે બીજાનું અપમાન થતું હોય, તે આપના ધ્યાનમાં ન ઉતરે શેઠજી ! હાલમાં આપના સ્વભાવમાં બહુ ફેર પડી ગયો છે, અને તેથી મારાં અન્નોદક આપના ઘેરથી ઉઠયાં એમ મને લાગે છે. જો એમ ન હોત, તો આપ આમ બોલત કે ? શાંતિરામે કયા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, તેનો આપને શો અનુભવ હોય, કે આપ મને એમ કહોછો, કે, મારે આવા પંડિતો પાસેથી શીખવું જોઇએ ! શેઠજી ! આપ આમ ખુલ્લો પક્ષપાત કરો, એ ઠીક ન કહેવાય !"

" ભાઈ, કૌતકરામ ! હુ તો આપનો દાસ છું આપને માઠું લાગે તેવું હું કાંઇ બોલ્યો નથી, છતાં આપને તેમ લાગતું હોય, તો મને તે માટે ક્ષમા કરો, " શાંતિરામે પોતાની નમ્રતા દર્શાવી.

" થઇ રહ્યું મહારાજ ! જ્યાં बाबावाक्यं प्रमाणम નુ રાજ્ય ચાલતું હોય, ત્યાં અમારૂં કામ નહીં. વિશેષમાં તો મહારાજ ! આપ પોતે સમજો છો કે ब्राह्मणो ब्राह्मण दृष्ट्वा श्वानवद् गुरगुरायते શેઠજી ! હું હવે રજા લઇશ. પ્રભુ આપનો જય કરો, " કૌતકે અતિ આવેશમાં આવી જઇ કહ્યું.

" બહુ થયું મહારાજ ! વાત વાતમાં તમને ખોટું લાગી આવ્યું. મારાથી આપને જો અધિક કહેવાઇ ગયું હોય, તો તે માટે મને ક્ષમા કરશો. આવશો તો આપનું ઘર છે, અને આપ જો જતા જ હો, તો આપની ઇચ્છા, " નંદલાલ શેઠે કૌતકને રૂડું મનાવવા કહ્યુ.

" શેઠજી ! હવે મારી ઇચ્છા થઈ રહી, " આમ બોલી કૌતક જોશી ત્યાંથી આવેશમાં ચાલી નિકળ્યા.

" શેઠજી ! આપે તેમને આગ્રહ કેમ ન કર્યો ? " શાંતિરામે નંદલાલ શેઠને પૂછ્યુ.

"તેની પ્રકૃતિ હું જાણુ છું. આપ તેને માટે ચિંતા ન કરશો, " નંદલાલે જવાબ આપ્યો.

કૌતકજોશીના વિચારો આવેશમાં વળી બદલાયા. " અરેરે ! દયાનો યુગ તો ગયો ! હવે તો पाखंडिनः पूज्यन्ते लोकैः અર્થાત

પાખંડીઓજ પૂજાય છે અને પંડિતો હડસેલા ખાય છે. જ્યાં સુવર્ણ અને પિત્તલ, દૂધ અને પાણી, હીરો અને કાચ, વગેરેની એકજ કિંમત અંકાય, ત્યાં મારી પરીક્ષા કોણ કરશે? નંદલાલની બુદ્ધિ તો જુઓ? જાણે પોતે મહા પંડિત હોય, અને પડિતાઇની પરીક્ષા જાણે પોતેજ કરી શકતો હોય, તેમ મને કહે છે, કે, ભટ્ટજી પાસેથી મારે બોધ લેવો! આવા શબ્દોથી મને માઠું કેમ ન લાગે? નંદલાલની તો બુદ્ધિ બગડી છે હું તો એમ સમજતો હતો, કે મેં એનું અન્ન ખાધું છે, અને તે પોતે ધર્માત્મા છે, એટલે એને બચાવવો, પણ જ્યાં એના નશીબજ વાંકા, ત્યાં હું શું કરૂ? એતો બધું ઠીક. પણ હવે મારે શું કરવુ? હાં! મને એક યુક્તિ સુઝે છે; હું હવે મંજુલાનો આશ્રય શોધીશ. શેઠાણી છે દોઢ ડાહી. એટલે, મારે જરા જીભને કસવી પડશે, અને તેમ કર્યા શિવાય ચાલે તેમ પણ નથી. આવતી કાલે હુ શેઠાણી પાસે જઈશ, અને શેઠ જ્યારે ઘરમાં ન હશે, ત્યારે તેણી પાસે નિયમિત આવ જાવ કરીશ, અને મારી વિદ્યા અજમાવીશ. ગુમાન જેવા સાથે કામ પાડવું, તેના કરતાં આમ ઠીક છે. વળી ચંડીના પાઠનો પણ પ્રારંભ કરી દઇશ આટલું કાંઇ ઓછું નથી. મંત્ર જત્રમા મને કોઇ પહોચે તેમ નથી! શેઠાણી છે વેહેમનું ઘર, અને મંજુલા છે મોજ મજાનું પૂતળુ, એટલે તે બન્નેને મારા હાથમાં રમકડાની માફક રમાડીશ. ઠીક! ચાલો! હાલતો જઇએ આપણે ઘેર; પછી જોઇ લેશું. સાંજ પડી છે, અને અધારૂં થવા આવ્યું છે, અને મારે સાયં સંધ્યા પણ કરવી છે." આવી રીતે મનમાં ને મનમાં ઘાટ ઘડતો, આશાના લાડુ વાળતો, કૌતક પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૧૪ મું.

અબલા કે પ્રબલા.

अबला यत्र प्रबला बालो राजा निरक्षरो मंत्री
न हि न हि तत्र धनाशा जीवित आशापि दुर्लभा भवति ॥

કાહુ ન અબલા કર શકે, કહા ન સિંધુ સમાય
કહા ન પાવક જળ શકે, કહા કાલ નહીં ખાય.

કૌતક જોશી નંદલાલ શેઠના ઘેરથી રીસમાં ચાલ્યો ગયો, ત્યાર પછી નંદલાલ શેઠ શાન્તિરામ ભટ્ટ સાથે થોડુંક બહાર ફરી આવ્યા, અને અંધારૂં થતાં ઘેર પાછા આવ્યા. વાળુ કરવાનો સમય હોવાથી નંદલાલ શેઠ શાંતિરામ સાથે જમવા બેઠા ! જમ્યા પછી થોડી વાર નંદલાલ શેઠ પોતાની ખાનગી ઓરડીમાં એકલા બેઠા. શેઠને જરા એકાંત મળી, એટલે તેઓ ચિંતામાં પડયા. “ મહાત્મા શાન્તિરામે પ્રથમ જે ભવિષ્ય કહ્યું હતું, તે અક્ષરશઃ સત્ય નિવડયું, અને તેના ભવિષ્ય કથન-પર વિશ્વાસ રાખી ઉપાય કરતાં, મારી જે લાજ અને આબરૂ જવાની હતી, તે જતાં બચી ગઇ. આ વખતે કૌતક જોશીએ જે ભવિષ્ય કહ્યું છે, તેથી મહાત્મા શાન્તિરામનું કથન જૂદું છે, છતાં મને તો મહાત્મા શાન્તિરામના કથનપર વધુ ભરોસો છે. શાંતિરામ જણાવે છે, કે, વસંતની વહુ મંજુલા અને સર્વ પરિચાર વર્ગ જે ભદ્રાદેવી ગયા છે, તે ત્યાંથી કાલે પાછા આવશે, પણ સાથે માઠા સમાચાર લાવશે. આ માઠા સમાચાર શું હશે ? વસંતની વહુ જ્યારે અહીંથી રવાની થતી હતી, તેજ વખતે મંજુલાએ તેની સાથે જવા હઠ પકડી હતી, અને પ્રયાણને શુભ પ્રસંગે તેણીએ કંકાસ આદર્યો. અવળા શુકન જોઇ, પ્રયાણ કરવાથી. કોઇ કાળે સારૂં પરિણામ આવતું નથી. વહુ બિચારી ભલી અને શિયળવતી છે, અને મંજુલા તેને હમ્મેશ

પજવ્યા કરે છે, એ હું જાણુ છું. પણ શું કરૂં ! એ બાબતમાં હું નિરૂપાય છું. ઘરના કકાસમા હું કોઇને કહેવા જાઉછું, તો ઘરના ફજેતા થાય છે. ભદ્રાદેવીમાં પણ મંજુલાએ વહુને પજવી હશે, અને માઠા સમાચાર પણ તે સબંધી હશે. નક્કી એમજ હોવું જોઇએ. ખરૂં શુ છે, તે તો તેઓ આવે ત્યારેજ જણાય.” આ પ્રકારના એક પછી એક વિચાર, નદલાલ શેઠના મનમાં આવ્યા કરતા હતા. નંદલાલ શેઠ સાથે કાંઇ વાત કરવા ત્યા શેઠાણી પણ આવી. શેઠને ચિંતાગ્રસ્ત જોઇ, શેઠાણીએ તેમને તેમની ચિતાનું કારણ પૂછયું. શેઠે શાન્તિરામે જે ભવિષ્ય કહ્યું હતું, તે તેને કહી સભળાવ્યુ બહુ વખત થયો મજુલાના સમાચાર ન હતા, તેથી શેઠાણીને પોતાને પણ ચિંતા થતી હતી, અને જ્યારે તેણીએ પોતાના પતિ તરફથી આ સમાચાર સાંભળ્યા, ત્યારે તેણીની ચિંતામાં વૃદ્ધિ થઇ

‘મે તને પેહેલેથીજ કહ્યું ન હતું, કે, વહુ સાથે મજુલાને બનતું નથી, એટલે વહુ સાથે મંજુલાને મોકલવાથી સારૂં પરિણામ નહી આવે. મજુલાએ પણ જેમ પોતાની હઠ મૂકી નહી, તેમ તારો પણ મંજુલાને વહુ સાથે મોકલવા તેટલોજ દુરાગ્રહ હતો. મગલ પ્રસંગે જ્યાં દુરાગ્રહ થાય, ત્યાં કદી સારૂ પરિણામ આવતું નથી મંજુલાને અને વસતને મોઢે ચડાવી, તેં બહુ બહેકાવ્યા છે. તેનું વિપરીત પરીણામ આપણે અનુભવીએ છૈએ, અને હજી પણ આપણને શું અનુભવવું પડશે, તે પરમેશ્વરને ખબર,” નંદલાલ શેઠે શેઠાણીને ઠપકો આપતાં જણાવ્યું.

“ જેમને છોકરાં નથી તેના મોં તો જુઓ ! સોનું અને સુગંધ બન્ને કોઇ દિવસ સાથે હોય કે ? સંતતિ હોવી, એતો વડીલોના જ પ્રતાપ સમજવા. જુઓને ! સુમતિ વહુના પિયરે સુમતિ શિવાય કાંઈ સંતતિ છે ? માત્ર ધનને શું કરવું છે ? સંતતિ વગર ધન શા કામનું ? મંજુલા અને વસંત બન્ને હજી બાળક કહેવાય આપણે બેઠા છૈએ, ત્યાં સુધી, છે કાંઈ એમને પરવા ! મોટા થશે, અને સંસારનો બોજો તેમના પર આવી પડશે, ત્યારે

પોતાની મેળે ઠેકાણે આવશે. મંજુલા અને સુમતિ વહુ ઘરમાં નથી, તેથી મારૂં મન પણ બહુ મુંઝાય છે. તેમને હું એક ઘડી પણ મારાથી વેગળી કરતી નહી. અને આજે બાર બાર દિવસ થયા, છતાં, તેમના તરફથી કાંઈ સમાચાર નથી તેથી, તેમના માટે મને બહુ ચિંતા થાય છે. આજે મારૂ જમણું અંગ પણ ફરકે છે, અને અન્ન પણ ભાવતું નથી કોણ જાણે શું અશુભ થવાનું છે?

નંદલાલ શેઠ અને તેની પત્ની આ પ્રમાણે વિચાર સમુદ્રના તોફાની તરંગોમા તણાયા જતાં હતાં આજની રાત્રિ પણ તેમને ચિંતાને લીધે વસમી લાગી. ચિંતામાં પળ ઘટિકા જણાવા લાગી, ઘટિકા પ્રહર જણાઇ, અને પ્રહર દિવસ જણાવા લાગ્યા " મહાત્મા શાંતિરામને ત્યાં રાત્રિ ગાળવાથી. તેમનો સદુપદેશ મારી ચિંતા દૂર કરવામાં સહાય્યભૂત થશે " નંદલાલ શેઠને એ વિચાર આવવાથી તેઓ વેણીરામ વાળી મેડીએ સૂવા ગયા, અને રાત્રિ ત્યાંજ ગાળી. રાત્રિના છેલ્લા પ્રહરે, અમથાએ નદલાલ શેઠને ઉઠાડયા, અને "અમે ભદ્રાદેવીથી આવી પહોંચ્યાં" એવી ખબર આપી નંદલાલ શેઠે અમથાને પોતાની પાસે બેસાડી, ભદ્રાદેવીના સમાચાર પૂછ્યા. અમથાએ ભદ્રાદેવીની સર્વ વીતક વાર્તા કહી સંભળાવી. શાંતિરામ ભટ્ટ પણ તે વાત સાભળી, નંદલાલ શેઠને પોતે કહેલુ ભવિષ્યનું સ્મરણ કરાવ્યું રાત્રિ બહુ વીતી ગઇ હતી, એટલે અમથો વેણીરામ વાળી મેડીએજ સૂઇ રહ્યો

સુમતિ ઘેર પહોંચતાંજ સાસુને પગે લાગી, અને " અખડ સોભાગ્યવતી થા, " એવો સાસુએ તેને આશીર્વાદ આપ્યો. મંજુલાનુ મોં ક્રોધયુક્ત અને શોકાતુર હતું, એટલે તેની માએ તેને "બેટા, તું ઉદાસ કેમ દેખાય છે?" એવો પ્રશ્ન કર્યો મંજુલાને તો સ્રી ચરિત્રનું નવુ નાટક ભજવવું હતું, સ્રીને " અબલા " કહેવામાં આવે છે, પરંતુ વસ્તુત. તે " અબલા " નથી, પણ પ્રબલા છે, તેને " રમણી " કહેવામાં આવે છે, પણ વાસ્તવિક રીતે તે " રમણી " નથી, પણ " રાક્ષસી " છે, તે વગેરે તેણીને સિદ્ધ કરી આપવું હતું. એટલે તે બોલ્યા ચાલ્યા વગર પુતળાની માફક બેસી રહી. શેઠાણી મંજુલાનો તામસી સ્વભાવ જાણતી

હતી, એટલે તેણીને બોલાવવા વધુ આગ્રહ કરતાં, કાંઇ સાર નીકળશે નહીં, એમ સમજી, તેણીએ તેણીને વધુ બોલાવી નહી. રાત્રિ બહુ ગઇ હતી. એટલે સર્વે પોતપોતાના બિછાનાપર સૂઇ ગયા.

મંજુલા દુરાત્મા હતી. मनस्यन्यद्वचस्यन्यत्कार्येचान्यदुरात्मनाम् અર્થાત્ દુરાત્માના મનમાં હોય એક, બોલે બીજું, અને કરે ત્રીજું. દુષ્ટાત્મા સ્ત્રી, જ્યારે ક્રોધ કરે છે, ત્યારે તે ક્રોધનું ખરૂં કારણ દર્શાવતી નથી તે પોતાના ક્રોધનુ જે કારણ પ્રગટ દર્શાવે છે, તે તેણીના કોપનું ખરૂં કારણ હોતુ નથી, એટલુંજ નહીં, પણ તે કારણ તેણીની મનોવૃત્તિઓને લેશ પણ ક્ષોભ કરતું નથી. * ક્રોધનું કારણ તેણીને પ્રગટ તો કરવુંજ પડે છે, એટલે પોતે એક એવું કારણ શોધી કાઢે છે, કે જેથી દોષારોપણ તેના શત્રુપર થાય છે આવી રીતે સ્ત્રી પોતાના શત્રુપર વેર લે છે સ્ત્રીજાત પોતાના ચરિત્રથી પોતે ધારે તેને પોતાનો ભોગ બનાવી શકે છે. ગમે તેવો ચતુર નર હોય, તે પણ સ્ત્રીનુ ચરિત્ર સમજી શકતો નથી. "સ્ત્રી રહે તો આપથી, અને જાય તો સગા બાપથી"

ઢિકખાટપે આપ કેયાર લગ્યો, શિર ખાવંદકે ધરી નાચ નચાવે,
દુધ પાયકે આપકે તાપ નહી, સુતકોં પતિકોં ઝટ મારી નસાવે;
વહ ગાયકો સિંહ રૂ ગાડરૂ કો, ગજ જેવરિકો કરી સાપ બનાવે,
ટુકદાસ સરૂપ ગિચારીકે દેખિયે, ઔર પતિત કયા ઢોલ બજાવે.

સુમતિ અને મંજુલાને આખી રાત ઉંઘ ન આવી. સુમતિને તો, જ્યારથી તેઓ સર્વે ભદ્રા દેવીથી નિકળ્યા હતા, ત્યારથીજ, મંજુલાએ ધારણ કરેલ અસાધારણ ક્રોધયુક્ત મુખમુદ્રા અને વર્તનથી હૃદયમાં ફાળ પડી હતી. તે બીચારીને આખી વાટ "ઘેર જતાં

---

* It is no uncommon case for women to feel anger in connection with one subject, and to express it in connection with another, which other, perhaps (except as a serviceable mask) would have been a matter of indifference to their feelings.

મંજુલા કોણ જાણે રજનું ગજ કરી, પોતે મહા સતીપણાનો ડોળ ઘાલી, મારા કેવા સંસ્કાર કરાવશે," એ ચિંતા થયા કરતી હતી. ઘેર પહોંચતાં શેઠાણીએ મંજુલાને પૂછેલા પ્રશ્નનો તેણીએ પ્રત્યુત્તર ન આપ્યો, તેથી તેની ચિંતામાં વૃદ્ધિ થઇ, અને તેને ઉંઘ ન આવવાનું કારણ આ હતુ. મજુલાને ઉંઘ ન આવવાનું કારણ વાંચકવૃંદથી અજાણ્યુ હશે, એમ અમે માનતા નથી. ચિંતાતુરને જેમ રાતે ઉઘ આવતી નથી, તેમ તેને તરેહવાર સકલ્પ વિકલ્પ થયા કરે છે. મજુલાને ભદ્રાદેવીમાં બનેલા બનાવનો વેર કેમ લેવું, તે વિષેજ આખી રાત સંકલ્પ વિકલ્પ થયા કરતા હતા.

"સુમતિએ જેવો વેષ મારા માટે ભજવ્યો છે, તેથી દશ ગણું હૂ કરી બતાવું, તો જ હુ મંજુલા ખરી. રાંડ સુનીતિ, નોકર નહીં, પણ ઘરની માલેક થઇ પડી છે સુમતિ સાથે મીઠું મીઠું બોલીને તેણે ઘર બગાડયુ, અને હજી બગાડતી આવે છે. હવે જોઉં તો ખરી. કે તે મારા ઘરમાં કેટલા દિવસ રહી શકે છે! ચડાળણી! તારા દિવસ હવે ભરાઇ ગયા છે! હુ તારો તોર કાલેને કાલે ઉતારીશ!" આ પ્રમાણે તે સંકલ્પ વિકલ્પ કરતી હતી. સંકલ્પ વિકલ્પ કરતાં પણ જ્યારે રાત્રિ ન ખૂટી, ત્યારે તેણીએ ભર ઉંઘમાં સૂતેલી દુશ્ચલાને ઉઠાડવા તજવીજ કરી

"દુશ્ચલા! મને ઉંઘ આવતી નથી, અને તું આમ ઉંઘ્યા કરે છે? ઉઠ. અને મારી સાથે વાતો કર, જેથી થોડી રહેલી રાત પૂરી થાય"

"બેન, મંજુલા! મેં ત્રણ દિવસ થયા ઉંઘ નથી કરી, એટલે મારી આંખો ઉઘડતી નથી, અને જીવ ગભરાય છે. બેન? તમે પણ આરામ લ્યો! રાત હવે થોડી છે. સવારના બધું ઠીક થશે."

"આરામ થઇ રહ્યો! આરામ હવે થશે મસાણમાં! ઘરમાં કોઇને મારી દરકાર છે? આ મારી જનેતાને પણ મારી દરકાર નથી, ત્યારે મારી બીજો કોણ દાદ લેશે? જ્યાં મારૂં ભાગ્યજ નબળુ, ત્યાં દોષ કોને આપું? મારા પતિમાં તો જ્યાં અક્કલના

વાંધા, ત્યાં બીજાને શું કહું? તેણે મને કોઇ દિવસ પણ પૂછ્યું નથી, કે તું મુવેલી છે કે જીવતી! ભોજાઇના હાથના ધક્કેલા ખાવા, અને ગદ્ધા વૈતરૂં કરવું, એ મારે માટે સર્જિત છે. આખા ઘરની ચિંતા ઉપાડી, સર્વેની ખબર હું રાખું, અને મારી ખબર કોઈ પૂછે નહીં. પ્રભુના ઘરમાં ન્યાય તો જુઓ! લોકો સમજે છે, કે મંજુલાનું કહ્યું ઘરમાં થાય છે, પણ લોકો અંદર વીતી નઃ જાણે, સૌ બહાર વીતી જાણે."

મંજુલા આ પ્રમાણે દુશ્ચલા પાસે બળાપો કરતી હતી, પણ દુશ્ચલા પૂર્ણ નિદ્રામાં હતી, એટલે તેનો બળાપો કોઇએ સાંભળ્યો નહીં. પોતે જે કહેતી હતી તે દુશ્ચલા સાંભળે છે કે કેમ, તે જોવા મંજુલાએ "દુશ્ચલા! દુશ્ચલા!" એમ ધીમેથી બોલાવી, પણ તે હતી ઉંઘમાં, એટલે જવાબ કોણ આપે? મંજુલાને જવાબ ન મળ્યો, એટલે તેણીએ દુશ્ચલાનો હાથ પકડી બેઠી કરી.

"દુશ્ચલા! તને પણ મારો કંટાળો આવે છે કે?"

"બેન! મને કંટાળો નથી આવતો, પણ શું કરૂં, હું નિદ્રામાં એટલી ઘેરાયલી છું, કે, મારી આંખ ઉઘડતી નથી. બોલો, બેન, હવે કહો, તમને શું કહેવું છે?"

"ત્યારે, હમણા જે હું બોલી તે તો મારો વ્યર્થ બકવાદ જ કે?"

"બેન! ક્ષમા કરજો. મને જરા ઉંઘ આવી ગઇ, એટલે તમારૂં બોલવું મારા ધ્યાનમાં આવ્યું નહીં."

દુશ્ચલાને ઉજાગરાનો કંટાળો આવતો હતો, અને મંજુલાને કોઇ વાતો કરનારની જરૂર હતી, એટલે તેણીએ દુશ્ચલાને તેની ઇચ્છા વિરૂદ્ધ જગાડી, અને બાકીની રાત તેની સાથે વાતોમાં કાઢી. સવાર થયું, સૂર્યોદય થયો, અને સર્વે જાગ્યા. શેઠાણી દાતણ પાણી તથા સ્નાનાદિકથી પરવારી, મંજુલા પાસે આવી. મંજુલા એ વખતે અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી બેઠી હતી. ક્રોધથી

તેણીના રક્ત થયેલા નેત્રો ઉપરથી જાણે એમ સૂચન થતું હતું, કે, પરમાત્માના તમો ગુણી અંશ શ્રી શંકર ભગવાને પોતાનું તૃતીય ચક્ષુ ઉઘાડી, જગત્‌ને ભસ્મીભૂત કરવા ઉદ્યત કેમ ન થયા હોય! તે વારે ઘડીએ પોતાના દાંત પીસતી હતી, તે ઉપરથી એમ સમજાતું હતું, કે જાણે તે પોતાના શત્રુઓનું રક્ત પીવા, અને માંસનું ચર્વણ કરવા, તત્પર થયેલી ચંડિકા કેમ ન હોય! તે અધોમુખ કરી બેઠી હતી, અને વારંવાર દીર્ઘ નિઃશ્વાસ નાંખતી હતી, તે ઉપરથી એવો ભાસ થતો હતો, કે તે, જાણે દંશ દેવા ઉદ્યત નાગણ કેમ ન હોય? વારેઘડીએ તે પોતાના હાથ ઘસી એમ દર્શાવતી હતી, કે તે પોતાનું અહિત કરનારને ભીસી નાંખવાની તૈયારીઓ કરતી હતી, અને તે કાંઇ ઉંડા વિચારમાં પડેલી જણાતી હતી, તે ઉપરથી સહજ એમ કલ્પના થતી હતી, કે પોતાના શત્રુઓપર વેર લેવા તે યુક્તિઓ રચતી હતી. મંજુલાની માતાએ તેણીને છાતી સરસી દાબી કહ્યું, "બેટા! તું રાતે કાંઇ જમી નહીં, અને જમ્યા વગર સૂઇ ગઇ તુ આવી ત્યારથી, બહુ ઉદાસ જણાય છે. છે શું, વાત તો કર? તારૂં જેણે અપમાન કર્યું હોય, તેના બુરા હાલ કરવા મારા હાથમાં છે. તને જેણે ગાળ દીધી હોય, તેની જીભ કચડી નાંખું. તને કોઇએ હાથ અડકયા હોય, તેના હાથ કપાવી નંખાવું. તારી સામે જેણે ક્રોધની નજરથી નિહાળ્યું હોય, તેની આંખો ફોડાવી નંખાવું. તારૂં આવું મ્લાન મુખ મારાથી વધુ જોઇ શકાતું નથી. તારા પિતાની શક્તિ કેટલી છે, તે તું સારી પેઠે જાણે છે. કોઇને ફાંસીએ લટકાવવો હોય, તો તે પણ તેઓ કરી શકે! બેટા! કહે તો ખરી, કે તને કોણે દુભાવી છે, એટલે તેનો ઉપાય થાય! ઉઠ, બેટા! દાતણપાણી અને સ્નાન કરી, જમી લે. રાત્રે તેં ખાધું નથી, એટલે તું ભૂખી હશે; શાંત થા, દીકરી! અને કલ્પાંત કરવો મૂકી દે. રોગ જણાય, ત્યારે વૈદ્યને ઉપાય સૂઝે. મુંગા બેસી રહેવાથી, રોગનો ઉપચાર ન થાય, સમજી!"

મંજુલા રોષની ઉષ્ણતાથી પાકેલ ચીભડા જેવી તો થઇ ગઇ હતી; માત્ર તેને ફોડવાને હાથ અડાડવાની જરૂર હતી શેઠાણીના શબ્દોથી મંજુલાના હૃદયનું ચીભડું ફાટયું, અને તેમાંથી રૂદનરૂપી

ગંધ અને રંગ રેડાયાં. શેઠાણીનું બોલવું પૂરૂં થયું, અને મંજુલા પોકે પોક મૂકી રડવા લાગી, એટલે આડોસીપાડોસી સર્વે શું થયું, તે જોવા દોડી આવ્યા, અને, મંજુલાનું આમ ઓચિંતું રડવું કેમ થયું, તેના કારણની પૂછપરછ થવા લાગી. કેટલીક સ્ત્રીઓ તો શેઠાણીને કહેવા લાગી, કે "મંજુલા કોઇ દિવસ આમ રડી નથી, અને આજેજ આમ પોકે પોક રડે છે, તેથી કાંઇ અસાધારણ બનાવ બનેલો હોવો જોઇએ મંજુલા જેનું નામ, તે કોઇ દિવસ ગંભીર આફત વગર આમ રડે ?" પડોસણોના આ શબ્દો મંજુલાને કર્ણગોચર થયા, એટલે તે વધુ રડવા લાગી. તે વખતે ત્યાં જેઓ હાજર હતા, તેઓમાંથી કોઇ કાંઇ કહેવા લાગ્યાં, અને કોઇ કાંઇ કહેવા લાગ્યાં, અને તેમ તેમ મંજુલા વધુ આવેશમાં આવતી ગઇ આવેશ એટલો વધ્યો, કે તે આખરે ધૂણવા લાગી, એટલે એક પડોસણ બોલી ઉઠી, "અરે ! આતો મંજુલાને ભૂત કે પિશાચ વળગ્યો છે. જરા ધૂપ નાંખી તેને પૂછી તો જુઓ, કે તે કોણ છે ?"

બરાબર ટાંકણા પરજ, કાકતાલીય ન્યાય પ્રમાણે કૌતક જોશી ત્યાં આવી પહોંચ્યો. મંજુલાની સ્થિતિ જોતાંજ તે બોલી ઉઠયો, "અરે ! રામ રામ ! આ શુ ગજબ ! બિચારી મંજુલાને આ વળી શુ નડયું ?"

"આવો મહારાજ ! જરા જુઓ તો ખરા, આને આ શું થયુ છે ?" શેઠાણીએ અધિરાઇથી પૂછયું.

"તમારા ઘરમાં જનાર્દની ધૂપ છે કે ? હોય તો લાવો. હું હમણા મારી ચંડિકા માતાજીને બોલાવુંછું. તે જે હશે તે ખુલાસો કરશે," એમ કહી, કૌતક જોશીએ ચંડીનું પુસ્તક હાથમાં લઇ, તેમાંના શ્લોકો બોલવા લાગ્યો, અને એક હાથે મંજુલાના જમણા હાથની કનિષ્ઠિકા આંગળી પકડી ખૂબ દબાવી, અને બીજે હાથે તેણીના માથાના કેશ ખેંચીને પકડયા.

"બોલ, કોણ છે ! આ કૌતક જોશીને ઓળખે છે કે ? હવે તું નક્કીજ સમજે, કે હવે તારો અંત આવી પહોંચ્યો છે. તું આ બિચારી મંજુલાને સતાવે છે, પણ નક્કી જાણજે, કે મંજુલાની

પીઠ સબળ છે. તારે માટે મોતનું બીછાનું તૈયાર છે. જલદી બોલ, બોલ, કહે, તું કોણ છે? તને બોલાવ્યા વગર કૌતક જોશી મૂકનાર નથી," એમ કહી કાંઇ મંત્ર ભણી, કૌતક જોશી મંજુલાના માથા ઉપર ફુંક મારવા મંડયો.

મંજુલાના મનની પીડા હતી એક, અને તેનું ઔષધ થયું. બીજું મંજુલાની આંગળી મરડાઇ, અને માથાપરના કેશ ખેંચાયાથી, તેને અસહ્ય દુ:ખ વેઠવું પડયું. ત્યાં બહુ માણસો અને સ્ત્રીઓ એકત્ર થયાં હતાં, એટલે મંજુલાથી પોતાના દુ:ખનું કારણ કહી શકાયું નહીં, અને તેથી તેણે ધુણવાનું ચાલુજ રાખ્યું. મંજુલાને વધારે ધુણતી જોઇ, કૌતક જોશીએ જણાવ્યું, "મંજુલાને બહુ મોટી ઝાપટ લાગી છે. મહેનત બહુ કરવી પડશે, છતાં પણ શ્રમ સાર્થક થશે કે કેમ, તે કહી શકાય નહીં."

શેઠાણી બહુ ગભરાઇ ગઇ. ભયમાં તેણીએ કૌતક જોશીને જણાવ્યું, "મહારાજ! ગમે તેમ થાય, ગમે તેટલો ખર્ચ થાય, પણ મારી મંજુલા સારી થાય, તેવી તજવીજ થવી જોઇએ."

"ઠીક ત્યારે! ભૂવા અને ડાકલિયાને બોલાવો. હું પણ તેમની સાથે મહેનત કરીશ. મંજુલાને વળગનાર પ્રેત, આટલી મહેનતથી પણ ન નીકળશે, તો તપાવેલી લોખંડની સાંકળ મારીને તેને કાઢશું," કૌતક જોશીએ ચોખ્ખે ચોખ્ખું જણાવી દીધું.

તપાવેલી સાંકળનું નામ સાંભળતાંજ, મંજુલાને તરત શુદ્ધિ આવી ગઇ, અને તેને ગભરાટ છૂટયો. તે હવે સમજી, કે જો હું બોલીશ નહીં, તો હવે તપાવેલી સાંકળનો માર ખાવો પડશે; એટલે જેવી તે બોલવા જાય છે, તેવોજ, કૌતક જોશી બોલી ઉઠયો, "કેમ બોલવું છે કે નહીં? નહીંતો સાંકળ મગાવી, ભૂવાઓને બોલાવીએ?"

"કૌતક મહારાજ! મને સુએલીને શા માટે મારો છો? મને ભૂત કે પ્રેત કોઇનો વળગાડ નથી. હું તો મારા દુ:ખે ગભરાયલી છું, અને દુ:ખને લીધેજ મારી આવી સ્થિતિ થયેલી છે. તમે

મારા મનની વ્યાધિ સમજતા નથી, અને ફોકટ દુઃખતાપર ડામ આપો છો. ગભરાટ તો મને હતોજ, અને બહુ માણસો એકત્ર થવાથી, મારા ગભરાટમાં વધારો થયો છે. હવે, જો આ બધાં માણસ બહાર જાય, તો મારી વીતક વાર્તા હું કહી સંભળાવું"

શેઠાણીએ વિનયથી ત્યાં એકત્ર થયેલાઓને વિદાય કર્યા, અને તેની સાથે સુનીતિ પણ પોતાને ઘેર જતી રહી. બિચારી સુમતિ અંદરના ઓરડામાં બેઠી હતી, અને મંજુલા કાગનો વાઘ કરી, જે બનાવ માટે સુમતિ પોતે લેશ માત્ર પણ જવાબદાર ન હતી, તે બનાવને અન્યથા જણાવી, સર્વ દોષનુ આરોપણ, પોતાપર કરશે, અને પોતા પર કેવા અસહ્ય સંકટો વિતાડશે, તેની ચિંતામાં તે સ્તબ્ધ બની ગઇ હતી. વસંત ત્યાં હાજર હતો, તે પોતાની બેનની પાસે જઇ બેઠો. ત્યાં એકત્ર થયેલાં બધા ચાલ્યાં ગયાં, એટલે મંજુલા, હવે પોતાની રામાયણ વાંચવા બેઠી.

" સુમતિને પહેલેથીજ, મને સાથે ભદ્રાદેવી તેડી જવા વિચાર ન હતો, અને તેથી મારા પિતાજીને આડું અવળું સમજાવ્યું. હું મારી ઇચ્છાએ તેમની સાથે ગઈ, એટલે સુમતિ સુનીતિ અને તેમના સંગાથીઓએ એક સંપ થઈ, મારી દરકાર કરી નહીં. સુમતિને જો કોની પણ દરકાર હતી, તો તે માત્ર સુનીતિનીજ હતી. સ્નાન કરવા જવું હોય, અથવા દેવ દર્શન કરવા જવું હોય, અથવા, ફરવા હરવા જવું હોય, તો સુનીતિ તો સુમતિની સાથેને સાથે જ રહેતી. મારી સાથે તો માત્ર દુશ્શલાજ રહેતી. રાત્રિએ સૂતી વખતે પણ, તેઓ મને ધર્મશાળાની પાછલી બાજુએ આવેલી એક ઉજ્જડ જગામાં ધકેલી કાઢતી. ત્યાં હું અને દુશ્શલા માત્ર બે જણીજ સૂવા જતી. સુમતિ પોતે સુનીતિની સાથે આનંદમાં, પોતે પસંદ કરેલી સારી જગામાં સૂતિ હતી. તેઓ વારંવાર મારી મશ્કરી અને ટકોર કરતી. એક રાતે અમને સૂવા માટે સોંપેલી જગામાં ભય લાગ્યો, એટલે મેં દુશ્શલાને સુમતિ અને સુનીતિને મારી પાસે તેડી લાવવા કહ્યુ. તેઓએ દુશ્શલાને પણ આડું અવળું સમજાવી ત્યાં રોકી રાખી, અને હુ ત્યાં એકલી ઉજ્જડ જગામાં રહી. તે રાતે મને આવી જગામાં એકલી જોઇ,

કોઈ લુચ્ચા બે જણા, પાછળના દરવાજાથી મારી જગામાં આવ્યા. અને તેઓએ મારા મોંમા ડુચો નાખી, મારાપર બ...ળા...આ... કર્યો."

મંજુલાએ અહીં પોતાની રામાયણ અધુરી મૂકી, અને જાણે પોતે શરમાઇ ગઇ હોય, તેવી રીતે મોં નીચું કરી, થોડીવાર સુધી ડુસકાં ખાતી, રોવા લાગી. ઘણીવાર પછી તેણીએ પોતાની વાત આગળ ચલાવી.

"તે લુચ્ચાઓએ ત્યાર પછી મારા મોંમાં ડુચો રહેવા દઇ, મારા હાથ પગ બાંધી મને બેહાલ કરી, મારી પાસેનું સર્વે જર ઝવેરાત લઇ, નાશી ગયા. મા ! મને તપાસ કરતાં માલમ પડયું, કે આ લુચ્ચાઓ સુમતિની બેનપણી કપટકળા સાથે આવ્યા હતા, અને કપટકળા તેમને સુમતિના કહેવાથી ભદ્રાદેવી તેડી લાવી હતી. તે દિવસે કપટકળા સુમતિની સાથેજ હતી. હું બહુ વખત સુધી ત્યાં બેહોશ હાલતમાં પડી રહી બહુવાર પછી, જ્યારે અમથો, કપટકળા, વગેરે ત્યાં આવ્યા, ત્યારે સુમતિએ મને રૂડું મનાવવા, કાંઇ દિલાસાના બે શબ્દ કહ્યા ખરા, અને અમથાએ મને છોડી. "ચોર, ચોર" ની બૂમ પાડતાં, પેલા લુચ્ચાઓને બદલે, ભદ્રાદેવીમાતાના પૂજારીના બે નિર્દોષ છોકરાઓ પકડાયા. ચોરોને ઓળખાવવા, મને કચેરીમાં લઇ જવામાં આવી હતી. ત્યાં બ્રાહ્મણ જોઇને, અને વળી તેઓ તદ્દન નિર્દોષ હતા તેથી, મને, તેઓ માટે દયા આવી, એટલે તેમને મેં છોડવ્યા. આ પ્રમાણે મારી બે આબરૂ કરી, પરપુરૂષને હાથે મારૂ શિયળ ભંગ કરાવ્યુ. મારા આવા હાલ કરાવવામાં, મુખ્ય હાથ, આ અંદર બેઠેલી, તમારી આ મીરાંબાઇના હતા તે બોલતી નથી, પણ બોળી મારે એવી છે. બહારથી ગરીબ અને લાજ મર્યાદાવાળી દેખાતી, પણ અંદરથી કપટથી ભરેલી, આ તમારી મીરાંબાઇએ તો મારી, અને આપણા કુલની, સારી નામના વધારી ! હું ફજેતીને ફાલકે ચડી, નગરપાલો સાથે મને કચેરીમાં જવું પડયું, તે બધું કોને લીધે થયું ? મારા પિતાજીની આબરૂના આવી રીતે તે કાંકરા કરાવે છે, છતાં તેમના મને તો, સુમતિ અને સુનીતિ જેવી કોઇ ડાહી નથી. તેમણેજ, આ બન્ને જણીને બહુ ચડાવી છે, અને તેમના લીધેજ, આપણી આ ગુલામડી, આપણા ઘરના ટુકડા ખાનારી સુનીતિની, તે

જાણે મોટી શેઠાણી કેમ ન હોય તેમ, મારે લાચારી ભોગવવી પડે છે મારા પિતાજી તો મને આપણા નોકરો ચાકરો વચ્ચે હલકી પાડે છે. એટલે નોકર ચાકરો મને હલકી પાડે, તેમાં નવાઈ શી ? મા જોયુ, આ તેનું પરિણામ. સુમતિએ પોતાની બેનપણી કપટકળા સાથે મળી, જ્યારથી મને બેઆબરૂ કરાવી, ત્યારથી મેં અન્ન પાણી પણ હરામ કર્યાં છે. હવે ધિક્કાર છે મારા આ જીવતરને ! મારે હવે જીવીને કરવું છે શુ ! હવે આ ઘરમાં કાં હું નહીં, અને કાં સુમતિ અને સુનીતિ નહીં. ભદ્રાદેવીમાં સુમતિ અને સુનીતિની પાસે હું, નંદલાલની પુત્રી નહીં, પણ તેમની નોકર હતી. મારી આ સ્થિતિનુ કારણ, બીજું કોઈજ નહીં, પણ મા ! તુંજ છે. તેં જ બધાને હદ્દ બહાર છૂટ આપી હતી.”

મંજુલાની રામાયણ પૂરી થઇ, એટલે તે તરત મોટે સાદે રડવા લાગી. સાંભળનારાઓપર પોતાના કથનની સચોટ અસર કરવા માટે, તે પોતાના કથનની વચ્ચમાં કોઇક વખતે પોતે વાત કરતાં શરમાઇ ગઇ હોય તેવો ઢોંગ કરતી, તો કોઇ વખત ડુસકા ખાતી, અને કોઇ વખત મોટે સાદે રડતી પણ હતી. મંજુલા ડુસકા ખાતી કે રડતી, ત્યારે શેઠાણી અને વસંત વખતો વખત આવેશમાં આવી જતાં, પણ, કથનની વચ્ચમાં, સુમતિને કાંઇ કહેવા જતાં, અથવા તેણીને શિક્ષા કરવા જતાં, મંજુલાની વાત પૂરી સાંભળી શકાય નહીં, એટલે તેઓએ માંડ માંડ પોતાનો રોષ દબાવ્યો હતો મંજુલાનું કથન પૂરૂં થયું, એટલે કૌતક જોશી રજા લઇ, પોતાને ઘેર ગયો. શાંતિરામ ભટ્ટનું ભવિષ્ય ખરૂં પડયું, તે માટે તે આશ્ચર્યચકિત થયો, અને હવેથી શાંતિરામ ભટ્ટપર નંદલાલ શેઠનો વિશ્વાસ બહુ વૃદ્ધિ પામશે, અને જ્યાંસુધી તે તેના ઘરમાં હશે ત્યાંસુધી, પોતાનો પગ પેસારો ત્યાં ઓછો થવાનો, એ વિચારે પુન કૌતક જોશીનું મસ્તિષ્ક ફેરવ્યું.

“હવે તો મંજુલાને ખાનગીમાં મળી, મંજુલાના કાનમાં કાંઈ નવું ઝેર રેડી, કાંઇ નવી હોળી પ્રગટાવવી,” એ રીતે તેણે નંદલાલ શેઠ અને શાંતિરામ ભટ્ટપર વૈર લેવા પુન નિશ્ચય કર્યો.

મંજુલાના કથનથી શેઠાણી તો અતિ ક્રોધમાં આવી ગઇ.

"સુમતિ ! હું તો તને ગરીબ, સુશીલ, અને ધર્માત્મા સમજતી હતી; પણ આજે મારી ખાતરી થઇ છે, કે તું, ગરીબ નથી, પણ કેવળ લુચ્ચી અને દાંભિક છે. તું અબળા નહીં, પણ પ્રબળા છે. તું સ્રી ચરિત્રમાં પુરી દેખાય છે. તેં મારી દીકરીના આવા હાલ કર્યા, તે શું તું એમ સમજે છે કે, તારા ધણીની કમાઇ અમે ખાઈએ છીએ, કે તારા બાપ ધનપાળનું દીધેલ અમે ખાઈએ છીએ ? ઠીક છે ! તને તો હવે હું જોઇ લઇશ. હું હવે જોઉં તો ખરી, કે તારી બેનપણી સુનીતિ, ઘરમાં કેમ આવે છે ? તે રાંડ અહીથી ભાગી ગઇ ! તેનો ધણી અમથો બાયલા જેવો, પોતાની બાયડીનું કહ્યું કરી, અમારા ઘરના ભવાડા કરાવવામાં મજા માને છે હું તો માનું છું, કે મંજુલાના સર્વે જર ઝવેરાત લઇ જનારા લુચ્ચાઓની સાથે, અમથો પણ સામેલ હોવો જોઇએ. પૈસા કોને પ્રિય ન હોય ? એ મુઆને આજને આજ શ્રીફળ અપાવું, તો જ હું ખરી ! શું તે એમ સમજે છે, કે મંજુલા એક સાધારણ માણસની દીકરી છે ! ઠીક છે ! અરે બહાર કોણ છે ? જાઓ ! શેઠને હમણાને હમણા બોલાવી લાવો."

એક નોકર, જે અમથાનો દ્વેષી હતો, તે, શેઠાણીનો હુકમ થતાં, દોડતો, નંદલાલ પાસે ગયો, અને તેને શેઠાણી તરફના આ પ્રમાણે સમાચાર આપ્યાઃ- "શેઠજી ! આપને કાંઇ કામ પ્રસંગે ઘેર બોલાવવામાં આવ્યા છે. કાંઇ મહા ઉત્પાત થયો લાગે છે. મન્જુલા રડે છે, અને શેઠાણી ગુસ્સામાં બેઠા છે."

"વારૂ હું આવું છું," એમ કહી, શેઠે માણસને પાછો વાળ્યો.

આ તરફ મંજુલાની વાત તથા શેઠાણીના દુઃખને જોઇને, વસંતે, ક્રોધના આવેશમાં, સુમતિના મંદિરમાં પધરાવેલા ઠાકરો ઉપાડી, આંગણા આગળના કુવામાં નાંખી દીધા. ત્યાર પછી, તે ક્રોધમાં સુમતિને કહેવા લાગ્યોઃ—

"લે હવે ચંડાલણી ! કરી લેજે તારા ઠાકરની સેવા ! મારી બેનને તેં આટલુ દુઃખ આપ્યું, તેના બદલામાં, હવે જોઇ લેજે. આજે રાતના હું છું, ને તું છે. મારા પિતાજી તો છે ભોળા, એટલે, તેઓ

તને સ્વતંત્ર યાત્રાએ મોકલે, ને ફરવા પણ મોકલે. આ જાતને વળી સ્વતંત્રતા કેવી! તેમને સ્વતંત્રતા આપવાથી, તેઓ માથે ચડી બેસે. હું બહાર ફરૂં છું, તેથી તું એમ સમજે છે, કે, મારામાં કાંઇ માલ નથી. પણ હવે જોજે, શંખણી! તારા અને તારી બેનપણી સુનીતિના કેવા હાલ થાય છે તે. તને હવે એક અંધારી કોટડીમાં પૂરી, જીવતા સુધી સોડવીશ.

મંજુલાએ આ ચરિત્રનું નાટક આ વખતે તો ઘણું સરસ રીતે ભજવ્યું, અને આ વેળા તેણીનો શ્રમ સાર્થક પણ થયો. આ અબળા નહી, પણ પ્રબળા છે, એ તેણીએ સિદ્ધ કરી આપ્યું, એટલું જ નહીં, પણ વસંત અને શેઠાણીના ક્રોધની અગ્નિમાં, બિચારી સુમતિની આહુતી અપાવી, અને પોતાનું વેર વાળ્યું.

વાંચક વૃંદ! તમને આ જણાવાની જરૂર નથી, કે તે દિવસથી બિચારી સુમતિને આખી રાત એક અંધારી કોટડીમાં પૂરી રાખી, વસંત તરફથી માર મારવામાં આવે છે દિવસે ઘંટી દળવી, પાણી ભરવું, અને બીજી મજુરી કરાવવામાં આવે છે, અને ભોજનમાં મીઠાવાળી કાંજી પીવરાવવામાં આવે છે સુમતિ આ બધાં દુઃખો અતિ પ્રશંસનીય ધૈર્યથી સહન કરે છે. વાંચક વર્ગ! સુમતિના ઉપર જે નિર્દય વર્તન ચલાવવામાં આવે છે, તે માટે તમને જો દયા આવતી હોય, તો તમારાં બે આસુંઓ પાડો, અને તેણીના ધૈર્યને માટે, તમને જો પ્રશંસા કરવાની વૃત્તિ થતી હોય, તો તમે તમારા અંતઃકરણથી તેણીને ધન્યવાદ આપો. અમે તો હાલ આ દુઃખદ પ્રસંગનું વધારે વર્ણન આગળ પર રાખી, આ પ્રસંગે આ પ્રકરણ અહીંજ બંધ કરવા તમારી રજા લઇશું.

પ્રકરણ ૧૫ મું.

મહત્ત્વાકાંક્ષી ભૂદેવ અને હિમ્મતગીર.

To be struggling towards a higher but unattainable conception is a more favourable intellectual condition than to rest satisfied in a narrow portion af ascertained fact. (Plato's Republic Vol. III by B Joweth.)

Higher aims are themselves more valuable, even if unfulfilled, than lower ones quite attained. (Goethe)+

આજે ભૂદેવ પોતાના નિવાસસ્થાનમાં પોતાના મિત્ર હિમ્મતગીરની રાહ જોયા કરે છે. બહુ વખત થયો, છતાં તે આવ્યો નથી, તેથી ભુદેવને તરેહવાર તર્ક વિતર્ક થયા કરે છે. " શું આજે પેલા દુષ્ટોની સભાનુ કામ આટલો લાંબો વખત સુધી ચાલ્યું હશે ? જો તેમ હોય, તો ખચ્ચિત આજે ઘણું નવું જાણવાનું મળશે. જે હશે, તે હમણા જણાઈ આવશે, " આ પ્રકારના વિચાર તરગો તેના મન સમુદ્રમાં ઉછળ્યા કરતા હતા.

સામાન્ય રીતે જ્યારે આપણને આપણા ઇષ્ટ મિત્ર કે સ્નેહીને મળવાનું હોય છે, ત્યારે તેને મળવાની આપણને એવી તાલાવેલી થાય છે, કે તેની રાહ જોતાં, મન એવું અસ્વસ્થ બને છે, કે ટુંકી પળો પણ ઘટિકા જેટલી લાંબી જણાય છે. આપણા ભુદેવની, પણ આજે તેવીજ સ્થિતિ થઇ છે. તેની મહત્વાકાંક્ષાની તૃપ્તિ, હિમ્મતગીર વગર થઇ શકે એમ ન હતું. ભુદેવે હિમ્મતગીરને પોતાના

---

* ઉચ્ચતર પણ અસાધ્ય વિચારપ્રતિ પ્રયત્નવાન થવુ, એ નિશ્ચિત કર્મના સંકુચિત ભાગમાં સંતુષ્ટ રહેવુ, તે કરતાં અધિક હિતકર બુદ્ધિની સ્થિતિ છે. (પ્લેટો)

\+ ઉચ્ચતર લક્ષ્ય કદાપિ અપ્રાપ્ત રહે, તોપણુ તે પોતે, નીચતર લક્ષ્ય જે પ્રાપ્ત થાય છે, તે કરતાં, વધારે મૂલ્યવાન છે.

હાથ ધરેલ કાર્યમાં સહાય્યદાતા તરીકે રોકેલો હતો, અને આ વખતે તેમની વચ્ચે બહુ ગાઢી મિત્રતા જામી હતી. હિમ્મતગીર ભૂદેવનો તાલી મિત્ર ન હતો, પણ તેનો એક સુખ દુઃખમાં સાથે રહેનાર સાચો મિત્ર બન્યો હતો.

मित्रं प्रीतिरसायनं नयनयोरानन्दनं चेतसः
पात्रं यत्सुखदुःखयोः सहभवेन्मित्रेण तद्दुर्लभम् ।
ये चान्ये सुहृदः समृद्धिसमये द्रव्याभिलाषाकुला
स्ते सर्वत्र मिलन्ति तत्त्वानिकषग्रावा तु तेषां विपत्
॥ पंचतंत्र ॥

મિત્રોનાં નેત્રોમાં પ્રીતિનું ઝરણુ વહેતાં વહેતાં, રસાયણની માફક, એક બની જાય છે. તેમના હૃદયોમાં આનંદ ઝરે છે; પણ જે મિત્રો સુખદુઃખમાં સાથે રહી પાત્ર નિવડે, તેવા મિત્રો મળવા દુર્લભ છે. બીજા જે મિત્રો છે, તે સમૃદ્ધિ સમયે દ્રવ્ય મેળવવાની લાલસાથી સામાન્યરીતે એકત્ર થાય છે; પણ ખરો મિત્ર કોણ, તેની કસોટી વિપત્તિ કરે છે.

क्षीरेणात्मगतोदकाय हि गुणा दत्ताःपुरा तेऽखिलाः
क्षीरे तापमवेक्ष्य तेनपयसाह्यात्माकृशानौ हुतः ।
गन्तुं पात्रकमुन्ननस्तदभवद् दृष्ट्वा तु मित्रापदम्
युक्तं तेन जलेन शाम्यति सतां मैत्री पुनस्त्वीदृशी ॥

દૂધ પ્રથમ પોતાપાસે આવેલા જલને પોતાના સર્વે ગુણ આપી દે છે, પછી અગ્નિનો સંયોગ થતાં, દૂધને તાપ થતો જોઇ, જલ પોતાનું શરીર અગ્નિમાં હોમે છે, એટલે દૂધ પોતાના મિત્રને આપત્તિમાં પડતો જોઇ, પોતે પણ અગ્નિમાં ઝંપલાવવા તૈયાર થાય છે; પણ જ્યારે જલ તેને પાછો આવી મળે છે, ત્યારે દૂધ અગ્નિમાં પડવાથી પાછો હઠે છે, અર્થાત્ સત્પુરૂષોની મૈત્રી, દૂધ અને જલના જેવી હોવી જોઇએ.

બાંધવ સમાન સદા, ચિત્તમેં સહાય અતિ,
દે.ષકો દુરાઇ ગુન, જાહિર જનાવે હય;
હિતકો કરત ઔર, અહિત હરત સદા,
વ્યસન બુરાઇ સબે, બુદ્ધિતેં ખિલાવે હય;
આપત્તિમેં આઇ કરે, સબલ સહાય શુભ,
શોક કો નસાઇ સદા, આનંદ ઉપાવે હય;
ગોવિંદ કહત ઐસે, મિત્રનકે મિલવિતેં,
સુખિયા સંસારમાં હિ, ઔરકો કહાવે હય.

ભૂદેવનું અસ્વાસ્થ્ય ભાગ્યેજ બે ત્રણ ઘટિકા રહ્યુ હશે. હિમ્મતગીર ઉતાવળો ઉતાવળો આવતો હતો, તે ઉપરથી સહજ એમ અનુમાન થતું હતું. કે, નિયત સમય વ્યતીત થઇ ગયો છતાં ભૂદેવ પાસે તેનાથી પહોંચી શકાયું ન હતું, તેથી તેની પાસે જલદી પહોંચી જવા, તેની ઉતાવળ હોવી જોઇએ. હિમ્મતગીરને ભૂદેવની પાસે પહોચી જવા જેટલી ઉતાવળ હતી. તેટલીજ અધીરતા, પોતાના મંડળની આજની સભાનું વૃત્તાંત સંભળાવવાની હતી, એટલે તે ભુદેવ પાસે આવી પહોંચ્યો કે તરત તેણે જણાવી દીધું, “ ક્ષમા કરજો, ભૂદેવ ! આજે અમારી સભાનું કામ હમ્મેશ કરતાં વધુ વખત ચાલ્યું, એટલે આપ પાસે હું વેળાસર આવી શકયો નથી. અમારી સભાનું આજનું વૃત્તાંત જાણવા જેવું છે. આપની નોંધપોથી લ્યો, અને તેમાં આપની પાસે હું જે વૃત્તાંત કહુ, તેમાંથી આપને જે સારભૂત લાગે તે નોંધી લ્યો. ”

“ કાંઇ નહીં ! તું આજે મોડો આવ્યો, એટલે હું પોતે પણ એમજ માનતો હતો, કે આજે તારી સભાનું કામ, કાંઇ વધુ વખત સુધી ચાલ્યું હશે, ” એમ કહી તેણે પોતાની નોંધપોથી લીધી, અને હિમ્મતગીરને આજની સભાનું વૃત્તાંત જણાવવા કહ્યું. હિમ્મતગીરે આજની સભાનું વૃત્તાંત આ પ્રમાણે આપ્યું.

“ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકર ભદ્રાદેવી ગયા હતા, અને ત્યાંથી હીરા, માણેક, અને સોના રૂપાના પુષ્કળ દાગીના લુટી લાવ્યા હતા, તેના માનમાં શરદ્‌બાગમાં, હમ્મેશના નિયમ કરતાં આજે, અમારી

સભા વહેલી મળી હતી. આ સભામાં કૈતક જોશી શિવાય, અમારી ટોળીના સર્વ હાજર હતા શરૂઆતમાં ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરે જે અજબ કામ બજાવ્યું હતું, તે માટે તેમને શાબાશી આપવામાં આવી હતી, અને ત્યાર પછી ગરૂડદાસને આ અજબ કામ, તેણે કેવી રીતે પાર પાડયું, તે સભાને સવિસ્તર જણાવવા કહેવામાં આવ્યું. ગરૂડદાસે સભામાં જે વૃત્તાંત રજુ કર્યો, તે આ પ્રમાણે છેઃ-"

"'આપણી ગઇ સભામાં ભાઇઓ તરફથી મારા ઉપર જે ફરજ નાખવામાં આવી હતી, તે અદા કરવા, હું નંદલાલના ઘર પાસેથી આવ જા કરવા લાગ્યો, અને કોઇપણ રીતે વસંતને મળવા તક શોધવા લાગ્યો. આમ થોડાક દિવસ નંદલાલના ઘર પાસેથી આવ જા કરતાં, એક દિવસ વસંત સાથે મારો મેળાપ થઇ ગયો. વસંત પાસે થોડાક ગપગોળા ઉડાવી, તેની સાથે પરિચય વધાર્યો. પરિચય વધતાં, મારા જાણવામાં આવ્યુ, કે કપટકળા દરરોજ વસંતબાગમાં મંજુલાને મળવા આવે છે, અને મંજુલા તેને રોજ પોતાની બેનપણીઓ દુશ્ચલા અને વિક્ષેપા સાથે મળે છે વસંતની સાથે મારી દોસ્તી થઇ ગઈ હતી, એટલે તેની સાથે હું પણ વસંતબાગમાં આવ જા કરવા લાગ્યો મંજુલા કપટકળા સાથેની ખાનગીમાં મને ભાગ લેવા દેતી નહીં, છતાં કોઇ વખત તેની સાથે માત્ર ઠઠ્ઠા મશ્કરીમાં બોલાયું હશે; પણ તે એવી તો બીજાજી, અને મારી સાથે જ્યારે કાંઇ બોલે, ત્યારે તે એટલા ગર્વમાં બોલે, કે જાણે આપણે તેના તાબેદાર નોકર કેમ ન હોઇએ! હુ જ્યારે તેની સાથે બોલવા જાઉં, ત્યારે તે જાણે મારા બોલવાપર કાંઇ ધ્યાન પણ આપતી ન હોય, અને મારૂં બોલવું તે કાંઇ સાંભળતી પણ ન હોય, તેવો આડંબર કરે, પણ સાંભળે બધું. એક દિવસે તેણીએ કપટકળાને જણાવ્યુ, કે " થોડા દહાડામાં સુમતિ ભદ્રાદેવીની યાત્રા કરવા જવાની છે. સાથે સુનીતિ પણ જશે. હું સુમતિને હમ્મેશ કંટકરૂપ છું, તેથી તે મને સાથે લઇ જવા ખુશી ન હશે, તોપણ હું ગમે તેમ કરી તેની સાથે જવાનીજ. મારી એવી ઉમેદ છે, કે સુમતિ અને સુનીતિ ઉપર હુમલો કરાવવો, તેની લાજ લૂટાવવી અને તે મારી આંખે જોવું, કે જેથી તેમનું અભિમાન ઉતરે ને મારી પાસે લાચાર બને. આ કામ કરતાં ગમે તેટલો ખર્ચ થશે,

તે આપવા હું તૈયાર છું. હું ત્યાં જાઉં, એટલે આવો સાહસ કરી શકે તેવા માણસો સાથે લઇ, તું પણ ત્યાં આવજે, અને હું. મને જેવી તક મળશે કે તરત, તેમને મારા ઉતારામાં દાખલ કરી દઇશ." કપટકળા સાથે મેં ખૂબ મોજ મજા ભોગવી છે, એટલે તે મારા ચરિત્રથી સારી રીતે વાકેફ હતી. કપટકળા કપટબાજી રમવામાં મંજુલાથી ચઢે; પણ તે વચનની સાચી, અને જીવ જતાં પણ દગો ન દે એવી ખરી. તે જે કહેવાનું હોય, તે પેહેલેથીજ કહી દે, અને વિચારી વિચારીને કામ કરે, એવી હુશિયાર છે. એક દિવસ હું વસંતબાગમાં વસંતની વાટ જોતો હતો, અને મંજુલા અંદર બંગલામાં હતી, તે વેળા કપટકળા મારી પાસે આવી, અને અમારી વચ્ચે નીચે પ્રમાણે વાતચિત થઇ.

"ગરૂડદાસ ! આજે તમારા જેવો શિકાર છે, પણ જો તમારામાં શક્તિ હોય તો."

"એવું તે શું છે ? ખુલ્લા શબ્દોમાં કહી દે ! શું કામ છે ?"

"એમ ન કહેવાય. જોખમનું કામ છે. વાત એક કાનેથી બીજે કાને જાય, તો માંથુ ઉતરી જાય ! તમે તમારા ધર્મના સોગદ લ્યો, કે હું આ વાત બીજા કોઇને ન કરીશ, તો તમને વાત કરૂં."

"અરે એમાં શું. અમારા પેટમાં તો મોટા મોટા અજગરો હજમ થઇ ગયા છે, તો તારી તે વાત કેટલીક મોટી હશે ?"

"જો તમે મંજુલાનું કામ કરી આપો, તો તમે માગો તે અપાવુ."

"વારૂં એવું શું કામ છે ?"

કપટકળાએ હવે મારે જે કામ કરવાનું હતું, તે જણાવી દીધું. મેં તે કામ કરવા તરત હા કહી. મેં ભદ્રાદેવીમાં પ્રવૃત્તિશંકરને સાથે લેવા યોગ્ય ધાર્યું. નંદલાલ શેઠનું કુટુંબ જે દિવસ અહીંથી રવાને થયુ, તેજ રાત્રે, હું પ્રવૃત્તિશંકર સાથે રવાનો થયો. અમે અમારા બચાવના સાધનો સાથે રાખ્યા હતા. ભદ્રાદેવી પાસે રાજપુર નામના ગામમાં, મારા મિત્ર શિવભારથિના ઘરમાં, અમે રાત્રિના અં-

ધારામાં દાખલ થયા, અને છેલ્લે દિવસે અમે બહાર નિકળ્યા ત્યાં સુધી. અમે અંદરને અંદર છૂપાઈ રહ્યા હતા. કપટકળા મારી પાસે વખતો વખત આવી, મંજુલાની સઘળી હીલચાલ જણાવી જતી હતી, અને અમારે મંજુલાના ઉતારામાં કેવી રીતે અને કયાંથી દાખલ થવું, તે તેણીએ ચોક્કસ નિશાનીઓ વગેરે આપી, સમજાવી દીધું. જે રાત્રે અમે મંજુલાના ઉતારામાં પેઠા, તે રાત્રે ઘોર અંધારૂં હતું, એટલે અમને તેમના ઉતારાની ધર્મશાળાના પાછલા દરવાજાની પછવાડે છૂપાઇ રહેવાનો બહુ સારો લાગ મળ્યો કપટકળા સાથે અમારી થયેલી ગોઠવણ પ્રમાણે, તેણીએ અમને અંદર દાખલ કરી, ઉપર ચડી જવા સગવડ કરી આપી. ત્યાં ગાદલાં ગોદડાંની વચ્ચે અમે સતાઇ ગયા. મંજુલાને સુમતિ અને સુનીતિને ફસાવવા વિચાર હતો, અને તેણીએ તેમને માટે બધી બાજી ગોઠવી હતી, પરંતુ મારી ઇચ્છા મંજુલાને હાથ કરવાની હતી. થોડાજ વખતમાં જે દિવાનખાનામાં અમે છૂપાયા હતા, તે દિવાનખાનામાં મજુલા હાથમાં એક પોટલી લઇ, ત્યાં કરી રાખેલા એક બિછાનાપર આવી બેઠી. પોટલી બિછાના તળે રાખી, તે સૂવા લાગી, એટલે અમે અમારી સંતાઇ રહેવાની જગામાંથી બહાર નીકળ્યા, અને મેં મંજુલાને પકડી. પ્રવૃત્તિશંકર દાદર બધ કરવા નીચે ગયો, અને તે પાછો આવે છે તેટલામાં તો, મંજુલા એક વાઘની પેઠે પોતાનું જોર અજમાવવા લાગી. પ્રવૃત્તિશંકરે આવી, તેણીના મોઢામાં કપડાનો ડુચો દીધો, અને તેણીના હાથ પગ બાંધી લીધા. તેને આમ બે હાલ કરી, એટલે તે મારી ઇચ્છાને આધીન થઇ. પેલી પોટલી જે જર ઝવેરાત અને દાગીનાની હતી, તે અમે હાથમાં લઇ, મંજુલાને ફરી હાથે પગે બાંધી, મોંના ડૂચો નાંખી, અમારે રસ્તે પડયા. જતી વખતે અમે મંજુલાને કહેતા ગયા, "મંજુલા! યાદ રાખજે, કે અમે માથા વગરના માનવી છૈએ. અમે મરશું, પણ તે પેહેલાં અમે તારી અતિ બુરી દશા કરવા ભૂલીએ તેમ નથી. જો તું આજની વાત કોઇને પણ કહીશ, તો તારૂં માથું દૂર થયું સમજજે." ત્યાર પછી અમે વિચાર કર્યો, કે, હવે અહીં વધારે વખત રહેવામાં સાર નથી, એટલે અમે પકડાઇ ન જઇએ, તે માટે અમારાથી બ-

નતી તજવીજ કરી, રાજપુરમાં આવી, ત્યાં મૂકેલી અમારી બધી જણુસો લઇ, અમરાવતીમાં આવી પહોંચ્યા. ભાઇ હમીર ! મંજુલાના બળની હું શું તારીફ કરૂં ! જે અમારા હાથમાં ઝવેરાત વગેરે આવ્યું છે, તે દશેક હજારનો માલ હશે, અને તે આપણી જૂની ધર્મશાળાના પાછળના તળાવની પાળના છેડા ઉપર દાટી મૂક્યું છે, એટલે ત્યાં તે સહીસલામત છે."

ગરૂડદાસે પોતાનો વૃત્તાંત પૂરો કર્યો, એટલે હમીરે તેને ઉપદેશ રૂપે જણાવ્યું, કે, સુમતિ મહા સતી છે, માટે તેની આપણે છેડ કરવી નહીં, એટલુંજ નહી પણ જેમ બને તેમ, તેને મદદ આપવી. તેમાં આપણું કલ્યાણ છે. મંજુલા તો કુલટા છે. તેની આબરૂ, છે તેવી નથી; પણ સતીઓનો પ્રભાવ ઓર છે."


ગુમાને હમીરને ટેકો આપ્યો, અને " હવે જર ઝવેરાતનું શું કરવું, " તે માટે બધાનો મત માગ્યો.

જર ઝવેરાતની બાબતમાં સર્વાનુમતે એવો ઠરાવ થયો, કે, દાગીના જ્યાં છે, ત્યાંજ રહેવા દેવા એક જણાએ એવી શંકા કરી, કે, નગરપાલો આવા બનાવોની બારીકીથી તપાસ રાખે છે, એટલે, જો આ દાગીના તેમના ધ્યાનમાં આવી જાય, અને આપણે પકડાઇ જઇએ, તો આપણા સઘળા મનોરથો નિરર્થક થાય. આ શંકાનો ગરૂડદાસે ખુલાસો કર્યો, કે, એ બાબતની મારા અને પ્રવૃત્તિશંકર શિવાય, કોઇને ખબર નથી, અને કદાચ પકડાયા, તો અમને ગમે તેટલી માર પડશે, તોપણ અમે સાચું કહેવાના નથી.

આટલી વાતચીત થયા પછી, અમારી સભા વિસર્જન થઇ, અને જ્યારે અમે પોતપોતાને સ્થાનકે જતા હતા, તે વખતે અમને સર્વેને સૂચના કરવામાં આવી, કે, "મંજુલા ગામમાં આવી ત્યાર પછી, ગામમાં શું હિલચાલ થાય છે તેની તપાસ કરવી, અને નદીના પૂર્વ કિનારાપર પરમ દિવસ એકત્ર થવું, જે વખતે નંદલાલ શેઠના ઘરનું ખેદાન મેદાન કેવીરીતે કરવુ, તે સંબંધી વિચાર કરવામાં આવશે."

હિમ્મતગીરે સભાનો જે વૃત્તાંત કહી સંભળાવ્યો, તેમાંથી મુદ્દાની બાબતો ભૂદેવે પોતાની નોંધપોથીમાં નોંધી લીધી.

કૌતક જોશી ગુમાનની ટોળીથી જૂદો પડયો હતો, તે બીના, ગુમાનની ટોળીની પહેલી સભાના વૃત્તાંતથી ભૂદેવના જાણવામાં આવી હતી, પરંતુ કૌતકનો શાંતિરામ પર દ્વેષ ન્યૂન થાય, અથવા તદ્દન નાશ પામે, એ સંભવ ન હતો, એટલે કૌતક જોશીની દરેક હીલચાલ પર બારીક તપાસ રાખવાની આવશ્યક્તા હતી, ભૂદેવ આ આવશ્યક્તા સારી રીતે સમજતો હતો, એટલે તે પોતાનુ કર્તવ્ય ભૂલે એમ ન હતુ



પ્રકરણ ૧૬ મું.

શ્રીમાનોનો જીવન કલહ.

There are no greater wretches in the world than many of those whom the people take to be happy. (Seneca) *

આ ત્રિગુણાત્મક જડ અને ચેતન સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ, અને તેનો લય, અનાદિ કાળથી પ્રવાહ રૂપે થયા કરે છે. જડ તેમજ ચેતન સૃષ્ટિનાં અસંખ્ય પદાર્થો અને જીવો ઉત્પન્ન થાય છે, થોડો અથવા વધુ વખત તેઓ સ્થિર રહે છે, અને પરિણામે વિનાશ પામે છે જડ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયના નિયમોને એક બાજુએ મૂકી, આપણે આ ચેતન સૃષ્ટિ તરફ દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણને જણાય છે, કે, દરેક ચેતન વ્યક્તિમાં બે વૃત્તિએ પ્રધાન અંશે જોવામાં આવે છે, (૧) ઉત્પાદક વૃત્તિ, અને (૨) પોતાનુ જીવન ટકાવવાની વૃત્તિ, અથવા બીજા શબ્દોમાં પોતાનો વિનાશ ન થવા દેવાની વૃત્તિ છે બીજી વૃત્તિ માટે, અર્થાત્ જીવન ટકાવવા માટે, બે આવશ્યક્તાઓ છે, (૧) પ્રાણ પોષણ, અને (૨) વિનાશ અટકાવવા ઉપાય કરવા. જે પ્રમાણમા જીવો આ બન્ને આવશ્યક્તાઓ પૂરી પાડી શકે છે, તે પ્રમાણમાં તેઓ પોતાનું જીવન ન્યૂનાધિક ટકાવી શકે છે. આ આવશ્યક્તાઓ પશુ અને પક્ષીઓ પ્રેરણાથી પૂરી પાડે છે, જ્યારે માનવ જાત પોતાની બુદ્ધિથી પૂરી પાડે છે મહાત્મા ભર્તૃહરિ પોતાના વૈરાગ્ય શતકમાં યથાર્થ જણાવે છે કે —

---

* લોકો જેમને સુખી માને છે, તેઓમાંથી ઘણાખરા વસ્તુતઃ એવા દુઃખી હોય છે, કે તેમના કરતાં વધુ દુઃખી આ જગતમાં નહીં હોય. (સેનેકા).

हिंसाशून्यमयत्नलभ्यमशनं धात्रा मरुत्कल्पितम्
व्यालानां पशवस्तृणांकुरभुजः सृष्टाः स्थलीशायिनः ।
संसारार्णवलंघनक्षमधियां वृत्तिः कृता सा नृणाम्
यामन्वेषयतां प्रयान्ति सततं सर्वे समाप्तिं गुणाः ॥

બ્રહ્માએ સર્પોના ભક્ષણ માટે હિંસા રહિત અને વગર પ્રયત્ને પ્રાપ્ત થાય તેવો પવન બનાવ્યો છે, પશુઓના ભક્ષણ માટે તૃણ અને સૂવા માટે પૃથ્વી બનાવી છે, પરંતુ આ સંસાર સાગર તરવા સમર્થ બુદ્ધિવાળા માનવી માટે, એવી વૃત્તિ નિયત કરેલી છે, કે જે વૃત્તિને શોધતાં સર્વે ગુણોની સમાપ્તિ થાય છે

आहारनिद्राभयमैथुनं च
सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
ज्ञानं हि तेषामधिकं विशेषम्
ज्ञानेनहीना. पशुभिः समानाः ॥ हितोपदेश ॥

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ માનવ સૃષ્ટિમાં તેમજ પશુઓમાં સરખાં જોવામાં આવે છે, પરતુ મનુષ્યમાં તેમના કરતાં જ્ઞાન વિશેષ છે જો આ જ્ઞાન ન હોય, તો મનુષ્ય અને પશુ બન્ને સરખાં છે.

જીવન ટકાવવા અર્થાત્ પ્રાણનું પોષણ કરવા, અને પોતાનો વિનાશ થતો અટકાવવા, ચેતન સૃષ્ટિનાં તરફડિયાં તેમનો અથાગ શ્રમ—તેજ જીવન કલહ તે કલહમાં નિર્બળને સબળની આધીનતા ભોગવવી પડે છે, અથવા નિર્બળ સબળનો ભક્ષ્ય બને છે. માનવ સૃષ્ટિમા જુઓ, કે પશુઓ પક્ષીઓ અને કીટાદિ જંતુઓનો અવલોકન કરો જ્યાં જોશો ત્યાં, આ જીવન કલહ ચાલ્યાજ કરે છે. આ સંસારની વ્યવસ્થા અને તેનું બંધારણ પણ, આ જીવન કલહ પરજ છે

अंगं गलितं पलितं मुंडं दशनविहीनं जात तुंडम्
वृद्धो याति गृहित्वा दंडं तदपि न मुञ्चत्याशापिंडम् ॥ शंकराचार्य ॥

હરિગીત.

માથે પળી આવી પહોચ્યાં, અંગ અરરર ગળી ગયું,
તેમાં વળી મુખ મૂર્ખ તારૂં, દાંત વીના મળી ગયું;
ઘડપણ વડે તું લાકડીનો ઓથ આપે અંગને,
તોપણ અરે તું જીવવાના તજ ન કેમ તરંગને.

जीर्यन्ति जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः
जीवनाशा धनाशाच्च जीर्यतोऽपि न जीर्यतः ॥

વૃદ્ધ થતાં કેશ જીર્ણ અર્થાત્ શ્વેત બને છે. ઘડપણ આવતાં દાંત પડી જાય છે, પણ આપણને ઘડપણ આવે છે, છતાં, એક જીવવાની આશાને અને બીજી ધન પ્રાપ્ત કરવાની આશાને ઘડપણ આવતું નથી.

गतं तत्तारुण्यं तरुणीहृदयानन्दजनकम्
विशीर्णादन्तालिर्निजगतिरहो यष्टिशरणा ।
जडीभूतादृष्टिः श्रवणरहितं कर्णयुगलम्
मनो मे निर्लज्जं तदपि विषयेभ्यः स्पृहयति ॥सुभाषित॥

સ્ત્રીના હૃદયને આનંદ આપનાર જુવાની વહી ગઇ, દાંતોની બત્રીશી પડી જવા તૈયારી કરે છે, અને ચાલવામાં લાકડીનો ટેકો લેવો પડે છે, દ્રષ્ટિ મંદ પડી ગઇ, કાનોથી સંભળાતું નથી, તથાપિ મારૂં આ નિર્લજ્જ મન વિષયોમાંથી વિરમતું નથી, (અને હજી બધુ જીવવાની આશા રાખે છે).

પ્રેરણાધીન પશુ પક્ષી અને કૃમિ કીટાદિના જીવન કલહની પર્યાપ્તિ પોતાનું જીવન ટકાવી રાખવા માટેના તરફડિયામાંજ થાય છે, અને સબળ અને નિર્બળના વિગ્રહમાં પોતપોતાના બળના પ્રમાણમાં તેમનું જીવન ન્યૂન વા અધિક થાય છે; પરંતુ બુદ્ધિને આધીન માનવ સૃષ્ટિનો જીવન કલહ, મહાત્મા ભર્તૃહરિ જણાવે છે તેમ, **नृणां वृत्तिः सा कृता यामन्वेषयतां सर्वे गुणा समाप्तिं प्रयान्ति** એટલો તો ગુચવાડાભરેલો થાય છે, કે તે પૂરો

થાય ત્યાં સુધી, માનવ જાતમાં જે બળ, શૌર્ય, પરાક્રમ, ઉત્સાહ વગેરે ગુણો છે, તે સર્વે ગુણોની સમાપ્તિ થઈ જાય છે.

સામાન્ય માન્યતા એવી છે, કે શ્રીમાનોનો જીવન કલહ નિર્ધનોના જીવન કલહ કરતાં, અતિ ન્યૂન હોવો જોઇએ; કારણ, કે કલહ માટે શ્રીમાનો શ્રીના પ્રમાણમાં ન્યૂન વા અધિક સાધન-સંપન્ન હોય છે, એટલે કલહમાં આખરે તે જય પામે છે. વસ્તુતઃ આ માન્યતા ખોટી છે જેમ ઉપાધિ વધુ, તેમ દુઃખ વધુ, એ સાધારણ નિયમ છે નિર્ધનોની ઉપાધિઓ પણ ન્યૂન અને પ્રમાણમાં તેમનો કલહ પણ ઓછો. ઉપાધિ ભાર રૂપ છે, અને ભાર નીચે પાડે છે શ્રીમાનોને ધનનું રક્ષણ કરવાની ઉપાધિ, લોકોમાં પ્રતિષ્ઠા જાળવી રાખવાની ઉપાધિ, અધિકારના પ્રમાણમાં બાહ્ય દેખાવ રાખવાની ઉપાધિ, આંતર નિર્બળતા છૂપાવવાની ઉપાધિ, આ વગેરે ઉપાધિઓ હોય છે, એટલે શ્રીમાનોની સ્થિતિ, "બહારકી તો અચ્છી બની ઓર ભીતરકી તો રામ જાણે" "ડુંગર દૂરથી રળિયામણા," ' પીળું એટલું સોનું નહીં," જેવી હોય છે.

નંદલાલ શેઠને બોલાવવા શેઠાણીએ મોકલેલ માણસ પાછો ગયો, ત્યાર પછી, શાંતિરામ ભટ્ટ પાસે શેઠે પોતાની આંતર સ્થિતિનો જે ઉભરો કાઢયો તે આ પ્રમાણે હતો.—

" મંજુલાએ એકની દશગણી વાતો કરી, ઘરમાં કલેશ જગાડયો હશે વળી ઘરનું માણસ ભોળા સ્વભાવનું પૈસા ગયા તે તો જાણે ઠીક; પણ ફજેતીને ફાળકે ચડવું પડશે, અને લોકોની જીભે વગોવાશું. મૂર્ખ સાથે પનારો પડે, તો તેથી જીવને મહા સતાપ થાય છે. અરે ભગવાન ! મને તો કોઇ વાત ગળે ઉતરતી નથી. એક બાજુ ઘરની પીડા, અને બીજી બાજુ નાતીલાઓ સામે થઈ, મારી આબરૂ પર આવી ગયા છે. તેઓમાંથી થોડો ભાગ મારી તરફેણમાં છે, તેમને ખોટું સાચું સમજાવી, હાથમાં રાખવા પડે છે. તેમ ન કરૂં, તો લોકો સામા પક્ષમાં મળી, મને હાનિ પહોંચાડે, અથવા તેઓ મને નાત બહાર મૂકવા, પોતાથી બનતું કરે. વળી મારી ભગંદરની વ્યાધિ પણ વધી છે. રાતના પૂરી ઉંઘ પણ આવતી નથી. નોકર ચાકર સર્વે સૂઈ જાય છે. હું મરી જાઉં, તો મારૂં ધન તેમના હાથમાં

આવે, એ હેતુથી, ઘરના માણુસો દવાદારૂ કે સારવાર કરવાની દરકાર કરતા નથી. બિચારી વસંતની વહુ મારી સેવા કરે છે, પણ તે છે બહુ શરમાળ, એટલે, રૂબરૂમાં બોલે નહીં, અને લાજ કાઢે. મને એ વાત પસંદ છે, કારણ, કે તેમાં આપણા ઘરની આબરૂ છે; પણ ઘરના માણુસોને તો કાળજી જોઇએ ? તેઓ તો મારા જીવના ભૂખ્યા છે ! વસંત આવડો મોટો થયો, પણ તેને નહી ધંધામાં ધ્યાન, કે નહી ઘરનું ધ્યાન કહેતાં શરમ લાગે છે, કે. બિચારી સુમતિને મારા ધારવા પ્રમાણે સંસારનુ સુખ મળ્યુ નથી વહુ સારા ઘરની દીકરી છે. સદ્‌ગુણી, વિવેકી અને શીયળવતી છે, નહીંતો વળી મારા દુઃખમાં ઓર વૃદ્ધિ થાત. વસંતની સોબત પણ મને પસંદ નથી. આખો દહાડો તે પોતાના ખરાબ સોબતીઓ સાથે મોજમજામાં ગુલતાન રહે છે મંજુલા અતિ મોઢે ચઢાવેલી છે, અને તેથી તે ગમે તેમ વર્તે છે, છતાં, તેને કાંઇ કહેવાતું નથી સુમતિને જેમ વસંત તરફથી સુખ નથી, તેમ મંજુલા પણ તેને પજવવામાં બાકી રાખતી નથી. ઘરના ફજેતા ન થાય, અને આબરૂ જળવાઇ રહે, એ હેતુથી મંજુલાને મારાથી કાંઇપણ કહી શકાતું નથી. મારી સ્ત્રી તો, મંજુલા બોલી, તે પરમેશ્વર બોલ્યો, એટલો તેનાપર વિશ્વાસ, એટલે તેના તરફથી પણ સુમતિને સુખની આશા નહીં. મારાથી સમજી શકાતું નથી, કે આ બધાનુ ભવિષ્યમાં કેવું પરિણામ આવશે ? હાલ વેપારમાં પણ મને બહુ નુકશાની થઇ છે. માલ રસ્તામાં રઝડે છે, જેમની પાસે લ્હેણુ છે, તેઓ પૈસા આપવામાં ખોટી વૃત્તિ ધારણ કરી બેઠા છે, અને ઉઘરાણીનો મોટો ભાગ ખોટો થયો છે. મારી આવી વિપત્તિઓ, સ્ત્રીઓ શું સમજે ! તેઓ તો પોતાનુંજ વગાડયા કરે ! "ફલાણુ લાવો, ફલાણાને રજા આપો અને ફલાણાને રાખો !" માણુસોના પેટમાં ચિંતાની કેવી હોળી જાગતી હોય, તેનું તેમને કાંઇ ભાન હોય ?"

નંદલાલ શેઠ ઉભરો કાઢી રહ્યા, એટલે શાંતિરામે ધર્માદેવીને ઉદ્દેશી કહ્યું, "જોયું માતાજી ! તમે રસ્તામાં કહેતા હતા, કે અમથાનો શેઠ સુખી છે. કરોડોની મિલ્કત ધરાવનારાઓની આંતર સ્થિતિ જોઇ ?

અતિ આધિ અને ઉપાધિઓ, વળગે તેમ વિશેષ વ્યાધિઓ,
તન જાય તવાઈ તાપથી, સુખ સંસાર વિષે કશું નથી.

લક્ષ્મી તણો આવાસ એવી, રાજ ગાદીને તજી,
ભાવે થકી ભિક્ષુક થઇ, ભાગી ગયા કયાં ભરતજી;
બહુ આધિ વ્યાધિ ઉપાધિનો તો તાપ લાગે આકરો,
સુખ છે નહીં સંસારમાં, શાને વૃથા ચિંતા કરો.

(કેશવ કૃતિ)

"અહા ! આવા શ્રીમાનો કરતાં, ઝુંપડામાં રહેનાર ગરીબ સહસ્રગણા સુખી !" કર્માદેવીએ જણાવ્યું.

"માતાજી હજી તો આપણને સંસારનો ઘણો અનુભવ લેવો બાકી છે," શાંતિરામે કર્માદેવીને જણાવ્યું

"નંદલાલ શેઠ ! શું આપને ભગંદરની વ્યાધિ છે ? તમે મારી પાસે કોઇ દિવસ એ વાત કરી ન હતી આજે પ્રસંગોપાત એ વાત નિકળી, એટલે મેં જાણ્યું ઠીક છે ! આપણે તેની દવા કરશું. તમે સર્વે ચિંતા ત્યજો જગતમાં જેટલી ઉપાધિ, તેટલુંજ દુઃખ. હાલ આપ ઘેર જાઓ, અને મંજુલાનો ઝઘડો પતાવી આવો," શાંતિરામે નંદલાલ શેઠને ધીરજ આપી

શાંતિરામના કહેવાથી નંદલાલ શેઠ વેણીરામની મેડીથી નિકળી, ઘર તરફ જવા નિકળ્યા.



પ્રકરણ ૧૭ મુ.

અમરાવતીનું રાજતંત્ર

युगप्रवर्तधर्मको राजा धर्मप्रशिक्षणात्
युगानां न प्रजानां च दोषः किंतु नृपस्य हि ॥

शुक्रनीति ॥

અમરાવતીના સિંહાસન પર વિરાજમાન સાંપ્રત નૃપતિના પૂર્વજોના સમયમાં, આ રાજ્યનું ગૌરવ એટલું બધું હતું, કે ભારતવર્ષના બીજા રાજ્યોને તે ઇર્ષ્યાનું કારણ બન્યું હતું. આ રાજ્ય ભારતના પૂર્વ અને ઉત્તરના મધ્યના ઇશાનકોણમાં પોતાની સ્વતંત્ર સત્તાથી ગાજી રહ્યું છે આ રાજ્યનો વિસ્તાર લગભગ પંચોતેર હજાર ચોરસ મૈલ છે. રાજ્યની કુલ વસ્તી ત્રીશથી પાંત્રીશ લાખ માણુસોની છે સાંપ્રત નૃપતિના પૂર્વજોના સમયમાં આ રાજ્ય, વ્યાપાર, વિદ્યા, કળા અને ધનમાં ભારતભૂમિમા પ્રથમ શ્રેણીનું ગણાતું. રાજ્યમાં અજીત વીર પુરૂષોથી બનેલ એક લાખ પાયદળ અને દશ હજાર ઘોડેસ્વારની સેના હતી યુદ્ધ સામગ્રીમાં વિધવિધ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો, શતઘ્ની વા તોપ વગેરે અસંખ્ય હતાં દર પચીશ ગામોની વચ્ચે એક વીર સેનાપતિના તાબામાં ગુલ્મ અર્થાત્ સૈન્યસમૂહ રહેતું, અને ત્યાં દઢ રક્ષાસ્થાન બનાવેલાં હતાં. રાજ્યના મુખ્ય શહેરોમાં બચાવ માટે મહીદુર્ગ અર્થાત્ પૃથ્વીની નીચે માટીના બનાવેલા કિલ્લા, અબ્દર્ગ અર્થાત્ ચારે તરફથી પાણીની ખાઇઓથી ઘેરાયલા કિલ્લા, અને ગિરિદુર્ગ અર્થાત્ ડુંગરામાં કિલ્લા વગેરેની પ્રશંસનીય યોજના હતી આ સર્વ દુર્ગો

---

* પ્રજાને ધર્માધર્મ રાજા શીખવે છે, અને તે કારણથી સારા નરસા યુગને પ્રવર્તાવનાર રાજા જ ગણાય છે. માટે ખરાબ સમય થવામા યુગ કે પ્રજાનો દોષ નથી; દોષ કેવળ રાજાઓનો જ

શસ્ત્રાસ્ત્ર, ધન. ધાન્ય, વાહન શિલ્પ યંત્ર, ઘાસચારો, અને જળાશયોથી ભરપૂર રહેતાં રાજ્યમાં નદીઓ, નહેરો. અને વાવ, કૂવા, સરોવર, તળાવ વગેરેને લીધે જલ સંચય સંપૂર્ણ હતો, એટલે દુષ્કાળાદિ ભયંકર વિપત્તિઓથી આ રાજ્ય મુક્ત રહેતું. કૃષિકારોને મહેસુલ વસુલ કરવાની પદ્ધતિમાં કોઈ જાતનો ત્રાસ ન હતો. એટલે તેઓ ઉત્સાહથી કૃષિ કરતા, અને તેથી રાજ્ય સદા ધન ધાન્યથી બધી વાતે સમૃદ્ધ રહેતું. રાજનગરની આસપાસ અભેદ્ય અને અજય્ય દુર્ગ આવી રહેલુ હતું ! રાજભુવન સુપર્યાપ્ત અર્થાત્ સર્વ પ્રકારના રાજકાર્યો તથા ગૃહ કાર્યોમાં ચાલી શકે એવું, સુરક્ષિત. સર્વ ઋતુઓમાં સુખદ, સ્ફટિક જેવું સુદર અને ઉજ્જવલ જલ, અને વૃક્ષોથી સમન્વિત હતું રાજનગર લંબાઇમાં છ યોજન અને પહોળાઈમાં ત્રણ યોજન હતું, અને દુર્ગની દિવાલોની આસપાસ જળથી ભરેલી ખાઈઓ આવેલી હતી. દુર્ગની દિવાલો ઉપર જુદે જુદે ઠેકાણે સર્વ મળી પચાશ તોપો નગર રક્ષણાર્થ રહેતી હતી નગરની અંદરનો ભાગ સુંદર પહોળા રાહમાર્ગોથી વિભક્ત હતો. આ રાહમાર્ગ ઉપર પ્રતિદિન જલ સિંચન થતુ, અને માર્ગની બન્ને બાજુએ છેડાપર વિધવિધ પ્રકારના અને સુવાસિત પુષ્પોના વૃક્ષોની હારો આવી રહેલી હતી

સાંપ્રત રાજાના પૂર્વજોની રાજનીતિ આદર્શ નીતિ હતી.

> राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेताम्
> तेनाद्य वत्समिव लोकममुं पुषाण ।
> तस्मिंश्च सम्यगनिशं परिपोष्यमाणे
> नानाफलैः फलति कल्पलतेव भूमिः ॥ भर्तृहरिः

હે રાજન ! જો પૃથ્વીરૂપી ગાયને તમને દોહોવાની ઈચ્છા હોય, તો, વાછડાની પેઠે પ્રજાનું પોષણ કરો. હમ્મેશાં, સારી રીતે લોકનું પોષણ થવાથી, પૃથ્વી કલ્પલતાની પેઠે, નાના પ્રકારનાં ફળ આપે છે.

આદર્શ રાજનીતિ કેવી હોવી જોઇએ, તે સંબંધી શુક્રનીતિમાં કહ્યું છે કે,

कार्यस्थानानि सर्वाणि यामिकैरभितो निशम् ।
चतुर्भिः पंचभिर्वापि षड्भिर्वा गोपयेत्सदा ।
दिने दिने यामिकानां प्रकुर्यात्परिवर्तनम् ॥ १ ॥
वीथिवीथिषु यामार्धे निशि पर्यटनं सदा ।
कर्तव्यं यामिकैरेव चौरजारनिवृत्तये ॥ २ ॥
मार्गसंरक्षणं कुर्यान्नृपः पान्थसुखाय च ।
पान्थप्रपीडका ये ये हातव्यास्ते प्रयत्नतः ॥ ३ ॥
गजाश्व रथयानं तु प्रातः सायं सदाभ्यसेत् ।
व्यूहाभ्यासं सैनिकानां स्वयं शिक्षेच्च शिक्षयेत् ॥ ४ ॥
गजाश्वरथपश्वादीन्भृत्यान्दासांस्तथैव च
संभारान्सैनिकान्कार्याक्षमान्ज्ञात्वा दिने दिने ।
संरक्षयेत प्रयत्नेन सुजीर्णान्संत्यजेत्सुधीः ॥ ५ ॥
ग्रामान्पुराणि देशांश्च स्वयं संवीक्ष्य वत्सरे ।
अधिकारिगणैः काश्च रंजिताः काश्च कर्षिताः ॥ ६ ॥
प्रजास्ताः साधुभूतेन व्यवहारं विचिन्तयेत् ।
न भृत्यपक्षपाती स्यात् प्रजापक्षं समाश्रयेत् ॥ ७ ॥
प्रजाशतेन संद्विष्टं संत्यजेदधिकारिणम् ।
अमात्यमपि संवीक्ष्य सकृदन्यायगामिनम् ॥ ८ ॥
एकान्ते दंडयेत् स्पष्टमभ्यासापकृतं त्यजेत् ।
अन्यायवर्तिनां राज्ये सर्वस्वं च हरेन्नृपः ॥ ९ ॥

રાજાએ નિરંતર સર્વે કાર્ય કરવાના સ્થાનની ચોમેરથી, ચાર, પાંચ વા છ પોહોરો ભરનાર સિપાઇ વડે રક્ષા કરવી, અને પ્રતિ દિવસે તેમની બદલી કરવી. (૧) વળી રાત્રિ સમયે ચોકીદારોએ ચોર તથા જારની નિવૃત્તિ માટે, ગલિએ ગલિએ પોહોરમાં બે વખત ફરવુ. (૨) વળી રાજાએ વટેમાર્ગુના સુખ વાસ્તે માર્ગનું સંરક્ષણ કરવું, અને તેમને જે પીડા કરતા હોય, તેઓને

પ્રયત્નથી હણવા. (૩) વળી નિરંતર સવાર સાંજ, હાથી, ઘોડા તથા રથ ઉપર બેસવાનો અભ્યાસ કરવો, અને પોતે કવાયત શીખવી, તથા સૈનિકોને શીખવવી. (૪) વળી બુદ્ધિમાન રાજાએ પ્રતિદિવસે હાથી, ઘોડા, રથ, પશુ, પોષ્ય વર્ગ ચાકર, લડાઇની સામગ્રી, તથા લશ્કરને કાર્યમાં અસમર્થ થાય, ત્યારે તેઓ પાછા સમર્થ થાય, તે રીતે તેમની રક્ષા કરવી, ને તેમાંથી જે અતિ જીર્ણ થાય, તેમનો કાર્યમાં ઉપયોગ કરવો નહીં. (૫) રાજાએ પોતે પ્રતિ વર્ષે ગામ, નગર તથા દેશમાં ફરી, અધિકારિઓએ પ્રજાને કેવી રીતે રાજી રાખી છે, કે પીડીત કરી છે, (૬) તેની તપાસ કરી, યથાર્થપણાથી નિશ્ચય કરવો, અને ઘણું કરી અધિકારીને રાજી ન રાખતાં, પ્રજાને રાજી રાખવી. (૭) વળી પ્રજાનો મોટો ભાગ જે અધિકારીનો દ્વેષ કરે તેને રજા દેવી, અને પ્રધાન પણ એકવાર અન્યાય કરનાર જાણવામાં આવે, તો, (૮) તેને એકાંતમાં દંડ કરવો, અને જો વારંવાર અન્યાય કરે, તો પછી જાહેરમાં દંડ દેવો, તેમ રાજ્યમાં નિરંતર અન્યાયથી વર્તનારનું સર્વસ્વ જપ્ત કરવું. (૯)

આદર્શ રાજા એક માલીના જેવો છે—

उत्खातान्प्रतिरोपयन्कुसुमितांश्चिन्वन्लघून्वर्धय
न्नत्युच्चान्नमयन्नतान्समुद्‌यन्विश्लेषयन्संहतान् ।
क्रूरान्कंटाकिनो बहिर्निरसयन्म्लानान्पुनः सेचयन्
मालाकार इव प्रपंचचतुरो राजा चिरं नंदति ॥

शारंगधर पद्धतिः ।

ઉખડી ગયેલા ફરી, રોપે ઉપચાર કરી,
ખીલેલામાંથી વીણી લે, ફુલ રૂડાં સ્ફુટ સ્ફુટ;
નીચાંને વધારે ઉંચા, નમાવે નમેલાં તેમ,
ઉંચા કરી એકઠાંને, કરે રૂડાં છુટ છુટ;
ક્રૂર કાંટાળાને કરે, ચૂંટ ચૂંટ છુટ છુટ,
કરમાયેલાંને પાય પાણી, રૂડાં ફુટ ફુટ;

વદે છે વિદુર એવા, ચતુર માળીના જેવા;
રાજા લાંબો કાળ લે છે, સુખ રૂડાં લૂટ લૂટ.

રાજ્યમાં ન્યાયાસને વિરાજ્યમાન થનારા ન્યાયાધિશો, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, મિતાક્ષરા, વ્યવહારમયૂખાદિ વ્યવહાર શાસ્ત્રમાં નિપુણ હતા, એટલે પ્રજાને સંતોષકારક ન્યાય મળતો, અને તે કારણથી પ્રજા સર્વદા રાજભક્ત અને સંતુષ્ટ રહેતી રાજા નીતિમાન, એટલે પ્રજા પણ પ્રધાન અંશે સન્નીતિમાનજ હતી. પ્રજામાં દુર્વ્યસન કે ચોરી લૂટફાટના દાખલા અપવાદ રૂપેજ દેખાવ દેતા. રાજ્યમાં વિદ્યા કળા કૌશલ્ય વગેરે જ્ઞાનનો સારો પ્રસાર થાય એ હેતુથી, રાજ તરફથી પ્રજાને પ્રાથમિક શિક્ષણ મફત અપાતુ, અને ઉચ્ચ પ્રતિનું જ્ઞાન આપનારાં વિદ્યાલયો, પ્રત્યેક શહેરમાં હતાં. આ રાજ્યમાં અશિક્ષિત વર્ગ જવલ્લેજ જોવામાં આવતો સ્ત્રી વર્ગને પણ પોતાનાં કર્તવ્યોનું યથાર્થ ભાન થાય, એ હેતુથી કન્યાશિક્ષણ પર અતિ પ્રશંસનીય લક્ષ અપાતું.

રાજ્ય સાત જીલ્લા અને સોળ તાલુકામાં વહેંચાયલુ હતુ, અને દરેક જીલ્લા અને તાલુકામાં યોગ્ય અધિકારીઓ ચડ ઉતર શ્રેણીએ નીમવામાં આવ્યા હતા. પ્રજાને જો પ્રથમ શ્રેણીના ન્યાયાધીશના ન્યાયથી સંતોષ ન થતો, તો રાજા પોતે તેમને ન્યાય આપતા વર્ષમાં બે વખત એટલે, વિજયાદશમી અને નાગપંચમીને દિવસે રાજનગર અમરાવતીમાં પૂર ઠાઠમાઠથી રાજાની સ્વારી નીકળતી, તે જોવા પાટનગર અમરાવતીમાં લાખો માણસોની ઠઠ જામતી. સાંપ્રત નૃપતિના પૂર્વજો શિવમાર્ગી હોવાના સબબથી રાજ્યમાં શૈવ અને શક્તિ સંપ્રદાયોનું પ્રાબલ્ય વિશેષ જોવામાં આવતું, અને એક નાનામાં નાના ગામમાં પણ, ઓછામાં ઓછું એક શિવમંદિર તો હતું જ. રાજ્યમાં પ્રત્યેક વર્ષે જુદે જુદે સ્થળે મેળા ભરાતા, અને ત્યાં ભિન્ન ભિન્ન સ્થળેથી વિધવિધ પ્રકારના વહનો, ઢોરો, વસ્રો, ઓજારો. યંત્રો, અને અદ્દભૂત કારીગરીની વસ્તુઓ આવતી, અને તે મેળા જોવા અને ત્યાંથી પોતાને જોઈતી વસ્તુઓ ખરીદવા, દેશ દેશાવરથી લોકો આવતા, એટલે આ રાજ્યની અને બીજા રાજ્યોની પ્રજા પરસ્પર સમાગમમાં આવતી. આ રાજ્યમાં વ્યાપારીઓને ઉત્તમ

પ્રકારની સગવડ કરી આપવામાં આવતી, એટલે ઉત્તમ પ્રકારની કારીગરીની વસ્તુઓ ખપાવવા, અતિ દૂર દેશથી પણ વ્યાપારીઓ આવતા લૂટ, ચોરી, ઠગાઈ કે વ્યભિચારના દાખલા બનતા, તો રાજ્ય તરફથી તેની સખ્ત ખબર લેવામાં આવતી. રાજ્યનો આ વર્ગ ઠાઠમાઠથી યાત્રાએ આવતો, જેથી ત્યાં નાચ રંગ, નાટકો, નાના પ્રકારની રમત ગમતો, વગેરે થતાં, એટલે, ત્યાં આવનારાઓને અનુપમ આનંદ થતો.

કોઇપણ દેશ કે મનુષ્યની સ્થિતિ સર્વદા એક સરખી રહેતી નથી. જે દેશે એક વખત આખી ધરા ધમધમાવી હશે, જે પ્રજાએ પોતાના શૌર્ય અને પરાક્રમ વડે આખા ભૂમંડળમાં પોતાની ધાક બેસાડી હશે. તે દેશ અને તે પ્રજા કાળે કરી અધોગતિને પામે છે ગોલ્ડસ્મિથ નામે એક આંગ્લ કવિ, એક ગામ જે તેની જન્મભૂમિ હતી, તેને ઉદ્દેશીને જણાવે છે:—

Sweet smiling village, loveliest of the lawn,
Thy sports are fled, and all thy charms withdrawn,
Amidst thy bowers, the tyrant's hand is seen,
And desolation saddens all thy green;
One only master grasps the whole domain,
And half a tillage stints thy smiling plain;
No more thy glassy brook reflects the day,
But choked with sedges, works its weedy way.
Along thy glades, a solitary guest,
The hollow sounding bittern guards its nest,
Amidst thy desert walks the lapwing flies,
And tires their echoes with unvaried cries,
Sunk are thy bowers in shapeless ruin all,
And the long grass overtops the mouldering wall.

મનોહર હાસ્ય કરતા અને મેદાનમાં આવેલા ગામોમાં સર્વથી આહ્લાદ જનક ગામ! તારી રમત ગમતો સર્વે દૂર થઈ છે, અને

તારામાં જે મોહ હતો, તે તારી પાસેથી ખેંચી લેવામાં આવ્યો છે હવે તારા મંડપોની વચ્ચમાં જુલમગારનો હાથ જોવામાં આવે છે, અને તારી નિર્જનતાને લીધે, પૂર્વની તારી લીલોત્રાવાળી જગાપર, શોકની છાયા છવાઇ છે. સમગ્ર ભૂમિનો, એકજ સ્વામીએ કબજો લીધો છે, અને અર્ધી ખેડાયલી જમીને, પૂર્વના તારા સ્મિત કરતા મેદાનોને, સંકુચિત બનાવ્યા છે. હવે કાચ જેવા પારદર્શક ઝરાઓમાંથી સૂર્યના કિરણોનો પ્રત્યાઘાત થતો નથી, પણ તેને બદલે તેમાં કાંટાવાળી ઝાડીઓ ઉગી નીકળી છે. તારી ઝાડીમાં એકાંત પરોણો, ખોખરો અવાજ કરતો બિટર્ન પક્ષી પોતાનો માળો સાચવ્યા કરે છે. તારા નિર્જન રસ્તાઓમાં લેપવીંગ પક્ષી ઉડયા કરે છે, અને પોતાના અસ્ખલિત ઘોષને લીધે થતા પ્રતિધ્વનિથી કંટાળો આપે છે. તારાં ઝુંપડાઓ સર્વ બેડોળ સ્થિતિમાં પડી ભાંગ્યા છે, અને તેમની પડી જવાની અણીપર આવેલી દિવાલો સુધી ઘાસ ઉગી નીકળ્યું છે.

ભૂમંડળની દશે દિશાઓમાં આદર્શ રાજનીતિને લીધે શ્વેત કીર્તિ પ્રસારનાર અમરાવતીના રાજાઓ, આ પંચ મહાભૂતના બનેલા દેહનો ત્યાગ કરી, સ્વધામ પધારી ગયા, અને તેમની સાથે આદર્શ રાજનીતિ પણ અસ્ત પામી રાજનીતિમાં પ્રથમ પરિવર્તનનો પ્રારંભ, વિદ્યમાન નૃપતિના પિતા અજીતસિંહના સમયથી કહી શકાય.

અજીતસિંહે પોતાની પડોસના એક શત્રુ રાજા સાથે તુમુલ યુદ્ધ કર્યું હતું, અને તે યુદ્ધમાં તેણે તેનો પરાજય કર્યો. ત્યારપછી આ બે રાજાઓ વચ્ચે સંધિ થઇ હતી, જે અન્વયે અજીતસિંહને તે રાજાની પુત્રી પરણાવવાની હતી. શત્રુએ કપટકળાનો ઉપયોગ કરી, પોતાની પુત્રીને બદલે એક દાસીપુત્રી પરણાવી દીધી. દાસી પુત્રી જેમ વર્ણસંકર હતી, તેમ તે ખટપટ અને કપટકળામાં પૂરી હતી. પોતાના અનુપમ લાવણ્યથી મહારાજા અજીતસિંહને પ્રેમપાશમાં એવો સપડાવી દીધો, કે તે પોતાની બીજી બધી રાણીઓને મૂકી, આ રાણીના મહેલમાં દિવસ અને રાત પડયો રહેતો.

આપણા ધર્મશાસ્ત્રોએ પુત્રનો મહિમા બહુ ગાયો છે પુત્ર સ્વર્ગ પ્રાપ્તિ કરાવે છે, અને પિતાઓનો નર્કમાંથી ઉદ્ધાર કરે છે, એવી આપણી પ્રાચીન માન્યતા છેઃ—

पुत्रेण लोकाञ् जयति पौत्रेणानन्त्यमश्नुते
अथ पुत्रस्य पौत्रेण ब्रध्नस्याप्नोति विष्टपम् ॥ ९ ॥ १३७॥
पुन्नाम्नो नरकाद्यस्मात्त्रायते पितरं सुतः
तस्मात्पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयंभुवा ॥ ९ ॥ १३८ ॥

પુત્ર હોવાથી લોકોમાં જય મળે છે, અને પૌત્ર મળવાથી ચિરકાળ સુખમાં રહેવાય છે; અને પુત્રનો પૌત્ર થવાથી તો માનો, કે આદિત્ય લોકના સુખનો ભોકતા થવાય છે પિતાનો પુન્નામ નર્કમાંથી ઉદ્ધાર કરે છે, તેટલા માટે "પુત્ર" એ સંજ્ઞા તેને મળી છે, એમ બ્રહ્માજીએ પોતે કહેલું છે (મનુસ્મૃતિ અધ્યાય ૯ શ્લોક ૧૩૭-૧૩૮) અતિ પ્રાચીનકાળમાં પ્રચાર પામેલ, પણ હાલમાં નિંદિત અને વર્જ્ય ગણાતા નિયોગનો પ્રચાર, પણ આ માન્યતાને આભારી છે. નિયોગનો પ્રચાર બંધ થતાં, દત્તકવિધાનથી પારકા પુત્રને પોતાનો પુત્ર કરી લેવાની, અને તેને પુત્ર જેટલાજ અધિકાર આપવાની રીતિ પ્રચાર પામી. જોકે આપણા શાસ્ત્રકારોએ ગૃહસ્થોને તેમજ રાજાઓને એક પત્નીવ્રત ધારણ કરવા ભલામણ કરેલી છે, (મનુસ્મૃતિ અધ્યાય સાત શ્લોક ૭૭), તે છતાં સમય પલટાતાં, ગૃહસ્થોએ પુત્રને માટે એક પત્નીવ્રતનો ત્યાગ કર્યો, અને રાજાઓ અનેક વિવાહિત અને ઉપપત્નીઓના સ્વામી બનવા લાગ્યા. અને રાણીઓમાંથી જે રાણીથી પુત્રનો સૌથી પ્રથમ પ્રસવ થાય, તે માનીતી રાણી ગણાવા લાગી, અને બીજી રાણીઓ અણમાનીતી મનાવા લાગી. માનીતી રાણી થવાની લાલસામાં રાજાઓના અંતઃપુરમાં વિધવિધ પ્રકારની ખટપટો જાગવા લાગી, અને રાણીઓ પોતાનાં સ્રીચરિત્રના બળથી, અને કપટબાજીની અદ્ભૂત રમતથી, ગર્ભિણી હોવાનો દંભ કરી, યોગ્ય સમયે રજપૂત વા ક્ષત્રિય બાળકને બદલે, કુંભાર, મોચી, ખવાસ અથવા એવી બીજી

વર્ણના તરત જન્મેલા બાળકને ગોઠવવા લાગી, અને વખત જતાં તે બાળકો મોટા થતાં, રાજાની પદ્ધિ ધારણ કરી રાજ્ય કરવા લાગ્યા.

અજીતસિંહની આ નવી રાણી પટ્ટરાણી તો થવા પામી હતી, પણ તેને પેટે કોઈ પુત્ર ન હતો, એટલે ઘણી વખત તેને લાગી આવતું. "જો કોઇપણ યુક્તિએ હું પુત્રની માતા બનું, તો આ ભોળા રાજાનો પ્રેમ વધુ દઢ બનાવી શકીશ, એટલુજ નહીં, પણ ભવિષ્યમાં હું રાજમાતા પણ બનીશ." એ વિચાર આવતાં તેણીને પ્રપંચ કરવાની મતિ સૂઝી. પોતાને ગર્ભ રહેલ છે, એ વાતનો તેણીએ જાહેરમાં પ્રસાર કર્યો, અને એક ગર્ભવતી ખવાસ સ્ત્રીને પૈસાની લાલચ આપી, હાથમાં રાખી, અને યોગ્ય સમયે જ્યારે તે ખવાસની સ્ત્રીને પુત્રનો પ્રસવ થયો, ત્યારે તે બાળકને પોતાના બાળક તરીકે ગોઠવી દીધો, અને પોતાને પુત્ર પ્રસવ્યાના શુભ વર્તમાન દરબારમાં મોકલાવ્યા. યુવરાજ પુત્રના જન્મથી, આખા રાજનગરમાં આનંદ પ્રવર્તી રહયો, અને અજીતસિંહ મહારાજા તરફથી ભાટ, ચારણ, બ્રાહ્મણો વગેરેને લાખો રૂપયાના શિરપાવ અપાયા, અને નગરમા મહોત્સવ પાળવામાં આવ્યો દિવસાનુદિવસ કુવર મોટો થયો, અને મહારાજાને આ એકજ કુંવર હોવાથી તે અતિ લાડમાં ઉછરવા લાગ્યો. કુંવર તરૂણ વયમાં આવ્યો, કે ન આવ્યો, તે અરસામાં મહારાજા અજીતસિંહ સ્વર્ગવાસ પામ્યો, અને કુમારને ધામધુમથી અમરાવતીના સિંહાસન પર બેસાડવામાં આવ્યો કુમાર વયમાં ન હોવાથી, તેની વતી રાજકારભાર રાજમાતાની સલાહથી પ્રમાણિક અને ધર્મપરાયણ અમાત્ય વર્ગ મારફત ચલાવવામાં આવતું.

જ્યાંસુધી રાજ્યની લગામ શાણા અને પ્રમાણિક અમાત્ય અને અધિકારી વર્ગના હાથમાં હતી, ત્યાંસુધી રાજ્યનો વહીવટ બહુ સંતોષકારક ચાલતો હતો, અને પ્રજાને કોઇપણ તરેહનું દુઃખ ન હતું; પરંતુ મહારાજા દુર્લભસિંહ જ્યારે વયમાં આવ્યો, અને રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી, ત્યારથી અમરાવતીની પ્રજા ઉપર ત્રાસ વર્તવા લાગ્યો. રાજ્યના પ્રમાણિક અને હિતૈષી અધિકારીઓ

વગેરેને દૂર કરવામાં આવ્યા, અને તેમની જગાએ મહારાજાની ખુશામત કરનારા કુચ્છંદી, વ્યસની, અને મૂર્ખ અધિકારીઓને ગોઠવવામાં આવ્યા. જેમના હાથમાં રાજા એક રમકડા જેવો થઇ પડયો. રાજાને દારૂ અફીણ, અને બીજા અનેક દુર્વ્યસનો લાગ્યા, અને રાજ્યનો અધિકારી વર્ગ, સમયને અનુસરી, પ્રજાને પીડવા લાગ્યો રાજ્યમાં દરેક ઠેકાણે અંધાધુંધી ચાલી રહી, અને પ્રજામાં પણ ચોરી, વ્યભિચારી, જુગાર, ઠગાઇ, વિશ્વાસઘાત, લૂટફાટ વગેરે અપરાધો, દિવસાનુદિવસ બહુ મોટા પ્રમાણમાં વધવા લાગ્યા. રાજ્યથી જેઓ નારાજ થયા હતા, અથવા જેમને રાજ્યમાંથી દૂર કરવામાં આવ્યા હતા, તેઓમાંથી વિવેકી અને સદ્‌ગુણી પુરૂષો રાજ્ય મૂકી બીજા રાજ્યોમા ચાલ્યા ગયા, અને બીજાઓએ બ્હારવટું કર્યું અથવા બીજી ખટપટો જગાડી.

राज्ञि धर्मिणि धर्मिष्ठा पापे पापाः समे समाः ।
राजानमनुवर्तंते यथा राजा तथा प्रजाः ॥

चाणाक्यनीति

રાજા સદાચરણી હોય, તો પ્રજા સદાચરણવાળી, પાપી હોય તો પાપ કરનારી, તથા પાપ પુણ્યમાં બન્નેમાં સમ હોય તો સમાન થાય છે, કેમકે પ્રજા રાજાનેજ અનુસરે છે.

રાજા પોતે અતિ વિષય લંપટ થઇ ગયો હતો. પોતાના અંતઃપુરમાં એક ખવાસની સ્વરૂપવતી કન્યા ઉપર તેની દ્રષ્ટિ પડી, એટલે તેને પોતાની ઉપપત્ની બનાવી. રાજાને વિવાહિત પત્નીઓ અને ઉપપત્નીઓ મળી સોળ રાણીઓ હતી. નવી ખવાસ રાણીએ રાજાને મોહ પાશમાં એટલો લુબ્ધ કરી દીધો, કે રાજા તેનો નચાવ્યો નાચતો, અને પટ્ટરાણી પાસે આવજા ઓછી કરવા લાગ્યો.

દુર્બલસિંહની જન્મ આપનારી ખવાસ માતા રાજમાતાનો પોગળ ખુલ્લો ન કરે એ હેતુથી, રાજમાતાએ તેને હાથમાં રાખી હતી. જ્યાં સુધી રાજકારભાર પ્રમાણિક અને રાજહિતૈષી રાજ-

પુરૂષોના હાથમાં હતું ત્યાંસુધી, રાજ્યમાં દુર્બલસિંહની જન્મદાતા ખવાસણનો દોર થોડો હતો; પણ રાજ્યની લગામ દુર્બલસિંહના હાથમાં આવતાં, તેનો દોર વધ્યો અંતઃપુરમાં વિધવિધ પ્રપંચો અને ખટપટો થવા લાગી રાજા દુર્બલસિહની જન્મદાતા માતાના પેટથી પ્રથમ જન્મેલો હમીર નામે પુત્ર, પોતાની માતાની સાથે રાજમાતા પાસે આવ જા કરતો, એટલે અંતઃપુરમાં દરેક રાણીના આવાસમાં તેને આવ જા કરવાનો છૂટ હતી નવી રાણી અને હમીર બન્ને ખવાસ કુલોત્પન્ન હતાં નવી રાણી સ્વરૂપમાં મેનકા, ઉર્વશી કે તિલોત્તમાને લજાવે તેવી હતી, અને હમીર પણ સુંદર આકૃતિનો, પૂર્ણ યુવાવસ્થાએ પહોંચેલો, અને વીર હતો, એટલે અન્યોઅન્ય દ્રષ્ટિ મળતાં નવી રાણીનું મન હમીરપર આકર્ષાયું, અને હમીર પણ નવી રાણીના સ્વરૂપના તેજમાં અંજાઈ ગયો. શનૈઃ શનૈ બન્નેની વચ્ચે તારામૈત્રક રચાયું, અને પરિણામે તેઓએ ત્યાં મન્મથ રતિનું રાજય જમાવ્યું.

નવી રાણીએ રાજાને પૂર્ણ વશ કરી લીધો હતો, તેથી બીજી રાણીઓને ઇર્ષ્યા થઇ હતી, એટલે નવી રાણીપરથી રાજાનો ભાવ ઉતરી જાય, અને રાજા તેની પાસે આવ જા ઓછી કરવા લાગે, અથવા તેનો ત્યાગ કરે તેવા પ્રપંચ થવા લાગ્યા. રાણી પાસે હમીર આવા જા કરતો, અને તેની પાસે એકાંતમાં વધુ વખત રહેતો, તે વાત તેમના પ્રપંચને આવકારદાયક થઇ પડી. દુર્બલસિંહ પોતે કાચા કાનનો હતો, તે પટ્ટરાણી સારી રીતે જાણતી હતી. એક વખતે અનાયાસે રાજાનુ પટ્ટરાણીના આવાસમાં આગમન થયું. મહારાણીએ રાજાનો સારો સત્કાર કર્યો, અને તક મળતાં રાજા પાસે હમીરની વાત છેડી. નવી રાણી પાસે હમી૨ એકાંતમાં આવજા કરે છે, તે વાતને, મહારાણીએ રાજાપાસે એવા સ્વરૂપમાં મૂકી, કે નવી રાણીપરની વર્તણુક પર રાજાને શક આવ્યો, અને તે દિવસથી, મહારાજા દુર્બલસિંહની આવજા નવી રાણી પાસે ઓછી, અને પટ્ટરાણીના આવાસમાં વિશેષ થવા લાગી. એકની એક વાત જેમ મહારાજાના કાનપર વધુ વખત આવવા લાગી, તેમ રાજાનો શક દૃઢ થતો ગયો, અને પરિણામે મહારાજાએ નવી રાણીનો ત્યાગ કર્યો, અને અંતઃપુરમાં રહેનારી રાણીઓને રાજા તરફથી જે અધિ-

કાર આપવામાં આવે છે, તે સર્વે અધિકારો, તેની પાસેથી છીનવી લેવામાં આવ્યા તેને એક જુદાજ આવાસમાં રાખવામાં આવી, અને તેના માટે ખર્ચનો બંદોબસ્ત કરવામાં આવ્યો. આ રાણી રાજાના અંતઃપુરમાં બહુ લાંબો વખત સુધી રહી હતી. એટલે, તેના હાથમા જર ઝવેરાત તથા સારી જેવી રોકડ રકમ આવ્યાં હતાં. નવા આવાસમાં રહેવા જતાં, આ રાણીને અંતઃપુર કરતાં વધુ સ્વતંત્રતા મળી, એટલે આ ઠેકાણે હમીરની આવજા નિરંકુશિત થઇ

આ રાણીને કમળા નામે દાસી હતી, તેનાથી આ દેખાવ જોઇ શકાતો નહી કમળા પોતે જેમ સદ્ગુણી હતી, તેમ ડાહી, ચતુર, અને સમયસૂચક, હતી. તેની બોલવાની શક્તિ એટલી તો સારી હતી, કે સાંભળનાર ગમે તેવો દુરાગ્રહી હોય, તોપણ તેનાપર તે સારો પ્રભાવ પાડતી તે વારે ઘડીએ આ રાણીને સદ્બોધ આપતી, અને પતિને છેતરી, વ્યભિચારાદિ કુકર્મ કરવાથી કેવાં ભયંકર પરિણામ આવે છે, તેનું હૃદયભેદક ચિત્ર તેની પાસે રજુ કરતી. રાણી કોઇક વખત સદ્બોધ લક્ષથી સાંભળતી, અને કોઇક વખત કમળાપર છંછેડાઇ, તેને માનભંગ કરતી. કમળા પોતાની થતી અવગણના ગણકારતી નહીં, અને સદ્બોધ ચાલુ રાખતી સદ્બોધનો પ્રવાહ બહુ લાંબો વખત સુધી જારી રહેતાં, આ રાણીને કમળાના બોધનું મનન કરવા પ્રવૃત્તિ થઇ, અને તેને વારંવાર વિચાર આવવા લાગ્યા, "કે હું જાતે ખવાસ છું, તે કારણથીજ હું રાજાની રજપુત રાણીઓની ઇર્ષ્યાનું કારણ બની છું આજે હું જે સ્થિતિ ભોગવું છું, તે પણ તેમની ઇર્ષ્યાને આભારી છે. હમીર સાથેના મારા સંબંધની વાત અંતઃપુરમાં ચર્ચાય છે, એટલુંજ નહીં પણ નગરમાં પણ તે વાત લોક બત્રીશીએ ચડી છે હમીરને લીધેજ રાજા શંકાશીલ થઇ, તેણે મને ત્યજી દીધી છે પરતુ જો હું તે સંબંધ મૂકી દઉં, તો રાજાને પાછો આધીન બનાવવો, તે કાંઇ મોટી વાત નથી" રાણીએ આખરે પોતાના વિચાર આચારમાં મૂકયા કમળાનો સદ્બોધ સફળ થયો. તેણે તરત કમળાને બોલાવી પોતાના આવા.

સના દ્વારપાળને તેના મારફત કહેવડાવી મોકલ્યું, કે હમીરને હવેથી મારા આવાસમાં આવવા દેવો નહી.

કમળા દાસીનો સદ્બોધ સાર્થક થયો, એટલે તેને અમાપ આનંદ થયો તે ઝટ દ્વારપાળ પાસે ગઇ, અને તેને રાણીની આજ્ઞા કહી સંભળાવી હમ્મેશના નિયમ મુજબ હમીર જ્યારે આવ્યો, ત્યારે દ્વારપાળે તેને અંદર જતો અટકાવ્યો હમીરે આમ પોતાને એકાએક અટકાવવાનું કારણ પૂછયું. ' કમળા દાસી મારફત રાણીએ આજ્ઞા કરી છે, " એમ દ્વારપાળે સ્પષ્ટ જણાવી દીધું બળથી અંદર જવાથી સાર ન નીકળશે એમ સમજી, હમીર ત્યાંથી ક્રોધમાં પાછો વળ્યો. હમીરનું આખુ શરીર ક્રોધાગ્નિથી સતપ્ત થઇ ગયું. ક્રોધે વૈર લેવાની વૃત્તિને જન્મ આપ્યો, અને ક્રોધ અને વૈરની અગ્નિમાં રાણી, દ્વારપાળ અને કમળા દાસીની આહુતિઓ આપવા, હમીરે બ્હારવટુ લીધું, અને તે ગુમાનની ટોળીમાં જોડાયો.

પ્રકરણ ૧૮ મું

સદાચાર દુરાચાર વચ્ચે યુદ્ધ.

गतः कालो यत्र प्रणयिनि मयि प्रेमकुटिलः
कटाक्षः कालिन्दीलघुलहरिवृत्तिः प्रभवति ।
इदानीमस्माकं जरठकमठीपृष्टकाठिना
मनोवृत्तिस्तत्किं व्यसनिनि मृषैवक्षपयसि ॥

सुभाषित ॥ *

મંજુલાએ સુમતિની કરૂણાજનક અને હૃદયદ્રાવક દુ:ખી સ્થિતિ કર્યા પછી, તે જરા શાંત થઇ હતી, તોપણ સુનીતિ માટે કેમ કામ લેવું, અને કપટકળાનું શું કરવું, તે વિચારમાં રાત દિવસ તે સતત્ ઉદ્યોગ કરી રહી હતી આજે વિક્ષેપા સાથે કોટવાલને વસંતબાગમાં મળવા તેણીએ સંકેત કર્યો હતો, અને ત્યાંજ રાત રહેવા અને જમવા કરવાનો બંદોબસ્ત કર્યો હતો.

ભદ્રાદેવીથી સુમતિ મંજુલા વગેરે આવ્યાં, ત્યાર પછી કર્મા-દેવી તેમને મળવા આવી આવી ન હતી, એટલે તેમને મળવા, અને નંદલાલના ઘરમાં મંજુલાએ જે કંકાસ જગાડયો હતો, તે દૂર કરવા, કર્માદેવીએ શેઠાણી પાસે જવાની શાન્તિરામને ઇચ્છા

---

* હે પ્રેમ મૂર્તિ ! તું જ્યારે યમુનાની ધીમી લેહેરોના જેવી કુટિલ પ્રેમયુક્ત કટાક્ષ મારતી હતી, તે વખત હવે જતો રહ્યો છે. હવે તો અમારી મનોવૃત્તિ એક બુઢ્ઢી કાચબીની પીઠ જેવી કઠણ થઇ ગઇ છે હે ! વષયમાં આસકિત રાખનાર સ્ત્રી ! હવે તું મને વૃથા શામાટે કટાક્ષ મારે છે ? (સુભાષિત)

જણાવી. શાન્તિરામે ત્યાં જવા માટે કર્માદેવીને અનુમોદન આપ્યું, પણ અધિકારથી વધારે ન બોલવા સલાહ આપી.

' આપણા માનમાં હાનિ થાય, તેમ હું કરીશ નહીં; સુમતિને માટે મને ચિત્તમાં ખેદ થાય છે, અને તેટલા માટેજ મારે ત્યાં જવાનું ખરૂ કારણ છે, " કર્માદેવીએ શાન્તિરામને જણાવ્યું.
નંદલાલના ઘર તરફ ચાલતાં કર્માદેવીને રસ્તામાં પગમાં ઠેશ વાગી, અને તેણીનું જમણું અંગ ફરકવા લાગ્યુ, છતાં કર્માદેવી શંકા કર્યા વગર આગળ વધ્યા, શાન્તિરામ કર્માદેવીના ગયા પછી પોતાના આસને જઇ, ધર્મ શાસ્ત્રના ગ્રંથો વાંચવા લાગ્યા.

નંદલાલના ઘરમાં કર્માદેવી આવ્યા, કે શેઠાણીએ ઉઠી સ્વાગત કરી આસનપર બેસાડયા. ભદ્રાદેવીમાં બનેલા બનાવમાં સુનીતિનો હાથ હતો, અને તેની શીખવણીથી સુમતિ વહુ પણ બગડી, એવા ભાવ ઉપર શેઠાણી કર્માદેવી પાસે બળાપો કરવા લાગી

મંજુલા ઘણા કાળથી શાંતીરામપર મોહ પામી હતી. કર્માદેવીના આગમનથી, શાતિરામ એકલા હશે, એ કલ્પના તેને આવતાં, તેના મનમાં વિકારી વિચારો જાગૃત થયા. તેણીએ તરત વિક્ષેપાને બોલાવી, તેને કહ્યું, " તું દેવી પાસે બેસ, અને જેમ બને તેમ, તે અહીંજ રોકાય, એવી યુકિત સાધ. જો કર્માદેવી વેણીરામની મેડી તરફ આવે, તો તું દોડતી મને ખબર કરજે." વિક્ષેપાને આ પ્રમાણે ભલામણ કરી, દુશ્ચલાને બોલાવી, તેને પેમલા પટેલને તેડી, રસ્તા ઉપર ઉભી રહેવાનું જણાવી, પોતે ઘણીજ ત્વરાથી શૃંગાર સજી, ત્યાંથી ચાલતી થઇ .ભદ્રાદેવીની યાત્રા પછી મંજુલા આજેજ આનંદમાં ફરવા ચાલી, તે જોઈ શેઠાણી ખુશી થઈ, પણ તે ક્યાં જાય છે તે પૂછી શકાયું નહીં. "ભલે જરા મન મોકળું કરી આવે, " એ વિચારથી શેઠાણી બોલ્યા ચાલ્યા વગર, જાણે કાંઇ બન્યું ન હોય તેમ, કર્માદેવી સાથે વાતોમાં ગુંથાઇ

મંજુલા, દુશ્ચલા"તથા પેમલા સાથે, વેણીરામની મેડી પાસે આવી પહોંચી. "અલ્યા પેમલા ! જા ! તું પેલા લીંબડાના થડ પાસે જઇને ઉભો રહે, રસ્તેથી કોઇને પણ આપણા તરફ આવતો દેખે,

કે ઝટ, દુશ્ચલાને ઇસારતથી ખબર કરજે જો ભુલ્યો, તો તારૂં મોત આવ્યું સમજજે," એ પ્રમાણે તેણીએ પેમલાના કાન પકડી, તેને તેના કર્તવ્યનું ભાન કરાવ્યું, અને દુશ્ચલાને દાદર ઉપર ઉભી રહેવાનું જણાવી. તેણીને કહ્યું, "જો રખે તું ઉંઘી જાય, અને મારી બીજી વખત ફજેતી થાય!"

"હું ગાંડી છું, કે આ વખતે હું મારી ફરજ ભૂલી જાઉં!"

"ના, રેના; તું ગાંડી નહી, પણ ગાંડીની સરદાર. ઠીક છે? બહુ હુશીઆરી રાખજે, અને સાવધ રહેજે. હું હવે ઉપર જાઉં છું.

"ભલે સુખેથી જાઓ. જરા પણ ચિંતા રાખશો નહીં. હવે હું ભૂલ કરૂં, એમ જરા પણ ન ધારશો."

સાવચેતીના સઘળા ઉપાયો કામે લગાડી, શાંતિરામ ભટ્ટ જ્યાં પુસ્તક વાંચતા બેઠા હતા, ત્યાં મંજુલા આવી. શંકર ભગવાન જાણે સમાધિસ્થ બેઠા હોય તેમ શાન્તિરામ ભટ્ટ પોતે જે વાંચતા હતા, તેનુ મનન કરવામાં લીન થઇ ગયા હતા, એટલે મંજુલાનું આગમન તે જાણી શકયા નહીં. થોડી વાર પછી ભટ્ટજીએ પુસ્તકમાં આંગળીની નિશાની રાખી મોં ફેરવ્યું, અને મંજુલા પર તેની દ્રષ્ટિ પડી. ત્યાં સુધી મંજુલા ત્યાં સ્તબ્ધ ઉભી રહી હતી; પણ જ્યારે શાન્તિરામની પોતાપર દ્રષ્ટિ પડી, ત્યારે તેણીએ ચેષ્ટા યુકત હાસ્ય કર્યું. શાંતિરામે તેની ચેષ્ટા પર લક્ષ ન આપ્યું, અને વિવેકથી કહ્યું:—

"આવો બેન મંજુલા! આજ આ વખતે તમો અહીં એકલાં કેમ?"

"આપના દર્શને!"

હેવી તો આપને ઘેર ગયાં છે. તમને ન મળ્યા કે?

"મળ્યા તો ખરા, પણ મારેતો આપનીજ પાસે આવવું હતું."

"ભલે આવ્યા? બોલો, કાંઇ કહેવું છે?"

" મંજુલા હસી પડી, અને જાણે પોતે લજ્જાસ્પદ બની હોય, તેમ તેણીએ અધો મુખ કર્યું; શાન્તિરામ તેનો અર્થ જૂદોજ સમજ્યા તેને લાગ્યુ, કે મંજુલાને ભદ્રાદેવીની યાત્રાના બનાવ સંબધી મારી પાસે કાંઈ ખાનગીમા કહેવુ હશે

"બેન મંજુલા ? શરમાવાનું કાંઈ કારણ નથી મનમાં જે હોય, તે ખુશીથી કહી દ્યો. આપનું સાંભળ્યા પછી હુ મારી મતિ અનુસાર પ્રત્યુત્તર આપીશ."

શાન્તીરામનું આ કથન મંજુલા અન્યથા સમજી. "ભટ્ટજી લોભાયા છે, પણ શરમ અને ભયને લીધે, તે પોતાનો આંતર ભાવ દર્શાવતા નથી. ઠીક છે! હુંજ તેમનાં ભય અને શરમ મુકાવીશ." મંજુલાને આ પ્રકારના વિચાર આવતાં, તે ઝટ હાસ્ય કરી શાંન્તિરામ ભટ્ટની પાસે આવી બેઠી.

મહારાજ ! આપ ભવિષ્યવેત્તા છો, છતાં આપ એકાંતમાં મારૂં આવવું, સમજી શકતા નથી ? છેક આવા ભોળા બનો છો ? વાહ ! શી આપની ચતુરાઇ ! શું મંજુલાને ઠગો છો ?"

"શિવ, શિવ ! બેન ! તમારાં ઘરનાં અન્નોદક ખાઇ. તમનેજ ઠગીએ ! તમે અહીં શા હેતુથી આવ્યા છો, તે જણાવ્યા પહેલાં, કેમ સમજાય ? ભવિષ્ય જોવું, તે તો જૂદો વિષય છે પ્રત્યેક બાબતમાં કાંઇ સર્વજ્ઞ થઇ શકાતું હશે ?"

"ત્યારે હું આજ અહીં શા માટે આવી છું, તે તપાસો. સ્વર જુઓ, અથવા પ્રશ્ન જુઓ !" મંજુલાએ મશ્કરી કરતાં જણાવ્યું.

"ભદ્રાદેવીની બાબતમાં કાંઇ કહેવું છે ?"

"ના"

"ત્યારે નંદલાલ શેઠની બાબતમાં કાંઇ કહેવું છે ?"

" એકાંતમાં ભેટ લેવામાં શું ઇચ્છા હોય ? " મંજુલાએ સ્મિતવદને જણાવ્યું, પુનઃ અધોમુખ કર્યું, અને પોતાના હાથની આંગળીઓ મરોડવા લાગી

શાંન્તિરામ ભટ્ટ મુંઝાણા. તેમને કોઇ વાત ગળે ઉતરી નહીં;

પરંતુ મંજુલા વિષય લંપટ હતી, તે વાત શાંતિરામ જાણતા હતા; આજનું તેણીનું આ ઠેકાણે આગમન પણ કદાચ તેણીની વિષય વાસનાને આભારી હોય, એમ ભટ્ટજીને લાગ્યું. આજના તેણીના હાવભાવ નિઃશંક વિકારી હતા મુંઝવણમાં યુક્તિ સુઝી આવે છે, એ એક સામાન્ય નિયમ છે. કાંઇ વિચાર કર્યા પછી, શાંતિરામે મંજુલાને આ પ્રમાણે પ્રશ્ન કર્યો, "મંજુલા બેન! હું આપના પિતા નંદલાલના જેવો છું, એટલે મારી પાસે જે કહેવાનું હોય, તે કહી દેતાં, આટલો સંકોચ શા માટે કરો છો?"

ભટ્ટજીની યુક્તિ કામ લાગી મંજુલાએ તરત પ્રત્યુત્તરમાં જણાવ્યું, 'પિતા હોય તે થાય, અને બેન પણ હોય તેજ થાય સર્વને એકજ રૂઢિએ બોલાવવાની ટેવને ટાળવી જોઇએ સમજ્યા ન સમજ્યા હો, તો સમજાવું ઘણા દિવસે મારા અંતરની અભિલાષા પૂર્ણ કરવાનો આજે પ્રસંગ પ્રાપ્ત થયો છે આપ તો જાણે કાંઈ જાણતા જ નથી તેમ તદ્દન ભોળા બની ગયા છો, અને ભૂને પાણી કહો છો! વાહરે તમારી ચતુરાઇ! શું આપને એકલી કર્માદેવીજ પ્રિય છે? શું કર્માદેવીનો આપને ભય છે, કે મારી વાત આમ ઉડાવી દ્યો છો?'

'દેવી તો મારા માતુશ્રી છે મંજુલા! તમે આ શું બોલો છો? તમારૂં કથન હું જરાપણ સમજી શકતો નથી શું તમે એમ માનો છો, કે ખોટી ભાવના અને વિકારી અભિલાષાથી તમારૂં કાર્ય સિદ્ધ થશે? જો દુષ્ટ વિષય વાસનાથી તમે અત્રે આવ્યા હો, તો કૃપા કરી તમે જેમ અહીં આવ્યા, તેમ અહીંથી જલદી પાછા પધારી જાઓ તમે શું એમ ધારો છો, કે જેના મેં દૂધ સાકર ખાધાં છે, અને જેનો મારાપર સંપૂર્ણ વિશ્વાસ છે તે વિશ્વાસનો હું ભંગ કરૂં? શું તમે મને લૂણહરામી સમજ્યા? તમે નિશ્ચયપૂર્વક માનજો, કે અહીં તમારૂં કાંઇ વળે એમ નથી."

"મહારાજ? આપનું જ્યારથી અત્ર આગમન થયું છે, અને જ્યારથી મેં આપનું સુમનોહર મુખારવિન્દ જોયું છે, ત્યારથી

દુષ્ટ કામદેવે મને વિહ્વળ કરી મૂકી છે. મહારાજ? કામદેવનો તાપ મારાથી સહન થઇ શકતો નહતો, પરંતુ આપને એકાંતમાં મળવા માટે આજ દિવસ સુધી કોઇ લાગ મળતો ન હતો આજે અહીં કર્માદેવી નથી, એટલે આજની તકનો મે લાભ લીધો છે, અને આપને હું એકાંતમાં મળવા આવી છું મહારાજ! હવે મારી કામવાસના તૃપ્ત કરો! આપને હુ કરગરી જણાવું છું, કે આપ મને નિરાશ ન કરો."

"બેન મંજુલા! તમારો પતિ સૌભાગ્યચંદ્ર સર્વ ગુણ-સંપન્ન છે, તેને મૂકી તમે પર પુરૂષ પર કેમ આસકત થાઓછો.

પતિહીસું પ્રેમ હોઇ, પતિહીસું નેમ હોઈ;
પતિહી સુ ક્ષેમ હોઇ, પતિહી સુ રત હય,
પતિહી હય યજ્ઞ યોગ, પતિહી હય રસ ભોગ.
પતિહી સુ મિટે સોગ, પતિહીકો યત હય;
પતિહી હય જ્ઞાન ધ્યાન, પતિહી હય પુણ્ય દાન;
પતિહી હય તીર્થ સ્નાન, પતિહી કો મત હય,
પતિ બીન પત નાહી, પતિ બીન ગત નાહીં;
સુંદર સકલ વિધિ, એક પતિવ્રત હય.

यस्मै दद्यात्पितात्वेनां भ्राता चानुमतेः पितुः ।
तं शुश्रूषेत जीवितं संस्थितिं च न लंघयेत् ॥
विशीलः कामव्रतो वा गुणैर्वा परिवर्जितः ।
उपचर्य· स्त्रिया साध्व्या सततं देववत् पतिः ॥
नास्ति स्त्रीणां पृथग्यज्ञो न व्रतं नाप्युपोषितम् ।
पतिं शुश्रूषते येन तेन स्वर्गे महीयते ॥

मनु ॥ अध्याय ५ ॥

પિતાએ અથવા પિતાની સંમતિથી ભાઇએ જે પતિની સાથે વરાવેલી હોય, તે પતિની સ્ત્રીએ જીવતાં સુધી સેવા કરવી, અને મુવા પછી પણ તેની મર્યાદા ઉલ્લંઘન કરવી નહીં. પોતાનો પતિ

કદાચ સદાચાર રહિત, કામી, વિદ્યાદિ ગુણ વિનાનો નીવડે, તથાપિ પતિવ્રતા સ્ત્રીએ તેનો સત્કાર દેવ પ્રમાણે કરવો સ્ત્રીને પોતાના સ્વામીથી પૃથક યજ્ઞ, વ્રત કે ઉપવાસ કરવાની જરૂર નથી, કિન્તુ સ્વામીની સેવા કરવાથીજ તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે

વળી, મંજુલા બેન ' જે વખતે તમારો વિવાહ થયો હતો, તે વખતે તમે તમારા પતિ સાથે કેવી પ્રતિજ્ઞા કરી છે ! તેની સાથે સપ્તપદીમાં તમે કેવા વચનોથી બંધાયા છો, તેનુ કાંઇ સ્મરણ તો કરો

સપ્તપદિમાં તમે આ પ્રમાણે સાત પ્રતિજ્ઞાઓ લીધી હતી —

त्वत्तो मेऽखिलसौभाग्यं पुण्यैस्त्वं विविधैः कृतैः ।
देवैः संपादितो मह्यं वधुराद्ये पदेऽब्रवीत् ॥ १ ॥
कुटुम्बं पालयिष्यामि ह्यावृद्धबालकादिकम ।
यथालब्धेन संतुष्टा ब्रूते कन्या द्वितीयके ॥ २ ॥
मिष्टान्नव्यंज्जनादीनि काले संपादये ।
तवाज्ञां संपादिनी नित्यं तृतीये सा ब्रवीति वरम् ॥ ३ ॥
शुचिः शृंगारभूषाहं वाङ्मनः कायकर्मभिः ।
क्रीडिष्यामि त्वयासार्धं तुरीये सावदेद्वरम ॥ ४ ॥
दुःखे धीरा सुखे हृष्टा सुखदुःखविभागिनी ।
नाहं परनरं गच्छे पंचमे सा ब्रवीति पतिम ॥ ५ ॥
सुखेन सर्वकर्माणि करिष्यामि गृहे तव
सेवां श्वशुरयोश्चापि बंधूनां सत्कृतं तथा ।
यत्र त्वं वाऽहं तत्र नाहं वंचे प्रियं क्वचित्
नाहं प्रियेण वंच्या हि कन्या षष्ठे पदेऽब्रवीत् ॥ ६ ॥
होमयज्ञादिकार्येषु भवामि च सहायकृत्
धर्मार्थकामकार्येषु मनोवृत्तानुसारिणी ।

सर्वेऽत्र साक्षिणस्त्वं मे पतिर्भूतोऽसि सांपतम्
देहोऽयमर्पितस्तुभ्यां सप्तमे सा ब्रवीति वरम् ॥ ७ ॥

व्यवहारमयूखः ॥

તમારાથીજ આ સંસારમાં મને સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે, અને અનેક પ્રકારના પુણ્ય કરવાથી તેમજ દેવતાઓની પ્રસન્નતાથી તમારા જેવા પતિને હું પરણી છું, એવી રીતે પ્રથમ પગલું ભરતી વખતે તમે પ્રતિજ્ઞા કરી હતી (૧) હે પરમ પ્રિય પતિ ! આપના કુલના વૃદ્ધ પુરૂષોના વચન પાળીશ, તેઓની આજ્ઞાને અનુસરીશ, તેઓનું તથા બાળકોનું અને કુટુંબનું રક્ષણ કરીશ. અને જે પ્રમાણે તમને દ્રવ્યાદિકની પ્રાપ્તિ થશે, તેમાંજ હુ સંતોષ રાખી પ્રસન્ન રહીશ; આ પ્રમાણે બીજુ પગલુ ભરતી વખતે તમે બીજી પ્રતિજ્ઞા કરી હતી (૨) ત્રખતો વખતની સારી ઉત્તમ સ્વાદિષ્ટ રસોઇ કરી, તમને તથા તમારા કુટુંબને ભોજન કરાવીશ; આ પ્રમાણે તમે ત્રીજે પદે પ્રતિજ્ઞા કરી હતી (૩) હુ હમેશ પવિત્રપણે રહિશ; અને શૃંગાર ધારણ કરી, મન, વાણી તથા સત્કર્મવડે તમને પ્રસન્ન કરીશ અને હુ તમારી સાથેજ ક્રીડા કરીશ; આ પ્રમાણે તમે ચોથે પદે પ્રતિજ્ઞા કરી હતી. (૪) દુખમાં ધીર અને સુખમાં પ્રસન્ન રહીશ; અને કોઈ કાલે પણ પરપુરૂષની ઇચ્છા રાખીશ નહીં, આ પ્રમાણે તમારા પાંચમા પદની પ્રતિજ્ઞા હતી. (૫) તમારા ઘરમાં હું સર્વે કાર્યો પ્રસન્નતાથી કરીશ; જ્યાં તમે ત્યાં હું તમારી પાછળ આવીશ, હુ આપને છેતરીશ નહીં, અને પ્રાણાંત સુધી પણ આપનો ત્યાગ નહીં કરૂ; આ તમારી છઠ્ઠા પદની પ્રતિજ્ઞા હતી. (૬) યજ્ઞ વગેરે કાર્યમાં હું તમારી સહાય્ય કરીશ, ધર્મ, અર્થ અને કામ આ ત્રણે પુરૂષાર્થમાં હું આપની આજ્ઞા પાળીશ; તમે મારા આજદિનથી પતિ થયા છો, તેના આ સર્વે સાક્ષી છે, આજથી મેં આ મારૂં શરીર તમનેજ અર્પણ કર્યું, છે, આ તમારી સાતમી પ્રતિજ્ઞા હતી. (૭).

ગીતિ

કુલીન સ્ત્રી સતી પામે, વિષય અવસ્થા તથાપિ રહી સત્યે,
પાળે સ્વધર્મ પોતે, સ્વર્ગ જીતે છે અચૂક તે કૃત્યે.
(સાક્ષર શ્રી રણછોડભાઇ ઉદયરામ)

માટે મજુલા ! તમે પર પુરૂષમા મોહ છોડી દ્યો, અને પતિ સેવામાં તમારૂં ચિત્ત જોડી દ્યો. પતિ ભકિતથીજ તમારૂં શ્રેય થશે.”

“ત્યારે તમે મારી માગણી નથી જ સ્વીકારવાના ? ’

‘ ન, કોઇ કાળે નહી ”

“શાંતિરામ ! હુ તમને હજી કહું છુ, કે તમે સમજી જાઓ આનુ પરિણામ સારૂ નહી આવે. હું મજુલા છું—કાળી નાગણ છુ મારા શત્રુને ડશ દીધા વગર હું મૂકતી નથી. માટે હજી પણ તમને કહુછું, કે તમે તમારૂ ડહાપણ મૂકી દ્યો, અને સમજી જાઓ,’ મંજુલાએ હવે ઉગ્ર ક્રોધના આવેશમા આવી જઇ જણાવ્યુ.

“મજુલા ' મારૂ ગમે તે થાઓ, મારા પર વિપત્તિના વાદળ તટો, મારૂં શરીર આજેજ પડો, પણ આ શાન્તિરામ કોઇ કાળે પરસ્ત્રી પર આસકત નહીં બને—તે લૂણ હરામી નહીં થાય. મજુલા ' તુ મારી દીકરી છો, તુ મારી બેન છો તુ હાલ મોહમાં અંધ બની છે, એટલે તુ કાઇ દેખી શકિત નથી, પણ પરિણામે તારૂં બહુ અનિષ્ટ થશે.

ગઝલ

મત કર ગરૂરી હુસ્નકી, જોબન સદા નહો ;
માયે બદલ અફલાત પૈ, રોશન સદા નહીં

કામાંધતામાં તું ક્રોધે ભરાઈ, મને દુઃખી કરવાની ધમકી આપે છે, પણ તું નકકી સમજજે, કે આ જગતમાં કોઇ માન-વીની શક્તિ નથી, કે તે બીજાને સુખ કે દુ.ખ આપી શકે. આ

સંસારમાં અન્યોન્ય સંબંધ ઋણાનુબંધ છે, અને સુખ કે દુઃખનો કોઇ પણ દાતા થઇ શકતો નથી અમે આ અસાર સંસારથી વિરક્ત બન્યા છૈએ, એટલે અમને સુખ અને દુઃખ બન્ને સરખાં જ છે. અમને તોઃ—

મળો મહેલની મજાઓ, આનંદ છેરે લોલ :
મળો ગિરિની ગુફાઓ, આનંદ છેરે લોલ ;
મળો પહેરવા સુચીરો, આનંદ છેરે લોલ ;
મળો લૂગડાની લીરો, આનંદ છેરે લોલ ;
મળો ઓઢવા દુઃશાળા, આનંદ છેરે લોલ ,
મળો ફક્ત મૃગછાલા, આનંદ છેરે લોલ ;
મળો ખાવા શીરા પૂરી, આનંદ છેરે લોલ ;
મળો ભાખરી અધૂરી, આનંદ છેરે લોલ ;
મળો સૂવા સેજ સારી, આનંદ છેરે લોલ ;
મળો ભોંયની પથારી, આનંદ છેરે લોલ ;

* * *

બધી સ્વપ્નાની બાજી, આનંદ છેરે લોલ ;
જાણી રોજ રહું રાજી, આનંદ છેરે લોલ . (અમ્બર)

જો અશરતે આકર મીલી, તો વોહ ભી કરજાના મીયાં,
જો દર્દ દુઃખ આકર પડે, તો વોહ ભી ભરજાના મીયાં;
યા સુખમેં યા દુ ખમેં ગર્જ, યાંસે ગુજર જાના મીયાં;
હ્યાં ચાર દિનકી જીંદગી. આખર તો મર જાના મીયાં;
ઘર યું હુવા તો કયા હુઆ, ઔર ઉં હુવા તો કયા હુવા.
(નઝીર)

જો ફિક્રમેં પૂરે હય, વોહ હર હાલમે ખુશ હય;
હર કામમેં હર દામમે, હર જાલમેં ખુશ હય;
’ગર માલ દિયા યારને તો, માલમેં ખુશ હય:
બેજર જો કિયા તો, ઉશી અહેવાલમેં ખુશ હય;
ઇફ્લાસમેં, ઇતબારમેં, યકબાલમે ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમે ખુશ હય.—૧

ચ્હેરે પે મલાલત, ન જીગરમેં અસરે ગમ;
માથે પે ન કહીં ચિન્હ, ન અબરૂમે કઇ કમ;
શિકવા ન જમાપર, ન કભી ચશ્મ હુઇ નમ;
ગમમે ભી વોહી અયશ, અલમમેં ભી વોહી દમ,
હર બાત હર અવકાત, હર અફ્આલમેં ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય.—૨

ગર યારકી મરજી હુઇ, સર જોડકે બયઠે;
ઘરબાર છુડાયા તો વહીં છોડકે બએઠે;
મોડા ઉન્હે જીધર વહી મુહ મોડકે બયેઠે;
ગોદડી જો શિલાઈ, તો વોહી ઓડકે બયેઠે;
ઔર શાલ ઉડાઈ, તો ઉશ શાલમે ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય—૩

ગર ઉશને દિયા ગમ, તો ઉશી ગમમે હય ખુશ;
ઔર ઉસને જો માતમ દિયા, માતમમેં રહે ખુશ;
ખાનેકો મિલા કમ, તો ઉશી કમમે રહે ખુશ.
જીસ તૌર કહા ઉસને ઉસ આલમમેં રહે ખુશ,
દુ:ખ દર્દ મે આફાતમેં, જનજાલમે ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમે ખુશ હય.—૪

ગર ઉસને ઉડાયા, તો લિયા ઓડ દુશાલા
કમ્મલ જો દિયા, તો વોહી કાંધે પે સંભાલા;
ચાદર જો ઓડાઇ, તો વોહી હો ગઇ બાલા;
બંધવાઇ લંગોટી, તો વોહી હંસને કહા લા;
પોશાકમેં દસ્તારમેં, રૂમાલમેં ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય.—૫

ગર ખાટ બિછાનેકો મિલિ, ખટમેં સોએ,
દુકાંમેં સુલાયા, તો વહા જા હાટમેં સોએ,
રસ્તેમેં કહા સો તો વહાં જા બાટમે સાએ;
ગર ટાટ બિછાનેકો દિયા, ટાટમે સોએ;
ઔર ખાલ બિછાંદી, તો ઉસી ખાલમે ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમે ખુશ હય—૬

પ્યાલેકો દિયા હાથ, તો હો નિકલે ભિખારી;
બિઠલાકે ખિલાયા, તો વહીં ઉમ્મર ગુઝારી;
મ્યાનપે ચડાયા, તો લગે કરને સવારી;
ઔર પાંવ ચલાયા, તો વોહી બાત સવારી;
જીસ ચાલમે રખા તો વોહી ચાલમે ખુશ હય,
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય—૭

ગર મોઠ મંગાદી, તો વોહી ચાબલી ખુશ હો;
ઔર જવાર ભુનાદી, તો વોહી ચાબલી ખુશ હો,
સુકી જો દિલાદી, તો વોહી ચાબલી ખુશ હો;
રૂખી જો ઉઠાદી, તો વોહી ચાબલી ખુશ હો;
ઔર દાલ ખિલાઇ, તો ઉસી દાલમે ખુશ હો;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય.—૮

પાની જો મિલા પી લિયા, જીસ નોરકા પાયા;
રોટી જો મિલા તો કિયા, રોટીમે ગુઝારા;
દી ભૂખ અગર યારને તો ભૂખ કો મારા
દિલ શાદ રહે કરકે, કડાકે પે કડાકા,
ઔક છાલ ચલાઈ, તો ઉસી છાલમેં ખુશ હય,
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય.—૯

ગર ઉસને કહા શએર કરો, જાકે જહાંકી;
તો ફિરને લગે જંગલો, બર મારકે જહાંકી;
કુછ દસ્તો બીયા બામેં, ખબર તનકી ન જહાંકી;
ઔર ફેર જો કહા, શએર કરો હુસ્ને બૂતાંકી;
તો ચશ્મો રૂખો, ઝુલફો ખતો ખાલમેં ખુશ હય;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય—૧૦

કુશકેકા હુઆ હુકમ તો, કશકા વહીં ખીંચા :
જુએકી રઝા દેખી, તો જુબ્બા વહી પહેના ;
આઝાદકા કહા હો તો, વહીં સરકો મુંડાયા ;
જો રગ કિયા ઉસને, તો રંગ રગાયા ;
કયા ઝર્દમેં કયા સબ્ઝમેં કયા લાલમે ખુશ હય ;
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય —૧૧

ચાદર જો ઉડાઈ, તો જતી હો ગયે એક બાર :
બાહેરકો ચલે ફિક્કકી, ઝોલીકો બગલ માર ;
મુહ બાંધ કે નીકલો, તો વહી હો ગયે તઇઆર ;
સર ઘોંટ મુંડાયા, તો કિયા ફેર વોહી બીસ્તાર ;
સબ પંથમે, સબ ચાલમે, સબ ઢાલમેં, ખુશ હય;
પૂરે હય વોહી મર્દ હર હાલમે ખુશ હય —૧૨

કુચ્છ ઉન્કો તલબ ઘરકી, ન બાહેરસેં ઉન્હે કામ;
તકયેકી ન ખવાહીશ હય, ન બિસ્તરસે ઉન્હે કામ;
અસ્તલકી હવસ દિલમે ન મહરસે ઉન્હે કામ ;
મુફલીસસે ન મતલબ, તવંગરસે નહીં કામ ;
મયદાનમે બાઝારમેં, ચોપાલમે ખુશ હય ,
પૂરે હય વોહી મર્દ, જો હર હાલમેં ખુશ હય —૧૩
(નઝીર)

માટે બેન ! જો તારૂ તારી દુષ્ટ વાસનાને લીધેજ અત્રે આવવુ થયુ હોય, તો તુ જેમ અહીં આવી છે, તેવીજ રીતે સત્વર ચાલી જા. તારી ધમકીની હુ કાંઈ પરવા કરતો નથી. ”

“ ઠીક, હુ જાઉં છું અને તમને જોઈ લઇશ. ”

પ્રકરણ ૧૯ મું.

વિલાસાનુરાગી મંજુલાની નઘુ કુટિલતા.

We shall find no fiend in hell can match the fury of a disappointed woman—scorned ! slighted ! dismissed without a parting pang. (Cibber) *

શમાદિ ષટ્સાધનસંપન્ન અને વિશ્વને સમદષ્ટિથી જોનાર શાંતિરામ ઉર્ફે વિશ્વચક્ષુએ મંજુલાને પરપુરૂષમાં આસક્તિ તજવા, અને પતિપરાયણા થવા કરેલો સદ્બોધ નિષ્ફળ નિવડયો, એટલુંજ નહીં, પણ તેનું પરિણામ વિપરીત આવ્યું મહાત્માઓ જેમ વિપત્તિના ભયથી અન્યાયી અને અસત્ય માર્ગ ગ્રહણ કરતા નથી, તેમ તેઓ પોતાથી બને તેટલો પ્રયાસ કરી, મોહવશ થઇ ભવાટવીમાં ભૂલા પડતા, અને કર્તવ્ય વિમુખ થતા માનવીઓને માર્ગે ચડાવે છે, અને તેમને તેમનાં કર્તવ્યનું ભાન કરાવે છે. તેઓ આ પોતાનો ધર્મ સમજે છે, મહાત્માઓનો આ પ્રયાસ કેટલે અંશે સફળ વા નિષ્ફળ નિવડે છે, તેનો આધાર ભૂલા પડતા અને કર્તવ્ય વિમુખ થતા માનવીઓની પાત્રતા પર છે. જો માનવી કુપાત્ર હોય, તો મહાત્માઓનો ઉપદેશ નિષ્ફળ જાય છે, એટલુંજ નહીં, પણ પરિણામ પણ વિપરીત આવે છે.

उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये
पयःपानं भुजंगानां केवलं विषवर्धनम् ॥

चाणाक्यनीति ॥

---

* (પ્રેમયાચનામા) નિરાશ થયેલી, તિરસ્કૃત, અને અપમાનિત સ્રીને સહૃદયતા દર્શાવ્યા વગર, હડસેલી કાઢવામાં આવે, તો તે ક્રોધના એટલા આવેશમાં આવી જાય છે, કે, તેની જોડી આપણને નર્કપુરીમાં વસનારી પિશાચિનીઓમાં પણ મળશે નહીં,

મૂર્ખને ઉપદેશ આપવાથી તેને શાન્તિ થવાને બદલે, તે ક્રોધમાં ભરાય છે સર્પને દૂધ પાવાથી કેવલ તેના વિષમાં વૃદ્ધિ થાય છે

ખરકો તુરગ ન નીપજે, સાજે અતિસેં સાજ;
ઘુવડ હોય ન પદ્મિની, કગવા બને ન બાજ;
કગવા બને ન બાજ, કાચ કંચન નહીં હોવે;
મર્કટ ગલમેં હાર, જાય જંગલમેં સોવે;
કથે સુકવિયા કાન, સ્વભાવ ન પલટે નરકો;
સાજે અતિસેં સાજ, તુરગ ના નિપજે ખરકો

મંજુલા પોતાના દુષ્ટ પ્રયાસમાં બીજી વખત પરાસ્ત પામી. તેણીએ પોતાના પ્રથમ પરાજયનું વેર પરાધીન સુમનિને દુઃખ અપાવી લીધુ હતું, અને અમથો અને સુનીતિ તેના ત્રાસમાંથી છૂટવા નંદલાલ શેઠને ઘેર આવજા બંધ કરી હતી હવે મંજુલાએ દ્વિતીય પરાભવનું વેર શાંતિરામ ભટ્ટપરલેવા નિશ્ચય કર્યો. શાંતિરામે તેણીની દુષ્ટ વાસના તૃપ્ત કરી નહીં, એટલે તે વેણીરામની મેડી-માંથી રોષમાં ચાલી નીકળી મેડી નીચે આવી, પેમલાને બોલાવી, તેને તેણીએ શેઠાણી પાસે મોકલ્યો, અને "હું વસંત બાગમાં ગઇ છું" એવો તેની મારફત સંદેશો મોકલ્યો "હું વેણીરામની મેડીએ ગઇ હતી, એમ કોઇને પણ કહીશ નહીં" એવી તેને ખાસ સૂચના આપી. ત્યાર પછી તેણીએ દુશ્શલાને અશ્વશાળામાંથી રથ જોડાવી લાવવા જણાવ્યું, અને પોતે રથ આવે ત્યાં સુધી મેડી નીચે ઉભી રહી. રથ આવતાં, તેમાં બેસી તે વસંત બાગમાં આવી.

વસંત જ્યારે ઘેર ગયો, ત્યારે તેને ખબર થઇ કે મંજુલા ઘેર નથી. "વસંતબાગમાં આજે કોટવાલનુ આતિથ્ય કરવાનુ છે, એટલે કદાચ તે ત્યાં ગઈ હશે," એમ તેણે તરત કલ્પના કરી, પોતે પણ અશ્વારૂઢ થઇ, બાગમાં ગયો. બાગમાં વસંત અશ્વપરથી નીચે ઉતર્યો તેજ અરસામાં મંજુલા રથમાંથી ઉતરી.

"બેન તું ઘેરથી ક્યારની નીકળી છે, છતાં અહીં આવતાં આટલી વાર કેમ?" વસંતે આશ્ચર્યતાથી મંજુલાને પૂછ્યું.

"રસ્તામાં મને મારી એક સહિયર મળી, તેણે મને બહુ વખત સુધી વાતોમાં રોકી રાખી. પણ વારૂ ! રસોઇઓ આવ્યો."

"આપણા માણસ સાથે રસોઇઓ અને રસોઇનો સામાન સર્વે આવી ગયાં છે, અને હું ધારૂં છુ કે રસોઇ પણ તૈયાર થઇ ગઇ હશે."

"જી, હા શેઠ ! રસોઇ સર્વે તૈયાર છે. માત્ર આપનીજ રાહ જોવાય છે," માલી ત્યાં ઉભો હતો, તેણે જણાવ્યું.

"વિક્ષેપા પણ હજી આવી નથી, તેમ આપણી સહિયરો અને વસંતના મિત્રો પણ આવ્યા નથી, એ શું ?" મંજુલાએ દુશ્ચલાને ઉદ્દેશી કહ્યુ.

"સાંજ સુધીમાં સર્વે આવી જશે. હજી ઘણો વખત છે," વસંત બોલી ઉઠયો.

"ઠીક ! હું વિલાસભવનમાં જાઉં છું. કોટવાલ અથવા વિક્ષેપા આવે તો મારી પાસે મોકલજે. મારે તેમની સાથે જરા ખાનગીમાં વાત કરવી છે. પણ ધ્યાન રાખજે, કે હુ વિલાસભવનમાં છુ, એવી કોઇને ખબર ન પડે," મંજુલાએ વસંતને જણાવ્યું.

વસંતે માથું હલાવી મંજુલાના કથનને સંમતિ આપી. મંજુલા વિલાસભવનમાં ગઇ, અને વસંત. રસોઈ તૈયાર છે કે કેમ તે બાબતની ખબર કાઢી, દિવાનખાનામાં આવી, ઉપર જવા માટે દાદર ચડવા લાગ્યો. દાદર ચડતાં ચડતાં ભૈયા સરજુપ્રસાદને બોલાવ્યો.

"સરજુપ્રસાદ ! તુમ જાઓ ઔર પ્રમિલા ગણિકાકુ બોલો, કે બખ્ત હો ગયા, જલદી ચલીએ. ફેર વહાંસે કોટવાલ સાહેબકી કચેરીમેં જાકર યહ ચિઠ્ઠી દિજીએ," એમ કહી એક ચિઠ્ઠી તેને લખી આપી.

"બહોત ખુબ ! જાતા હું સરકાર."

બરાબર સમયપર વસંતના મિત્રો એક પછી એક આવવા લાગ્યા. વસંત સર્વેને સામે લેવા ગયો, અને તેમને તે સત્કાર પૂર્વક વસંતવિલાસ—અત્યાચારવિલાસના સુંદર શણગારેલા દિવાનખાનામાં બેસાડવાની ધામધુમ કરવા લાગ્યો આજે જાણે કોઇ મહોત્સવ હોય તેમ, નોકર ચાકરોમાથી કોઇ અતિથિઓને આપવા માટે પુષ્પમાળા, તોરા વગેરે તૈયાર કરી રાખવામાં અને કોઇ છાંટવા માટે અત્તર, ગુલાબ વગેરે બહાર કાઢી, જોઇએ તે વખતે ઉપયોગમાં લાવી શકાય, તેવા ઠેકાણા પર રાખવા દોડધામ કરવા લાગ્યા. કેટલાકો થાળમાં પાન સોપારી એલચી વગેરે ગોઠવવા લાગ્યા, અને કેટલાક હાંડી, ઝુમર વગેરેમાં બત્તીની તૈયારી કરવા મંડયા. આ પ્રકારે ત્યા વિધવિધ પ્રકારની ધામધુમ ચાલી રહી છે, તેટલા વખતમાં ત્યાં અનાચારમૂર્તિ પ્રમિલા વારાંગના પોતાના રસાલા સાથે ત્યાં આવી પહોંચી. વસંતે અતિ હર્ષથી તેનો સત્કાર કર્યો, અને તેને માટે ગોઠવી રાખેલ આસન પર તેને બેસાડી આ અત્યાચારમાં ભાગ લેવા આવનાર અત્યાચારપ્રેમી સ્ત્રીવર્ગ માટે જુદીજ ગોઠવણ કરવામાં આવી હતી; ત્યાં જેમ જેમ તેવી સ્ત્રીઓ આવતી ગઇ, તેમ તેમ તેમને ત્યાં બેસાડવામા આવી, અને તેમનો પણ સમયાનુસાર સત્કાર કરવામાં આવ્યો. સ્ત્રીઓને મંજુલાની ગેરહાજરીએ વિસ્મયમાં નાંખા, તેથી તેને માટે ત્યાં પૂછપરછ થવા લાગી, વિલ્પા ત્યાં આવી પહોંચી હતી, તેણીએ સર્વેને સંતોષ થાય તેવો પ્રત્યુત્તર આપી, તેમના મનનું સમાધાન કર્યું, પુરૂષવર્ગ અને સ્ત્રી વર્ગમાંથી સર્વે આવી પહોંચ્યાં. છતાં હજુ કોટવાલ સાહેબ આવ્યા ન હતા, એટલે વસંત પોતે તેની સામે જવા તૈયારી કરતો હતો, તેજ વખતે કોટવાલ સરજુપ્રસાદ ભૈયા સાથે અશ્વારૂઢ થઈ આવતો જણાયો. વસંત તેને સામે લેવા ગયો

" આપ જરા મારી બેન મંજુલાને પહેલાં મળી આવો તે ઉપર પોતાના વિલાસભવનમાં બેઠી છે તેને આપની સાથે કાંઈ ખાનગી વાત કરવી છે," વસંતે કોટવાલને કહ્યુ.

" ચાલો આપણે સાથે જઇએ "

" ના. મંજુલાએ આપને એકલાનેજ બોલાવ્યા છે."

કોટવાલ સાહેબે મંજુલા પાસે એકાંતમાં એકલા જવામાં પોતાને સંકોચ થાય છે એવો દંભ, એવી ખૂબીથી કર્યો, કે વસંતે તરત સરજુપ્રસાદ ભૈયા મારફત વિક્ષેપાને તેડાવી લીધી. તે વસંત પાસે આવી એટલે વસંતે તેને સંબોધી કહ્યું—

" વિક્ષેપા ! આ કોટવાળ સાહેબને મજુલા બેન પાસે તેડી જા. તેમને એકલા જતાં લાજ આવે છે કોટવાળ સાહેબ બહુ શરમાળ છે "

કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર કોટવાળ વિક્ષેપાની પછવાડે ગયો.

કોટવાળ અને મજુલા વચ્ચે પરસ્પર પત્ર વ્યવહાર, મેળાપ વગેરે વિક્ષેપા દ્વારા થવા પામ્યાં હતાં, એટલે વિક્ષેપા કોટવાલ સાથે વગર સંકોચે હાસ્ય વિનોદ કરતી

' કોટવાલ સાહેબ ! આપ તો બહુ કામવાળા માણસ છો, બિચારી મંજુલા તો તમારે માટે કયારની રાહ જોય છે, " વિક્ષેપાએ કોટવાલની ટકોર કરી.

" વિક્ષેપા, આજે તને પણ મારી ટકોર કરવાનો ઠીક લાગ હાથમાં આવ્યો છે "

મંજુલા પણ કોટવાળની બહુ લાંબો વખત થયા રાહ જોયા કરતી હતી. કોટવાલ મજુલાના વિલાસભવનમાં આવી પહોંચ્યો, એટલે મંજુલાએ દુશ્ચલા અને વિક્ષેપાને પાછી ચાલી જવા ઇશારત કરી, અને મજુલાની હાજરીમાં કોટવાળ એકલોજ આવ્યો.

" આજે તો બહુ માનમાં આવી ગયા છો ! બીજાઓ તમારે માટે તલખ્યા કરે, તેમાં તમે શાની પરવા કરો, " મંજુલા રીસ કાઢતી બોલી.

" પ્રિયા ? મને આજે કામનું બહુ દબાણ હતુ. એટલે મારાથી વેળાસર અવાયું નથી; ઠીક ! હવે શું કહેવું છે, બોલ ! " કોટવાળે સ્મિતમુખ કરી મંજુલાને ગાઢઆશ્લેષ અને ચુંબન કરી, પ્રત્યુત્તર આપ્યો.

બન્ને જણુ અડોઅડ કપોલ રાખી, આરામાસનપર બેઠાં. મંજુલા, જાણે અતિ શોકમાં હોય તેમ, પોતાની મુખાકૃતિ વિકૃત કરી, બોલ્યા ચલ્યા વગર, અધોમુખ થઇ બેઠી. કોટવાલે સ્વહસ્તે મંજુલાનું મુખ ઉંચુ કર્યું. મુખાકૃતિપર પરસ્વેદબિંદુ બાઝયાં હતાં, અને નેત્રો સજળ હતાં.

"પ્રિયા ? આજે મંગલ પ્રસંગે તું શોકમાં કેમ બેઠી છે! ભદ્રાદેવીની બાબતમાં હું રાત્રિ દિવસ તપાસ કર્યા કરૂ છું તે સંબંધી મેં ચિંતા મૂકી દીધી છે. એમ સમજતી નહીં. પરંતુ જ્યાં સુધી મને મારા કાર્યમાં ફતેહ મળી નથી. જ્યાં સુધી ગુન્હેગારો પકડાયા નથી, ત્યાં સુધી મને પોતાને પણુ ઝંપ નથી. ખરૂ પૂછે તો ત્યાં સુધી મને તારી પાસે આવતાં પણુ શરમ થાય છે પણુ શું કરૂ ! તે મારે માટે આજે આટલી ધામધુમ કરી તેડાવ્યો, એટલે મને અહિં આવવા વગર છુટકો નહોતો," કોટવાલે મંજુલાને સાંત્વન કરતાં કહ્યુ

"ભદ્રાદેવીની કથાનું પૂછે છે કોણુ ! બળી તે વાત ! મારા પરતો બીજાં દુખનાં વાદળ ઘેરાઇ રહ્યાં છે પ્રભુ ! તે મને આ રૂપ આપ્યું શામાટે ? હું ભલે મરી જાઉ. તેમાં તમને શું ? પારકા દુઃખ કોને પીડે ?" મંજુલાએ પોતાનો ઉભરો કાઢયો,

"હુ જીવતો છતાં, તારા પર દુખનાં વાદળ! મંજુલા! પ્રિય મંજુલા! તને દુખમાં નાંખનાર છે કોણુ, તે મને ઝટ કહી દે! તને દુઃખ દેનાર આપણો રાજા હશે, તો તેને પણુ મારા હાથ બતાવ્યા વગર હું નહી રહું, તે તું નક્કી સમજજે. તને દુ:ખ દેનાર દુષ્ટ મને પણુ ઓળખતો નથી ?" કોટવાલે ક્રોધમાં આવી જઇ જણાવ્યું

મંજુલાને એટલુજ જોઇતુ હતુ. કોટવાલ સાહેબ સંપૂર્ણ રીતે આવેશમાં આવી ગયા, એટલે મંજુલાએ શાંતિરામનો ઘાટ ઘડવા ખરી વાત છૂપાવી, જે પ્રપંચ યુક્ત વાત, તેણીએ ગોઠવી રાખી હતી, તે તેણીએ કોટવાલ પાસે જણાવી·—

"અમારા ઘરમાં ઘુસી ગયેલા પેલા શાંતિરામ ભટ્ટ, કોણુ જાણે કેવા મોહિની મંત્રની સાધના કરી છે, કે ઘરના સર્વે, તેને આધીન બની ગયા છે, એટલે આ ભટ્ટડો અમારા ઘરની સત્યાનાશ

વાળ્યા કરે છે. તેમાં પણ મારા પિતાજી તો મોહાંધ બની તેના દાસ બની ગયા છે. તે બોલે, એટલે તેમના મને જાણે પરમેશ્વર બોલ્યો. પેલી રાંડ કુલટા કર્માદેવી અને અમથાની સ્ત્રી સુનીતિએ સુમતિ વહુને ભ્રષ્ટ કરી; શું કહું! લાજના કાકરા કરાવ્યા ભદ્રા દેવીની યાત્રામાં મારી ફજેતી થઈ, અને ધન લૂટયું, તે પણ આ બગ ભગતના કારસ્થાનથીજ તેણે મારા માટે પ્રયત્નો કરવામાં આકાશ પાતાલ એક કરી દીધું છે. અને જ્યારે તે કોઇ રીતે ન ફાવ્યો, ત્યારે ગઇ પરમ દિને પોતાની કુટ્ટિની કર્માદેવીને ઘેર મોકલી, છલ કપટથી મને પોતા પાસે તેડાવી કર્માદેવી અને હું બન્ને વેણીરામ વાળી મેડીએ ગયાં. હું દાદરપર ચડી ગઇ, અને રાંડ કર્માદેવી અધવચ દાદર પર રહી મેડીપર દાદર પાસેજ ભટ્ટજી ઉભો હતો, જેવી હું ઉપર પહોંચી કે તરત, તે મારૂ મોં બધ કરી, મારા હાથ પકડી, મારી આબરૂ લૂટવા તૈયાર થયો. પણ સતીના તેજ પાસે દુષ્ટનું શું વળે ! ઇશ્વર કોઇ કાળે દુષ્ટ કાર્યમાં સહાય આપતો નથી મે બળ વાપરી, છૂટવા પ્રયત્ન કર્યો, પણ માણસના બળ પાસે સ્રીનું બળ શું કરી શકે ? હૃદય ધ્રુજના લાગ્યું. આખે અંધારા આવી ગયાં, તે છતાં મારૂ સઘળું બળ વાપ-વા હુ ચૂકી નહીં. બળ કરતાં મોં છૂટ થઇ ગયું બળમાં ન ફાવી એટલે તેને મેં ' હું બૂમ પાડુ છું," એવો ભય બતાવ્યો. આટલુ કર્યું ત્યારે તે મને મૂકી, પોતાના સ્થાન પર ચુપ બેસી ગયો. તે વખતે, મેં આપેલી ધમકીથી કાંઇ ગભરાયલો જણાયો. ' પીટયા ! મારા પિતાની લાજ જશે, એ બીકથી તારી ફજેતી નથી કરતી, પણ આજના તારા નીચ કૃત્યના ફળ તને કેવા ચાખવા પડે છે, તે તું જોજે, દુષ્ટ ! અમારાજ ઘરનુ અન્ન ખાઇ, મારાપરજ કુદૃષ્ટિ કરે છે ! ધિકાર છે તને ! ' એમ કહી હુ ઝટ દાદર ઉતરી ગઇ. રાંડ કર્માદેવી તે વખતે દાદરપર ન હતી. અમારી રકઝક અને ખેંચતાણ તેણીએ સાંભળી હશે અથવા જોઇ હશે, એટલે તે વખત ઓળખી, કયાં સંતાઇ ગઇ હશે; હું દોડતી ઘેર પહોંચી, દોડતાં શ્વાસ ભરાઇ આવ્યો, છાતીમાં ધબકારો થવા લાગ્યો, આખું અંગ ધ્રુજવા લાગ્યુ, અને હું સર્વે પ્રકારે થાકી ગઇ હતી, એટલે ઘેર પહોંચતાંજ મુડદાની પેઠે પડી રહી.

મારી માએ મારી આવી સ્થિતિનું કારણ પૂછયું, પણ મારૂં હૃદય ભરાઇ આવવાથી, તેમજ મને લજ્જા આવવાથી, હું તેની આગળ રડી પડી, પણ મારાથી તેને કાંઇ કહી શકાયું નહીં, તેમ મારા બોલવા પર વસંત વગર કોઇને ભરોસો પણ આવે નહીં, એટલે હું મુંગે મોઢે રડી, જમ્યા વગર સૂઈ રહી. મારા પર આ પ્રકારે વીતેલી વાત મેં વસંતને માત્ર સંક્ષેપમાં જણાવી છે, અને તમારા શિવાય બીજા કોઇને પણ, વિગતવાર જણાવેલી નથી. હવે ભટ્ટજી જેમ મારો છેડો મૂકે તેમ નથી, તેમ મારૂં કોઈ સાંભળે તેમ પણ નથી. મારા પતિમાં તો કાંઇ રામ નથી, એટલે તમે મારા મિત્ર થઇ દયા આણી બચાવો, તોજ હું આ દુષ્ટ ભટ્ટજીથી બચી શકુ એમ છે. મારી ઇચ્છા પ્રમાણે આ દુષ્ટ પર વેર લેવાશે, તો મારે જીવવું છે, નહીં તો આ દુનિયામાંથી મંજુલા ગઇ સમજજો. વસંત મોટી મોટી વાતો કરી જાણે, પણ તેનાથી કાંઇ થઇ શકે નહીં. મહેરબાની કરી આ વાત તદ્દન ખાનગી રાખજો. મેં મારી દાસીઓ પાસે પણ આ વાત કરી નથી. હાલ તો હું કાંતો તમારા પર, અને કાંતો ભગવાન પર ભરોસો રાખી બેઠી છું."

ખોટી અને પાયા વગરની બાબતોને પલટાવી, તેને એવા સ્વરૂપમાં ગોઠવવી, કે સાંભળનારને તે ખરીજ લાગે, એ વાકચાતુર્ય મંજુલામાં નૈસર્ગિક હતું. તેના કથનની, સાંભળનાર પર એવી સચોટ અસર થતી, કે સાંભળનારને મંજુલાનું ઇષ્ટ કાર્ય કરી દેવા સ્વભાવિક પ્રેરણા થતી. તેનું કથન કરૂણાદિ જોઇતા રસોથી પૂર્ણ રહેતુ, અને તેથી સાંભળનારનું મન દ્રવતું. મંજુલાના કથનથી કોટવાલના રોમે રોમ ક્રોધ વ્યાપી રહ્યા, નેત્રો રકત બન્યાં, મુખાકૃતિ બદલાઇ ગઇ, અને કપાળે કરચલી વળી.

"મંજુલા! હું બેઠો છું, છતાં તું છેક આવા નિર્માલ્ય ઉદ્ગાર કાઢે છે? શુ તું મને નિર્માલ્ય સમજે છે? હવે જોઇ લેજે, કે હું શાન્તિરામને તેનો બદલો કેવી રીતે આપું છું તે! શું સિંહનો શિકાર આ શિયાળ લઇ જશે? એ ભટ્ટડાનું ગજું શું, કે મારી સત્તાના બળમાંથી તે છૂટી શકે! હું આજથી તેના લોહીનો

ભૂખ્યો થયો છું. મને એમ થાય છે, કે જાણે હમણાંજ તેનું ખુન કરૂં ? પણ શું કરૂં ? મારો અધિકાર ને મારૂં કામ, બહુજ જોખમ ભરેલાં છે ! ખેર ? પણ તેને હું કાયદાની ચુગાલમાં સપડાવી તેના દુષ્ટ કૃત્યનો કેવો બદલો આપું છું તે જોજે મંજુલા ! તેં આજે રંગમાં ભંગ કરી નાંખ્યો ! તારા કથનથી મારા હૃદયમાં હોળી પ્રગટી છે. છતાં સમય પ્રમાણે મારે મારો ક્રોધ છૂપાવવો પડશે ! તુ હવે ચિંતા છોડી દે. હું થોડા દિવસમાંજ સર્વે બદોબસ્ત કરી લઈશ. માત્ર ત્યાં સુધી તું સંભાળીને ચાલજે, " કોટવાલે આવેશમાં જણાવ્યું

" પણ એવું ન થાય, કે અહીંથી છૂટયા, એટલે સર્વ વાત વિસારે પડે "

" મઞ્જુલા તારાપર આવા સકટો વીતે, અને હુ વાત ભૂલી જાઉં ! તું મારી અને તારા ઉપર આટલાં દુ ખ ! મઞ્જુલા ! તારા ગળાપર હાથ રાખી, પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છુ, કે હુ જ્યાંસુધી દુષ્ટ શાન્તિરામના કૃત્યનું વેર લઇશ નહીં ત્યાંસુધી, હું જીવતો નહીં, પણ મૃત સમાન છું. હું હવે વસંત પાસે જાઉં છુ. "

" હાલ કોઇને કાંઇ જણાવતા નહીં, " મઞ્જુલાએ કોટવાલને કહ્યું.

" શું હું એટલો મૂર્ખ છું, " જતાં જતાં કોટવાલે કહ્યુ.

" શાંતિરામ ! હવે ચાખી લેજે મંજુલાનાં વાવેલાં ફળ ! ' આવીરીતે કોટવાલ ગયો, ત્યાર પછી મંજુલા મનમાં બડબડતી નીચે આવી, વિક્ષેપા અને દુશ્ચલાને સાથે લઈ, વસંતવિલાસના પાછલા દિવાનખાનામાં જ્યાં તેની સખીઓ આવી બેઠી હતી, ત્યાં આવતી રહી, અને સખીઓનો યથાયોગ્ય સત્કાર કરી, વસંતને જમવાની તૈયારીઓ કરાવવા કહેવડાવી મોકલ્યું

ભોજનની સર્વે તૈયારીઓ થઇ. પુરૂષો અને સ્ત્રીઓ જૂદા જૂદા ખંડોમાં જમવા બેઠાં. રસોઈમાં રસિક પુરૂષોને રૂચિકર થઇ પડે, એવાં વિધવિધ પ્રકારનાં પકવાનો, તરેહ તરેહનાં શાક, અને બીજી

ઘણી ચીજો પીરસવામાં આવી હતી. રસિક સ્ત્રી અને પુરૂષોએ ભોજન લીધું, પાનસોપારી વગેરે મુખવાસ કર્યું, અને ત્યારપછી તેઓ ગાયન, વાદ્ય, નૃત્ય વગેરે માટે નિયત કરેલ સ્થળપર ગયાં ત્યાં પુરૂષો અને સ્ત્રીઓને બેસવા માટે પૃથક વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રમિલા વા ાગના ત્યાં બેઠીજ હતી, તેને આજ્ઞા મળતાંજ મૃદંગ "ધિક તાન્. ધિક તાન્" (ધિક્કાર છે તને, ધિક્કાર છે તને) એવો સ્વર કાઢવા લાગ્યો, વીણા "કીન (કુ)." 'કીન (કુ) [કોને. કોને] એવો અવાજ કાઢવા લાગી, અને ગણિકા હાથ લાંબા કરી જાણે શ્રોતાજનને પોતાની આગળીઓથી દર્શાવતી હોય તેમ, "ઇ ઇ ઈ" લલકારી ગાવા લાગી —*

ઠુમરી

જાઓ . જા .ઓરે . કનૈયા, મેં, . દઉંગી,. .ગાલિયાં, (૨)
જાનત હુ તો . રી ચતુરાઇ, . કુબડી કે સંગ નેહ લગાઈ;
ચટક મટક મોરી માથેકી મટુકી ફોડી, ઔર ચુડિયાં ચટકાઇ.
જાઓ૦

કાલિંગડો, તાલ દાદરો

લ . ગાય ગયો ને . નારે,
કાહે બિરહે સ . તાયેરે. લ...ગાય૦
દ્વાર...બ ડી દિન, . રે . ન...ગવાઈ,
ખબર પાય . બિના જીયરા સતાયરે લ ..ગાય૦
જીયમેં પડેના, ..ચે...ન તુમ ભયે...કઠિન અતિ,
નિ .પટ નિષ્ઠુર ભયે; જી ..યા ગભ...રાયરે. લગાય૦

---

* મૃદંગ કહે ધિક્ હય, ધિક્ હય, તબ તાલ કહે "કિનકુ," કિનકુ,"
જબ હાથ પસાર કહે ગનિકા, "ઇન્કૂ" "ઇન્કૂ" "ઇન્કૂ" "ઇન્કૂ"

(હરદાસ)

ઠુમરી.

ભૈરવી, તાલ ત્રિતાલ.

યા...ર સાંવરિ ..યા. મ જા લૂટાદે, (૨)
બિં...દ્રા બનકી, .. કુંજ . ગલીયનમેં, (૨)
પ્યારે મો...હનિયાં, જોબન ..લૂ..ટા લે

જેમ જેમ રાત્રિ વધતી ગઇ, તેમ તેમ પ્રમિલાના ગાયનો વધારે રસિક થતાં ગયાં, અને રસિક શ્રોતાઓ તેના અનુપમ સૌંદર્ય, અને તેના શ્વેત કંઠમાંથી કોકિલાના સ્વરથી ગવાતા મધુર ગાયનોમાં એવા લીન બનતા ગયા, કે તેઓ પોતાની શુદ્ધિ સાન સર્વ ભૂલી ગયા, અને પ્રમિલા તરફ એકદ્રષ્ટિ અને એકચિત્ત થઇ ગયા, એટલુંજ નહીં, પણ જેઓ પછવાડે બેઠા હતા, તેઓ પ્રમિલાની સમીપમાં આગળ આગળ માર્ગ કરી બેસતા ગયા. કેટલાક રસજ્ઞ પુરૂષો ગણિકાના ગાયન સાથે હાથ તાલીથી તાલ પુરાવા લાગ્યા, અને કેટલાકો તેના લલકાર સાથે પોતાની લલકાર મેળવવા લાગ્યા. ટુંકમાં પ્રમિલાએ પોતાનાં સૌંદર્ય, હાવભાવ, નખરાં, નેત્ર કટાક્ષ, થોડે થોડે અંતરે નૃત્ય વગેરેથી શ્રોતાઓનાં મન એવાં આકર્ષી લીધાં હતાં, કે સર્વે ચિત્રવત્ દિગ્મુઢ બની ગયાં હતાં, અને તેમની હિલચાલનો આધાર માત્ર ગણિકા મદારીના સૂત્રસંચાર પર હતો. ગાયન અને નૃત્યની મધ્યમાં થોડે થોડે અંતરે વિશ્રાંતિ લેવાતી, જે વખતે રસિક શ્રોતાઓમાંથી કેટલાક સુરાપાનમાં પ્રમત્ત બનતા, તો કેટલાકો કસુંબો કાઢતા, અને કેટલાક ગાંજા-ચરસ વગેરેની ચલમ બનાવી પીતા, અને કેટલાક જેઓએ વસંત સાથે એક વા બીજા પ્રકારના વ્યવહાર પ્રસંગને વશ થઇ આજના સમારંભમાં ન છૂટકે ભાગ લીધો હતો, છતાં દુર્વ્યસની ન હતા, તેઓ "રાત્રિ બહુ વીતી ગઇ છે" એ બ્હાનુ બતાવી, અથવા "રાત્રિનું જાગરણ કરતાં શરીરનું સ્વાસ્થ્ય બગડે છે," એ બ્હાનુ કાઢી, અથવા "અમારા પિતા માતા અને કુટુંબીઓ, અમારી રાહ જોતાં હશે," એ મિષે રજા લઇ, જેઓ કુટુંબ સાથે આવ્યા હતા, તેઓ સકુટુંબ, અને જેઓ એકલા આવ્યા હતા, તેઓ એકલા ચાલ્યા જતા, અને વસંતે અને તેના સ્વાર્થસાધી કુચ્છંદી મિત્રોએ,

પોતાના અત્યાચારમાં તેમનાથી વધારે નિરંકુશ થવાશે એમ માની, તેમને સહર્ષ પુષ્પમાળા, ફુલતોરા વગેરે આપી, તેમના પર ગુલાબજળ, અત્તર વગેરે છાંટી, વિદાય કર્યા. છેલ્લે માત્ર વસંત કોટવાલ, અને તેમના સ્વાર્થસાધુ અત્યાચારી મિત્રો રહ્યા. હવે કોટવાલ અને મંજુલા નિરંકુશ બન્યાં. કોટવાલ પ્રમિલાની બરાબર સામે પડેલા એક સુંદર વિશમાસન પર બેઠો, અને ઘડી ઘડીએ મૂછના વાળને મરોડ દેતો હતો, અને સ્મિતમુખે પ્રમિલાના ગાયનના તાલ સાથે તાલ દેતો હતો. મંજુલા કોટવાલની બરાબર સામે બારણા પાસે આવી બેઠી, એટલે તેઓ અન્યોન્ય નેત્રસંમેલન અને કટાક્ષથી પરસ્પર પ્રેમનુ દર્શન કરાવા લાગ્યા.

અત્યાચારની અવધિ આવી રહી. મંજુલાનું સ્વચ્છંદી વર્તન અને કોટવાલ સાથે તેણીનો પ્રેમસંબંધ ઘણા જણથી અજાણ્યો ન હતો. તેઓ પરસ્પર ખાનગીમાં મળતાં, એ વાત વસંત સારી પેઠે સમજતો હતો. આ પ્રસંગે વસંતે પોતેજ તેને મંજુલાની પાસે એકાતમાં જવા કહ્યુ હતુ. વસંતના સંસ્કારોએ આવી બાબતોને ક્ષુલ્લક ગણતાં અને તેની ઉપેક્ષા કરતાં શિખવ્યું હતુ. નંદલાલ શેઠ પોતે અતિ પ્રવૃત્તિપરાયણ રહેતા, અને વસંતબાગમાં વર્ષમાં ભાગ્યેજ એકાદ વખત આવતા. પોતે કોટ્યાધીશ, અને તેને એકનો એક પુત્ર હતો, અને મંજુલા શેઠાણીના લાડથી ઉછરેલી હતી, એટલે વસંત અને મંજુલા બન્ને ઉન્મત્ત અને ઉચ્છૃંખલ બની ગયાં હતાં, એ વાતથી નંદલાલ શેઠ સારીરીતે પરિચિત હતા, છતાં કાંઇક પોતાની નિર્બલતાને લીધે અને કાંઇક પોતાના ઘરના ફજેતા થવાના ભયથી, આવી બાબતોને દુર્લક્ષ્ય કરતા, અને કોઇને કાંઇ કહેતા નહીં. નંદલાલ શેઠની ઈર્ષ્યા કરનારા લોકોને મંજુલા અને વસંતના અત્યાચારથી આનંદ આવતો, અને તેઓ તો તેમને ઉત્તેજન આપતા, અને તક મળતાં પોતે પણ સાથે ભાગ ભજવી, પોતાનો સ્વાર્થ સાધતા. મંજુલાનો પતિ સૌભાગ્યચંદ્ર બુદ્ધિશાળી હતો, પણ તે પોતાને પરવશ માનતો, અને કાંઇક તે નિર્બલ પણ હતો, એટલે તે સર્વ જાણવા છતાં વચ્ચે પડતો નહીં.

વાંચકવૃંદ ! વસંતબાગમાં જે અત્યાચારો થતા, તેનું કાંઇક ઝાંખુ ચિત્ર, અત્રે તમારી સમક્ષ રજુ કર્યું છે. ધનાઢ્યોના આંતર વ્યવહારનો જો તમને પોતાને અનુભવ હશે, તો અમે રજુ કરેલા આ ચિત્રને તમે અતિશયોક્તિ ભરેલું ન કહેશો, એટલુંજ નહીં, પણ ધનાઢયોમાં સામાન્ય રીતે આવા જ વ્યવહાર જોવામાં આવે છે, એવા અમારા મતને તમે પણ અનુમતિ આપશો. અલબત, આવા વ્યવહાર ઘૃણાર્જનક છે, પણ તમે સારી રીતે જાણતા હશો, કે આ સંસારમાં માયાએ સંસારીઓને પોતાના મોહમાં એવા આકર્ષી લીધા છે, કે તેઓ સંપૂર્ણ રીતે જાણે છે, કે વિષયોનો ભોગ પરિણામે દુઃખકર છે, છતાં તેઓ વિષયોને મૂકી શક્તા નથી. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધાદિ પાંચ વિષયોનો ભોગ, પરિણામે દુઃખદાયી છે, એમ કોણ નથી સમજતું !

अजानन्दाहात्म्यं पततु शलभो दीपदहने

स मीनोऽप्यज्ञानाद्बडिशयुतमश्नातु पिशितम् ।

विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिला

न मुंचामः कामानहह गहनो मोहमहिमा ॥ भर्तृहरिः ॥

અગ્નિના દાહક ગુણથી અજ્ઞાન પતંગ ભલે પ્રકાશિત દીપમાં પડો, મત્સ્ય પણ ભલે અજ્ઞાનથી માસવાળી આંકડી ગળો, પણ આપણે તો સઘળું જાણવા છતાં, વિપત્તિઓથી આવૃત વિષયોને છોડી શકતા નથી, અહાહા ! મોહનો મહિમા શું ઓછો ગહન છે ?

कुरंगमातंगपतंगमीना

भृंगा हताः पंचभिरेव पंच ।

एकः प्रमादी स कथं हतो न

यः सेवते पंचभिरेव पंच ॥

હરિણ, હસ્તી, પતંગ, મત્સ્ય અને ભ્રમર એ પાંચ પ્રાણી ક્રમથી શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગંધ રૂપ પાંચ વિષયમાં અતિ આસક્ત થવાથી, હણાય છે, તો આ એકજ મનુષ્ય ગાફલ બની પોતાની પાંચ ઇન્દ્રિઓવડે પાંચે વિષયને અતિ આસક્તિથી સેવે છે, તો તે કેમ વિનાશ ન પામે !

સંસારી વિરાગી ભેદે વિષયોના બે ભેદ પાડી શકાય. (૧) નિર્દોષ અને (૨) સદોષ વિરાગીઓ ભલે "નિર્દોષ વિષયોમાં રાગી થવાથી સંસારમાં આસક્તિ વૃદ્ધિ પામે છે." એમ માની લઇ, નિર્દોષ વિષયોનો પણ ત્યાગ કરે, પણ સંસારીઓથી નિર્દોષ વિષયોનો ભોગ કોઇ કાળે ત્યજી શકાવાનો નથી. એટલે, આસક્તિ વગર તેવા ભોગ ભોગવવામાં અમે પણ બહુ વાંધો જોઇ શકતા નથી પુરૂષોએ સ્વપત્નીગામીજ થવુ, અને સ્ત્રીઓએ માત્ર પતિપરાયણા થવું, એ વિષયોનો ભોગ ખરો, પણ તે નિર્દોષ હોવાથી તેમનો ભોગ સદાચારની મર્યાદામા આવી શકે છે એવીજ રીતે નિર્દોષ શબ્દ, રૂપ, રસાદિ નિર્દોષ વિષયો સંબંધી સમજવું. પણ સદોષ વિષયોનો ભોગ, જેને લોકવાણીમા દુર્વ્યસન કહેવામાં આવે છે, તેજ મનુષ્યોને અધપતન કરાવે છે આવાં દુર્વ્યસનોથી પરિણામ બહુ દુખદ આવે છે એ કોણ સમજતુ નથી? શુ સુરાપાન કરનારાઓ, પોતાની દુર્દશા નથી સમજતા? શુ અપથ્યનુ સેવન કરનારાઓને દુઃખ ભોગવવું નથી પડતું? વેશ્યાગામીઓ ઉપદંશ પ્રમેહાદિ રોગોથી નથી પીડાતા? વેશ્યાઓના નૃત્ય ગાયનાદિના પ્રેમી જનો, ધનથી પાયમાલ, અને લોકોમાં તેમની આબરૂ કોડી એકની થતી નથી? અફીણીઓ અફીણના વ્યસનથી પોતાની સ્થિતિ અતિ દયાજનક કરે છે, તે તેઓ નથી સમજતા? પણ આ સંસારની વિચિત્રતા એજ છે, કે વ્યસનીઓ આ બધું સારી રીતે સમજે છે, પોતાની દુર્દશા પોતે અનુભવે છે, અને બીજાઓની, નજરે નિહાળે છે, છતા દુર્વ્યસનો છૂટતાં નથી.

વસંતબાગનો ઉત્સવ રાત્રિના પાછલા પ્રહરે પૂર્ણ થયો. ઉત્સવમાં ભાગ લેનારા સર્વે પોત પોતાને સ્થાનકે ગયા, અને મંજુલા, વસંત અને તેમના નોકર ચાકરોએ બાકીની થોડી રાત્રિ ત્યાંજ કાઢી, મજુલા પ્રભાતે મોડી ઉઠી ઘેર આવી. ઉજાગરાથી મુખ મ્લાન થયેલુ જોઈ, શેઠાણીએ ખબર પૂછી.

"વસંતે પોતાના મિત્રોને વસંત બાગમાં ઉજાણી આપી હતી, એટલે વસંત અને હું રાતના ત્યાંજ સૂઇ રહ્યાં હતાં," મજુલાએ પોતાની માતાને જણાવ્યુ.

"ઇશ્વરે આપણને આપ્યુ છે, તો સુખેથી આનંદ ભોગવો. તમારા સુખે કેટલાક ગરીબોને આનંદ મળે છે. ભલે બેટા ! તમારા ખર્ચે કાંઇ ખૂટે તેમ નથી," શેઠાણીએ આવા અત્યાચારને પુષ્ટિ આપતાં કહ્યું

બિચારી સાધ્વી સુમતિ આ વેળાએ કારાગ્રહના બંધનમાંથી મુક્ત થઇ હતી, છતાં તેણીની મુક્તિ માત્ર ઘરની મર્યાદામાંજ હતી. તેણીએ રાત્રિની ચર્ચા સાંભળી, એટલે તેણીના મનને પોતાના શ્વશુરની પ્રતિષ્ઠા માટે ખેદ થયો, અને તેણીએ સ્વાભાવિક નિઃશ્વાસ નાંખ્યો. મંજુલાએ તરત સુમતિને તે માટે ધમકાવી કાઢી—

"આનંદ ભોગવીએ છૈએ, તો અમારા બાપના ઘરમાં, તેમાં તું શામાટે બળી મરે છે ? તારા બાપનુ ખાતા હોઇએ, તો અમારા ગળામાંથી કાઢજે ! આડું મોં ચડાવી, તુ મારૂં આમ અપમાન કરે છે, તે તું સમજે છે શું ?"

મંજુલાની સાથે શેઠાણી પણ સુમતિને ધમકાવવા લાગી, અને તેણીને તેણીની આવી ચાલ માટે ઠપકો આપતાં બોલી, "હજી તો અમે જીવતા બેઠા છૈએ. અમારા મુવા પછી તો તુ મંજુલાને ઘરમાં પણ રહેવા દેશે નહીં, તે હું પણ જાણું છું."

પોતાની વાતને ટેકો મળ્યો જાણી, મંજુલાએ હવે સુમતિને આમતેમ લેવા માંડી—

"મારા ભાઇ વસંત બેડે, તારી મીરાંબાઇની દરકાર કરે છે કોણ, અને કરશે પણ કોણ ? ઇશ્વરનો હુકમ હશે, તો થોડાજ દિવસમાં ભાઈને બીજી પરણાવી, તારો લાડ ઉતારૂં, તો તો હુ મંજુલા ખરી !"

ગરીબ બિચારી સુમતિ કાંઇપણ પ્રત્યુત્તર આપ્યા વગર, મુંગે મોઢે અંદરના ભાગમાં જતી રહી. તેને મંજુલાના શબ્દો બાણ જેવા લાગ્યા. વળી સાસુએ પણ મંજુલાને ટેકો આપી, જે શબ્દો કહ્યા, તેથી તેને લાગી આવ્યુ, એટલે તે એકાન્તમાં થોડો વખત રડી. રડતાં દુઃખનો છેડો આવવાનો નથી, એમ સમજી, ત્યાંથી ઉઠી, કોઇ ન જાણે તેમ, પાણીથી નેત્રો ધોઇ, જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ, પોતાને કામે લાગી

પ્રકરણ ૨૦ મું.

સન્માર્ગ સર્વદા વિકટ હોય છે

The road to ruin is downhill and always easy of travel, it is virtue and goodness, which require uphill work *

સન્માર્ગગામીઓમાં વિપત્તિઓ તેમના સદ્‌ગુણ દ્વારાજ પ્રવેશ કરી શકે છે. શ્રીમાન્ પિતાની લાડકી પુત્રી અને શ્રીમાન્ શેઠ નંદલાલની એકની એક પુત્ર વધુ સન્માર્ગગામી હતી, અને માત્ર તેજ કારણથી સુખને બદલે દુ:ખ દાવાગ્નિમાં ભસ્મ થવાની સંધિ પર હતી. ભદ્રાદેવીની યાત્રાથી તે પછી આવી, ત્યારથી તેણીને અપાર કષ્ટોનાં ઓઘ ઉલંઘવા પડયા હતા. આ વખતે તેણીના પરથી દુ:ખનો ભાર કાંઈક અંશે ઓછો થયો હતો, છતાં પણ મંજુલા અને વસંતના વાગ્બાણ અને હસ્તપ્રહાર વગર ભાગ્યેજ કોઈ દિવસ જતો. દુ:ખથી સુમતિનું શરીર અતિ કૃશ થઈ ગયું હતું, અને ક્ષયરોગને આવાહન કરનારી જીર્ણ જ્વર અને ખાંસીની વ્યાધિઓએ તેણીના શરીરમાં ઘર કર્યું હતું. તેણીના અંગના જૂદા જૂદા ભાગો પર વસંતે સતત્ કરેલા પ્રહારનાં અનેક ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં. તેણીને પહેરવા માટે જીર્ણ વસ્ત્રો આપવામાં આવતાં, એટલે તે વસ્ત્રોથી સુમતિ એક શ્રીમાનની પુત્ર વધુ નહીં, પણ ભિક્ષુક દેખાતી

અધોગતિએ પહોંચવાનો માર્ગ ઢોળાવનો છે, એટલે ત્યાં સર્વદા સુગમતાથી સરી જવાય છે; સદ્‌ગુણ અને સુજનતાનેજ ઊર્ધ્વ માર્ગે આરોહણ કરવું પડે છે

નંદલાલ શેઠ જમવા આવતા તે વખતે સુમતિથી અંદરના રસોડામાંથી બહાર નીકળાતું નહીં, એટલે તેની સ્થિતિથી શેઠ અજાણ હતા. શેઠને પોતાને પણ ભગંદરની પીડા વધી હતી, વ્યાપારમા બહુ હાનિ થઇ હતી, ગુમાસ્તાઓના ઘોટાળા વધી ગયા હતા, શેઠ સામે જ્ઞાતિ સંબંધી મોટો વિગ્રહ હજી ચાલુજ હતો, તેથી નંદલાલ સદા શોકગ્રસ્ત જણાતા. શેઠને શારીરિક અને માનસિક વ્યાધિઓએ દિગ્મૂઢ બનાવી દીધો હતો ઘડી ઘડીમાં તેના તરંગે બદલાતા કોઇ વખત શેઠ પોતે શુ બોલે છે તેનુ પણ તેને ભાન રહેતું નહીં. તેમનો ખરો અંગરક્ષક અમથો આ વખતે પોતા પાસે નથી, એટલે શેઠ પોતે કોટયાધીશ છતાં, શુદ્ધ અંતઃકરણથી આ વખતે તેમની સેવા કરનાર પાસે કોઇ હતુ નહીં. જ્યાં નંદલાલ શેઠની પોતાની આવી સ્થિતિ, ત્યાં તેઓ સુમતિ માટે શું કરી શકે ! સુમતિને એમ લાગતું, કે સસરાજી ઘર કંકાસથી કંટાળી ગયા છે, એટલે કાંઇ બોલતા નથી. સુમતિને શ્વશુરગૃહમા માત્ર નંદલાલ શેઠનોજ દિલાસો હતો, પણ હાલ તેનો પણ અભાવ હતો. હવે તેણીનો માત્ર ભરોસો ઇશ્વરપર હતો. ઇશ્વર પ્રત્યે સુમતિની આસ્થા સુદૃઢ હતી. તે નિશ્ચયપૂર્વક માનતી, કે જગત્પાલક પ્રભુ કોઇ કાલે પણ દુ ખની વ્હારે ચડશે; છતાં પણ આ વખતે તો તે તદ્દન નિરાશ થઇ ગઇ હતી. થાકયાને વિસામારૂપ સુનીતિ પણ પાસે ન હતી, એટલે ધીરજ ખૂટી ગઇ. શું કરવું તે માટે અતિ મુઝવણમાં પડી ! આત્મઘાત કરવો અથવા કોઇને દોલતપુર મોકલી પિતાને સંદેશો કહાવી, તેને પોતાની સ્થિતિથી પરિચિત કરવો, આ બે વિચારોની વચ્ચે તેનુ મન ઝોલા ખાવા લાગ્યુ. "આત્માઘાત કરવો એ મહા પાપ છે," એ વિચાર, આવતાં, તે તે વિચાર માંડી વાળતી. "આત્મહત્યા ન કરતાં કોઇ માણસ મારફત મારા પિતાને સંદેશો મોકલી આપું, પણ માણસ કયાંથી શોધવો," એ વિચાર આવતાં પુનઃ આત્મહત્યા કરવા તરફ તેનું મન ઢળતુ.

સુમતિ ! તારી આવી દુર્દશાનું કારણ તું પોતેજ છે, એ તું સમજતી નથી ! તું સદાચાર માટે આટલી હદ સુધી શા માટે આગ્રહ રાખે છે ? મંજુલા જેવી તું પણ શા માટે થતી નથી ?

તારા શ્વશુરગૃહમાં દુરાચારની સત્તા પ્રબળ છે તો તે સત્તાને તું શામાટે માન આપતી નથી? તારા શ્વશુરગૃહમાં તારે માટે કોઇને પણ માન હોય, તો તે તારા શ્વશુરને પોતાને છે પણ તે પોતાની ઉપાધિઓમાં સપડાઇ ગયો છે, એટલુજ નહીં, પણ તારાપર સત્તા ચલાવનાર તારી નણંદ મંજુલા અને તારાં સાસુને, તારા સસરા ફજેતીના ભયથી કાંઇ કહી શકતા નથી! તું તદ્દન મંજુલાના હાથમાં છે, તો તેની ઇચ્છાને તું શામાટે આધીન થતી નથી? તેની અધોગતિ પમાડનારી ઇચ્છાને તું શરણે જા, અને તું જો, કે તારાં સર્વે દુઃખ નાશ પામે છે કે નહીં?

વાંચકવૃંદ! તમે એમ ન માનતા કે સુમતિ પોતાની દુર્દશાનું કારણ પોતે સમજતી ન હતી, પણ સુમતિના સંસ્કારો અતિ શુદ્ધ હતા તેણીએ સતી સીતા, સતી સુલોચના, સતી તારામતી, વગેરે સતીઓના ચરિત્રો વાંચ્યાં હતાં, અને કેટલાંક શ્રવણ કર્યાં હતાં. તેણીના સંસ્કારોએ તેણીને શીખવ્યું હતું, કે જો કે સન્માર્ગ સર્વદા વિકટ હોય છે, છતાં પરિણામે તે ઉર્ધ્વ સ્થિતિએ પહોંચાડે છે, અને દુરાચાર પરિણામે અધોગતિ કરાવે છે. સીતાને અતિ દીર્ઘ સમય સુધી, દારૂણ દુઃખ સહન કરવાં પડયાં હતાં, છતાં તે પતિપરાયણ અને સદાચારમાં અચલ રહી, તેથીજ આજે સીતા માતાનું નામ, સતીઓની ગણનામાં પ્રથમ આવે છે

The virtuous man is free, though bound in chains,
Though poor, content, though banished, yet no stranger,
Though sick, in health of mind, secure in danger,
And over himself, the world and fortune reigns.

A. W. Cuddy's Emblem

સદાચારી મનુષ્ય બેડીમાં બંધાયો પડયો હોય, છતાં તે મુકત છે. દરિદ્ર હોય, છતાં સંતોષી હોય છે, તેને દેશનિકાલ કરવામાં આવ્યો હોય, છતાં તે પરદેશી નથી; વ્યાધિગ્રસ્ત હોય, છતાં તેને માનસિક આરોગ્ય હોય છે; ભયમ

તે નિર્ભય છે, અને તેની ઉપર આ સંસાર અને ભાગ્ય પોતાનાં રાજ્ય ચલાવ્યાં કરે છે.

સુમતિ! તેં સતીત્વનો મહિમા વાંચ્યો છે, ગાયો છે. સદાચારી મનુષ્યો પર કેવી વિપત્તિઓ આવી પડે છે તે તું જાણે છે, છતાં તું આમ કેમ ગભરાઇ ગઇ છે? તું હજી બાળક છે, વયમાં તું મોટી નથી. તારા પિતાને ઘેર તેં સુખનોજ અનુભવ લીધો છે, એટલે આટલાં દુઃખનો ભાર તું ખમી ન શકે, એ સર્વે વાત ખરી, છતાં પણ, જો તું ધૈર્ય ધારણ કરીશ. અને સન્માર્ગમાં તું અચળ રહીશ, તારા કરતાં વધારે દુખી હોય, તેમનાં દુખોને જોઇ તારૂં દુઃખ વિસારીશ. તો મનુષ્ય તને મૂકી દેશે, પણ પરમેશ્વર તને મૂકશે નહીં, એ તું નિશ્ચય પૂર્વક માનજે.

દમયંતી સીતા સતી, દ્રૌપદી ભયે દુ.ખપાત્ર;
તિનકે દુઃખકો તોલ કર, તવ દુખ હય કુન માત્ર ॥ ૧ ॥
સુની દુઃખી જનકી કથા, આપ બિપત્તિ બિસારી,
દુ.ખકે ઘોંસ ગુજારિયેં, ધીરજ ઉરમેં ધારિ. ॥ ૨ ॥
સુખ પીછે દુઃખ આત હય, દુઃખ પીછે સુખ આત,
આવત જાવત અનુક્રમહિં, જ્યોં જગમે દિન રાત. ॥ ૩ ॥
જબલોં બિપરિત દૈવ હે, તબલોં ધીરજ ધાર;
વ્હે હે અનુકુળ દૈવ તબ, પૈ હો સુખ અપાર. ॥ ૪ ॥
મનકો દુ.ખ મનમેં રખો, ન કરો બહન બિલાપ
દુર્જન હરખે દેખિ કેં, સ્વજન ધરે સંતાપ. ॥ ૫ ॥

પ્રવીણસાગર.

ભદ્રાદેવીમાં દુરાચારી મંજુલાની જે દુર્દશા થઈ હતી, તે જો કે તેની પોતાનીજ કરણીનાં ફળ હતાં, તે જોકે પોતેજ ખોદેલ ખાડામાં પોતે પડી હતી. છતાં તેણીએ વૈરાગ્નિમાં માત્ર સુમતિ. નીજ આહુતિ આપી સંતોષ પકડયો ન હતો. તેણીએ સ્વામી-સેવાપરાયણ અને સન્માર્ગાવલંબી સદાચારી દંપતી અમથા અને સુનીતિને એવો ત્રાસ આપવા માંડયો, કે તેઓ પણ ગભરાટમાં પડયા.

“ કોણુ જાણે આપણા ગરીબની લાજ શરમ કેમ રહી શકશે? ગામને જે રખેવાળ કોટવાલ તે પણ મંજુલાને આધીન છે. વળી તે દ્રવ્યવાનની દીકરી છે. નાથ! પૈસો શું ન કરે? આપણને ભુસી નાંખવામાં તેને શું વાર લગે! કદાચ વાત વધી, અને આપણા અંગ ઉપર આવી પડી, તો નંદલાલશેઠ છેવટમાં પોતાના ઘર તરફનું સંભાળે. આપણે ભદ્રાદેવીથી પાછા વળ્યા પછી વસંત અને મંજુલાનો ત્રાસ દિવસાનુદિવસ વધતો જાય છે. આપણે બીકને લીધે નોકરી મૂકી દીધી અને આપણુ ઘર પકડી બેઠા, છતાં પણ તેઓ આપણુને જંપવા દેતા નથી આપણાપર પ્રીતિ રાખનાર સુમતિની કોણુ જાણે કેવી દશા થઈ હશે? હવે અહીં રહીશુ, તો આપણી આબરૂ રહેવી મુશ્કેલ છે હવે તે પ્રાણનાથ! આપણે અમરાવતી મૂકી, બીજે કોઇ ગામ ચાલ્યા જઈએ, તેમાંજ આપણને લાભ છે. મંજુલાએ મારી બેઆબરૂ કરવાના સોગંદ લીધા છે, અને તે પોતાનો હઠ્ઠ પૂરો કર્યા વગર મૂકતી નથી, એ તેનો સ્વભાવ આપથી કયાં અજાણ્યો છે? માટે નાથ! મારી વિનતિ લક્ષમાં લ્યો,” સુનીતિએ અમથાને આગ્રહપૂર્વક જણાવ્યું.

‘ તારી વાત જરા પણ ખોટી નથી. અમરાવતીનું રાજતંત્ર પણ હાલમાં તદ્દન બદલાઇ ગયું છે ધોળે દહાડે સારા ઘરની વહુ દીકરીઓની લાજ લૂટાય છે, અન કોઇની દાદ ફરીઆદ સંભળાતી નથી. તો આપણા ગરીબનું કોણ સાંભળે? આપણે ભદ્રાદેવીની યાત્રાથી પાછા ફર્યા, ત્યારપછી, નંદલાલ શેઠે આપણી સાથે થોડા દિવસ નિભાવ્યું, પરંતુ આપણને લીધે ઘરમાં કંકાસ વધ્યો, અને શેઠનું ઘરમાં વિશેષ ચાલ્યું નહીં, ત્યારે તેમણે મને જણાવી દીધું, કે મારે થોડા દિવસ ઘરમાં બેશી રહેવું, અર્થાત્ શેઠનું ઘરમાં મંજુલા અને શેઠાણી પાસે કાંઈ ચલણ નથી. મેં પણ મનમાં વિચાર કર્યો, કે આપણા માટે શેઠના ઘરમાં કલેશ થાય, એ ઠીક નહીં, એટલે તેમની નોકરી છોડી ઘરમાં બેઠો. પણ વિના ઉદ્યમે આપણો વ્યવહાર કેટલા દિવસ નભી શકે? હું તો હવે તદ્દન મુઝાઇ ગયો છું. કોઇ વાતની સૂઝ પડતી નથી,” અમથાએ સુનીતિને અનુમોદન આપ્યું.

" પ્રાણનાથ ! સત્યનો બેલી ઇશ્વર છે આ સંસારમાં મનુષ્યને સુખ દુઃખ એક પછી એક આવ્યાં કરે છે, અને તે ભોગવ્યા વગર છુટકો પણ નથી. માણસની કસોટી દુઃખની વખતેજ થાય છે "સદાચારનો માર્ગ સર્વદા વિકટ હોય છે" માટે હિમ્મત રાખો, અને મારા કહેવાપર ધ્યાન દઈ, વિચારી જુઓ, કે હાલ આપણને અહીથી નીકળી ગયા વગર બીજો કોઇ રસ્તો છે ? મારૂં માનો તો આપણી પાસે જે કાંઇ છે, તેમાંથી આપણી સાથે લઇ શકાય, એટલુ સાથે લઇ, બાકીનુ આપણા સંબંધીઓને ત્યાં મૂકી, આપણે અહીંથી પરદેશ નીકળી જઇએ પછી જીવતા આવ્યા તો ઠીક, નહીં તો ઇશ્વર ઇચ્છા "

અમથો અને સુનીતિની આ પ્રમાણે વાતો ચાલે છે, એટલામાં તેમને ત્યાં તેમની પડોશણ સુદર આવી, અને "અલી સુનીતિ ! તું ઘરમાં છે કે ?" એ પ્રમાણે તેણીએ ઘરના બારણામાં ડોકીઉં કરી, સુનીતિને બોલાવી. સુનીતિ તરત ઉઠી સુદર પાસે બારણા આગળ આવી, અને 'કોણ સુદર બેન ? અદર આવો, બેસો ! કેમ અમારા સરખુ કાંઇ કામકાજ ?" એ પ્રમાણે તેણીને પૂછ્યું

" ઘરમાં બીજું કોઈ છે કે ?" સુંદરે આમ તેમ જોતાં પૂછ્યું.

" ઘરમાં બીજું તે કોણ હોય ? તમારા ભાઈ છે. કાંઇ ખાનગીમાં કહેવું છે ?" સુનીતિએ પ્રત્યુત્તર આપ્યો.

સુંદર અંદર ઘરમાં આવી. સુનીતિએ તેનો યથાયોગ્ય સત્કાર કર્યો, અને તે પોતાના આસનપર બેઠી, એટલે તેણીએ અમથાના સાંભળતાં પોતાની વાત શરૂ કરી.

" બેન ? અમથાભાઇથી તમારી પાસે કાંઇ ખાનગી નથી. ગઇ કાલે હું કામ પ્રસગે નંદલાલ શેઠને ઘેર ગઇ હતી. શેઠાણી પાસે મને જરૂરનું કામ હતું. શેઠાણી નહાવા બેઠા હતા, એટલે મને ઘરમાં બેસવાનું કહ્યું, તે પ્રમાણે હું ઘરમાં જઇ બેઠી. મંજુલા કે વસંત કોઇ ઘરમાં ન હતાં. ઘરમાં સુમતિ એકલી હતી,

તે મારી પાસે આવીને બેઠી, અને ' આજે તમે અણુચિંતવ્યા અમારે ઘેર આવ્યા છો, એટલે કાંઇ કામ પ્રસંગ તો હશેજ. કામ વગર તમને મેં અમારે ઘેર આવતાં ભાળી નથી," એ પ્રમાણે તેણીએ મને પૂછયુ ' શેઠાણી પાસે જરૂરનું કામ હોવાથી આવી છું. નહીતો અમારા જેવા ગરીબ માણસને તમારે ઘેર આવવાનુ શુ પ્રયોજન હોય ! " એ પ્રમાણે મે તેણીને ટુકમાં જવાબ આપી પતાવ્યુ. પરંતુ તે વખતની સુમતિની દયામણી હાલત જોઈ, મને જેમ અજાયબી થઇ, તેમ મને તેણીને માટે બહુ લાગી આવ્યું. સુમતિ શરીરમા તદ્દન નંખાઇ ગયેલી અને મરવા જેવી થઇ ગઇ હતી. તેણીએ જે લૂગડાં પહેર્યા હતાં, તે આપણા જેવાને ઘેર કામ કરનારી દાસીઓ પહેરે છે, તેથી સારાં ન હતાં. બેન સુનીતિ ' શ્રીમાનોને ઘેર દીકરી આપવી, અને કસાઇને ઘેર ગાય બાંધવી, એ બે બરાબર છે અરેરે ! શુ સુમતિની નીતિ અને શુ તેના સદ્ગુણ ! ખરૂં પૂછો, તો તે સીતા અને દયમંતી જેવી મહા સતી છે. આ ઘોર કલિયુગમાં સતીઓનેજ કષ્ટ થાય છે. નીચ મંજુલા ! તું ગરીબને આટલી હદ્દ સુધી સતાવે છે. તે માણસો સાંખી શકશે, પણ ભગવાન નહી સાંખે ! બીચારી સુમતિને આટલાં દુઃખો છે, છતાં તેણીએ આજ દિવસ સુધી પોતાની વાત કોઇને પણ જણાવી નથી હું ધારૂં છું, કે તેના સસરા નંદલાલ શેઠના કાન સુધી પણ તેના દુઃખોની વાત ગઇ ન હશે ! નહીંતો તેઓ તદ્દન આટલા કઠ્ઠણ હૃદયના નથી. શેઠ પોતે બહુ સમજુ છે, પણ નીચ મંજુલા પાસે તેનું ચાલતું નથી. સુમતિ ! તે મને કહ્યું ન હતું, કે સુમતિ શ્રીમાન ગૃહસ્થની એકની એક લાડકી છોકરી છે ? છતાં સુમતિના પિયરમાંથી પણ કોઇ તેની ભાળ લેવા આવતું નથી ? સુમતિની આવી હાલત જો વધુ દિવસ રહેવા પામી, તો તે નક્કી મરી જવાનીજ ! તે મઇ તો પૈસા જોનાર, પણ દીકરીનું સુખ ન જોનાર ઘણાં આંધળાં જણ, નંદલાલ શેઠના પુત્ર વેરે પોતાની દીકરી માટે માગું મોકલશે ; સુમતિ જશે તો પોતાના પિયરિયાંની ! સુનીતિ ! સુમતિને તારી ઠીક ઓથ હતી, પણ દુષ્ટ મંજુલાના કુકર્મોએ તને અને અમથા ભાઇને પણ, નંદલાલ શેઠનુ ઘર ત્યજાવ્યું. સુમતિને તો હજી તુંજ યાદ આવે છે. તે મારી

પાસે આવી બેઠી, કે તેણીએ મને તરત જણાવ્યું, "સાધુજી આવશે તો મારી વાત રહી જશે. કૃપા કરી મારૂં એક જરૂરનું કામ કરી દેશો, તો પ્રભુ તમારૂં ભલું કરશે." મેં જ્યારે તેણીનું કામ કરી આપવા ખાતરી આપી, ત્યારે તેણીએ મને એક પત્ર આપી જણાવ્યું, "સુંદર બેન! આ કાગળ સુનીતિને હાથોહાથ આપજો. આ પત્રનો ભેદ કોઇની પાસે પણ ખોલશો, તો તમને તમારા ઇષ્ટ દેવના સમ છે." આના જવાબમાં મેં "સુમતિ બેન! તમે જરાપણ ગભરાશો નહીં. તમારૂ કામ હું બહુ ખુશીથી કરીશ. આ પત્ર તો શું, પણ બીજું પણ કામ હોય. તો સુખેથી કહેજો. તમારા જેવી ઇશ્વરપરાયણ સતીનું કામ કરવાથી ભગવાન પણ રાજી થાય છે," એમ જ્યારે તેણીને જણાવ્યુ, ત્યારે સુમતિએ તરત બે હાથ જોડયાં અને કહ્યું. "તમે સુનીતિને આ કાગળ હાથોહાથ પહોંચાડયો, એટલે મારાં તમે લાખ કામ કર્યાં. તમારો ઉપકાર હું કદી ભૂલીશ નહીં," અને પછી પોતે તરત અંદરના ઓરડામાં ચાલી ગઇ. એટલામાં શેઠાણી પણ આવ્યા, એટલે મે તેનીસાથે મારા કામ સંબંધી વાતચિત કરી, ત્યાંથી હું સીધી તારીપાસેજ આવી છું લે આ પત્ર. બરાબર સંભાળજે હું હવે જાઉં છું."

સુનીતિએ સુંદરને થોડી વાર બેસવા આગ્રહ કરી, સભ્યતા દર્શાવી, અને સુંદરે "મને ઘેર બહુ જરૂરનું કામ છે. બીજી વખત આવીશ સાધ્વી સુમતિનુ કામ ઉતાવળથી કરવાનું હતું, એટલે પરભારી તારી પાસે આવી છું," એપ્રમાણે સુનીતિપાસે ઘેર જવા રજા માગી. સુનીતિએ સુમતિનો પત્ર લાવવા માટે તેણીનો ઉપકાર માની, તેણીને રજા આપી. સુંદર ગઇ, એટલે સુનીતિને સુમતિની દશા યાદ આવી, અને તેનાં નેત્રો સજળ બન્યાં. તેણીએ પત્રને છાતી સરસો ચાંપી, અમથાપાસે આવી બેઠી; અને અમથાના સાંભળતાં પત્ર વાંચ્યો. પત્રની વિગત આ પ્રમાણે હતીઃ—

વ્હાલી સુનીતિ બેન,

આ વખતે મારી ખરી શુભેચ્છક હું તનેજ માનું છું, અને તેથીજ મેં તારા ઉપરજ આશા બાંધી છે, કે તારી આ રંક નાની

બેનની દુર્દશા દૂર કરવા તું કાંઇપણ ઉપાય કરીશ, અને કદાચ તેમ ન બન્યું, તો, મારા માટે નેત્રોમાંથી બે આસુંઓ પાડીશ, તોપણ મારા દુખમાં તેં ભાગ લીધો છે, એમ માની લઇશ.

આપણે વિખુટા પડયા, ત્યારથી મારા ઉપર જે ઘાતકીપણું ગુજરે છે, તેની તારાથી કલ્પના પણ થઇ શકશે નહીં. આ તારી ગરીબ ગાય જેવી બેનનું જીવન, હવે થોડાજ કાલ રહેવાનું, અને તેથી કદાચિત્ મારાથી તારૂં મુખ જોવાનું ન બન્યું, તો મારે તારા માટે ફરી જન્મ લેવો પડશે, છતાં પણ, આ પત્રથી હું તારી આ છેલ્લી ભેટ લઉં છું, એ વિચાર મને દુઃખમાં પણ ઘણે ભાગે સંતોષ આપે છે. હું કદાચ દુઃખો ભોગવી આ અસાર સંસારમાંથી ચાલી જાઉં, તો મારાં દુઃખો તારાથી અજાણ્યા ન રહે, તેથી તને મેં આ પત્ર લખ્યો છે બેન! એ પત્રને તું તારી જીંદગી સુધી સંભાળજે

ભદ્રાદેવીથી આપણે પાછા આવ્યા, અને જે દિવસથી તું મારાથી વિખુટી પડી છે, ત્યારથી મારા દુઃખની શરૂઆત થઇ છે. મંજુલા બેનની શીખવણીથી પ્રથમ મારા ઠાકોરજીને કુવામાં પધરાવી દેવામાં આવ્યા, અને તેથી મને અતિશય ખેદ થયો. મેં અન્નજળનો ચાર દિવસ ત્યાગ કીધો, તો પણ મને જમાડવાની કોઇને ઇચ્છા થઇ નહીં. રાત્રિ તથા દિવસનો ઘણો ભાગ, મને અંધારી કોટડીમાં પૂરી રાખવામાં આવતી, અને માત્ર સસરાજી જમવા આવે, તેટલી વારજ, મને રસોડામાં બેસાડવામાં આવતી. પહેરવા માટે મને હજીસુધી એકના એક જૂનાં વસ્ત્ર મળે છે. ગંદા મેલાં વસ્ત્રોથી મનને ગ્લાની આવે છે, પણ શું કરૂં! લાચાર. સ્વામિનાથ ઘણે ભાગે ઘેર આવતાજ નથી, અને કદાચ આવે છે, તો કાંઇ પણ પુછયા ગાછયા વિના એકદમ મુક્કીઓ મારવા મંડી જાય છે, અથવા લાકડી પણ એક પછી એક મારતાજ આવે છે, જાણે રૂ પિંજાય છે, અને સાસુજી તે જોયાં કરે છે. મને આટલું દુઃખ આપવામાં પણ જાણે ઓછપ લાગતી હોય તેમ, કેટલીક વખત લોખંડના સળીઆ તપાવી મને ડામ પણ દેવામાં આવ્યા. પાંચમે દહાડે મંજુલા મારી પાસે

ટાઢું અન્ન મૂકી ગઇ, અને "લે આ તારા પિયરથી આવેલી સુખડી? જમવું હોય તો જમી લે, નહીં તો ખુશીથી ઉંઘી જા.," એપ્રમાણે મને ટોણા મારી ચાલી ગઇ ભૂખ કડકડતી લાગેલી, એટલે ઈશ્વર સ્મરણ કરી, અન્ન દેવનુ અપમાન ન કર્યું. વળતે દહાડે પેટમાં દુઃખારો તથા ઉલટી જેવું થયું, પણ પૂછે કોણ કે શું થાય છે? રાતના તાવ પણ બહુ ચડી આવ્યો. મારી આવી હાલત ઘણા દિવસ ચાલી. એક દહાડે શાંતિરામ ભટ્ટનાં માતુશ્રી કર્માદેવી આવ્યાં. હું કોટડીમાં કેદ હતી. મંજુલા બાઇ દુશ્ચલા સાથે કયાંક બહાર ગઇ હતી. વિક્ષેપા બેઠેલી હતી. વિક્ષેપા સ્વભાવની તીક્ષ્ણ છે, તોપણ કોણ જાણે તેને મારા ઉપર કાંઇક દયા ઉપજી કે શુ, કે મારા ધારવાપ્રમાણે તેણીએ સાસુજી અને કર્માદેવી વચ્ચેની વાત મંજુલા પાસે કરી નહીં, કારણ, કે તે વિષે મંજુલાબાઇ કે સ્વામીનાથ કાંઇપણ બોલ્યા નથી. કર્માદેવીએ ઘેર આવતાં, "સુમતિ કયાં છે?" એમ સાસુજીને પૂછયું. અને "અંદરના ઓરડામાં છે," એમ સાસુજીએ તરત જવા બમાં જણાવ્યું, અને ભોળપણમાં વિક્ષેપાને ચાવી આપી, તાળું ઉઘાડી, મને બહાર આવવા જણાવ્યું. કર્માદેવી બહુ ચતુર હતાં, એટલે તેણીએ બારીક તપાસ રાખી. હું જ્યારે બહાર આવી, અને કર્માદેવીને પગે લાગી પાછી ઉઠતી હતી. તે વેળા કેડમાં ચમક આવી ગઈ, અને મારાથી ઉઠી શકાયું નહીં, એટલે કર્મા- દેવીએ પોતે હાથ દઇ ઓીખી કરી. મને પોતાની પાસે બેસાડી. કર્માદેવી મારૂં સ્વરૂપ જોતાં ગભરાઇ ગયા, એટલે તેનાથી અણ- ધાર્યું બોલાઇ ગયું, "શેઠાણી! નંદલાલ શેઠના ઘરમાં આવાં નિષ્ઠુર કસાઇના જેવાં કર્મ! આ શિયળસાગર અને સદ્‌ગુણી વહુ સુમતિ સાથે આવું વર્તન! તેણીએ તમારો એવો શો અપરાધ કીધો છે. કે જેના માટે તમે તેનાપર આટલી ક્રૂરતા વાપરો છો? ઈશ્વરે તમને રિદ્ધિ સિદ્ધિ આપી છે, પણ દયા નથી આપી. આવા ઘોર કર્મના ફળ તમને વિપરીત મળશે;" કર્મા દેવીએ આ શબ્દો કહ્યા, અને તેની સાથે તેની આંખોમાં દડદડ પાણી ભરાઇ આવ્યાં. કર્માદેવીને જોઇ મારી આંખોમાં પણ પાણી આવ્યાં, એટલે સાસુજી બહુ શરમીદા થઇ ગયા હોય તેવા

દેખાયા તેમને કદાચ સસરાજીની બીક લાગી હોય તો કોણ જાણે ! થોડીવાર તો તે કાંઇ બોલ્યા નહી, પછી તેમણે સર્વે દોષ સ્વામીનાથપર મૂકયો અને જણાવ્યું કે "તેમણે મને પોતાના કામને આડે ન આવવા સોગંદ દીધા છે." કર્મદેવીએ સાસુજીનો બચાવ માન્યો નહીં, અને તે બચાવને તરત ખોટો જણાવી દીધો, અને વધારામાં "તમે આ ગાય જેવી ગરીબ સાધ્વી સુમતિના આવા હાલ કરો છો, અને તે અબળાને નાહક સતાવો છો, તેથી તમારૂં જેમ આ દુનિયામાં સારૂં નહીં થાય. તેમ મુવા પછી રૈરવ નર્કના અધિકારી થશો. અમે આટલા દિવસ આપના સ્વભાવથી અજાણ્યા હતા. પણ આજે ખબર પડી કે આપ આટલા કઠણ હૃદયનાં છો ! ધન્ય છે તમારી મોટાઇને ! અમે પણ તમારી સાથે પાપકર્મના ભાગી બનીએ છીએ મારે શાંતિરામ ભટ્ટજી પાસે વાત છેડવી છે. નંદલાલ શેઠે તો આંખે પાટા બાધ્યા છે, એટલે તે જીવતા મૂવાની ખબર ન રાખે; પણ આપ વડીલે સર્વેને સરખી રીતે નિભાવવા જોઇએ, તેને બદલે આ વિષમ દ્રષ્ટિ ! " આ પ્રમાણે સખ્ત ઠપકો આપ્યો. સાસુજીએ આ વાત મંજુલા તથા સ્વામિનાથ પાસે કરી હશે, કારણ કે ત્યારથી મને છૂટી રાખવામાં આવે છે અને ઘરમાં હરવા ફરવા દે છે. છતાં દુઃખનો ભાર ઓછો થયો નથી માર હજી ચાલુ છે. ઘરના કામકાજનો સઘળો બોજો મારાપર નાંખવામાં આવ્યો છે, અને રસોઈઆ તથા નોકર ચાકરો વગર મહેનતે પગાર ખાયા કરે છે ખાવામાં મને ટાઢું. ઉચ્છિષ્ટ અન્ન વગેરે હોય તેમાં છાશ નાંખી આપવામાં આવે છે, અને તે પણ હું આનંદથી ઇશ્વર સ્મરણ કરી પી જાઉં છું. ગદ્ધાવૈતરાથી હું લાચાર બની ગઈ છું. તાવ આવે છે. ખાંસી વિસામો ખાવા દેતી નથી. આ કરતાં હવે મરવું ઉત્તમ ધારી, ઇશ્વરમાં મન એકાગ્ર જોડયું છે, તો પણ ચંચળ મન સ્થિર થતું નથી. મારા માત પિતાને મળવાની કે ધન યૌવન સુખની અભિલાષા નથી. વ્હાલી સુનીતિ ! માત્ર તારા દર્શનની ઇચ્છા થયા કરે છે. આ મંદભાગિનીને લીધે તારાં પણ અન્નોદક અમારા ઘેરથી ઉઠયાં, અને તમે દંપતી પણ મારે લીધે વિપત્તિમાં આવી પડયાં છો, તે માટે હું દિલગીર છું. મારે લીધે તને પણ બહુ દુ:ખ વેઠવાં પડે છે, તેમજ

અમથાભાઈને પણ તેટલાંજ દુ:ખ વેઠવાં પડે છે, તે માટે હું બન્ને જણની ક્ષમા યાચના કરૂં છું. તને મલવાનું તો કયાંથી બને, પણ આ પત્રને મળવા તુલ્ય ગણી મારા અપરાધ ક્ષમા કરજે. હવે આ ભવના છેલ્લા રામ રામ! ફરી ઇશ્વર મનુષ્ય દેહ આપે અને આપણે મળીએ તો કોણ જાણે! જેવી ઇશ્વરની મરજી. સાસુ સસરા તથા પતિના હાથમાં સૌભાગ્યવતી રહી, આ સંસારમાંથી જઇશ તેથી હુ પોતાને ભાગ્યશાળી સમજું છું જો કે મને હજીસુધી પતિ-સુખ મળ્યું નથી, અને મળશે એવી આશા મૂકી દીધી છે, તોપણ તે મારા ખરા પરમેશ્વર છે. આ પત્રમાં મારાથી મારા પતિનાં કાંઈ અવગુણ ગવાયા છે તેમજ મારા સાસુજી મારી માતા છે, પરંતુ તેમને જેટલાં તેમના પુત્ર અને પુત્રી વ્હાલાં હોય, તેટલી વ્હાલી પુત્ર-વધુ ન હોય! આવેશમાં મેં તેમનાં પણ દોષ દર્શાવ્યા છે, પરતુ તેમ કરવા વગર તારી પાસે મને છૂટકો ન હતો; હે પરમાત્મન્! મારૂં આ મહાન્ પાપ મને ક્ષમા કરજે. બેન! કૃપા કરી તું આ પત્ર કોઇને પણ વંચાવતી નહીં, તેમ તે બીજા કોઇના હાથમાં ન જાય તેવી તજવીજ રાખજે

લિ. સુમતિના છેલ્લા પ્રણામ ”

પત્રની પ્રત્યેક લીટી વાંચતાં વાંચતાં સુનીતિ રડી પડતી. અમથાનું હૃદય પણ પીગળવા લાગ્યું. અને તેની આંખોમાંથી પણ આંસુઓની ધારા વહેવા લાગી. આ કરૂણાજનક પત્ર સુનીતિએ માંડમાંડ પૂરો કર્યો. તેણીનું આખું અંગ ધ્રુજવા લાગ્યું, કંઠ સૂકાવા લાગ્યો, આંખે ચક્કર આવ્યાં, અને તે થોડીવાર સુધી બોલી પણ શકી નહીં. અમથાએ ધીરજ આપી, તેથી સુનીતને કાંઇક હિમ્મત આવી, પણ મંજુલા, વસંત તથા શેઠાણીનાં ઘોર કર્તવ્યોથી તેણીને એટલો રોષ આવ્યો, કે તે પ્રચંડ કાલિકા દેખાવા લાગી.

“ સ્વામિનાથ! આપણને એક દિવસ મરવું તો છે, ત્યારે આપણે સતી સુમતિને વારે ચડતાં, દુઃખીઆનું દુઃખ દૂર કરવા મહેનત કરતાં, મરણ શરણ થયા, તો પણ શું? ઇશ્વરની નજ-રમાં આપણે નંદલાલ શેઠના નિમકહલાલ નોકર ત્યારેજ ગણાશું. હું સુમતિને હમણાજ જવાબ લખી નાંખુ છું. સુંદર આરફતજ

તેણીને તે કાગળ પહોંચાડશું. કાગળ લખવામાં વિલંબ થાય, તો કદાચ તે આત્મહત્યા કરી બેસે. સુંદર મારફત સુમતિને જવાબ પહોંચ્યાના સમાચાર સાંભળ્યા પછી, તરત આપણે સુમતિના પિયરના ગામ દોલતપુર જશું સુમતિના રક્ષણ સાથે આપણું પણ રક્ષણ થશે, ' સુનીતિએ અમથાને પોતાનો વિચાર જણાવ્યો.

' મને એ વાત પસંદ છે સુમતિને પત્ર આજે પહોંચે તો આજે રાત્રિના દોલતપુર નીકળી જઇએ, " અમથાએ પોતાનો નિશ્ચય જણાવ્યો.

સુનીતિએ તરત સુંદરને પોતાના ઘરમાં બોલાવી તેણીને કહ્યું, "તમે અમારા બેન થઇ, અથવા વડીલ થઇ, અમારા દુઃખમાં ભાગીદાર બની, અમે તમને જે તસ્દી આપીએ, તે સહન કરશો, તો તમારો અમારાપર બહુ ઉપકાર થશે. સુમતિના પત્રથી એમ જણાય છે, કે તે હવે પોતાનાં અપાર અસહ્ય દુઃખથી કંટાળી ગઇ છે, એટલે જો તમે અમારૂં કામ હમણાને હમણા કરી ન આપશો તો કદાચ પરિણામ બહુ ખરાબ આવે એમ છે. તમને બીજુ કાંઇ કામ બતાવવાનું નથી. માત્ર તમે જેવી રાતે સુમતિનો કાગળ લઇ આવ્યા, તેવીજ રીતે અમે તમને જે પત્ર લખી આપીએ, તે હમણા ને હમણાજ સુમતિને હાથોહાથ પહોંચાડો તો તેણીને ધીરજ પણ આવે, અને વિપરીત પરિણામ આવતુ અટકે. અમે તમારો ઉપકાર અમારી જીંદગી પર્યન્ત ભૂલશુ નહીં."

નંદલાલને ઘેર બીજીવાર જવાથી કદાચ શેઠાણી વહેમાશે, એવી સુંદરે શંકા કરી; ' પણ તમારૂ કાર્ય થતું હોય, તો, હું તેમ પણ કરીશ. સુખેથી પત્ર લખી આપો. હુ હમણાજ જવા તૈયાર છું, " આપ્રમાણે સુંદરે સુમતિને અમથાપર ઉપકાર કરવાની વૃત્તિ દર્શાવી, એટલે સુનીતિ તરત પત્ર લખવા એકાંતમાં જઇ બેઠી; અને સુમતિના પત્રનો આ પ્રમાણે ટુંકમાં પ્રત્યુત્તર લખ્યોઃ—

" પ્રાણથી અધિક બેન સુમતિ. "

"તારો પત્ર વાંચ્યો. તેમાં તે જે હકીકત લખી છે, તેથી મને જે શોક થયો, તે હું કાગળમાં જણાવી શકતી નથી. દુષ્ટ મંજુલાના દારસ્થાનથી હું કે મારા સ્વામીનાથ અજાણ્યા નથી.

તેણીએ તારી દશા બહુ બુરી કરાવેલી હોવી જોઇએ, એ કલ્પના અમે પહેલેથીજ કરી રાખી હતી, પરંતુ તેણીએ તારી માઠી દશા આટલી હદ્દ સુધી કરી, તે અમે તારા પત્રથીજ જાણ્યું. આ કલિજુગમાં, કષ્ટ સતીઓનેજ હોય છે, એમ તું પોતે કયાં સમજતી નથી? તારી નણંદ મંજુલાના ત્રાસથી કંટાળીને અમે પણ આ શહેર છોડી જવાની તૈયારીમાં હતા, તેજ અરસામાં તારો પત્ર આવ્યો. તારો પત્ર વાંચતાં અમે આજેને આજેજ અમારા જીવના જોખમે પણ, તારા રક્ષણને માટે કાંઇપણ ઉપાય કરવા, પકકો નિશ્ચય કરી મૂકયો છે, અને આ કાગળ તને હાથોહાથ મલ્યો છે, એવા સમાચાર મળતાંજ, અમે તરત તારા છુટકારા માટે ઉદ્યમમાં લાગશું. તું મારી બેનપણી છો; અમે તમારા ઘરનું લૂણ ખાધુ છે, એટલે ગમે તે ભોગે તારા જેવાની વારે ચડવુ, એ અમે અમારો ધર્મ સમજીએ છીએ. તારી વય કુમળી છે, છતાં પણ તેં દુઃખમાં જે ધીરજ બતાવી છે, તે માટે તને ધન્યવાદ ઘટે છે. તેં જેમ આટલા દિવસ ધીરજ ધરી, તેમ હજી પણ થોડા દિવસ ભગવાન પર ભરોસો રાખી ધીરજ રાખ. સત્યનો બેલી પરમેશ્વર છે દુઃખ ધીરજની કસોટી છે, અને તે કસોટીમાંથી જો આપણે પસાર થયા, તો આખરે "સત્યનોજ જય છે." તે તું પોતે કયાં સમજતી નથી! શીયળ અને સત્યની ખાતર સતી સીતા અને તારામતીને શું ઓછાં દુઃખ વેઠવાં પડયાં છે? તેમનાં દુઃખો પાસે તારૂં દુઃખ શું હિસાબમાં છે?

બેન હું તને ભલામણ કરૂં છું, તને મારા સોગંદ આપું છું, કે તું કોઇ પણ પ્રકારનું સાહસ કરીશ નહીં. તું પોતે ડાહી છે, એટલે વધુ તને શું કહું! થોડું લખે ઘણું કરી જાણજે, વિશેષ લખવાનો હાલ વખત નથી. અમે કયાં જશું, અને શું કરશું, તેની ચિંતા ન કરીશ.

લિ. સુનીતિના યથાયોગ્ય"

સુનીતિએ આ પત્ર સુંદરને આપ્યો, અને સુમતિને ત્વરાથી પહોંચાડવા ભલામણ કરી. સુંદર પત્ર લઇ ગઇ, એટલે પોતે ઘરનુ રાચ રચીલું વગેરે જે, પોતાના નજીકના સબંધીને સોંપવા જેવું

હતુ તે તને સાંપી, પોતાની સાથે લઇ જવા જેટલું જે સામાન હતું, તેની વ્યવહસ્થા કરી, એકે કોરે મૂકી દીધું. અને દોલતપુર જવાની સર્વે તૈયારી છુપી રીતે કરી રાખી.

સુંદર નદલાલને ઘેર થોડીજ વારમાં પાછી આવી, એટલે શેઠાણીએ સુંદરને તરત બીજીવાર આવવાનુ કારણુ પૂછયું. "મારી સોનાની વીંટી ગુમ થઇ છે અંહી તો નથી રહી ગઇ ?" સુંદરે એ બ્હાનું કાઢયુ. વીંટી માટે નંદલાલના ઘરમાં શોધાશોધ થઇ રહી. સુમતિ પણુ બહાર આવી, અને તેટલીજ આતુરતાથી વીંટીની શોધ કરવા લાગી, સુંદરે લાગ મળતાં સર્વે જણુની નજર ચૂકાવી, સુમતિના હાથમાં પત્ર સેરવી દીધો સુમતિ સુંદરની યુક્તિ સમજી ગઇ. તેણીએ તરત પત્ર લઇ, કંચુકીમાં છૂપાવી દીધો, અને વીંટી શોધવા લાગી ગઇ. ઘણીવાર શોધ્યા છતાં જ્યારે વીંટીનો પત્તો ન લાગ્યો, ત્યારે શેઠાણીએ સુંદરને જણાવ્યું, કે "વીટી અહીં નથી." સુંદરે પણુ ખોટી નિરાશા બતાવી પાછી ફરી. અને પોતે જે યુક્તિથી પત્ર પહોંચાડયો હતો, તે યુક્તિ તેણીએ સુનીતિને જણાવી. અમથો અને તેની સ્ત્રી સુનીતિ બહુ જ પ્રસન્ન થયાં સુનીતિએ અંતઃકરણુપૂર્વક તેણીનો આભાર માન્યો, અને વિવેકની ખાતર પોતાના ઘરની અને સુમતિની ખબર રાખવા ભલામણુ કરી. "તેઓ કયાં જાય છે" તે સંબંધી સુંદરે પૂછયુ ખરી વાત જાહેર કરતાં, કોટવાળ કે મંજુલાને ખબર પડે, તો રસ્તામાં વિટંબણા ભોગવવી પડે એ ભયથી, તેઓ જ્યાં જતા હતાં, તેનો ખરો પત્તો ન આપ્યો. અને ભલતો જવાબ આપી પતાવ્યું છેક મોડી રાત્રિએ અમથા અને સુનીતિએ અમરાવતીને પ્રણામ કર્યાં, અને તેઓ દોલતપુર જવા નીકળી પડયાં

પ્રકરણ ૨૧ મું.

ભૂદેવે ઝવેરાતહાથ કર્યું.

The heights by great men were reached aud kept,
Were not attained by sudden flight,
But they while their companions slept,
Were toiling upward in the night *

મહારાજા અજીતસિંહના સ્વર્ગવાસ પછી મહારાજા દુર્બલસિંહે વયમાં આવતાં, રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી ત્યારથી દિવસાનુદિવસ અમરાવતીમાં પ્રપંચ, ખટપટ, અને દુરાચાર વૃદ્ધિ પામતાં હતાં, તે આપણે આગળ જોઇ ગયા છૈએ. આ વેળા અમરાવતીમાં પ્રપચ અને દુરાચાર પરાકાષ્ટાએ પહોંચ્યાં હતાં. ન્યાય પૈસાથી તોલાતો, અને વગવાળા અને લાંચ રૂશવત આપનારાઓ યથેચ્છ ન્યાય મેળવતા, અને ગરીઓની કોઇ દાદ સાંભળતું નહીં. નગરપાલો માત્ર પ્રાચીન પદ્ધતિને માન આપી, રાત્રિદિવસ ચોકી પહેરો ભરતા, પરંતુ તેઓ જેટલી પોતાનાં ગજવાં ભરવા તરફ કાળજી રાખતાં તેટલી કાળજી પ્રજાનાં જાન માલના રક્ષણ માટે ભાગ્યેજ રાખતા. અધિકારી વર્ગ અને રાજા વિષયલંપટ બની ગયેલા હોવાથી, પ્રજાજનની વહુ દીકરીઓની લાજ રહેવી મુશ્કેલ થઇ પડી હતી. આ વખતે સતી અને સાધ્વી સ્ત્રીઓને પોતાનાં રૂપ, લાવણ્યતા, અને સૌંદર્ય કાળ સમાન લાગતાં. સતીઓને જ્યારે સૌંદર્ય

* જે મહાપુરૂષો ઉચ્ચ પદે પહોંચ્યા છે, અને તેઓએ જે ઉચ્ચપદ ટકાવી રાખ્યું છે, તે ઉચ્ચપદ તેમને સહસા ઉડેથી પ્રાપ્ત થઈ શકયાં નથી, પરંતુ તે મહાપુરૂષો, જ્યારે પોતાના સાથીઓ ઉંઘમાં ઘોરે છે, તે વખતે તેઓ ઉચ્ચ સ્થાને ચઢવાના પ્રયત્નો રાત્રિએ પણ ચાલુ રાખે છે.

આપ સમાન હતું, ત્યારે કુલટાઓ આકર્ષક લાવણ્યતાને અભિનંદન આપતી. જ્યારે સદાચારી જનોનું કોઇ ભાવ પણ પૂછતું નહીં, ત્યારે દુરાચારીઓનું સન્માન થતું પ્રતિષ્ઠિત પુરૂષો પોતાની પ્રતિષ્ઠા ખોવાના ભયમાં રહેતા, અને ચોર લોકો નિર્ભયતાથી પોતાનું કામ કરતા.

રાજ્યની આવી પરિસ્થિતિને પરિણામે ભૂદેવે હાથધરેલ કાર્ય પહેલાં કરતાં દુષ્કર થઇ પડ્યું હતું. પણ મહત્ત્વાકાંક્ષી પુરૂષો, વિઘ્નને ન ગણકારતાં પોતાનાં કાર્યો ખંત અને ઉત્સાહથી કર્યા જાય છે

अनारंभो हि कार्याणा प्रथमं बुद्धिलक्षणम्
आरंभस्यांतगमनं द्वितीयं बुद्धिलक्षणम् ॥

કોઇપણ કાર્યનો આરંભ ન કરવો એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે, પણ કાર્ય હાથમાં લીધુ—તે કાર્યનો આરંભ કર્યો, તો તે કાર્ય પૂર્ણ કરવુ, એ બુદ્ધિનું બીજું લક્ષણ છે,

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैःपुनःपुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥ भर्तृहरिः ॥

નીચ (ભીરૂ) પુરૂષો વિઘ્નના ભયથી કાર્યનો આરંભ કરતા નથી. મધ્યમ પુરૂષો કાર્યનો આરંભ કરે છે, પણ તેમાં વિઘ્ન આવતાં કાર્ય છોડી દે છે પરંતુ ઉત્તમ પુરૂષો તો જો કાર્યનો આરંભ કરે, તો તે કાર્યમાં એક વિઘ્ન પછી બીજો, એવીરાતે પરંપરાએ વિઘ્નો આવ્યાં કરે, છતાં કાર્યને પડતું મૂકતા નથી

एकोऽहमसहायोऽहं कृशोऽहमपरिच्छदः
स्वप्नेऽप्येवंविधा चिन्ता मृगेन्द्रस्य न जायते ।

અર્થાત્ આવા પુરૂષસિંહને હું એક છું, હું અસાહ્ય છું, હું દુર્બલ છું, હું પરિવારહીન છુ, એ પ્રકારની સ્વપ્નમાં પણ ચિંતા થતી નથી.

પોતાની મહત્વાકાંક્ષા તૃપ્ત કરી શકે, એવી રાજ્યમાં તરેહવાર ખટપટો જાગે છે, એવા આ જગત્માં વિધવિધ બનાવો બને છે, છતાં ભૂદેવ હાથ ધરેલ એકજ કાયની પછવાડે ખંત અને ઉત્સાહથી મંડયો પડયો છે, કારણકે બીજા બનતા ખટપટી બનાવો તેને સાદા લાગ્યા. તે બનાવોનુ કોકડું તેને એટલું ગુંચવણ ભર્યું લાગ્યુ નહીં ભૂદેવ જે ખટપટ અને પ્રપંચ ઉઘાડાં પાડવા યત્નશીલ રહ્યો છે, તે પ્રપંચનાટકના પાત્રો અનેક છે પ્રાય. આ પ્રપંચના ભોગ માત્ર નંદલાલ શેઠ અને મહાત્મા શાંતિરામ દેખાય છે. પરંતુ તેના મૂળ બહુ ઉંડા ઉતર્યા છે. જેમ ભૂદેવે હાથ ધરેલ કાર્યમાં, પ્રપંચના ભોગ થનારા સામાન્ય પુરૂષો નથી, તેમ પ્રપંચ કરનારા પણ કૌતક જેવા સામાન્ય પુરૂષો નથી. અહીં મહારાજા દુર્બલસિંહના લોહીના સંબંધથી મહારાજાના સગા ભાઇની આગેવાની સ્વીકારતી ટોળી. જેમ નંદલાલ અને શાંતિરામના લોહીની તરસી છે, તેમ તે ટોળીના નાયક હમીરને પોતાની વૈરાગ્નિમાં મહારાજા દુર્બલસિંહની રાણીને ભસ્મ કરવાની છે. કોટયાધીશ નંદલાલ શેઠના ઘરમાં સડો પણ ઓછો નથી આ વખતે તો નંદલાલ શેઠની દીકરી પણ શાંતિરામના લોહીની તરસી થઇ છે, અને તે માટે તે પોતાના પ્રિયતમ કોટવાલને, શાંતિરામને કોઇ પણ ઉપાયે સપડાવવા ઉશ્કેરે છે. તે ઉપરાંત આ પ્રપંચનાટક સાથે બીજી પણ કેટલીક એવી નાની નાની બાબતો જોડાયલી છે, કે જેથી કોકડું એવું ગુચવાઇ ગયું છે, કે ભૂદેવ જેવા મહત્વાકાંક્ષી પુરૂષને આનાથી વધુ ગુચવણ ભરેલું કોકડું ભાગ્યેજ હાથ આવત

See first that the design is wise and just,
That ascertained, pursue it resolutely,
Do not for one repulse forego the purpose,
That you resolved to effect. (Shakespeare)

એક ઠેકાણે શેકસપીઅર જણાવે છે, કે પ્રથમ જોવું કે આપણે જે સંકલ્પ કર્યો છે તે ડહાપણ ભરેલો અને ન્યાયી છે. આ બાબતનો નિશ્ચય કર્યો, એટલે દ્રઢતાથી તે સંકલ્પ સાધવા માટે મંડયા રહેવું. કાર્યમાં કદાચ વિઘ્ન નડે, તોપણ દ્રઢ સંકલ્પ કરી, હાથ ધરેલ કાર્ય પડતું મૂકવું નહી.

ભૂદેવે પોતાના કાર્યની સિદ્ધિ અર્થે હિમ્મતગીરને ગુમાનની ટોળીમા સામેલ કર્યો, અને તેની મારફત તે ટોળીની દરેક હીલચાલની બાતમી તે મેળવતો રહ્યો. તે આપણે આગળ જોઇ ગયા છે મે મંજુલાની પ્રિય દાસી નિક્ષેપાના પતિને તેણે અંતક સન્નિપાતજ્વરની કષ્ટસાધ્ય વ્યાધિમાંથી બચાવ્યો હતો, એટલે તેના ઉપકાર તળે દબાયલી નિક્ષેપા, તેને નંદલાલ શેઠના ઘરની બારીકનાં બારીક હકીકતો પણ પૂરી પાડતી. આટલી વિગતો એકત્ર કરવા ઉપરાંત, તે પોતે પણ કોઇક વખત પ્રસગાનુસાર વેષ બદલી, પોતાના વ્યાપારની કોઇને પણ ખબર ન પડે તેવી રીતે, પોતાના કાર્યમાં ઉપયોગી થઇ પડે એવી સર્વે ખબર મેળવતો, અને પ્રપંચીઓના દરેક વ્યાપારનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતો.

ભૂદેવને નિક્ષેપા મારફત ખબર મળી હતી, કે કુલટા મંજુલા મહાત્મા શાંતિરામ પાસે તેનો છલ કરવામાં ફાવી નહીં, એટલે તે પોતાના પ્રિયતમ કોટવાલને શાંતિરામ સંબંધી ઉધુંચ-તું સમજાવી, તેને શાંતિરામ વિરૂદ્ધ ઉશ્કેરી, કોટવાલદ્વારા મહાત્મા શાંતિરામનું કાટલું કાઢી નાંખવાની પેરવીમાં છે. તે ઉપરાંત નિક્ષેપા મારફત તેમજ ખાનગી તપાસથી. મંજુલાએ ભદ્રાદેવીથી પાછા ફર્યા પછી ભદ્રાદેવીમાં બનેલા બનાવોનો તમામ દોષ સુમતિપર ઢોળી પાડી વસંત મારફત તેને અસહ્ય દુઃખો અપાવવા કેવા ઢોંગ કર્યા હતા, કૈતક જોશી શેઠાણી અને મંજુલા સાથે તેમાં કેવી રીતે સામેલ રહ્યો હતો, અને તેને પરિણામે બીચારી ગરીબ ગાય જેવી નિર્દોષ સાધ્વી સુમતિપર જે કમકમાટી ઉપજાવે એવા જુલમ ગુજારવામાં આવે છે, તે સર્વે તેના જાણવામાં આવ્યું હતું. બીજી બાજુ હિમ્મતગીર મારફત તેના જાણવામાં આવ્યું, કે ભદ્રાદેવીમાં મંજુલા પાસેથી ગુમાનની ટોળીમાંના ગરૂડદાસ અને મકુન્દિલાં-

કરે લૂટેલું ઝવેરાત તેઓએ જે ઠેકાણે છૂપાવેલું છે ત્યાંજ તે થોડો વખત રહેવા દેવાનો ગુનાનની ટોળીએ ઠરાવ કર્યો છે, અને નંદલાલ શેઠનું નિકંદન કાઢવા માટે, તેઓએ વિષયલંપટ વસંતને અનંતલાલ મારફત હાથમાં લઇ, કપટકળાને મહારાજા દુર્બલસિંહે જૂદી રાખેલી અને એક વખત હમીરની પ્રિયતમા બનેલી રાણી પાસે યુક્તિથી મોકલી, કપટકળા મારફત રાણી અને વસંતનો મેલાપ કરાવવો, અને પછી તેમનો ફજેતો કરાવવો, એટલે પરિણામે નંદલાલ શેઠ અને વસંતનું અલ્પ શ્રમે નિકંદન નીકળે, અને ટાઢા પાણીએ ખસ જાય. એવી રીતે પ્રપંચનાં મૂળ ઉંડાં રોપ્યાં છે.

પ્રપંચજાલ હવે પૂરી પથરાઇ ગઇ છે. આ જાળમાં ભોગ બનનારી વ્યક્તિઓને કેવી રીતે બચાવવી, તે ભૂદેવને એક મહાન્ પ્રશ્ન થઇ પડયો, અને પોતે કિંકર્તવ્ય મૂઢ બન્યો. પોતાને જે વિચાર આવતા, તે દરેક વિચારને તે વિવેકરૂપી કાંટાના લાભાલાભ ત્રાજવામાં તોલવા લાગ્યો, પરંતુ લાભસિદ્ધિ કરાવનાર કોઇપણ વિચાર તેને હાથ આવ્યો નહીં. આખરે તેને બે વિચારોને ત્વરાથી આચારમાં મૂકવાની આવશ્યકતા જણાઇ, (૧) નંદલાલ શેઠના ઘરમાં જે સડો છે, તેનાથી તેને જાણીતો કરવો અને (૨) ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરે છૂપાવેલું ઝવેરાત જેમ બને તેમ ઉતાવળથી હાથ કરવું. પેહેલા વિચારને આચારમાં મૂકવાથી પ્રપંચજાળમાં ભોગ બનનારી વ્યક્તિઓનો ઉદ્ધાર થાય, એ આશા તો તેને થોડીજ હતી, પરંતુ તેથી આટલો લાભ તો જરૂર થવાનોજ કે તેથી દુઃખમાં રીબાતી સુમતિના દુઃખભારમાં કાંઇક ઘટાડો થશે, એમ તેણે નિશ્ચયપૂર્વક માન્યું, પરંતુ પોતે હાથ ધરેલ કાર્યની સફળતા માટે બીજા વિચારને અતિત્વરાથી આચારમાં મૂકવાની, અને મુદ્દા માલ હસ્તગત કરવાની તેણે જેટલી આવશ્યતા જોઇ, તેટલી આવશ્યક્તા પ્રથમ વિચારને આચારમાં મૂકવાની જોઇ નહીં, તે છતાં તેણે નંદલાલ શેઠને એક નનામો પત્ર લખી નાંખ્યો આ પત્રમાં તેણે તેના ઘરમાં જે સડો ઘુસ્યો છે, મંજુલા જે છળ કપટમાં મચી રહી છે, મંજુલાના હાથમાં રમકડું બનેલ વિષયી વસંત મંજુલાને તેની નીચતામાં વગર વિચારે અને વગર સમજે જે ઉતેજન

આપે છે, અને મોજ વિલાસમાં નંદલાલ શેઠના પૈસાને કાંકરા પેઠે વેરે છે, તે બન્નેની નીચતાને પરિણામે અને શેઠાણીની મૂર્ખતાથી સાધ્વી, શિયળવતી, સદ્‌ગુણની ભંડાર સતી સુમતિ પર જે દુઃસહ્ય ત્રાસ વર્તાવવામાં આવે છે, તે સર્વે હકીકત સવિસ્તર જણાવી. અધમ મંજુલાએ શાંતિરામનો જે છલ કર્યો હતો તેમાં તે ફાવી નથી, એ વાત પણ પત્રમાં જણાવી દીધી અને છેલ્લે તે પત્રમાં ભૂદેવે નંદલાલ શેઠને શાંતિરામ જેવા પૂર્ણયોગી ઇન્દ્રિયનિગ્રહી અને સંયમી મહાત્માના સમાગમનો જે અપૂર્વ લાભ પ્રાપ્ત થયો છે, તે માટે તેને અભિનંદન આપ્યું.

સમય સાયંકાળનો છે. અંધકાર પોતાની સત્તા હાથમાં લેવા ઉદ્યત થાય, તે પહેલા બાગ બગીચામાં વ્યાયામ અને દેવ દર્શન કરવા ગયેલો જન સમૂહ પોતાને ઘેર પાછો ફરવા લાગ્યો છે, અને વૃક્ષોનો આશ્રય શોધતો પક્ષીગણ, જાણે પોતાનો કોઇ સજાતીય પક્ષી રહી તો નથી ગયો, તે જાણવા માટે પરસ્પર પૂછપરછ કરતો હોય તવો કોલાહલ મચાવી રહ્યો છે. ગાયો, ભેંસો વગેરે પશુઓ, વનમાં સ્વેચ્છાનુસાર, આહાર વિહાર કરી, પોતાના વત્સો જોવાની ઉત્સુકતામાં કર્ણ અને પુચ્છ ઉભાં કરી, “અમે આવીએ છીએ” એ પ્રમાણે જાણે તેમને ખબર પહોંચાડતાં હોય, તેવી રીતે સાંકેતિક બુમ બરાડા મારે છે. “અમે અમારી બહાદુરીથી અમારા રક્ષણ તળે મૂકાયલા પશુઓને હિંસક પ્રાણીઓથી કોઇ પણ રીતે હાનિ પહોંચાડવા દીધી નથી.” એ પ્રકારના ગર્વમાં જાણે ગોવાળો આવી ગયા હોય, તેમ તેઓ પોતાની લાકડીને બન્ને સ્કંધપર રાખી, પોતાના બન્ને હાથ તેપર ગ્રન્થી આકારે “હે હો!” “હે હો!” શબ્દની નિર્ભયતા સૂચક ધ્વનિ કરતા, પોતાના પશુઓના યુથની પછવાડે મલકાતા મલકાતા શહેર તરફ પાછા ફરે છે. કૃષિકારો પોતાનાં હળ, કોદાળી, વગેરે કૃષિનાં સાધનો, સ્થાનકે સાચવી રાખી, બળદોને કૃષિકાર્યથી મુક્ત કરી, તેમને ઘર તરફ જવા દે છે, અને પોતે તેમની પછવાડે પછવાડે ચાલ્યા જાય છે. ભુદેવે આ સમયે, ગરૂડદાસ અને પ્રવૃત્તિશંકરે જે સ્થળે ઝવેરાત છુપાવી રાખ્યું છે, તે સ્થળ ચોક્કસ જોઇ આવવા, જાડેશ્વર મહાદેવના મંદિરની ધર્મશાળામાં હિમ્મતગીરને મળવા જે સંકેત કર્યો

છે, તે સંકેત પ્રમાણે જાડેશ્વર મહાદેવના દર્શન કરી, તે હિમ્મતગીરની રાહ જોયા કરે છે.

એક દિવસ હિમ્મતગીર પ્રવૃત્તિશંકર અને ગરૂડદાસ ત્રણે જણ ગુમાનને ઘેર એકાંતમાં બેઠા હતા ગુમાન ઘર કામમાં રોકાયલો હતો સમય રાત્રિનો હતો દિવસના પરિશ્રમથી હિમ્મતગીર થાકી ગયો હતો. એટલે તેનાથી ત્યાં બેસી શકાયુ નહતુ. તેથી તે પાસે પડેલા ખાટલા ઉપર આડે પડખે પડ્યો હતો થાકને લીધે હિમ્મતગીરની આંખ મીચાઇ ગઇ હતી છતાં તે અધનિદ્રિત અને અધજાગ્રત હતો પ્રવૃત્તિશંકર અને ગરૂડદાસ હિમ્મતગીરને ઉંઘી ગયેલો જાણી પોતપોતાવચ્ચે પોતે ઝવેરાત કયાં દાટી રાખ્યુ હતુ. તે સબંધી વાતો કરવા લાગ્યા હતા હિમ્મતગીરે તેમની તે વાત અથેતિ સાંભળી લીધી હતી, એટલે તેણે જે ઠેકાણે ઝવેરાત દાટેલુ હતુ, તે જગાની ચોક્કસ એંધાણી ધ્યાનમાં રાખી હતી. આજે સાંયકાળે સૂર્યાસ્તની પેહેલાં આ એંધાણી ચોક્કસ લક્ષમાં રાખવા, હિમ્મતગીર અને ભુદેવે સંકેત કર્યો હતો, અને તે સંકેતાનુસાર ભૂદેવ હિમ્મતગીરની જાડેશ્વર મહાદેવના મંદિરની ધર્મશાળામાં રાહ જુએ છે.

ભૂદેવ જરા નિયત સમયની પેહેલા ત્યાં ગયો હતો એટલે તેને હિમ્મતગીરની થોડીવાર રાહ જોવી પડી હતી. હિમ્મતગીર બરાબર નિયત સમયેજ ત્યાં આવી પહોંચ્યો બન્નેજણ ધર્મશાળાના એકાંત ભાગમાં મળ્યા ઝવેરાત છૂપાવવાની જગા જાડેશ્વર મહાદેવના મંદિરથી બહુ દૂર ન હતી. ધર્મશાળાની ખુલ્લી અગાશીમાંથી જેટલા સુધી, જોવાઇ શકાય તેટલી મર્યાદામાંજ તે સ્થાન હતું, એટલે હિમ્મતગીર અને ભૂદેવ બન્ને અગાશીમાં ગયા, અને અગાશીમાંથી જે તાડના ઝાડથી સાત ડગલાં દૂર ઝવેરાત છુપાવવાનું સ્થળ હતું, તે તાડનુ ઝાડ હિમ્મતગીરે ભૂદેવને બતાવ્યું, અને પોતે ત્યાં જઇ, જગાની એંધાણુ ચોકકસ કરી આવે ત્યાંસુધી, તેને ત્યાંજ રહેવા ભલામણુ કરી, પોતે તે એધાણુ ચોકકસ કરવા ગયો. થોડીજ વારમાં હિમ્મતગીર એંધાણ ચોકકસ કરી ભૂદેવને ફરી મળ્યો, અને પ્રસ્તુત વિષયપર થોડી વાતચિત્ત કરી, મધ્ય રાત્રિએ પુનઃ તાડપાસે એકત્ર થવા સંકેત કર્યો.

ભૂદેવ અને હિમ્મતગીરે નિયત કરેલો આ સમય પણ આવી પહોંચ્યો સ્વાશ્રયી ઉદ્યમી જનોએ. પ્રમાણિકતાથી દવસે પ્રસ્વેદથી રોટલો પેદા કરવા શ્રમ કરતાં તેઓ શ્રાન્ત થયેલા હોવાથી, તે વખતે ઘોર નિદ્રામાં ઘોરે છે. આ વખતે ચોર લૂટારા, વગેરેનાં કાળાં કૃત્યોને અને અતિ ગુપ્તતાથી કરવાનાં કાર્યોને અનુમોદતી હોય, વ્યાઘ્ર, સિંહ, વરૂ વગેરે હિંસક અને ભયાનક પ્રાણીઓનો જાણે આદર કરતી હોય. તેવી રીતે આ મધ્યરાત્રિએ શ્યામ વસ્ત્રોથી સજ્જીત થઇ કરી પોતાનુ ભયાનક રૂપ ધારણ કર્યું છે આ વખતે નિર્જન વનમાં એક તાડના ઝાડથી સાતેક ડગલાં દૂર ભૂદેવ ઉભો છે, અને હિમ્મતગીર ખાડો ખોદે છે

" મહારાજ ! લ્યો આ ઝવેરાતનું પોટકુ. આપને યોગ્ય લાગે તેવી હવે તેની વ્યવસ્થા કરો." હિમ્મતગિરે ભૂદેવને કહ્યું.

" હવે કોઇને શક ન આવે, તેવી રીતે આ ખાડો પૂરી નાંખ આપણે આજે જાડેશ્વરના મંદિરમાંજ પડયા રહીશુ ત્યાં હુ એક સાધુબાવા સાથે ગોઠવણ કરી આવ્યો છુ. હુ રોજ સાંજના જાડેશ્વરના દર્શન કરવા આવું છું, એટલે તે સાધુ મહારાજ મારા પરિચયના છે પોહોફાટતાજ તુ તારે ઘેર એક દિશાથી જજે અને હું આ ઝવેરાત લઈ બીજી દિશાથી મારે ઘેર જઇશ મધ્ય રાત્રિએ ઝવેરાત સાથે ઘેર જવામાં કાંઇ વિઘ્ન આવવાનો સભવ છે." ભૂદેવે હિમ્મતગીરને કહ્યુ

હિમ્મતગીરે ભૂદેવના કહ્યા પ્રમાણે ખાડો પૂરી નાંખ્યો, અને ત્યાર પછી બન્નેજણ જાડેશ્વરના મંદિરે ગયા ભૂદેવના પરિચયના સાધુએ સાકળનો જરાક ખખડાટ થતા " તેઓ કોણ છે " તે પૂછી જોયું. જવાબમા સાધુએ ભૂદેવનો પરિચિત શબ્દ સાંભળતાં, તરત તે બન્નેને અંદર દાખલ કર્યા, એટલે હિમ્મતગીર અને ભૂદેવે રાત્રિનો દોઢ પ્રહર ત્યાંજ કાઢયો.

પ્રકરણ ૨૨ મું.

શાંતિરામનો ઉદ્વેગ.

विसमलमशनाय स्वादुपानाय तोयम
शयनमवनिपृष्ठे वल्कले वाससी च ।
नवधनमधुपानभ्रान्तसर्वेन्द्रियाणा
मविनयमनुमन्तुं नोत्सहे दुर्जनानाम ॥ भर्तृहरिः ॥ *

મંજુલાએ શાંતિપ્રિય શાન્તિરામનો જે છલ કર્યો, તેથી તેના હૃદયપર બહુ આઘાત થયો સમારી વિષયોમાં તેને કોઇપણ જાતનો રાગ ન હતો-તેમાં તેને કોઈપણ જાતની આસક્તિ ન હતી. માત્ર તે દૃષ્ટા, પ્રેક્ષક, કે સાક્ષીજ હતો, તે છતાં પણ જગતને આચ્છાદન કરનાર માયાએ તેને પોતાના પાશમાં સપડાવવા પ્રયાસ કર્યો. આ વખતે તો માયા ઠગાઇ, પણ ભવિષ્યમાં જગતને મૃગતૃષ્ણા જેવી ખોટી લાલચો બતાવી છેતરનાર માયા, પોતાને ફરી પોતાના પાશમાં ફસાવવા અવશ્ય પ્રયત્ન કરવાની, અને તેમાં તેને નિષ્ફળતા મળી, તો તેને કોઈ વિપત્તિના વાદળમાં નિશ્ચયપૂર્વક ઘેરવાની, એ મહાત્મા શાંતિરામ સારી પેઠે સમજતા હતા આ કારણને લીધે તેમણે જેમ બને તેમ ત્વરાથી, નંદલાલ શેઠનું ઘર છોડી જવા, મન સાથે વિચાર કર્યો.

---

* ભોજન માટે ફળ મળે, પીવા માટે સ્વાદિષ્ટ જળ મળે, પૃથ્વી ઉપર પડી રહેવાનું મળે, અને પહેરવા માટે વસ્ત્રને બદલે વલ્કલ મળે, તો પણ તે બસ છે; પરંતુ ધનના મદનું પાન કરવાથી, જેમની ઇન્દ્રિયો ભ્રમિત થયેલી છે, એવા દુર્જનોનો અવિનય સહન કરવાનો તો અમારો ઉત્સાહ થતો નથી.

एतस्माद्विरमेन्द्रियार्थगहनादायामकादाश्रय
श्रेयोमार्गमशेषदुःखशमनव्यापारदक्षं क्षणात् ।
शान्तं भावमुपैहि संत्यज निजां कल्लोललोलां गतिम
मा भूयो भज भंगुरां भवरतिं चेतः प्रसीदाधुना ॥

॥ भर्तृहरिः ॥

હે ચિત્ત! નિરંતર દુઃખ દેનાર આ ઇન્દ્રિયસુખરૂપી વનમાંથી પાછું ફર અને શ્રેયના માર્ગરૂપ અને અશેષ દુઃખની શાંતિ કરનાર શાંત ભાવનો એક ક્ષણવાર અંગીકાર કર; જલતરંગ જેવી ચંચળ બુદ્ધિનો ત્યાગ કર, અને ક્ષણભંગુર સંસારની પ્રીતિ મૂકી, પ્રસન્ન થા.

શાંતિરામે જ્યારે કર્માદેવી તરફથી સીતા, અરૂંધતી, કે સાવિત્રી જેવી સતી સુમતિની દુર્દશાનું વૃત્તાંત સાંભળ્યું, ત્યારે તેણે પોતે કરેલા વિચારને આચારમાં મૂકવા દૃઢ સંકલ્પ કર્યો.

"માતાજી! હજી સંસાર જેવો છે?" શાંતિરામે કર્માદેવીનું મન જાણવા પ્રશ્ન કર્યો.

"હું તો હવે પૂર્ણ ધરાઇ ગઇ છું. અહીં પ્રવર્તતો પાપાચાર મારાથી જોઇ શકતો નથી, અને અહીં રહેવાથી એ પાપના ભાગીદાર આપણે પણ થઇએ છેએ, માટે, આપણે અહીંથી વેળાસર નીકળી જઇએ તો સારૂં ભાઇ શાન્તિરામજી! સુમતિને જે અસહ્ય દુ:ખ આપવામાં આવે છે, અને તેણીને જે અનેક જાતની સતત્ વિટંબણાઓ ભોગવવી પડે છે, જે આપને મેં સવિસ્તર જણાવી છે, તે જોતાં સુમતિનું ધૈર્ય ખરેજ અડગ અને પ્રશંસનીય કહેવાય! સુમતિ! ધન્ય છે તારી સહન શક્તિને કે તું આટલી નાની વયમાં આટલાં આટલાં દુ:ખો સહન કરી શકે છે! મહારાજ! સુમતિને જે ડહામ આપવામાં આવ્યાં છે, તેથી તેણીનું સ્વરૂપ પણ ઓળખી શકાતું નથી ધનવાનની લાડકી એકની એક અને અનેક વૈભવોમાં ઉછરેલી દીકરી સુમતિ, જે નંદલાલ શેઠને

ઘેર અનેક આશાની ઉર્મિઓ નર નાચતી હર્ષઘેલી થઇ આવી હશે, તેજ સુમતિને આજે અપાર દુઃખનાં ઓઘ ઓળગવાં પડે છે, છતાં તે પોતાની વિપત્તિઓ બીજાને જણાવી નથી, અને મુંગે મોઢે અડગ ધૈર્યથી ઇશ્વરપર ભરોસો રાખી સહન કરતી આવે છે, એ આટલી નાની વયની અબલા માટે ઓછું અભિનંદનીય છે? પણ મહારાજ! આપણે તો અહીંના વૈભવોથી જરા ઘેરાયા તો ખરા! જો એમ ન હોય, તો સુખ કે દુઃખ આપણને શું? આપણે તો તીર્થાટન કરતાં રહેવું, અને આનંદ કિંવા ખેદમાં સમ રહી, આપણા બાકીના દિવસો નિર્ગમન કરવા જોઇએ. પરંતુ અહીં જોઉં છુ, ત્યારે મને એમ લાગે છે, કે આપણી અંતર્વૃત્તિ અવિશ્વાસુ બની છે! આપણને આ વૈભવનું સ્થળ મૂકતાં, એમ સ્વભાવિક રીતે થાય જ કે હવે આપણુ શું થશે? ક્ષમા કરજો, મહારાજ! જો હું અધિક બોલી હોઉ તો!" કર્માદેવીએ આવેશમાં જણાવ્યું

"માતાજી! કામ, ક્રોધ, લોભ મોહાદિ વિષયોથી નિવૃત્ત ગયેલા માટે આપે જે આક્ષેપ કર્યા છે, તે અસ્થાને છે શુ આપની પાસે કે મારી પાસે નિર્વાહના સાધનો ન હતાં, કે આપણે આ પ્રમાણે યથેચ્છ પૃથ્વીની પ્રદિક્ષણા કરવા બહાર પડયાં? આપણે જે પ્રવાસે નિકળ્યા છૈએ, તે માત્ર દ્રષ્ટા અને સાક્ષી તરીકે જ, તે આપથી કયા અજાણ્યું છે? આપણને તો આ અસાર સંસારથી વ્યતિરિક્ત, અસંગ અને શુચિ રહી, સંસાર જોવો છે.

अत्यंतमलिनो देहो देहीचात्यंतनिर्मलः ।
असंगोऽहमिति ज्ञात्वा शौचमेतत्मचक्षते ॥ शंकराचार्यः ॥

આ શરીર અત્યંત મલિન છે, અને આત્મા અત્યંત નિર્મલ છે, અને હું અસંગ છું, એમ જાણી સ્થિત રહેવું તે શૌચ કહેવાય છે.

अतीतानागतं किंचिन्नस्मरामि न चिन्तये
रागद्वेषविना प्राप्तं भुंजाम्यत्रशुभाशुभम् ॥ शंकराचार्यः ॥

ભૂત અને ભવિષ્ય વિષે હું કાંઇ પણ ચિંતન કરતો નથી અને જે કાંઇ શુભાશુભ રાગ દ્વેષ વિના પ્રાપ્ત થાય છે, તે હું ભોગવું છું

મહાત્માઓ ભજન કોનું કરે છે, તે સબંધી એક મહાત્માએ કહ્યું છે કે.—

देहो देवालयो प्रोक्तो देहे देवो निरंजनः
अर्चितः सर्वभावेन स्वानुभूत्या विराजते ॥

આ દેહ છે, તેજ દેવાલય છે, અને દેહમાં આત્મા રૂપ નિરંજન દેવ રહેલા, તે દેવની સર્વભાવથી પૂજા વીધિ થયા કરે છે, અને તે દેવ પોતે જ સ્વાનુભવથી વિરાજમાન છે.

તેવીજ રીતે આપણે પણ આપણાં અવશેષ કર્મોનો ક્ષય થાય ત્યાંસુધી, સંસારમાં પર્યટન કરવું છે. માતાજી! જો આપ પણ નંદલાલ શેઠના ઘરના વૈભવો ભોગવતાં ધરાયા હો, તો હું પણ તેવીજ રીતે પુરનો ધરાયો છું. મને જે ચિંતા છે, તે એટલીજ, કે આપનું સ્ત્રી શરીર છે, અને અદ્યાપિ પર્યન્ત તો આપણે માત્ર નંદલાલ શેઠનું જ ઘર જોયું છે; તો તેથી આગળ વધી આપણે હવે આપણા પ્રવાસનું ચક્ર કયી દિશાએ ફેરવવું? આ સંસારમાં તો આપણે જ્યાં જશું ત્યાં, "આ મારૂં, અને આ તારૂ," "ફલાણાને મારો, અને "ફલાણાનો ઉદ્ધાર કરો," આ પ્રકારની વિધવિધ વ્યવહારના કુંડમાં, ઇર્ષ્યા, અસૂયા, રાગ, દ્વેષ વગેરે સમિધથી નિંદારૂપી ઘૃતની આહુતિ અપાતી અને સદાચારનો હોમ અપાતો જોવામાં આવશે પ્રકૃતિ વા માયા સંસારના બંધનમાં બંધાયલા જીવોને, મૃગજલના જેવી તૃષ્ણા તૃપ્ત કરાવવાની આશામાં અને આશામાં, પુનઃપુનઃ આ કુંભીપાકમાં પાડયા કરે છે.

વંધ્યાપુત્ર વિયોગતેં, માનત હય દુઃખ જોન,
બારવાર પચી પચી મરત, કુંભીપાકમેં તોન.

હથુઆ નરેશ

આપણે તો નિવૃત્તિપરાયણ થયા છીએ, એટલે આપણને તો સુખદુ:ખ સર્વે સમાન છે. અને જ્યાં બેઠા, ત્યાં રામે રામ. અલબત, આટલી વાત ખરી છે કે આ મહા ઉપાધિઓમાં આપણું હવે વધુ વખત સુધી રહેવું, કોઇપણ રીતે ઇષ્ટ નથી. અહીંની ઉપાધિઓમાં આપણે પણ શનૈ: શનૈ: બંધાતાં જઈએ છીએ પરંતુ નંદલાલ શેઠ જેઓ પોતે એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે, તેમજ બુદ્ધિશાલી, વિવેકી અને આપણા જેવા પ્રવાસી જનોની આગતાસ્વાગતા કરવામાં અપૂર્વ પ્રેમ અને શ્રદ્ધા ધરાવે છે. તેમના મનને આપણા જવાથી જેમ અપાર ખેદ થશે, તેમ તેમની સાથે આપણો પણ આટલો લાંબો સહવાસ નિષ્ફળ થશે, તેથી આપણે તેમને આપણા જવાથી કોઇ પણ તરેહનું દુ:ખ ન થાય એ પ્રમાણે તેમને શાંતિ આપી, પછી જવું વાસ્તવિક ગણાશે. માતાજી! આપ પોતે પણ જાણો છો, કે હાલ નંદલાલ શેઠને શારીરિક અને માનસિક બન્ને જાતનાં દુ:ખ અને ત્રાસ પજવી રહ્યાં છે. તેવા વખતમાં આપણે સાહસ કરી ચાલ્યા જશું, તો નંદલાલ શેઠના દુ:ખમાં વૃદ્ધિ થશે, એટલે હાલ તો આપણું એજ કર્તવ્ય છે, કે તેમને મનાવવું."

કર્માદેવી અને શાંતિરામ ભટ્ટ વચ્ચે આ પ્રમાણે વાર્તાલાપ ચાલતો હતો, તેજ વખતે નંદલાલ શેઠ પણ પોતાનાં કાર્યોમાંથી પરવારી, ત્યાં આવી પહોંચ્યા. મા દિકરા બન્નેના મુખપર નિરાશા, ઉદાસી, અને ઉદ્વેગની છાયા પ્રત્યક્ષ દેખાતી હતી, તેથી નંદલાલ શેઠના હૃદયમાં અણચિંતવ્યો આઘાત થયો "મારા પર જે વિપત્તિનાં વાદળો ઘેરાયાં છે અને અનેક પ્રકારની ઉપાધિઓમાં હું સપડાયો છું, તેથી આ મહાત્માઓ તો કંટાળેલા નથી? અમારા સહવાસનું વિપરીત પરિણામ આ મહાત્માઓને તો નથી થયું? જો એમ હોય તો તે ખરેખર, દુર્દૈવની વાત કહેવાય," આ પ્રકારના તેમના મનમાં તર્ક વિતર્ક થવા લાગ્યા.

મહારાજ! જો કે આ અધમ પ્રાણી દ્રવ્યથી પુલેલો છે, પરંતુ પૂર્વ જન્મનાં દુષ્કર્મો અથવા આધુનિક વર્ત્તમાન કર્મોથી તો આ પામર

પ્રાણી, શુષ્ક હાડપિંજર રૂપજ છે, એમ માનો. કેવળ આપ જેવા મહાત્માઓના સંસર્ગથી મને કાંઇક માનસિક શાંતિ મલી શકે છે. અમારા જેવા ઉપાધિઓમાં ઘેરાયલા ગ્રહસ્થોને ચિંતા ઉદ્વેગ વગેરે સંભવે; પણ આપ તો વિરક્ત છો. વ્યવહારથી આપ અસંગ છો, છતાં પણ આપના મુખપર જે ઉદાસી છવાઈ છે, તે ઉપરથી મારા જેવા અલ્પજ્ઞને સ્વાભાવિક શકા થાય, કે જ્ઞાનીઓને પણ ચિંતા અને ઉદ્વેગ થતાં હશે? હું વ્યવહારિક કેટલી ઉપાધિઓમાં ઘેરાયલો છું તે આપથી કયાં અજાણ્યુ છે? છતાં પણ હું તેમને ગણકારતો પણ નથી. આપનાં અને માતુશ્રી કર્માદેવીના મુખની મ્લાનતા જોઇ, જે શાંતિ મેળવવાની આશાએ હું આપની પાસે આવ્યો છું, તેમાં હુ નિરાશ થયો છુ. મહારાજ! આપની વ્યગ્રતાનું કારણ મને જણાવશો, તો તે દૂર કરવા આ સેવકથી જે ઉપાય કરાશે, તે કરવા હું આપનાં ચરણકમલ પાસે હાજર છું," નદલાલ શેઠે વિનયપૂર્વક દ્વીકર જોડી શાંતિરામને નમ્રતાથી જણાવ્યું.

"શેઠજી! જ્યાંસુધી સરજ્યું હતું, ત્યાંસુધી આપને ત્યાં અમે અમારા દિવસ નિર્ગમન કર્યા, અને હજી પણ જેટલા દિવસ આપને ત્યાં અન્નોદક સરજેલાં હશે. તેટલા દિવસ અવશ્ય ભોગવાશે, પણ શેઠજી! આપને ધ્યાનમાં હશે, કે મારી આ માતુશ્રી કર્માદેવી અને મારી પાસે, નિર્વાહના પૂરતા સાધનો હતાં, છતાં પણ અમારા ધનનો સદુપયોગ કરી, અમે આ વેષે સંસાર જોવા નીકળી પડયાં છૈયે; પણ અહીંતો અમે આવી રીતે ઉપાધિઓમાં વધુને વધુ આવૃત થતા જઇએ છૈએ. આ મારાં માતુશ્રી કર્માદેવી ઘરમાં સંપત્તિસપન્ન હતા; પરંતુ મારા અકસ્માતિક સસર્ગથી તેઓએ સર્વ સંપત્તિનો પરિત્યાગ કર્યો, અને કેવલ અંગ ઉપર પૂરતાં વસ્ત્ર રાખી, મારા વચન ઉપર વિશ્વાસ રાખી, ભવિષ્યની જીંદગી પણ મારી સાથે તીર્થાટન કરવામાં અર્પણ કરી છે, તે આપથી અજાણ્યું નથી માતુશ્રીજીનું પણ વય જેમ જુવાન છે, તેમ મારૂં પણ તેજ વય છે; છતાં પણ એમની અને મારી વચ્ચે મા દિકરા જેવો સંબંધ છે, અને અમારી વચ્ચે અમે એકાંતમાં પણ અસિધારાવ્રત પાળતી રહ્યાં છૈએ. શેઠજી! અમે આપના સહવાસમાં જેટલો

વખત રહ્યાં, તે ઉપરથી અમને એમ જોવામાં આવ્યું, કે, અત્રે પણ અમે આ ઉપધિઓના સંગથી મુક્ત રહી શકયા નથી, કારણ કે પ્રકૃતિનો એ સ્વભાવ છે કે તે સદાકાલ સંસારીઓને અનેક તરંગોમાં અને અનેક વાસનાઓમાં ભમાવ્યા કરે છે.

ध्यायतो विषयान्पुंस. संगस्तेषूपजायते
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते । भगवद्गीता

વિષયોના ચિંતનથી વિષયોમાં માણસને સંગ થાય છે; સંગથી કામ નીપજે છે, અને તે કામ (ફળીભૂત ન થવા થી) ક્રોધ ઉપજે છે.

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ भगवद्गीता

ક્રોધથી સંમોહ થાય છે, અને સંમોહથી સ્મૃતિનો ભ્રમ થાય છે, અને સ્મૃતિભ્રમથી તેની બુદ્ધ નાશ પામે છે, અને બુદ્ધિનો નાશ થતાં, તેનો પોતાનોજ વિનાશ થાય છે

अर्जुनउवाच

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरुषः
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजित. ॥ भगवद्गीता

અર્જુન શ્રીકૃષ્ણને પ્રશ્ન કરે છે. કે હે વાર્ષ્ણેય ! મનુષ્યનેઇચ્છા ન હોય છતાં પણ, જાણે તે પરાણે તણાતો હોય તેમ, કોની પ્રેરણાથી તણાઈ તણાઇને પાપનું આરણ કરે છે ?

श्रीभगवानुवाच

काम एष क्रोध एष रजोगुण समुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ भगवद्गीता

જેના જવાબમાં શ્રીકૃષ્ણ જણાવે છે, કે રજોગુણથી ઉત્પન્ન થયેલો કામ એજ પાપનો પ્રેરક છે એજ કામ ક્રોધ (જનક) છે. એ મહા ખાઉધારો અને મહા પાપી છે, તે કામનેજ અહીં (આ લોકમાં) વૈરી જાણ

धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्वेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ भगवद्गीता

જેમ ધુમાડાથી અગ્નિ છવાય છે, મેલથી આરસી લેપાય છે, તથા ઓળથી ગર્ભ ઢંકાય છે, તેમ એનાથી (કામથકી) આ (જગત્) છાયું છે.

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥ भगवद्गीता.

હે કૌંતેય ! જ્ઞાનીના નિત્યના વૈરી અને દુષ્પૂર (કદી પણ જેનુ મો ભરાય નહીં) એવાએ કામ રૂપી અગ્નિએ જ્ઞાનને ઢાંકી દીધું છે.

इंद्रियाणि मनोबुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ भगवद्गीता

ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, એ એના અધિષ્ઠાન (રહેઠાણ) કહેવાય છે, અને તે વડે એ (કામ) જ્ઞાનને ઢાંકીને જીવને મોહ પમાડે છે.

માહારાજા ભર્તૃહરિ જણાવે છે કેઃ—

रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकं
किं वा प्राणसमागमसुखं नैवाधिकं प्रीतये ।
किंतूद्भ्रान्तपतत्पतङ्गपवनव्यालोलदीपांकुर-
च्छायाचञ्चलमाकलय्य सकलं सन्तो वनान्तं गताः

રહેવાને માટે શું રમ્ય મંદિર નથી ? સાંભળવા યોગ્ય ગાયનો પણ શું નથી ? અથવા પ્રીતિમાં પ્રાણથી પણ પ્રિય પ્રિયાના સમાગમનું સુખ પણ શું નથી કે ? સર્વે છે; પરન્તુ ઉદ્ભ્રાન્ત પતંગના પવનથી ચંચળ દીપકની છાયા જેવું તે સર્વે ચંચળ છે, એમ સમજી જ સંતો વનમાં ગયા છે.

શેઠજી હવે તોઃ—

गंगातीरे हिमगिरिशिलाबद्धपद्मासनस्य
ब्रह्मध्यानाभ्यसनविधिना योगनिद्रांगतस्य ।
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र ते निर्विशङ्काः
संप्राप्स्यन्ते जरठहरिणाः शृङ्गकण्डूविनोदम् ॥

ગંગાના તીર ઉપર હિમગિરિની શિલા પર પદ્માસન વાળી, વિધિ પ્રમાણે બ્રહ્મનું ધ્યાન ધરીને યોગ નિદ્રાને પામેલા, એવા અમારા શરીરને નિઃશંક થઇને ઘરડાં હરણાં, પોતાનાં શિગડાં ઘસે, એવી રીતે મારા સુદિવસો જાવ.

स्फुरत्स्फारज्योत्स्नाधवलिततले क्वापि पुलिने
सुखासीनाः शान्तध्वनिषु रजनीषुद्युसरितः ।
भवाभोगोद्विग्नाःशिवशिवशिवेत्यार्त वचसा
कदास्यामाऽऽनन्दोद्गतबहुलबाष्पाप्लुतदृशः ॥

વિસ્તાર પામતી ચંદનીને લીધે, ધવલ થયેલા ગંગાના પુલિનપર, શાન્ત રાત્રિમાં સુખથી બેઠેલા ભવના ભોગ ભોગવ્યાથી ઉદ્વિગ્ન થયેલા, શિવ શિવ અને શિવ એમ આર્ત વચનનું ઉચ્ચારણ કરતા અને આનંદાશ્રુથી વિકળ દૃષ્ટિવાળા એવા અમે કયારે થઇશું ?

શેઠજી ! આપને ત્યાં અમને અનેક પ્રકારની ઉપાધિઓનો એવો અનુભવ થયો છે, કે હવે આપને ત્યાં વિશેષ રહેવું, એ અમારા જેવા વાનપ્રસ્થાશ્રમીઓને માટે હવે યોગ્ય અને શ્રેયસ્કર લાગતું નથી. હવે અમારૂં અત્ર વિશેષ રહેવું, જેમ અમને હવે

ગ્લાનિ ઉપજાવે છે, તેમ આપને પણ ભવિષ્યમાં દુઃખ ઉપજાવશે; તેથી હવે કૃપા કરી આ પંથીજનોને વિશેષ ન રોકતાં, તેમને તેમના માર્ગે જવા દેશો, તો તમારો મોટો ઉપકાર થશે. વરસાદ અને વટેમાર્ગુ કેટલા દિવસ રહી શકે? પરંતુ અમે અત્રેથી જઇએ, તે પેહેલાં આપને મારે આપના ગૃહસ્થાશ્રમના વ્યવહાર સંબધી બે શબ્દ કહેવા છે. પરંતુ વ્યવહારિક નીતિમાં જણાવ્યું છે કેઃ—

सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्नब्रूयात्सत्यमप्रियम् ॥
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥ मनुः ४।१३८॥

અર્થાત્ સત્ય બોલવું, પણ સત્ય, સાંભળનારને પ્રિય લાગે તેવું બોલવું. સત્ય હોય, છતાં અપ્રિય હોય તેવું બોલવું નહીં; તેવીજ રીતે પ્રિય હોય, પણ સત્ય ન હોય, તેવું પણ બોલવું નહીં; આ સનાતન ધર્મ છે આ સિદ્ધાંત સત્ય છે, પરંતુ સત્ય પ્રિય લાગે એટલુંજ કહેવા જતાં, અપ્રિય સત્ય કહેવા જેવું હોય, તે કહેવાનું રહી જાય છે, અને તેથી જ વિષ્ણુશર્માએ પંચતંત્રમાં જણાવ્યું છે કેઃ—

अप्रियाण्यपि पथ्यानि ये वदंति नृणामिह
त एव सुहृदः प्रोक्ता अन्ये स्युर्नामधारकाः ॥

અર્થાત્ મિત્ર તેજ કહેવાય, કે જે સાંભળનારને અપ્રિય લાગે, છતાં પણ હિતકારક વચન કહે; બીજા મિત્રોને નામધારી સમજવા.

सुहृदां हितकामानां यः श्रृणोति न भाषितम् ।
विपत्संनिहता तस्य स नरः शत्रुनंदनः ॥

જે હિત ઇચ્છનાર મિત્રોનું કહેવું સાંભળતો નથી, તેને વિપત્ પાસે આવે છે, અને તેના શત્રુ રાજી થાય છે.

प्रियं वा यदि द्वेष्यं शुभं वा यदिवाऽशुभम् ।
अपृष्टोऽपि हितं यस्य नेच्छेत्पराभवम् ॥

અર્થાત્ જે પુરૂષ પોતાના મિત્રનો પરાભવ ઇચ્છતો ન હોય, તેણે પોતાના મિત્રને પ્રિય લાગો, વા અપ્રિય લાગો, સારૂં લાગો વા નરતું લાગો, તો પણ પૂછ્યા વગર હિત વાકય કહેવુ.

શેઠજી! આપને આપના કૌટુંબિક વ્યવહારના સંબંધમાં જે કહેવું છે, તે જો સવેળા કહીશ નહીં, તો પરિણામ અનિષ્ઠ આવવા સંભવ છે, અને આપને હુ ખહારથી સમાચાર સંભળાવું છું, તો પરિણામે આપને મહા ગ્લાનિ થશે, તેથી વિચારમાં છું."

"શાન્તિરામજી! આપ મારા કૌંટુંબિક વ્યવહાર સંબંધી જે કાંઇ પણ કહેશો, તે મારે મન વેદવાકય છે, એટલે કહેવામા આપ કોઇ પણ તરેહની શંકા કરશો નહીં. જે કહેવું હોય તે સુખેથી કહી દ્યો. આપને મેં એક વખતે મારી ચિંતાઓ અને મારાં-દુઃખો કહી સંભળાવ્યાં હતાં, એ આપને યાદ હશે. આપ તે ઉપરથી જોઇ શકયા હશો, કે જેમ મને કુટુંબમાં શાન્તિનું ઠેકાણું નથી, તેમ હું મારા વ્યાપાર સંબંધી અને બીજી વ્યવહારોની એટલી ઉપાધિઓથી ઘેરાયેલો છું, કે એક ક્ષણ પણ મને શાન્તિ મળી શકતી નથી. મારૂં શારીરિક આરોગ્ય કેવું છે, તે હવે આપથી અજાણ્યું રહ્યું નથી. માત્ર આપના સમાગમથી જ મને કાંઈક શાંતિ મળી શકે છે. આપ જો અહીંથી પધારી જશો, તો મારૂં શાંતિનુ સ્થળ જશે, એટલુંજ નહીં, પરંતુ મારા દુઃખમાં કેટલી વૃદ્ધિ થશે, તેની કલ્પના આપ જ કરી લ્યો. ઉપાધીઓની વચ્ચે રહેવાથી આપની શાંતિમાં ખલલ પહોંચે છે, એમ, આપને લાગતું હોય, તો આપને સંપૂર્ણ નિવૃત્તિ મળે, અને મારી ઉપાધિઓમાંથી કોઇપણ ઉપાધિ આપને નડે નહીં, એવા સ્થાનની વ્યવહસ્થા હું કરી શકું એમ છે. ગમે તેમ હો, પણ શાંતિરામજી! આપના સમાગમનો લાભ હું ખોવા દઇશ નહીં. ઇશ્વર કૃપાથી આપના જેવા મહાત્માનો સમાગમ મને સહજ પ્રાપ્ત થયો છે, જે હું મારા શુભ પ્રારબ્ધનો ઉદય માનું છું, તો તે સમાગમનો લાભ હવે હું ખોવા દઉં એટલો મૂર્ખ હું નહીં બનું." નંદલાલ શેઠે શાન્તિરામને નમ્ર શબ્દોમાં વિનતિ કરી.

'શેઠજી! અમો અપરિચિત પંથીજનો કેવા સ્વભાવના છીએ, કેટલા પ્રમાણિક છીએ, વિશ્વાસ કરવા યોગ્ય છીએ કે નહીં, એ વગેરે વિચાર કર્યા વગર, સાહસ કરીને આપે અમને અપૂર્વ માન આપ્યું છે આખા નગરમાં, આ રાજ્યની હદ્દ સુધી, આપે અમારી કીર્તિ પ્રસરાવી દીધી છે. આપ અમારા તરફ જે પુજ્ય બુદ્ધિ ધરાવો છો, તેમજ આપે અમારો જે સત્કાર કર્યો છે, તેથી અમો પરમ સંતોષ પામ્યા છીએ. પરંતુ આપ જાણોછો, કે અમે બન્ને મા દીકરો કાંઇક અંશે સધન હોવા છતાં, ધનની પરોપકાર અર્થે વ્યવસ્થા કરી, વિરક્ત બની, તીર્થયાત્રાનો મનોરથ કરી, ઘેરથી નીકળ્યાં હતાં, એટલે અમને આપને ત્યાં ભોગવતા સુખ કે આનંદમાં, કાંઇ વિશેષતા જેવું દેખાતું નથી; માત્ર આપના અંતઃકરણમાં અમારા માટે રહેલી સજ્જનતા કે શુદ્ધ ભાવના રૂપ રજ્જુથી, આપે અમારા મન રૂપી હસ્તીને બાંધી રાખ્યો છે. પરંતુ સમયની બલિહારીને લીધે, હવે અમને અહીં વધુ રહેવું ઉચિત લાગતું નથી. આપ કોટયાધીશ છો, લક્ષ્મીના અંકમાં આપ આનંદથી રમી રહ્યા છો. છતાં પણ આપ પોતાને દુઃખી જણાવો છો, તેનું કારણ માત્ર ઉપાધિ છે. જો આપ ઉપાધિથી નિવૃત થાઓ, તો હવે ઉત્તર વયમાં આપના દ્રવ્યથી જે કરવા ઇચ્છો, તે કરી શકો એમ છે પરંતુ વ્યવહાર અને પરમાર્થ બન્નેનો સજાતીય સંબંધ ન હોવાથી, ઉત્તર વયમાં કરવાનું કાર્ય થઇ શકવું, એ પૂર્વ સંચિત શિવાય અશકય છે. આપની કૌટુંબિક સ્થિતિ એવી વિચિત્ર છે, કે જો તેવી સ્થિતિ વધુ વખત રહેવા પામી, તો તેનાં પરિણામ, ભયંકર અને અપાર દુઃખદાયી થશે. આપનો પુત્ર વસંત અતિ દુર્વ્યસની અને દુષ્ટ કાર્યો કરનાર છે. અધમમાં અધમ જેને ઘોર કર્મોની ઉપમા આપી શકાય, તેવા કર્મોમાંથી કોઇકજ કર્મ મંજુલાથી અજાણ્યું હશે. મંજુલા આદિગર્ભ હોવાથી તેનું પોષણ ઘણાજ લાડથી કરવામાં આવ્યુ છે, અને એવી સ્થિતિમાં ઉછરી મોટી થઇ છે, તેથી તેને શુભાશુભનું કે કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી. વિશેષતઃ આપના ઘરમાં મંજુલા અને વસંતના કર્મોથી જે કલેશ રૂપી હુતાશની પ્રગટેલી છે, તેમાં સુમતિનું બલિદાન અપાય છે, અને શેઠાણી આચાર્ય બની, અનુષ્ઠાન કેમ થાય છે, તે જોયા

કરે છે. આ હોલિકાનાં તાપ અને જવાલા, આ વેણીરામ વાળી મેડી સુધી આવી પહોંચ્યાં છે. શેઠજી! આપ પોતેજ વિચાર કરી જુઓ, કે જે પુરૂષ સંસારના કલેશો રૂપી તાપથી તપ્ત થઈ, શાંતિ શોધવા નિવૃત્તિપરાયણ થયા હોય, તમનાથી આ જવાલાનો દાહ સહન કરી શકાય? સંસારથી અમે જેઓ વિરક્ત થયાં છેએ, તેમને વળી કોઇ પણ પ્રકારની ઉપાધિ શામાટે જોઇએ? આપના ઘરમાં પ્રગટેલી હોલિકાની જવાળાથી કદાચ અમે પણ ભસ્મ થઇ જઇએ, એવો અમને ભય રહે છે.

ભરે હય કયા કયા ઉલટ પુલટ કર, કિસીમેં આકર કદમ કિસીકે,
કોઇ કરે હય કિસીકી મિન્નત, કોઇ હય ચૂમે કદમ કિસીકે;
કિસીપેં લુત્ફો, કરમ કિસીકે, કિસીપેં ઝુલમો, સીતમ કિસીકે,
કિસે પડે હયે મીયાં ગરઝ અબ જો, કોઇ ખોલે ભરમ કિસીકે;
ન બાપ બેટે, ન દોસ્ત દુશ્મન, ન આશક ઔર ન સનમ કિસીકે,
અજબ તરેહકી હુઈ ફરાગત, ન કોઇ હમારા, ન હમ કિસીકે ॥ ૧ ॥

ન કોઈ તાલીબ હુવા હમારા, ન હમને દિલસે કિસીકો ચાહા,
ન હમને દેખી ખુશીકી લહેરે, ન દર્દો ગમસે કભી કરારા;
ન હમને બોયા ન હમને કાટા, ન હમને જોતા, ન હમને ગાહા,
ઉઠાઓ દિલસે ભરમકા પરદા, તો ઉસકે ઉઠતેહી, ફેર અહાહા;
ન બાપ બેટે ન દોસ્ત દુશમન, ન આશક ઔર ન સનમ કિસીકે,
અજબ તરેહકી હુઇ ફરાગત, ન કોઇ હમારા ન હમ કિસીકે ॥ ૨ ॥

યેહી બાત કલકી, હુએ જો હમારા, કોથા અપના, કો બીગાના,
કહીંથેં નાતી, કહીંથેં પોતે, કહીંથેં દાદા, કહીંથેં નાના;
કિસીપે ફટકા, કિસીપે કૂટા, કિસીપે પીસા, કિસીને છાના,
ઉઠાઓ દિલસે ભરમકા થાના, તો ફેર જબીસે યેહ હમને જાના;
ન બાપ બેટે ન દોસ્ત દુશ્મન, ન આશક ઔર ન સનમ કિસીકે,
અજબ તરેહકી હુઈ ફરાગત, ન કોઇ હમારા ન હમ કિસીકે ॥ ૩ ॥

"નઝીર"

શેઠજી! આપને ફરી જણાવવું પડે છે, કે આપણી મન ઇન્દ્રિય એવી ચંચલ છે, કે વિષયોમાં તેની પ્રવૃત્તિ થાય છે, કે ત્યાંજ તે તલ્લીન થઈ જાય છે, અને આપણને વધુ અને વધુ સંસારના પાસમાં બાંધે છે અર્જુન શ્રીકૃષ્ણને યથાર્થ કહે છે કે:-

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ भगवद्गीता ॥६॥३४॥

અર્થાત્ હે કૃષ્ણ! મન નક્કી ચંચલ છે, બહુ વેગવાળુ છે, બળવાન અને દૃઢ છે, તેનો નિગ્રહ હું વાયુની પેઠે દુષ્કર માનું છું વિશેષત આપના ઘરમાં જ્યા દુર્જનોની પ્રપંચપ્રવૃત્તિ અમારા જેવા વિરક્તિ શોધનારા સુધી પહોચે છે, ત્યાં "**अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते** હે અર્જુન! અભ્યાસથી અને વૈરાગ્યથી તે મન વશમાં આવે છે.' એ પ્રકારના યોગેશ્વર પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણના બોધ અનુસાર, અભ્યાસ અને વૈરાગ્ય અશકય થઇ પડયાં છે. શેઠજી! આપ પોતે સુજ્ઞ છે, એટલે આ મારા કથનને બહોળા અર્થમાં લેશો, તો મારા કથનનો આશય આપનાથી સહજ સમજાશે.'

"પૂજ્ય મહાત્મા વિશ્વચક્ષુ! મહાત્મા શાંતિરામ! આપના પવિત્ર મુખમાંથી ઝરતા સદ્બોધામૃતનું હું પાન કરવા જેમ વધુ અને વધુ ભાગ્યશાલી બનું છું, તેમ મારી આંતર વૃત્તિ, આપને મારા મુખથી "આપ સુખેથી જાઓ" એમ કહેતાં ના પાડે છે. આપને હુ કહી ચૂકયો છું, કે આપને જ્યાં સંપૂર્ણ નિવૃત્તિ મળે, એવા સ્થાનની હું આપને માટે થોડાજ કાળમાં યોજના કરી દઇશ. ત્યાં આપના મુખથી ઝરતા સદ્બોધામૃતનું પાન કરવા શુદ્ધ અંત.કરણથી ભાવ ધરાવતા હશે, તેમનેજ, આપ તેમાટે જે સમય નિયત કરશો, તે સમયેજ આપની પાસે આવવા દેવામાં આવશે. હું પણ હવે દિવસાનુદિવસ મારી ઉપાધિઓ ન્યૂન કરતો જઇશ, અને પછી મારા દ્રવ્યની આપના સલાહ પ્રમાણે યોગ્ય વ્યવસ્થા કરી, વાનપ્રસ્થાશ્રમી બની, આપની સાથેજ તીર્થાટન કરીશ. આ પ્રકારનો મેં નિશ્ચય કરી મૂકયો છે. હવે જો મારી આ

પ્રતિજ્ઞાનો આપ ભંગ કરવા ઇચ્છા રાખતા હો, તો આપને મારાથી કાંઇ કહી શકાય, એટલો મને અધિકાર નથી જેમ આપે ટુંકમાં બહોળા અર્થનો સાધક ભાવ મને સમશ્યા રૂપે કહી સંભળાવ્યો, તેવીજ રીતે મારા આ કારૂણિક વચનને માન્ય કરી, આપ મને અભય વચન આપશો, એવી હું આપ તથા કર્માદેવી પાસે સાષ્ટાંગદંડવત્ કરી પ્રાર્થના કરૂં છું, વસંત અને મંજુલાના દુષ્ટ કાર્યો સંબંધી આપે જે ઉદ્‌ગારો કાઢયા, તે યથાર્થ છે. તેમનાં કેટલાંક દુષ્કૃત્યો મારા લક્ષ બહાર નથી; પરંતુ તેઓ બન્ને મોટી વયના હોવાથી, તેમજ ફજેતાના ભયથી, હું મનમાં સમજી રહ્યો છું. જ્યારે તેમના કાર્યોથી બહુ કંટાળી જાઉં છું, ત્યારે ઘેર આવ જા થોડી રાખું છું; પરંતુ મારા આ કુકર્મી દીકરા દીકરીએ આપને પણ સતાવ્યા છે, એ જ્યારથી મેં આપના મુખથી શ્રવણ કર્યું છે, ત્યારથી મારા જીવમાં હવે જીવ રહ્યો નથી હું હવે બહુ વિચાર કરી, ધીમેથી પણ ચોક્કસપણે મારા ઘરનો ફજેતો ન થાય એવી રીતે, તે માટે રસ્તો કરીશ, અને ત્યાંસુધી હું તેમને આપને ત્યાં આવવાનો સખ્ત પ્રતિબંધ કરીશ. હું ધારૂં છું, કે કેટલાક વ્યવહારિક કાર્યોને લીધે, આપની પાસે હું કોઇક વખત આવી શકતો નથી, અને તેથીજ આપ નિવૃત્ત વખતે માતુશ્રી કર્માદેવી પાસે, આવા પ્રયાણના ઉદ્‌ગારો કાઢતા હશો. શાંતિરામજી! આપને હું ખાતરી આપું છું. કે થોડાજ દિવસમાં હું મારી પ્રવૃત્તિને સંકોચી લઇશ, અને ત્યાર પછી અહર્નિશ આપની સેવામાં તત્પર રહીશ. આપે આજે જે કહ્યું છે, તેથી મારૂં મન બહુ અસ્થિર થયું છે, માટે કૃપાકરી આપ માગેલ અભય વચન આપો, એટલે હાલ હું આપની પાસેથી જવા રજા માગું," નંદલાલે શાંતિરામને બે હાથ જોડી વિનતિ કરી.

"નંદલાલ શેઠ! આપનુ જે તાત્કાલિક કાર્ય હોય, તે સુખેથી પતાવી આવો. તત્પશ્ચાત્ આપ અહીં ફરી આવશો, ત્યારે મારે આપને જે બીજું કહેવાનું હશે, તે કહીશ. આપનો બહુ આગ્રહ છે, તો આપની ઇચ્છાને આધીન થવા શિવાય, મને તેમજ માતુશ્રી કર્માદેવીને, છૂટકો નથી. જેવી ઇશ્વરેચ્છા."

પ્રકરણ ૨૩ મું.

ભેદ ભર્યાં ખૂન.

રાજનકી રીત ગઇ, પંચકી પ્રતીત ગઇ,
અબતો અનીત સોં, અનીત હોંન લગી હય;
પુણ્ય ગયો પૂરવ, પ્રતીતિ ગઇ પચ્છમકો.
દયા ગઇ દખન કો, ધર્મોત્તર (કો) ધાયો હય;
શરમ ગઇ સરિતા, ભરમ ગયો હય ભાગ,
આયો ઔર ઐઠો, કાહુ ત્રિરલો ઠરાયો હય.

ચોરામલ.

અમરાવતી નગરીના રાજમહેલની પાસે દુર્ગનો જે દરવાજો હતો, તે "ગણેશ દરવાજો" એ સંજ્ઞાથી ઓળખાતો હતો આ દરવાજા પાસેથી ઘણી દૂર સુધી દક્ષિણ ઉત્તર એક વિસ્તીર્ણ "રાજવાડા" સંજ્ઞક સડક હતી. આ સડકની બન્ને બાજુએ ઉંચી કારીગરીની ફરસબંધી હતી, અને બન્ને બાજુની ફરસબંધીની બીજી બાજુએ, સરખી હારમાં સીધી લીટીમાં ઘટાટોપ વૃક્ષો આવી રહ્યાં હતાં. રાજ્યમાં ઉત્સવ પ્રસંગે જ્યારે જ્યારે રાજસ્વારી નીકળતી, તે વખતે સ્વારીની વ્યૂહ રચના અતિ સરલતાથી થઈ શકે, એટલો પહોળો રાજવાડા માર્ગ હોવાથી, સ્વારી દેદિપ્યમાન અને ભવ્ય દેખાય એવી રીતની સર્વ રચના, આ માર્ગ પર જ થતી, અને સ્વારી ત્યાથી કમાની દરવાજામાંથી થઇ, શહેરમાં જતી. રાજવાડા માર્ગની પૂર્વ બાજુએ નગરપાલોનુ મુખ્ય મથક, અને તેનાથી થોડેક દૂર રાજ્યના સૈન્યનો રસાલો હતો. સૈન્યની કવાયદ વગેરે માટે અતિ વિસ્તારવાળા ખુલ્લા મેદાનો હતા. રાજવાડા માર્ગની પશ્ચિમ બાજુએ ગણેશ દરવાજાથી થોડે દૂર, નગરપાલોના મુખ્ય અધિકારી ધૂર્તલાલ કોટવાલનો સુશોભિત બંગલો હતો, અને તે બંગલાથી જરાક આગળ વધતાં નગરદુર્ગનો "કમાની" દરવાજો હતો. કમાની દરવાજાથી આસરે

ત્રણુસો કદમ દૂર, નગરકોટનો થોડોક ભાગ તોડી નાંખવામાં આવ્યો હતો, અને તે ઠેકાણે નગરની શોભામાં અભિવૃદ્ધિ થાય, એ હેતુથી શ્રીમતોને સુંદર બંગલા, હવેલીઓ, ઉદ્યાનો વગેરે કરવા દેવામાં આવ્યાં હતાં કોટનો ભાગ તોડી પાડતાં શત્રુથી ભય રાખવાનુ કારણ ન હતું, કારણ કે આ સુંદર બંગલા, હવેલીઓ વગેરે રાજવાડા માર્ગની પૂર્વ બાજુના લશ્કરી રસાલાનાં મથકોને ડોકીઆં કરતાં હતાં. એટલુંજ નહીં, પરંતુ ત્યાં એક નગરપાલોનું તેમજ થોડાક સૈન્યનું પણ થાણું રાખવામાં આવ્યું હતું.

દિવસનો પહેલો પ્રહર વ્યતીત થઇ ગયો હતો. ધૂર્તલાલ કોટવાલ પોતાના "કૂટભવન" બંગલામાં એક વિરામાસનપર મંજુલા સાથે ખાનગી વાર્તાલાપ કરતો બેઠો હતો બંગલાની બહાર દ્વારપાસે પહેરગીરો ખુલ્લી તરવાર, ભાલા અને બંદુક હાથમાં લઇ, નિયમસર પહેરો ભરતા હતા મંજુલા અને ધૂર્તલાલની અરસપરસ ખાનગી વાર્તાલાપના વિષય "શાંતિરામનું કોઇ પણ પ્રકારે નિકંદન અને સુમતિને હેઠી પાડવી" એ હતા

"મંજુલા! તું શાંતિરામનું કાટલું કાઢવા માટે મને હમ્મેશ સતાવ્યા કરે છે, પરંતુ જ્યાં સુધી તે માટે પ્રસંગ મલ્યો નથી, ત્યાં સુધી હું તે કાર્ય કેવી રીતે કરી શકું?"

"પ્રિય ધૂર્ત્તલાલ! હવેતો હદ્દ આવી ગઇ છે. પેલા ઠગે મારા પિતાજીને ઉંધું ચતું સમજાવી, મને જૂદી કાઢી છે. મારો મૂર્ખ ભાઈ વસંત હમેશા પ્રમિલાને ત્યાં પડયો રહે છે, અને સુમતિ મારા પિતાજીના ઘરમાંજ રહે છે, જ્યાં મારી જૂની દાસીઓ વિક્ષિપા અને દુશ્શલાને, આવવા જવા દેવામાં આવતી નથી. મારા ઉપર આટલો જુલમ ગુજર્યો છે, તે છતાં હજી તમારી આંખ ઉઘડતી નથી"

"મંજુલા! તને હું એક વખત વચન આપી ચૂકયો છું, કે કોઇ પણ ઉપાયે શાંતિરામને કાયદાની ચુંગાલમાં ફસાવી, તેનું હું નિશ્ચયપૂર્વક કાટલું કાઢીશ. પણ પ્રસંગ હાથ આવ્યા વગર

તે કેમ બની શકે ? એ તો જાણે ઠીક, પરંતુ વારૂ, મારે માટે શું કર્યું છે ? મે તને ઘણી વખત કહ્યું છે, કે તારી ભોજાઈ સુમતિ મારા હાથમાં આવે, તેવી વેતરણ કર. જરૂર પડે તો કપટ કળાને પણ હાથમાં લે. જેમ હુ તારૂં કામ ફતેહ કરી આપવા બંધાયલો છું તેમ તું પોતે સમજી શકે એમ છે કે સુમતિ હાથમાં આવતાં તારૂ ભવિષ્યમાં અપાન કરનાર કોઇ રહેશે નહીં હું જે સુમતિને હાથમાં લેવા વેતરણ કરૂં છું; તે માત્ર તારામાટેજ તું નિશ્ચય પૂર્વમાન જે તુમારો તારાપર જેપ્રેમ છે તેવો પ્રેમ હું સુમતિ પર રાખવાનો નથી."

"તમે જે કાંઈ કરો છો, તે તમારા મારા તરફના પ્રેમને લીધેજ. એ વાત ખરી, પરતુ જ્યાંસુધી શાંતિરામ ભટ્ટનું તમે કાંઇપણ કરશો નહીં, ત્યાંસુધી મારા મનમાં જપ નથી. સુમતિ હાલ થોડા દિવસ થયા, તબિયતમાં લથડી પડી છે, તેથી તેણીનાં રૂપ અને લાવણ્યતા હણાઇ ગયાં છે. મારા પિતાજી ફરીથી તેને વૈભવ દેખાડવા લાગ્યા છે, એટલે થોડાજ વખતમાં પોતાના અસલ સ્વરૂપમાં આવી જશે જોકે હાલ મારો અને તેનો બોલવાનો વ્યવહાર બંધ છે, તોપણ તમારે માટે ગમે તેમ કરી તેને હાથમાં લેવા બાજી રચીશ. પરંતુ મારી બાજીમાં હું ફાવુ, એ શંકાભરેલું છે, કારણ કે તે મારાપર મુદ્દલ વિશ્વાસ કરતી નથી. કપટકળા આ વખતે મારી દુશ્મન થઈ છે, પરંતુ તમે તેને હાથમાં લઇ, તેની મારફત પ્રયત્ન કરો તો કદાચ આવે એમ છે, કપટકળા પથ્થરને પણ પીગળાવી નાંખે એટલી કપટ બાજીમાં પૂરી છે."

"આ તારો પ્રિયતમ ભૂલે એવો નથી મેં કપટકળાની સાથે આગળથીજ બંદોબસ્ત કરી રાખ્યો છે, અને કપટકળાએ મારૂ કામ કરી આપવા ખુશી પણ બતાવી છે. તે છતાં આ કામમાં મને તારી મદદની જરૂર પડશે. સુમતિ આ વખતે નંદલાલ શેઠના બંગલામાં તેના રક્ષણ નીચે રહે છે, એટલે હાલ કાર્યની ફતેહ થવી અશક્ય છે, તોપણ મને પૂર્ણ આશા છે કે આ કાર્યમાં મને સફળતા મળે એવો સમય પણ આવી જશે"

કોટવાલ અને મંજુલા આ પ્રમાણે નિડરતાથી સજ્જનને લજ્જા ઉપજાવે એવા પ્રકારની અશ્લીલ વાર્તાલાપ કરતા હતા. તે વખતે બહારથી એક સિપાઇ આવ્યો, જેણે નિયમ પ્રમાણે કોટવાલને નમન કરી સમાચાર આપ્યા, કે "કમાની દરવાજા પાસેના થાણાનો એક સિપાઇ ખૂન સંબંધી ખબર આપવા આવ્યો છે." કોટવાળે આ સમાચાર સાંભળતાં તરત તેને તે સિપાઇને તેડી લાવવા આજ્ઞા કરી. થોડીજ વારમાં સમાચાર આપનાર સિપાઇએ પેલા સિપાઇને હાજર કર્યો, જેણે પણ કોટવાળને નિયમસર નમન કરી, આપ્રમાણે જણાવ્યું:—

"સાહેબ! રાજવાડા રસ્તાની પશ્ચિમ બાજુએ આવેલા નંદલાલ શેઠના નંદભૂવન બંગલાની નીચેની કોટડીમાં કોઇ સ્ત્રીનું ખૂન થયું છે, જેની ખબર શાંતિરામભટે થાણાપર ઉઘાડે અંગે પોતે હાજર થઇ આપી છે, હવે આ બાબતમાં આપ નામદાર જે પ્રમાણે હુકમ કરો. તેપ્રમાણે કરવા આ સેવક તૈયાર છે"

"જ્યારે શાંતિરામે તને ખબર આપી, તે વખતે તે ગભરાયલો હતો કે કેમ?" ધૂર્તલાલે પૂછયું.

"જી, હા. તે બહુ ગભરાયલો હતો, અને ધ્રુજતો હતો," સિપાઇએ પ્રત્યુત્તર આપ્યો

"બહુ સારૂં! તું હવે જા. શાંતિરામ અને કર્માદેવીને બંગલાથી નીચે ઉતરવા દેતો નહીં, તેમજ કોઇને બંગલા ઉપર પણ જવા દેતો નહીં. તારી સાથે તું થાણાપરથી બેચાર સિપાઇઓને સાથે લઇ જજે, અને તેમને નંદભૂવનના દરવાજાપાસે, તેમજ ખુનવાલી જગાપાસે અને વંડાપાસે એક એક સિપાઇની ગોઠવણ કરજે. ત્યાં તું સર્વે કામ ખબરદારીથી કરજે, અને કોઇને કશી જાતની હિલચાલ કરવા દેતો નહીં. નંદલાલ શેઠ પોતે પણ આવે, તો તેને પણ હું આવી પહોંચું ત્યાંસુધી જેમ મેડીપર જવા દેતો નહી, તેમજ શાંતિરામ કે કર્માદેવીને તે નીચે બોલાવી તેની સાથે વાત કરે તો તેમ પણ કરવા દેતો નહીં. તું ત્યાં જલદી

જઇ પહોંચ. હું હમણાજ આવ્યો," કોટવાલે સિપાઇને કેવી રીતે કામ લેવું તે સમજાવી કહ્યું.

સિપાઇ કોટવાળની આજ્ઞા બજાવવા રસ્તે ત્યાંથી દોડતો પડયો, એટલે કોટવાલે મંજુલાને કહ્યું:—

"પ્રિયે! તારી મનકામના પૂરી થાય તેવો પ્રસંગ આજે અનાયાસે આવી પહોંચ્યો છે હવે આ કોટવાલના પરાક્રમ જોઇ લેજે, કે તે કેવીરીતે તારા શત્રુ શાંતિરામ અને કર્માદેવી બન્નેને કાયદાને લાકડે લટકાવે છે. હાલ તો તું તારે ઘેર જા, અને હું હવે મારી પ્રપંચજાળ કેવા રૂપમાં ગુંથું છું તે જોયા કરજે. સમય આવતાં તારૂં કામ પડે, તો તું હું તને કહી મોકલું કે તરત આવી જજે, પણ હાલ તો તું જા. તારા ગયા પછી આ કામ હું હાથમાં લઇશ"

મંજુલા સમય સમજી ગઇ, અને આ વખતે કોટવાલની રજા લઇ પોતાના ઘર તરફ ચાલતી થઇ. શાંતિરામના નિકંદન માટે જે કપટજાળની ગુથણી થવાની છે, તેથી હર્ષ પ્રફુલ્લ બની "બચ્ચા શાંતિરામ! ચાખી લેજે હવે મજુલાને કરેલ અપમાનનાં ફળ!" એપ્રમાણે મનમાં મલકાવા લાગી. કોટવાલ પણ પોતાનો પોશાક પહેરી પ્રપચજાળની મનોચેત ગુંથણી ગુંથતો ખૂનની જગાએ જવા તૈયાર થયો, અને મુખ્ય થાણામાંથી પચાશ ઘોડેસ્વાર સિપાઇઓને સાથે લઇ રવાને થયો.

મહાત્મા શાંતિરામના ઉદ્વેગના પરિણામે, નંદલાલ શેઠ પાસે તેણે જે ઉદ્ગારો કાઢયા, તેથી નંદલાલ શેઠના હૃદયપર જબરો આઘાત થયો, અને થોડીવાર સુધી તે દિગમૂઢ બની રહ્યા. મંજુલા અને વસંત બન્નેના ચારિત્ર્યથી નંદલાલ શેઠ સારી રીતે પરિચિત હતા. મંજુલાનું સુમતિ સાથે બનતુ ન હતું, અને વસંત મંજુલાનુજ કહ્યું વધારે કરતો, અને તેથી વસંત મારફત મંજુલા સુમતિને અતિ ત્રાસ અપાવતી એ વાત શેઠથી અજાણી ન હતી. નંદલાલ શેઠની સ્રી મંદ બુદ્ધિની હતી, અને તેથી સુમતિને જે

ત્રાસ આપવામાં આવતો હતો, તેમાં જોકે તે સામેલ ન રહેતી, તોપણ તેમાં દૃષ્ટા અને સાક્ષી રહેતી, એવી શેઠની કલ્પના હતી. પરંતુ ભદ્રાદેવીની યાત્રાથી મંજુલા અને સુમતિ વગેરે પાછાં આવ્યા, ત્યારથી ઘરમાં જે કલેશ જાગ્યો હતો, તેના પરિણામે સુમતિપર કેવો જુલમ ગુજારવામાં આવતો હતો અને તેમાં વસંત, મંજુલા, કે શેઠાણીએ, શો ભાગ ભજવ્યો હતો. એ શેઠની કલ્પનાથી બહાર હતું. આટલો વખત સુધી શેઠે જે અનુમાન કરેલુ હતું, તે માત્ર એટલુજ હતું, કે ઘરમાં જાગેલા કલેશને લીધે, સુમતિને કાંઇ શોષવું પડયુ હશે આ કલેશના છાંટા શાંતિરામ કે કર્માદેવીને કેવી રીતે ઉડયા હશે, તે વાત બહુ વિચાર કર્યાં છતાં નંદલાલ શેઠને ગળે ઉતરી નહીં

“મંજુલાએ શાંતિરામને કાંઈ પજવ્યાં તો નથી”? એ વિચાર નંદલાલ શેઠને આવ્યો પરંતુ જો તેણીએ તેમને પજવ્યા હોય, તો તે કેવી રીતે બનવાજોગ છે તે તેનાથી સરજી શકાયુ નહીં. વસ્તુતઃ મંજુલાએ જે દુષ્ટ કામના શાંતિરામ પાસે જાહેર કરી, તેવું, કાંઇ થયું હશે, એવો સહજ વિચાર કોઇપણ પિતાને સ્વપ્નમાં ન આવે. ગમે તેમ હો, પણ શાંતિરામના માર્મિક વચનોનો આશય નંદલાલ શેઠથી સ્પષ્ટતાથી સમજાયો નહીં, અને તેથી તેને આ વખતે વસ્તુ સ્થિતિ કાંઇ ગંભીર નલાગી; તોપણ મહાત્મા શાંતિરામે આટલા લાંબા સહવાસ પછી, આ વખતેજ ઉદ્વેગ દર્શાવ્યો, અને પોતાને શાંતિપ્રિય છે, એવો ભાવ બતાવ્યો તે ઉપરથી શાંતિરામને માટે કોઇ એકાંત જગામાં નિવાસની તરત ગોઠવણ કરી આપવાની તેને આવશ્યકતા જણાઇ બહુ વિચાર કરતાં આખરે તેમને રહેવા માટે રાજવાડા રસ્તાની પશ્ચિમ બાજુએ આવેલા પોતાના નંદભૂવન નામના રમ્ય બંગલામાં ગોઠવણ કરી.

નંદ-ભૂવનમાં શહેરમાંથી પશ્ચિમ અને ઉત્તર બાજુમાં નાગર ફળીઆ પાસેથી થઇને જવાતુ હતું. તે બાજુએ એક નાનો પણ રમણીય બાગ બનાવવામાં આવ્યો હતો. બાગની બરોબર મધ્યમાં એક સાળનો આ બંગલો તરતમાંજ બંધાવેલો હતો.

આ બંગલા જેમ ભવ્ય લાગતો, તેમ તે અતિ વિશાળ પણ હતો. ભોંયતળિયાપર ત્રણ મોટા ડેલા હતા, જેમાં પ્રસંગ પડતાં અનાજ અને જાનવરો માટે ઘાસ અને દાણાં રાખવામાં આવતાં મધ્ય ડેલાની બરાબર પાસે બંગલાપર જવાને માટે એક દાદરની ગોઠવણ હતી. બંગલાના પહેલા માલપર એક વિશાળ દિવાનખાનું હતું, અને તેના પાછલા ભાગમાં, તેટલીજ ખુલ્લી અગાશી હતી, જ્યાથી રાજવાડા માર્ગની સડક સ્પષ્ટતાથી દેખાતી હતી બંગલાની પાછલી બાજુએ એક વિસ્તારવાળો વડો હતો, અને તે વંડાની આસપાસ ત્રણ બાજુએ એક પુરૂષ જેટલી ઉંચાઇની ભીંત હતી રાજમાર્ગની જે પશ્ચિમ ભણી ભીંત હતી તેમાં એક લોખડનો દરવાજો હતો, જે હમ્મેશ અંદરથી બધ રહેતો, અને તેને લગાડેલા તાળાની ચાવી, દરવાજાની પાસે બંગલાની અદરના ઝુપડામાં રહેનાર માલી પાસે રહેતી.

શાંતિરામને રહેવા માટે આ પ્રમાણે ગોઠવણ થઇ ગઈ, એટલે નંદલાલ શેઠને કાંઈ શાંતિ મળી ખરી પરંતુ તે શાંતિમાત્ર થોડા દિવસનીજ હતી. એક દિવસે શેઠને તેમના નોકર હરીઆ મારફત એક પત્ર મલ્યો. પત્ર કોણે આપ્યો, તે સબંધી શેઠે હરિઆને પૂછતાં, તેમના જાણવામાં આવ્યું, કે તે પત્ર આપનાર માણસ, ત્રીશ વર્ષની વયનો એક યુવાન હતો, અને તે જાતે બ્રાહ્મણ જેવો દેખાતો હતો, પરંતુ તેણે પોતાનુ નામ નિશાન આપવાની ના પાડી હતી, અને સાથે એમ જણાવ્યુ હતુ, કે પત્ર ખાનગી છે, અને શેઠને હાથો હાથ આપવો.

નંદલાલ શેઠે હરીઆએ આપેલો પત્ર એકાંતમાં બારીકીથી વાંચ્યો. પત્રની શરૂઆતમાંજ લખનારે પોતાને શેઠનો હિતૈષી મિત્ર જણાવ્યો હતો. શેઠ પત્ર વાંચતાં વાંચતાં જરા થોભ્યા." આ પત્ર લખનાર કોણ હશે," તે વિષે મનમાં તર્કવિતર્ક કરવા લાગ્યા. અને "મિત્રનામધારી કોઈ શત્રુ તો ન હોય" એ શંકા થવા લાગી. લખનારનું નામ જોઇલેવાની કુતૂહલતામાં પત્ર વાંચવો અધુરો મૂકી પત્રની બાકીની પંક્તિઓપર ઉપર ટપકે નજર ફેરવી, પત્રને અંતે બારીક નિરીક્ષણ કર્યું. શેઠની આશ્ચર્યતા વચ્ચે પત્ર લખ-

નારનું નામ મળ્યુ નહીં." હશે ! પત્ર તો પૂરો વાંચું જે હશે તે જણાઇ આવશે" એ વિચાર આવતાં વળી પત્ર હાથમાં લીધો, અને વાંચવાનું જ્યાંથી અધૂરૂં મૂકયું હતું, ત્યાંથી આરભ કર્યો. પત્રમાં પોતાની કૌટુંબિકજાલના તંતુઓ શાના બનાવેલા છે, તેનુ સૂક્ષ્મ પૃથક્કરણ અને થોડા વખતમાં પોતાના કુટુંબમાં તાજા બનેલા બનાવોની વસ્તુ સ્થિતિનું સ્ફોટન હતું

વાંચકવૃંદ ! આ પત્રમાં શુ લખ્યું હતું, તે તમને શબ્દશઃ જણાવવાની જરૂર નથી; પરંતુ અમે એ વિષયસંબંધી આ પ્રકરણમાં જે ઉલ્લેખ કર્યો છે, તેપરથી તમે સમજી શકયા હશો, કે તે પત્ર બીજો કોઈજ નહીં, પણ ભૂદેવનો લખેલો નનામો પત્ર હતો.

નંદલાલ શેઠ જેમ જેમ પત્ર આગળ વાંચતા ગયા, તેમ તેમ તેમની મુખાકૃતિમાં ક્ષણે ક્ષણે પરિવર્તન થતું ગયુ આ વખતે તેમનું મુખ જોનારને મુખપર નિરાશા, આશ્ચર્ય, શોક, ક્રોધ વગેરેની છાયા સ્પષ્ટતાથી જણાઈ આવે. પત્રમાં દર્શાવેલી ભદ્રાદેવીમાં બનેલા બનાવોની બાબત, અમથાએ આપેલા વૃત્તાંત સાથે બરાબર બંધ બેસતી હતી, એટલુ જ નહીં પણ આ પત્રથી તેમને પૂર્ણ યોગેશ્વર મહાત્મા શાંતિરામના ઉદ્વેગનું વાસ્તવિક કારણ સ્પષ્ટતાથી જણાઇ આવ્યું. શેઠ આ પત્રથી જેમ અધમ મજુલાના દુષ્ટ કાર્યોની અવધિ જોઇ શકયા, તેમ નિર્દોષ નિષ્કલંકિની સતી સુમતિને જે અસહ્ય ત્રાસ આપવામાં આવ્યો હતો. તેનું ભયાનક ચિત્ર તેમની નજર સામે ખડું થયું, અને તેથી શેઠને પોતાને તે વખતે કંપારી છૂટી, બેશુદ્ધ થઇ જમીનપર પડી ગયા. વિરામાસન પરથી પડી જવાનો અવાજ સાંભળતાં. બે ચાર નોકરો ત્યાં તરત દોડી આવ્યા તેઓએ શેઠના મુખ પર પાણી છાંટી, બેઠા કર્યા. શેઠને શુદ્ધિ વળી, પણ બહુ વખત સુધી વિરામાસન પર જ વિચાર ગ્રસ્ત અને ઉદાસ હિંમ્મૂઢ બેસી રહ્યા. નોકરો ત્યાં બહુવાર ઉભા રહ્યા, પરંતુ જ્યારે શેઠ ત્યાંથી ઉઠયા જ નહીં, અને મૂક બની બેઠા જ રહ્યા, ત્યારે તે નોકરોમાંથી એક જણ દોડતો મુનીમ પાસે ગયો, અને મુનીમને તેડી આવ્યો, જેણે શેઠને વિચાર નિદ્રામાંથી જાગૃત કર્યા.

"શેઠજી! આપની પ્રકૃતિ કેમ છે? આપને આમ એકાએક ઓચીતું શું થઇ આવ્યુ?" મુનીમે શેઠને અધીરાઇથી પૂછયું.

'માત્ર કાંઇ માનસિક વ્યાધિને લીધે, શરીરમાં બેચેની લાગે છે. વારૂ હીરાલાલ! તમને હું હાલ જે કામ બતાવું, તે તમે તરતમાં કરી આવો. કોઇ બે ચાર પ્રમાણિક પ્રતીતિ વાળી અને ચાલાક દાસીઓ વહુ સુમતિની તબીઅત બરાબર સંભાળી શકે તેવી, ગમે ત્યાંથી ગમે તેટલા પગારે. મેળવી આવો, અને આપણા વૈદ્યરાજ જવાલાદત્ત ભિષ્ગવર્યને તેડી આવો, કારણ કે સુમતિ વહુની પ્રકૃતિ જાણવી છે, અને તેમની પાસે વહુ માટે યોગ્ય ઉપચાર કરાવવા છે," નંદલાલ શેઠે જવાબ આપ્યો.

હીરાલાલ મુનીમ શેઠનું કામ ત્વરાથી બજાવી લાવવા ત્યાંથી રવાના થયો, એટલે શેઠે બે માણસોને મોકલી સાથે એક ગાડી આપી શેઠાણી અને સુમતિને ત્યાં તેડી લાવવા કહ્યું

"મંજુલા! તારા ઘોર કૃત્યોની તો હવે અવધિ આવી ગઈ છે એક સ્ત્રી શરીર કેવાં પ્રપંચ કરી શકે છે, અર્થાત્ સ્ત્રીઓને દ્રવ્ય અને સ્વતંત્રતા તદ્દન નકામાં છે. મારી સંતતિ થોડી, એટલે મે પુત્ર પુત્રી બન્નેપર વાત્સલ્ય પ્રેમને લીધે અપૂર્વ વિશ્વાસ રાખ્યો, જેનું આ વિપરીત પરિણામ આજે અનુભવવું પડે છે. તારે લીધેજ મેં અમથા જેવો વિશ્વાસુ નોકર અને સુનીતિ જેવી સદ્‌ગુણી અને સુમતિની સખી ખોઇ બેઠો છું. વસંત! મંજુલાના સહવાસથી તું આટલી હદ્દ સુધી વંઠી ગયો! મારા સાંભળવામાં આવ્યું છે, કે થોડા દિવસ થયા તે ઘેર પણ આવતો નતી, અને કોઇ વેશ્યાના નાદમાં ફસાયો છે, મોટી ઉમ્મરના છોકરાંઓને નોકર ચાકરોની સમક્ષ કાંઇ કહેવાથી. નોકરોમાં તેમનું વજન ઘટી જાય, એ પણ એક વિચારવા જેવી વાત છે! બીજી બાજુ તપાસતાં એમ વિચાર આવે છે, કે જો મારૂં શરીર છૂટી ગયું, અને મારા ધનનો માલેક વસંત થયો, તો આ કુલાંગાર વંઠેલ છોકરો મારા પૈસાની પાયમાલી કરી નાંખશે, એટલુંજ નહીં, પણ પોતાની આ દુષ્ટ વર્તણુકથી મારી પ્રતિષ્ઠાની સાથે મારી સાત પેઢી બુડા-

વશે ગમે તે ઉપાયે વસતને ઠેકાણે લાવવોજ જોઇએ ઠીક છે, મુનીમ મારફત તેને મારી પાસે બોલાવી ખાનગીમા બે વાતો કરીશ તેથી તે સમજયો તો ઠીક, નહીં તો પછી હું બીજા ઉપાય કામે લગાડીશ. મારાં પુત્ર અને પુત્રીની જ્યારે આવી સ્થિતિ છે, ત્યારે બીજી બાજુ જોઉં છું. તો મારી પુત્રીસમાન પુત્ર વધુ સુમતિના ચારિત્ર્ય અને સદ્‌ગુણ સંબંધી વિચાર કરૂ છું, ત્યારે મારી બુદ્ધિ પણ ગોથુ ખાઇ જાય છે મારી કુલાંગાર મંજુલા પણ શ્રીમાન્‌ની દીકરી અને સદ્‌ગુણી પિતૃ અને શ્વસુરકુલોદ્ધારક સુમતિ પણ શ્રીમાનની દીકરી, બન્નેની તુલના કેવી રીતે થઇ શકે ? સુમતિ ! ધન્ય છે તારી સહનશીલતાને ! તારા પર દુઃખના ડુંગરો ઉગ્યા, કુલાંગાર મંજુલા અને મારી મૂર્ખ જડમતિ ભાર્યાને લીધે તારી મરણ તોલ સ્થિતિ થઇ છે, છતાં તે બાબતની કોઇને ખબર પણ પડવા દીધી નથી. એ શું તારી ઓછી અડગના અને નીતિપરાયણતા છે! સુમતિની આવી દુર્દશા થઇ છે, એ મને પહેલેથી જ ખબર હોત તો હું જરૂર વેળાસર સભાળી લેત. પણ જે વાત બની ગઇ તે ન બની એમ થશે નહી હવે મારે શું કરવું એજ વિચાર હવે કરવાનો છે બાકી વાતોનું મહાભારત વાચતાં કાંઇ ફલ મલવાનુ નથી, ”

આ પ્રમાણે નંદલાલ શેઠ વિચાર ઘુંટતા હતા, તેજ વખતે સુમતિ, અને શેઠાણી આવી પહોંચ્યા તેમના પછી થોડીજ વારમાં સૌભાગ્યચંદ્ર પણ આવ્યો, અને હીરાલાલ મુનીમ અને વૈદ્ય જવાલાદત્ત સાથે હાજર થયા શેઠે શેઠાણીને તેમજ સુમતિને તરત જ પોતાના રહેવાના બંગલામાં મોકલાવી આપ્યા, અને તેમને રહેવા માટે બગલાની પછવાડેના ભાગમાં વ્યવસ્થા કરવા જણાવ્યું. રસોડામાં નવા રસોઇઆ ગોઠવવામાં આવ્યા, અને સુમતિની સારવાર માટે જૂના નોકરોને બદલે નવા નોકરોને રાખવામાં આવ્યા. પોતાના હુકમ શિવાય સુમતિ પાસે કોઇએ પણ જવું નહી, એવો શેઠે સખ્ત હુકમ કર્યો, અને હીરાલાલ મુનીમ જે બે બાઇઓને તેડી આવ્યો હતો તેમને સુમતિની દાસીઓ તરીકે કામ કરવા મોકલી આપી. ત્યાર પછી જવાલાદત્ત વૈદ્યને બોલાવી કહ્યું:—

"વૈદ્યરાજ ! તમે મુનીમની સાથે સુમતિ વહુ પાસે જાઓ, અને વહુની પ્રકૃત્તિ કેવી રાતે બગડી છે, તેણીને કયી બિમારી લાગુ પડી છે, તે તપાસી તેણીને માટે હવે શા ઉપચાર કરવા જોઇએ, તે મને જણાવો.",

વૈદ્યરાજ "બહુ સારૂ" કહી, મુનીમ સાથે સુમતિ પાસે ગયા. ત્યાર પછી નંદલાલ શેઠે પોતાના જમાઇ સૌભાગ્યચંદ્રને ઉદ્દેશી કહ્યું:—

"બેટા સૌભાગ્યચંદ્ર ! તમને હમણા મેં શામાટે તેડાવ્યા છે તે તમે સમજ્યા નહીં હો, મેં તમારી સાથે સંબંધ જોડી ખાનગીમાં કંઇ પણ કહ્યું હોય, તો આજનોજ પ્રસંગ છે. તમોએ મારા સંબંધી તરીકે. મને તમારા સદ્ગુણોથી અતિ સંતોષ આપ્યો છે, અને તેથી હું ઘણોજ ખુશી થયો છું. મારા અંતઃકરણને તમારા સદ્ગુણોએ જીતી લીધું છે દિલગિરી માત્ર એટલીજ છે, કે તમારા જેવા ગરીબ સ્વભાવના માણસને ગળે આ મારી ચંડાલ મંજુલા રૂપી કાળી નાગણુ બાંધી, મેં તમારો બહુજ અપરાધ કર્યો છે, તે તમો મને ક્ષમા કરશો આ કુલાંગાર પાપણીને મેં બનતા લાડ લડાવ્યાં છે, પાણીને ઠેકાણે દૂધ પાયું છે, છતાં તેણીએ મારી સાત પેઢીને લજવી, મારા વડીલપણાને પણ અનાદરથી તિરસ્કાર કરી, કૂડાં કૃત્યોથી મારા ઘરની ઉચ્ચ દશાને અધઃપતન કરવા તેણીએ જ અધમતા આદરી છે, અને સુમતિના પણ બેહાલ કર્યા છે, એટલુંજ નહીં, પણ વસંતને પણ છેવટની દશા એ મૂકી દીધો છે. આ કારણથી હું એનું કાળું મોઢું જોવા ઇચ્છતો નથી. તે આજથી મારૂં ઘર મૂકી, જુદી રહે એવી મારી ઇચ્છા છે બેટા ! આ વાત કોઇની પાસે ન જાય તેવી સંભાળ રાખજો. તમો હાલ થોડા દહાડા વાણીઆ વાડમાં આપણી જગા છે, ત્યાં જુદા રહો. ખર્ચ માટે તમને જે રકમ જોઇએ તે તમે લેતા રહેજો, પણ જાહેરમાં મંજુલા એમ ન સમજે, કે મારા પિતાજીએ અમારો સર્વ રીતે ત્યાગ કર્યો છે. તમે ડાહ્યા છો, એટલે તમને હુ વધારે કાંઇ કહેતો નથી. હું કહું તે મુંગે મોઢ

કરતા રહેશો, તો તમારો સસાર કદાચિત્ત ઠેકાણે આવી જાય. હવે. આજથી તે જગા તમારા કબજામાં લઈ, આવતી કાલથી ત્યાંજ નિવાસ કરજો. મંજુલાનુ હુ ફરી મોઢું જોઇશ નહીં. હું મારા માણસને હમણાજ હુકમ કરૂ છું, કે વાણીઆવાડની જગામા તમારે માટે બંદોબસ્ત કરે. તમે ત્યાં જાઓ. આજથી હું મારા સ્થાનમાં મંજુલાને આવવાની મના કરીશ ”

નંદલાલ શેઠના કહેવા પ્રમાણે કરવાથી પોતાનું હિત જળવાશે એમ સમજી, સૌભાગ્યચંદ્ર આજ્ઞા લઇ વાણીઆવાડની જગા તરફ ચાલતો થયો.

નંદભૂવનમાં સ્ત્રીનું ખૂન થયુ તે દિવસે, સવારના પહેલા પ્રહરની કથા સમાપ્ત થયા પછી, શ્રોતાઓ સર્વે પોત પોતાને સ્થાનકે ગયા હતા, અને મહાત્મા શાંતિરામ પોતાનો માનસિક શ્રમ ઉતારવા, અગાસીમાં જઇ આમતેમ આંટાફેરા કરતા હતા. આવખતે તેમનું મન રાજવાડા માર્ગપરના વૃક્ષોનિ ઘટા અને લશ્કરી દમામના આકર્ષક રમણીય દેખાવમાં લીન બની ગયું, અને અંતરની આનંદોર્મિઓપર નાચવા લાગ્યું હતુ આ અવસામા તેમણે એક એવું દ્રશ્ય જોયું, જેથી તેમના આનદમાં અણચિંતવ્યો ભગ થયો, અને પુન. તેમના મુખ પર ઉદાસી છવાઇ રહી તેમના જોવામાં આવ્યું, કે વસત એક નવયૌવના સ્ત્રીનો હાથ પકડી, વડાની અંદરની બાજુમાં જોરથી ખેંચી રહ્યો છે, અને તે સ્ત્રી પોતાનો હાથ મૂકાવી ખસી જવા યત્ન કરી રહી છે વસંતની દૃષ્ટિ ઉંચી ગઇ, અને તેણે શાંતિરામને જોયા. એટલે ભય અને લજ્જાથી શરમાઇ, સ્ત્રીનો હાથ મૂકી, તે ગૌશાળાના છાપરા નીચે સંતાઈ ગયો. શાંતિરામજીને આ દૃશ્યથી વિસ્મયતા લાગી. “ અહા ! આ શું ! હું સ્વપ્ન જોઉ છુ, કે જાગ્રત છું ! આતો આશ્ચર્યકારક દૃશ્ય ! ” એવો મનમાં વિચાર આવ્યો, અને સ્વાભાવિક ગ્લાનિ ઉત્પન્ન થઇ, એટલે તેઓ અગાસીમાંથી પાછા પોતાના સ્થાનકે આવ્યા “ નારાયણ, નારાયણ ! આ બધું બને છે શું અને બનવાનું છે શું ? કોઇ વાત ગળે ઉતરતી નથી. આ વાત કોઇને કહી શકાય તેમ પણ નથી. નંદલાલ શેઠની નીચ સંતતિના આવાં કૃત્યો, આપણે કેટલ

દહાડા નિહાળશું ! હે પ્રભુ ! હવે તો અહિંથી આ ઉપાધિમાંથી જલ્દી મુક્ત થઇએ તો સારૂં," આ પ્રકારના વિચારવમળમાં તેઓ દિગ્મૂઢ બેસી રહ્યા.

કર્માદેવી અંદરની બીજી ઓરડીમાં હતા, ત્યાંથી બહાર આવતાં, ભટ્ટજીની દિગ્મૂઢતા જોઇ ગભરાયા. "મહારાજ ! વળી આ વખતે આપ શો વિચાર કરો છો ?" કર્માદેવીએ ભટ્ટજીને વિચારનિદ્રામાંથી જાગૃત કરી પૂછયું ભટ્ટજી જાગૃત થયા અને મનને સ્થિર કરી, કર્માદેવીને કાંઇ કહેવા જતા હતા, તેજ અરસામાં દાદર પાસે કોઇનો શ્વાસ રૂંધાતે હોય, અથવા કોઇ કોઇને ફાંસો દેતો હોય, તે વખતે જેવો કઠિનતાથી શ્વાસ ખેંચાય, એવી રીતની પ્રાણોત્સર્ગની ધ્વનિ સંભળાઇ, બન્નેનુ ધ્યાન તે તરફ ખેંચાયુ. ભટ્ટજી ઉઠીને ઉભા થયા.

"માતાજી ! આ અવાજ કયાંથી આવે છે ?" એમ કહેતા શાંતિરામ દાદરપાસે આવ્યા આ વખતે પ્રાણોત્સર્ગની ધ્વનિ મંદ પડી ગઇ હતી. ભટ્ટજી નીચે ઉતરી આવ્યા. પાછળથી કર્માદેવી પણ નીચે આવ્યા દાદરપાસેના ડેલામાં કોઇ મૃત્યુ પામતા મનુષ્યના છેલ્લા શ્વાસોશ્વાસ તેમને કાને પડ્યા. શાંતિરામે ઝટ ડેલાના દરવાજાની સાંકળ ઉઘાડી, દરવાજાને જોરથી દબાવ્યો, એટલે દરવાજો ઉઘડી ગયો. અંદર એક સ્ત્રી ચત્તિપાટ રકતના ખાબોચીઆમાં છેલ્લા શ્વાસ લેતી દેખાઇ. "અરેરે આ બીચારીની હત્યા કોણે કરી હશે ! હમણાજ વસંત અને એક સ્ત્રી બાઝાબાઝ કરતાં હતાં તે સ્ત્રીનું તો ખૂન નથી થયું ! વસંતે તો આ ખૂન નથી કર્યું ? વસંત વિષયી છે, પરંતુ તે આવું ઘોર કૃત્ય કરે, એ માનવામાં તો નથી આવતું. થોડીવાર પહેલાં હું અગાસીમાં આંટાફેરા કરતો હતો, ત્યાંથી મેં વસંત અને એક સ્ત્રી શિવાય બીજા કોઇને પણ આ બાજુના રસ્તા તરફ આવતાં જતાં જોયાં નથી. વસંત જે સ્ત્રીનો હાથ ખેંચતો હતો, તે સ્ત્રીના વસ્ત્રો આ સ્ત્રીનાં વસ્ત્રોથી જૂદાં હતાં કોઇ દુષ્ટે દાગીનાની લાલચે આ ખૂન તો નથી કર્યું ? એક નિર્દોષ અબલાને ધોળે દિવસે મારી નાખનાર પાપીઓનાં હૃદય કેવાં કઠણ હશે ! આ અભાગણી અબળા દુષ્ટોના હાથમાં કેવી રીતે સપડાઇ હશે ? દુષ્ટ

કાર્ય કરનાર ગમે તે હોય, પણ તે નાશી ગયા છે એતો નિશ્ચય ખૂન કોનું કરવામાં આવ્યું છે, તે ઓળખી ન શકાય એ હેતુથી, દુષ્ટોએ તેણીની આંખો, નાક, અને ઓષ્ટ કાપી નાંખ્યા છે. કેવું ઘોર અધમ ક્રૂર કૃત્ય ? હવે આપણે શું કરવું ? નગરપાલોને ખબર આપવી, કે છાનામાના બેસી રહેવુ ! દુષ્ટો તો આ ઘોર કૃત્ય કરી નાશી ગયા, પણ હવે આપણી શી દશા થશે ? નગરપાલોને ખબર આપતાં આપણે તો ન ફસાશું ! જે થવાનું હશે તે થવા દો, પણ નગરપાલોને તો આપણે ચેતાવવું. માતાજી ! તમે ઉપર બેસો, હું જાઉં છું," એપ્રમાણે શાંતિરામે ધ્રુજતાં ધ્રુજતાં કર્માદેવીને કહ્યું, અને પોતે નગરપાલોને ખબર આપવા રાજવાડા રસ્તે ગયા.

આ વખતે શાંતિરામના અગ ઉપર એક ધોતર શિવાય કાંઇ પણ વસ્ત્ર ન હતું. તેઓએ માલી પાસેથી ચાવી લઇ. પોતે પાછલા દરવાજેથી ગયા, અને રાજવાડા માર્ગ ઉપરના કમાની ફાટક પાસેના થાણા પરના એક સિપાઇને ખૂનની ખબર આપી, સિપાઇએ ભટ્ટજીને પોતાને સ્થાનકે જવા કહ્યું, અને પોતે પોતાના ઉપરી અમલદાર ધૂર્તલાલ કોટવાલને ખબર આપવા દોડયો.

આપણે આગળ જોઇ ગયા છૈએ, કે ધૂર્તલાલ કોટવાલે આ સિપાઇને બીજા બે ત્રણ સિપાઇઓ સાથે લઇ, ખૂનની જગાએ જવા કહ્યું હતું, અને કોઇને પણ શાંતિરામ કે કર્માદેવી સાથે વાત ન કરવા દેવા સખ્ત તાકીદ કરી હતી. સિપાઇએ કોટવાલનો હુકમ બરાબર બજાવ્યો. ત્યાર પછી થોડા જ સમયમાં ધૂર્તલાલ કોટવાલ પોતાની સાથે કેટલાક નગરપાલોના અધિકારીઓ અને સારી જેવી સંખ્યામાં નગરપાલો લઇ નંદભુવનના પાછલા વંડામા આવી પહોચ્યો. આવતાં વારજ તેણે એક સિપાઇને શાંતિરામ અને કર્માદેવીને નીચે બોલાવી લાવવા ઉપર મોકલ્યો ભટ્ટ અને કર્માદેવી "નંદલાલ શેઠના આગ્રહથી આ ઉપાધિમાંથી આપણે છૂટી ન શકયા, તેથી હવે કોણ જાણે કેવાં અનિષ્ઠ પરિણામ ભોગવવાં પડશે," એ વિષયપર વિચાર કરતાં હતાં, તે વખતે પેલા સિપાઇએ "શાંતિરામજી ! આપને અને કર્માદેવીને કોટવાલસાહેબ નીચે બોલાવે છે," એ

પ્રમાણે કોટવાલની આજ્ઞા કહી સંભળાવી. શાંતિરામે ઝટ અંગ ઉપર કપડા પહેરી, કર્માદેવીસાથે તે નીચે આવ્યા. કે તરત કોટવાલે તે બન્નેને સિપાઇ સાથે પોતાની મુખ્ય કચેરીમાં મોકલાવી આપ્યાં, અને તેને આજ્ઞા કરી કે "આ બન્ને જણુ પોત પોતામાં વાત ન કરી શકે, એવી રીતે દરેકને જૂદા જૂદા ઓરડામાં બેસાડજે." ત્યાર પછી તેણે નદભૂવનને ચારે બાજુથી સિપાઇઓથી ઘેરી લીધું, અને દરેક ઠેકાણે સખ્ત હુકમ કર્યો, કે "કોઇને પણ જેમ બંગલાથી બહાર જવા ન દેવો, તેમ કોઇને અંદર પણ પ્રવેશ કરવા દેવો નહી. કદાચ નદલાલ શેઠ પોતે પણ આવે. તો તેને પણ આ હુકમ કહી સભળાવવો."

આટલુ કામ પતાવ્યા પછી કોટવાલ ખૂનવાળી જગાએ આવ્યો, જયાં તેણે એક પછેડી, એક સ્ત્રીને પહેરવાની સપાટ, અને એક મોટો છરો, પડેલાં જોયાં, જે તેણે તરત પોતાના સ્વાધીનમાં લઇ લીધા તેજ વખતે વંડામાંના એક સિપાઇએ કોટવાલને બૂમ પાડી જણાવ્યું:—

"સાહેબ અહીં સ્ત્રીને પહેરવાની એક સપાટ, એક પુસ્તક, અને પુરૂષને પહેરવાનો એક જોડો, પડયાં છે. આપ ફરમાવો તે પ્રમાણે તેમની વ્યવસ્થા કરીએ.'

"આ સર્વ જણુસો અહીં લઇ આવ," કોટવાલે હુકમ કર્યો સિપાઇ તે જણુસો કોટવાલ પાસે લઇ આવ્યો, અને કોટવાલે તે જણુસો પણ પોતાના સ્વાધીનમાં લીધી ત્યાર પછી કોટવાલે ડેલા અને શબની બારીક તપાસ કરી, અને તપાસમાંથી પોતાને જે ઉપયોગી લાગ્યું, તેની સંક્ષિપ્ત નોંધ કરી લીધી. પોતાના કાર્યમાં કોઇપણ તરેહની ખામી ન જણાય, એ હેતુથી તેણે એક પગીને બોલાવ્યો, અને તેને ખૂનીનાં પગની નિશાની કયાં સુધી મળી આવે છે, તે શોધી કાઢવા આજ્ઞા કરી

ખૂનસંબધી આવશ્યક તપાસ થઇ રહી, એટલે કોટવાલે એક સિપાઇને પંચનામું કરવા કોઇ પાંચ જણુને તેડી લાવવા

આજ્ઞા કરી થોડાજ વખતમા તે સિપાઇ ત્રણ વૈશ્ય, એક બ્રાહ્મણ, અને એક રજપૂતને તેડી લાવ્યો કોટવાલે તેમને સ્ત્રીનું શબ, શબપાસેથી મળી આવેલાં પછેડી, સ્ત્રીને પહેરવાની એક સપાટ, છરો વગેરે બતાવ્યાં. ત્યાંથી તેમને તે ડેલા બહાર વડામાં લઇ ગયો, અને જે ઠેકાણેથી એક સિપાઇને બીજી સપાટ, એક પુસ્તક અને પુરૂષને પહેરવાનો એક જોડો, મળી આવ્યાં હતાં, તે સ્થળ બતાવ્યુ, અને શબ પાસે મળી આવેલી સપાટ સાથે બીજી સપાટ સરખાવી, બન્ને સપાટો જોડીજ છે, એવી ખાતરી કરી આપી. ત્યાર પછી કોટવાલ અને પંચ જે ડેલામા ખૂન થયુ હતું, તે ડેલાપાસેના દરવાજાપાસેથી જે દાદર ઉપર જતો હતો, તે દાદરપરથી ઉપર ગયા ઉપર પહોંચતાંજ દાદરપાસે તેઓએ એક બીજો જોડો જોયો, જે નીચે વડામા મળી આવેલા જોડાની જોડીનોજ જણાયો. ત્યાંથી તેઓ શાંતિરામ ભટ્ટની બેઠકપાસે ગયા, જ્યાં પણ તેઓને જોવા જેવુ જે જણાયુ તે સર્વે જોઇ લીધું કોટવાલ પંચને આ સર્વ બતાવતો હતો, તે વખતે તે ક્ષણે ક્ષણે શાતિરામપર અઘટિત આક્ષેપ કરતો રહ્યો હતો

પંચને બતાવવા જેવુ હતું, તે સર્વ જોવાઇ ગયુ, એટલે કોટવાલે એક પંચનામું ઘડી કાઢયું, અને પંચસમક્ષ તે વાંચી સભળાવ્યું. પચે પંચનામું બરાબર છે, એમ ખાતરીથી જણાવ્યું, એટલે કોટવાલે તે પર સહી કરવા જણાવ્યુ. પંચે પોતાની સહીઓ કરી, એટલે કોટવાલે પંચનામું પોતા પાસે રાખ્યું. આ પંચનામું આ પ્રમાણે હતું —

" આજદિને નંદભુવનના પાછલા વંડાના મધ્ય ડેલામાં સવારનો પહેલો પ્રહર વ્યતીત થયા પછી, નામ ઠામ જેનું જણાઇ શકયું નથી, તેવી કોઇ એક સ્ત્રીનું ખૂન કરવામાં આવ્યું છે ખુનીએ આ સ્ત્રીનાં નાક, આંખ, અને હોઠ કાપી નાંખ્યા છે. ખૂનવાળી જગ્યાએ એક છરો, એક સપાટ, અને એક પછેડી, મળી આવ્યાં હતાં, જે કોટવાલે પોતાનાં સ્વાધીનમાં લીધાં છે. સપાટની જોડીની બીજી સપાટ, એક પુસ્તક, અને પુરૂષનો એક જોડો, વંડામાંથી

મળી આવ્યાં હતાં, જે પણ કોટવાલે પોતાના સ્વાધીનમાં લીધાં છે. વંડામાંથી મળેલા જોડાના જોડીનો જોડો શાંતિરામ ભટ્ટની બેઠકમાથી મળી આવ્યો હતો

(સહી) શા. પુલચંદ ઉત્તમચદ ઝવેરી દા. પોતે.

(સહી) શા. હુકમચંદ અનુપચંદ દા. પોતે

(સહી) શા. ટોપણચંદ ઠાકોરદાસ દા. પોતે

(સહી) ત્રિવેદી નવલરામ પદમારામ શર્મા દા. પોતે.

(સસી) સોઢા ગોડજી અજીતસિંહ દા. પોતે ”

પચનામુ થઈ રહ્યુ, એટલે કોટવાલે શબને વૈદ્યકીય તપાસ માટે ઔષધશાળામાં મોકલી આપ્યું હવે તેને અહીં બીજું કાંઇ કામ કરવાનુ ન હતું, એટલે તે શાંતિરામ અને કર્માદેવીની વ્યવસ્થા કરવા પોતાની મુખ્ય કચેરી તરફ રવાના થયો અહીં આવી તેણે પ્રથમ શાંતિરામ અને કર્માદેવીને તરત રાજ્યના મુખ્ય કારાગારના ભોંયરામાં જૂદે જૂદે સ્થાનકે મોકલી આપવાનો હુકમ કર્યો, અને ત્યાર પછી એક સિપાઇને મરનાર સ્ત્રીની ઓળખાણ મેળવવા આખા શહેરમાં ઢઢેરો પીટાવી ખબર કાઢવા હુકમ કર્યો ત્યાર પછી કોટવાલે રાજ્યના જૂદા જૂદા ભાગોમાં આ બાબતની ધોરણસર ખબર આપવાની ગોઠવણ કરી, પોતે આજના ભયંકર બનાવની મહારાજાને ખબર કરવા, દુર્બલસિંહના દરબારમાં ગયો.

ધૂર્તલાલ કોટવાલે મહારાજા દુર્બલસિંહને નદભૂવનમા થયેલા સ્ત્રીના ખૂનના સંબંધમાં જે વિગતો જણાવવા જેવી હતી, તે સર્વે જણાવી. તેજ વખતે મહારાજા દુર્બલસિંહ પાસે વાઘો ખવાસ હાંફલો ફાંફલો દોડતો આવ્યો. દોડતાં શ્વાસ ચડી આવ્યો હતો, એટલે થોડીવાર મહારાજા પાસે શુન્ય ઉભો રહયો. ત્યાર પછી તેણે મહારાજાને ઉદ્દેશી જણાવ્યું —

“ ખુદાવિંદ ! જુલમ ! જુલમ ! આજે બીજા પ્રહરે હું મહારાણી કેસરબાને ત્યાં જતો હતો, તે વખતે આપણા દરબારગઢમાં રાણી

વખ્તુબાના આવાસના દ્વાર પાસે દરવાણી ઓટલાપર પડેલો હતો. તેના ગરદનમાંથી પુષ્કળ લોહી નીકળતુ હતું, અને તે પોતાનો છેલ્લો શ્વાસ લેતો હતો. "ચાલ, જીવ! હજી કંઈક અંદર જોઈએ," એવો વિચાર આવતાં, હું અંદર ગયો. અંદર દિવાનખાનાના એક ખૂણામાં એક વિરામાસનપર કમલા દાસી ચત્તીપાટ પડેલી દેખાઈ, ગળામાં ફાંસો હતો, હાથ પગ બાંધેલાં હતાં, અને મોંમાં ડૂચો મારેલો હતો મે ગભરાટમાં "વખ્તુબા" "વખ્તુબા"! બૂમ પાડી, પણ જવાબ ન મળ્યો, એટલે હુ આખો આવાસ ફરી વળ્યો, પણ મારી અજાયબી વચ્ચે વખ્તુબા દેખાયા નહીં. હુ દોડતો અંતઃપુરમાં કેસરબા મ્હારાણીને ખબર આપવા ગયો, અને મહારાણીએ મને આ ખબર આપ ખુદાવિંદને આપવા અહી મોકલ્યો છે."

"એકજ દિવસમાં ત્રણ ત્રણ ખૂન! ગજબ! ધૂર્તલાલ! તમે ઝટ જઇ દરબારગઢમાં થયેલા બે ખૂનની બારીક તપાસ કરો, અને ખૂનીઓને શોધી કાઢવા તજવીજ કરો. વખ્તુબા કયાંક પલાયન કરી ગઇ હોય એમ લાગે છે, પરંતુ આ વખતે આ વાત કોઇને કાને ન જાય, તેની સંભાળ રાખજો," મહારાજાએ કોટવાલને આજ્ઞા કરી.

કોટવાલ મહારાજાની આજ્ઞાને માન્ય કરી, નમન કરી, દરબારગઢ તરફ ગયો. આ બાજુ નંદભૂવનમાં થયેલા સ્ત્રીના ખૂનની વાત, અને મહાત્મા શાંતિરામ અને કર્માદેવીને ધૂર્તલાલ કોટવાલે શક પરથી પકડયા છે, તે વાત આખા નગરમાં પવન વેગે પ્રસરી ગઈ નંદલાલ શેઠે પહેલાં તો તે વાત માની નહીં. પરંતુ બુમાટો જબરો હતો, એટલે નંદભૂવનમાં ખબર કાઢવા શેઠ પોતે આવ્યા. પાછલા વંડાના મધ્ય ડેલામાં ખૂન થયું છે, અને કર્માદેવી અને શાંતિરામને શક પરથી પકડી ગયા છે, એ વાતની ખબર મલી. શેઠે અંદર જવા માગ્યું. નંદભૂવનને ઘેરો ઘાલી ઉભેલા સિપાઇઓએ શેઠને અંદર જતાં અટકાવ્યો, એટલે તેમણે "નગર પાલોને શાંતિરામ અને કર્માદેવીને કયાં લઇ ગયા છે," એ પ્રશ્ન પૂછયો,

"કોટવાલની મુખ્ય કચેરીમા લઇ ગયા છે," એ પ્રત્યુત્તર મળતાં, પોતે ત્યાં ગયા કોટવાલના હાથ નીચેના અમલદારોએ "આપને ઉપર જવા દેવાની અમને મનાઇ કરવામા આવી છે" એવો કોટવાલનો હુકમ શેઠને જણાવી દીધો. ભવિષ્યમાં શુ થશે, તે શેઠના મગજ માં તરી આવ્યું શેઠ અતિ ગભરાયા. શું કરવું તેની સૂઝ પડી નહીં. આખરે શેઠ ખુદ મહારાજા દુર્બલસિંહના દરબારમાં આવ્યા, અને પોતાને ન મળેલી દાદ મહારાજા પાસેથી માગી.

"નદલાલ શેઠ! તમે જાણો છો, કે કોટવાલ મારી પ્રજાના રક્ષકોનો ઉપરી અમલદાર છે. આવા ગંભીર અપરાધ કરનારને શોધી કાઢવાનું કામ તેનું છે. અને તે પોતાનું કાર્ય કાયદા પ્રમાણે પોતાને ઠીક લાગે તેમ કરે, તેમાં અમારાથી વચ્ચે આવી શકાય નહીં ખૂનના સંબધમાં જ્યાંસુધી સત્તાવાર ખબરો મળી નથી, ત્યાસુધી અમારાથી વચ્ચે પડી શકાય નહી"

"મહારાજાધિરાજ! મહાત્મા શાંતિરામ અને પવિત્રમૂર્તિ ર્મદેવીનુ જે અઘટિત અપમાન થયું છે, તેથી આપશ્રીની પ્રજા અતિ ઉશ્કેરાઇ ગઈ છે, અને જબરો કોલાહલ થયો છે," શેઠે કહ્યુ.

મહારાજાએ "ઠીક છે, એ સંબંધી હું તપાસ કરૂ છું," એમ કહી, ચોપદારને બોલાવ્યો.

"ચોપદાર! કોટવાલ બહારના દરબાર ગઢમાં ખૂન બાબત કાંઇ તપાસ કરવા ગયા છે, તેમને અહીં જલદી તેડી લાવ."

ચોપદાર મહારાજાના હુકમને માથે ચડાવી નમન કરી, કોટવાલને તેડવા ગયો. કોટવાલ ચોપદારને રસ્તામાંજ મલ્યો, એટલે તેણે તેને મહારાજાની આજ્ઞા કહી સંભળાવી. કોટવાલ ત્વરાથી મહારાજા પાસે આવી પહોંચ્યો.

"શી આજ્ઞા ખુદાવિંદ!" કોટવાલે મહારાજાને નમન કરી પૂછ્યું.

"આપણા નગરશેઠ અહિં આવ્યા છે, તે જણાવે છે, કે શાંતિરામ અને કર્માદેવીને ખુની ગણી કેદ કર્યા છે, તેથી નગરમાં ભારે ચર્ચા ફેલાઇ રહી છે. ભટ્ટ અને દેવી યોગી મહાત્મા હોવાથી તેઓથી આવું ઘોર કૃત્ય થઇશકે નહીં, અને તે કારણથી તેમને નિર્દોષ ગણી મુકત કરવા જોઇએ;" મહારાજાએ કોટવાલને જણાવ્યું.

"મહારાજા આપ નેકનામદાર હજુરશ્રીની આજ્ઞા હું આપનો તાબેદાર ગુલામ કદાપિ ઉલ્લંઘન કરીશ નહી ! પરંતુ આપ નામદારને જણાવવું જોઇએ, કે આવા આશ્ચર્યકારક બનાવનો ભેદ મારાથી હાલ બહાર પાડી શકાતો નથી એકજ દહાડામાં ધોળે દિવસે થતાં ખુન શું દેખાડે છે? આવા ભેદી ખુનોનો પ્રપંચ બહુ મોટો છે, અને તેમાં સારા સારા માણસોના હાથ છે, એટલે સંપૂર્ણ તપાસ થયા શિવાય તેમને છોડી મૂકવા, તે મને જોખમ ભરેલું લાગે છે જો તેમને છોડી મૂકીએ, તો ભવિષ્યમાં આવા ઘણાં ખૂન થવાનો સંભવ છે. આપણા કાયદા પ્રમાણે મેં હજી પુરતી તપાસ કરી નથી, એટલે અધુરી રહેલી તપાસની વચ્ચમાં હું કાંઇપણ કહેવાને અશકત છુ નંદભૂવનમાં થયેલા ખુનનો ભેદ પ્રસિધ્ધિમાં આવશે, ત્યારે નંદલાલ શેઠને પોતાને પણ બહુ શોચવું પડશે. જેને નંદલાલ શેઠ પૂજ્યબુધ્ધિ રાખી મહાપુરૂષ ગણે છે, તેમનાજ હાથ આ ખુનમાં છે, અને મને આશા છે, કે તે માટેના મુદ્દા સાક્ષીઓ વગેરે યોગ્ય વખતે રજુ કરી, નંદલાલ શેઠને તેમજ આપણી પ્રજા જનને ખાતરી કરી આપવા, હું ભાગ્યશાળી થઇશ. હવે જેવી આપ નામદારની આજ્ઞા," કોટવાલે મહારાજાને ઉદ્દેશી જણાવ્યું.

"નંદલાલ શેઠ ! પ્રજાના રક્ષણ માટે જેને સત્તા આપવામાં આવી હોય, તેના કામની વચ્ચે આવવુ, એ અમને ઠીક લાગતું નથી. કાયદો બધાને માટે સરખો છે. કાયદો ખુદ અમારા પોતાના ઉપર પણ અમલ કરી શકે એમ છે, એટલે હું દિલગીર છું, કે અમારાથી આ કામમાં વચ્ચે પડી શકાશે નહીં. તમે અમારા નગરના માનવંતા સાહુકાર છો, એટલે ન છુટકે તમારીપાસે કહેવુ પડે છે, કે, ખુદ અમારા જનાનામાં જયાં કોઇપણ અજાણ્યા મનુષ્યને

પ્રવેશ કરવું દુર્ઘટ છે, છતાં તે જગાએ પણ બે ખૂન થયાં છે. જેવાં તેવાં માણસો આવું કર્મ કરવા હિમ્મત ધરી શકે કે? કોટવાલના કહેવા પ્રમાણે આ ખૂનમાં તથા દરબારીગઢના ખૂનોમાં ભટ્ટ અને દેવીનો થોડે ઘણે અંશે પણ હાથ હોવા શિવાય, કોટવાલ આમ સત્તા વાપરે કે? શેઠજી! જેને આપણે મહાપુરૂષો ગણતા હોઇએ, અને જેના ઉપર આપણે શંકા જ ન કરી શકીએ, તેપણ સમયપરત્વે અધમમાં અધમ કાર્યો કરવામાં પ્રવૃત્ત થયાના ઘણા દાખલા મળશે. આ કારણને લીધે શેઠજી અમે ઘણાજ દીલગીર છીએ, કે તમારે માટે અમે કાંઇ કરી શકતા નથી. તમારા જેવા સદ્‌ગૃહસ્થો મારા રાજ્યમાં વસે છે, તે ખરેખર રાજ્યને અભિમાન લેવા યોગ્ય છે. તમે વિવેકી છો. એટલે આ બાબતમાં અપમાન જેવું ગણશો નહી; તેમજ મનમાં ખેદ આણશો નહીં. અમે તમને ખાતરી આપીએ છીએ કે, વિના કારણે ભટ્ટજી અને દેવીને કોઇપણ જાતે દુઃખ દેવામાં આવશે નહીં, અમે પોતે પણ પ્રત્યેક પળે કાળજી પૂર્વક ભટ્ટજી અને દેવીની ખબર કઢાવતા રહીશું, અને કાયદાની રૂએ તપાસ કરતાં ભટ્ટજી અને દેવી નિર્દોષ જણાશે, તો તેમને માનપૂર્વક મુકત કરીશું. ખૂન તેમણે કર્યું છે, એમ સિદ્ધ નહીં થાય, તો તેમને કઇપણ થવાનું નથી કાયદાની એવી ખૂબી છે, કે શક પડતાં રાજ્યકર્તા માલીકને પણ કાયદો પૂછી શકે છે. તે પણ કાયદાને આધીન છે. કાયદો તેના ઉપર પણ અમલ કરે છે કાયદો કાંઇ ગરીબો માટેજ લાગુ પડે, ને ઈતરને લાગુ ન પડે તેમ નથી," મહારાજાએ નંદલાલને જણાવ્યું.

નંદલાલ શેઠ આ બધુ સાંભળી, દીંગ થઇ ગયા. કોટવાલના "નંદલાલને પોતાને પણ શોચવું પડશે" એ ઉદ્‌ગારોથી નંદલાલ શેઠના મન ઉપર ભયભીત અસર થઈ, હૃદય ધ્રૂજવા લાગ્યું, છતાં અતિ મુશ્કેલીથી આંતર ભાવ છૂપાવી મહારાજાના શબ્દોને અનુમોદન આપી, નિરાશ થઈ રાજાની આજ્ઞા લઇ, શેઠ વિદાય થયા. તેમના ગયા પછી કોટવાલે મહારાજાને જણાવ્યું:—"નામદાર મહારાજા! નંદલાલ શેઠના બંગલામાં જે સ્રીનુ ખૂન થયું છે, તેને ઓળખવા આખા શહેરમાં, ડાંડી પીટાવી ખબર કરી, તથાપિ

તેનો કોઇ વાલી વારસ હજી સુધી બાહેર જાહેરમાં આવ્યો નથી. તે શબની વૈદ્યકી તપાસ થઇ ગઇ છે. હવે આપ નામદાર હજુરની આજ્ઞા થાય, તો તે શબને અગ્નિસંસ્કાર કરવામાં આવે"

"અમે ખૂનીઓના હાથે ભોગ થયેલી પેલી અજાણ સ્રીના શબને, તેમજ દરવાણી અને કમલા દાસીના શબને, અગ્નિસંસ્કાર કરવાની રજા આપીએ છીએ. રાણીના પલાયન થઇ જવાની વાત ઘણી ગુપ્ત રાખજો, અને તે બાબતની શોધ પણ ગુપ્ત પણે કરજો કૂવાઓ, નદી, નાળા, તળાવો, વિગેરે સર્વ સ્થળે શોધ કરજો. બીજું શાંતિરામ અને કર્માદેવીને પકડયા પછી, અમરાવતીની પ્રજામાં ખળભળાટ ઘણો થઇ રહ્યા છે, એટલે કદાચ કાઇ દગો ફટકો થાય, અને સુલેહ શાંતિમા ખલલ પહોંચવા જેવો તમને ભય લાગતો હોય, તો અમે સેનાધિપતિને હુકમ કરીએ, કે તમને બનતી મદદ કરે. આપણી હાજરી છતાં, ધોળે દિવસે આવા કૃત્યો થાય, તો આપણી નબળાઇ ગણાય, અને પ્રજાની નજર પાસે આપણે હલકા પડીએ. માટે જો આવાં કાવતરાં અમરાવતીમાં ચાલતાં હોય, તો તેને જલદીથી જડ મૂળથી કાઢી નાંખવા જોઇએ, અને કાવતરાં કરનારાઓને પકડી, ઘટતી શિક્ષાએ પહોચાડવા જોઇએ. રાજયમાં આવી વ્યવસ્થા ચાલુ રહેશે, તો આપણા શત્રુઓ પણ જાગૃત થશે," મહારાજાએ કહ્યું.

"આજના બનાવોનો ભેદ હું થોડા કાળમાંજ આપ હજુરશ્રીની સેવામાં નિવેદન કરીશ આપની આજ્ઞાનુસાર વખ્તુબાની તપાસ કરવા માટે આખા દેશના નગરપાલોને ગુપ્ત રીતે ખબર દેવામાં આવી છે, પરંતુ હજીસુધી ખબર મલી હોય, તેમ દેખાતું નથી. આવી જાતનું કાવતરૂં કેવી રીતે ઉભું થયુ, અને તેમાં કોણ કોણ સામેલ છે, તે પકડેલા તહોમતદારોની તપાસ થયા પછી ચોક્કસ કહી શકાશે. હવે હું બાકી રહેલી તપાસ પૂરી કરવા રજા લઉછું," એમ કહી મહારાજાને નમન કરી, કોટવાલ પોતાના વડા મથક તરફ ગયો.

પ્રકરણ ૨૪ મું.

સંકટમાં પણ નિર્વેદ.

स एष धन्यो विपदि स्वरुपं न विमुंचति ।
त्यजत्यर्ककरैस्तप्तं हिमं देहं न शीतताम् ॥ *

Though fortune's malice overthrow my state,
My mind exceeds the compass of her wheel. +

Shakespeare

આપણા પ્રાચીન આર્ય ધર્મગ્રન્થોએ સ્ત્રીઓને અમર્યાદિત સ્વતંત્રતા આપવાનો નિષેધ કર્યો છે. સ્વચ્છન્દી સ્ત્રી પોતાના પતિના તેમજ પિતાના એ પ્રમાણે બન્ને કુલોને બોળે છે.

स्वातंत्र्यं पितृमंदिरे च वसतिर्यात्रोत्सवे संगति-
र्गोष्ठीपुरुषसन्निधावनियमो बासो विदेशे तथा ।
संसर्गः सह पूंश्चलीभिरसकृद् वृत्तेर्निजायाः क्षतिः
पत्युर्वार्धकमिप्सितं प्रवसनं नाशस्यहेतुः स्त्रियाः ॥

पंचतंत्र ॥

સ્વતંત્રતા, પિતાને ઘેર નિવાસ, મનુષ્યના મેળાવડામાં એકલા જવું, પરપુરૂષ સાથે છાની વાતો, અમર્યાદિત વર્તન, પતિનો પરદેશમાં વધુ નિવાસ, કુટ્ટિનીની સંગતિ, ભરણ પોષણનાં સાધનોનો અભાવ, પતિની વૃદ્ધાવસ્થા, અને સ્વેચ્છાએ પ્રવાસ, એટલાં વાનાં સ્ત્રીઓને ભ્રષ્ટ કરે છે.

---

* વિપત્તિકાળમાં પણ જે પુરૂષ પોતાના સ્વરૂપનો ત્યાગ કરતો નથી, તેવા પુરૂષને ધન્ય છે. બરફ સૂર્યના કિરણોથી તપે છે, ત્યારે તે પોતાનું શરીર મૂકી દેછે, પણ શીતતા મૂકતુ નથી.

+ ભલે દૈવનો દ્વેષ મારી દશા વિપરીત કરે, પરંતુ મારૂ ચિત્ત તો તે ચક્રની મર્યાદાથી દૂર જ રહેવાનું. (શેક્સપીઅર)

મંજુલાની સ્વતંત્રતા, પિતાના ઘરમાં નિવાસ, કુટ્ટિની કપટ-કળાની સંગતિ, વગેરે સંયોગોએ તેણીને ભ્રષ્ટતાની પરાકાષ્ટાએ પહોંચાડી છે, એ વાત વાંચકવૃંદથી અજ્ઞાત નથી. તેણીના પિતા નંદલાલ શેઠ પણ તેણીના અધમાચારથી કંટાળી ગયા, અને આખરે તેણીને જૂદી કાઢી આટલું થતાં પણ મંજુલા સુધરી નહીં. પરણી ત્યારથીજ તે પતિને પશુ સમાન માનતી, અને તેની અવગણના કરતી એટલે પિતાથી જૂદી રહેતાં, પતિ તરફ પૂજ્યબુદ્ધિ રાખતી કે તેની મર્યાદામાં રહેતી થાય, એ તદ્દન અશક્ય હતું. જ્યાંસુધી તેણીનો પિતાના ઘરમાં વાસ હતો, ત્યાંસુધી તે પિતાની કાંઇક અંશે મર્યાદા રાખતી, પરંતુ તે સાહસિક હોવાથી જ ત્યાં તે દુષ્ટ કાર્યોમાં પ્રવૃત્ત થતી પિતાથી તે જૂદી થઇ, એટલે હવે પિતાની જે મર્યાદા હતી, તે તૂટી, અને મંજુલા પ્રથમ કરતાં વધુ સ્વચ્છંદાચારી થઇ, અને દુષ્ટ કાર્યોમાં વધુ સાહસિકતાથી પ્રવૃત્ત થતી ગઇ.

How sharper than a serpent's tooth, it is to have a thankless child. (Shakespeared).

આંગ્લ કવિ શેક્સ્પીઅર જણાવે છે, કે કૃતઘ્ની બાળક સર્પના ઝેરી ડંશ કરતાં વધુ ખરાબ છે

सर्पदुर्जनयोर्मध्ये वरं सर्पो न दुर्जनः
सर्पो दशति कालेन दुर्जनस्तु पदेपदे ॥

સર્પ અને દુર્જનની સરખામણીમાં, સર્પ સારો પણ દુર્જન સારો નહીં સર્પડંશથી મૃત્યુ થાય છે, પરંતુ દુર્જનનું દુઃખ પગલે પગલે સાલે છે.

दुर्जनस्य विशिष्टत्वं परोपद्रवकारणम्
व्याघ्रस्य चोपवासेन पारणं पशुमारणम् ॥

દુર્જનમાં જે વિશેષતા છે, તે એજ છે, કે પારકાનો તે ઉપદ્રવ કરે છે; વ્યાઘ્ર ઉપવાસ કરે, તે વધુ પશુ મારવા માટેજ.

નંદભૂવન બંગલામા જે સ્રીનું ખૂન થયું છે, તે ગુન્હા બદલ મંજુલા બહુ હરખાઇ, પણ પોતાને વાણીઆવાડવાળી જગામાં પિતાશ્રીએ જૂદી કાઢી છે, તેથી મંજુલાને પશ્ચાતાપ થવાને બદલે ઉલટો આવેશ વધ્યો હતો. ભટ્ટજી અને દેવી ઉપર મંજુલાની શિખવણીથી ધુર્ત્તલાલે ખુની તરીકે તહોમત ઢોળી દીધું, એમ મંજુલાએ સાંભળ્યુ, ત્યારથી તે મનમાં બહુ મલકાઇ. "ધૃર્તલાલ હમણા કઇ જગાએ હશે? સાયંકાલ થઇ ગયો, રાત્રિ થવા આવી, મારે ધૃર્તલાલને ત્યાં હમણાં જવુ કે. આવતી કાલે'" એવા ડામાડોળ વિચારમાં મંજુલા ઉભેલી હતી. એટલામાં વસંત તેને ત્યાં મળ્યો મંજુલાને જોતાં વાર વસને કહ્યું, 'બેન! આજે મને હમણાંજ ખબર મળી છે. કે દેવી અને ભટ્ટજીએ આપણા નંદભૂવનમાં કોઇ સ્રીનુ ખૂન કર્યું છે, અને તે ગુન્હા માટે તેઓને પકડવામાં આવ્યાં છે ભલા બેન! હુ તને પૂછુ છુ, કે આવાં ઘોર કૃત્યો, ભટ્ટજી અને દેવીથી થઇ શકે? મને તો નથી લાગતું, કે આવા ગાય જેવા બ્રાહ્મણોથી આવી રીતે ખુન થાય?"

"ભાઇ વસત! તું હજી નાનો છે હજી સંસારનો તને પૂરો અનુભવ નથી તારી નાદાન વયમાં તું હજી શું સમજી શકે? ઠીક છે! અહીંના કર્યાં અહીંજ દેખાઇ રહે છે હવે આપણા પિતાશ્રીને પણ ખાત્રી થશે, કે ઠગારાઓ કેટલી હદ સુધી કૃતઘ્ની અને પાપી હૃદયના હોય છે," મંજુલાએ વસંતને કહ્યું

મંજુલા અને વસત વાતોમાં વળગ્યા છે, તે વખતે કોટવાલના એક માણસે "મંજુલા બેન! તમને અને વસતને ધૃર્તલાલ પોતાને ઘેર બોલાવે છે. પોતે હાલ પોતાની વડી કચેરીમાં છે, પણ તમે બંગલે પહોંચશો, એટલામાં તે તરત ત્યાં આવી પહોંચશે," આ પ્રમાણે કોટવાલના સમાચાર સંભળાવ્યા.

મંજુલાએ પોતાનું મસ્તક હલાવી, ત્યાં જવા પોતાની જીજ્ઞાસા જણાવી, "અને અમે ભાઇ બેન બન્નેજણ હમણાજ કોટવાલસાહેબને બંગલે આવીએ છેએ કોટવાલને તમો સમાચાર

આપજો, કે તમે જેમ બને તેમ જલદી બંગલે આવી પહોંચજો," એવી રીતનો કોટવાલના માણસને સદેશો આપ્યો.

"વસંત! કોટવાલ સાહેબે તને અને મને બન્નેને તેડાવ્યા છે. કાંઇપણ જરૂરી કામ હોવું જોઇએ.' કોટવાલનો માણસ ગયા પછી મંજુલાએ વસંતને કહ્યુ

"બેન! કોટવાલ પાસે હાલ મારૂં કામ નથી, અને હું આવીશ પણ નહીં. મને મારા મિત્રોને ત્યા ઉજાણીએ જવું છે. અલબત કોટવાલની સાથે આપણો પરમ સ્નેહ હોવાથી, તેમને ઘેર જવું કોઇપણ રીતે અયોગ્ય નથી. પરંતુ બેન! તું મારાથી ચાર વર્ષ મોટી છો, એટલે જેવી રીતે વ્યવહારમા તું સમજે, તેટલુ હું ન સમજી શકું, એટલે તું ખુશીથી જા કોટવાલ મારા માટે કાંઇપણ કહે, તો તું મને સમજાવજે કદાચ મારૂ કામ પડયું, તો હું તારાથી કયા દૂર છું?" વસંત આ પ્રમાણે જણાવી, બેનની રજા લઇ ચાલતો થયો

મંજુલાએ કોટવાલની સાથે ખાનગીમા સલાહ કરી રાખી હતી. વસંત તેથી તદ્દન અજાણ્યો હતો, અને કદાચ કોટવાલને ત્યાં કેટલીક ગુપ્ત બાબતો વસંતના જાણવામાં આવી જાય, તો કાર્યમાં વિઘ્ન નડે, અને વસંત વહેમાય, એટલે તેણીએ વસંતને સાથે તેડી જવા યોગ્ય ન ધાર્યું, અને તે હેતુથી તેને જવા દીધો, અને પોતે કોટવાલને બંગલે ગઇ

કેમ પ્રિયે! કેવી બાજી ગોઠવાઇ? હવે આ તારો પ્રિયતમ, શાતિરામ અને કર્માદેવીની કેવી જડ કાઢે છે, તે જોજ પરંતુ જો કદાચ ન્યાયની વખતે તારે અને વસંતને અદાલતમાં સાક્ષી આપવી પડે, તો તમે ભાઇ બેન કેમ કરશો?" કોટવાલે મંજુલાને આવતાં વાર પૂછયું.

"હું તો મારા પિતાથી જૂદી રહી છું, એટલે મારે હવે કોઇની બીક નથી. પણ વસંત સાક્ષી તરીકે અદાલતમાં આવવા

કબુલ કરે, એમ મને લાગતુ નથી મને આશા તો છે, કે તે મારા વચનનો ઉલ્લંઘન કરશે નહી ભટ્ટ અને દેવીને તમે અજબ રીતે પકડયા તો ખરા, પણ મારા પિતાજી બહુ શ્રીમાન્ અને રાજ્યમાં વગવસીલાવાળા છે, એટલે તે કદાચ ભટ્ટ અને દેવીને મુક્ત કરાવવા છૂટ હાથે પૈસા ખરચે, અને પોતાથી બને, તો તેમને મુકત પણ કરાવે. એ મને ભય લાગે છે. તેમને તમે કયી જગાએ રાખ્યા છે? હુ તેમને આ વખતે કારાગારમાં આપની રૂબરૂ મળવા ઇચ્છા રાખું છું. તેમની દુર્દશા જોવાની મારી મનઃકામના થઇ છે મારી આ વિનતિ સ્વીકારશો ?" મંજુલાએ કોટવાલને જણાવ્યું

"પ્રિયે મંજુલા ! તારી માગણી ગમે તેવી હશે, તે હું સ્વીકારવા તત્પર છુ તારી ઇચ્છા મને પણ ગમે છે. ભટ્ટ અને દેવીની દુર્દશા જોવાથી આપણને બન્નેને સારી ગમ્મત મળશે. મારી સત્તા પાસે નંદલાલ શેઠના શા ભાર છે, કે તે ભટ્ટને કે કર્માદેવીને છોડાવી શકે ? બિચારો નદલાલ મહારાજા સુધી તો પહોચી ગયો, પણ ત્યાં મે તેનું કાંઇ વળવા દીધુ નથી જો ! પેલી દરવાજા બહાર ગાડી ઉભેલી છે, તેમાં જઇ બેશ, હું હમણાજ આવ્યો "

મંજુલા કોટવાલના જણાવ્યા પ્રમાણે ગાડીમાં જઇ બેઠી. અને કોટવાલ પણ ઘરપ્રસંગમાં જોઇતો હુકમ કરી. જે ગાડીમાં મંજુલા બેઠી હતી, તેજ ગાડીમા મંજુલાને પડખે જઈ બેઠો, અને ગાડીવાળાને કારાગાર તરફ ગાડી હાંકવા આજ્ઞા કરી. ગાડી કારાગારના દરવાજાપાસે આવી પહોંચી. એટલે કોટવાલે મંજુલાને ગાડીમાંજ બેશી રહેવા જણાવી, પોતે ગાડીમાંથી ઉતરી, દરવાજાપાસે આવી, અંદરના સિપાઇને સાંકળ ઠોકી, સૂચના કરી. "કૌન હય" એવો અંદરથી અવાજ આવ્યો. કોટવાલે તેનો સાંકેતિક પ્રત્યુત્તર વાળ્યો, એટલે "હુકમદાર હઝુર કે" કહી, અંદરના દારોગાએ દરવાજો ખેલ્યો કોટવાલ ગાડીમાં બેઠો, અને ગાડી તુરંગની અંદર ચાલતી થઇ, અને તુરંગના ઉપરી અમલદારના બંગલાપાસે આવી ઉભી. કોટવાલ મંજુલાને લઇ દંડગૃ-

હમાં ગયો. અને મુખ્ય અમલદારને પૂછયું, " ભટ્ટજી અને દેવીને કયાં રાખ્યા છે ? " " તેમને ખુની લોકોને રાખવાના ભોંયરામાં અલગ અલગ રાખ્યાં છે, " એવો અમલદાર તરફથી જવાબ મળતાં, તેને કોટવાલે પ્રથમ ભટ્ટજીને પોતાની પાસે તેડી લાવવા આજ્ઞા કરી. કોટવાલના હુકમ પ્રમાણે દારોગો ભોંયરાની કુંચી લઇ, ભોંયરૂ ઉઘાડી, ભટ્ટજીના હાથમાં તથા પગમાં બેડીઓ નાંખી, અંધારામાંથી દંડગૃહમાં તેડી લાવ્યો. કોટવાલે તેના તરફ ક્રૂર દૃષ્ટિ કરી, તિરસ્કારથી જણાવ્યું —

" નંદલાલ શેઠના ઘરમાં ઘણા દહાડા મફતના માલ મલિદા અને મિષ્ટાન્ન ભોજન કરી, આ શરીરને મસ્ત બનાવ્યું છે, તેનો હવે અહિં સારો ઉપયોગ થશે, અને આ મંજુલાને કરેલા અપમાનનો બદલો ઠીક લેવાશે. હરામખોર ! એક અબળા સ્ત્રીનું ખૂન કરી, તારા દંભથી મને ઠગી, તુ છૂટી જવાનો છે કે ? બોલ તેં પેલી સ્ત્રીનું ખૂન શામાટે કર્યું, તે જો તું સાચે સાચું કહી દઇશ, તો તું કદાચિત્ હજીપણ છૂટી શકીશ, નહીં તો હવે જરૂર મૂઓ સમજજે. આવું ગધેડા જેવું શરીર કરી, વિષય ભોગમાં મચ્યો રહે છે, તે તને શરમ નથી આવતી ? રાંડ કર્માદેવીથી તને સંતોષ ન થયો, એટલે આ બિચારી મંજુલા ઉપર પણ તે બલાત્કાર કરવા પ્રયત્ન કર્યો. મંજુલા હાથમાં ન આવી, એટલે આ મરનાર અબળાપર બળ અજમાવ્યું ? હે નીચ ! પાખંડી ! દુષ્ટ ! આ કોમલાંગી સ્ત્રીની હત્યા કરતાં તને જરાપણ દયા ન આવી ? ધિઃકાર છે તને ! "

" ભટ્ટજી ! કેમ મંજુલાના વાકય યાદ આવે છે કે ? તમને મેં તે દિવસે નહોતું કહ્યું, કે આ મંજુલાનું કહ્યું માનો. મારી અવગણના કર્યાના ફળ જોયાં ? હવે જોઈ લેજે મંજુલાના રૂપાટા, " મંજુલાએ શાંતિરામને કટાક્ષમાં જણાવ્યું.

" મનુષ્ય માત્ર જેટલો ઉંચો ચડે છે, તેટલો જ નીચે પડવાનો. શોકનું કારણ એજ છે, કે કોટવાલ સાહેબ મોટા અધિકારી છે, છતાં કાંઇપણ ખાતરી કર્યા શિવાય, જાણે મેંજ ખૂન

કર્યું હોય તેમ, બોલ્યા જાય છે. તમે બન્ને જણુ અભિમાનના આવેશમાં, જાણે સુખ દુઃખના દાતા તમેજ હો, તેમ વગર વિચારે બકવાદ કર્યાજ જાઓ છો. તમે નક્કી સમજજો, કેઃ—

सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेष ।
अहं करोमीति वृथाभिमानः
स्वकर्मसूत्रेण ग्रथितो हि लोकः ॥ १ ॥

સુખ અને દુ.ખનો દાતા કોઇ નથી. દુઃખને આપનારો કોઇ બીજો છે, એ માન્યતા માત્ર કુબુદ્ધિજ છે. "હું કરૂ છુ" એ અભિમાન વ્યર્થ છે. આ સૃષ્ટિમાં સર્વે લોક પોત પોતાનાં કમ-રૂપી સૂત્રથી ગુથાયલાં છે.

તમે બન્ને યુવાન છો, અને યૌવનના મદમાં યદ્વા તદ્વા બકવાદ કર્યા કરો છો. પરંતુ,

જ્યમ વાદળની છાંય, ચાર પળનો છે ચટકો;
મનમાં ચેતો મનુષ્ય, ખરો રાખીને ખટકો.
રાખ્યું તો નહીં રહે, રૂપને જોબન રૂડું,
વૃદ્ધ થઇને વેષ, કલંક રહેશે કુડું.
છે કોણુ રંક કે રાણિયો, રૂપ વૃદ્ધને બાળનું,
શામળ કહે, રાખ્યું નવરહે, સર્વ ચવેણુ કાળનુ.

કોટવાલ ! તમારા હાથમાં અમલ છે, અર્થાત તમારામાં જ્યાં અમલનો મદ છે, ત્યાં તમારી પાસે ન્યાયની આશા કયાં રખાય ! અભિમાનીને સારા નરસાનુ કે સત્યનું ભાન રહેતું નથી. મદમાં ઉન્મત્ત થયેલાઓને આંખો હોતી નથી. કર્માદેવીને મારી જન્મ-દાતા માતાની દૃષ્ટિ જોઉ છું, અને તમારી સાથે ઉભેલી આ મંજુલા જો કે કુલટા છે, છતાં તેને હું મારી દિકરીની દૃષ્ટિએ જોઉં છું, એ તમારા જેવા મદાંધોથી કયાંથી જોઇ શકાય ? કમળાના રોગ

વાળો સર્વે પીળુંજ જુએછે. કોટવાલ સાહેબ ! તમે અન્યાયી થશો. મારા જેવા કે કર્માદેવી જેવા નિર્દોષ પ્રાણીઓને પજવશો, તો તેમાં તમારૂં ભલું નથી. અમે તો એમ માનીએ છીએ, કે **यतो धर्मस्ततो जय** તમારા જેવા જુલમી અમલદારના હાથ નીચે, અમારા જેવા નિર્દોષોને વ્યર્થ સતાવવામાં આવશે, તો તમે નક્કી માનજો, કે તેમના શ્રાપરૂપી અગ્નિથી, તમે જોઇ ન શકશો-સમજી ન શકશો,-તેવી રીતે શનૈ શનૈઃ તમે, તમારૂ કુટુંબ, અને તમારા આ જૂલમી દોરને ઉત્તેજન આપનાર સર્વે, ભસ્મીભૂત થશો

કોટવાલ બનકે બેઠાયા, સદ્ર હો મુકરર,
ફાંસી કે ડરે, હુજારો ઓર કાપે ચોર થરથર,
આયા ફજાગા મિરગા જીમ્દમ છડી ઉઠા કર,
કુટવાલી ઓર સદારત, સબ હો ગઈ હુવા પર;
દો દિનકા ખોપ, ઓખતરા ઓર દર હુવા તો ફિર કયા
" નઝીર."

કોટવાલજી ! તમારી અમલદારી કોઇ વખતે જતી રહેશે, અને તમારાં કૃત્યનાં ફળ તમને અવશ્ય ભોગવવાજ પડશે. અમે તો શુ પણ અમારી સાત પેઢીમાંથી કોઇએ પણ, જ્યા કોઇને પણ કટુ વચનથી દુભાવ્યાં નથી, ત્યાં તેમનાથી આવું અઘોર કૃત્ય-આવુ અમાનુષી કાર્ય-થાય, એવી કલ્પના પણ તમારા જેવાનાજ મસ્તિષ્કમાંજ સભવે ! કૃષ્ણરામે પોતાના કલિકાલના મહિમામાં સાચું કહ્યું છે, કે.—

થોડા જોઇ અપરાધ, મહિરિયાને મારે;
બલવંતોનો બાધ, કરી શકે નહીં કયારે;
વરતાવે નહીં ધર્મ, રૈયત જનનો રીતે;
પોતે પણ સત્કર્મ, કરે નહીં કો દી પ્રીતે;
ઉત્તમ જનને આંચ, વિષયી નિત્ય દમતા;
વર્ષ ચાર કે પાંચ, એટલામાં આથમતા;

મંજુલાબાઇ ! આપના જેવી સ્રીઓને માટે એ જ કૃષ્ણદાસે **એમ જણાવ્યું છે કે:—**

પતિવ્રતાની પેર, નારી જનની નાઠી;
મરદાઇ ગઇ મહેર, માનનીઓ થઇ માઠી
દશ એકાદશ બાર, વર્ષે ગર્ભજ ધરતી;
વિંહ્વળ થઇ વ્યભિચાર, કામનીઓ બહુ કરતી;
થયા ધામના વેષ, આઠ હાથની સાડી;
લાજ રહી નહીં લેશ, તરૂણી ઉઠે તાડી.
ઠરી ન બેશે ઠામ, ઘરોઘરે અથડાતી;
દીલમા ધારી દામ, પરપુરૂષોને ચહાતી.
જીભે ભર્યું ઝેર, બકોર કરતી બોલે;
વરથી રાખે વેર, ડાકણ સરખી ડોલે

કોટવાલ, ' મજુલા ' તમે બન્નેજણ મલી કરી, મને તમારા હાથ બતાવવાની ધમકી આપો છો, પરંતુ તમે મને કરી શું શકવાના છો ? સંસારમાં તો મને કોઇ જાતનો રાગ નથી સુખ દુઃખ, તાઢ તડકો, વગેરે દ્વન્દ્વોને હું એકજ દૃષ્ટિથી જોનારો છું મૃત્યુથી હું બીતો નથી —

ધીર ધુરંધર શૂર સાચા ખરા,
મરણનો ભય મનમાંજ નાણે.
ખર્વ નિખર્વ દળ, એક સામા ફરે,
તરણને તુલ્ય તેનેજ જાણે૦ ધીર૦ ૧
મોહનું સેન, મહા વિકટ લડવા સમે,
મરે પણ મોરચો નવ ત્યાગે;
કવિ ગુણી પંડિત, બુદ્ધે બહુ આગળા,
એ દળ દેખતાં સર્વ ભાગે. ધીર૦ ૨
કામને ક્રોધ મદ લોભ દળમાં મુખી,
લડવા તણો નવ લાગ લાગે,
જોગિયાં જંગમ તપી ત્યાગી ઘણાં,
મોરચે ગયે ધર્મદ્વાર માગે; ધીર૦ ૩

એવા એ સેન શું અડી ખમ આખડે,
　　ગુરૂમુખી જોગિયા-જુક્તિ જાણે.
મુક્તાનંદ મોહ ફોજ માર્યા પછી,
　　અખંડ સુખ અટળપદ રાજ માણે, ધીર૦ ૪

હય આશક ઓર માશુક જહાં વાં,
　　શાહ વઝીરી હુએ બાબા,
ના રોના હય ના ધોના હય,
　　ના દર્દ અસીરી હય બાબા.
દિન રાત બહારેં, ચેહેંલી હય,
　　ઓર ઈશ્કસગીરી હય બાબા,
જો આશક હોવે, સો જાને,
　　યહ ભેદ ફકીરી હય બાબા.
હરઆન હસી, હરઆન ખુશી,
　　હર બકત અમીરી હય બાબા
જબ આશક મસ્ત ફકીર હુએ,
　　ફેર કયા દિલગીરી હુએ બાબા. ૧
હય ચાહ ફકીર એક દિલબરકી,
　　ફેર ઓર કિસીકી ચાહ નહીં
એક રાહ ઉસીસેં રખતે હય,
　　ફેર ઓર કિસીસે રાહ નહીં.
યાં જીતના રંજો તરદુદ હુએ,
　　હમ એકસે ભી આગાહ નહીં.
કુછ મરનેકા અફસોસ નહીં,
　　કુછ જીનેકી પરવાહ નહીં.
હર આન હસી, હર આન ખુશી,
　　હર બકત અમીરી હુએ બાબા.
જબ આશક મસ્ત ફકીર હુએ,
　　તબ કયા દિલગીરી હય બાબા. ૨

કુછ જુલ્મ નહીં, કુછ ઝોર નહીં,
　　　　કુછ દાદ નહીં, ફરીઆદ નહી,
કુછ કએદ નહીં, કુછ બંદ નહીં,
　　　　કુછ સબર નહીં, આઝાદ નહીં;
શાગીર્દ નહીં, ઉસ્તાદ નહીં,
　　　　વીરાન નહીં, આબાદ નહીં;
હય જીતની બાતેં દુનીઆકી,
　　　　સબ ભૂલ ગયે કુછ યાદ નહીં.
હર આન હસી હર આન ખુશી,
　　　　હર બક્ત અમીરી હુએ બાબા;
જબ આશક મસ્ત ફકીર હુએ,
　　　　ફેર કયા દિલગીરી હુએ બાબા.
　　　　　　　　　　　　નઝીર

મને મારે માટે કોઇપણ જાતની ચિંતા નથી, પરંતુ કોટવાલજી ! મારી એક તમને નમ્ર વિનતિ એ છે, કે મને તમે ગમે તેવું દુઃખ આપો, પરંતુ મારી માતાજી કર્માદેવીએ તમારો શું અપરાધ કર્યો છે, કે તેની પણ મારા જેવી જ દુર્દશા કરી છે ? તમે તેને મુક્ત કરશો, તોપણ ઇશ્વર તમારૂં કલ્યાણ કરશે."

"બહુ થયું. અહી તારા લાંબા લાંબા રાગડા કે વિદ્વતા કશી ચાલવાની નથી. આ નંદલાલ શેઠનું ઘર ન હોય, સમજ્યો ! તુ મહાત્માઓનો મોટો દંભ કરે છે, તે હુ જાણું છું. શું તું એમ સમજે છે, કે આ ઠેકાણે તારી વિદ્વતાથી ઠગાઇ, તને મુક્ત કરૂં ? ના, ના, એમ નહીં જ બને. અરે દારોગા ! અહીં આવ જલદી, અને આ દાંભિક, પાખંડી ધૂર્તને આપણા આ કારાગારની ખુલ્લી અગાશીમાં બે હાથે સજ્જડ બાંધી, ઉંધે મસ્તકે એક ખીંટી પર અધર લટકાવી દે. જો તે સમજી જાય, અને પોતાનો અપરાધ કબુલ કરે, તો મારી પાસે લઈ આવજે. તે મરી જાય, તેની મને જરા પણ પરવા નથી," કોટવાલે પોતાનો અધિકારમદ દર્શાવ્યો.

મહાત્મા શાંતિરામ આ દુષ્ટને કાંઈ કહેવા જતા હતા, પણ તેને બોલતાં અટકાવવામાં આવ્યો. દારોગાએ અતિ ઉદ્ધતાથી ભટ્ટજીના

હાથ ખેંચી, તેને તે કારાગારની અગાશીમાં લઈ ગયો, અને ત્યાં કોટવાલની આજ્ઞા પ્રમાણે તેની દુર્દશા કરી દારોગો કોટવાલ પાસેથી શાંતિરામને લઇ ગયો, એટલે કોટવાલે કર્માદેવીને તેડાવી. દેવી કોટવાલ સામે ઉભી રહી, તે વખતે તેનું આખું શરીર કંપતું હતું, અને શરીરનું સ્થિત્યંતર એટલુ થઇ ગયું હતું, કે તેને ઓળખવી પણ વિકટ હતું. કર્માદેવી આવી એટલે કોટવાલે તરત દુ:ખમાં રીબાતી દેવી પર વાગ્બાણોથી પોતાની નીચતાનો પ્રારંભ કર્યો --

"મંજુલા! જોઇ લે આ પાખંડી, ધૂર્ત, પિશાચના સહવાસનુ પરિણામ! કર્માદેવી સ્વભાવે કેવી ગરીબ દેખાય છે, પરંતુ તેણીએ વગર વિચારે યૌવનના મદમાં સ્થૂલ ભોગોની તૃપ્તિમાટે, બગ ભક્તનો સહવાસ સ્વીકાર્યો, તેથી તેણીની જીંદગી કેવી બગડી છે, તેનો આ પ્રત્યક્ષ દૃષ્ટાંત જોઈ લે. કામી પુરૂષો આ દેવી જેવી જે ભોળી સ્રીઓને મિષ્ટ શબ્દોથી પોતાની જાળમાં સપડાવી લે છે, તેમની પાછળથી કેવી દુર્દશા થાય છે, તે તું જો પાખંડીઓના શિરોમણિ શાતિરામ નામધારીથી આ બિચારી કેવી ઠગાઈ છે! ખરેખર, મને તેણીને માટે બહુ દયા આવે છે, પરંતુ લાચાર છુ, કે હું પોતે પણ કાયદાનો દાસ છુ દુષ્ટ શાંતિરામની જાળમા ફસાઇ, એટલે તેણીને ન છૂટકે તારા પિતા નંદલાલ શેઠના ઘરમાં ઠગારા શાંતિરામની અતિ કામવાસનાની તૃપ્તિ કરાવવા, સુમતિ અને સુનીતિની કુટ્ટિની તરીકે કામ કરવુ પડયુ. ખરેખર, તું પૂરે-પૂરી ચતુર, એટલે તુ આ પાખંડીની જાળમાં સપડાઇ નહીં. પરિણામે અનિચ્છાએ કુટ્ટિની બનેલી આ દેવીની સમક્ષ, પેલો કૂતરા જેવો વિષયી ભટ્ટડો તારાપર બલાત્કાર કરવા તત્પર થયો. તારાપર બલાત્કારનો પ્રયોગ કરતાં તે ન ફાવ્યો, એટલે તેની પાસે કથા સાંભળવા આવનાર બિચારી ખૂનનો ભોગ બનેલી તમારી માલણ રંભા-પર તેણે પોતાનું બળ અજમાવ્યું, અને જ્યારે તે પોતાના શિયળ વ્રતથી ડગી નહીં, ત્યારે તેણે તેણીનુ ખૂન કર્યું, અને આ બિચારી ભોળી ભામિનીને તેણે હથિયાર બનાવી, સામેલ રાખી કેમ કર્માદેવી! આ ખુન કેવી રીતે થયું, ઠગારા શાંતિરામે તેમાં કેટલો ભાગ બજાવ્યો, તમે તેને કેટલી મદદ કરી, ખુન કરવામાં

શાંતિરામ ઉપરાંત બીજા કોણ કોણ સામેલ હતા, શાંતિરામે છરો ક્યાંથી મેળવ્યો, વગેરે સવિસ્તર હકીકત તમે પૂરી પાડશો, તો હું તમને મુક્ત કરાવવા મારાથી બનતું કરીશ, એટલુજ નહીં, પરંતુ આ દુષ્ટ શાંતિરામની સાથે રહી, તમે જે આનંદ ભોગવતા હતા, તેનાથી અધિક વૈભવ ભોગવવા તમે ભાગ્યશાલી બનો, તે માટે હું મારા સર્વે ઉપાય કામે લગાડીશ શાંતિરામે પોતાના અપરાધનો કાંઇક અંશે સ્વીકાર કર્યો છે હવે તમે પણ જો સાચેસાચું કહી દો, તો હું આ વખતે જ તમને મુક્ત કરીશ, અને જો ખરી વિગત છુપાવી ખોટું બોલશો, તો ભટ્ટ જેવાજ તમારા હાલ થશે, તેમાં તમને કોઇ મદદ કરવા આવે, તેમ નથી

જ્યારથી કર્માદેવી પર અને શાંતિરામ પર આ તહોમત ઢોળી પાડવામા આવ્યુ હતુ, અને નદલાલના ઘેરથી તે બન્નેને કોટવાલની મુખ્ય કચેરીમાં અને ત્યાંથી આ કારાગૃહમાં લઇ જવામાં આવ્યાં હતા, ત્યારથી જ તે બહુ ગભરાઈ ગઇ હતી. કોટવાલની પાસે તેણીને લાવવામાં આવી, તે વખતે તે થરથર કાંપતી હતી, તે આપણે આગળ વાચી ગયા છીએ કોટવાલના આ શબ્દોથી તે દિગ્મૂઢ જ બની ગઇ, આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી, અને શાંતિરામના સંબંધમાં જે અશ્લીલ શબ્દો ચ્ચાર થતો હતો, તેની પરાકાષ્ટા આવી, તે વખતે, તેણીનાથી તે શબ્દો સાંભળી શકાયા નહીં, અને તે મૂર્છિત થઇ, ધબદેતાં જમીન પર પડી. કોટવાલે તેને બેઠી કરી, અને આંખો પર જલ છાંટયું. થોડીવાર સુધી કોટવાલ અને કર્માદેવી બન્ને શાંત રહ્યાં, અને એક બીજાની સામે ટગર મગર જોવા લાગ્યાં કોટવાલને લાગ્યુ, કે ભય બતાવ્યા વગર તે કાંઇ બોલશે નહીં, એટલે પોતાના હાથમાં જે લાકડી હતી, તે ઉગામી કહ્યું:—

"બોલ રાંડ લુચ્ચી! તારા અપરાધનો સ્વીકાર કરે છે કે નહીં? તારા ઢોંગ મારી પાસે નહી ચાલે. તારે જે કહેવું હોય, તે ઝટ કહી દે, નહીં તો આ દારોગાને કહી. તારા પર ચૌદમાં રત્નનો ઉપયોગ કરવો પડશે."

કર્માદેવીએ ન છૂટકે ધ્રુજતાં ધ્રુજતાં જણાવ્યું:—

"ભાઇ! ભટ્ટજીએ ખૂન કર્યું, અને તે કબુલ પણ થયા, એમ જે તમે કહો છો, તે વાત મારા માનવામાં આવતી નથી- શાંતિરામ શાંતિની મૂર્તિ છે, એક ખરા મહાત્મા છે, અને મારા ઉદ્ધારક પુત્ર છે. મારા પતિના કુલના તેઓ પુરોહિત છે, એટલે અમારાં અન્નોદક ખાઇ, અમારૂં જ બગાડે, એવો સંભવજ નથી. આ મહાત્માએ સંસારમાં સર્વસ્વ ત્યાગી, લોકકલ્યાણાર્થ પર્યટન કરવામાંજ પોતાની સાર્થકતા માની છે નંદલાલના ઘરના વૈભવો તો શું, પણ ઇંદ્રભૂવનનાં સુખોને પણ તે તુચ્છ માને છે આવા મહાત્મા આવું નીચ, ઘોર, અમાનુષી કૃત્ય કરવા, સ્વપ્ને પણ ઇચ્છા કરે, એ ન ભૂતો ન ભવિષ્યતિ છે આવા મહાત્મા પર તમે જે અઘટિત આક્ષેપ કરો છો, અને તેમના અને મારા વચ્ચે માતા પુત્રની શુદ્ધ ભાવના છે, તેને પણ કલંકિત કરો છો, તેથી તમે પાપના ભાગી બનો છો, એમ કહેતાં મને દિલગીરી થાય છે. મેં જે દુઃખ સ્વપ્નમાં પણ અનુભવ્યું નથી, તે આજે પ્રારબ્ધ યોગથી અનુભવાય છે, અને હવે ભવિષ્યમાં કદાચ એથી પણ વધારે અનુભવવું પડે, તોપણ શું? જે કૃત્ય અમે નથી કર્યું, તે અમે કર્યું છે, એવો સ્વીકાર અમે કોઇપણ કાળે કરવાના નથી તમે તમારા અત્યાચારથી ભટ્ટજીનું મૃત્યુ આણશો, તો પછી મારે કોને માટે જીવવું છે? તમારા હાથમાં સત્તા છે. એટલે તમને જેમ યોગ્ય લાગે, તેમ તમે કરો. મને મરણનો ભય નથી. એક દહાડે મરવું તો છે જ પરંતુ કોટવાલજી! યાદ રાખજો, કે નિર્દોષને સતાવવાથી, નિષ્કલંકીને કલંકી ગણવાથી, પ્રભુ તમારો જય નહીં કરે જેના બોધામૃતના પાનથી જીવનનું સાફલ્ય થાય, તેવા મહાત્માને વિના કારણે સતાવવાથી, તમારૂં ભલું નહીં જ થાય. તમને જે કહેવાનું છે, તે એટલુંજ, કે પ્રભુએ તમને જે અધિકાર આપ્યો છે, તેનો સદુપયોગ કરશો, તો સંસારમાંથી ખાટી જશો. અહીં અમારો ન્યાય તમારા હાથમાં છે, પરંતુ ઇશ્વરના દરબારમાં તમારો ન્યાય તમારા હાથમાં નહીં રહે, એ નિશ્ચયપૂર્વક માનજો."

"વાહરેવાહ તારી ચતુરાઈ ! તું કયાં ઉભી છે, તે પણ તું ભુલી જાય છે એક સ્ત્રી જાણી તને નિરંકુશ બોલવા દીધી, એટલે તું તો ફાટી ! હું સ્ત્રીચરિત્ર જાણું છું, અને પેલા તારા ઠગ મહાત્માને પણ સંપૂર્ણ ઓળખી ગયો છુ ! તું કે તારો ભટ્ટડો સાચું નહીં કહો, તો તેથી થયું શું ? મારી પાસે તમે બન્નેને દોષિત ઠરાવવા માટે સબળ પુરાવા છે હું તો માત્ર દયાની ખાતર તને સમજાવુ છું. તો તું તો ઉલટી ધર્મગુરૂ બની, મને બોધ આપવા તૈયાર થઇ ગઇ. તને યોગ્ય શિક્ષા કર્યા વગર તું ખુશીથી કબુલ થાય એમ મને લાગતું નથી. હુ તો તને અબલા સમજ્યો, પરંતુ તુ અબલા નહીં પણ મહાન્ પ્રબલા છે. હવે તારા કર્મનાં ફળ તને ભોગવવાં પડે, તેમા મારે સ્નાન કે સૂતક ! અરે દારોગા ! અહીં આવ, અને આ પાપિણીને પાછી ભોયરામાં પૂરી દે. જ્યાસુધી હુ તને બીજો હુકમ ન કરૂં, ત્યાસુધી તું તેને બહાર કાઢીશ નહી "

"સાહેબ ! ભટ્ટ અને દેવી ખોરાક લેતા નથી, અને પીવા માટે પાણી પણ માગતા નથી !" દારોગાએ કોટવાલને કહ્યુ.

"તારે રીતસર કહેવું, અને તેમ કરતાં તેઓ ખાય પીએ નહીં, તો તેમને મરવા દે. તારે તેમની ચિંતા કરવાનુ કાંઇ કારણ નથી જોઇએ તો ખરા, કે તે કેટલા દિવસ અન્ન પાણી વગર રહે છે તેમને હાલ જરા વૈરાગ્ય છે. બે દહાડા જશે, એટલે એની મેળે પોતેજ ખાવાનુ માગી લેશે. નંદલાલને ઘેર તેઓએ અનેક પકવાનો ખાધેલાં છે, એટલે તેમને અહીંના રોટલા ભાવે નહીં, તે હું સમજું છુ. તેમના પર તમે પૂરતી સાવચેતી રાખજો- અને તેમને પરસ્પર મળવા દેતા નહીં. હુ હવે જાઉં છું. મારી ગેરહાજરીમાં મારા સિપાઇઓ તને જે કામ સૂચવે તેમ કરજે," કોટવાલ દારોગાને આ પ્રમાણે સૂચના આપી, મંજુલાને લઇ કારા, ગારમાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૫ મું.

ન્યાય પૂર્વની સ્થિતિપર એક દૃષ્ટિ

दिनमेकं शशीपूर्णः क्षीणस्तु बहुवासरान् ।
सुखाद्दुःखं सुराणामप्यधिकं का कथा नृणाम् ॥ *

Where sorrows come, they come not single spies, but in battalions. +

Shakespeare.

નંદલાલ શેઠે શાંતિરામજીને એકાગ્રતા માટે સંપૂર્ણ અંશે એકાંત મળે, એ હેતુથી તરતમાં બંધાવેલા નંદભૂવનની ગોઠવણ કરી આપી હતી, છતાં આ ઠેકાણે પણ પ્રપંચી માયાના તામસી વા આસુરી અંશે પોતાનો ભાગ બજાવ્યો, અને સંસારનો કિંચિત્ સંગ પણ યોગીઓને કેવા ખેલ બતાવે છે, તેનું દિગ્દર્શન કરાવ્યું. નંદભૂવનમાં વસ્તીમાં એક રસોઇઓ, અને સભાર્ય માલી હતાં. રસોઇઓ, શાંતિરામ અને કર્માદેવી માટે રસોઇ કરતો, અને ગોપીનાથ માલી બગીચાનુ કામ કાજ કરતો, અને માલીની સ્ત્રી રંભા શાંતિરામ અને દેવીના આવાસને સ્વચ્છ રાખવાનું, તેમનાં વાસણો સાફ કરવાનુ, વગેરે તેમજ શાંતિરામ તેમજ કર્માદેવી જે કામ બતાવતાં તે કામ કરતી

---

* ચંદ્રમા એકજ દિવસ પૂર્ણ હોય છે, અને બહુ દિવસ સુધી તે ક્ષીણ રહે છે. દેવલોકને પણ જ્યારે સુખ કરતાં દુઃખ વધુ ભોગવવું પડે છે, ત્યારે મનુષ્યની શી વાર્તા કરવી.

+ જ્યારે દુઃખ આવે છે, ત્યારે તે એકલું આવતુ નથી, પણ તે વિપત્તિઓની સેનાને સાથે લેતું આવે છે, (શેક્સ્પીઅર.)

રંભા અઢારેક વર્ષની વિલાસપ્રિયા યુવતી હતી તેણીનુ મોં ઘાટીલું અને રંગે ગૌર હતું શુકચંચુને પણ ભૂલાવે, એવી તેની નાસિકા હતી. આ મૃગનયનીના નેત્રકટાક્ષથી કામી પુરુષો હતપ્રાયઃ બની જતા. તેણીની જંઘાએ હાથીની સૂંઢ જેવી હતી, અને હંસની ચાલે તે ડોલતી ચાલતી

ગોપીનાથને નંદલાલ શેઠે તરતમાંજ નોકરી રાખ્યો હતો. નંદલાલ શેઠને ત્યા તે નોકરી રહ્યા તે પહેલાં, તે કુશલચંદ શેઠને ત્યાં નોકરી હતો કુશલચદ શેઠે લોકોને ધૂતી, ઠગી, લાખોની કમાઇ કરી હતી, એટલે ઠગ લોકોનો તે ગુપ્ત પણ પ્રિય મિત્ર હતો. કુશલચંદ શેઠથી ગુમાનની ટોળી અજાણી ન હતી, અને ગુમાનની ટોળીમાંનો ગરૂડદાસ આ શેઠને ત્યાં અવાર નવાર ગુપ્તપણે આવ જાવ કરતો હતો. રંભાના સૌંદર્યે ગરૂડદાસને અહીંજ આકર્ષી લીધો હતો, અને તેમની પ્રીતિ અહીથીજ જામી હતી ગરૂડદાસના સ્નેહથી રંભાને પૈસાની સારી જેવી પ્રાપ્તિ થતી હતી, એટલે તેનો પતિ ગોપીનાથ, ગરૂડદાસ પોતાને ત્યાં અવાર નવાર આવ જાવ કરતો અને રંભાસાથે તે અમર્યાદિત છૂટ લેતો, તેમાં વાંધો લેતો નહીં. વસ્તુત ગોપીનાથને તે વાત પસંદ હતી. ગોપીનાથ નંદલાલ શેઠને ત્યાં નોકરી રહ્યો, ત્યાંપણુ ગરૂડદાસની વખતો વખત આવ જા ચાલુ રહી હતી માલીને રહેવાનું ઝુપંડું નંદભૂવનના પાછલા વડામાં હોવાથી, અને તે ઠેકાણેથી શાંતિરામ કે કર્માદેવીને જવા આવવાનું કારણુ ન હોવાથી, ભટ્ટજી કે દેવી, રંભાના ચરિત્રથી અજ્ઞાત હતા રંભા કથાશ્રવણુ અને ધર્મશાસ્ત્રનો અધ્યયન કરવા, શાંતિરામ પાસે વખતો વખત આવતી શાંતિરામ અસિધારાવ્રતના અભ્યાસી હોવાથી, રંભાના નેત્રકટાક્ષ તેમનાપર કાંઇ અસર કરી શકયા નહીં, એટલુ જ નહી, પરંતુ તેમનો પ્રભાવજ કાંઇ એવો હતો, કે કુલટા કે વેશ્યા પણુ જ્યાંસુધી તેમના સહવાસમાં હોય, ત્યાંસુધી તેણીને શ્મશાનવૈરાગ્ય જેવું સતીભાવ ઉત્પન્ન થાય ખરૂ. નંદલાલ શેઠને ત્યાં ગોપીનાથ નોકરીએ રહ્યો, ત્યાર પછી એક વખત વિષયલંપટ વસંતની નજર રંભાપર પડી હતી, અને ત્યારથી તે તેણીને હાથમાં લેવા તજવીજમાં હતો.

શાંતિરામના દુર્દૈવે ખૂનનો ભોગ બનેલી સ્ત્રીના શબપર ખૂન પછી ભટ્ટની દૃષ્ટિ પડી. તે વખતે રંભા અદૃશ્ય થયેલી જણાઇ હતી

નંદભુવનમાં જે દિવસે સ્ત્રીનુ ખૂન થયું હતું, તેજ દિવસે જે સમયે શાંતિરામે વસંતને એક સ્ત્રીનો હાથ પકડી ખેંચતો જોયો હતો, તે સમયની પૂર્વે ભૂદેવે રાજવાડા માર્ગના એક ખૂણા પરથી, એક પાલખી સાથે આઠ માણુસોને નંદભૂવન તરફ વાંકો ચુકો માર્ગ લેતા, જતા જોયા હતા ભૂદેવને આ દૃશ્યમા કાંઇ નવીનતા લાગી, એટલે તે જીજ્ઞાસાને વશ થઇ, રાજવાડા માર્ગ પરના એક ઝાડ પર ચઢી ત્યાંથી પાલખી લઇ જનારા અને તેની સાથેના માણુસોનાં વ્યાપાર તપાસવા લાગ્યો સૂર્યની ઉષ્ણુતા તેને પજવતી હતી, અને તેને લીધે માથામાં ચક્કર આવતાં હતાં, પરંતુ દૃશ્યની નવીનતાએ તેને તેના કાર્યમાં એવો લીન બનાવી દીધો, કે તેને પોતાના શરીરની સ્થિતિનું ભાન પણુ રહ્યુ નહીં, અને તે આઠજણુાની હિલચાલનુ બારીકીથી નિરીક્ષણુ કરવા લાગ્યો. તેનું નિરીક્ષણુ આટલેથી અટકયુ નહીં. અહીંથી તે નંદભૂવન પાસે જે વૃક્ષોની ઘટા હતી, તેમાંના એક ઝાડ પર ચઢી બેઠો, અને ત્યાંથી તેણે નંદભૂવનમાં જેટલું જોવાય તેટલું જોવા પ્રયત્ન કર્યો. પોતાના શરીરમાં અસ્વસ્થતા છતા, આ આશ્ચર્યકારક દ્રશ્યનુ નિરીક્ષણુ કરતાં, લગભગ ચાર ઘડી વીતી ગઇ આ વખતે તેના શરીરની પ્રકૃતિ અતિશય બગડી હતી, છતાં **आरंभस्यांतगमनं महद्‌ बुद्धिलक्षणम** અર્થાત આરભેલું કાર્ય પૂરૂ કરવું, એ બુદ્ધિનું મહત્‌ લક્ષણુ છે, એ ન્યાયે, આદરેલ કાર્યને અધવચમાં મૂકી દેવુ, એ તેને યોગ્ય લાગ્યું નહીં. આ વૃક્ષપર બેસતાં ભૂદેવને એક ઘડી થઇ નહીં તેટલામાં, નંદભૂવનના પાછલા વડામાંથી બે પુરુષો, જેઓ પંજાબી જાટ જેવા દેખાતા હતા, તેઓ છૂપાતા છૂપાતા નાસવા મંડયા. ભૂદેવે પોતાના આરોગ્યની અવગણુના કરી, તેમની પૂઠ પકડી. તેણે તેમનાં કપડાંપર અને હાથમાં તરતનાં લોહીનાં ડાઘ જોયાં. શરીરની પ્રકૃતિમાં અસ્વાસ્થ્યને કારણે તે દોડી શકયો નહીં, અને રસ્તામાંજ તેને વમન થયું. ભૂદેવને હવે લાગ્યું, કે તેમની પછવાડે વધુ પડયાથી, કદાચ શરીરની પ્રકૃતિ વધુ બગડે આ બે જણુાને તેણે ઓળખી લીધા હતા, એટલે તેમની પૂઠે પડવાનો પ્રયાસ, તેને

આવશ્યક પણ ન લાગ્યો વમનનું કારણ, તેણે આગલા દિવસે ઉંઘમાં થયેલી ખલલ અને આજે સૂર્યના તાપમાં બહુવાર બેસવાથી અને તૃષા રોકવાથી થયેલ પિત્તપ્રકોપ માન્યુ, બધી બાબતોનો સામટો વિચાર કરતાં ઘેર જવું એ તેને આવશ્યક જણાયું. એટલે તે ઘેર આવ્યો ઘેર પહોંચતાંજ, તેના અંગમાં શીતતા વ્યાપી. અને શાંતિરામના માઠા ભાગ્યે, તે દિવસથી કેટલોક વખત તે પથારીવશ રહ્યો.

દૈવની ગતિ કેવી વિચિત્ર છે, કે જે કાર્યને માટે ભૂદેવે આટલો લાંબો સમય જીવતોડ શ્રમ કર્યો, જે કાર્યને માટે પોતાના ઉપરાંત હિમ્મતગીરને જીવનો જોખમ ખેડવો પડે એવા સાહસમાં ઉતાર્યો, તે જ કાર્યમાં જે વખતે તેને યશ સંપાદન કરવાનો સમય આવી લાગ્યો, અર્થાત્ તેના અને હિમ્મતગીરના શ્રમની સાર્થકતા થવાનો સમય આવી લાગ્યો, તે સંધિમાં જ એક બાજુ તે જ્વરની વ્યાધિમાં સપડાયો, અને બીજી બાજુ યોગી મહાત્મા શાંતિરામ અને અંતેવાસિની બનેલી કર્માદેવી પર પ્રપંચની એવી ઘટના કરવામાં આવી, કે જે અધમ કાર્યની પ્રવૃત્તિ તેમને સ્વપ્નમાં પણ ન થયેલી, તેવા અધમ રાક્ષસી કાર્યના દોષનો આરોપણ તેમના પર થયો, અને તેને પરિણામે તેઓ બન્નેને કારાગારના કષ્ટમય દુખો સહન કરવાં પડયા.

क्षते प्रहारा निपतंत्यभीक्षणम्
धनक्षये गच्छति सर्वतः श्रीः ।
आपत्सु वैराणि समुल्लसंति
छिद्रेष्वनर्था बहुली भवंति ॥ विष्णुशर्मा ॥

વાગ્યામાં વારંવાર વાગે છે. ધન ક્ષય થવા માંડે, તો લક્ષ્મી ચોમેરથી જાય છે; અને આપત્તિમાં વૈર પ્રગટે છે. અર્થાત્ ઘણુ કરી છિદ્ર હોય, ત્યાં જ બહુ અનર્થ થાય છે.

શાંતિરામ અને કર્માદેવી પર એક દિશાથી વિપત્તિ આવી, અને બીજી દિશાએથી વિપત્તિઓમાંથી તેઓ છૂટી ન શકે, તેવી

પ્રતિકૂલતાઓ વધતી જ જતી હતી. જ્યાં દૈવ રૂઠે, ત્યાં મનુષ્ય શક્તિ શું કરી શકે! વિષ્ણુશર્મા પંચતંત્રમાં જણાવે છે કે.—

अरक्षितं तिष्ठति दैवरक्षितम्
सुरक्षितं दैवहतं विनश्यति ।
जीवत्यनाथोऽपि वने विसर्जितः
कृतप्रयत्नोऽपि गृहे न जीवति ॥ विष्णुशर्मा ॥

દૈવની જેનાપર રક્ષા છે, તેનો રક્ષણ કરનાર કોઇપણ ન હોય, છતાં તેનું સ્વત રક્ષણ થાય છે, પરંતુ દૈવ જેનાપર રૂઠયો, તેની સર્વે પ્રકારે રક્ષા કરવામાં આવે, છતાં તે વિનાશ પામે છે. વનમાં કોઇનો ત્યાગ કરવામાં આવે, તોપણ તે અનાથ છતાં જીવે છે અને ઘરમાં તેના રક્ષણ માટે પ્રયત્નો કરવામાં આવે, છતાં તે જીવી શકતો નથી.

रंकं करोति राजानं राजानं रंकमेव च ।
धनिनं निर्धनं चैव निर्धनं धनिनं तथा ॥ विष्णुशर्मा ॥

દૈવ રંકને રાય બનાવે છે, અને રાયને રંક બનાવે છે; ધનવાન્‌ને નિર્ધન, અને નિર્ધનને ધનવાન્ બનાવે છે.

વિપત્તિઓ હમ્મેશ મોટાપરજ આવે છે મહાન્ પુરૂષોની વિપત્તિ એજ તેમના ગુણોની કસોટી છે. જ્યાંસુધી તેઓ વિપત્તિની કસોટીએ ચઢયા નથી, ત્યાંસુધી મોટાઓની મોટાઇ શી? સંપત્તિ વિપત્તિની કસોટીમાં જેઓ અધિક રૂપે પ્રકાશે છે, તેજ મોટા ગણાય છે, અને તે કારણથીજ મહાત્મા પૂજનીય છે.

घृष्टं घृष्टं पुनरपि पुनश्चंदनं चारुगन्धम्
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादुचैवेक्षुकाण्डम् ।
दग्धं दग्धं पुनरापिपुनः कांचनं कांतवर्णम्
न प्राणांते प्रकृतिविकृतिं जायते सज्जनानाम् ॥
चाणाक्यनीतिः ॥

ચંદન જેમ જેમ ઘસાય, તેમ તેમ તેમાંથી સુંદર સુગંધ નીકળતી આવે છે શેરડી જેમ જેમ છોલાય, તેમ તેમ તેમાં વધુ મિષ્ટતા આવે છે કાંચનને જેમ જેમ તપાવવામાં આવે, તેમ તેમ તેની કાંતિ વધે છે, એવી રીતે સજ્જન પુરૂષોની પ્રાણાંતે પણ પ્રકૃતિમાં વિકૃતિ થતી નથી

માટીપર પ્રથમ નીચ ઉચ્ચ સર્વે પ્રાણીઓ પગ મૂકે છે; તેનાપર કોદાળીના સખ્ત ઘા થાય છે, એટલુજ નહીં, પણ આખરે તેને દેશનિકાલ કરવામા આવે છે. તેની વિપત્તિઓનો અંત અહીંથી પણ આવતો નથી તેને આટલી વિપત્તિઓ પણ જાણે થોડી હોય. તેમ તેને જલથી નવડાવવામાં આવે છે, અને ત્યાર પછી તેને ગુંદવામા આવે છે. હજી પણ તેની વિપત્તિઓનો છેડો આવતો નથી. તેને ત્યાર પછી ચક્ર પર ચઢાવે છે, તે વખતે તે ઘટાકારે બહાર આવે છે, ત્યારે તેને અગ્નિમાં તપાવે છે માટી જ્યારે આટલી વિપત્તિઓમાંથી પસાર થાય છે, ત્યારે જ તે મનુષ્ય માત્રનું જીવન જે જલ તે ધારણ કરવા સમર્થ થાય છે. વિષ્ણુશર્માએ પણ જણાવ્યુ છે, કે—

तृणानि नोन्मूलयति प्रभंजनो
मृदूनि नीचैः प्रणतानि सर्वशः ।
समुन्नतानेव तरून्प्रबाधते
महान् महत्येव करोति विक्रमम् ॥ विष्णुशर्मा ॥

તોફાની વાયુ. ચોમેરથી નમતા કોમળ નીચા તૃણને મૂળમાંથી ઉખેડી નાંખતો નથી, પણ ઉંચા વૃક્ષોને જ બાધ કરે છે, કારણ કે મોટા. મોટા સાથે જ બાથ ભીડે છે

શાંતિરામ અને કર્માદેવીના દુર્ભાગ્યે રંભા માલણ અદૃશ્ય થઇ, અને ભૂદેવ પથારી વશ થયો. નંદલાલ શેઠની વગે અને તેના દ્રવ્યે તેમને સહાયતા ન આપી. નંદભૂવનનો રસોઇઓ પણ ખૂનને દિવસે પલાયન કરી ગયો.

નંદભૂવનમાં કર્માદેવી અને શાંતિરામ માટે રસોઇ કરવાને જે રસોઇઓ રાખવામાં આવ્યો હતો, તેનો મોટો ભાઇ વસંતબાગમાં મંજુલા અને વસંતની રસોઇ કરવા રહ્યો હતો હાલ થોડા દહાડા પહેલાં તેને રજા આપવામાં આવી હતી, અને તે ચાકરી વિના પોતાના ઘરમાં બેસી રહયો હતો. ખૂનના દિવસે તે અકસ્માત્ પોતાના ભાઇને મળવા નંદભૂવનમાં આવ્યો હતો. બન્ને ભાઇ રઇસોઆના ખાનગી ઓરડામાં વાતોના ગપ્પા મારતા બેઠા હતા ભટ્ટજી અને દેવીને જ્યારે ખૂનની ખબર પડી, અને જ્યારે તેઓ બંગલા નીચે ઉતરી આવ્યાં હતાં, તે વેળા રસોઇઓ " આજે રસોઇમાં શું કરવું " તે શાંતિરામને પૂછવા કઠોરામાંથી થઇને દિવાનખાનામાં આવ્યો હતો. આ કઠોરો બંગલાની દક્ષિણ બાજુએ હતો, અને તેના પાછલા ભાગમાં રસોડું અને રસોઇઆને રહેવાની ઓરડી હતી, જે અગાશીના ચોથા ભાગમાંથી બાંધવામાં આવી હતી. રસોઇઆએ શાંતિરામને કે કર્માદેવીને દિવાનખાનામાં જોયાં નહીં. એટલે તે અગાશીમાં આવ્યો જ્યારે તેણે અહીં પણ ભટ્ટજી કે કર્માદેવીને ન જોયાં, ત્યારે તે કર્માદેવીની ઓરડીમાં આવ્યો. અહીં પણ તેઓ જોવામાં આવ્યાં નહીં, એટલે તે દાદર પાસે આવ્યો. અહીં તેણે માત્ર કર્માદેવીને જોઇ, અને મધ્ય ડેલો ખુલ્લો જોયો. ડેલાની અંદર તેની દ્રષ્ટિ ગઇ, એટલે ત્યાં તેણે ખૂનનો ભોગ બનેલી સ્રીનું વિકૃત બનેલું શબ જોયું. જોતાં જ તે હેબકી ગયો, અને ગભરાટમાં કર્માદેવીને પૂછયું:—

" માતાજી આ શુ ? શાંતિરામજી કયાં ગયા છે ? "

" ભાઈ! જોને કોઈ દુષ્ટે આ બિચારી નિર્દોષ અબલાનુ ખૂન કર્યું જણાય છે. શાંતિરામજી આ બનાવની ખબર આપવા નગરપાલોને થાણે ગયા છે, " કર્માદેવીએ રસોઈઆને જણાવ્યું.

રસોઇઆના હૃદયમાં આ ભેદ ભરેલા સમાચારથી ફાળ પડી, અને તે બોલ્યા ચાલ્યા વગર ગભરાયલો ગભરાયલો પાછો માળ ઉપર ચઢી ગયો, અને પોતાના ભાઇ પાસે જઇ, તેને ખૂનની વાત કહી સંભળાવી.

" ભાઇ ! તારે હવે અહીં વધુ વાર રહેવું યોગ્ય નથી. કદાચિત ખૂનનો આરોપ આપણા ગરીબ પર આવી પડે, તો આપણી શી વલે થાય ?" મેમાન ભાઇ જેનું નામ કંટકપ્રસાદ હતું, તેણે પોતાના ભાઇ મૂર્ખદત્તને કહ્યું ?

" ભાઇ ! આપણે અહીંથી નાશીને સંતાઇએ કયાં ? હું અહીં દિવસ અને રાત રહેવાવાળો છું, એટલે મારી તો જરૂર પાછળથી શોધ થશે, " મૂર્ખદત્તે જણાવ્યું,

" હમણા વધુ ડાહ્યો ન થા. અહીંથી એકવાર નાશી છૂટ, પછીની વાત પછી મારી નોકરી છૂટી ગઇ છે, છતાં મારાપર હજી વસત અને મંજુલાની દયા એવી ને એવીજ છે. મંજુલા હમણા વાણીઆવાડવાળી જગામાં રહે છે. આપણે અહીંથી પ્રથમ ત્યાં જઇશું તારે અહીથી જે સાથે લેવું હોય, તે લઇ લે અહીં વધુ રહીશ, તો દુઃખી થઇશ, " કંટકપ્રસાદે સલાહ આપી.

મૂર્ખદત્તને કંટકપ્રસાદની સલાહ પસંદ પડી, અને પોતાથી જેટલુ લેવાયું તેટલું સાથે લઈ, કંટકપ્રસાદની સાથે કુવા પાસેના નાના દાદરથી ઉતરી, બગીચાની દક્ષિણ બાજુના નાના દરવાજામાંથી તે પલાયન કરી ગયો, ત્યાંથી તે અને તેનો ભાઇ બન્ને મંજુલાને ઘેર આવી પહોંચ્યા. મંજુલા ઘેર ન હતી, એટલે તેઓ ત્યાં થોડી વાર થોભ્યા. મંજુલા જ્યારે આવી, ત્યારે તેણીને કંટકપ્રસાદે નંદભૂવનમાં થયેલા ખૂનની વાત કહી સંભળાવી મંજુલાને તે વાતની ખબર હતી, કારણકે નગરપાલે કોટવાલને તે ખૂનની ખબર આપી, તે વખતે મંજુલા કોટવાલને બંગલે હતી, એ આપણે આગલ જોઇ ગયા છૈએ. મંજુલાએ બન્ને ભાઇઓને ધીરજ આપી, અને " હું તમારામાંથી કોઇનો પણ વાંકો વાળ થવા દઇશ નહીં. માત્ર જ્યાં સુધી હું તમને જણાવું નહીં, ત્યાં સુધી આ શહેરમાં ન આવતા. અહીંથી તમે તમારે ગામ ચાલ્યા જાઓ, " એ પ્રમાણે તેણીએ તેમને અભય વચન આપી, અમરાવતીમાંથી રાત્રિએ નાશી જવા સલાહ આપી, અને તેમને રસ્તાની ખર્ચી માટે પાંચ સોના મ્હોર આપી.

નંદલાલ શેઠને મહારાજા અને કોટવાલ તરફથી જે અજ્ઞાતપૂર્વ નિરાશા મળી, અને તેમની યોગ્ય માગણીનો અસ્વીકાર થયો, તેથી તેમના હૃદયપર બહુ આઘાત થયો, રોમાંચ ઉભાં થયા, અને બહુ ક્રોધ વ્યાપ્યો, પરંતુ સત્તા પાસે તે લાચાર બન્યા. પોતાને થયેલ અપમાનને પરિણામે વ્યાપેલા ક્રોધને મનમાં શમાવી તે ઘેર આવ્યા.

"આ તે કેવો જુલ્મી દોર! મારા નંદભૂવનને ઓચિંતો ઘેરો! નંદભુવનમાં કોઇ સ્ત્રીનુ ખૂન થયુ, તો તેની ખબર કોટવાલે મને તો પહોંચાડવી હતી! વળી નંદભૂવનમાં રહેનારા મારા નોકર ચાકરોને તેણે બોલાવ્યાજ નહીં, અને તે ઓચીંતો સાધુ મહાત્મા શાંતિરામ અને કર્માદેવીનેજ પકડી લઇ ગયો! આ વાતમાં ખરેખર કાંઇ ઉંડો પ્રપંચ ગોઠવાયલો હોવો જોઇએ! શાંતિરામપર દ્વેષ ધરાવનાર કોઇ દુષ્ટાત્માના આ પ્રપંચ હોવા જોઇએ! કોણજાણે કારાગારમાં આ મહાત્મા અને સતી દેવીની દુષ્ટ કોટવાલ કેવી દુર્દશા કરશે! શાંતિરામજીએ મારી પાસેથી અહીંથી જવા રજા માગતાં, મને મર્મમાં જણાવ્યું હતુ, કે સંસારનો હવે સ્વલ્પ સંગ, અને તે પણ તમારા ઘરમા, ભવિષ્યમાં સારૂ પરિણામ નહીં આણે" શાંતિરામજી! તમારા આ શબ્દો હવે મને યાદ આવે છે. શાંતિરામજી અને કર્માદેવીને મેં જો જવા દીધું હત, તો તેમને માટે આવો અનિષ્ટ સમય ન આવત. પણ હવે શું થાય? ભાવી બનનાર હતી, તે બની ગઇ. વધુ ખેદની વાત તો એ છે, કે મારી સત્તા અને વગ આ વખતે તદ્દન નિરૂપયોગી થઇ ગઇ છે "હવે મારે કરવુ શું?" એ એક બહુ વિચારની વાત થઇ પડી છે. મારી મતિ તો હવે કાંઇ કામ કરતી નથી. મુનીમ હીરાલાલને બોલાવી, તેની સાથે વિચાર કરૂ તો કદાચ રસ્તો સૂઝે," આ પ્રકારના વિચારસમુદ્રમાં ગોથાં ખાતાં, આખરે નંદલાલ શેઠે "મુનીમની સલાહ લેવા યોગ્ય ધાર્યું", એટલે પોતાના ગુમાસ્તાને "હીરાલાલ કયાં ગયા છે," એમ પૂછયું,

"શેઠજી! આપ અહીંથી સધાવ્યા, કે મુનીમજી આવ્યા. આવતાં વાર તેમણે "શેઠજી કયાં ગયા છે" એમ પૂછયું. આપ

ક્યાં ગયા હતા, તેની મને ખબર નહીં હોવાથી, હું તેમને તેમના પ્રશ્નનો જોઇતો પ્રત્યુત્તર આપી ન શક્યો, એટલે મેં તેમને એમ જણાવી દીધુ, કે આપ ચાચર ફળિયાને નાકે માંડ પહોંચ્યા હશો. મુનીમજી આપની પાછળ જ ગયા, ત્યારથી હજી પાછા આવ્યા નથી, " ગુમાસ્તાએ શેઠને જણાવ્યુ

"ઠીક. ત્યારે આપણા કાન્તાપ્રસાદને અહીં તેડી આવ,' શેઠજીએ ગુમાસ્તાને આજ્ઞા કરી.

શેઠની આજ્ઞાનુસાર ગુમાસ્તો, કાન્તાપ્રસાદને બોલાવવા, તરત જ ત્યાંથી એકદમ ચાલ્યો, અને નદલાલ શેઠના વ્યાપારનો વહીવટ કરનારા મહેતાઓ જે ઓરડામાં બેસતા હતા, ત્યાં આવી તેણે, નજર કરી જોયુ, તો સામે જ એક બાજુએ ગાદી ઉપર તકીઆને અઢેલી, કાન્તાપ્રસાદને બેઠેલા જોયા. તેમને વિવેકપૂર્વક શેઠની આજ્ઞા કહી સભળાવી, અને ત્યાં પધારવા સૂચવ્યુ, એટલે કાન્તાપ્રસાદ વગર વિલબે નંદલાલ શેઠ પાસે આવ્યા.

"કાન્તાપ્રસાદ! તમોને ખબર છે, કે નવા બગલામાં, જ્યાં મહાત્મા શાતિરામ અને કર્માદેવી રહે છે, તેના પાછલા વંડામાંના મધ્ય ડેલામાં કોઇ સ્ત્રીનું ખૂન થયું છે, અને અપરાધી તરીકે મહાત્મા શાંતિરામ અને કર્માદેવીને ક્રર કૃતઘ્ની દુષ્ટ કોટવાલ પકડી ગયો છે," નંદલાલ શેઠે કાન્તાપ્રસાદ પાસે વાતનો પ્રારભ કર્યો.

"મે પણ આ વાત અતિ દિલગીરી સાથે સાંભળી છે. મને તો આ વાતમાં પ્રપંચબાજી જણાય છે, પછી દૈવને ખબર," કાન્તાપ્રસાદે સચોટ મુદ્દાનો પ્રત્યુત્તર આપી પતાવ્યુ

"સો એ સો ટકા પ્રપંચ! એમાં વળી પૂછવાનું હોય કે? હું સર્વે આંતર ભેદ જાણું છુ, પણ તે વાત કરવી, તે પગમાંથી કાઢીને કપાલે ચોડવા જેવું છે મનમાં બધુ સમજું છું, પણ કહેવું કોને? વાતને મનમાં અને મનમાં ગોલ્યા કરૂં છું," નંદલાલે જણાવ્યુ.

નદલાલ શેઠ કાન્તાપ્રસાદ પાસે આ પ્રમાણે શોકોદ્દગાર કાઢતા હતા, તેજ વખતે ત્યાં હીરાલાલ મુનીમ આવ્યા મુનીમને જોતાં

જ નંદલાલ શેઠના હૃદયમાં નિરાશા, ક્રોધ અને શોકના ઉભરા જે દબાઇ ગયા હતા, તે પુનઃ ઉદ્દભવ્યા, અને તેનાં નેત્રો સજલ બન્યાં

"શેઠજી ! આપ બુદ્ધિબલમાં, ધૈર્યમાં તેમજ વયમાં મારાથી ચઢિયાતા છો, છતાં આમ હિમ્મત શું હારી જાઓ છો ? આ અજ્ઞ રાજ્યના અંધેરને પરિણામે આપની સત્તા નિરૂપયોગી થઇ, તેથી આપને લાગી આવે એ સ્વાભાવિક છે. શેખર શાંતિરામ શાંતિની મૂર્તિ છે, અને વાનપ્રસ્થાશ્રમી બનેલા કર્માદેવી શીલ અને સદ્‌ગુણની મૂર્તિ છે. મને તો લાગે છે, કે યોગભ્રષ્ટતાને કારણે જ તેમને મનુષ્ય દેહ ધરવાં પડયાં હશે તેમનામાં માનુષી અંશ કરતાં, દૈવી અંશ વિશેષ જણાયછે. આપના જેવા સત્તાવાનના ઘરમાંથી, મહાત્માઓને દુષ્ટ કોટવાલ જુલ્મી દોરથી પકડી લઈજવામાં ફાવ્યોછે, પરંતુ જગન્નિયંતાની દરબારમાં અન્યાય નહીં ચાલે. શેઠજી ! ભટ્ટજી અને દેવીના પકડાઇ જવાની વાત, આખા નગરમાં વિદ્યુત્‌ની પેઠે પ્રસરી ગઇ છે. એક માણુસ અને બીજી વાત. કોટવાલના આવા નીચ કૃત્યથી, પ્રજામાં ભારે ખળભળાટ જાગ્યો છે. લોકલાગણીને માન ન આપતાં, રાજ્ય તરફથી મહાત્માઓનું અપમાન થશે, તો પરિણામ અતિ ભયંકર આવશે. પ્રજાજનનો મોટો ભાગ, શાંતિરામજી અને કર્માદેવી તરફ ભારે પૂજ્યબુદ્ધિથી અને માનની દૃષ્ટિથી જુએ છે. તેઓ મહાત્માઓને થયેલો અપમાન તે પોતાનેજ અપમાન થયેલું માને છે. આ મહાત્માઓને શો ન્યાય મળે છે, તેનીજ માત્ર તેઓ રાહ જુએ છે. આ નગરમાં થોડાજ જણ એવા છે, કે જેમને આ ગજબ બનાવથી આનંદ થયો છે. આ થોડા જણ બીજા કોઈજ નહીં, પણ આપના પ્રતિસ્પર્ધીઓ છે. તેઓમાંના ઘણા ખરાને પણ આ મહાત્માઓ માટે તો અપૂર્વ માન છે, પરંતુ માત્ર તેઓ આપનીજ ઇર્ષ્યા કરે છે. શેઠજી ! આપ આ વખતે આપનુ હૃદય કોમળ રાખશો, આપ આમ શોક કરતા બેસી રહેશો, તો તેથી કાંઈ વળવાનું નથી. આપણું હવે એ કર્તવ્ય છે, કે હૃદય વજ્ર જેવુ કઠુણ બનાવી, આપણે "હવે શું કરવું" તેનો વિચાર કરવો," મુનીમે નંદલાલ શેઠને સાન્ત્વન કરતાં જણાવ્યું.

"હીરાલાલ ! મને આજ દિવસ સુધી મારી સત્તાનો જે ગર્વ હતો, તે આજે ઉતરી ગયો છે. સંકટો જ્યારે આવવા માંડે છે, ત્યારે તેઓ માનવ જાતને સર્વ દિશાએથી આમ સામટા એકી વખતે ઘેરે છે તેનો આજે મને સારો અનુભવ મળ્યો. મારા બીજા સંકટોને હું ગણુકારતો પણ નથી. મારી ઇર્ષ્યા કરનારા આપણા જ્ઞાતિજનોને મારે માટે જે કરવું હોય, તે તેમને સુખેથી કરવા દ્યો ઇર્ષ્યાલુ જનો સ્વમાનના જ ભૂખ્યા હોય છે. જ્ઞાતિહિતની તેમને થોડીજ દરકાર હોય છે. તેઓ બીજાની ઉન્નતિ જોઇ શકતા નથી, અને જે માણસ ઉન્નતિમાં કે પ્રકાશમાં આવતો હોય, તેમને હેઠો પાડવા-રસાતલમાં નાંખી દેવા-પ્રયત્ન કરે છે. આ લોકોને ઉન્નતિમાં આવતા લોકો તરફ નિઃસ્વાર્થ દ્વેષ હોય છે. તેઓ કૌટુમ્બિક કંકાસને જ્ઞાતિના ધોરણ વિરૂદ્ધ વર્તનનું ખોટુ રૂપ આપી, જ્ઞાતિમાં કુસુંપના બી રોપે છે. આમ કરવામાં તેઓનો હેતુ અતિ નીચ હોય છે. પોતે જ્ઞાતિના અગ્રેસર થાય, તો તેમનાં કૃતઘ્ની નીચ કાર્યો પર ઢાક પીછોડો થાય. તે હેતુથી પોતે અગ્રેસર થવા વ્યર્થ ફાંફા મારે છે. આવા નીચ કૃતઘ્ની લોકો ભલે મારી ઇર્ષ્યા કરી, તેઓ મારે માટે પોતાથી બનતું કરે, તે માટે મને કોઇ જાતની પરવા નથી. મને તો હવે અનુભવ મળ્યો છે, કે જ્યાં આવા લોકોનું બળ વિશેષ હોય, ત્યાં જ્ઞાતિના કાર્યમાં માથુ મારવું વ્યર્થ છે. આપણને જો જ્ઞાતિ હિતનાં કાર્યો કરવાં હશે, તો તેને માટે બીજા રસ્તા કયાં ખુલ્લા નથી ? જ્ઞાતિમાં જાગેલ કંકાસ બાબતની ચિંતામાંથી મુક્ત થવા માટે આ ઉત્તમ તક છે. મુનીમજી ! મંજુલા અને વસંતના ઘોર કર્મો હજી પણ અટકયાં નથી. ભગંદરની પીડા પાછી વધી છે. શરીર તેથી અસ્વસ્થ રહેતું હતું, તેમાં વળી આ નવી ચિંતા પ્રગટી. હું તો હવે મુંઝાઇ ગયો છું. હિરાલાલ ! હવે આપણે શું કરવું, તેનો રસ્તો તમે જ બતાવો," નદલાલ શેઠે મુનીમ પાસે આવા ઉદ્ગારો કાઢી પોતાનુ હ્રદય ખાલી કર્યું.

"શેઠજી ! પુજ્ય મહાત્મા શાંતિરામ અને કર્માદેવીને કોટવાલે પોતાના સિપાઇ સાથે પોતાના બંગલામાં મોકલાવી આપ્યાં, અને કોટવાલ ત્યાર પછી નંદભૂવનથી પોતાને બંગલે ગયો, તે પછી

આપ આપણા નંદભૂવનમાં ગયા હતા ? હું ત્યાંથી જ અહીં આવું-છુ શેઠજી ! નંદભુવન આ વખને એક અરણ્ય જેવો દેખાવ આપે છે. ત્યાં સર્વે શુન્ય દેખાય છે. શાંતિરામજી માટે આપણે રાખી આપેલ રસોઇઓ મૂખદત્ત થા દેખાતો નથી ગોપીનાથ માલી અને રંભા માલણ પણ ત્યાં ન હતા, અને તેનુ ઝુંપડુ બંધ હતું તેના ઝુંપડા પાસે કેટલાક રોપા અને વૃક્ષો પડેલાં હતાં. ખુનની જગા જોતાં મને જણાવ્યું, કે લોહીના સર્વે ડાઘ એકજ સીધી લીટીમાં હતા, અર્થાત્ તે ઉપરથી એમ અનુમાનપર આવી શકાય છે, કે ખુનનો ભોગ બનેલી સ્ત્રીને ચત્તીપાટ સૂવાડી, ક્રૂરતાથી તેણીનું ખુન કરવામાં આવ્યુ હશે. અને તે એક માણસનુ કામ નહીં. પણ ઓછામાં ઓછા બે માણસનું કામ હોવું જોઇએ આવુ ક્રૂર કામ મહાત્મા શાંતિરામથી થઇ શકે, એવી સ્વપ્નમા પણ કલ્પના ન સભવે ખુન ભેદભરેલું છે, એ નિસશય, કારણ કે સ્ત્રીનુ આપણા નંદભૂવનમાં આવવું, આપણા સ્થાનમાંજ ખુન કરવાની દુષ્ટોની યોજના, ગોપીનાથ માલી અને રભા માલણનું અને રસોઇઆનુ અદૃશ્ય થવું, એ વગેરે બાબતો એક બીજી સાથે કેવી રીતે સંગત થાય છે, તે કલ્પનામાં પણ ઉતરતી નથી શેઠજી એ ઉપરાંત માગ સાંભળવામા બીજી કેટલીક એવી બાબતો આવી છે, જેથી હું તો એ અનુ-માનપર આવ્યો છું, કે એક અતિ ગંભીર પ્રપંચ રચના થઇ છે, અને તેના મૂળ અતિ ઉંડા છે. આપણે જો આ વખતે શાંતિરામ અને કર્માદેવીની વ્હારે ત્વરાથી ન ચડશુ, તો કારાગારમાં તેમનાં જીવન ભયમાં આવશે. આપનો વિચાર થતો હોય, તો આપણે નરોતમ વકીલની સલાહ લઇએ," મુનીમે નંદલાલ શેઠને રસ્તો બતાવ્યો

નદલાલ શેઠને મુનીમની સલાહ યોગ્ય લાગી, એટલે તેઓ તરત નરોતમ વકીલને ઘેર ગયા. નરોતમ વકીલ અમરાવતીમાં પ્રથમ શ્રેણીનો વકીલ ગણાતો તે સર્વદા પોતાના અસીલોને સારી સલાહ આપતો. તેણે રાજનીતિ, સ્મૃતિગ્રંથો અને તે પરના સર્વ ભાષ્યોનો પ્રશંસનીય અભ્યાસ કર્યો હતો મુનીમ હીરાલાલે નરો-તમ વકીલ પાસે ખૂનની સર્વ હકીકત કહી સંભળાવી આસપાસના જે ટલા સંયોગો તેને લક્ષમાં હતા, તેપણ કહી સંભળાવ્યા. વકીલે તેમને કેટલાક મુદ્દાના પ્રશ્નો પૂછયા, જેના પણ તેમને ખબર હતી, તે

પ્રમાણે ખુલાસા કર્યા વકીલ નરોત્તમે સર્વ હકીકત સાંભળી લીધી, એટલે નંદલાલ શેઠે વકીલને ખૂનના સંબંધમાં તેમનો અભિપ્રાય પૂછ્યો.

"શેઠજી આ ખૂનમાં જે દુષ્ટોનો હાથ છે, તેમને પકડી પાડવા એ એક બુદ્ધિશાળી ગુપ્ત નગરપાલનું કાર્ય છે. દુષ્ટોએ તે કાર્ય અતિ દક્ષતાથી કર્યું છે. અને ખૂન કરવાનુ સ્થળ તેઓએ નંદભુવન પસંદ કર્યું છે, તેમાં તે દુષ્ટોનો હેતુ એ હોવો જોઇએ, કે તેથી શાંતિરામ અને કર્માદેવી ઉપરાંત આપ પોતે પણ ફસાઓ, અને આપ પણ વિપત્તિમાં આવી પડો, અર્થાત તે દુષ્ટો આપના અને શાંતિરામના કટ્ટા વૈરી હોવા જાઇએ આપના સદ્ભાગ્યે આપના પર કોટવાલે અદ્યાપિ કોઇ પણ પ્રકારનો જૂલમ નથી વાપર્યો, એ ભેદ હજી મારાથી પણ કળી શકાતો નથી. કોટવાલને શાંતિરામ અને કર્માદેવી પર માત્ર દ્વેષ હોવો જોઇએ, એટલે તેણે તેમના પર ખૂનનો આરોપ ઢોળી પાડયો છે, અને તે આરોપ તેમના પર સંપૂર્ણ રીતે ઘટી શકે, તે માટે તે ખોટા પૂરાવા ઉભા કરવા પોતાથી બનતુ કરશે કારાગરમાં શાંતિરામ અને કર્માદેવી પર તે સખ્તાઇ ગુજારતો હોય. તો તેમા મને કાંઇ નવાઇ લાગતી નથી માટે શેઠજી ! આપ ત્વરાથી બીજા કેટલાક પ્રતિષ્ઠિત નગરજનોને સાથે લઇ, મહારાજા પાસે મહાત્મા શાંતિરામ અને કર્માદેવીપર સખ્તાઇ ન ગુજારવા વળી પ્રાર્થના કરો જો આવશ્યક જણાશે, તો મહાત્માની સ્થિતિ જોવા હુ પોતે કારાગારમાં આવવા તૈયાર છુ અમરાવતીની રાજનીતિ હાલ એવી પલટાઇ ગઇ છે, કે આ પ્રયત્નમા આપ કેટલે અંશે સફળ થશો, તે હું કહી શકતો નથી, પરતુ એ દિશામાં પ્રયત્ન કરવો જ એ મારી આપને સલાહ છે," નરોત્તમે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો

"નરોત્તમ ! અમે હવે આપની રજા લઇએ છીએ. અમારાં મન આ વખતે અસ્વસ્થ બન્યાં છે, તે આપ સમજી શકતા હશો. આપની સૂચના પ્રમાણે અમે હમણાજ તજવીજ કરીએ છીએ," આ પ્રમાણે શેઠ અને મુનીમે નરોત્તમ પાસેથી રજા લઇ, તેઓ ત્યાંથી પોતાને સ્થાને ગયા.

પ્રકરણ ૨૬ મું.

અદ્‌ભૂત નિર્ણય.

દયા ચટ્ટ હો ગઇ, ધર્મ ધસી ગયો. ધરણીમે,
પુન્ય ગયો પાતાલ, પાપ ભયો બરણુ બરણુમેં,
રાજા કરે ન ન્યાય, પ્રજાકી હોત ખુવારી;
ઘરઘર ભયે બે પીર, દુઃખિત ભયે નર ઔર નારી;
ઉલટી દાન ગજપતિ ચકે, શીલ સંતોષ કિતે ગયો;
બૈતાલ કહે, વિક્રમ સુનો, અબ અજબ કાલ પ્રગટ ભયો;

"કેમ હીરાલાલ? આપણા વકીલ નરોત્તમે મહારાજા પાસે જવાની સલાહ આપી, તે સબંધી આપણે હવે શો વિચાર કરવો? હુ ધારૂં છું, કે પૂજ્ય મહાત્મા શાંતિરામે, નગરજનોનાં હૃદય એવાં જીતી લીધાં છે, કે તેના દુઃખમાં ભાગ લેવા, હજારો માણુસ તત્પર થશે; પરંતુ આટલા બધા માણુસોને સાથે લઇ, મહારાજા પાસે જવું કે નહીં, એ એક મોટો પ્રશ્ન છે. આપણે જો મનપર લઇએ, તો નગરમાથી આપણા સગાં સ્નેહી અને મહાજન સર્વે, અહીથી ઉચાળા ભરી, બીજા રાજ્યમાં જઇ વસીએ. પણ આ નગરમાં આપણો વહિવટ તથા આપણી મિલ્કતનો પ્રસાર એટલો બધો થઇ ગયો છે, કે તેમ કરવું, એ પણુ એક ગંભીર પ્રશ્ન છે. કદાચ આપણે તેમ કીધું, તોપણુ તેથી મહાત્મા શાંતિરામ અને કર્માદેવીની સ્થિતિ કેવી રીતે સુધરે છે? ત્યારે હવે આપણે શું કરવું, તે માટે હું બહુ મુંઝવણુમાં છુ," નંદલાલે હીરાલાલ મુનીમનો અભિપ્રાય પૂછયો.

શેઠજી! હાલ આપણે માટે ડહાપણ ભરેલું એ જ છે, કે આવા વિચાર કોરે મૂકી, આ વેળા માત્ર પાંચ સાત જણાને સાથે લઇ, મહારાજા પાસે જવું રાજ્ય તરફથી છેવટનો નિર્ણય જ્યાંસુધી મહાત્મા શાંતિરામ અને કર્માદેવી માટે વિરૂદ્ધ નથી ગયો, ત્યાંસુધી

આપે કહેલા છેતરના વિચાર અમલમાં મૂકવા. તે મને હાલ વાજબી લાગતુ નથી; પછી જેવી આપની મરજી," હીરાલાલ મુનીમે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

નંદલાલ શેઠને હીરાલાલ મુનીમનો વિચાર રૂચ્યો, એટલે તેમણે તરત પોતાની જ્ઞાતિના અને પોતાની પક્ષના પાંચ સાત જણાને બોલાવી લીધા, અને તેમની સમક્ષ મહાત્મા શાંતિરામ અને કર્માદેવીની દુ:ખમય સ્થિતિ. અને નરોત્તમ વકીલનો અભિપ્રાય કહી સંભળાવ્યો, એટલે વકીલની સલાહ પ્રમાણે સર્વે જણ મળી, મહારાજા પાસે જવા નિશ્ચય કર્યો તેઓ નરોત્તમ વકીલને સાથે લઇ, મહારાજા પાસે ગયા, જ્યાં નરોત્તમ વકીલે તેમના તરફથી મહારાજાને આ પ્રમાણે નમ્ર વિનતિ કરી —

"મહારાજાધિરાજ ! શાંતિરામ અને કર્માદેવીના બચાવ માટે તેમને કારાગારમાં મળવાની અમને આવશ્યક્તા જણાય છે, તો નંદલાલ શેઠને તેમજ મને તેમને મળવા આપ નામદાર તરફથી આજ્ઞા મળવી જોઇએ."

મહાત્મા શાંતિરામ અને કર્માદેવી પર ખૂન જેવું ભયંકર તહોમત આવતાં, પ્રજામાં બહુ ખળભળાટ થયો છે, અને પ્રજા રાજ્ય વિરૂદ્ધ ઉશ્કેરાઇ ગઇ છે, એ વાત દુર્બલસિંહને લક્ષમાં હોવાથી, "જો નરોત્તમની આ માગણી સ્વીકારમાં ન આવશે, તો તેનું પરિણામ ભવિષ્યમાં કદાચ સારૂં નહીં આવે, આવો ભય મહારાજાને લાગવાથી, મહારાજાએ નરોત્તમ વકીલની માગણી સ્વીકારી, અને તે જ વખતે કારાગારમાં શાંતિરામ મહાત્માને વકીલ નરોત્તમ તથા નંદલાલ શેઠને મળવા દેવા, રાજ્ય તરફની સહી સિક્કા વાળી આજ્ઞાપત્રિકા આપી.

નંદલાલ શેઠ અને નરોત્તમ વકીલ કારાગારમાં આવ્યા. દારોગા ઉપર રાજ્ય તરફથી તેમને શાંતિરામ અને કર્માદેવીને મળવા દેવા માટે અગાઉથી જ હુકમ મળી ચૂકેલો હોવાથી, તેમને શાંતિરામ મહાત્માની તરત જ ભેટ કરાવવામાં આવી.

નદલાલ શેઠ શાંતિરામ અને કર્માદેવીની દુઃખમય સ્થિતિ જોતાં જ રડી પડયા. શાંતિરામે તેમને ધીરજ આપતાં જણાવ્યું —

'શેઠજી! આ શું! આટલો મોહ! આપને ત્યાં હું આટલો લાંબો વખત રહ્યો અને આપને મેં જે બોધ આપ્યો તેનું આજ ફળ! **स्नेहादु खमूल** અર્થાત્ સ્નેહ એજ દુ ખનું મૂલ છે, એ આપ ભૂલી ગયા? મારા તરફથી આપને જે બોધ અપાયો છે, તેનુ યથાર્થ મનન કરો અને શાંત થાઓ આ માયાવી સંસારમાં મોહપાશમાં સપડાયેલા મનુષ્યો, શુભાશુભનો વિચાર કર્યા વગર, અનેક અકાર્યો કરે છે. અનેક અનુચિત કર્મો કરવામા પાછી પાની કરતા નથી, અને અવળા કર્મોનો મોટો સંચય કરી, ચોરાશી લક્ષ જન્મમરણાદિના ફેરામાં ભટકયા કરે છે પદાર્થપરના મિથ્યા મોહને લીધે, માનવજાત કેટલી હાસ્યજનક મૂર્ખતાનુ સેવન કરે છે? માયામદિરાના ઘેનમાં પડેલો પુરૂષ, અસત્યમા સત્યબુદ્ધિ, ઝેરમાં અમૃતની આશા અને બુરી ક્રિયાઓમા સુખપ્રાપ્તિનુ ભાન, એમ વિપરીત દર્શનરૂપ અગ્નિમાં, જીવનની વારંવાર હાનિ થવા છતાં, જન્મ મરણના ચક્રમાં ફર્યા કરે છે માયાથી મુગ્ધ થયેલો મનુષ્ય, કદાપિ નિરાંત કરી બેસતો નથી, અને પારાવાર સંકટમાં પડતો પડતો આરંભમાં અમૃતરૂપને પરિણામે ઝેરરૂપ વિષયોનું નશ્વરપણું નહીં સમજી, પ્રતિપળે અધોગતિ પામ્યા કરે છે. માટે શેઠજી! આ નશ્વર માયાથી મોહ ન પામો. અને માયાથી પર સદ્‌વસ્તુમાંજ પ્રેમ રાખો

चत्वारोऽस्याः कपर्दा युवतिरथभवेन्नूतना नित्यमेषा माया च पेशला स्यादघटनघटनापाटवं याति यस्मात् । स्या दारंभे घृतास्या श्रुतिभववयुनान्येवमाच्छादयंती तस्यामेतौ सुपर्णाविव परपुरुषौ तिष्ठतोर्थ प्रतीत्या ॥ અર્થાત્ શંકરાચાર્ય જણાવે છે, કે માયાના ચાર મોટા ઉત્કર્ષ છે. પ્રથમ ઉત્કર્ષ એ છે, કે તે સર્વદા યુવાવસ્થામાં જ રહે છે, અને કોઇ કાળે પણ વૃદ્ધ થતી નથી માયાનો બીજો ઉત્કર્ષ એ છે, કે તે અદ્‌ભૂત ચાતુર્ય વાળી છે, અર્થાત તે અઘટિત ઘટના પટીયસી ગણાય છે. તેનો

ત્રીજો ઉત્કર્ષ એ છે કે તે ઘીની પેઠે આરંભમાં પુષ્ટિપ્રદ છે, પરંતુ પરિણામે તે વિષપ્રદ નિવડે છે. તેનો ચોથો અને છેલ્લો ઉત્કર્ષ એ છે, કે શ્રુતિ પ્રતિપાદિત આત્મજ્ઞાન પ્રકારોને આવરણ શક્તિથી ઘેરી લે છે ઉક્ત પ્રકારે આ ચાર ઉત્કર્ષને ધરનારી મહા માયામાં પક્ષી સમાન જીવ અને ઇશ્વર રહેલા છે, અને તેઓ વસ્તુઓના પ્રકાશ ગુણને લીધે જાણ્યા જાય છે

सुखमापतितं सेव्यं दुःखमापतितं तथा
चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च ॥

સુખ મળતા જેમ સુખનો ઉપભોગ લેવો, તેમ દુ:ખ આવી પડતાં, દુ:ખને પણ સહન કરવુ. સુખ અને દુ:ખ ચક્રની પેઠે ઉંચે નીચે ફર્યા કરે છે.

सुखमध्ये स्थितं दुःखं दुःखमध्ये स्थितं सुखम् ।
द्वयमन्योन्यसंयुक्तं प्रोच्यते जलपंकवत् ॥
तस्माद् धैर्येण विद्वांस इष्टानिष्टोपपत्तिषु ।
न हृष्यन्ति न मुह्यन्ति सर्वं मायेति भावनात् ॥

अध्यात्मरामायण ॥

સુખની અંદર દુઃખ રહેલુ છે, અને દુઃખની અંદર સુખ રહેલુ છે; અર્થાત્ કાદવ અને પાણીની માફક બન્ને એક બીજા સાથે જોડાયલા છે આ કારણને લીધે વિદ્વાનોને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય વા અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ પ્રાપ્ત થાય, તોપણ તેઓ આ સર્વે માયા છે, એ ભાવનાથી, હૃદયમાં ધૈર્ય ધારણ કરી, જેમ હર્ષ પામતા નથી, તેમ મોહ વશ પણ થતા નથી.

यात्येकतोऽस्तशिखरं पतिरोषधीना-
माविष्कृतोऽरुणपुरःसर एकतोऽर्कः ।
तेजो द्वयस्य युगपद् व्यसनोदयाभ्याम्
लोकोनियम्यत इवात्मदशान्तरेषु ॥ शाकुंतल ॥

અર્થાત એક તરફથી ઔષધીઓનો પતિ ચંદ્રમા, અસ્તશિખરપર જાય છે. તેજ વખતે બીજી બાજુથી સૂર્ય અરૂણ સારથીને આગળ કરી, પોતે પ્રકાશમાં આવે છે બન્ને તેજસ્વી છે, અને સમય પણ એકજ છે, અર્થાત્ સૂર્ય અને ચંદ્ર પોત પોતાના ઉદય અને અસ્તથી લોકોને દશાન્તર જ્ઞાન આપી નિયમે છે.

ઉદય અને અસ્ત આ સૃષ્ટિનો અચલ નિયમ છે, અને તેથી જ વિપત્તિ દશામા આવી પડતાં, આપણે શોક વશ ન થવું, અને આવી પડેલા સંકટો ધૈર્યથી સહન કરવાં. મનુષ્યમાત્રને પ્રારબ્ધ સંચિત, કે ક્રિયમાણ કર્મોનાં ફળ ભોગવવાંજ પડે છે મારા કે માતુશ્રી કર્માદેવીનાં પૂર્વજન્મોપાર્જીત કર્મવિપાકને પરિણામે, અમારી આવી દશા થઇ હોય, તો, તેમા શોકનું કારણ શું છે? નંદલાલ શેઠ મારૂં માનો, શાંત થાઓ, અને કોઈ વાતનો શોક ન કરો.'

"શાંતિરામજી! ગજબ થયો. આપને આવુ અસહ્ય કષ્ટ અને મને 'શાંતિ' મારા ઘરની ઉપાધિઓથી કટાળી, આપે મારે ત્યાંથી સધાવી જવા મારી પાસેથી રજા માગી. તે વખતે જો મેં આપને જવા દીધા હત, તો આપની અને માતુશ્રી કર્માદેવીની આ દશા ન થાત. હે પતિતોદ્ધારક મહાત્મન્! આપના દુઃખમાં હું જો કોઇ પણ પ્રકારનો ભાગ ન લઇ શકું, તો મારી આ સમૃદ્ધિ શું કામની, અને મારા જેવો દુષ્ટ પણ કોણ! આપના અને માતાજી કર્માદેવીના બચાવ માટે મે મારી સાથે આવેલા આ નરોત્તમ વકીલને રોકયા છે. હવે કૃપા કરી, તે આપને જે પ્રશ્ન કરે, તેનો યથાસ્થિત પ્રત્યુત્તર આપશો," નંદલાલ શેઠે મહા કષ્ટથી જણાવ્યુ.

"નંદલાલ શેઠ! આપ રાજ્યની આધુનિક પરિસ્થિતિ જાણો છો; આ માયાવી જગત્‌માં જ્યારે પ્રંપચ રચના થાય છે, ત્યારે તે રચનાનાં મૂલ એવાં તો ઉંડાં નાંખવામાં આવે છે, કે તેનો ભેદ સહસા ખુલ્લો પાડવો કઠિન થઇ પડે છે. તે પણ આપ જાણતા હશો, છતાં આપ માત્ર સ્નેહને વશ થઈ, વ્યર્થ શ્રમ શામાટે લો

છો ? મારે માટે આપ આ વખતે જે કાંઇ પણ કરશો, તે આ સમયના સંયોગો તપાસતાં, કેટલે અંશે સાર્થક થશે, તે આપને નરોત્તમ મહાશયે સમજાવેલુ હશે. હું મારૂ ભવિષ્ય સમજી ગયો છું, એટલે આપને હુ ફરીથી જણાવુ છું, કે આ સમયે આપ મારા માટે જે શ્રમ કરશો, તે સર્વ વ્યર્થ જવાનો છે, છતાં હું આપને ખાતરી આપું છુ, કે એક સમય એવો આવશે, કે જ્યારે સત્યનો જય થશે, અને અસત્યનો પૂર્ણ પરાજય થશે. નંદલાલ શેઠ ! આપને મે એક વખત જણાવી દીધું છે, કે મારા જેવા ફકીર સુખ દુ ખની પરવા કરતા નથી.

ગર બાદશાહ હોકર, અમલ મુલકો ફિરા તો કયા હુઆ,
દો દિન નરસીંગા બજા, ભું ભુ હુવા તો કયા હુઆ
ગુલ શોર મુલ્કો માલકા, કોસો હુવા તો કયા હુઆ
યા હો ફકીરી આઝાદ કે, રંગો હુવા તો કયા હુઆ,
ગર યુ હુવા તો કયા હુઆ, ઔર વું હુવા તો કયા હુઆ. ૧
દો દિન તો યહ ચરચા હુઆ, ઘોડા મિલા હાથી મિલા;
બએઠા અગર હૌદ ઉપર, યા પાલખીમેં જા ચઢા;
આગેકા નક્કારે નશાં, પીછેકો ફૌજોકા પરા;
દેખાતો ફેર એક આનમે, હાથી ન ઘોડા ના ગદ્ધા,
ગર યું હુવા તો કયા હુઆ, ઓર યું હુવા તો કયા હુઆ. ૨

"નઝીર"

શેઠજી ! જ્યાં સમય પલટયો છે, ત્યાં આપ કે મહાશય નરોત્તમ વકીલ અન્યથા શુ કરી શકવાના છો ?" શાંતિરામે પુન નિર્વેદના ઉદ્દગારો કાઢયા

"નંદલાલ શેઠ ! મહાત્મા શાંતિરામનુ ચિત્ત સર્વદા વૈરાગ્યમાંજ લાગ્યું છે, એટલે તેમના તરફથી આપને કાંઇપણ ખુલાસો મળી શકે એમ નથી. ખૂનનો ગજબ બનાવ આપના નંદભુવનમાં કેમ બનવા પામ્યો, અને કોટવાલને અમારાપર શક લઇ જવાનું શું કારણ મળ્યું, તે હુ હજી સમજી શકી નથી. ખૂનને દિવસે દિવસનો પ્રથમ પ્રહર વીતી ગયો હતો, અને શ્રોતાજન સર્વ

પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા હતા, તે વખતે હું મારા ઓરડામાં ચાલી ગઈ હતી. અને મહાત્મા શાંતિરામ અગાશીમાં આંટા ફેરા કરતા હતા. તેઓએ અગાશીમાંથી કાંઇ જોયું. અને તેથી તેમને ગ્લાનિ થઇ, એટલે તેઓ પાછા પોતાના સ્થાન ઉપર આવ્યા, અને મને બોલાવી, કાંઇ કહેવા જતા હતા, એટલામાં નીચેથી કોઇનો શ્વાસ રૂંધાતો હોય અને જે ધ્વનિ થાય, તેવી ધ્વનિ સાંભળી જીજ્ઞાસાથી “ શુ છે, ” તે જોવા તે દાદર ઉતરી નીચે ગયા, અને તેમણે નદભૂવનના પાછલા વડામાંના જે મધ્ય ડેલામાંથી તેમને પ્રાણોત્સર્ગની છેલ્લી ધ્વનિ સંભળાઇ હતી, તે ડેલાના કમાડને ધકેલ્યો, એટલે ડેલાના બારણા ઉઘડી ગયા તેઓએ અદર જોયું, તો તેમની અજાયબી વચ્ચે તેમણે ત્યાં ખુનનો ભોગ બનેલી સ્ત્રીનુ શબ જોયું, એટલે માલી પાસેથી રાજવાડા માર્ગના દરવાજાની ચાવી લઇ, દરવાજા ઉઘાડી, તે નગરપાલોના થાણામાં ખુનની ખબર આપવા ગયા. ખબર આપી પાછા આવ્યા, તેને ભાગ્યે જ બે ઘડી થઇ હશે, એટલામાં નગરપાલોએ આવી નદભૂવનને ઘેરી લીધુ. અને મને તેમજ મહાત્મા શાંતિરામને નીચે બોલાવી, અમને કાંઇ પણ પૂછપરછ કર્યા વગર, એકદમ પોતાને બંગલે અને ત્યાંથી અહીં મોકલાવી આપ્યા અમને આવા ભંયકર દુષ્ટ કાર્યની કલ્પના સ્વપ્નમાં પણ ભાગ્યે જ થઇ હશે ' શેઠજી ! અમારૂં જે થવુ હોય તે થાઓ. પણ અમને નિષ્કલંકી સિદ્ધ કરાવો ! ” કર્માદેવીએ રડતાં રડતાં શેઠને કહ્યું

નરોતમ વકીલે સમય સૂચક બની, નંદલાલ શેઠને તેમજ કર્માદેવીને ધીરજ આપી શાંત કર્યાં ત્યાર પછી તેણ દારોગાને એક બાજુએ લઇ જઈ, આ મહાત્માઓ પ્રત્યે કેવી વર્તણુક ચલાત્રવામાં આવે છે, તે જાણી લીધુ. કારાગૃહમાં નંદલાલ શેઠને કે તેને હવે વધુ ખોટી રહેવાનુ કારણ નહતું, એટલે શાંતિરામને અને કર્માદેવીને આશ્વાસન આપી શેઠ અને વકીલ કારાગૃહ છોડી, પુન મહારાજા પાસે ગયા, અને શાંતિરામ અને કર્માદેવીને અપરાધ સાબીત થયાની પહેલાં, કારાગારમાં જે અઘટિત અપાર દુઃખ આપવામાં આવતાં હતાં, તે માટે ફરિયાદ કરી. આ ફરિ-

યાદનું પરિણામ પણ સારૂ આવ્યું, અર્થાત્ મહારાજા તરફથી એવો હુકમ કરવામાં આવ્યો, કે કર્માદેવી અને શાંતિરામને નંદલાલ શેઠના ઘરથી જે ખોરાક આવે, તે આપવું, અને તેમને કોઇપણ રીતે સતાવવાં નહી ”

શાંતિરામ અને કર્માદેવીને આઠ દિવસ સુધી કારાગારમાં રાખવામાં આવ્યાં. કોટવાલે મહારાજાને ઉંધુ ચત્તું સમજાવી “ તેમની તપાસ બંધ બારણે કરવી ” એવો હુકમ મેળવ્યો.

દુર્બલસિંહના પૂર્વજોના સમયમાં ન્યાય પદ્ધતિ આર્યોની પ્રાચીન પદ્ધતિ અનુસાર જ હતી, અને તે લગભગ અજીતસિંહના સમય સુધી ચાલુ રહી. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે પ્રારંભમાં ન્યાયનુ દરેક કાર્ય ન્યાયમંદિરમા બેસતી ન્યાયસભામાં જ થતું. ન્યાયસભામાં ન્યાય કરવા માટે અમરાવતીના નૃપતિ અને તેના અમાત્ય બીજા પાચ સભાસદો સાથે બેસતા. આ પાંચ સભાસદોમાં વ્યવહાર, વેદ અને ધર્મશાસ્ત્ર જાણનાર ત્રણ વિદ્વાન બ્રાહ્મણો હતા, અને બાકીના બે વ્યવહારદક્ષ વણિકો હતા ન્યાયનાં કાર્ય વધી પડતા, અમરાવતી રાજ્યના જીલ્લાઓમાં તેમજ રાજનગરમાં પણ, સામાન્ય બાબતો અને સામાન્ય અપરાધોના ન્યાય માટે પૃથક્ વ્યવસ્થા કરવામાં આવી હતી, અને જેમને ત્યાં મળેલો ન્યાય સંતોષકારક ન લાગતો, તેમને છેલ્લી દાદ મેળવવા માટે રાજનગરની ન્યાયસભાનો આશ્રય લેવા દેવામાં આવતો; માત્ર ગુચવાડા ભરેલી બાબતો કે ગંભીર અપરાધોનો ન્યાય રાજનગરની ન્યાયસભામાં કરવામાં આવતો. દુર્બલસિંહના દુર્બલ રાજ્યકાળમાં ન્યાયની પ્રાચીન વ્યવસ્થા નામનીજ રહી હતી. પહેલાં ન્યાયસભામાં રાજા અને તેનો અમાત્ય અગત્યના કારણ વગર ગેર હાજર રહેતા નહીં. દુર્બલસિંહના રાજ્ય કાલમાં મહારાજા પોતે દિવસનો મોટો ભાગ રાણીઓના આવાસમાં વિષયાનંદમાં પડયો રહેતો, એટલે ન્યાયસભામાં મહારાજા કે અમાત્યની હાજરી અપવાદરૂપજ હતી પહેલાં, ન્યાયાધીશ, ન્યાયસભામાં અપવાદ રૂપેજ

બેસતો, અને હવે ન્યાયકાર્યમાં સર્વે સત્તા ન્યાયાધીશના હાથમાં હતી, અને સભાસદો માત્ર નામનાજ રહ્યા હતા

શાંતિરામ, અને કર્માદેવીપર કોઇને સ્વપ્નમાં પણ કલ્પના ન થઇ શકે એ પ્રકારના તહોમત સંબંધી આ ન્યાય સભામાં જે તપાસ ચાલવાની હતી, તે તપાસ નગરજનની ચર્ચાનો સામાન્ય વિષય થઇ પડયો હતો તે સંબંધી લોકો તરેહવાર કલ્પનાઓ અને અટકળો બાંધતા; પરતુ આનદની વાત તો એ છે, કે નદલાલના દ્વેષીઓ પણ, આ મહાત્માઓ પગ આવો અસંભવિત કલક ચોટાડવા તત્પર ન હતા તપાસ બંધ બારણે ચલાવવામા આવી, તેથી "આ સર્વે કોટવાલની પ્રપંચ રચના છે," એવી જે સામાન્ય માન્યતા હતી તેને સબળ પુષ્ટી મળી, અમરાવતી રાજ્યની હાલની પરિસ્થિતિ જોતાં, લોકોએ આ મહાત્માઓને ન્યાય મળશે, એવી આશા મૂકી દીધી હતી અપરાધ પૂરવાર થાય તે પહેલા, આ મહાત્માઓને જેવી રીતે ઓચીંતા પકડવામાં આવ્યા હતા, અને ત્યાર પછી તેમની જે અવદશા કરવામાં આવી હતી, તેથી અમરાવતીની પ્રજા રોષમાં આવી ગઇ હતી. તેઓ માત્ર તપાસનું છેવટ શું આવે છે, તેની રાહ જોઈ બેસી રહ્યા હતા.

મહાત્માઓ વિરૂદ્ધ સાક્ષી કોણે કોણે આપી હતી, સાક્ષીઓએ ન્યાયસભાને શું શું જણાવ્યું હતું, ન્યાયાધીશ અને સભાસદોએ કેવી વલણ ધારણ કરી હતી, અને છેવટનો નિર્ણય આપતાં સભાસદોએ અથવા ન્યાયાધીશે પોતાના ફેસલામાં શું જણાવ્યું હતું, એ વગેરે સવિસ્તર વૃત્તાંત તપાસ બધબારણે કરવામાં આવેલી હોવાથી, નરોત્તમ વકીલે નંદલાલ શેઠ પાસે જે હકીકત રજુ કરી હતી, તેથી વિશેષ અમે જણાવી શકતા નથી, જે માટે અમે અમારા વાચકવૃદની ક્ષમા યાચીએ છૈએ.

નરોત્તમ વકીલે નંદલાલ શેઠને તપાસનુ જે વૃતાંત સંભળાવ્યું હતું, તે આ પ્રમાણે હતું:—

"શેઠજી ! હું શું વાત કરૂં ! શાંતિરામ અને કર્માદેવીને જે વખતે કેદી તરીકે રજુ કરવામાં આવ્યા, તે વખતે તેઓ જોકે

બંધીવાન હતા, તેમનાપર તહોમત ગંભીર હતો. કારાગારમાં તેમની જે દુર્દશા કરવામાં આવી હતી, તેથી તેઓ શરીરે કૃશ બની ગયા હતા. તોપણ શાંતિરામની શાંત અને ગંભીર મૂર્તિ, અને કર્માદેવી અબળા છતાં તેણીની ધીર મુખમુદ્રા જોઈ, કોઇપણ મનુષ્ય એમ કહેવા તત્પર નહીં થાય, કે આવી મુર્તિઓથી આવું અઘોર રાક્ષસી કાર્ય થઈ શકે? ' બાહ્ય દેખાવથી આપણે છેતરવું ન જોઇએ, " એ ન્યાય પ્રમાણે પણ, જો ન્યાયધીશ અને સભાસદોને સાક્ષીપુરાવા લઇ, શુદ્ધ ન્યાય આપવાનું યોગ્ય લાગ્યું હોય અને તે પ્રમાણે પુરાવાની રજુઆત કરાવી હોય, તોપણ શેઠજી, હું હિમ્મતથી કહું છું, કે ન્યાયાધીશ અને સભાસદો સમક્ષ જે સાક્ષી પુરવા રજુ થયા હતા, તે પરથી પણ નિષ્પક્ષપાતી જણને આ મહાત્માઓ તદ્દન નિર્દોષ અને નિષ્કલંક જણાયા વગર રહે નહી. ન્યાયાધીશ તરીકે કોટવાલના સ્નેહી દુર્મદરાય વિરાજમાન થયા હતા અને સર્વે સભાસદો જો કે નિષ્પક્ષપાતી હતા, તોપણ મહાત્માઓના દુર્દૈવે ન્યાયાધીશે તેમનું ચાલવા દીધું નહીં

પ્રારંભમાં કોટવાલે પોતાની ફરિયાદ રજુ કરી, અને કેદીઓ અપરાધી છે, તે પુરવાર કરી આપવા માટે તે કેવા સાક્ષીઓ રજુ કરવાનો છે, તે જણાવ્યું પોતાની ફરિયાદમાં તેણે મહાત્મા શાંતિરામ અને કર્માદેવીપર અતિ અઘટિત અને અશ્લીલ આક્ષેપો મૂકયા હતા. પણ શોકથી વાત એ છે, કે અપરાધ પુરવાર થયાની પૂર્વે આવા આક્ષેપો મૂકતાં, દુર્મદરાયે ધૂર્તલાલને અટકાવ્યો નહીં. સભાસદોએ કોટવાલની ફરિયાદ રજુ કરવાની આ પદ્ધતિ તરફ પોતાનો તિરસ્કાર દર્શાવ્યો હતો, પરતુ ન્યાયાધીશે તેમને દબાવી દીધા હતા. ત્યાર પછી ધૂર્તલાલ કોટવાલ તરફથી સાક્ષીઓ રજુ કરવામાં આવ્યા. પહેલો સાક્ષી કોટવાલ પોતેજ હતો. તેણે પોતાની મુખ્ય તપાસમાં જણાવ્યું:—

" આઠેક દિવસની વાત ઉપર, દિવસનો પહેલો પ્રહર વીત્યા બાદ, હું મારા બંગલામાં બેઠો હતો, તે વખતે નગરપાલ વિષ્ણુસિંહે આવી, મને જણાવ્યું, કે " નંદભૂવનમાં કોઇ સ્રીનું ખૂન થયું છે, એવી ખબર મને શાંતિરામે આપી છે. " મેં તે ઉપરથી

ત્યાં જોઇતો બંદોબસ્ત કરાવ્યો, અને હું પોતે ત્યાં કેટલાક માણસો લઇ થોડાજ વખતમાં પહોંચી ગયો ત્યાં જઇને ખૂનનો ભોગ બનેલી સ્ત્રીનું શબ તપાસ્યું તેણીને અતિ ક્રૂરતાથી મારી નાંખવામાં આવી હતી, અને તે સ્ત્રી ઓળખાઇ ન શકાય એ હેતુથી, તેની બન્ને આંખો, નાક, અને હોઠ કાપી નાંખવામા આવ્યાં હતાં શબ નંદભૂવનના પાછલા વંડાના મધ્ય ડેલામા રક્તના ખાબોચિયામાં પડેલું હતું શબ પાસેથી એક મોટો છરો, એક પછેડી, અને એક સ્ત્રીની સપાટ મળી આવ્યાં મળી આવેલી સપાટની જોડીની બીજી સપાટ, એક પુસ્તક, અને પુરૂષને પહેરવાનો એક જોડો, ડેલા બહારથી મળી આવ્યાં હતા ”

કોટવાલે આ સર્વે ચીજો ન્યાયસભા સમક્ષ રજુ કરી. અને પોતાની જુબાની આગળ ચલાવી, જેમાં તેણે વધુ જણાવ્યુ —

‘ મેં ત્યાર પછી પચને બોલાવી, પંચનામું કરાવ્યું પચને મેં સ્ત્રીનું શબ અને ન્યાયસભામાં રજુ કરેલી આ સર્વે વસ્તુઓ બતાવી હતી અને ત્યાંથી હુ તેમને તહોમતદાર શાંતિરામની બેઠક આગળ લઇ ગયો, જ્યા આ ન્યાયસભાની સમક્ષ રજુ કરેલા આ જોડાની જોડીનો બીજો જોડો મળી આવ્યો. જે પણ હુ ન્યાયસભા સમક્ષ રજુ કરૂં છું. ” આ જોડો તેણે ન્યાયસભામાં રજુ કર્યો, અને ત્યારબાદ પોતાની જુબાની આગળ ચલાવી.

“ પંચે ત્યારબાદ મેં તૈયાર કરેલા આ પંચનામાપર સહીઓ કરી આ પંચનામાપરથી ન્યાયસભાને જાણવામાં આવશે, કે હત્યાનો ભોગ બનેલી સ્ત્રીનુ શબ અને અહીં રજુ કરેલી સર્વે વસ્તુઓ મે પચને બતાવી હતી નદભૂવનનું આટલું કામ પતાવ્યા પછી, હું મારે બગલે ગયો. મને ત્યા ગયે થોડો વખત થયો, એટલામાં ગોપીનાથ માલી મારી પાસે આવ્યો, અને મારી પાસે ફરિયાદ કરી “ કે મારી સ્ત્રી રંભા અદ્દશ્ય થઇ છે. ”

કોટવાલને મેં ત્યારબાદ કેટલાક પ્રશ્ન પૂછયા, જેના તે સંતોષકારક પ્રત્યુત્તર આપી શકયો નહીં. મેં મારી ઉલટ પાલટ તપાસમાં કોટવાલ પાસેથી જે વાતો કઢાવી તે આ હતી:—“શાંતિરામ અને

કર્માદેવીને મેં મારે બંગલે મોકલ્યા, તે વખતે મેં તેમને કાંઇ પૂછ્યું ન હતું. જે વખતે હું ગયો, તે વખતે મૂર્ખદત્ત રસોઇઆની ગેરહાજરીથી મને કાંઇ આશ્ચર્ય થયું નહીં, એટલુંજ નહીં, પણ અદ્યાપિ પર્યન્ત તે કયાં છે. તેની મેં તપાસ પણ કરાવી નથી; હું ગયો તે વખતે જેમ રમા માલણ ત્યાં ન હતી, તેમ ગોપીનાથ માલી પણ ત્યા હાજર ન હતો, અને તે બન્નેની ગેરહાજરીથી પણ મને આશ્ચર્ય થયો ન હતો, જે વખતે મેં શાંતિરામ અને કર્માદેવીને કેદીની હાલતમાં મારે બંગલે મોકલ્યા, તે વખતે તેઓ જ ખુનીઓ હોવા જોઇએ, એ હું નિશ્ચય પૂર્વક માનતો હતો, પણ મારી તે વખતની તેવી માન્યતાનું કારણ, હું ન્યાયસભાને સમજાવી શકતો નથી."

કોટવાલ પછી બીજો સાક્ષી વિષ્ણુસિંહ નગરપાલ હતો. આ સાક્ષીએ જાણવાજોગ કાંઈ વધુ કહ્યુ ન હતું, છતાં પણ તેની ઉલટપાલટ તપાસમાં તેને જણાવવાની ફરજ પડી હતી, "કે કોટવાલે શાંતિરામ અને કર્માદેવીપર સખ્તાઇ વાપરવા મને હુકમ કર્યો હતો." વિષ્ણુસિંહ પછી આપણ કૌતક જ્યોતિષી સાક્ષીમા આવ્યા, પરંતુ તે મહાશયે માત્ર ઇર્ષ્યાના જ ઉદ્દગારો કાઢયા હતા, અને શાંતિરામ અને કર્માદેવીપર ઢાળો પાડેલ ખૂનના આરોપ પર તેની જુબાનીએ કાંઇ પ્રકાશ પાડયો ન હતો. કૌતક જ્યોતિષી પછી સાક્ષીમાં ગોપીનાથ માલી આવ્યો. તેણે પોતાની મુખ્ય તપાસમાં જણાવ્યું:—

"જે દિવસે નંદભૂવનમાં સ્ત્રીનુ ખૂન થયું હતું, તે દિવસે પરોઢિયામાં વહેલો ઉઠી, હું ઝાડના રોપા, અને લતાઓ લેવા વસંતબાગ ગયો હતો. મારી સ્રી તે વખતે મારા ઘરમા હતી. હું વસંતબાગથી મારે ઘેર પાછો આવ્યો, તે વખતે મારી સ્રી ઘેર ન હતી. 'કામસર બહાર ગઇ હશે,' એ ભરોસે હું થોડી વાર સુધી મારા ઘરમાં રહ્યો. શાંતિરામે મારી પાસે આવી, મારી પાસેથી પાછલા વંડાના બારણાને લગાડેલા તાળાની ચાવી માગી, તે વખતે શાંતિરામ અતિ ગભરાયલા હતા. તેમના ગભરાટનું તેમને મેં કારણ પૂછયું, જેના જવાબમાં તેમણે "કોઈ

દુષ્ટો આપણા ડેલામાં કોઇ સ્રીનું ખૂન કરી નાશી ગયા છે, અને હું નગરપાલને ખૂનની ચેતવણી આપવા જાઉં છુ." એમ જણાવ્યું શાંતિરામ નગરપાલને ચેતાવવા ગયા, અને હું સ્રોનુ શબ જોવા ગયો " મારી સ્રીને તો કોઇએ મારી નથી નાંખી? મારી સ્રોની તપાસ તો કરૂ," એ પ્રકારની કલ્પના મારા મનમાં આવવાથી, હું તરતજ મારી સ્રોની શોધ કરવા નીકળ્યો. મારી સ્રીની મને ભાળ ન મળ્યાથી, મેં કોટવાલ પાસે ફરિયાદ કરી. મારી સ્રી શાતિરામ પાસે કથા શ્રવણ કરવા અને અધ્યયન કરવા જતી." માલીએ ઉલટપાલટ તપાસમાં જણાવ્યુ:—

"મારી સ્રીએ કોઇ વખત પણ મને બતાવવામાં આવેલી સપાટો પહેરી ન હતી. શબના અંગપર જે વસ્રો હતા, તેવાજ વસ્રો મારી સ્રીએ ખૂનને દિવસે પહેર્યાં હતા કે નહીં, તેની મને સ્મૃતિ નથી. જે ડેલામાં શબ પડયું હતું, તે ડેલો હમ્મેશ બંધ રહેતો ડેલાની ચાવી મારા ઝુપડામાં રહેતી શાંતિરામે કે કર્માદેવીએ કોઇ વખતે પણ મારી પાસેથી તે ડેલાની ચાવી માગી ન હતી. મારી સ્રીપાસેથી તેમણે માગી હતી કે નહીં, તે હું કહી શકતો નથી, પણ મારી હાજરીમાં તો તેમણે મારી સ્રીપાસેથી પણ આ ચાવી માગી નથી, તે હું ખાતરીથી જણાવું છું શાંતિરામ અને મારી સ્રી વચ્ચે કોઇ જાતનો અણબનાવ થયો હોય, તેની મને ખબર નથી. મારી સ્રીએ તે બાબતની કોઈ વખતે મારી પાસે ફરિયાદ કરી નથી શાંતિરામ પોતે વ્યભિચારી છે કે નહી, તેની મને ખબર નથી. કર્માદેવી સાથે તેમનો કેવો સંબંધ છે, તે પણ હું જણાવી શકતો નથી. મારે ઘેર ગરૂડદાસ નામનો કોઇ ગૃહસ્થ આવ જા કરે છે. તેની વિરૂદ્ધ મારે કાંઇ કહેવાનું નથી. જે દિવસે ખૂન થયું તેની આગલી રાત્રિએ ગરૂડદાસ અમારે ત્યાં પોતાના મિત્ર સાથે આવ્યો હતો. ગરૂડદાસના આ મિત્રને હું ઓળખતો નથી."

પહેલે દિવસે ન્યાય સભામાં આટલુંજ કામ ચાલ્યું. શેઠજી! બીજે દિવસે મારી આશ્ચર્યતા વચ્ચે આપની પુત્રી મંજુલાબાઇ કોટવાલ તરફથી સાક્ષીમાં આવ્યા."

મંજુલાનું નામ સાંભળતાંજ નંદલાલ શેઠના રોમાંચ ઉભાં થયાં, અને તેમની નસે નસમાં ક્રોધની જવાળા પ્રસરી ગઇ, અને થોડો વખત તે વિરામાસનપર સ્તબ્ધ પડી રહ્યા, એટલે નરોત્તમ વકીલ બોલતા બંધ થયા

"કુલાંગાર મજુલા ! તને મેં જુદી કાઢી, છતાં હજી પણ તેં તારી દુષ્ટતા મૂકી નથી જે મહાત્માઓને મે મારૂં સર્વસ્વ અર્પણ કર્યું છે, જેમનાં સત્સંગથી પૂર્વજન્મનાં તેમજ આ જન્મનાં સર્વે પાપ બળી જાય, તેમનાપર દુષ્ટો અઘટિત કલક ચોટાડે અને તેને તારા તરફથી પુષ્ટિ ! ધિઃકાર છે, તને ! નરોત્તમ ! એ દુષ્ટાએ ન્યાય સભામાં જે કહ્યુ હોય, તે સાંભળવા હું ઇચ્છતો નથી. આ વખતે મરા શરીરમાં અસ્વાસ્થ્ય વધ્યું છે," નંદલાલે આખરે દુખી હૃદયે જણાવ્યું.

શેઠજી ! મંજુલાબાઇની જુબાનીએ પણ તહોમતની ઘટના પર કાઇ પ્રકાશ પાડયો નહીં. પરતુ જેમ તેણીના નામથી આપના હૃદયપર આઘાત થયો, તેમ તેણીએ મહાત્મા શાંતિરામ અને દેવી કર્માદેવીની ન્યાયસભામાં ખુલ્લી રીતે નિંદા કરી, એટલુંજ નહીં, પણ આપની પુત્રવધુ સતી સુમતિ અને આપના પ્રમાણિક નોકર અમથાની પતિપરાયણ સ્ત્રી સુનીતિપર જે અઘટિત કલંક ચોટાડયા, તેથી મારા હૃદયપર પણ તેટલોજ આઘાત થયો આપને આ વાત જણાવવા જેવી ન હતી, પરંતુ આગળ પાછળની સંગતિ જાળવવા, મને આટલું સશોક જણાવવુ પડે છે.

કોટવાલે પોતાના છેલ્લા સાક્ષીઓ તરીકે પચને બોલાવ્યા હતા. તેઓએ પંચનામામાં લખેલી બાબતો સબંધી જુબાની આપી હતી. ઉલટપાલટ તપાસમાં તેઓએ જણાવ્યું કે—

"અમને જે વખતે બોલાવવામાં આવ્યા હતા, તે વખતે શાંતિરામ કે કર્માદેવી કોઈપણ હાજર ન હતાં. અમારી સમક્ષ તેમની પાસેથી ખૂન સંબંધી કાંઇ ખૂલાસો માગવામાં આવ્યો ન હતો. નંદભૂવનમાં અમે ગયા, તે વખતે કોટવાલ અને તેના માણુસો શિવાય ત્યાં બીજો કોઇ ન હતો. સપાટો, જોડા, પછેડી

અને છરા ક્યાંથી મળી આવ્યાં, તે અમને પોતાને ખબર નથી; અમને જે બે જોડા બતાવવામાં આવે છે, તેમાંથી એક જોડો શાંતિરામની બેઠકમાંથી મળી આવ્યો હતો, તેની અમને પોતાને ખબર છે. શબ કોનું હોવું જોઈએ, તે સંબંધી કોટવાલ તેમજ અમે કાંઇ તર્ક કરી શકયા ન હતા.”

આટલી સાક્ષીઓ લેવાયા પછી ન્યાયાધીશે અને સભાસદોએ મહાત્મા શાંતિરામ અને કર્માદેવીને પોતાનો ખુલાસો કરવા જણાવ્યું. શેઠજી ! તે વખતે શાંતિરામે ન્યાયાધીશને અને સભાસદોને જે બોધ આપ્યો, અને જે શબ્દોમાં તેણે પોતાની નિસ્પૃહતા અને સંસારપરથી વિરક્તિ દર્શાવી, તે શબ્દો ખરેખર હૃદયમાં કોતરી રાખવા જેવા હતા, તેમની સાથે આપનો સહવાસ અતિ લાંબો છે, એટલે આપ મારા કહેવાનો ભાવાર્થ સહજ સમજી શકયા હશો ! કારાગારમાં તેમને મળવા આપ મને લઇ ગયા હતા, તે વખતે તેમના વચનામૃત પી,હું તો તૃપ્ત થઇ ગયો હતો આ સમયમાં આવા મહાત્માઓના સત્સંગ અતિ દુર્લભ છે ધિક્કાર છે, તે દુષ્ટોને, જેઓ આવા સાધુ પુરૂષોની નિન્દા કરે છે, અને તેમનાપર અઘટિત કલંકો ચોટાડે છે આ મહાત્માને પોતાના તરફથી કોઇ સાક્ષી હોય, તો તેમને રજુ કરવા જણાવવામાં આવ્યું, પરંતુ તેમણે પોતા તરફથી કોઇપણ સાક્ષી રજુ કરવા સાફ ના પાડી, એટલુંજ નહીં, પણ મને પણ તેમણે જણાવ્યું, “ કે મારા અને આ મારી માતાજી કર્માદેવીના બચાવ માટે, તમે કોઇને પણ શ્રમમાં નાંખતા નહીં. તમે મને મારો બચાવ કરવાની ઇચ્છા ન હતી, છતાં બહુ કર્યું છે સત્યાસત્યની તુલના કરવા માટે, તમે આ ન્યાયસભા સમક્ષ પૂરતા સાધનો રજુ કર્યા છે. સભાસદો સર્વે વિદ્વાન છે, એટલે આટલા સાધનો પરથી તેમને જે અનુમાનપર આવવું હશે, તે અનુમાનપર તેઓ આવશે. તેઓ જે સત્ય કે અસત્ય નિર્ણયપર આવશે, તે અમને શિરોધાર્ય છે. તમે પણ તેમાં વાંધો લેશો નહીં, અને તે માટે તમે કોઇ રીતે હર્ષ કે શોકને પ્રકાશ કરશો નહીં, એટલુંજ નહીં, પરંતુ અમારા વતી નંદલાલ શેઠને પણ આ જ સંદેશો પહોંચાડજો.” મને આપની સાક્ષીની જરૂર જણાઇ, પરંતુ આપના

શરીરની અસ્વસ્થતા અને શાંતિરામની અનિચ્છાના કારણે, આપને ન્યાયસભામાં બોલાવવાનો વિચાર મે માંડી વાળ્યો. બચાવમાં હુ ન્યાયસભાને કાંઇ કહેવા જતો હતો, પરંતુ તેમ કરતાં પણ શાંતિરામ મહાત્માએ મને અટકાવ્યો શાંતિરામની ઇચ્છાને માન આપી, હુ કાંઇ બોલ્યો નહીં, એટલે ધૂર્તલાલ કોટવાલને પોતાને ફરીઆદના ટેકામા જે પુરાવા રજુ થયા હતા, તેપર બોલવાની વારી આવી કોટવાલને બોલતાં કોઇ અટકાવનાર ન હતો, એટલે તે નિરકુશ યદ્વા તદ્વા બોલ્યો પોતાના ભાષણમાં તેણે મહાત્મા શાંતિરામને મહા પાખંડી, ધૂર્ત, વ્યભિચારી, અને કર્માદેવીને કુટ્ટિની અને કુલટા ચિતર્યા તે બોલી રહ્યો. એટલે સભાસદો અને ન્યાયાધીશ શો નિર્ણય આપવો, તે સબધી વિચાર કરવા બેઠા. તેઓએ બહુ લાંબો વખત વિચાર કર્યો આખરે સભાસદોએ દુર્મદરાયથી વિરૂદ્ધ થઇ, શાતિરામ અને કર્માદેવીને નિર્દોષ જાહેર કર્યા દુર્મદરાયે તેમના વિરૂદ્ધ નિર્ણય કર્યો અને તે નિર્ણયપર મહારાજા અને અમાત્યની સમતિ મેળવવા, છેલ્લો નિર્ણય ત્રીજા દિવસપર રાખ્યો. ત્રીજે દિવસે દુર્મદરાયે પોતાના નિર્ણયપર મહારાજાનો સહી સિક્કો દર્શાવ્યો. આ નિર્ણય આ પ્રમાણે હતો –

" આ ફરિયાદના સર્વે સજોગો જોતા, અમે એવા નિર્ણય પર આવીએ છીએ, કે ખૂન કોનું થયું છે, અને ખૂન કોણે કર્યું, તે શંકાસ્પદ છે, અને તેથી તે શંકાનો લાભ અમે શાંતિરામ અને કર્માદેવીને આપીએ છીએ. પરંતુ શાંતિરામ દભી અને વ્યભિચારી છે, અને કર્માદેવી સાથે તેનો અયોગ્ય સબધ છે, એટલુંજ નહીં, પરંતુ કર્માદેવી શાતિરામની કુટ્ટિની તરીકે કામ કરે છે, એટલે તેઓ બન્ને આ રાજ્યમા રહે એમ ઇચ્છવા યોગ્ય નથી, તેમ તેઓ જ્યાં હોય ત્યાં પણ તેઓ એકત્ર રહે, એ પણ ઇષ્ટ નથી, એટલે અમે એવો ઠરાવ કરીએ છીએ, કે ભટ્ટ અને દેવીની આંખે પાટા બાંધી. તેમને આ રાજ્યના હદ્દથી દૂર મૂકી આવવું. ભટ્ટને મધ્ય રાત્રિએ આ રાજ્યની હદ્દથી પચાશ કોશ દૂર, અને કર્માદેવીને ભટ્ટને જે દિશામાં લઇ જવામાં આવે, તેથી ઉલટી દિશાએ, ભટ્ટ પછી ચાર ઘડી બાદ, આ રાજ્યની હદ્દથી પચાશ કોશ દૂર મૂકી આવવાં. "

પ્રકરણ ૨૭ મું.

નંદલાલ શેઠનું મૃત્યુપત્ર.

જે દિવસથી મહાત્મા શાંતિરામ અને શિયળગુણ સંપન્ન કર્માદેવીને ખૂનના અપરાધ માટે પકડી જવામાં આવ્યાં, ત્યારથી નંદલાલ શેઠનું ચિત્ત નહીં ખાવા પીવામાં, કે નહીં વ્યાપારમાં લાગતું, અને સર્વદા તે શોક અને ચિંતામા રહેતા, જેને પરિણામે તેમને જે ભગંદર વગેરેની વ્યાધિથી શરીરમાં અસ્વાસ્થ્ય રહેતું, તેમાં દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જતી હતી શરીરની વ્યાધિ અને માનસિક ચિંતાથી, તેમનુ શરીર લથડી તો ગયું હતું, તોપણ શાંતિરામ અને કર્માદેવીની તપાસ પૂર્ણ થઇ, ત્યાંસુધી તેઓએ જેમ તેમ ચલાવ્યું, અને પથારી વશ થયા નહીં; પરંતુ જ્યારે તેમણે નરોત્તમ વકીલ પાસેથી તપાસનુ અથેતિ સવિસ્તર વૃત્તાંત સાંભળ્યું, અને મહાત્માઓને મળેલા દેખીતા અન્યાયની અને પોતાની જ દીકરી મંજુલાની દુષ્ટતાની પરાકાષ્ટાની વાતો સાંભળી, ત્યારે તેમને અંતરમાં જે ભારે ક્રોધ વ્યાપ્યો, તેથી તેમના મસ્તિષ્ક પર એવી અસર થઇ. કે તે સદ્યઃ મૂચ્છિતાવસ્થામાં ધરણી પર ઢળી પડયા. નરોત્તમ વકીલે તરત ગુલાબજળ વગેરે મંગાવી, તેમના મુખ પર છાંટયું, છતાં તે બેબાકળા અને બેચેન રહ્યા અને શય્યા પર સૂઇ જવા ઇચ્છા જણાવી, અને વૈદ્ય જ્વાલાદત્ત ભિષગ્વર્યને તેડવા, તે જ વખત માણસ મોકલ્યો જ્વાલાદત્ત વૈદ્ય આવ્યા, અને તેણે શેઠની નાડી તપાસી શરીરમાં જ્વરનું પ્રાબલ્ય વિશેષ જોવામાં આવ્યું, અને ભગંદર તપાસતાં તે ઉપસી આવેલું જણાયું.

"હું હમણા જ માણસ સાથે ઔષધ મોકલું છું. શેઠના મસ્તિષ્ક પર ચિંતાનો ભાર અતિશય છે, અને તેથી તેમને તદ્દન આરામની જરૂર છે. તેમની પાસે એકાદ બે નોકર શિવાય બીજા કોઇને બેસવા દેતા નહીં," જ્વાલાદત્ત જણાવ્યું.

જ્વાલાદત્ત ભિષગ્વર્યના ઔષધોપચારથી શેઠના શરીરમાંથી જ્વર ચાલ્યો ગયો, પણ ભગંદરની પીડા કમી થઇ ન હતી. માનસિક ચિંતાનો ભર મસ્તિષ્કમાં હજી તેટલોજ હતો, અને શરીરમાં અશક્તિ વધી હતી. જેમ તેમ કરી શેઠ પોતાની શય્યા પરના તકીઆને અઢેલી બેઠા થયા, અને તેમણે "અરે અહીં કોણ છે?" એમ મંદસ્વરે શબ્દોચ્ચાર કર્યો. ગોવિંદ અને મંગલ ત્યાં હાજર હતા, તેઓએ તરત શેઠના પ્રશ્નનો "શેઠ શી આજ્ઞા?" એ પ્રમાણે પ્રત્યુત્તર આપી, તેઓ શેઠ સમક્ષ ઉભા રહ્યા.

"ગોવિન્દ' તુ શેઠાણી, વસંત, મંજુલા, સૌભાગ્યચંદ્ર અને સુમતિને અહીં જલ્દી તેડી લાવ, અને મગલ! તું આપણા નગરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, શા નેમચંદ ઉદ્ધવદાસ, શા ખુશાલદાસ ધર્મદાસ, શા પ્રાણવલ્લભ અતુલચંદ, આપણા વકીલ નરોત્તમ અને વૈદ્ય જ્વાલાદત્તને તેડી લાવ, અને મુનીમ હીરાલાલ અને આડતીઆ કાન્તાપ્રસાદને અહીં મોકલ," શેઠે ગોવિંદ અને મગલને આજ્ઞા કરી.

હીરાલાલ અને કાન્તાપ્રસાદ આવ્યા, એટલે શેઠ તેમની પાસે થોડીવાર સુધી સારી પેઠે રડયા. રડવાથી તેમનું હૃદય ખાલી થયું, એટલે શેઠે મુનીમ અને આડત્યાને જણાવ્યુંઃ—

"જીવનનો ભરોસો ખોટો છે આ વ્યાધિમાંથી હું ઉગરૂં, એવી મને આશા લાગતી નથી. શેઠાણી, વસંત. મંજુલા, સૌભાગ્યચદ્ર અને વહુ સુમતિને અહીં તેડી લાવવા ગોવિંદ ગયો છે, અને મંગલ મારી આજ્ઞા પ્રમાણે તમને અહીં મોકલી, પોતે નેમચદ શેઠ ખુશાલદાસ શેઠ, અને પ્રાણવલ્લભ શેઠ અને આપણા વકીલ નરોત્તમ તથા વૈદ્ય જ્વાલાદત્તને તેડવા ગયો છે. આપણા વેવાઈ ધનપાલ શેઠને પણ અહીં બોલાવવાની જરૂર છે. આપણો પ્રમાણિક અને ભોળો પણ નિમકલાલ સારથિ અમથો, અને નીતિની ખાણ તેની વહુ સુનીતિ, આપણે ત્યાંના કંકાસને કારણે જ્યારથી અહીંથી ચાલ્યાં ગયાં છે. ત્યારથી તેઓ કયાં ગયાં છે, તેની આપણે ભાળ પણ કઢાવી નથી. હીરાલાલ! આ વખતે મને

અમથાની અને વહુ સુમતિને સુનીતિની ભારે ખોટ જણાય છે. ગમે તેટલો ખર્ચ થાય, વા ગમે તેવો ભોગ આપવો પડે, તોપણ અમથા અને સુનીતિની ભાળ કાઢવી જોઇએ. હીરાલાલ ! ધનપાલ શેઠને ત્વરાથી બોલાવવા, અને અમથા અને સુનીતિની ભાળ કાઢી, તેમને અહીં તેડી લાવવા. આપણા માણસોને મોકલી આપો. મારે આપણા વકીલ નરોત્તમની સલાહ લઇ, મારી તમામ મિલ્કતની વ્યવસ્થા કરી નાંખવી છે ''

આટલુ' બોલતાં પણ શેઠ શ્રમિત થઇ ગયા, એટલે તે પાછા નિસ્તબ્ધ શય્યા પર પડી રહ્યા. મુનીમે તરત માણસોને બોલાવી, એકને શેઠની ઇચ્છાનુસાર ધનપાલ શેઠને બોલાવવા તુલજાપુર મોકલ્યો, અને બીજાઓને અમથા અને સુનીતિની ભાળ કાઢવા, અને તેમની ભાળ મળે, તો તેમને તેડી લાવવા કહ્યુ શેઠે તેડાવેલા મંજુલા, સુમતિ, શેઠાણી, સૌભાગ્યચંદ્ર, વસંત, વકીલ નરોત્તમ, વૈદ્ય જવાલાદત્ત, અને શા નેમચંદ, શા ખુશાલચદ અને શા૦ પ્રાણવલ્લભ વગેરે આવી પહોચ્યા. નરોત્તમ વકીલે શેઠની શય્યા પાસે જઇ, " અમે સર્વે આવ્યા છેએ. આપે અમને શામાટે તેડાવ્યા છે ?" એ પ્રમાણે અતિ મદસ્વરે પૂછ્યું. શેઠ તંદ્રામાં હતા, તે જાગૃત થયા સર્વેને હાથની ઇશારતથી બેસવા કહ્યુ, અને પોતે પાછા તકીઆને અઢેલી, શય્યા પર બેઠા

આરભમાં નેમચદ શેઠે શાન્તિરામ અને કર્માદેવીને મળેલા અન્યાય સબધી વાત કાઢી, એટલે નંદલાલ શેઠને પુન ગભરાટ થયો, અને મૂર્છા આવી ગઇ, એટલે નેમચંદ શેઠે વાત પડતી મૂકી. અને નંદલાલ શેઠ શુદ્ધિમા આવ્યા, ત્યાસુધી સર્વે જણ શાંત બેસી રહ્યા શેઠ શુદ્ધિમાં આવ્યા, એટલે તેમણે ધીરેથી જણાવ્યું —

" નેમચદ ભાઈ ! ખુશાલદાસ ! પ્રાણવલ્લભ શેઠ ! આજે મેં તમને સર્વેને તસ્દી આપી છે, તે માટે હું તમારી ક્ષમા માગુ છું. હું આજે જે કરવા ઇચ્છુ છું, તેમા તમારી સહાયતાની જરૂર છે, એટલે તેવી સહાયતા આપશો, તો હું તમારો સર્વેનો બહુ આભાર માનીશ. ધનપાલ શેઠને પણ તેડાવવા, મુનીમ હીરાલાલને

મે કહ્યુ છે, પરતુ તે દૂર પંથથી આવવાના છે, એટલે આ વખતે તેઓ આવી પહોંચે એવો સંભવ નથી. આ વખતે તેમની મને ખોટ જણાય છે, પરતુ લાચાર! આપણે શું કરી શકીએ! જીવનના ભરોસો ખોટો છ અને તમે પણ મારા શુભેચ્છકો છો, એટલે હુ મારૂ મૃત્યુપત્ર કરવા ઇચ્છા રાખુ છું તેમાં મને તમારી સલાહની જરૂર છે. તમને સર્વને વિદિત છે, કે મારા શરીરમાં આ વખતે અશક્તિ વધુ છે, અને હુ તમારી સમક્ષ જે બોલુ છુ, તે ન છૂટકે બોલું છું, એટલે તમારી સમક્ષ હુ જે વિચારો દર્શાવું, તેમા તમે કૃપા કરી વચ્ચે બોલશો નહીં."

નદલાલ શેઠ બોલતાં બોલત આ ઠેકાણે અટકયા. તેમનો શ્વાસ રૂધાઈ ગયા. અન તે વધુ બોલી શકયા નહીં શેઠની આવી સ્થિતિ થોડોક વખત ચાલુ રહી, ને સમયે સર્વ જણાઆ શાન્ત બેસી રહ્યા હતા. શેઠે વળી શાંતતામાં ભંગ પાડયો, અને બોલવાનો પ્રારંભ કર્યો—

બેટા સૌભાગ્યચંદ્ર' મને બહુ દિલગીરી સાથે જણાવવું પડે છે કે તમારો ઘર સંસાર સૂધરે, અને મારી કુલાંગાર દીકરાને આંખો આવે, એ હેતુને લક્ષમાં રાખી, તમને આપણી વાણીઆવાડ વાળી જગામા જૂદા રાખ્યા, છતાં મંજુલા પોતે સુધરી નહીં, એટલુજ નહીં, પરંતુ તે વધારે ઉચ્છૃંખલ બની, પોતાનાજ પિતાના કુટુંબનું નિકંદન કાઢવા બેઠી છે ચંડાલ બેશરમ મજુલા! નિષ્કલંકપર કલક ચોટાડતા તારી જીભના ટુકડા ન થયા? ચડાલ! કયાં દુર્ગુણી તુ, અને કયાં સદગુણી સુમતિ, અને કર્માદેવી! તારા કૃત્યોથી મારા હૃદયમાં લાહ્ય ઉઠે છે. તેં શાંતિની મૂર્તિ, મારા પ્રાણ, મારા આત્માના આરામ, મારા જીવના આધાર, સદ્ગુરૂ શાંતિરામ અને માતાજી, શકિતરૂપ કર્માદેવીપર ન ઘટના અને ન સંભવે એવા કલંક ચોટાડી. તેમની દુર્દશા કરાવી, તેમનાથી મારો દુઃસહ્ય વિયોગ કરાવ્યો! તારૂં આ દુષ્કૃત્ય મને સાત ભવ પણ વિસરવાનું નથી ધિક્કાર છે તને! હવે હું તારૂ મોઢું જોવા ઇચ્છતો નથી. તેં તારાં દુર્વ્યસનોથી માત્ર તારો ભવ બગાડયો છે. એટલુંજ નહી, પણ વસંતને પણ તેંજ બગાડયો છે,

અને તેનો સંસાર તેંજ ધૂળ કર્યો છે! હુ અહીં મારી પીડાઓથી રીબાયા કરૂં, અને આ દુષ્ટ કુલાંગાર મંજુલાને અને વસંતને આખો દહાડો મોજ વિલાસ સુઝે? એ બન્ને જણાઓએ તો મારી આબરૂના કાંકરા કરી નાંખ્યા છે. આ પાષાણમૂર્તિઓને જીવતાં કે મૃત્યુબાદ મારા શરીરને અડકવાં દેવાં નથી. મંજુલાને હવેથી સારે માઠે પ્રસંગે તેડાવવી નથી મારા પ્રાણ કરતાં મારી અધિક વ્હાલી પુત્રી સુમતિને અવર્ણનીય દુખોમા રીબાવી, તેની દુર્દશા કરાવનાર, આ કુલાગાર મંજુલા જ છે! સુમતિ! ધન્ય છે તારી જનનીને, અને ધન્ય છે તારા પિતાના કુલને! કુલપ્રભા સુમતિ! અરે તું કોઇ દહાડો તારૂં દુઃખ મને તો કહે, અથવા કોઇની આગળ વાત તો કર! મારા કુલને દીપાવનારી આટલી નાની છોકરી, પોતાપર આટલાં આટલાં દુઃખો આવી પડયાં, છતાં પોતાના દુખ મનમા દબાવી બેઠી! મારી આટલી સમૃદ્ધિ અને સુમતિ તું દુખી! અરે હું પણ કેવો અંધ, કે તારી દુર્દશા થતી હતી, છતાં હું મૌન બેસી રહયો! સુમતિ! જેના પર મેં સંપૂર્ણ ભરોસો રાખી, તને જેના હાથમાં સોંપી, તે મારી મૂર્ખશિરોમણિ ગૃહિણીએ તને માથે રહી દુઃખ અપાવ્યાં. મંજુલા અને વસંતના અધઃપાતનુ કારણ પણ તે જ છે. અરે ચંડાલણી! તેં કોઇ દહાડે પણ મારી માંદગીની ખબર કાઢી? માત્ર ઘરમાં જ ગમાર બની, અજગરની પેઠે સર્વે જોયા કર્યું! ઘર રસોડા સહિત ગયું, તેનું તને ભાન પણ રહ્યું નથી! હવે તારી ઉત્તરાવસ્થામાં તને હું વધારે શું કહું? તારી મૂર્ખતાનાં ફળ તુંજ ભોગવશે? સતી સીતા જેવી સાધ્વી સુમતિને હેઠી હણી, આ પિશાચિની મંજુલાને માથે ચઢાવી! ભોગવ હવે તેનાં ફલ!

હવે મારા મૃત્યુપત્રમાં મારી જે અંતિમ ઇચ્છાઓનો સમાવેશ થઇ જવો જોઇએ, તે આ પ્રમાણે છે નરોત્તમ! કૃપા કરી તમને જે ટાંચણ કરવા જેવું લાગે તે ટાંચણ કરી લ્યો, અને અહીંજ બેશી, મારી ઈચ્છા મુજબ મારૂં મૃત્યુપત્ર લખી નાંખો રસોઇઓ મૂર્ખદત્ત. ગોપીનાથ માલી, તેની સ્ત્રી રંભા, જે મારી માન્યતા પ્રમાણે નક્કી કોઇને સાથે લઇ, નાશી ગઇ હશે, અને જે મારા નોકરચાકરોએ મારાથી અને મ-

હાત્મા શાંતિરામથી કે વહુ સુમતિથી નિમકહરામી કરી હોય, અને જે દાસીઓ મંજુલાના પક્ષમાં હોય, તેમને એકદમ કાઢી મૂકવાં અને તેમાંથી કોઇને પણ, આપણી કોઇપણ જગામાં પગ મૂકવા દેવો નહીં. હીરાલાલ! મારી આ ઇચ્છાનો જેમ બને તેમ જલદી અમલ કરવો. તમારી પ્રમાણિકતા અને નિમકહલાલી મારા લક્ષથી બહાર નથી. મારો જેટલો વહીવટ છે, તે સર્વે જેમ બને તેમ ઉતાવળથી તમે સંકોચી લેજો, અને તેનો છેવટનો નિકાલ કરી નાંખજો."

"નંદલાલ શેઠ! સાહસ કર્યા પહેલાં, જરા વિચાર કરો તો સારૂં!" નેમચંદ શેઠ વચ્ચમાં બોલ્યા.

"કૃપા કરી આપ સર્વેને મે જે પ્રાર્થના કરેલી છે, તે લક્ષમાં લ્યો, અને મારાપર દયા કરી, મારી મરજીને આડે ન આવો," નંદલાલ શેઠે જણાવ્યું.

"નેમચંદ શેઠ! નંદલાલ શેઠની ઇચ્છા પ્રમાણે થવા દ્યો. શેઠની ઇચ્છાઓને માન આપવું, એ આપણું કર્તવ્ય છે," ખુશાલદાસે કહ્યું

સર્વે શાન્ત થયા, એટલે નંદલાલે પુનઃ બોલવાનો પ્રારંભ કર્યો—"નેમચંદ શેઠ! મારા શરીરમાં આ વખતે અશક્તિ વિશેષ છે, એટલે બોલતાં ચીડાઇ જાઉં છું, તેથી કૃપા કરી માનાપમાનને લક્ષમાં ન આણતાં, મારી અંતિમ ઇચ્છાઓપર ધ્યાન આપશો, તો પ્રભુ તમારૂં ભલું કરશે હું અહીં ખાટલે પડયો છું. મારાથી ઉઠવાના કે બીજાં પ્રયત્નો થઇ શકવાં અશક્ય છે. એટલે તમે સર્વે ભાઇઓને મારી વિનતિ છે, કે શાંતિરામ અને કર્માદેવીને જ્યાં લઇ જવામાં આવ્યાં હોય, તેની ગમે તેમ કરી ભાળ કઢાવવી, અને તે માટે જે ખર્ચ થાય તે ખર્ચ કરવો. તેમની ભાળ મળી, તો તેઓ કોઇ પણ પ્રકારે દુઃખી ન થાય તે માટે સર્વે પ્રયત્નો યોજવા ભાઇઓ! તમે મારે માટે જો આટલું કરશો, તો હું મારૂં મૃત્યુ સફળ થયું માનીશ." નેમચંદ, ખુશાલદાસ અને પ્રાણવલ્લભે તે કામ અતિ હર્ષથી કરવા ખાતરી આપી, એટલે શેઠ અતિ પ્રસન્ન જણાયા.

"નરોત્તમ તમે મારૂં મૃત્યુપત્ર લખવાનો પ્રારંભ કરો. તે પહેલાં તમને કાંઈ ખાનગીમાં પૂછવું છે ? તમને જે ખબર જોઇએ, તે મારો જૂનો અને વિશ્વાસુ મુનીમ હીરાલાલ પૂરી પાડશે. યોગ્ય લાગે, તો તેને ખાનગીમાં લઇ જઇ તેની પાસેથી જે ખબરો મેળવવી હોય. તે મેળવી લ્યો,' નંદલાલ શેઠે નરોત્તમ વકીલને ઉદ્દેશી કહ્યું.

"જી, હા' હીરાલાલ શેઠ સાથે ખાનગીમાં મારે વાત કરવી છે ખરી. મને જે આવશ્યક જાણવાનુ જણાય છે, તે હુ તેને પૂછી લઉં છું," નરોત્તમ વકીલે આ પ્રમાણે કહી, મુનીમ હીરાલાલને ખાનગીમાં લઇ ગયો, અને તેની પાસેથી આવશ્યક બાબતો જાણી લીધી.

"શેઠજી ! હવે આપના અંતિમ ઇચ્છાઓ જણાવો, તો તે પ્રમાણે હું આપનુ મૃત્યુપત્ર તૈયાર કરૂં,' નરોત્તમ વકીલે નંદલાલ શેઠને કહ્યું.

શેઠે પોતાની અંતિમ ઇચ્છાઓ આ પ્રમાણે દર્શાવી,—


"નરોત્તમ ! હું ધારૂં છું કે મારી સ્થાવર, જંગમ, રોકડ તમામ મિલ્કત રૂપીઆ સાડા પાંચ ક્રોડને આશરે થવા જશે મને મારા ઉદ્યોગમાં જે હાનિ થઈ છે, તે ખોટ પૂરવા માટે, મારે એક ક્રોડ રૂપીઆ અલાહેદા કાઢવા વિચાર છે એક ક્રોડની રકમમાંથી ખોટના ખાડો ભરતાં, કાંઈ અવશેષ રહે, તો તે રકમ મારી બીજી મિલ્કત સાથે ભેળી દેવી, અને તેનો મારા મૃત્યુપત્રમાં બીજી જે વ્યવસ્થાઓ જણાવવામાં આવે, તે પ્રમાણે ઉપયોગ કરવાનો છે. એક ક્રોડ રૂપીઆની બીજી રકમ અલાહેદી કાઢી, તેમાંથી જે તીર્થસ્થળોમાં યાત્રાળુઓ માટે ધર્મશાળાઓ બુદ્દલ ન હોય, અથવા પૂરતી ન હોય, તે સ્થળોમાં ધર્મશાળાઓ બંધાવવી અને તેમાં યાત્રાળુઓને રહેવા કરવા માટે પૂરતી ગોઠવણ કરી આપવી. ગરીબ લાચાર અને અનાથોને અન્ન વસ્ત્ર, વગેરેની વ્યવસ્થા, વિદ્યાર્થીઓ માટે ગુરૂકુલો, ઋષિઆશ્રમો, અને વિદ્યાલયોની વિસ્તૃત યોજના, વગેરે પણ આ બીજા ક્રોડમાંથી કરવાની છે આ દરેક યોજના માટે કેટલી રકમ ખરચવી, યોજના કયાં કરવી, અને યોજનાના

ધોરણ કેવા રાખવા, વગેરે મારા આ મૃત્યુપત્રથી નિમેલા મારી મિલ્કતની વ્યવસ્થા કરનારા સંરક્ષકોની મુન્સફીપર રહેશે. મારી મિલ્કતમાંથી અર્ધ ક્રોડ રૂપીઆ વેપાર, ઉદ્યોગ, કલા કૌશલ્ય, વગેરેની ખીલવણી અર્થે, વ્યવસ્થાપકોને યોગ્ય લાગે તેમ ખરચવા એક ક્રોડની રકમ આ અખિલ પૃથ્વીતલમાં જ્ઞાતિજાતિના ભેદવગર, રેલ, દુષ્કાલ, ધરતીકંપ, વગેરે વિપત્તિઓથી ઘેરાયલાં દુઃખી મનુષ્યોને આશ્રય આપવામાં ખરચવા મારા નિમકહલાલ મુનીમ હીરાલાલને રૂપીઆ પાંચ લાખની રકમ બક્ષીસ આપવી, અને તે ઉપરાંત તે જીવતો રહે, ત્યાંસુધી દર માસે રૂા. ૫૦૦ આપવા. મારા નિમકહલાલ સારથિ અમથાને રૂપીઆ એક લાખ બક્ષીસ આપવા, અને જો અમથો અને સુનીતિ સુમતિ સાથે રહે, તો તેમના અન્નવસ્ત્ર વગેરેની વ્યવસ્થા મારી મિલ્કતમાંથી કરવી. મારા જમાઇ સૌભાગ્યચન્દ્રને રૂપીઆ પાંચ લાખની રકમ બક્ષીસ આપવી, અને તે ઉપરાંત તેની આયુષ્ય પૂરી થાય ત્યાં સુધી દર માસે રૂા. ૫૦૦) આપવા. આ રકમોમાં મંજુલાનો કોઇ જાતનો ફરદાવો કે હક્ક નથી મારા બાગબગીચા તથા વ્યવસ્થાપકોને યોગ્ય લાગે તેટલાં મકાનો સર્વે વેચી નાંખવા આ મકાનોમાંથી સુમતિ પોતાને રહેવા માટે જે મકાન પસંદ કરે, તે મકાન વેચવુ નહીં. અમરાવતી નગરીમાં કોઇપણુ પથી નવો આવે, તેને તેની યોગ્યતા પ્રમાણે મારી મિલ્કતમાંથી દિવસ પંદર સુધી સરભરા કરવી અને તેને રહેવા ખાવા પીવા વગેરેનો તેની ઇચ્છા પ્રમાણે બંદોબસ્ત કરી આપવો. મારા વ્યવસ્થાપકોએ અમરાવતીમાં એક વિદ્યાલય માટે એક ભવ્ય મકાન બંધાવવું અને તે મકાનમાં જ પરદેશી વિદ્યાર્થિઓ માટે ખાવા પીવા સૂવા ઉઠવા બેસવા વગેરેનો બંદોબસ્ત કરી આપવો, અને તેના બદલામાં તેમની પાસેથી કાંઇ લેવું નહીં અમરાવતીમાં એક ઔષધશાળાની આવશ્યકતા છે, એટલે મારા વ્યવસ્થાપકોએ રૂપીઆ દશ લાખને ખરચે એક ભવ્ય ઔષધશાળા સ્થાપવી, અને તેના નિભાવ માટે રૂપીઆ પંદર લાખ અલાહેદા કાઢવા, જેની ઉપજમાંથી આ ઔષધશાળા યાવતચંદ્ર દિવાકર નિભાવવી. મારા પુત્ર વસં-

તનો સંસાર સૂધરે એ મારી મોટામાં મોટી ઇચ્છા છે. પરંતુ જ્યાંસુધી તેને મંજુલાની સંગતિ છે, ત્યાંસુધી તે સૂધરે એવી મને આશા નથી. તેને સૂધરવાનો બોજો વહુ સુમતિ અને વેવાઇ ધનપાલપર મૂકું છું, કારણ કે તે સૂધરે તેમાં તેમનુ હિત છે. મારી મિલ્કતની મારી ઇચ્છા મુજબ વ્યવસ્થા કરતાં જે અવશેષ મિલ્કત રહેશે, તેની માલેક અને વારસ વહુ સુમતિ છે. વસંત જેવી રીતે હાલ વર્તે છે, તેવીજ રીતે તે વર્તે તો તેને તેના નિર્વાહ માટે દર માસે રૂ ૧૦૦) અંકે રૂપીઆ એક સો જ આપવા; પરંતુ જો તે સુમતિ વહુ સાથે સંપીને રહે, અને તેને સુખી રાખે અને પોતાની કુચાલ સૂધરે, તો સુમતિ વહુ તેને પોતાની સાથે રાખે. સુમતિ વહુને વસંતથી સંતાન થાય, નો સુમતિની હૈયાતી બાદ મારી અવશેષ મિલ્કતના વારસ તે થશે, પરંતું જો તેણીને વસંતથી સંતાન ન થાય, તો સુમતિની અને વસંતની હેયાતી બાદ મારી તે વખતની અવશેષ મિલ્કત મારા આ મૃત્યુપત્રમાં જણાવેલાં ધર્મ કાર્યોમાં ખરચવી મારી સ્ત્રી જો સુમતિ સાથે સલાહ સંપથી રહે, તો સૂમતિ વહુએ તેણીનો નિભાવ કરવો, પરંતુ જો તે સુમતિ સાથે ન રહે અને મંજુલા સાથે રહે, તો તેણીને તેણીના નિભાવ માટે દર માસે માત્ર રૂપીઆ પચીશ આપવા, અને સુમતિ અને મંજુલા બન્નેથી જૂદી રહે, તો તેણીને દર માસે રૂ. ૧૦૦) આપવા મારી સ્ત્રીના મૃત્યુ બાદ તેણીની ઉત્તર ક્રિયા મારી લાજ આબરૂ પ્રમાણે મારી મિલ્કતમાંથી કરવી, અને તેવીજ રીતે મારા મૃત્યુ બાદ મારી ઉત્તર ક્રિયા પણ મારી લાજ આબરૂ પ્રમાણે મારી મિલ્કતમાંથી કરવી આ મૃત્યુપત્રના વ્યવસ્થાપકોમાંથી કોઇ વ્યાસ્થાપકનો સ્વર્ગવાસ થાય, અથવા વ્યવસ્થા કરવામાં અશકત કે નાલાયક નીવડે, તો તેની જગાએ બીજો વ્યવસ્થાપક સુમતિની હેયાતી દરમ્યાન સુમતિએ નીમવો, અને તેણીના મૃત્યુબાદ હૈયાત વ્યવસ્થાપકોના વધુ મતથી નવા વ્યવસ્થાપકની નેમણુક કરવી, પરંતુ વ્યવસ્થાપકોની સંખ્યા કોઇ વખતે પણ પાંચથી ઓછી ન હોવી જોઇએ. સુમતિની હૈયાતી છે, ત્યાંસુધી સર્વે વ્યવસ્થા સુમતિ અને ધનપાલ શેઠની ઇચ્છા પ્રમાણે, પરંતુ મરી અંતિમ

ઇચ્છાઓથી કાંઇ પણ પ્રકારે વિરૂદ્ધ નહી કરવી. વ્યવસ્થાપકોના નામો આ પ્રમાણે છે:—(૧) શા. ધનપાલ કર્મપાલ તુલજાપુરવાલા (૨) વહુ સુમતિ (૩) શા. નેમચંદ ઉદ્ધવદાસ (૪) શા. ખુશાલદાસ ધર્મદાસ (૫) શા. પ્રાણવલ્લભ અતુલચંદ (૬) મુનીમ હીરાલાલ કમલસિંહ."

નરોત્તમ વકીલે નંદલાલ શેઠની આ અંતિમ ઈચ્છાઓનું ટાંચણ કરી લીધું, અને ત્યાર પછી તે મૃત્યુપત્ર લખવા બેઠા મૃત્યુપત્ર ધોરણસર લખાઇ રહ્યો, એટલે તેપર ધોરણ પ્રમાણે સહી સિક્કા અને સાક્ષીઓ વગેરે થઇ.



પ્રકરણ ૨૮ મું.

વૈભવસ્થાનને પ્રણામ.

Farewell, a long farewell to all my greatness!
This is the state of man. To-day he puts forth
The tender leaves of hope, to-morrow blossoms,
And bears his blushing honours thick upon him.
The third day comes a frost, a killing frost,
And, when he thinks, good easy man, full sure
His greatness is a ripening—nips his root,
And then he falls as I do. I have ventured
Like little wanton boys that swim on bladders,
This many summers in a sea of glory;
But far beyond my depth××××××××××××××××
××××××××××××××××and now has left me
Weary and old with service, to the mercy
of a rude stream, that must for ever hide me
Vain pomp and glory of this world, I hate ye;
I feel my heart new opened. *

Shakespeare

શાંતિરામ અને કર્માદેવીની તપાસ જોકે બધબારણે થઇ હતી, તોપણ પરિણામે જે અદ્દભુત નિર્ણય આપવામાં આવ્યો, તે ગુપ્ત રહી શકયો નહીં સદ્દગુણી અને નીતિપરાયણ પ્રજાજન આ નિર્ણયથી ખળભળી ઉઠયો, અને દુર્ગુણ અને છલના ભકતો આનંદ પામ્યા. જ્યારે નંદલાલ શેઠ આ

* મારી સર્વે મોટાઇને નમસ્કાર, દીર્ઘ સમયના નમસ્કાર ! મનુષ્યની આ સ્થિતિ છે, આજે તે આશાના કુમળાં પત્ર ધારણ કરે છે, કાલે તે

નિર્ણય સાંભળી માંદા પડયા, અને પ્રજાજનના મોટા ભાગે હડતાલ પાડી, ત્યારે કૌતક જોશીને ઘેર કપિલા ષષ્ટી વ્યાપી રહી, મંજુલા હર્ષપ્રફુલ્લ બની, અને ગુમાનવાળી ટોળીમાં ઉજાણીનાં આમંત્રણો અપાતાં હતાં નદલાલ શેઠના પ્રતિપક્ષી જ્ઞાતિ ભાઇઓ ભેગા થઇ, આખા નગરમાં નિંદા કરવા ઠામેઠામ ફરી વળ્યા હતા, જેથી સજ્જનોનાં મન દુ:ખાતાં હતાં અને તેઓ આવા ઇર્ષ્યાળુ અને નિંદાખોરો તરફ પ્રર્ણ તિરસ્કારથી જોતા હતા નિંદાખોરો તેથી આવેશમાં વધુ નિંદા કરવા લાગ્યા, અર્થાત્ અમરાવતીમાં આ વખતે કોલાહલ થઇ રહ્યો હતો વાટઘાટ ચોકબજારે જ્યાં જુઓ ત્યા એજ ચર્ચા થઈ રહી હતી.

રાજ્યનુ અંધેર પણ આ વખતે પરાકાષ્ટાએ પહોંચ્યું હતું. વિષયાંધ મહારાજા દુબલસિંહ સર્વદા વિષયાનંદમાં મચ્યો રહેતો, અને રાજ્યની વ્યવસ્થા તરફ તેને મુદ્દલ લક્ષ જ ન હતું જ્યાં મનુષ્ય સંચાર પણ ન્યૂન, અને બંદોબસ્ત પૂરતો, તેવા સ્થળથી એક રાણી અદ્રશ્ય થઇ, અને બે ખૂન થયાં, છતાં તેની તપાસ પણ નથી થતી, એ શું ઓછું અંધેર ! નંદભૂવનમાં કોઈ અજ્ઞાત સ્રીનું ખૂન થયુ, તો તે ખૂનનો શક જ્યાં ન સભવે એવાં સાધુ અને

પુષ્પથી પ્રફુલ્લ થાય છે, અને શરબિંદો બની ખીચોખીચ માનપાનથી ભરાઇ જાય છે. ત્રીજે દિવસે તેનાપર હિમ–ઘાતક હિમ પડે છે, અને જ્યારે તે પોતાને ઉન્નત અને સુખી માને છે, તેજ વખતે તેની મોટાઇ પર્ણ પરિપકવ બને છે, અને તેના મૂળ જ કપાય છે, અને પછી જેમ હુ પડું છુ, તેમ તે પડે છે—પતિત થાય છે. નાના રમતિયાળ છોકરાઓ જેઓ તુમડા ઉપર તરે છે, તેમની માફક ઘણી ગ્રીષ્મ ઋતુઓ સુધી કીર્તિના સમુદ્રમાં તરવા મેં ધૃષ્ટતા કરી, અને જેટલી ઉંડાઇએ હુ તરી શકું, તે મર્યાદા મૂકી બહાર હું તર્યો ××××××અને હવે જ્યારે હું સેવા કરી શ્રમિત અને વૃદ્ધ થયો, તે વખતે મને એક ઉદ્ધત ઝરાની દયાપર મૂકી દેવામાં આવ્યો છે, આ ઝરો મને સર્વદા સંતાડી રાખશે. આ સંસારના મિથ્યા આડબર અને કીર્તિ ! હુ તમારો તિરસ્કાર કરૂં છું. મારૂં અંત:કરણ હવે પુન. જાગૃત થયું છે, એમ મને લાગે છે

(શેક્સપીઅર)

સાધ્વી પર ! નંદભુવનમાં અજ્ઞાત સ્ત્રીનુ ખુન અને દરબારગઢમાં તેજ દિવસે થયે દરવાન અને કમલા દાસીનાં ખુન પરસ્પર કાંઇ સંબંધ ધરાવે છે કે કેમ, તે સંબંધી નૃપતિએ કે કોઇ રાજપુરૂષે એક ઘડીભર પણ વિચાર પણ ન કર્યો. એ અમરાવતીના રાજ્ય માટે થોડું લજ્જાસ્પદ છે? રસોઇઓ મૂર્ખદત્ત નંદભૂવનમાં ખૂન થયું તેજ દિવસે અદૃશ્ય થઇ ગયો અને જે ડેલામાં ખૂન થયું હતું, તેની ચાવી ગોપીનાથ માલીના પડામાં રહેતી, છતાં ગોપીનાથ માલીપર કે મૂર્ખદત્ત રસોઇઆ નહી શક કે નહીં તેમની તપાસ ! ગોપીનાથ માલીને ઘેર ગરૂડદાસની આવ જા વિશેષ રહેતી, ખૂનની આગલી રાત્રિએ ગરૂડદાસ ગોપીનાથને ઘેર આવ્યો હતો, અને ખૂનને દિવસે રભા અદૃશ્ય થઇ હતી, છતાં ધૂર્તલાલે ન કરી તપાસ રંભાની કે ન કરી તપાસ ગરૂડદાસની, એ નગરપાલોના સર્વોપરી અધિકારીની કેવી કર્તવ્યપરાયણતા ! ધૂર્તલાલને એમ માનવાને શું કારણ મલ્યું, કે નંદભુવનમાં રંભાનુ જ ખૂન થયું હતુ ? ગરૂડદાસ સાથે રંભા પલાયન કરી ગઇ હોય, એ વાત શું શકય નથી ?

અમરાવતી રાજ્યની આ સમયની પરિસ્થિતિથી અમરાવતીની પ્રજા ભય અને આવેશમાં આવી ગઇ હતી, અને પોતાનાં ધન માલ સલામતી અને આબરૂ માટે ચિંતામાં પડી હતી. **યથા રાજા તથ પ્રજા** એ ન્યાયે જેમ રાજા કુચ્છંદી બની ગયો હતો, તેવીજ રીતે અધિકારી વર્ગ પણ તેટલોજ કુચ્છંદી બન્યો હતો. રાજ્યમાં અન્યાય અને અત્યાચાર અવધિપર પહોચ્યાં હતાં. રાજ્યમાં વૃદ્ધિ પામેલ અંધેરના કારણે, અધિકારી વર્ગ રાજ્યના સંરક્ષણને પણ કોરે મૂકી, માત્ર સ્વાર્થસાધુ બન્યો હતો. સેનાની અને સેનાના અધિકારીઓ ગાંજો, ભાંગ, મદિરા વગેરે નિશામાં ચકચૂર પડયા રહેતા, તેથી તેમજ અદ્યાપિ પર્યન્ત શાંતિનો સમય હતો, તેથ શસ્ત્રાસ્ત્ર દીર્ઘ સમય પર્યન્ત મ્યાનમાં પડી રહેવાથી બ્હાર નિકલતાં શરમાતાં હતાં. રાજ્યની વિભુતિ માત્ર શત્રુની ગેરહાજરી સુધી હતી. સેનાધિપતિ તથા તેના ઉત્તરાધિકારીઓના ચકચકિત લશ્કરી પોશાક યુવતિઓને દમામમાં આંજવામાં જ ઉપયોગી થતો હતો. તેઓ યુદ્ધકળા કરતાં નૃત્ય અને સંગીતકળાના વધારે પ્રેમી હતા. સમય શાંતિનો હોવાથી ઘોડા, ઊંટ, કે હાથીની

સ્વારીઓ ભાગ્યેજ થતી, એટલે સેનાનીઓ જાજ. ાકીઆને પીઠ દઈ, લાંબા બગાસા ખાવામાં કુશલ બન્યા હ‍ત રાજ્યમાં અંધેરના કારણથી રાજ્યનો ખજાનો, મોદીખાનું. ન્યાય ખાતું અને મહેસુલ ખાતું, વગેરે અધિકારીઓ માટે આશીર્વાદરૂપ હતું.

રાજ્યની આવી પરિસ્થિતિ જોતાં પ્રજાજનમાં પરસ્પર રાજ્ય ક્રાંતિનુ ભવિષ્ય કથન થતું હોય, અને રાજ્યકળા નવે ઢો થવાની આશામાં શત્રુરૂપ વર અને યુદ્ધરૂપ વિવાહના મુહુર્તની રાહ જોઇ બેઠી હોય, તો તેમાં અમને તો કાંઇ આશ્ચર્ય જેવુ ‌ લાગતુ નથી. રાજ્યસત્તા અધમતાની અવધિએ અને પડતીની પોએ પગ ટેકવી જેમ તેમ ડગમગતી ઉભી રહી હતી પ્રજામનરૂ ી વાયુના કોપથી હણાતું અમરાવતીનુ રાજ્ય વૃક્ષ ભોંયપર પડવા આમ તેમ ઝોકાં ખાતું, 'હમણા પડશે" એવી સ્થિતિમાં હતુ

લોકલાગણી કે પ્રજાજનમાં થયેલ ખળભળાટને દુર્લક્ષ કરી, કોટવાલ અને અધિકારીવર્ગે પ્રજાજનપર અંકુશ ‌ ‌ વા માટે અમરાવતી નગરીની જૂદી જૂદી શેરીઓમાં લશ્કર અને હથેયારબંધ નગરપાલોની નાની નાની ટુકડીઓ ગોઠવી દીધી એટલે પ્રજાજનમાં દેખીતી શાંતિ જળવાઇ.

ઉજવળ તેજનો પ્રકાશ કરનાર સૂર્ય જ્યારે અસ્ત થાય છે, ત્યારે અંધકાર પોતાની સત્તામાં પ્રમત્ત બની, ઘોર કૃત્યોને ઉત્તેજન આપવામાં નિરંકુશ બને છે. શાંત નિશા પોતાના અનુયાયી અંધકારની છાયામાં ગર્વથી જાણે સ્વય પ્રકાશિત સૂર્યની પ્રચંડતાનો હાસ્ય કરતી હોય, તેમ દુષ્કૃત્યોને ઢાંકવ મથે છે. નિશાએ કુમાર્ગગામીઓ અંધકારની નીશામાં ઉન્મત બની કુકર્મોમાં પ્રવર્તે છે; કોઇ ચોરી કરવા માટે, તો કોઇ લૂંટફાટ કરવા માટે, તો કોઇ પરકીયા સ્રી સાથે વિષયવાસનાની તૃપ્તિ અર્થે નીશામાં નિશાના અંધકારનો આશ્રય શોધે છે પ્રકાશ આપનાર સૂર્યના અસ્તથી નિરાશ થયેલા સાધુપુરૂષો, અસ્ત સમયે અને નિશાના આગમનની પૂર્વે, અર્થાત્ બન્નેની સંધિ સમયે, અંધકાર અને અજ્ઞાનને એક રૂપ સમજી, અંધકારરૂપી અજ્ઞાનથી મુક્ત થવા,

સાયંકાળની સંધ્યામાં લીન બને છે, અને ઘોરતમ અજ્ઞાનરૂપી રાત્રિના અંધકારમાંથી પોતાનો ઉદ્ધાર થાય એ હેતુથી, જગન્નિયંતાની સહાયતા માગે છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥
भगवद् गीता ॥ २ ॥ ६९ ॥

અર્થાત્ સર્વે પ્રાણીઓ જ્યારે અજ્ઞાનતારૂપી નિશામાં ઘોરે છે. ત્યારે યોગીઓ જ્ઞાનના પ્રકાશમાં જાગૃત રહે છે. પ્રાણીઓની જે કાર્યમા જાગૃતિ હોય છે, તે કાર્યો મુનિજનો નિશા વા અજ્ઞાન માને છે અંધકારથી જેમ રૂષિ મુનિઓ દૂર નાશે છે. તેવીજ રીતે વેપારીવર્ગ પણ અંધકારમા થતાં દુષ્કૃત્યોથી ભીતિ પામી. દિવસમાં થયલા ક્રયવિક્રયનો સરવાળો લઇ, જે પોતાની શીલ્લક રહે છે, તે નિર્ભય સ્થાનમા મૂકે છે, અને અંધકારના ઘોર કૃત્યો પોતાની નજરે ન જોઇ શકાય એ હેતુથી, આંખ મીચી, પ્રકાશમય સૂર્યના આગમનની રાહ જોયા કરે છે સતી અને પતિ-પરાયણા સ્ત્રીઓ પણ અંધકારને ધિક્કારતી હોય, તેમ પ્રકાશમય સૂર્યની જ્યોતિ ને અભાવે, દીપની ઝાંખી જ્યોતિઃથી ભોજનાદિનુ કાર્ય પતાવી પોતાના પતિ અને વડિલ વર્ગને જમાડી, પોતે જમી, પતિ સેવામાં તત્પર થઇ જાય છે, અને પતિ નિદ્રાવશ થતાં પોતે પણ સૂર્યની જ્યોતિ પ્રકટ થાય ત્યાં સુધી નિદ્રાવશ બને છે. અંધકારનો દેખાવ જ એવો ભયાનક હોય છે, કે નાના બચ્ચાંઓ તે જોઈ ડરી ન જાય એ હેતુથી, તેમની માતાઓ તેમને ધવરાવી પારણામાં સૂવાડી દે છે.

શાંતિરામ અને કર્માદેવી બાબત થયેલા અંધ ન્યાયને અમલમાં મૂકવા માટે, આ અંધકારનો સમય નિશ્ચિત થયો હતો. તેમને ક્યાં લઇ જવા, એ પણ નિશ્ચય થઇ ગયો હતો. મધ્ય રાત્રિએ, જ્યારે નગરજનો સર્વે નિદ્રાધીન થઇ ગયા હતા, અને સર્વે સ્થળે શુન્યતા પ્રસરી રહી હતી, તે સમયે શાંતિરામની આંખે પાટા બાંધવામાં

આવ્યા, અને તેને એક વાયુ વેગે ચાલનાર ઉંટ પર બેસાડી, પચાશેક ઘોડ સ્વારો તેને સાથે લઇ, અમરાવતીની ઉત્તર દિશાએ રવાના થયા. તેઓ સરખા વેગથી પૂર્ણ ત્વરાથી જતા હતા; રસ્તામાં માત્ર ઘોડા કે ઉંટ બદલવાની મજલ પર થોડો સમય થોભતા. દિવસના તેઓ રસ્તામાં એક ધર્મશાળામાં રહ્યા, અને પુનઃ બે પ્રહર રાત્રિ વીત્યા બાદ ચાલવાનું શરૂ કર્યું. બીજે દિવસે તેઓ મધ્ય રાત્રિએ નિશ્ચિત સ્થળે આવી પહોંચ્યા. આ ઠેકાણે "ક્ષોભવતી" નદી વેગથી વહેતી હતી. નદીના મધ્યમાં મોટી મોટી શિલાઓ હતી, અને કિનારાપર નાના નાના પત્થરો હતાં. ખડખડ અવાજથી તે નદી ગાજી રહી હતી. નદીનો દેખાવ એવો ભયાનક લાગતો, કે મહા ધૈર્યધારી પુરૂષોનાં પણ હાંજીઆ ગગડી જાય. ઘોડેસ્વારોએ શાંતિરામને આ ભયાનક નદીના મધ્યમાં એક વિશાળ શિલાપર ઉતારી, તેની આંખ પર બાંધેલા પાટા છોડી નાંખ્યા.

"દંભી! તારે જો જીવવાની ઇચ્છા હોય, તો અમરાવતી તરફ ડોકયું પણ કરતો નહીં," એક ઘોડેસ્વાર જે તેઓમાં મુખ્ય અધિકારી હતો, તેણે શાંતિરામને કહ્યું.

ઘોડેસ્વારોએ ત્યાં થોડો સમય વિશ્રાંતિ લીધી. અરૂણોદય થયો, એટલે તેઓ ત્યાંથી અમરાવતી તરફ ચાલતા થયા.

જેવી રીતે શાંતિરામને અમરાવતીના સત્તાધિકારીઓ અમરાવતીની ઉત્તર દિશાએથી ભટ્ટજીની આંખે પાટા બાધી, ઉંટપર બેસાડી મધ્યરાત્રિએ લઇ ગયા, તેવીજ રીતે કર્માદેવીને, શાંતિ રામને લઇ જવામાં આવ્યા, ત્યાર પછી બે ઘડી બાદ, તેવી જ સ્થિતિમાં પચાશ ઘોડેસ્વારો દેવીની આંખે પાટા બાંધી, ઉંટપર બેસાડી દક્ષિણ દિશાએ નિર્ણીત સ્થળે લઇ ગયા. તેણીને પણ શાંતિરામની માફક જ ઘોર અંધારી રાત્રિએ એક ભયાનક શુન્ય અરણ્યમાં, જ્યાં ક્રૂર, હિંસક પ્રાણીઓની ભયાનક ધ્વનિથી ભીરૂ માનવીનાં હૃદયો ફાટી જાય, તેવા સ્થળે મૂકી દીધી.

"ભલી બાઇ! સજ્જનની આ વખતની સ્થિતિ જોતાં, અમે તમને ભલામણ કરીએ છીએ, કે તમે જેમ બને તેમ અમરાવતી

રાજ્યની સીમાથી દૂર રહેશો, તેમાં તમારૂ હિત છે, અમને તમારાપર દયા આવે છે, પણ લાચાર છૈએ કે અમે મહારાજાના નોકર છૈએ. અટલે અમને જે હુકમ કરવામાં આવે, તે પ્રમાણે અમને કરવુંજ જોઇએ જ્યાં સુધી દિવસ ઉગ્યો નથી, ત્યાંસુધી તમે આ તલાવ પાસે જે આશોપલ્લવનું ઝાડ છે, તેપર ચડી બેસો, એટલે તમે અબલા છતાં, હૃદયમાં કાંઇક અંશે તમને નિર્ભયતા આવશે. સવાર થતાં, કોઇ પંથીજન મળે, તો તેની સાથે તમને યોગ્ય લાગે તેવે સ્થળે ચાલ્યા જજો," કર્માદેવીને આ અરણ્યમા લઇ આવનાર ઘોડેસ્વારોમાથી બે ભલા અધિકારીઓએ જણાવ્યુ.

આ ઘોડેસ્વારો પણ અરૂણોદય થતાં, અમરાવતી ચાલ્યા ગયા તેમના જવા પછી કર્માદેવી આશોપલ્લવના ઝાડપર ચઢી બેઠી. કર્માદેવીનું એક તો સ્ત્રી શરીર ને બીજી તરફ આવા ઘોર અને શુન્ય અરણ્યમાં ઝાડપર એકલી, એટલે તેણીની ધીરજ રહી નહીં, અને મોટેથી આક્રંદ કરવા લાગી. આવા ઘોર અરણ્યમા કર્માદેવીનુ દયાજનક આક્રંદ સાભળે પણ કોણ? રડી રડી થાકી, ત્યારે તે શુન્ય બની તરેહવાર વિચારોના વમળમાં તણાતી ચાલી

"વિધિની ગતિ કેવી વિચિત્ર છે? જે શાંતિરામે કર્માદેવીને સુખની છાયા રૂપ ઘરને મૂકાવી, તેણીની તમામ મિલકતની પરોપકારાર્થ વ્યવસ્થા કરાવી, તેણીને પોતાથી કોઇ પણ કાલે વિયોગ થવા નહીં દે, એવો ભરોસો આપી, પોતાની સાથે લીધી, અને પોતે તેણીની સાથે માતા પુત્રનો સંબંધ જાળવી રાખ્યો, તે જ શાતિરામ જ્યારે આજે એક દિશાએ શુન્ય અંધારી રાત્રિએ શોભવતી નદીની એક શિલાપર એક બાજુ જલપ્રવાહના ભયપ્રદ ધ્વનિથી અને બીજી બાજુ વાયુના સુસવાટ, અને વિક્રાળ હિંસક પ્રાણીઓના વજ્રસમ કઠિન હૃદયને પણ વિદીર્ણ કરી નાખે એવી ગર્જના અને બરાડાથી પણ ન ડરતાં, પોતાના નામને જાણે સાર્થક કરતા હોય, તેમ શાંતિથી શીતલ શિલાને પોતાનું ઘેર કલ્પી, તેપર પદમાસન વાળી સમાધિસ્થ બની શાંત બેઠા છે, ત્યારે તે જ વખતે પણ તેનાથી તદ્દન ઉલટી દિશાએ કર્માદેવી, એક ઘોર ભયાવહ અરણ્યમાં એકલી તેવા જ ભયસૂચક ધ્વનિઓની વચ્ચે એક ઝાડ

પર ચઢી, અબળા શરીર હોવાથી ધૈર્ય ન ધરી શકાયાથી દયાજનક આક્રંદ કરે છે જ્યારે એક બાજુએ શાંતિરામ "અહા! માતાજી કર્માદેવી! તમારી કેવી દશા થઈ હશે? તમારૂં સ્ત્રીનું કોમળ શરીર છતાં, માત્ર તમને તમારાં પુત્ર અને પુત્રવધુના મૃત્યુથી થયેલ અપાર શોક દૂર થાય એ હેતુથી, તીર્થાટન કરાવવા માટે સાથે લીધા, તે તીર્થાટનને બદલે આજે આપ અરણ્યમાં ક્યાં દુ:ખી થતા હશો ?" આ પ્રમાણે વિચારમાં લીન છતાં શાંતિની મૂર્તિ શાંતિરામ, વા વિશ્વને સમદૃષ્ટિથી જોનાર વિશ્વચક્ષુ, "હમણા રાત્રિ છે, પરંતુ થોડી ઘડી માંજ રાત્રિ જશે, સુપ્રભાત થશે, સૂર્ય મધ્યમાં આવશે, તેજ પુન મંદ મંદ થતો થતો અસ્ત પામશે, અને પુન. રાત્રિ આવશે, તેવીજ રીતે જેણે વૈભવનાં શિખર દેખાડયાં, તે જ આપણને દુ:ખમા ધકેલી આપણી કસોટી તો નથી કરતો ? દૈવેચ્છા પ્રબલ છે આપણા હાથમાં શું છે? હર્ષ વા શોકથી કાંઇ ન્યૂનાધિક થાય છે?" એ પ્રમાણે સંકટમાં છતાં મનને તરત વાળે છે, ત્યારે બીજી બાજુ કર્માદેવી અરણ્યમાં ધૈર્ય મૂકી આક્રંદ કરે છે, અને રડતાં થાકી ત્યારે વિચારના મહાસાગરમાં બુડેલી છે.

"હે પ્રભુ! સુખની છાયારૂપ ઘરને મૂકી મારા જ્ઞાતિહિતૈષિઓના વચનોનો અનાદર કરી, હઠથી હું શાંતિરામ સાથે તીર્થાટન કરવા નીકળી, અને પ્રારબ્ધ યોગે આજે મને આવી દશા ભોગવવી પડે છે! શાંતિરામ! મારા વ્હાલા પુત્ર! મારા પુરોહિત! મારી માફક તમે પણ વિપત્તિઓમાં પૂર્ણ ઘેરાયલા છો! મારી માતા સમાન ભક્તિ કરતાં તમારાપર પણ વિપત્તિ! મને અને શાંતિરામને આ વિપત્તિઓ ભોગવવી પડે છે, તેમાં બિચારા શાંતિરામનો શો અપરાધ? અમારા સંચિત જ એવાં હશે! કોણ જાણે પ્રારબ્ધ હજી ક્યાં ઘસડી લઇ જશે? મારી યુવાન વયમાં મેં આ ભારે સાહસ કર્યો! હવે હું જાઉં ક્યાં? સ્ત્રીજાતથી અરણ્યમાં એકલી કેમ ફરી શકાય? વગર સાધને આ જંગલમાં ભટકતાં, કોઇ નીચ મનુષ્યના હાથમાં હું સપડાઇ, તો મારી શી વલે થાય? નંદલાલ શેઠ જેવા વિવેકસાગર અને ગુણગ્રાહી ગૃહસ્થને ત્યાં, મંજુલા અને વસંત જેવી પાપી સંતતિ કેમ થઇ હશે? મંજુલા એક અબળા છતાં, આવાં ઘોર કુકર્મો કેમ કરી શકતી હશે? ઉદારચરિત નંદલાલના કુલને કલંક

લગાડનાર મંજુલા ! અમો ગરીબ પર પણ તને દયા ન આવી ? મહાત્મા શાંતિરામે તેમજ મેં તારૂં શું બગાડયું હતું ? મારી જાણ પ્રમાણે તો અમે સ્વપ્નમાં પણ તારૂં બુરૂ કર્યું નથી ! અ મારૂં તો જે થવાનું હતું તે થયું, પણ નિર્દોષ મનુષ્યોને આમ સતાવ્યાથી, મંજુલા ! તારૂં ભલુ નહીં જ થાય ? શાંતિરામે નંદલાલ શેઠ પાસેથી શ્રીમતોને ત્યાંની ઉપાધિઓમાંથી મુક્ત થવા શેઠને ઘરેથી જવા રજા માગી, પરંતુ અમારા પર આવાં દુઃખો સર્જેલ હશે કે શું, કે નંદલાલ શેઠને અમને તે વખતે રજા આ-પવાનું યોગ્ય લાગ્યું નહી !"

વાંચકવૃંદ ! હવે આપણે આ પ્રકારના વિચાર તરંગોમાં ગોથા ખાતી, અને દૈવને ઉપાલંભ આપતી કર્માદેવીને હાલ તો અરણ્યમાં આશોપલ્લવના વૃક્ષ પર, અને વિરક્તિ અને નિઃસ્પૃહતામાં આનંદ માનના શાંતમૂર્તિ શાંતિરામને ક્ષોભવતી નદીનાં ક્ષોભ આ-પનાર જલ પ્રવાહમાં શાંત સમાધિસ્થ શીતલ શિલા પર જ રહેવા દેશું જેવી રીતે શાંતિરામે કર્માદેવીને ભરોસો આપ્યો હતો, કે "હું જ્યાં જઇશ, ત્યાં તમને સાથેને સાથે જ રાખીશ, અને પુત્રવત્ તમારી સેવા કરીશ," તેવો ભરોસો અમે તમને આપી શકીએ નહીં. સંયોગ વિયોગ એ આ સૃષ્ટિનો અચલ નિયમ છે—

यथा काष्ठं च काष्ठं च समेयातां महोदधौ ।
समेत्य च व्यपेयातां तद्वद् भूतसमागमः ॥

અર્થાત્ જેવી રીતે એક મહાસાગરમાં કાષ્ટ કાષ્ટને મળે છે, મળીને છૂટા થાય છે, તેવી રીતે આ સંસારના મનુષ્યોનો સમાગમ છે. રાત્રિએ વૃક્ષ પર પક્ષીઓનો સંમેલન થાય છે, અને પ્રભાત થતાં સંમેલન વિખેરાઇ જાય છે, તેવી જ રીતે આપણો સમાગમ પણ આખરે તો છૂટો થવાનો. અમે તમારાથી આ સ્થળે છૂટા થવા યોગ્ય ધાર્યું છે. ઇશ્વરેચ્છા હશે, તો આપણો પુનઃ પણ સ-માગમ થશે જ.

વાંચકવૃંદ ! આપણા પરસ્પરના સમાગમમાં અમે તમને આ સંસારનો અમારી શક્તિ અનુસાર પરિચય કરાવ્યો છે. ઇશ્વર

કૃપાથી આપણું પુન સંમેલન થશે, તો અમે હજી વિશેષ પરિચય કરાવશું, એટલું જ નહીં, પણ સંસારનાટકના જે પાત્રો તમારી સમક્ષ અમે રજુ કર્યા છે, તે પાત્રોનાં અધૂરાં રહેલાં કર્તવ્યભાગનું દર્શન પણ કરાવશું. આ પરિચયથી તમે શો સાર ગ્રહણ કર્યો છે, વા તમને શો બોધ મલ્યો છે, એ કહેવું અમારૂં કર્તવ્ય નથી. અમારે તમને સંસાર બતાવવો હતો, અને તે માટે અમારો આ પ્રયત્ન છે—

યેહ પેઠ અજબ હય દુનીઆંકી, ઔર કયા કયા જીન્નસ ખટી હય,
યહાં માલ કિસીકા મીઠા હય, ઔર ચીજ કિસીકી ખટ્ટી હય,
કુછ પકતા હય, કુછ ભુનતા હય, પકવાન મિઠાઇ પટ્ટી હય:
જબ દેખા ખૂબ તો આખરકો, ન ચુલા ભાંડ ન ભટ્ટી હય;
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય; ૧
કોઇ નાચ ખરીદે હંસ હંસકર, કોઇ તખ્ત ખડા બનવાતા હય
કોઇ કપડે રંગે પહેને હય, કોઇ ગોદડી ઓઢે જાતા હય,
કોઇ ભાઇ બાપ ચચ્ચા નાના, કોઇ નાની પોત કહાતા હય,
જબ દેખા ખૂબતો આખીરકો ના રીશ્તા હય ના નાતા હય,
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકા ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૨
કોઈ શેઠ મહાજન લાખપતી બઝાઝ કોઇ પન્સારી હય,
યાં બોઝ કિસીકા હલકા હય, ઔર ખેપ કિસીકી ભારી હય,
કયા જાને કઓન ખરીદેગા, ઔર કિસને જીન્સ ઉતારી હય.
જબ દેખા ખૂબતો આખીરકો, દલાલ ન કોઇ બેપારી હય
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય.
હમ દેખ ચૂકા ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૩
કોઇ ફુલકે બએઠે મસ્નદપર, કોઇ રોવે અપની દૌલતકો,
કોઇ બોલે અપના મુજસે લો, ઓર મેરા હો સો મુજકો દો,
કોઇ લડતા હય કોઇ મરતા હય, કોઇ જગડે હકપર નાહકકો,
જબ દેખા ખુબતો આખીરકો, કુછ દેના એક ન લેના દો,
ગુલ શોર બબુલા આગ હુઆ, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકા ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૪

રમ્માલ નજુમી આમીલ હય, ઔર ફાઝિલ મુલ્લા સ્યાના હય;
કોઇ આકીલ કામીલ દાનાહુએ, કોઇ મસ્ત પડા દીવાના હય;
તાવીજ પલીતે ફીલપુસુ, ઔર જાદુ મતર લાના હય;
જબ દેખા ખુબ તો આખીરકો, સબ હીલા મકર બાના હય;
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચુકા ઈસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય ૫

કોઈ લોટે કુચે ગલિ મેં, તૈયાર કીસીકા ડેરા હય;
કોઇ બાગ કુવા બનાતા હુએ, ઔર ઘેર કીસીકા ઘેરા હય;
નિત કીસ્સે જગડે કરતે હય, યહ મેરા હય યહ તેરા હય,
જબ દેખા ખુબ તો આખીરકો, ના મેરા હય ના તેરા હય;
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય,
હમ દેખ ચુકે ઇસ દુનીઆકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૬

કહીં ધુમ મચી હુએ કરઝોકી, કહીં ફરઝોકા દુમ કીના હય.
કોઇ હીરા અપના પરખાવે, ઔર બેચે કોઇ નગીના હય;
હરરોજ તકાદા ધરતા હય, દુખ દેના પઇસા લેના હય.
જબ દેખા ખુબ તો આખીરકો, કુછ લેના હય ના દેના હય,
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય,
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૭

કોઇ બનાઆં હુએ કોઇ તેલી હય, કોઇ બેચે પાન તબોલી હય;
કોઈ સરપર રખકર ખીંચે હય, કોઇ બાંધે ફીર તેનો ટાલી હુએ;
કહી ગોન ઢલી હય નાજોંકી, કહીં થએલા થએલી ખોલી હય;
જબ દેખા ખુબ તો આખીરકો, એક દમકી બોલા બોલી હય;
ગુલ શોર બાબુલા આગ હુવા ઔર કીચડ પાની મટ્ટી હય,
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૮

કોઇ ટોપી પહેને જાતા હય કોઇ બાંધ ફીરા અમામા હય;
કોઇ સાફ બરાના ફિરતા હય, ના પગડી હય ના જામા હય,
કમ ખ્વાબ ગઝી ઔર ગાડેકા, નીત કઝયા હય હગામા હય;
જબ દેખા ખુબ તો આખીરકો, ન પગડી હય ના જામા હય,
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૯

કોઇ બાલ બુડાએ ફિરતા હય, કોઈ સરકો ઘોંટ મુંડાતા હય.
કોઇ કપડે રંગે પહેને હય, કોઇ નંગે મુંગે આતા હય;
કોઇ પુજા કથા બખાને હય. કોઇ છાપા તિલક લગાતા હય;
જબ દેખા ખુબ તો આખીરકો, સબ છોડ અકેલા જાતા હય;
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય ૧૦

કોઈ રોતા હય કોઇ હંસતા હય, કોઇનાચે હય કોઇ ગાતા હય;
કોઇ છીને જપકે લે ભાગે, કોઇ ધોંચસ ધડકકા લાતા હય;
કોઇ માલ ઇખટ્ટા કરતા હય, કોઈ કુંજી કુફ્લ લગતા હય;
જબ દેખા ખુબ તો આખીરકો, જબ જગડા રગડા જાતા હય;
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય ૧૧

કોઇ બેચે ભંગ શરાબ અફીમ, કહીં દુધ દહીંકી ફેરી હય;
કોઇ પલ્લા સરપર લાતા હય, કોઇ લાદે બએલ કીફેરી હય;
કોઇ જગડે અપની જાગાપર, યહ મેરી હય યહ તેરી હય;
જબ દેખા ખુબતો આખીરકો, ના તેરી હય ના મેરી હય;
ગુલશોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય ૧૨

કહી બીલી ટેવકી થુની હય, કહીં ઘાસ કડપકી થુલી હય;
કહીં છલની છાજ પીટારી હય કહીં ચુલા ચક્કી ચોલી હય;
તરકારી બએંગન સાગ બડાગડ, કાંદા ગાજર મુલી હય;
જબ દેખા ખુબ તો આખીરકો, સબ કુછ યહ દેખત ભુલી હય;
ગુલશોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઈસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય ૧૨

કહી બાન અટેરી ટાટ કડી કહીં, દમરખ ચમરખ તકલા હય;
કહીં રોક રૂપઈઆ ખુરદા હય, કહીં કવડી પએસા અધેલા હય;
કહીં ઢાંચ પલંગકા બેકતા હય, કહીં છીકા રસ્સી રસ્સા હય;
જબ દેખા ખુબતો આખીરકો, ના પીડી ખાટ ના ચરખા હય;
ગુલશોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૧૪

કોઇ શીકરાબાઝ ઉડાતા હય, કોઇ હાથ પેરખે તુતિયા હય;
શાબાશ કોઈ લે બએઠા હય. ઔર ડોર કીસીને દટલી હય;
હએ તાર કીસીકે હાથો મેં, ઔર નાચતી ફીરતી પુતલી હય.
જબ દેખા ખુબ તો આખીરકો ના, રેશમ સુતના સુતલી હય.
ગુલ શોર બબુલા આગ હુવા, ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય, ૧૫

અબ કિસીકા રંગ બુરા કહીએ, ઔર કીસકા રંગ ભલા કહીએ;
એક હમકી પેઠ લગી હય, યેહ અબોહ મઝા ચરચા કહીએ;
યેહ શહેર તમાશા દેખ "નઝીર" અબ જા કહીએ બે ના કહીએ,
કુછ બાત નહી બન આતી હય, ચુપચાપ ભલી હય કયા કહીએ;
ગુલ શોર બબુલા આગ હુવા. ઔર કીચડ પાની મટ્ટી હય;
હમ દેખ ચૂકે ઇસ દુનીઆંકો, યેહ ધોકે કીસી ટટ્ટી હય. ૧૬

ઈતિ પ્રથમાભાસ

દંત દુઃખારી.

	રૂ. આ. પૈ.
દુખતા દાંતને અડધા કલાકમાં શાંત કરી, મજબુત કરે છે	||| આઉંસની બાટલીના ૧-૦-૦

પ્રમેહ ચુર્ણ.

ગમે તેવા નવા અથવા જુના થયેલાં પ્રમેહને માટે અદ્‌ભુત ઉપયોગી દવા—	૦। આઉંસની બાટલીના ૧-૪-૦

નટેશ્વર—

શરદી, ગરમી, પિત્ત વગેરે કારણોથી દુ.ખતા માથાને દશ મિમિટમાં મટાડે છે	શીશી ૧ ના ૧-૦-૦

જ્વરાંકુશ ચૂર્ણ.

શરીરને કોઇપણ રીતનું નુકસાન નહીં કરતાં, ફરજીયાત તાવને દશ મિનિટમાં ઉતારી નાંખી, ટેંપરેચર ૯૯ા પર લાવી મુકે છે.	શીશી ૧ ના ૦-૧૪-૦

ગ્રહણી કપાટ.

કુપથ્યથી થતા ઝાડા અતિસાર અને સંગ્રહણી, મરડો વગેરે માટે ઉત્તમ ગુણકારક દવા.	શીશી ૧ ના ૦-૧૫-૦

જ્વરાંકુશ ગોળીઓ.

શુદ્ધ વનસ્પતિથી બનાવેલ. આ ગોળી તાવ ઉતરી ગયા પછી, શરીરને નિરોગી કરે છે.	ગોળી ૧૦૦ ના ૦-૧૨-૦

અજીર્ણ કંટક

		રૂ આ. પૈ
બદહજમી ચુંક, પિત્તનો ઉછાળો, તેમજ કોલેરાપર રામબાણુ દવા	ગોળી ૧૦૦ ના	૦-૧૦-૦

બાલમિત્ર (બચ્ચાં માટે)

અફીણુ, વછનાગ વગેરે ઝેરી પદાર્થોથી તદ્દન મુક્ત. બચ્ચાંના શરીરને નિરોગી રાખી પુખ્ત ઉમરે અતિ બુદ્ધિશાળી કર્તા	૧૦૦ ગોળીના	૦-૧૦-૦

આમોન્યા અવલેહ

મલને એકદમ શુદ્ધ કરી, પિત્ત વિકાર, બાદી, અમ્લલપિત્તવગેરે રોગ પર ગમબાણુ અવલેહ	ડબી ૧ ના	૦-૧૦-૦

અદ્દભૂત યવાની

અંતર્દાહ (છાતીની બળતરા) વિદગ્ધાજીર્ણ, અળશ, વિષૂચિકા અરૂચિ, વગેરે માટે અતિ ઉપયોગી-	શીશી ૧ ના	૦-૧૦-૦

સંચય સોફ

સ્વાદિષ્ટ અને મધુર. આ દવા જમ્યા પછી વમન થતું અટકાવી, મોઢું સાફ કરે છે.	ડબી ૧ ના	૦-૬-૦

મુખોપદંશ

મોઢામાં પડતાં ચાંદા, દાંતમાંથી વહેતું લોહી, તથા નીકળતી દુર્ગંધી વગેરે, ફક્ત કોગળા કરવાથી અટકાવે છે.	ડબી ૧ ના	૦-૪-૦

		રૂ. આ. પૈ.
દરાજની દવા કાળી અથવા લાલ દાદરને ત્રણ દિવસમાં મટાડે છે.	ડબી ૧ ના	૦-૪-૦
ખરજવાનો મલમ જુના થયેલા ખરજવાને એક અઠવાડિયામાં મટાડે છે.	ડબી ૧ ના	૦-૮-૦
ખુજલીનો મલમ શરીરમાં વારંવાર આવતી ચળને તરતમાં ફાયદો કરે છે	ડબી ૧ ના	૦-૩-૦
જુલાબની ગોળી પેટને એકદમ શાંત કરી, ફક્ત એ ગોળીથી દસ્ત સાફ લાવે છે.	ડબી ૧ ના	૦-૧૨-૦
કફઘ્ન ગોળી ખાંસી, દમ, કફ માટે આ ગોળી અતિ ઉપયોગી છે.	ડબી ૧ ના	૦-૫-૦
શ્વાસવિભંજન ચૂર્ણ દરેક જાતના શ્વાસ, કાસ માટે અતિ ઉત્તમ દવા.	ડબી ૧ ના	૦-૧૨-૦
શ્વાસ માટે ધુમ્રપાન (બીડી) ધુમ્રપાન કરવાથી તાત્કાલિક તમક અને ઉર્ધ્વ શ્વાસને બેસાડી દેનાર	નંગ ૧૬ ના	૦-૮-૦
દ્રાક્ષાસવ	૮ આઉંસની બાટલીના	૦-૧૪-૦

		રૂ. આ. પૈ.
પિપ્પલ્યાસવ	૮ આઉંસની બાટલીના	૦–૧૪–૦
કુમારી આસવ	૮ આઉંસની બાટલીના	૦–૧૪–૦
લોહાસવ	૮ આંઉસની બાટલીના	૦–૧૪–૦
ઉશીરાસવ	૮ આંઉસની બાટલીના	૧–૨–૦

શરબતો.

શરબતે અજવાર

રકતાતિસાર અથવા ઝાડા સંગ્રહણી માટે	૮ આંઉસની બાટલીના	૧–૮–૦

શરબતે જુફા

લોહી સુધારી પિત્તને શાંત કરનાર	૮ આંઉસની બાટલીના	૧–૦–૦

આંખના સુરમા

નાં ૧	સુરમો જસત મિશ્રિત	તોલો ૧	૧૦–૮–૦
નાં ૨	,, લાલ રંગનો	,,	૮–૪–૦
નાં ૩	,, પારદમિશ્ર	,,	૧–૮–૦
નાં ૪	,, સાચા મોતીનો	,,	૪–૪–૦
નાં ૫	,, સફેત	,,	૩–૮–૦
નાં ૬	,, કાળો	,,	૨–૪–૦
નાં ૭	,, કાળો	,,	૧–૨–૬
નાં ૮	,, કાળો	,,	૦-૧૨-૦
નાં ૯	,, કાળો	,,	૦–૮–૦

નયન બિંદુ

આંખની ગમે તેવી વ્યાધિને અટકાવી, તાત્કાલિક શાંતતા આપવામાં અસાધારણ દુઃખશામક	શીશીના	રૂ આ. પૈ ૧–૧૦–૦

રસાયન.

અભ્રક ભસ્મ		
સહસ્ર પુટિ	તોલા ૧ ના	૬૦ ૮–૦
અભ્રક ભસ્મ		
શતપુટિ	તોલા ૧ ના	૧૫–૦–૦
અભ્રક ભસ્મ		
સપ્તપુટિ	તોલા ૧ ના	૫–૦–૦
અભ્રક ભસ્મ		
ત્રિપુટિ	તોલા ૧ ના	૨–૦–૦
પંચવક્ર રસ		
જ્વર માટે	તોલા ૧ ના	૧–૮–૦
અમૃતાદિ ગોળી		
અરૂચિ તથા જ્વર માટે	તોલા ૧ ના	૦–૧૨–૦
દુર્જલજેતા રસ		
જ્વર માટે	તોલા ૧ ના	૦-૧૦–૦
ઇચ્છાભેદી રસ		
રેચક	શીશી ૧ ના	૦–૪–૦

		રૂ. આ. પૈ.
વિશ્વ મૂર્તિરસ	તોલા ૧ ના	૨૦-૦-૦
બૃહત્ સુવર્ણ વસંતમાલતી	તોલા ૧ ના	૪૦-૦-૦
લઘુ વસંત માલતી	તોલા ૧ ના	૪-૦-૦
કાંત લોહ ભસ્મ નાં. ૧ શ્વાસ માટે	તોલા ૧ ના	૨૦-૦-૦
કાંત લોહ લસ્મ નાં. ૨ સુવર્ણ મિશ્રિત	તોલા ૧ ના	૧૦-૦-૦
લોહ ભસ્મ નાં. ૩	તોલા ૧ ના	૫-૦-૦
લોહ ભસ્મ નાં. ૪	તોલા ૧ ના	૨-૦-૦
મંડુર નાં. ૧	તોલા ૧ ના	૨-૦-૦
મંડુર નાં. ૨	તોલા ૧ ના	૧-૦-૦
બંગ ભસ્મ નાં. ૧	તોલા ૧ ના	૪-૮-૦
બંગ ભસ્મ નાં. ૨	તોલા ૧ ના	૩-૮-૦
બંગ ભસ્મ નાં. ૩	તોલા ૧ ના	૨-૪-૦
પ્રવાલ ભસ્મ સૂર્યપુટી	તોલા ૧ ના	૨-૮-૦
પ્રવાલ ભસ્મ અગ્નિ પુટી.	તોલા ૧ ના	૧-૪-૦

વાતહર તેલ.

ગમે તેવા વાના દરદને થોડા વખતમાં મટાડે છે.	શીશી ૧ ના	૦-૮-૦

જાહેરખબર.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.